શ્રીમદ્ઉમાસ્વાતિવાચક પ્રવર પ્રણીત

શ્રી

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

સભાષ્ય - સાનુવાદ

અનુવાદક

પૂ. પં. પ્ર. ગુરુદેવ શ્રી હેમચંદ્રસાગરજી મ. ના શિષ્ય રત્ન

પૂ. મુનિ શ્રી અક્ષયચન્દ્ર સાગર મ.

પ્રકાશક

શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર

શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમ તારક ચરમ તીર્થપતિ શ્રી વર્ધમાન સ્વામિને નમ:
નમો નમ: શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય
પૂ. શ્રી સાગરાનંદ સૂરયે નમ:

શ્રીમદુમાસ્વાતિવાચક પ્રવર પ્રણીત

શ્રી

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## સભાષ્ય - સાનુવાદ

સાનિધ્ય-

પૂ. શાસન જ્યોતિર્ધર ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્ય રત્ન
પૂ. તત્ત્વજ્ઞ મુનિ શ્રી પૂર્ણાનંદ સાગરજી મ.સા.

અનુવાદક-

પૂ. પં. પ્ર. ગુરુદેવ શ્રી હેમચંદ્રસાગરજી મ. ના શિષ્ય રત્ન
પૂ. મુનિ શ્રી અક્ષયચન્દ્ર સાગર મ.

પ્રકાશક
શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તત્ત્વાર્થાધિગમસૂત્ર**
સભાષ્ય - સાનુવાદ

**અનુવાદક:-**
મુનિ શ્રી અક્ષયચંદ્ર સાગરજી મ. સા.

**પ્રકાશક:**
જિતેન્દ્ર બી. શાહ

**નિર્દેશક:**
© **શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિચર્સ સેન્ટર**
'દર્શન' શાહીબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૪

**દ્રવ્ય સહાયક**
**આદિનાથ શ્વે. મૂ. જૈન સંઘ**
નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩

**પ્રથમ આવૃત્તિ. ૫૦૦, ૧૯૯૪**
મૂલ્ય:

**ટાઈપ સેટિંગ**
**શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર**
'દર્શન' શાહીબાગ, અમદાવાદ ૩૮૦૦૦૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

તત્ત્વાર્થસૂત્ર અને તેના ઉપર રચાયેલ સ્વોપજ્ઞ ભાષ્યનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ. વાચક પ્રવર ઉમાસ્વાતિ વિરચિત **તત્ત્વાર્થાધિગમસૂત્ર** એ જૈનધર્મનો મહત્ત્વપૂર્ણ ગ્રન્થ છે. આ ગ્રન્થમાં જૈન ધર્મના મુખ્ય મુખ્ય બધા જ સિદ્ધાન્તોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષામાં રચાયેલ સૂત્રાત્મક આ લઘુકાય ગ્રન્થમાં જૈન સિદ્ધાન્તનો સફળ સમન્વય કરવામાં આવ્યો છે. આ ગ્રન્થ ઉપર શ્વેતામ્બર અને દિગમ્બર એમ બન્ને પરંપરામાં અનેક ટીકાઓ રચાઈ છે. ભાષ્ય શ્વેતામ્બર પરંપરા અનુસાર સ્વોપજ્ઞ મનાય છે. દિગમ્બરો ભાષ્યને સ્વીકારતા નથી. પણ ભાષા, શૈલી અને અન્ય ગ્રન્થોમાં મળતા ઉદ્ધરણોને આધારે એમ નિશ્ચિત પણે કહી શકાય કે ભાષ્ય એ **તત્ત્વાર્થસૂત્ર** પર રચાયેલ ટીકાઓમાં સર્વપ્રથમ છે અને સ્વોપજ્ઞ છે. આવો મહત્ત્વપૂર્ણ ગ્રન્થ તથા અનુવાદ વિદ્વદ્જનોને ઉપયોગી થશે તેવી આશાથી સંસ્થા આ ગ્રન્થનું પ્રકાશન કરી રહેલ છે.

પૂજ્ય પન્યાસ શ્રી હેમચંદ્રસાગરજીના યુવાશિષ્ય મુનિશ્રી અક્ષયચન્દ્ર સાગરજી મહારાજે આ ગ્રન્થનો અનુવાદ કર્યો છે. તેઓ ઉદ્યમી અને શાસ્ત્રનિષ્ઠ છે. તેમની ભાવના હતી કે કોઈ શાસ્ત્રગ્રન્થનું અધ્યયન થાય ને સાથે સાથે અનુવાદ પણ થાય આવી ભાવનાથી આ ગ્રન્થનો અનુવાદ કર્યો છે. અનુવાદ પં. શ્રી રતિભાઈએ આદ્યોપાન્ત જોયો છે અને પૂ. તત્ત્વજ્ઞ મુનિરાજ શ્રી પૂર્ણાનન્દ સાગરજી મ.સા. એ પણ આવશ્યક સલાહ સૂચન આપી સંશોધિત કર્યો છે. આ ગ્રન્થ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય તેવી પ્રેરણા પૂ. પૂર્ણાનન્દ સાગરજી મ.સા. દ્વારા પ્રાપ્ત થઈ અને તેઓ એ સંમતિ આપી તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

ગ્રન્થ પ્રકાશિત કરવામાં શ્રી આદિનાથ શ્વે. મૂ. જૈન સંઘ, નારણપુરા, અમદાવાદ દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તે બદલ જૈન સંઘનો તેમજ સંઘના ટ્રસ્ટીમંડળનો સંસ્થા આભાર માને છે. આશા છે કે આ ગ્રન્થથી વિદ્વાનો લાભાન્વિત થશે.

તા.૧૦/૦૮/૧૯૯૪
અમદાવાદ

જિતેન્દ્ર બાબુલાલ શાહ
નિર્દેશક
શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પૂ. આચાર્યદેવ શ્રી આનંદ સાગર સૂરિ મ.

## જેઓ

卐 આગમોદ્ધારક શ્રી હતા...

卐 સિદ્ધાંતવાદી હતા...

卐 બહુશ્રુત હતા...

卐 પરમ તાર્કિક હતા...

卐 પરમ વાદી હતા...

卐 શાસનના વહીવટી કાર્યમાં અનન્ય શક્તિ ધરાવનાર હતા...

卐 પરમ સંશોધક હતા...

卐 વિદ્વદ્ભોગ્ય પણ અનેક ગ્રન્થોના રચયિતા હતા...

卐 સ્વનામ માટે અત્યંત નિર્મોહી હતા...

卐 સમાધાન વૃત્તિ વાળા હતા...

卐 શાસ્ત્રમતિથી પ્રશ્નોના સૂક્ષ્મ તલસ્પર્શી ખુલાસા દાતા હતા...

卐 કડક સંયમ જીવન જીવનારા હતા...

卐 શાસ્ત્ર-સાધનથી વિદ્વત્તા પામનાર હતા...

卐 આ સિવાય પણ અનેક મહાન ગુણોના ધારક હતા...

**આવા પૂજ્યશ્રીના ચરણારવિંદમાં અનન્તશઃ વન્દનાવલિ....**

અનુવાદક—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. આગમોદ્ધારક શ્રીના શિષ્ય પૂ. આ. દેવ શ્રી માણિકય સા. સૂ. મ,
" " " પૂ. આ દે. શ્રી ચંદ્રસાગર સૂ. મ.,
" " પ્રશિષ્ય પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. સા ના પવિત્ર ચરણ કમલમાં ભૂરિશઃ વંદના...

પૂ. ઉપા. શ્રી ધર્મ સાગર મ. ના શિષ્ય પૂ. પં શ્રી અભય સાગરજી મ. સા. જેઓ

o આગમ વિશારદ હતા...
o મહાન યોગી હતા...
o સુવિશુદ્ધ સામાચારીના પાલક હતા...
o ભારતીય વેશભૂષાના આગ્રહી હતા...
o શ્રી નવકારના અતુલ ધ્યાની હતા...
o શ્રી નવકારના અમાપ ચિન્તક હતા...
o આગમવાચના દાતા હતા...
o ઉચ્ચકક્ષાનું જીવન જીવનારા હતા...

**એવા આ પૂ. શ્રીના પવિત્ર ચરણ કમલમાં કોટિશઃ વન્દના...**

**અનુવાદક—**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગમવિશારદ પન્યાસ પ્રવર પૂજ્ય ગુરુદેવશ્રી અભયસાગરજીના શિષ્ય

પૂ. પં. પ્ર. ગુરુદેવ શ્રી અશોકસાગરજી મ. સા. ના

વિનેય વડિલ ગુરુદેવ પૂ. પં. શ્રી જિનચંદ્ર સાગરજી મ. સા.,

પરમ ઉપકારી ગુરુદેવ પૂ. પં. શ્રી હેમચંદ્ર સાગરજી મ.,

વિદ્યાર્જન કરાવનાર પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદ સાગરજી મ.

તથા હિતચિંતક પૂ. મુનિરાજ શ્રી જગતચંદ્ર સાગરજી મ. વગેરે સૌ

**પૂજ્યોના પવિત્ર ચરણ કમલમાં ભાવભરી વન્દના...**

અનુવાદક—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# યશકલગી....

જિનશાસનના
સમસ્તતત્ત્વને
પોતાનામાં
સાફ સાફ
પ્રતિબિંબિત કરતું
સુસ્વચ્છ દર્પણ
એટલે જ...
ભગવાન્ ઉમાસ્વાતિ વાચકપ્રવર
સુરચિત સૂત્ર
તત્ત્વાર્થસૂત્ર...
નાની સરખી આ ગાગરમાં
ભગવાને
જિનશાસનનો સમસ્ત-
શ્રુતસાગર
હિલોળા લેતો કરી દીધો છે...
બહુ જ સ્પષ્ટ રીતે
અને પ્રમાણભૂત રીતે
આ સૂત્ર
શ્વેતામ્બરીય હોવા છતાં
જૈન માત્રની માન્યતાનું
માધ્યમ બની શક્યું છે
એ આ સૂત્રનું
મહાગૌરવ છે.
આ સૂત્ર ઉપર
માત્ર શ્વેતામ્બરોએ જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

ગ્રન્થ રચ્યા છે એમ નહિ !
દિગમ્બરોએ
પણ ઘણું ખેડાણ કર્યું છે.
અપેક્ષાએ એમ પણ
કહી શકાય કે
આ સૂત્ર ઉપર
શ્વેતામ્બર કરતાં
દિગમ્બરોનું ખેડાણ વધુ છે.
અનેક રચનાઓ
આ સૂત્ર પર આજ સુધી
થવા પામી છે...
એમાંની એક સ્વોપજ્ઞ રચના છે
આ ભાષ્ય
એના પર
ગુજરાતી અનુવાદ
કરવાનું કામ
મારા સુસંયમી વૈયાવચ્ચનિપુણ
અભ્યાસુ સુવિનેય
મુનિશ્રી અક્ષયચંદ્ર સાગરજી એ
ખંતથી કરીને
એ ગૌરવવંતા સૂત્ર પર
નવી યશકલગીનું આરોપણ
કર્યું છે !
એની મને બેહદ-ખુશી છે.
તેઓનો અભ્યાસુ અને
ખંતીલો સ્વભાવ આવા અન્ય
કાર્યોનું ઉપાર્જન કરે
એવી હાર્દિક શુભ કામના સાથે...

-હેમચંદ્રસાગર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગમવિશારદ પં૦ પૂ૰ અભયસાગરજી મ૦સા૦ના
શિષ્યરત્ન
પૂ૰ પં૦ પ્ર૦ શ્રી **અશોકસાગરજી** મ૦સા૦ને
તથા
પ૦ પૂ૰ મુનિશ્રી **પૂર્ણાનંદસાગરજી** મ૦સા૦ને
સાદર સમર્પિત

— અક્ષયચંદ્રસાગર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ।।

(સંબંધકારિકા - ૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

જૈનદર્શનનો સર્વમાન્યગ્રંથ એટલે તત્ત્વાર્થાધિગમસૂત્ર. સાંપ્રત ગ્રંથે શ્વેતામ્બર અને દિગમ્બર ઉભય પરંપરામાં વિશિષ્ટ ખ્યાતિ પ્રાપ્ત કરેલી છે. વળી સમગ્ર જૈન સાહિત્યમાં સંસ્કૃતભાષામાં અને સૂત્રાત્મકશૈલીમાં લખાયેલો આ ગ્રંથ સર્વપ્રથમ સ્થાને છે. આ ગ્રંથમાં જૈન આગમના તમામ પદાર્થોનો કુશળતાપૂર્વક સંગ્રહ કરવામાં આવ્યો છે. આ તેમની આગમજ્ઞતાનો સબળ પુરાવો છે. ભાષ્યમાં આવતી દાર્શનિક ચર્ચાઓ અને વ્યાકરણના ઉદ્ધરણોને આધારે કહી શકીએ કે તેઓ સ્વસિદ્ધાન્તની જેમ જ પરસિદ્ધાન્તના પણ પારગામી હતા અને વ્યાકરણશાસ્ત્રના જ્ઞાતા હતા. આ તેમની બહુશ્રુતતા પુરવાર કરે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તેમને સર્વોત્કૃષ્ટ સંગ્રહકાર ગણે છે, અને પરંપરા પ્રમાણે તેમને પૂર્વવિત્ અને શ્રુતકેવલિદેશિય જેવા વિશેષણો અપાયા છે. આવા સર્વોત્કૃષ્ટ ગ્રંથ અને ગ્રંથકારના જીવન અને કવન વગેરે ઐતિહાસિક બાબતો અંગે પારમ્પરિક જૈન વિદ્વાનોમાં સાંપ્રત કાળે તીવ્ર મતભેદ પ્રવર્તે છે. આ વિષય ઉપર ઘણું બધું લખાયું છે અને વર્તમાનકાળે પણ તદ્વિષયક લેખનકાર્ય ચાલુ છે. અહીં પ્રસંગોપાત્ત કેટલાંક વિષયો ઉપર સંક્ષેપમાં વિચાર કરવામાં આવશે.

### તત્ત્વાર્થાધિગમસૂત્ર અને ભાષ્યગત-વિષયવસ્તુ :-

દશ અધ્યાયાત્મક સંસ્કૃતભાષા નિબદ્ધ સ્વોપજ્ઞ ભાષ્યની આદિમાં પ્રસ્તાવના સ્વરૂપ ૩૧ સંબંધકારિકાઓ સંગ્રહિત કરવામાં આવી છે. આ કારિકાઓમાં ષટ્પુરૂષ અંગે, ભગવાન મહાવીર સ્વામીના જીવન અંગે અત્યંત સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ પ્રથમ અધ્યાયમાં સમ્યક્ત્વ, અધિગમની પદ્ધતિ, જ્ઞાન અને નય વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજા અધ્યાયમાં જીવનું લક્ષણ, ઔપશમિક આદિ ભાવોના ૫૩ ભેદો, જીવના ભેદો, ઈન્દ્રિય, ગતિ, શરીર, આયુષ્ય આદિનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજા અધ્યાયમાં નરક, નારક, મનુષ્યક્ષેત્ર, તિર્યંચ અને તેઓના આયુષ્ય અંગે વિચાર કરવામાં આવ્યો છે. ચતુર્થ અધ્યાયમાં દેવ અંગે તથા દેવોના ભેદ, પ્રભેદ, આયુષ્ય આદિનું વર્ણન છે. પાંચમા અધ્યાયમાં અજીવ દ્રવ્યનું સવિસ્તર વર્ણન છે. છટ્ઠા અધ્યાયમાં આશ્રવ અંગે વિચાર કરવામાં આવ્યો છે. સાતમા અધ્યાયમાં દેશવિરતિ તથા સર્વવિરતિ તથા વ્રતોના અતિચારનું વર્ણન કરવામાં આવ્યું છે. આઠમા અધ્યાયમાં મિથ્યાત્વાદિથી થતાં કર્મબંધનું વર્ણન છે. નવમા અધ્યાયમાં સંવર તત્ત્વ તથા નિર્જરા તત્ત્વનું વર્ણન છે. દશમા અધ્યાયમાં મોક્ષનું વર્ણન છે. આમ દશ અધ્યાયમાં જૈનદર્શનના દાર્શનિક અને સૈદ્ધાન્તિક વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. અંતે ૩૨ કારિકાઓ છે, તેમાં કર્મક્ષય અને મોક્ષસુખ અંગે વિચાર કરવામાં આવ્યો છે. શ્વેતામ્બરીય પરંપરા પ્રમાણે ૩૪૪ સૂત્રો છે જ્યારે દિગમ્બરીય પરંપરામાં ૩૫૭ સૂત્રો છે. ભાષ્ય ૨૨૦૦ શ્લોક પ્રમાણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉમાસ્વાતિનો પરિચય :-

તત્ત્વાર્થાધિગમસૂત્રના સ્વોપજ્ઞભાષ્યને અંતે પ્રાપ્ત થતી પ્રશસ્તિના આધારે વાચકશ્રેષ્ઠના જીવન સંબંધી કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે છે. તેમના ગુરૂના ગુરૂ વાચકમુખ્ય શિવશ્રી હતા. તેમના દીક્ષાગુરૂ અગિયાર અંગના જાણકાર ઘોષનન્દી શ્રમણ હતા, તેમના વિદ્યાગુરૂ મૂલ નામના વાચકાચાર્ય હતા. તેમના વિદ્યાગુરૂના ગુરૂ મહાવાચક મુંડપાદ ક્ષમણ હતા. તેમનું ગોત્ર કૌભીષણિ હતું. તેમના પિતાનું નામ સ્વાતિ હતું. તેમની માતાનું નામ વાત્સી હતું. તેમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો. તેઓ ઉચ્ચનાગર શાખાના હતા. તેમણે તત્ત્વાર્થાધિગમસૂત્રની રચના કુસુમપુર (પાટલિપુત્ર, હાલનું પટણા-બિહાર)માં કરી હતી.

પરંપરા :-

વાચક ઉમાસ્વાતિ શ્વેતામ્બર પરંપરામાં થઈ ગયેલા કે દિગમ્બર આમ્નાયમાં કે પછી યાપનીય સંઘમાં થઈ ગયા તે વિશે વિદ્વાનોમાં તીવ્ર મતભેદ પ્રર્વતે છે. તેઓ શ્વેતામ્બર છે તેવા મતના પુરસ્કર્ત્તા આચાર્ય આત્મારામજી, આચાર્ય શ્રી સાગરાનંદસૂરિ, પં૰ શ્રી સુખલાલ સંઘવી અને પં૰ દલસુખ માલવણીયા વગેરે છે. જ્યારે દિગમ્બર દાવાના પક્ષકાર પં૰ ફુલચંદ શાસ્ત્રી, કૈલાશચંદ્ર શાસ્ત્રી, દરબારીલાલ કોઠિયા અને પં૰ શ્રી જુગલકિશોર મુખ્તાર છે. નાથૂરામ પ્રેમી અને પ્રો૰ એ. એન. ઉપાધ્યે જેવા વિદ્વાનો તેઓને યાપનીય હોવાનું માને છે. આ સર્વે એ પોતપોતાના મતને પ્રસ્થાપિત કરવા યુક્તિ-પ્રયુક્તિઓ પ્રયોજી છે. અદ્યાવધિ આ અંગે ચર્ચા ચાલુ છે. **दशाष्टपञ्च द्वादशविकल्पाः कल्पोपपन्न पर्यन्ताः** (૪-૩) તથા **एकादश जिने** (૯-૧૧) સૂત્ર અને તેનું ભાષ્ય સ્પષ્ટતઃ શ્વેતામ્બરીય પરંપરા અનુસાર હોવાથી ગ્રંથ-ગ્રંથકાર શ્વેતામ્બર હોવાનું સિદ્ધ કરે છે. વળી પરિષહ (૯-૯)ના વિવરણમાં નગ્નતાને પરિષહ તરીકે ગણાવે છે. જો નગ્નતા આચાર હોય તો પછી પરિષહમાં નગ્નતાનો સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વસ્ત્ર ધારણ કરનાર માટે જ નગ્નતા પરિષહ હોઈ શકે. અહીં નગ્નતાને પરિષહ તરીકે ગણાવ્યો છે. આ તર્કના આધાર પણ પ્રસ્તુત ગ્રંથકર્ત્તા શ્વેતામ્બર પરંપરાના હોવાનું ઠરે છે.

સમય :-

પ્રસ્તુત ગ્રંથના કર્ત્તાનો સમય નિર્ધારણ કરી શકાય તેવા કોઈપણ ચોક્કસ પ્રમાણો ઉપલબ્ધ ન થતા હોવાને કારણે તેમના સમય વિશે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. વાચકવર્યનો સમય નિર્ધારિત કરવા માટે જૈનધર્મની બન્ને પરંપરામાં પ્રયાસો થયાં છે. પં૰ સુખલાલ સંઘવીએ તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવનામાં શ્રી ઉમાસ્વાતિની ઉચ્ચૈર્નાગર શાખા, તત્ત્વાર્થસૂત્ર ઉપર રચાયેલી ટીકાઓ અને અન્ય દાર્શનિક ગ્રંથો સાથેની તુલનાને આધારે તેમનો સમય વિક્રમની પ્રથમ શતાબ્દી પછી અને વિક્રમની ચોથી શતાબ્દી પૂર્વેનો સૂચવ્યો છે. પ્રો૰ હિરાલાલ કાપડિયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ આ સમયને સ્વીકારે છે. પ્રો૰ નગીનભાઈ શાહ ઈ૰ સ૰ની પ્રથમથી ત્રીજી શતાબ્દીના ગાળામાં તે થયા હોવાનું જણાવે છે. ઈતિહાસવિદ્ પ્રો૰ મધુસૂદન ઢાંકીને મતે સિદ્ધસેન દિવાકરસૂરિની દ્વાત્રિંશિકામાં તત્ત્વાર્થાધિગમસૂત્રનો ઉપયોગ જણાતો હોવાને કારણે શ્રી ઉમાસ્વાતિનો સમય વિક્રમની ત્રીજી થી ચોથી શતાબ્દી વચ્ચેનો નિર્ધારિત કરી શકાય. આમ એટલું તો નિશ્ચિતપણે કહી શકાય કે વાચક ઉમાસ્વાતિ વિક્રમની ચતુર્થ શતાબ્દી પૂર્વે થઈ ગયા છે.

### ભાષ્યની સ્વોપજ્ઞતા :-

તત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર સંસ્કૃતભાષામાં ભાષ્ય રચાયેલું છે. દિગમ્બર વિદ્વાનો ભાષ્યને સ્વોપજ્ઞ હોવાનું સ્વીકારતા નથી. તેમના મતે સૂત્રકાર અને ભાષ્યકાર ભિન્ન ભિન્ન છે. શ્વેતામ્બર વિદ્વાનો ભાષ્યને સ્વોપજ્ઞ હોવાનું સ્વીકારે છે. દિગમ્બર પરંપરામાં સહુથી પ્રાચીન ટીકા સર્વાર્થસિદ્ધિમાં અનેક સ્થળે ભાષ્યનું પ્રતિબિંબ જોવા મળે છે અને ઘણી જગ્યાએ ભાષ્યમાં કરાયેલા સંક્ષિપ્ત નિરૂપણને વિસ્તારવાનું કાર્ય સર્વાર્થસિદ્ધિ નામક ટીકામાં થયેલું જોવા મળે છે. આથી એમ નિશ્ચિતપણે કહી શકાય કે ભાષ્ય એ સર્વાર્થસિદ્ધિ પૂર્વેની રચના છે. તત્ત્વાર્થસૂત્ર અને ભાષ્યમાં પર્યાય આપવાની શૈલીમાં સામ્યતા જોવા મળે છે. વળી સૂત્ર ઉપરનું ભાષ્ય સીધુ સરળ છે. કયાંય વિવાદસ્પદ વર્ણન કે મતભેદનું વર્ણન જોવા મળતું નથી. સૂત્રના પાઠભેદની ચર્ચા પણ કયાંય કરવામાં આવી નથી કે જેને આધારે આપણે ભિન્ન કર્ત્તૃક સાબીત કરી શકીએ. ભાષ્યની કારિકામાં આવતા **वक्ष्यामि, वक्ष्यामः** આદિ શબ્દો તથા તદનુસાર વર્ણન કરવાનો ઉપક્રમ પણ ભાષ્યની સ્વોપજ્ઞતા સિદ્ધ કરે છે. ભાષ્ય ભિન્નકર્ત્તૃક હોત તો ભાષ્યકાર ભાષ્યની આદિ કે અંતમાં સૂત્રકારની સ્તુતિ અવશ્ય કરે પરંતુ કારિકાઓમાં કે પ્રશસ્તિમાં સૂત્રકારની સ્તુતિ કે પ્રશંસા ઉપલબ્ધ થતી નથી. આ બધા પ્રમાણોને આધારે કહી શકાય કે સૂત્રકાર અને ભાષ્યકાર એક જ છે. ભાષ્યના વિસ્તૃત ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિ તથા આચાર્ય હરિભદ્રસૂરિના ટીકાગ્રંથના અવલોકનને આધારે સ્પષ્ટપણે કહી શકાય કે તેઓ પણ ભાષ્યકાર અને સૂત્રકાર ને એક જ માને છે. આથી સિદ્ધ થાય છે કે ભાષ્યકાર અને સૂત્રકારને ભિન્ન માનવા તે ભ્રાન્ત ધારણા છે.

### વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિની કૃતિઓ :-

આચાર્યશ્રી જિનપ્રભસૂરિ કૃત તીર્થકલ્પમાં તથા આચાર્ય હરિભદ્રસૂરિ (ઈ૰ સ૰ બારમી શતાબ્દી) કૃત પ્રશમરતિ ટીકામાં શ્રી ઉમાસ્વાતિએ પાંચસો પ્રકરણ ગ્રન્થોની રચના કર્યોના ઉલ્લેખ છે. આથી પરંપરા અનુસાર તેઓશ્રી પાંચસો ગ્રંથના પ્રણેતા તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ હાલ ઉપલબ્ધ થતાં ગ્રંથોની સંખ્યા તો માત્ર પાંચ જ છે. સ્થાનાંગવૃત્તિ, પંચાશકવૃત્તિ, ઉત્તરાધ્યયનવૃત્તિ આદિ ગ્રંથોમાં ઉમાસ્વાતિના નામે કેટલાંક ઉદ્ધરણો પ્રાપ્ત થાય છે. જે તેમની ઉપલબ્ધ કૃતિઓમાં મળતા નથી અને સિદ્ધસેન ગણિ પોતાની તત્ત્વાર્થભાષ્ય ઉપરની વૃત્તિમાં ઉમાસ્વાતિના શૌચ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે જે અત્યારે ઉપલબ્ધ નથી. આમ આ બધાને આધારે કહી શકાય કે તેમણે હાલ ઉપલબ્ધ કૃતિઓથી વધારે કૃતિઓ રચી છે. તત્ત્વાર્થાધિગમસૂત્ર, તત્ત્વાર્થાધિગસૂત્ર ભાષ્ય, પ્રશમરતિ પ્રકરણ, જંબૂદ્વીપસમાસપ્રકરણ, પૂજાપ્રકરણ અને સાવયપણ્ણત્તિ. છેલ્લા બે ગ્રંથ તેના હોવા વિશે વિવાદ છે. તત્ત્વાર્થાધિગમસૂત્ર અને સ્વોપજ્ઞભાષ્યનો પરિચય આગળ આપવામાં આવ્યો છે. શેષ કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

**પ્રશમરતિ :-**

સંસ્કૃતભાષા નિબદ્ધ પદ્ય કૃતિમાં રાગદ્વેષના સ્વરૂપનું વર્ણન અને તેને દૂર કરવાના ઉપાયો વર્ણવ્યા છે. સાથે સાથે કષાયોનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. પાંચ વ્રતો, બાર ભાવના, દશ યતિ ધર્મો, ત્રિવિધ મોક્ષમાર્ગ, ધ્યાન, નવતત્ત્વો, કેવલિ સમુદ્‌ઘાત વગેરેનું વર્ણન કરેલ છે. તત્ત્વાર્થસૂત્રમાં વર્ણવેલ વિષયને જ સરળભાષામાં વર્ણવવામાં આવ્યો છે. વિદ્વદ્‌વર્ય શ્રી નગીનભાઈએ પ્રશમરતિપ્રકરણ ગ્રંથની પ્રસ્તાવનામાં તત્ત્વાર્થસૂત્ર અને પ્રશમરતિપ્રકરણની સમાન્તર વિચારણા અંગે ચર્ચા કરી છે અને બન્નેનું એક કર્તૃત્વ સિદ્ધ કરેલ છે. આમ આ કૃતિ વાચકવર્યની હોવા વિશે સંદેહ રહેતો નથી.

**જંબૂદ્વીપ સમાસ :-**

આ લઘુ કૃતિ ચાર આહ્‌નિકમાં વિભકત છે. તેમાં જંબૂદ્વીપના ભૂગોળનું વર્ણન, દ્વીપો અને સમુદ્રનું વર્ણન અને જંબૂદ્વીપની લાક્ષણિકતાનું વર્ણન કરવામાં આવ્યું છે. તત્ત્વાર્થાધિગમસૂત્રના ૩જા અધ્યાયના ૧૫મા સૂત્રના ભાષ્યમાં અન્તર્દ્વીપોનાં જે નામો આપ્યાં છે તે નામો જંબૂદ્વીપસમાસના ત્રીજા આહ્‌નિકમાં આપેલા નામો સાથે બરાબર મળતાં છે. વળી ચોથા આહ્‌નિકમાં મળતા સૂત્રો અને ૩.૧૧ના ભાષ્યમાં આપેલ માપના સૂત્રો એક સરખા હોવાને કારણે જંબૂદ્વીપ સમાસના કર્ત્તા પણ ઉમાસ્વાતિ છે એમ કહી શકવા માટે સમર્થન પૂરૂં પાડે છે.

**પૂજા પ્રકરણ :-**

સંસ્કૃતભાષા નિબદ્ધ ૧૯ શ્લોકાત્મક પ્રસ્તુત કૃતિમાં શ્રાવક માટે એકવીસ પ્રકારની પૂજાનું વર્ણન કરે છે. આ પ્રકરણમાં પૂજા માટેની વિધિ દર્શાવવામાં આવી છે. આ કૃતિના કર્ત્તૃત્વ અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે.

**સાવય પણ્ણત્તિ :-**

પ્રાકૃતભાષામાં રચાયેલ આ ગ્રંથમાં ૫૦૦ ગાથા છે. તેમાં શ્રાવકનાં વ્રતો અને અતિચારો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગે વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથનો વિષય તો મુખ્યત્વે તત્ત્વાર્થાધિગમ સૂત્રના સાતમા અધ્યાયમાં વર્ણવવામાં આવેલ શ્રાવકના આચારને લગતો જ છે. પરંતુ સાંપ્રત ગ્રંથમાં વર્ણવેલ અતિચાર અને તત્ત્વાર્થસૂત્રમાં વર્ણવેલ અતિચાર ભિન્ન છે. પરંતુ સાવય પણ્ણત્તિ ઉપાસકદશાની પરંપરાને બરાબર બંધ બેસે છે. એટલે કેટલાક વિદ્વાનો પ્રસ્તુત કૃતિને ઉમાસ્વાતિની ન માનતા હરિભદ્રસૂરિની કૃતિ માને છે.

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપરના વિવરણો :-**

આ ગ્રંથ શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરામાં સમાનરૂપે માન્ય હોવાથી અનેક વિવરણો-ટીકાઓની રચના થઈ છે. વિશેષતા એ છે કે શ્વેતામ્બર પરંપરામાં મૂળસૂત્ર ઉપર ઉમાસ્વાતિ એ સ્વોપજ્ઞ ભાષ્ય રચ્યું છે અને તે ભાષ્ય ઉપર જ બધી ટીકાઓ રચાઈ છે. જ્યારે દિગમ્બર પરંપરામાં મૂળસૂત્રો ઉપર જ બધા વિવરણો લખાયાં છે. શ્વેતામ્બરીય પરંપરામાં નીચે મુજબના વિવરણોની રચના થવા પામી છે.

| | |
|---|---|
| (૧) વાચકવર્ય ઉમાસ્વાતિ કૃત | સ્વોપજ્ઞભાષ્ય |
| (૨) શ્રી સિદ્ધસેન ગણિ કૃત | ભાષ્યાનુસારિણી વિસ્તૃત ટીકા |
| (૩) શ્રી હરિભદ્રસૂરિ કૃત | ભાષ્યાનુસારિણી સાડાપાંચ અધ્યાય સુધીની ટીકા |
| (૪) શ્રી યશોભદ્રસૂરિ કૃત | હારિભદ્રીય ટીકામાં શેષ અધ્યાયોની ટીકા |
| (૫) શ્રી યશોવિજયજી કૃત | પ્રથમ અધ્યાય ઉપર ભાષ્યતર્કાનુસારિણીટીકા |
| (૬) શ્રી દર્શનસૂરિ કૃત | અતિવિસ્તૃતટીકા |
| (૭) શ્રી દેવગુપ્તસૂરિ કૃત | માત્ર કારિકાટીકા |

આચાર્ય મલયગિરિએ પ્રજ્ઞાપના ટીકામાં જણાવ્યું છે તે પ્રમાણે તેમણે પણ તત્ત્વાર્થસૂત્ર ઉપર ટીકા રચી હોય તેમ લાગે છે પરંતુ હાલ તે ઉપલબ્ધ થતી નથી.

દિગમ્બર પરંપરામાં પણ આ ગ્રંથ ખૂબ જ પ્રચલિત છે. પરંતુ સૂત્રમાં કેટલાંક ફેરફારો ઉપલબ્ધ થાય છે અને સંખ્યામાં પણ ભિન્નતા છે. ભાષ્ય ન માનવાને કારણે સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. દિગમ્બરીય પરંપરામાં નીચે પ્રમાણે ટીકાઓ રચાઈ છે.

| | |
|---|---|
| (૧) પૂજ્યપાદ કૃત | સર્વાર્થસિદ્ધિ ટીકા |
| (૨) અકલંક કૃત | તત્ત્વાર્થવાર્તિકાલંકાર |
| (૩) આ. વિદ્યાનન્દ કૃત | શ્લોકવાર્તિક |
| (૪) આ. શ્રુતસાગર કૃત | ટીકા |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ જૈનધર્મની બન્ને પરંપરામાં આ કૃતિ ઉપર એકાધિક ટીકાઓ રચાઈ છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપર અનેક સંક્ષિપ્ત અને વિસ્તૃત વિવેચનો ભારતીય ભાષાઓમાં તથા પરદેશીય ભાષાઓમાં પ્રકાશિત થયાં છે અને પ્રચલિત પણ થયાં છે. પરંતુ તત્ત્વાર્થાધિગમસૂત્રના સ્વોપજ્ઞ ભાષ્યનો એક માત્ર હિન્દી અનુવાદ પં. ઠાકુર પ્રસાદ વ્યાકરણાચાર્ય દ્વારા કરવામાં આવ્યો હતો અને તે ૧૯૦૬ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમે પ્રકાશિત કર્યો હતો. પ્રસ્તુત અનુવાદ અશુદ્ધ અને ખામીયુકત હોવાને કારણે તેને પં. ખૂબચંદ શાસ્ત્રીએ પરિમાર્જિત કર્યો અને તે પણ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ દ્વારા પ્રકાશિત થયો છે. આમ છતાં આ અનુવાદમાં અમુક સ્થળે ક્ષતિ રહી જવા પામી છે તેને દૂર કરવા પં. પ્રભુદાસ બેચરદાસ પારેખે ગુજરાતી ભાષામાં વિવેચન સહિત અનુવાદ કરવાનો પ્રારંભ કર્યો હતો. તેમણે કરેલાં પ્રથમ અધ્યાયનો સવિસ્તર અનુવાદ પ્રકાશિત થયો છે ત્યારપછી બીજા શેષ અધ્યાયોનો અનુવાદ અદ્યાવધિ પ્રકાશિત થયો નથી એટલે સંભવ છે કે તેમણે માત્ર પ્રથમ અધ્યાયનો જ અનુવાદ કર્યો હશે, બાકીના અધ્યાયોનો અનુવાદ કર્યો નહીં હોય. આમ ગુજરાતી ભાષામાં ભાષ્યના અનુવાદની ખોટને પૂરી પાડવાનું કામ મુનિશ્રી અક્ષયચંદ્રસાગર મ.સાહેબે કરેલ છે.

પ્રસ્તુત અનુવાદ મૂળગ્રંથના ભાવોને અનુરૂપ થાય તે માટે તેમણે પૂરતી કાળજી લીધી છે અને અનુવાદમાં મૂળગ્રંથના હાર્દને ક્ષતિ ન પહોંચે તે માટે પં. રતિભાઈનું તથા તત્ત્વજ્ઞ મુનિશ્રી પૂર્ણાનન્દસાગર મહારાજનું માર્ગદર્શન લીધું છે. પ્રસ્તુત અનુવાદ ગુજરાતી તત્ત્વ જિજ્ઞાસુને ઉપયોગી થશે તેવી આશા છે.

જિતેન્દ્ર બાબુલાલ શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુવાદક તરફથી....

એક સમજદાર... હોંશિયાર... ચાલાક... વ્યક્તિ !

પણ, તે જૈન શાસનથી... જૈન તત્ત્વથી પ્રાયઃ કરીને તદ્દન અપરિચિત...!

જો કે, તે જૈન શાસન પ્રત્યે આસ્થા-શ્રદ્ધા-જિજ્ઞાસા ઠીક ઠીક પ્રમાણમાં ધરાવતો હતો...

એક વખત... તે વ્યક્તિએ વિદ્વાન પુરુષ પાસે પોતાની જિજ્ઞાસા વ્યકત કરતા કહ્યું... 'પુણ્યવાન્ સુજ્ઞ !

જૈન શાસનના તત્ત્વોનું રહસ્ય સમજવું છે. તો તેના માટે શું કરવું ?'

વિદ્વાન પુરુષે જણાવ્યું 'ભાગ્યવાન્ જિજ્ઞાસુ ! જૂઓ, આ રહ્યા પુસ્તકો ! તમને આમાંથી જે પસંદ પડે તે વાંચી તૃપ્ત બનો' એમ કહી બે ત્રણ પુસ્તકો હાથ ધર્યા.

જેમાં, એક તો હતું 'શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર-સવિવેચન', બીજુ હતું 'શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર-સવિવેચન' અને ત્રીજું પણ કો'ક હતું.

આ જિજ્ઞાસુ હોંશિયાર વ્યક્તિએ તે પુસ્તકો ઉપર પોતાની ઉપર-છલ્લી નજર ફેંકી અને પોતાની ચકોરાઈ પૂર્વક 'શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર-સવિવેચન' પુસ્તક ગ્રહણ કર્યું.

અને... તેનો અભ્યાસ-વાંચન-ચિન્તન આરમ્ભ્યું...

ખરેખર... ! તે વ્યક્તિ આનન્દ...મહાઆનન્દ પામ્યો...

... આવી જબરજસ્ત ખૂબી છે 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ની.

પૂર્વધર પૂ. શ્રી ઉમાસ્વાતિજી વાચક પ્રવર શ્રી એ જૈન શાસનના મહાન્ તત્ત્વોનો વિસ્તાર એવી સુન્દર પદ્ધતિથી આ નાના-સા ગ્રન્થમાં ગ્રન્થિત કર્યો છે... કે જેના કારણે પૂ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યશ્રી એ વાચક પ્રવર શ્રી ને સંગ્રહકાર તરીકે નવાજ્યા છે.

★ ★ ★ આ ગ્રન્થની વિશિષ્ટતા દર્શાવતા પ.પૂ. આગમવિશારદ ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.સા. અમને કહેતાં હતાં કે 'જો, વિધિપૂર્વક (=ઇરિયાવહિયા, પલાઠીવાળી વગેરે) એકવાર ૨૦૦ શ્લોક પ્રમાણ આ સૂત્રના દશેય અધ્યાયનો સ્વાધ્યાય કરીએ તો એક ઉપવાસનું ફળ મળે, અર્થાત્ બે હજાર સ્વાધ્યાયનું ફળ પ્રાપ્ત થાય.'

★ ★ ★ જો કે મહાપુરુષનું વચન તો છે જ કે...

'दशाध्याय परिच्छिन्ने, तत्त्वार्थे पठिते सति ।
फलं स्यादुपवासस्य, भाषितं मुनिपुङ्गवैः ।।१।।'



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ:- દશ અધ્યાયથી યુકત એવા તત્ત્વાર્થસૂત્રનો પાઠ કરવાથી એક ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે એવું શ્રેષ્ઠ મુનિવરોએ કહ્યું છે.

★ ★ ★ આ ગ્રન્થની વિશિષ્ટતા વળી એક એ છે કે... તમામે તમામ જૈન અનુયાયી આ સૂત્રનો (ગ્રન્થનો) સ્વીકાર કરે છે...

અરે...! પેલા દિગમ્બરપંથી ! જેમણે પરમાત્મા વીરપ્રભુના ગણધર રચિત આગમ માન્ય નથી... સ્વીકારણીય નથી... છતાં... આ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' નિ:શંક સ્વીકારણીય છે.

જો કે, તેમાં (આ ગ્રન્થમાં) તેમણે કેટલેક ઠેકાણે સૂત્રોની ઘાલમેલ કરી પણ છે, કયાંક-કયાંક અક્ષરોની ય ઘાલમેલ કરી છે, કયાંક કયાંક તો સૂત્ર જ ઉડાવી દીધું છે. તો... કયાંક સૂત્ર નવું ય ઉમેરી દીધું છે... અરે... ! અધુરામાં પૂરુ ગ્રન્થકાર શ્રીના નામાક્ષરમાં ય ફેરફાર કરી દીધો છે...

છતાં ય... ગ્રન્થનું નામ તો 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' રાખ્યું છે અને કેટલાક સૂત્રોને છોડીને બાકીના સૂત્રો પણ યથાવત્ જ રાખ્યા છે. આ ગ્રન્થ સમ્બન્ધી તેમની (દિગ.ની) દલીલ એવી છે કે આ ગ્રન્થના રચયિતા દિગમ્બર સંપ્રદાયના 'શ્રી ઉમાસ્વામિજી ભગવંત' છે... જ્યારે આપણી વાત એવી છે કે આ ગ્રન્થના રચયિતા શ્વેતામ્બર સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ. વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા' છે. બંને સંપ્રદાય આચાર્યને પોતાના સંપ્રદાયના રચયિતા તરીકે ગણે છે.

અહીં પ્રશ્ન થાય છે કે બંનેમાં સત્ય શું ?

હકીકતમાં સત્યને શોધવાનું કામ તો વિદ્વાન પુરુષોનું ગણાય. બંને સંપ્રદાયના આ ગ્રન્થના સૂત્રો ઉપરના અવગાહનથી વિદ્વાન પુરુષને અવશ્ય સમજાઈ આવે તેમ છે કે વાસ્તવમાં આ ગ્રન્થના રચયિતા શ્વે. સંપ્રદાયના પૂ. આ. ઉમાસ્વાતિજી વાચક પ્રવર જ છે.

કેમ કે, બંને સંપ્રદાયના આ ગ્રન્થના ચોથા અધ્યાયમાં '**दशाष्टपञ्च द्वादशविकल्पा: कल्पोपपन्नपर्यन्ता:**' આ સૂત્ર છે. એનો અર્થ એ થાય છે કે ભવનપતિના દશ, વ્યન્તરના આઠ, જયોતિષ્કના પાંચ અને વૈમાનિકના બાર ભેદ આમ કલ્પોપપન્ન સુધીના દેવોના ભેદો છે.

આ સૂત્ર બંનેયના ગ્રન્થમાં સરખું હોવા છતાં... આગળ ભેદ વિવરણના પ્રસંગમાં ઘટસ્ફોટ થાય છે... વિવરણના પ્રસંગે તેમનું સૂત્ર જુદુ પડે છે...

તેઓના આ સૂત્રમાં વૈમાનિકના બાર ભેદ દર્શાવ્યા હોવા છતાં ભેદ વિવરણમાં સોળ નામો (સોળભેદ) દર્શાવ્યા છે.

જૂઓ... આ રહ્યું તે સૂત્ર... '**सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तरलान्तवकाषिष्ठशुक्रमहाशुक्र-शतारसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजय वैजयन्तजयन्तापराजितेषु सर्वार्थ सिद्धौ च' तत्त्वार्थराजवार्तिके** - અ. ૪. સૂ. ૧૯.

અહીં તેઓના મતે તો સોળભેદ (કલ્પોપપન્ત વૈમાનિકના) દર્શાવ્યા છે... તો '**दशाष्टपञ्चद्वादशविकल्पा:**' એ સૂત્ર કેમ મૂકયુ ? તે સૂત્ર તો શ્વેતામ્બરની માન્યતાવાળું છે...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[શ્વેતામ્બરીય તત્ત્વાર્થમાં ભેદ વિવરણમાં ય બારભેદ જ દર્શાવ્યા છે.] જો દિગમ્બર આચાર્ય આ ગ્રન્થના રચયિતા હોત તો **'दशाष्टपञ्च...'** સૂત્ર મૂકત જ નહિ. જેથી નક્કી થાય છે... આ ગ્રન્થના રચયિતા અવશ્ય શ્વેતામ્બરીય આચાર્ય શ્રી ઉમાસ્વાતિજી ભગ. જ છે. અને ૧૬ ભેદવાળા સૂત્રમાં તેમણે ચાર નામ નવા ઘુસેડ્યા છે.

તે સિવાય, અધ્યાય નવમામાં **'एकादश जिने'** આ સૂત્રમાં 'જિનને અગિયાર પરિષહ' હોય. જેમાં ક્ષુત્, પિપાસા (ભૂખ-તરસ) પણ આવી જાય છે. બંને સંપ્રદાયના 'શ્રી તત્ત્વાર્થસૂત્ર' ગ્રન્થમાં સૂત્ર આ પ્રમાણે છે.

અહીં ઘટસ્ફોટ એ રીતે છે કે... દિગમ્બરની માન્યતાનુસાર તો 'કેવલી ભુક્તિ, અને સ્ત્રી મુક્તિ' બંને અસંભવ છે... જેથી તેમના મતે તો જિનને ભૂખ તરસ હોતા જ નથી.

જો આ ગ્રન્થના રચયિતા દિગમ્બરીય હોત તો **'नव जिने'** સૂત્ર મૂકત...

પરંતુ **'एकादश जिने'** સૂત્ર શ્વેતામ્બરની માન્યતાનુસાર હોવાથી આ ગ્રન્થના રચયિતા શ્વે. પૂ. આ. ભગ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ જ છે.

★ ★ ★ જિજ્ઞાસુ જન માટે - - - 'આ ગ્રન્થના રચયિતા શ્વેતામ્બર આચાર્ય પૂ. ઉમાસ્વાતિજી ભગવંત જ છે.' એમ પુરવાર કરતાં બીજા અનેક કારણો આજે પણ હયાત છે. વિશેષ જિજ્ઞાસુ વ્યક્તિએ આ સંબંધી પૂ. આગમોદ્ધારક શ્રી આનન્દસાગર સૂરીશ્વરજી ભગવંતનું **'तत्त्वार्थकर्तृतन्मतनिर्णय -हिन्दी'** પુસ્તક વાંચવા મારી ખાસ ભલામણ છે.

ટૂંકમાં - આ ગ્રન્થ ખૂબ જ ઉત્તમ છે. તેમાં લેશત પણ મીનમેખ નથી.

પૂ. વાચક પ્રવર શ્રી એ પ્રચલિત નવતત્ત્વોનો સાત તત્ત્વમાં સમાવેશ કરી સક્રમ સુંદર સમજાવટથી આ ગ્રન્થ સંપૂર્ણ કરેલ છે. સાથે બંને કારિકા પણ એટલી જ ઉત્તમ અને પરમ પ્રશંસનીય છે.

આ ઉત્તમતા સામાન્ય બુદ્ધિવાળો એવો હું તો શી રીતે વર્ણવી શકું... ? તે તો જે વ્યક્તિ જ્યારે આ ગ્રન્થ વાંચશે... ત્યારે તે પોતાના ક્ષયોપશમ અનુસાર (ઉત્તમતા) સમજમાં આવશે...

પરંતુ જરૂર... ઉત્તમતા સમજવામાં આવ્યા વિના નહિ રહે... તેવુ મારુ મન્તવ્ય છે.

મને તો જે ઉત્તમતા સમજમાં આવી છે... તે અદ્ભૂત છે.

તેથી જ તો અલ્પજ્ઞ હોવા છતાં આ ગ્રન્થનું સભાષ્ય ગુજરાતી ભાષાંતર કરવા તૈયાર થયો છું... અને કર્યું...

જો કે આ ભાષાંતરમાં સંસ્કૃતભાષા ઉપર પરિપૂર્ણ કાબુ ન હોવાના કારણે ક્લિષ્ટતા ઘણી પડી... છતાં પણ... પ. પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રીની પવિત્ર કૃપાથી તથા પ.પૂ. તત્ત્વજ્ઞશ્રી પૂર્ણાનંદ સાગરજી મ.સા.ના શુભ સાંનિધ્યના પ્રતાપથી અને સામાન્ય દ્રવ્યાનુયોગ વગેરે અભ્યાસને કારણે ભાષાંતર ઠીક પ્રમાણમાં થવા પામ્યું છે.

અને હા, આ ભાષાંતરની પૂર્ણતામાં પ. પૂ. જગતચંદ્ર સાગરજી મ.સા.ની આભ્યાન્તરિક (માંડલી સંબંધી) સહાય પણ કામયાબ ખરી જ. વળી, આ ભાષાંતરને તપાસવામાં વિદ્વદ્વર્ય પં. શ્રી રતિભાઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચી. દોશી (લુદરાવાળા)નો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો... જેથી પ્રાયઃ કરીને નિર્દોષ ભાષાંતર તૈયાર થવા પામ્યું છે.
બાકી આ ગ્રન્થનું પ્રિન્ટીંગ કાર્ય, પ્રૂફ રીડિંગ કાર્ય, પેપર ખરીદી વગેરે કાર્ય અર્થાત્ ગ્રન્થ છપાવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્વદ્વર્ય, સુજ્ઞ, બાલબ્રહ્મચારી પં. શ્રી જિતુભાઈએ સ્વીકારી લીધી... જેથી નિર્વિઘ્ને સંપન્ન થઈ આ ગ્રન્થ આપના હાથમાં આવી શક્યો છે.

હાથમાં આવેલ આ ગ્રન્થના અભ્યાસ-ચિન્તન-મનન-સ્મરણ આદિના પ્રભાવથી સૌ જીવો મોક્ષપદ પામે તેવી અભ્યર્થના...
આ ગ્રન્થના ભાષાંતરમાં પ્રમાદવશાત્ પૂ. વાચકવર શ્રી ઉમાસ્વાતિજી ભગવંતશ્રીના આશય વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધ-ત્રિવિધ મિ..ચ્છા..મિ..દુ..ક્ક..ડ..મ્..

પૂ.પં.પ્રવર ગુરુદેવશ્રી
હેમચન્દ્રસાગરજી મ.નો
સેવક
મુનિ અક્ષયચન્દ્ર સાગર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| | પાન નં. |
|---|---|
| ૦ પ્રકાશકીય | 3 |
| ૦ યશકલગી | 7 |
| ૦ અનુવાદક તરફથી... | 9 |
| ૦ સમ્બન્ધકારિકા | 17 |
| ★ **પ્રથમ અધ્યાય** | **૧-૩૪** |
| ૦ મોક્ષમાર્ગ | ૧ |
| ૦ સમ્યગ્દર્શન | ૧ |
| ૦ તત્ત્વપ્રરુપણા | ૩ |
| ૦ નિક્ષેપા | ૩ |
| ૦ તત્ત્વાર્થાધિગમની પદ્ધતિ | ૫ |
| ૦ પાંચ જ્ઞાનનું વર્ણન | ૧૦ |
| ૦ નયનું વર્ણન | ૨૬ |
| ૦ ઉપસંહાર | ૩૪ |
| ★ **અધ્યાય બીજો** | **૩૫-૬૨** |
| ૦ પાંચ ભાવોનું વર્ણન | ૩૫ |
| ૦ જીવનું લક્ષણ - ઉપયોગનું વર્ણન | ૩૮ |
| ૦ જીવના ભેદ | ૩૯ |
| ૦ ઈન્દ્રિયનું વર્ણન | ૪૦ |
| ૦ સંજ્ઞાની વ્યાખ્યા | ૪૫ |
| ૦ વિગ્રહગતિનું વર્ણન | ૪૫ |
| ૦ જન્મ તથા યોનિનું વર્ણન | ૪૮ |
| ૦ શરીરનું વર્ણન | ૫૦ |
| ૦ કોને-કયા જન્મ ? | ૫૯ |
| ૦ આયુષ્યના ભેદો તેના સ્વામી | ૬૦ |
| ૦ ઉપસંહાર | ૬૨ |
| ★ **અધ્યાય ત્રીજો** | **૬૩-૯૦** |
| ૦ નરકનું વર્ણન | ૬૩ |
| ૦ જંબૂઆદિ દ્વીપ, સમુદ્રોનું વર્ણન | ૭૭ |
| ૦ મનુષ્યોનું સ્થાન | ૮૫ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

o આર્ય-અનાર્યનું વર્ણન ૮૫
o મનુષ્ય - આયુષ્ય સ્થિતિનું વર્ણન ૮૮
o તિર્યંચ - આયુષ્ય સ્થિતિનું વર્ણન ૮૮
o ઉપસંહાર ૯૦

★ અધ્યાય ચોથો ૯૧-૧૨૨

o દેવપ્રકાર-લેશ્યા-સ્થાનનું વર્ણન ૯૧
o દેવ પ્રવિચાર વર્ણન ૯૫
o ભવનવાસી વગેરેનું વર્ણન ૯૭
o જ્યોતિષ્કનું વર્ણન ૧૦૨
o વૈમાનિકનું વર્ણન ૧૦૬
o વૈમાનિકની લેશ્યાનું વર્ણન ૧૧૨
o કલ્પોપપન્ન કોણ ? ૧૧૩
o લોકાન્તિક સ્થાન તથા નામ ૧૧૪
o વિજયાદિ અનુત્તરના ભવ ૧૧૪
o તિર્યંચો કોને માનવા ? ૧૧૫
o દેવોની સવિસ્તર ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિ ૧૧૫
o સૌધર્મ આદિની સ્થિતિ ૧૧૯
o ભવનપતિ આદિની જઘન્ય આયુ. સ્થિતિ ૧૨૦
o ઉપસંહાર ૧૨૨

★ અધ્યાય પાંચમો (અજીવ વર્ણન) ૧૨૩-૧૪૮

o પાંચ દ્રવ્યોનું વર્ણન ૧૨૩
o કાળનું વર્ણન ૧૩૨
o પુનઃ પુદ્ગલનું વર્ણન ૧૩૩
o ત્રિપદીનું વર્ણન ૧૩૮
o પુદ્ગલબંધનું વર્ણન ૧૪૩
o દ્રવ્યની વ્યાખ્યા ૧૪૬
o કાળનું વર્ણન ૧૪૬
o ગુણની વ્યાખ્યા ૧૪૭
o પરિણામની વ્યાખ્યા ૧૪૭
o આદિ-અનાદિમાન્ વર્ણન ૧૪૭
o ઉપસંહાર ૧૪૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

★ અધ્યાય છટ્ઠો (આશ્રવવિચાર) ૧૫૦-૧૬૨

o યોગનું કથન ૧૫૦
o આશ્રવ વર્ણન ૧૫૦
o સામ્પરાયિક-ઈર્યાપથિક વર્ણન ૧૫૧
o અધિકરણનું વર્ણન ૧૫૩
o જ્ઞાન-દર્શનાવરણના આશ્રવ ૧૫૬
o વેદનીયકર્મના આશ્રવ ૧૫૭
o દર્શન મોહનીયના આશ્રવ ૧૫૭
o ચારિત્ર મોહ. તથા આયુ.ના આશ્રવક ૧૫૯
o નામ કર્મના આશ્રવ ૧૬૦
o તીર્થકરનામના આશ્રવ ૧૬૦
o ગોત્ર કર્મના આશ્રવ ૧૬૧
o અંતરાયના આશ્રવ ૧૬૨
o ઉપસંહાર ૧૬૨

★ અધ્યાય સાતમો (વ્રત વિચાર) ૧૬૪-૧૮૫

o વ્રતનું વર્ણન ૧૬૪
o વ્રતોની પાંચ ભાવનાનું વર્ણન ૧૬૫
o હિંસા આદિથી બચવાના ઉપાય ૧૬૬
o મૈત્ર્યાદિ ભાવનાનું વર્ણન ૧૬૯
o સંવેગ-વૈરાગ્યનો ઉપાય ૧૭૦
o હિંસા આદિ વ્રતોની વ્યાખ્યા ૧૭૧
o વ્રતીનું વર્ણન ૧૭૩
o દિશાવ્રતાદિ ઉત્તરવ્રતનું વર્ણન ૧૭૪
o વ્રતીની સંલેખના વિચાર ૧૭૫
o સમ્યગ્દષ્ટિના અતિચાર ૧૭૬
o ૧૨ વ્રતોના ૫-૫ અતિચાર ૧૭૭
o સંલેખનાના પાંચ અતિચાર ૧૮૩
o દાનનું વર્ણન ૧૮૪
o ઉપસંહાર ૧૮૫

★ અધ્યાય આઠમો (બંધ વિચાર) ૧૮૬-૨૦૫

o બંધના કારણો ૧૮૬




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

o બંધની વ્યાખ્યા ૧૮૭
o બંધના પ્રકાર ૧૮૭
o પ્રકૃતિબંધનું વર્ણન ૧૮૮
o સ્થિતિ બંધનું વર્ણન ૨૦૧
o વિપાક (રસ)નું વર્ણન ૨૦૨
o પ્રદેશનું વર્ણન ૨૦૪
o ઉપસંહાર ૨૦૫

★ અધ્યાય નવમો (સંવર વર્ણન) ૨૦૭-૨૭૩

o સંવરની વ્યાખ્યા ૨૦૭
o સંવર પ્રાપ્તિ ઉપાય ૨૦૮
o તપનું ફળ ૨૦૮
o ગુપ્તિ વર્ણન ૨૦૮
o સમિતિનું વર્ણન ૨૦૯
o ધર્મ (ક્ષમાદિ) નું વર્ણન ૨૧૦
o અનુપ્રેક્ષા (૧૨ ભાવના) નું વર્ણન ૨૧૫
o ૨૨ પરીષહનું વર્ણન ૨૨૫
o પાંચ ચારિત્રનું વર્ણન ૨૨૫
o તપનું વિસ્તૃત વર્ણન ૨૨૬
o સમ્યગ્દષ્ટિ આદિની ક્રમ પૂર્વક કર્મનિર્જરાની વૃદ્ધિ ૨૩૯
o પુલાક આદિ પાંચ સાધુનું વર્ણન ૨૩૯
o ઉપસંહાર ૨૪૩

★ અધ્યાય દશમો (મોક્ષ વર્ણન) ૨૪૫-૨૬૯

o પૂર્વભૂમિકા સ્વરૂપ વર્ણન ૨૪૫
o કેવળજ્ઞાનોત્પત્તિની પ્રક્રિયા ૨૪૫
o નિર્જરાનું કારણ ૨૪૬
o મોક્ષની વ્યાખ્યા ૨૪૭
o મોક્ષ પ્રાપ્તિનું કારણ ૨૪૭
o લોકાન્તગમન તથા તેના કારણો ૨૪૮
o સિધ્યાત્માની સવિસ્તર વિચારણા ૪૫૧
o પૂ. ઉમાસ્વાતિજી કૃત ઉપસંહાર ૨૬૦
o અન્યકારિકા ૨૬૪
o પ્રશસ્તિ ૨૬૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રવર પ્રણીત
# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## -:સંબન્ધ કારિકા:-

### જીવન વિષે મહત્ત્વનું કર્તવ્ય:-

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ।।१।।
जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ।।२।।
परमार्थालाभे वा दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव स्यादनवद्यं यथा कर्म ।।३।।

જે (આત્મા) સમ્યગ્દર્શનથી શુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્ર પ્રાપ્ત કરે છે તેનો દુઃખ રૂપ છતાં આ જન્મ સફળ થાય છે. (૧) જેથી, કર્મોના ક્લેશથી ભરપુર આ જન્મમાં એવા પ્રયત્નો કરવા જોઈએ કે જેથી કરીને કર્મના ક્લેશોનો નાશ થઈ જાય, ખરેખરો પરમાર્થ આ છે.

અથવા, આરંભક સ્વભાવવાળા દોષો હોતે છતે (કદાચ) એ પરમાર્થ પ્રાપ્ત ન કરી શકાય તો એ રીતે જ પ્રયત્ન કરવો કે જેથી નિર્દોષ કુશલાનુબંધી કર્મ (પુણ્ય) જ બંધાય.

### ષટ્પુરુષ અને તે ષટ્માં અર્હત્‌ની પૂજયતા-

कर्माहितमिह चामुत्र चाधमतमो नरः समारभते ।
इहफलमेव त्वधमो विमध्यमस्तूभयफलार्थम् ।।४।।
परलोकहितायैव प्रवर्तते मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुषः ।।५।।
यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ।।६।।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ।।७।।
अभ्यर्चनादर्ह(रुह)तां मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ।।८।।

-અધમતર માણસ - આ ભવ અને બીજા ભવમાં નુકશાન કારક (કાર્ય કરે છે.),
-અધમ માણસ - આ ભવમાં જ (સારા) ફળ આપનાર (કાર્ય કરે છે.)
-વિમધ્યમ - બન્ને ય ભવમાં (સારા) ફળ આપનારા કાર્ય કરે છે. (૪)
-મધ્યમ - પરલોકમાં હિત થાય તે માટે જ હંમેશા પ્રયત્નો કરે છે.
-મહાબુદ્ધિશાળી ઉત્તમ પુરુષો તો મોક્ષને માટે જ પ્રયત્નો કરે છે. (૫)
-અને જે ધર્મ પ્રાપ્ત કરીને (પોતે) કૃતકૃત્ય હોવા છતાં બીજાને ધર્મનો ઉપદેશ આપે છે તે કાયમ પૂજ્યતમ પુરુષ છે. માટે જ તે ઉત્તમોત્તમ પુરુષ છે. તેથી અર્હંત ભગવંતો જ આ જગતમાં બીજા પ્રાણીઓને પૂજ્ય એવા દેવો, ઋષિઓ અને મનુષ્યોના ઈન્દ્રો (એટલે અગ્રેસરો) તરફથી પણ પૂજાને યોગ્ય છે. (૭)

અરિહંત ભગવંતોની પૂજાથી મન:પ્રસન્ન (શુદ્ધ) થાય છે. અને તેથી સમાધિ ઉત્પન્ન થાય છે. (વળી) તેથી જ મોક્ષ મળે છે. માટે તેઓનું પૂજન ન્યાય સંગત છે. (૮)

## તીર્થ પ્રવૃત્તિ-

तीर्थप्रवर्तनफलं यत् प्रोक्तं कर्मतीर्थकरनाम ।
तस्योदयात्कृतार्थोऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति ।।९।।
तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्तनाय प्रवर्तते तीर्थकर एवम् ।।१०।।

જે કર્મના ઉદયથી તીર્થ પ્રવર્તાવી શકાય તે કર્મનું નામ શાસ્ત્રમાં તીર્થંકર નામકર્મ કહેલું છે. તેનાં ઉદયથી કૃતકૃત્ય છતાં અર્હંત ભગવાન તીર્થ પ્રવર્તાવે છે. (૯)

સ્વસ્વભાવથી જ સૂર્ય (જગતમાં) પ્રકાશ ફેલાવે છે. તે પ્રમાણે તીર્થંકર પરમાત્મા પણ સ્વભાવથી જ તીર્થ પ્રવર્તાવે છે. (૧૦)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પરમાત્મા મહાવીર પ્રભુનું જીવન દર્શન-

यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु सिद्धार्थनरेन्द्रकुलदीपः ।।११।।
ज्ञानैः पूर्वाधिगतैरप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ।।१२।।
शुभसारसत्त्वसंहननवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति **महावीर** इति त्रिदशैर्गुणतः कृताभिख्यः ।।१३।।
स्वयमेव बुद्धतत्त्वः सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः ।
अभिनन्दितशुभसत्त्वः सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ।।१४।।
जन्मजरामरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ।।१५।।
प्रतिपद्याशुभशमनं निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा व्रतानि विधिवत्समारोप्य ।।१६।।
सम्यक्त्वज्ञानचारित्रसंवरतपःसमाधिबलयुक्तः ।
मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ।।१७।।
केवलमधिगम्य विभुः स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् ।।१८।।
द्विविधमनेकद्वादशविधं महाविषयममितगमयुक्तम् ।
संसारार्णवपारगमनाय दुःखक्षयायालम् ।।१९।।
ग्रन्थार्थवचनपटुभिः प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यैर्भास्कर इव सर्वतेजोभिः ।।२०।।

અનેક ભવોમાં વારંવાર શુભ કાર્યોના આસેવનથી, જે (મહાપુરુષનો) આત્મા ભાવિત (સંસ્કારી) થયો તે સિદ્ધાર્થ મહારાજા કુળદીપક-ભગવાન ઈક્ષ્વાકુવંશની જ્ઞાત શાખામાં જનમ્યા હતા. (૧૧).

જેમ, શુદ્ધ-શીતળતા, પ્રકાશ અને પ્રભા એ ત્રણ ચંદ્રમાને હોય, તેમ, પૂર્વે મેળવેલા, હવે પછી નહિ જવાના હોવાથી અપ્રતિપાતી અને શુદ્ધ એવા મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન તે (ભગવાન)ને હતા. (૧૨)

શુભ અને સારભૂત-પરાક્રમ શરીરનો બાંધો, વીર્ય-શક્તિ, માહાત્મ્ય, રૂપ અને ગુણોવાળા હોવાથી, જગતમાં મહાવીર એવું જેનું નામ દેવોએ પ્રસિદ્ધ કર્યું હતું (૧૩)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાતે જ તત્ત્વબોધ પામ્યા અને એ અતુલ સ્થિર પરાક્રમી પુરુષ પ્રાણીઓનું હિત કરવા માટે તૈયાર થયા. તેથી ઈન્દ્રોએ અને લોકાન્તિક દેવોએ તેઓના (આ) સુંદર પરાક્રમની ઘણીજ પ્રશંસા કરી હતી. (૧૪)

(પહેલા તો) તે બુદ્ધિશાળી મહાત્માએ જન્મ, વૃદ્ધાવસ્થા અને મરણથી પીડાતા સંસારને અશરણ અને સારવિનાનો જાણીને વિશાળ રાજયનો ત્યાગ કર્યો. અને શાંતિને માટે પ્રવ્રજ્યા સ્વીકારી. (૧૫)

અશુભને શાંત કરનારો, મોક્ષના સાધનભૂત એવો શ્રમણ વેશ સ્વીકારી, તેમણે વિધિપૂર્વક વ્રત લઈ સામાયિક કર્યું. (૧૬)

ત્યારબાદ-સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ અને સમાધિના બળથી યુકત થઈ મોહનીય વગેરે ચાર અશુભ (ઘાતી) કર્મોનો નાશ કરીને (૧૭)

અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી તે વિભુ (સર્વજ્ઞ) પરમાત્મા પોતે કૃતાર્થ થયા છતાં (ભવ્ય) લોકોના હિતને માટે બે પ્રકારનું- અનેક પ્રકારનું, બાર પ્રકારનું, મહાવિષયોવાળું માપવગરના જ્ઞેયો થી ભરપૂર, સંસાર સમુદ્રથી પાર લઈ જવાને અને દુ:ખના નાશ કરવાને સમર્થ બીજા સર્વપ્રકાશ જેમ સૂર્યને ઝાંખો પાડી શકતા નથી તેમ ગ્રન્થો અને અર્થની વાચનાઓમાં ચતુર અને સતત પ્રયત્નશીલ એવા બુદ્ધિશાળી અન્યવાદીઓથી જે હરાવી શકાતું નથી એવા આ તીર્થનો તેમણે ઉપદેશ આપ્યો હતો. (૧૮, ૧૯, ૨૦)

## મંગલાચરણ, વિષય, સંબંધ, અધિકારી અને પ્રયોજન-

कृत्वा त्रिकरणशुद्धं तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते वीराय विलीनमोहाय ।।२१।।
तत्त्वार्थाधिगमाख्यं बह्वर्थं संग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य ।।२२।।

નિર્મોહી અને પૂજ્યતમ તે પરમર્ષિ વીર ભગવાનને મન, વચન અને કાયા એ ત્રણેય કરણો વડે શુદ્ધિપૂર્વક નમસ્કાર કરીને (૨૧)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘણા અર્થોના સંગ્રહવાળા છતાં તત્ત્વાર્થાધિગમ નામના જિનેશ્વરના વચનોના એક અંશરૂપ આ નાના ગ્રંથનું શિષ્યોના હિતને માટે વિવરણ (ભાષ્ય) કરવાનો છું. (૨૨)

## જિનવચનરૂપી સમુદ્રની વિશાળતાનો પાર પામવાની અશક્યતા

**महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थभाष्यपारस्य ।**
**कः शक्तः प्रत्यासं जिनवचनमहोदधेः कर्तुम् ? ।।२३।।**
**शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।**
**प्रतितीर्षेच्च समुद्रं मित्सेच्च पुनः कुशाग्रेण ।।२४।।**
**व्योम्नीन्दुं चक्रमिषेन्मेरुगिरिं पाणिनां चिकम्पयिषेत् ।**
**गत्याऽनिलं जिगीषेच्चरमसमुद्रं पिपासेच्च ।।२५।।**
**खद्योतकप्रभाभिः सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।**
**योऽतिमहाग्रन्थार्थं जिनवचनं संजिघृक्षेत ।।२६।।**

ગ્રન્થો અને ભાષ્યોવડે પણ જેનો તાગ મેળવવો મુશ્કેલ છે, એવા અત્યન્ત મહાવિષયોથી ભરપૂર જિનવચનોરૂપી મહાન સમુદ્રનો તાગ લાવવાને કોણ સમર્થ છે. ? (૨૩)

અત્યન્ત મહાન ગ્રન્થો અને અર્થોથી ભરેલા શ્રી જિનવચનનો ટુંકામાં સંગ્રહ કરી લેવાની જે ઈચ્છા રાખે છે તે અજ્ઞાન થી—

-મસ્તક વડે પર્વતને તોડવાની ધારણા રાખે છે, બે હાથ વડે પૃથ્વીને ઉછાળવા માંગે છે,

સમુદ્રને બે હાથે તરી જવા અને દાભની અણીથી માપી લેવા ધારે છે, આકાશમાં ચંદ્રનીયે પેલે પાર કુદી જવા ઈચ્છે છે,
એક હાથે મેરુ ચલાયમાન કરવા માંગે છે,
ગતિથી પવનને હરાવવા ઈચ્છે છે,
સ્વયંભૂરમણ સમુદ્ર આખોય પી જવા માગે છે. અને આગીયા જીવડાના પ્રકાશથી સૂર્યને ઝાંખો પાડવા (હરાવવા) ઈચ્છે છે.

## નાના સંગ્રહથી પણ ઘણો લાભ—

**एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।**
**श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ।।२७।।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક સામાયિક માત્ર પદથી અનંત જીવો મોક્ષમાં ગયા છે એવું (શાસ્ત્રમાં) સાંભળીએ છીએ. તેથી શ્રી જિનવચનોમાંના એક પણ પદથી નિર્વાહ ચાલી શકે છે એટલે કે જોઈએ તેવો લાભ મળી શકે છે. (૨૭)

## શ્રી જિનવચન શ્રેયસ્કર—

**तस्मात्तत्प्रामाण्यात् समासतो व्यासतश्च जिनवचनम् ।**
**श्रेय इति निर्विचारं ग्राह्यं धार्यं च वाच्यं च ।।२८।।**

તેથી અને તે પ્રમાણથી 'ટુંકામાં હોય કે વિસ્તાર પૂર્વક હોય, પરંતુ શ્રી જિનવચન તો શ્રેયસ્કર જ છે' માટે જ તે વગર વિચાર્યે જ સાંભળવું, ધારવું અને સંભળાવવું. (૨૮)

## ઉપદેશ દેનારને એકાન્તે લાભ

**न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।**
**ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ।।२९।।**

હિતકારી વચનો સાંભળવાથી દરેક સાંભળનારાઓને એકાંતે 'ધર્મ થાય જ' એવું નથી, પરતું ઉપકારક બુદ્ધિથી સંભળાવનાર વકતાને તો એકાંતે ધર્મ થાય છે. (૨૯)

**श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।**
**आत्मानं च परं च हि हितोपदेष्टाऽनुगृह्णाति ।।३०।।**
**नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति कृत्स्नेऽस्मिन् ।**
**तस्मात्परमिद (भय) मेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि ।।३१।।**

માટે પોતાને પડતી મહેનતનો જરા પણ વિચાર કર્યા વિના, શ્રેયનો- કલ્યાણમાર્ગનો હંમેશા ઉપદેશ આપવો જ જોઈએ. કેમ કે હિતોપદેશ દાતા પોતાને અને બીજાને ઉપકારી થાય જ છે. (૩૦)

આ સમસ્ત જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશ સિવાય બીજો કોઈ હિતોપદેશ છે જ નહિ, તેથી શ્રેષ્ઠ એવા મોક્ષમાર્ગને જ હું કહીશ (૩૧)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री

# तत्त्वार्थाधिगम सूत्र

## सभाष्य - सानुवाद

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## प्रथमो अध्यायः - પ્રથમ અધ્યાય

### सूत्रम्- सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥१-१॥

અર્થ- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર આ ત્રણે મળી મોક્ષમાર્ગ થાય છે.

**भाष्यम्**- सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्गः, तं पुरस्ताल्लक्षणतो विधानतश्च विस्तरेणोपदेक्ष्यामः । शास्त्रानुपूर्वीविन्यासार्थं तूद्देशमात्रमिदमुच्यते । एतानि च समस्तानि मोक्षसाधनानि, एकतराभावेऽप्यसाधनानीत्यतस्त्रयाणां ग्रहणम् । एषां च पूर्वलाभे भजनीयमुत्तरं, उत्तरलाभे तु नियतः पूर्वलाभः । तत्र सम्यगिति प्रशंसार्थो निपातः, समञ्चतेर्वा भावः । दर्शनमिति दृशेरव्यभिचारिणी सर्वेन्द्रियानिन्द्रियार्थप्राप्तिः, एतत्सम्यग्दर्शनं, । प्रशस्तं दर्शनं सम्यग्दर्शनं, संगतं वा दर्शनं सम्यग्दर्शनम् । एवं ज्ञानचारित्रयोरपि ॥१॥

અર્થ- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર આ પ્રમાણે-આ ત્રણ પ્રકારે મોક્ષ માર્ગ છે. તેને આગળ લક્ષણપૂર્વક અને પ્રકારપૂર્વક વિસ્તારથી કહીશું. શાસ્ત્રના ક્રમને ગોઠવવા માટે માત્ર ઉદ્દેશ જ અહીં કહ્યો છે. આ બધા ય (ત્રણેય) મોક્ષમાર્ગના સાધન છે. આમાંના કોઈ એકનો પણ અભાવ હોય તો તે સાધન થતું નથી. જેથી ત્રણેત્રણને સાધન માનવા. આ ત્રણેમાં પૂર્વ પૂર્વનું (સાધન) હોય તો ઉત્તર ઉત્તરનું સાધન હોય પણ ખરું અને ન પણ હોય. પરન્તુ ઉત્તર (પછી) નું સાધન હોય તો પૂર્વનું સાધન હોય જ. (જેમકે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હોય તો સમ્યગ્ચારિત્ર હોય પણ ખરું અને ન પણ હોય. પરન્તુ સમ્યગ્ચારિત્ર હોય તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય જ.) સમ્યગ્ શબ્દ અહીં પ્રશંસા અર્થમાં નિપાત છે. અથવા सम् + अञ्चति ઉપરથી બનેલ છે. दर्शनम् શબ્દ દશધાતુથી ભાવ અર્થમાં અન પ્રત્યય થયો છે. સર્વ ઈન્દ્રિયો અને અનિન્દ્રિય (મન) થી પદાર્થનો વ્યભિચાર વિનાનો બોધ છે-તે સમ્યગ્દર્શન. પ્રશસ્ત દર્શન તે સમ્યગ્દર્શન છે. અથવા સંગત દર્શન તે સમ્યગદર્શન છે. (સંગત એટલે બંધબેસ્તુ, શુદ્ધ સંકલના પૂર્વક-યોગ્ય) એ રીતે જ્ઞાન અને ચારિત્ર સાથેના સમ્યગ્ શબ્દનો પણ અર્થ કરવો. (પ્રશસ્તજ્ઞાન અથવા સંગતજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, અને પ્રશસ્તચારિત્ર અથવા સંગતચારિત્ર તે સમ્યગ્ચારિત્ર) ॥૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।।१-२।।

અર્થ- જે પદાર્થ જેવો છે તેવો માનવાની જે રૂચિ... તે સમ્યગ્દર્શન છે. (પરમાર્થથી અર્થનું શ્રદ્ધાન અથવા તત્ત્વરૂપ અર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.)

भाष्यम्- तत्त्वानामर्थानां श्रद्धानं तत्त्वेन वाऽर्थानां श्रद्धानं तत्त्वार्थश्रद्धानं तत् सम्यग्दर्शनम्, तत्त्वेन भावतो निश्चितमित्यर्थः, तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते, त एव चार्थास्तेषां श्रद्धानं-तेषु प्रत्ययावधारणम्। तदेवं प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याऽऽभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति ।।२।।

અર્થ- તત્ત્વરૂપ પદાર્થો ઉપરની જે રૂચિ (અભિપ્રીતિ) અથવા વાસ્તવિક રીતે પદાર્થો ઉપરની જે રૂચિ... તે સમ્યગ્દર્શન કહેવાય. તત્ત્વથી એટલે ભાવપૂર્વક... પરમાર્થથી (આત્મવિશ્વાસ પૂર્વક) ચોક્કસપણે. જીવાદિ તત્ત્વો આગળ (સૂ. ૧-૪ માં) કહેવાશે. અને તે જ જીવાદિ અર્થો = પદાર્થો તેની જે રૂચિ... એટલે કે તે જીવાદિ પદાર્થોમાં વિશ્વાસપૂર્વક અવધારણ કરવું. અર્થાત્ આ જ તત્ત્વ છે તેમ અવસ્થિત કરવું/બેસાડવું... તે સમ્યગ્દર્શન. આ પ્રમાણે પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યને પ્રકટ કરવારૂપ લક્ષણવાળું તત્ત્વાર્થનું શ્રદ્ધાન... તે સમ્યગ્દર્શન છે એમ જાણવું.[1] ।।૨।।

## सूत्रम्- तन्निसर्गादधिगमाद्वा ।।१-३।।

અર્થ- તે (સમ્યગ્દર્શન) નિસર્ગ (નિર્નિમિત) અથવા અધિગમ (ઉપદેશાદિ નિમિત્ત) થી થાય છે.

भाष्यम्- तदेतत्सम्यग्दर्शनं द्विविधं भवति । निसर्गसम्यग्दर्शनमधिगमसम्यग्दर्शनं च, निसर्गादधिगमाद्वोत्पद्यत इति द्विहेतुकं द्विविधम्।। निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तरम्। ज्ञानदर्शनोपयोगलक्षणो जीव इति वक्ष्यते। तस्यानादौ संसारे परिभ्रमतः कर्मत एव कर्मणः स्वकृतस्य बन्धनिकाचनोदयनिर्जरापेक्षं नारकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु विविधं पुण्यपापफलमनुभवतो ज्ञानदर्शनोपयोगस्वाभाव्यात् तानि तानि परिणामाध्यवसायस्थानान्तराणि गच्छतोऽनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषादपूर्वकरणं तादृग्भवति येनास्यानुपदेशात्सम्यग्दर्शनमुत्पद्यत इत्येतन्निसर्ग-सम्यग्दर्शनम् ।। अधिगमः अभिगमः आगमो निमित्तं श्रवणं शिक्षा उपदेश इत्यनर्थान्तरम्, तदेवं परोपदेशाद्यत्तत्त्वार्थश्रद्धानं भवति तदधिगमसम्यग्दर्शनमिति ।।३।।

અર્થ- તે આ સમ્યગ્દર્શન બે રીતે ઉત્પન્ન થવાવાળું છે. (૧) નિસર્ગથી સમ્યગ્દર્શન અને (૨) અધિગમથી સમ્યગ્દર્શ દર્શન. (સમ્યગ્દર્શનને) ઉત્પન્ન થવાના હેતુ નિસર્ગ અને અધિગમ-એમ બે હોવાથી બે

---

૧. સમ્યગ્દર્શનની કેટલીક વ્યાખ્યાઓ-તત્ત્વવડે પદાર્થની રૂચિ, તત્ત્વરૂપ પદાર્થની રૂચિ, ઈન્દ્રિય-અનિન્દ્રિયથી પદાર્થનું અવ્યભિચારીપણું, પ્રશમ-સંવેગાદિ પ્રકટ કરવારૂપ લક્ષણવાળું, तमेवसच्चम्। સુદેવ-સુગુરુ-સુધર્મ ઉપર યથાર્થ રાગ... તે સમ્યગ્દર્શન.
ઈત્યાદિ ભિન્નભિન્ન લક્ષણો ભિન્ન ભિન્ન વ્યક્તિની અપેક્ષા વિગેરેના કારણે સમજવા. આમાંથી એકપણ લક્ષણ ખોટું કે અનુચિત નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકારે કહ્યું છે.-નિસર્ગ-પરિણામ-સ્વભાવ-અપરોપદેશ (બીજાના ઉપદેશ વિના) એમ (ઈત્યાદિ) એકાર્થક શબ્દો છે. 'જ્ઞાન-દર્શન ઉપયોગવાળો તે જીવ' તે આગળ (સૂ૰ ૨-૮ માં) કહેવાશે. અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતા તે જીવને કર્મથી (પોતે કરેલા કર્મથી) કર્મ (નવાકર્મ) ગ્રહણ કરી બન્ધ-નિકાચન-ઉદય અને નિર્જરાની અપેક્ષાવાળું નારક-તિર્યંચયોનિ-મનુષ્ય અને દેવના ભવો યોગ્ય શરીરનું ગ્રહણ કરે છે. તેમાં વિવિધ પ્રકારના પુણ્ય-પાપના ફળને ભોગવતા જ્ઞાન-દર્શન ઉપયોગના સ્વભાવથી તે તે પ્રકારના ભિન્ન ભિન્ન પરિણામ અધ્યવસાય સ્થાનોને પ્રાપ્ત કરતાં અનાદિ મિથ્યાદષ્ટિને પણ પરિણામ વિશેષથી (વધતાં જતા શુભ પરિણામથી) તેવું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે કે જેનાથી આ જીવને ઉપદેશ વિના સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તે નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય. અધિગમ-અભિગમ-આગમ-નિમિત્ત-શ્રવણ-શિક્ષા-ઉપદેશ એ (અધિગમના) એકાર્થવાચી શબ્દો છે. તે આ પ્રમાણે પરોપદેશથી જે તત્ત્વ-અર્થ ઉપર રૂચિ થાય છે... તે અધિગમ સમ્યગ્દર્શન જાણવું.॥૩॥

भाष्यम्- अत्राह-तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्युक्तम्, तत्र किं तत्त्वमिति । अत्रोच्यते-
અર્થ- અહીં પ્રશ્ન પૂછે છે કે **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'** તમે કહ્યું... તો તત્ત્વ શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે... (સૂ. ૧-૪ માં)

## सूत्रम्- जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥१-४॥

અર્થ- જીવ-અજીવ-આશ્રવ-બન્ધ-સંવર-નિર્જરા અને મોક્ષ (એ સાત) તે તત્ત્વ છે.

भाष्यम्- जीवा अजीवा आस्रवा बन्धः संवरो निर्जरा मोक्ष इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम् । एते वा सप्त पदार्थास्तत्त्वानि । ताँल्लक्षणतो विधानतश्च पुरस्ताद्विस्तरेणोपदेक्ष्यामः ॥४॥
અર્થ- જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ પ્રમાણે સાત પ્રકારના પદાર્થો તત્ત્વ[૧] છે. અથવા આ સાતે ય પદાર્થો તત્ત્વ છે તેનું લક્ષણથી અને ભેદ-પ્રભેદ (**च** = પ્રભેદ)થી વિસ્તારપૂર્વક આગળ કહીશું. ॥૪॥

## सूत्रम्- नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥१-५॥

અર્થ- નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવથી તેનો (જીવાદિ તત્ત્વોનો) ન્યાસ = વિરચના (વિભાગ, નિક્ષેપો) થાય છે.

भाष्यम्- एभिर्नामादिभिश्चतुर्भिरनुयोगद्वारैस्तेषां जीवादीनां तत्त्वानां न्यासो भवति । विस्तरेण

---

(૧) (અ) તત્ત્વો નવ પણ છે. પરંતુ તે નવમાંના પુણ્ય અને પાપનો સમાવેશ આશ્રવમાં કરીને અહીં સાતની વિવક્ષા કરી છે.
(બ) સૂત્રમાં તત્ત્વ શબ્દ એકવચનમાં વાપરવાનું કારણ જાતિવાચક તરીકેનું જણાય છે. જેમ ઘઉં-બાજરી ઘણાં હોવા છતાં ઘઉંઓ કે બાજરીઓ ન કહેતા ઘઉં-બાજરી જ કહેવાય છે. તેમ... (પૂ૰ સાગરજી મ૰)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लक्षणतो विधानतश्चाधिगमार्थं न्यासो, निक्षेप इत्यर्थः, तद्यथा-नामजीवः स्थापनाजीवो द्रव्यजीवो भावजीव इति । नाम संज्ञा कर्म इत्यनर्थान्तरम्, चेतनावतोऽचेतनस्य वा द्रव्यस्य जीव इति नाम क्रियते स नामजीवः । यः काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते जीव इति स स्थापनाजीवो, देवताप्रतिकृतिवद्, इन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति । द्रव्यजीव इति गुणपर्यायवियुक्तः प्रज्ञास्थापितोऽनादिपारिणामिकभावयुक्तो जीव उच्यते, अथवा शून्योऽयं भङ्गः, यस्य ह्यजीवस्य सतो भव्यं जीवत्वं स्यात् स द्रव्यजीवः स्याद्, अनिष्टं चैतत् । भावतो जीवा औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकभावयुक्ताः, उपयोगलक्षणाः संसारिणो मुक्ताश्च द्विविधा वक्ष्यन्ते ॥ एवमजीवादीषु सर्वेष्वनुगन्तव्यम् ॥

पर्यायान्तरेणापि नामद्रव्यं स्थापनाद्रव्यं द्रव्यद्रव्यं भावतो द्रव्यमिति । यस्य जीवस्य वा अजीवस्य वा नाम क्रियते द्रव्यमिति तन्नामद्रव्यम् । यत्काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते द्रव्यमिति तत् स्थापनाद्रव्यं, देवताप्रतिकृतिवद्, इन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति । द्रव्यद्रव्यं नाम गुणपर्यायवियुक्तं प्रज्ञास्थापितं धर्मादीनामन्यतमत्, केचिदप्याहुः-यद् द्रव्यतो द्रव्यं भवति, तच्च, पुद्गलद्रव्यमेवेति प्रत्येतव्यम्, अणवः स्कन्धाश्च, सङ्घातभेदेभ्य उत्पद्यन्त इति वक्ष्यामः । भावतो द्रव्याणि धर्मादीनि सगुणपर्यायाणि प्राप्तिलक्षणानि वक्ष्यन्ते, आगमतश्च प्राभृतज्ञो द्रव्यमिति भव्यमाह, द्रव्यं च भव्ये, भव्यमिति प्राप्यमाह, भू प्राप्तावात्मनेपदी, तदेवं प्राप्यन्ते प्राप्नुवन्ति वा द्रव्याणि ॥ एवं सर्वेषामनादीनामादिमतां च जीवादीनां भावानां मोक्षान्तानां तत्त्वाधिगमार्थं न्यासः कार्य इति ॥५॥

અર્થ- તે જીવાદિ તત્ત્વોનો ન્યાસ આ (સૂત્રોકત) નામાદિ ચાર અનુયોગ દ્વારો વડે થાય છે. વિસ્તારથી એટલે કે લક્ષણ અને ભેદ-પ્રભેદ પૂર્વક જ્ઞાન કરવા માટે ન્યાસ અર્થાત્ નિક્ષેપ થાય છે. તે આ રીતે-નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ, (અને) ભાવજીવ. નામ, સંજ્ઞા, કર્મ તે એકાર્થીવાચી શબ્દ છે. ચેતનવંત કે અચેતનવંત (અજીવ) પદાર્થનુ 'જીવ' એ પ્રમાણે સંજ્ઞા કરવી (નામ પાડવું) તે નામજીવ. કાષ્ઠની બનાવટ, પુતળી (ઢીંગલી), ચિત્રકામ, અક્ષ (આદિ) અસદ્‌ભાવ સ્થાપનારૂપ પદાર્થમાં 'જીવ' ની સ્થાપના કરવી તે સ્થાપનાજીવ. જેમ આ દેવતાની મૂર્તિ-ઈન્દ્ર-રુદ્ર-સ્કન્દ-વિષ્ણુ છે... તે પ્રમાણે. દ્રવ્યજીવ-તે આ પ્રમાણે-બુદ્ધિથી કલ્પિત ગુણપર્યાય વિનાનું અનાદિ પારિણામિકભાવ યુકત જીવ (તે દ્રવ્ય જીવ). અથવા આ ભાંગો શૂન્ય સમજવો. કારણકે જે અજીવ હોવા છતાં ભાવિમાં જીવત્વ પ્રાપ્ત થાય તો તે (અજીવ) દ્રવ્યજીવ કહેવાય... પરન્તુ તેવું થતું નથી. ભાવથી-જીવ-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવયુકત ઉપયોગરૂપ લક્ષણવાળો હોય તે ભાવજીવ કહેવાય. તે જીવો બે પ્રકારના છે... '**संसारिणो मुक्ताश्च ॥२-१०॥**' આગળ કહેવાશે. આ પ્રમાણે અજીવાદિ સર્વમાં જાણવું.

૦ બીજી રીતે-

-નામદ્રવ્ય, સ્થાપનાદ્રવ્ય, દ્રવ્યદ્રવ્ય અને ભાવદ્રવ્ય-આ પ્રમાણે. જીવનું કે અજીવનું નામ પાડવામાં આવે તે નામદ્રવ્ય. સ્થાપનાદ્રવ્ય, જેમ દેવની મૂર્તિ (માં) (આ) ઈન્દ્ર, રુદ્ર, સ્કન્દ, વિષ્ણું છે. તેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાષ્ઠની બનાવટ, પુતળુ, ચિત્રકામ, અક્ષનિક્ષેપાદિમાં 'દ્રવ્ય' ની સ્થાપના કરાય તે સ્થાપનાદ્રવ્ય. દ્રવ્યદ્રવ્ય- બુદ્ધિથી કલ્પિત-ગુણપર્યાય રહિત ધર્માસ્તિકાય વગેરેમાંનું કોઈ એક દ્રવ્ય (તે દ્રવ્યદ્રવ્ય). કેટલાક કહે છે કે દ્રવ્યથી દ્રવ્ય થાય છે તે પુદ્ગલદ્રવ્ય જ છે. અર્થાત્ દ્રવ્યદ્રવ્ય = પુદ્ગલદ્રવ્ય. તે **अणवः स्कन्धाश्च, संघातं भेदेभ्य उत्पद्यन्ते** ।।૫-૨૫/૨૬।। માં કહીશું. ભાવથી દ્રવ્ય-ગુણપર્યાય સહિત ધર્માદિ (ધર્માસ્તિકાયાદિ) (તે ભાવદ્રવ્ય). પ્રાપ્તિ લક્ષણો (અન્ય અન્ય ધર્મને પામનારા) કહેવાશે. આગમમાં (**तसि प्रत्यय सप्तम्यर्थे**) શબ્દ પ્રાભૃતને જાણનાર (શબ્દની વ્યુત્પત્તિ આદિને જાણનાર વ્યક્તિ) દ્રવ્ય એટલે ભવ્ય કહે છે. 'દ્રવ્ય' એ ભવ્ય અર્થમાં નિપાત[1] છે. ભવ્ય એટલે પ્રાપ્ય કહેવાય છે. કારણકે **भू** ધાતુ પ્રાપ્ય અર્થમાં આત્મનેપદ છે. તેથી જ (જે) પ્રાપ્ત કરાય છે. કે જે પ્રાપ્ત કરે છે તે દ્રવ્યો. એ પ્રમાણે સર્વઆદિવાળા અને આદિવિનાના જીવાદિથી માંડીને મોક્ષ સુધીના પદાર્થોના તત્ત્વોના અધિગમ માટે ન્યાસ કરી શકાય છે. ।।૫।।

## सूत्रम्- प्रमाणनयैरधिगमः ।।१-६।।

અર્થ- પ્રમાણ અને નયો વડે અધિગમ થાય છે.

भाष्यम्- एषां च जीवादीनां तत्त्वानां यथोद्दिष्टानां नामादिभिर्न्यस्तानां प्रमाणनयैर्विस्तराधिगमो भवति। तत्र प्रमाणं द्विविधं, परोक्षं प्रत्यक्षं च वक्ष्यते, चतुर्विधमित्येके, नयवादान्तरेण। नयाश्च नैगमादयो वक्ष्यन्ते ॥ किंचान्यत् ॥६॥

અર્થ- જે રીતે સામાન્યથી કહ્યા છે અને નામાદિ વડે ન્યાસ કરેલા છે એવા જે જીવાદિ તત્ત્વો-તેનો પ્રમાણ અને નયોથી વિસ્તારપૂર્વક બોધ થાય છે. તેમાં પ્રમાણ બે પ્રકારવાળું છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. (તે) આગળ (૧-૧૦/૧૨ માં) કહેવાશે. નયવાદની અપેક્ષાએ કેટલાક (આચાર્યો) પ્રમાણ ચારપ્રકારનું કહે છે અને નયો નૈગમાદિ છે તે આગળ (૧-૩૪માં) કહેવાશે. અને વળી બીજું...।।૬।।

## सूत्रम्- निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ।।१-७।।

અર્થ-નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન (ભેદ) થી જીવાદિ તત્ત્વોનું જ્ઞાન થાય છે.

भाष्यम्- एभिश्च निर्देशादिभिः षड्भिरनुयोगद्वारैः सर्वेषां भावानां जीवादीनां तत्त्वानां विकल्पशो विस्तरेणाधिगमो भवति।

અર્થ- આ (સૂત્રોકત) નિર્દેશાદિ છ અનુયોગદ્વારો વડે સર્વભાવો = જીવાદિ તત્ત્વોનો વિકલ્પશ: વિસ્તારપૂર્વક અધિગમ (જ્ઞાન/બોધ) થાય છે.

---

૧. 'द्रव्यं च भव्ये' આવું સૂત્ર પાણિનીયમાં મળે છે. 'द्रो भव्ये' ૭-૧-૧૧૫ આવું સૂત્ર શ્રી સિદ્ધહેમ વ્યાકરણમાં છે. द्रु શબ્દથી तुल्य भव्य અર્થમાં य થાય અને उ નો ગુણ થઈ 'દ્રવ્ય' શબ્દ બને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तद्यथा **निर्देशः**- को जीवः ?, औपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः ।
અર્થ- તે આ રીતે, નિર્દેશ-જીવ શું છે ? (જવાબ) 'ઔપશમિકાદિ ભાવયુકત દ્રવ્ય' એ જીવ છે.

भाष्यम्- सम्यग्दर्शनपरीक्षायां किं सम्यग्दर्शनं ?, द्रव्यं, सम्यग्दृष्टिर्जीवोऽरूपी नोस्कन्धो नोग्रामः।
અર્થ- સમ્યગ્દર્શનની પરીક્ષા બાબત વિચારીએ તો... સમ્યગ્દર્શન શું છે... ? (જવાબ)- દ્રવ્ય[1] સમ્યગ્દષ્ટિજીવ અરૂપી છે. નથી સ્કન્ધ કે નથી પ્રદેશ.

भाष्यम्- **स्वामित्वं**, कस्य सम्यग्दर्शनमिति, एतद् आत्मसंयोगेन परसंयोगेनोभयसंयोगेन चेति वाच्यम्, आत्मसंयोगेन जीवस्य सम्यग्दर्शनं, परसंयोगेन जीवस्याजीवस्य जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पाः, उभयसंयोगेन जीवस्य नोजीवस्य जीवयोरजीवयोर्जीवानामजीवानामिति विकल्पा न सन्ति, शेषाः सन्ति ।
અર્થ- સ્વામિત્વ (માલિકી)-કોનું સમ્યગ્દર્શન ? (જવાબ) 'આત્મ સંયોગ વડે, પર સંયોગ વડે અને ઉભય સંયોગ વડે' એમ કહેવા યોગ્ય છે. આત્મ સંયોગથી-જીવનું સમ્યગ્દર્શન. પર સંયોગથી-જીવનું કે અજીવનું, બે જીવનું કે બે અજીવનું, ઘણાં જીવનું કે ઘણાં અજીવનું (સમ્યગ્દર્શન) એમ વિકલ્પો છે. ઉભય સંયોગથી-જીવનું કે નોજીવનુ (અજીવનું), બે જીવનું કે બે અજીવનું, ઘણાં જીવનું કે ઘણાં અજીવનું (સમ્યગ્દર્શન) એમ આટલા વિકલ્પો નથી હોતા. બાકીના વિકલ્પો (૬)[2] હોય છે.

भाष्यम्- **साधनं**, सम्यग्दर्शनं केन भवति ?, निसर्गादधिगमाद्वा भवतीत्युक्तम्, तत्र निसर्गः पूर्वोक्तः, अधिगमस्तु सम्यग्व्यायामः, उभयमपि तदावरणीयस्य कर्मणः क्षयेणोपशमेन क्षयोपशमाभ्यामिति।
અર્થ- સાધન-સમ્યગ્દર્શન શાથી (કોના માધ્યમે) થાય છે ? (જવાબ) પૂર્વે ૧-૩ સૂત્રમાં કહ્યું છે કે નિસર્ગથી અથવા અધિગમથી (સમ્યગ્દર્શન થાય છે). નિસર્ગ પૂર્વે કહ્યું છે... અધિગમથી એટલે સમ્યગ્વ્યાયામથી (ગુરુ સમીપે અભ્યાસ, શુભક્રિયા વગેરેથી થાય છે.) ઉભય (નિસર્ગ અને અધિગમ-બંને સમ્યગ્દર્શન) પણ તદાવરણીય (મોહનીય) કર્મના ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

भाष्यम्- **अधिकरणं** त्रिविधं-आत्मसन्निधानेन परसन्निधानेनोभयसन्निधानेनेति वाच्यम्, आत्मसन्निधानमभ्यन्तरसन्निधानमित्यर्थः, परसन्निधानं बाह्यसन्निधानमित्यर्थः, उभयसन्निधानं बाह्याभ्यन्तरसन्निधानमित्यर्थः, कस्मिन् सम्यग्दर्शनं ?, आत्मसन्निधाने परसन्निधाने उभय सन्निधाने इति । आत्मसन्निधाने तावत् जीवे सम्यग्दर्शनं जीवे ज्ञानं जीवे चारित्रमित्येतदादि, बाह्यसन्निधाने जीवे सम्यग्दर्शनं नोजीवे सम्यग्दर्शनमिति यथोक्ता विकल्पाः, उभयसन्निधाने चाप्यभूताः सद्भूताश्च

---

૧. શુદ્ધ દર્શનમોહનીય કર્મરૂપ કાર્મણવર્ગણાના સ્વરૂપમાં પુદ્‌ગલ દ્રવ્ય સમજવું.
૨. (૧) જીવને જીવ નિશ્રાયે, (૨) જીવને બે અજીવ નિશ્રાયે (૩) જીવને ઘણાં જીવ નિશ્રાયે, (૪) જીવને પ્રતિમાજી આદિ એક અજીવની નિશ્રાયે, (૫) જીવને પ્રતિમાજી આદિ બે જીવની નિશ્રાયે અને (૬) જીવને પ્રતિમાજી આદિ ઘણાં અજીવની નિશ્રાયે-આ ઉભય સંયોગ ના છ વિકલ્પો હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथोक्ताः भङ्गविकल्पा इति ।

અર્થ- અધિકરણ (આધાર)[1] અધિકરણ ત્રણ પ્રકારે- (૧) આત્મસંનિધાનથી (આત્મામાં રહેવાવાળું), (૨) પરસંનિધાનથી, (૩) ઉભયસન્નિધાનથી કહેવા યોગ્ય છે. આત્મસંનિધાન એટલે અભ્યંતર સન્નિધાન. પરસન્નિધાન એટલે બાહ્યસન્નિધાન. ઉભયસન્નિધાન એટલે અભ્યંતર-બાહ્ય (બંને) સન્નિધાન. સમ્યગ્દર્શન કોનામાં હોય ? (શેમાં હોય ?) (જવાબ) આત્મસન્નિધાનમાં, પર સન્નિધાનમાં, ઉભય સન્નિધાનમાં (સમ્યગ્દર્શન) હોય. આત્મસન્નિધાનમાં તો જીવમાં સમ્યગ્દર્શન, જીવમાં (સ.) જ્ઞાન, જીવમાં (સ.) ચારિત્ર ઈત્યાદિ. બાહ્યસન્નિધાનમાં-જીવમાં સમ્યગ્દર્શન, અજીવમાં (નોજીવમાં) સમ્યગ્દર્શન વગેરે પૂર્વે કહેલા વિકલ્પો [સ્વામિત્વમાં પરસંયોગી માં જે કહ્યા છે તે] જાણવા. અને ઉભય સન્નિધાનમાં-અસંભવિત અને સંભવિત પૂર્વે કહેલા ભાંગાના વિકલ્પો [સ્વામિત્વમાં ઉભયસંયોગીમાં જે વિકલ્પો કહ્યા છે તે] જાણવા.

भाष्यम्- **स्थितिः**, सम्यग्दर्शनं कियन्तं कालम् ?, सम्यग्दृष्टिर्द्विविधा-सादिः सपर्यवसाना सादिरपर्यवसाना च, सादि सपर्यवसानमेव च सम्यग्दर्शनम्, तज्जघन्येनान्तर्मुहूर्तं, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, सम्यग्दृष्टिः सादिरपर्यवसाना, सयोगः शैलेशीप्राप्तश्च केवली सिद्धश्चेति ।

અર્થ- સ્થિતિ (કાળ)-સમ્યગ્દર્શન કેટલો કાળ રહે ? (જવાબ) સમ્યગદષ્ટિ બે પ્રકારના (૧) સાદિ સાંત અને (૨) સાદિ અનંત. સમ્યગ્દર્શન સાદિ સાંત જ છે. તે જઘન્યથી અંતમુહૂર્ત (અને) ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ (સ્થિતિવાળું) છે. (જયારે) સમ્યગ્દ્રષ્ટિ સાદિ અનંત (સ્થિતિવાળું) છે. સયોગી અને શૈલેષીપ્રાપ્ત કેવલી અને સિદ્ધ સમ્યગ્દ્રષ્ટિ છે.

भाष्यम्- **विधानं**, हेतुत्रैविध्यात् क्षयादित्रिविधं सम्यग्दर्शनम्, तदावरणीयस्य कर्मणो दर्शनमोहस्य च क्षयादिभ्यः, तद्यथा-क्षयसम्यग्दर्शनं उपशमसम्यग्दर्शनं क्षयोपशमसम्यग्दर्शनमिति, अत्र चौपशमिकक्षायोपशमिकक्षायिकाणां परतः परतो विशुद्धिप्रकर्षः ॥ किंचान्यत्– ॥७॥

અર્થ- વિધાન (ભેદ)- હેતુ ત્રણ હોવાથી ક્ષયાદિ ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન છે. તેને (સમ્યગ્દર્શન) આવરણ કરનારા કર્મ દર્શનમોહનીયના ક્ષયાદિકથી (પ્રાપ્ત થાય છે. ઉત્પન્ન થાય છે. /ત્રણ પ્રકારે છે). તે આ પ્રમાણે ક્ષયસમ્યગ્દર્શન, ઉપશમસમ્યગ્દર્શન અને ક્ષયોપશમસમ્યગ્દર્શન. તેમાં **(अत्र इति एषु)** ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકની (અનુક્રમે) પછી પછીની વિશુદ્ધિ વધારે[2] જાણવી. વળી બીજું ॥૭॥

---

૧. અધિકરણ અને સ્વામિત્વ સરખા જેવું જણાય છે પરંતુ બીજા પદાર્થ ઉપર ઘટાવતા ભિન્નપણું સ્પષ્ટ દેખાશે. જેમકે તિજોરીમાં રહેલા ધનનો માલિક વ્યક્તિ (ધનવાન) હોય છે, પણ તેનું (ધનનું) અધિકરણ તિજોરી ગણાય.

૨. ઔપશમિકની વિશુદ્ધિ ક્ષાયોપશમિક કરતા વધારે છે છતાં અહીં ક્ષાયોપશમિકની વધારે વિશુદ્ધિ કહી... તે કાળની અપેક્ષાએ. ઔપશમિક અંતમુહૂર્ત અને ક્ષાયોપશમિક સાધિક છાસઠ સાગરોપમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥१-८॥**

અર્થ- સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અન્તર, ભાવ અને અલ્પબહુત્વ [વડે જીવાદિ તત્ત્વોનું જ્ઞાન-બોધ થાય છે.]

भाष्यम्- सत् संख्या क्षेत्रं स्पर्शनं कालः अन्तरं भावः अल्पबहुत्वमित्येतैश्च सद्भूतपदप्ररूपणादिभिरष्टाभिरनुयोगद्वारैः सर्वभावानां विकल्पशो विस्तराधिगमो भवति, कथमिति चेद्, उच्यते,- **सत्**, सम्यग्दर्शनं किमस्ति नास्ति?, अस्तीत्युच्यते क्वास्तीति चेदुच्यते-अजीवेषु तावन्नास्ति, जीवेषु तु भाज्यं, तद्यथा-गतीन्द्रियकाययोगकषायवेदलेश्यासम्यक्त्वज्ञानदर्शनचारित्राहारोपयोगेषु त्रयोदशस्वनुयोगद्वारेषु यथासम्भवं सद्भूतप्ररूपणा कर्तव्या ।

અર્થ- સત્ (હોવાપણું), સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અન્તર, ભાવ અને અલ્પ-બહુત્વ-એ પ્રમાણે (આઠ) સદ્ભૂતપદપ્રરૂપણાદિ અનુયોગદ્વાર વડે સર્વ ભાવોનો વિસ્તારપૂર્વક અધિગમ (બોધ) થાય છે. શી રીતે ?... તો કહે છે... સત્ (હોવાપણું) શું સમ્યગ્દર્શન છે કે નહિ ? 'છે' એમ કહો છો તો કયાં છે ? જવાબ આપે છે. અજીવમાં તો નથી અને જીવમાં વિકલ્પે છે. તે આ રીતે, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, કષાય, વેદ, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આહાર અને ઉપયોગ આ તેર અનુયોગદ્વાર માં જે પ્રમાણે સંભવ હોય તે પ્રમાણે સદ્ભૂત પ્રરૂપણા કરવી (વિચારવી).

भाष्यम्- **संख्या**, कियतसम्यग्दर्शनं ?, किं संख्येयमसंख्येयमनन्तमिति ?, उच्यते, असंख्येयानि सम्यगदर्शनानि, सम्यग्दृष्टयस्त्वनन्ताः ।

અર્થ- સમ્યગ્દર્શન કેટલા છે ? શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે ? (જવાબ) કહેવાય છે સમ્યગ્દર્શનો અસંખ્ય છે. (અને) સમ્યગ્દ્રષ્ટિઓ તો અનન્તા છે.

भाष्यम्- **क्षेत्रम्**, सम्यग्दर्शनं कियति क्षेत्रे ?, लोकस्यासंख्येयभागे ।

અર્થ- ક્ષેત્ર-સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં છે ? (કેટલા ભાગમાં છે ?) (જવાબ) સમ્યગ્દર્શન લોકના અસંખ્યાતમાં ભાગે છે.

भाष्यम्- **स्पर्शनम्**, सम्यग्दर्शनिन किं स्पृष्टम् ?, लोकस्यासंख्येयभागः, अष्टौ चतुर्दशभागादेशोनाः सम्यग्दृष्टिना तु सर्वलोक इति । अत्राह-सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः कः प्रतिविशेष इति, उच्यते, अपायसदद्रव्यतया सम्यग्दर्शनम्, अपायः आभिनिबोधिकं, तद्योगात्सम्यग्दर्शनं, तत् केवलिनो नास्ति, तस्मात् न केवली सम्यग्दर्शनी, सम्यग्दृष्टिस्तु भवति ।

અર્થ- સ્પર્શન-સમ્યગ્દર્શન વડે કેટલું (ક્ષેત્ર) સ્પર્શાયેલું છે ? (જવાબ) લોકનો અસંખ્યાતમો ભાગ-કાંઈક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉણા ૮/૧૪ ભાગને. સમ્યગ્દષ્ટિ વડે તો સર્વલોક[1]. અહીં જિજ્ઞાસુ પ્રશ્ન પૂછે કે-સમ્યગ્દ્રષ્ટિ અને સમ્યગ્દર્શનીમાં શો ફરક ? કહેવાય છે-અપાય અને સદ્દ્રવ્યતા[2] તે સમ્યગ્દર્શન છે. અપાય એટલે આભિનિબોધિક (મતિજ્ઞાન) તે મતિજ્ઞાન યોગથી થતું (જે દર્શન) તે સમ્યગ્દર્શન કેવલિભગ. ને ન હોય. તેથી કેવલી ભગ. સમ્યગ્દર્શની નથી પણ સમ્યગ્દષ્ટિ છે.

भाष्यम्- **कालः**, सम्यग्दर्शनं कियन्तं कालमिति, अत्रोच्यते, तद् एकजीवेन नानाजीवैश्च परीक्ष्यं, तद्यथा-एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तं, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, नानाजीवान् प्रति सर्वाद्धा ।

અર્થ- કાળ-સમ્યગદર્શન કેટલો કાળ રહે ? ઉત્તર આપે છે-તે વિશે (સમ્યગ્દર્શન વિશે) એક જીવ અને અનેક જીવને આશ્રયી વિચારવું જોઈએ. તે આ પ્રમાણે-એક જીવ પ્રતિ જઘન્યથી અંતર્મુહૂર્ત (અને) ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ. અનેક જીવ પ્રતિ (વિચારીએ તો) સર્વકાળ (સદાકાળ).

भाष्यम्- **अन्तरम्**, सम्यग्दर्शनस्य को विरहकालः ?, एकं जीवं प्रति जघन्येनान्तमुहूर्तं, उत्कृष्टेन उपार्धपुद्गलपरिवर्तः, नानाजीवान् प्रति नास्त्यन्तरम् ।

અર્થ- **અન્તર** (વિરહકાળ = એક વાર સમ્યક્ત્વ પામ્યા પછી બીજીવાર સમ્યકત્વ પામે તે બે વચ્ચેનું અંતર) સમ્યગ્દર્શનનો વિરહકાળ શું (કેટલો) છે ? (જવાબ) એક જીવ પ્રતિ (વિચારીએ તો) જઘન્યથી અંતર્મુહૂર્ત (અને) ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્ગલ પરાવર્ત. અનેક જીવ પ્રતિ (વિચારીએ તો) વિરહકાળ (અન્તર) નથી.

भाष्यम्- **भावः**, सम्यग्दर्शनमौपशमिकादीनां भावानां कतमो भावः ?, उच्यते, औदयिक-पारिणामिकवर्जं त्रिषु भावेषु भवति ।

અર્થ- **ભાવ**-સમ્યગ્દર્શન ઔપશમિકાદિ કેટલા ભાવોમાં છે ? (ઉત્તરકાર) કહેવાય છે. ઔદયિક અને પારિણામિક સિવાય ત્રણ ભાવોમાં (સમ્યગ્દર્શન) છે.

भाष्यम्- **अल्पबहुत्वम्**, अत्राह-सम्यग्दर्शनानां त्रिषु भावेषु वर्तमानानां किं तुल्यसंख्य-त्वमाहोस्विदल्पबहुत्वमस्तीति, उच्यते,

અર્થ- **અલ્પબહુત્વ**-અહીં પૂછે છે કે શું ત્રણે ભાવોમાં વર્તતા સમ્યગ્દર્શનીનું સરખાપણું છે કે ઓછાવત્તાપણું છે ? ઉત્તર અપાય છે...

भाष्यम्- सर्वस्तोकमौपशमिकं, ततः क्षायिकमसंख्येयगुणं, ततोऽपि क्षायोपशमिकमसंख्येयगुणं, सम्यग्दृष्टयस्त्वनन्तगुणा इति । एवं सर्वभावानां नामादिभिर्न्यासं कृत्वा प्रमाणादिभिरभिगमः कार्यः ।

---

૧. કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ.

૨. સદ્દ્રવ્યતા એટલે શુદ્ધ દર્શન મોહનીયકર્મના દલિક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उक्तं सम्यग्दर्शनम्, ज्ञानं वक्ष्यामः ॥८॥
અર્થ- સૌથી ઓછા ઔપશમિક (સમ્યગ્દર્શની) છે. તેનાથી અસંખ્યગુણા ક્ષાયિક[1] છે. તેનાથી પણ અસંખ્યગુણા ક્ષાયોપશમિક છે. (જ્યારે) સમ્યગ્દ્રષ્ટિઓ તો અનંતગુણા છે. આ પ્રમાણે સર્વ ભાવોનો નામાદિ ન્યાસ કરીને પ્રમાણાદિથી અભિગમ કરવો... સમ્યગ્દર્શન કહ્યું, (હવે) જ્ઞાન કહીશું... ॥૮॥

## सूत्रम्- मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥१-९॥

અર્થ- મતિ-શ્રુત-અવધિ-મન:પર્યવ-કેવળ એ પાંચેય જ્ઞાન છે.

भाष्यम्- मतिज्ञानं, श्रुतज्ञानं, अवधिज्ञानं, मनःपर्यायज्ञानं, केवलज्ञानमित्येतत् मूलविधानतः पञ्चविधं ज्ञानं, प्रभेदास्त्वस्य पुरस्ताद्वक्ष्यन्ते ॥९॥
અર્થ- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન- આ પ્રમાણે મૂળભેદની અપેક્ષાએ આ પાંચ જ (**इति = इयतामेव**) જ્ઞાન છે. આ જ્ઞાનના ઉત્તરભેદો (પ્રભેદ) આગળ કહેવાશે. ॥૯॥

## सूत्रम्- तत्प्रमाणे ॥१-१०॥

અર્થ- તે મત્યાદિજ્ઞાન બે પ્રમાણ સ્વરૂપ છે.

भाष्यम्- तदेतत्पञ्चविधमपि ज्ञानं द्वे प्रमाणे भवतः, परोक्षं प्रत्यक्षं च ॥१०॥
અર્થ- તે પાંચ પ્રકારનું જ્ઞાન બે પ્રમાણ સ્વરૂપ છે. (૧) પરોક્ષ અને (૨) પ્રત્યક્ષ. ॥૧૦॥

## सूत्रम्- आद्ये परोक्षम् ॥१-११॥

અર્થ- પ્રથમના બે (સૂત્ર નં ૯ ના ક્રમાનુસાર મતિ-શ્રુતજ્ઞાન) જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.

भाष्यम्- आदौ भवमाद्यं, आद्ये सूत्रक्रमप्रामाण्यात् प्रथमद्वितीये शास्ति, तदेवमाद्ये मतिज्ञानश्रुतज्ञाने परोक्षं प्रमाणं भवतः, कुतः?, निमित्तापेक्षत्वात्, अपायसद्द्रव्यतया मतिज्ञानं, तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति वक्ष्यते, तत्पूर्वकत्वात्परोपदेशजत्वाच्च श्रुतज्ञानम् ॥११॥
અર્થ- આદિમાં રહેલું હોય તે આદ્ય કહેવાય. સૂત્રક્રમાનુસાર પહેલા અને બીજા જ્ઞાનનું કથન કરેલું છે. તે આદિના બે આ પ્રમાણે- (૧) મતિજ્ઞાન અને (૨) શ્રુતજ્ઞાન એ બે પરોક્ષ પ્રમાણ છે. તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન કેમ (શાથી) છે ? (જવાબ) નિમિતની અપેક્ષા હોવાથી અપાય અને સદ્દ્રવ્યવડે તે મતિજ્ઞાન પરોક્ષ છે. તે (મતિજ્ઞાન) ઈન્દ્રિય અને અનિન્દ્રિય (મન) થી થાય છે. તે આગળ કહેવાશે. શ્રુતજ્ઞાન- તે (મતિજ્ઞાન) પૂર્વકનું હોવાથી તેમજ પરોપદેશથી ઉત્પન્ન થતું હોવાથી (પરોક્ષ) છે. ॥૧૧॥

---

૧. અપાય (મતિજ્ઞાન) સહિતવાળા સમજવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- प्रत्यक्षमन्यत् ॥१-१२॥

અર્થ- અન્ય ત્રણ જ્ઞાન [અવધિ-મન:પર્યવ, કેવળ] પ્રત્યક્ષ પ્રમાણ છે.

भाष्यम्- मतिश्रुताभ्यां यदन्यत् त्रिविधं ज्ञानं तत्प्रत्यक्षं प्रमाणं भवति । कुतः ?, अतीन्द्रियत्वात्, प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानि, अत्राह-इह अवधारितं "द्वे एव प्रमाणे प्रत्यक्षपरोक्षे" इति, अनुमानोपमानागमार्थापत्तिसम्भवाभावानपि च प्रमाणानीति केचिन्मन्यन्ते तत्कथमेतदिति, अत्रोच्यते,

અર્થ- મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પછીના જે બીજા ત્રણ પ્રકારના જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ છે. (પ્રશ્ન) શાથી ? (ઉત્તર) ઈન્દ્રયોની મદદવિના [આત્મપ્રત્યક્ષ] થતું હોવાથી [પ્રત્યક્ષપ્રમાણ છે] જેના દ્વારા પદાર્થો જાણીશકાય તે પ્રમાણ કહેવાય છે. અહીં શંકાકાર શંકા કરે છે કે અહીં પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે જ પ્રમાણનું અવધારણ કરવામાં આવ્યું છે. પરન્તુ અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, સમ્ભવ, અભાવ (વગેરે) એ પણ પ્રમાણો છે, એવું કેટલાક માને છે. તો તે કેવી રીતે ઘટી શકે ? આનું સમધાન આ રીતે કરવામાં આવે છે કે...

भाष्यम्- सर्वाण्येतानि मतिश्रुतयोरन्तर्भूतानि, इन्द्रियार्थसन्निकर्षनिमित्तत्वात्, किंचान्यत्- अप्रमाणान्येव वा, कुतः ?, मिथ्यादर्शनपरिग्रहाद्विपरीतोपदेशाच्च ।

અર્થ- આ બધા (અનુમાનાદિ) મતિશ્રુતમાં (પરોક્ષમાં) અંતર્ભૂત થઈ જાય છે. કારણકે ઈન્દ્રિય અને પદાર્થનો સંબન્ધ નિમિત્તભૂત હોવાથી [પરોક્ષમાં અંતર્ભૂત થઈ ગયા કહેવાય]. અથવા તે અપ્રમાણો જ જાણવા. (પ્રશ્ન) શાથી ? (જવાબ) મિથ્યાદર્શનીએ ગ્રહણ કરેલા હોવાથી અને વિપરીત ઉપદેશ (પ્રરૂપણા)વાળા હોવાથી (અપ્રમાણ છે).

भाष्यम्- मिथ्यादृष्टेर्हि मतिश्रुतावधयो नियतमज्ञानमेवेति वक्ष्यते, नयवादान्तरेण तु यथा मतिश्रुतविकल्पजानि भवन्ति पुरस्ताद्वक्ष्यामः ॥१२॥ अत्राह-उक्तं भवता मत्यादीनि ज्ञानानि उद्दिश्य तानि विधानतो लक्षणतश्च पुरस्ताद् विस्तरेण वक्ष्याम इति, तदुच्यतामिति, अत्रोच्यते-

અર્થ- ખરેખર ! મિથ્યાદ્રષ્ટિનું મતિ-શ્રુત-અવધિજ્ઞાન નિશ્ચે અજ્ઞાન જ છે. એમ આગળ (સૂ. ૧-૩૨ માં) કહેવાશે. નયવાદના ભેદોની અપેક્ષાએ (તે પ્રમાણો) જે રીતે મતિ-શ્રુતજ્ઞાનના વિકલ્પો ઉત્પન્ન થાય છે તે રીતે આગળ (સૂ. ૧-૩૫ માં) કહીશું. ॥૧૨॥ અહીં જિજ્ઞાસુ કહે છે કે 'તમે કહ્યું હતું કે મતિ આદિ જ્ઞાનો કહીને તેનાં ભેદ અને લક્ષણ આગળ (પછી) વિસ્તારપૂર્વક કહીશું'. તો તે કહો. (ઉત્તરકાર) કહેવાય છે અહીં.

## सूत्रम्- मतिः स्मृतिः संज्ञा चिन्ताऽऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥१-१३॥

અર્થ- મતિ, સ્મૃતિ, સંજ્ઞા,ચિન્તા, આભિનિબોધ તે પર્યાયવાચી શબ્દો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- मतिज्ञानं स्मृतिज्ञानं संज्ञाज्ञानं चिन्ताज्ञानं आभिनिबोधिकज्ञानमित्यनर्थान्तरम् ॥१३॥
અર્થ- મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, સંજ્ઞાજ્ઞાન, ચિન્તાજ્ઞાન, આભિનિબોધિકજ્ઞાન તે પર્યાયવાચી છે [અર્થાત્ આ શબ્દોના અર્થમાં કોઈ ભેદ નથી]॥૧૩॥

**सूत्रम्- तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥१-१४॥**

અર્થ- તે મતિજ્ઞાન ઈન્દ્રિય નિમિત્તક અને અનિન્દ્રિય નિમિત્તક છે.

भाष्यम्- तदेतद्-एतन्मतिज्ञानं द्विविधं भवति-इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च ।
અર્થ- તે મતિજ્ઞાન બે પ્રકારે છે. ઈન્દ્રિયનિમિત્તક મતિજ્ઞાન અને અનિન્દ્રિયનિમિત્તક મતિજ્ઞાન.

भाष्यम्- तत्रेन्द्रियनिमित्तं स्पर्शनादीनां पञ्चानां स्पर्शादिषु पञ्चस्वेव स्वविषयेषु, अनिन्द्रियनिमित्तं मनोवृत्तिरोघज्ञानं च ॥१४॥
અર્થ- તેમાં ઈન્દ્રિયનિમિત્તક-તે સ્પર્શાદિ પાંચેય ઈન્દ્રિયોનો પોતપોતાના સ્પર્શાદિ પાંચેય વિષયોમાં પ્રવૃત્ત થવાથી થતો બોધ તે ઈન્દ્રિયનિમિત્તક, અનિન્દ્રિયનિમિત્તક-મનોવૃત્ત અને ઓઘજ્ઞાન[1] છે. ॥૧૪॥

**सूत्रम्- अवग्रहेहापायधारणाः ॥१-१५॥**

અર્થ- અવગ્રહ-ઈહા-અપાય-ધારણા આ ચાર ભેદ મતિજ્ઞાનના છે.

भाष्यम्- तदेतन्मतिज्ञानमुभयनिमित्तमप्येकशश्चतुर्विधं भवति, तद्यथा—अवग्रह ईहा अपायो धारणा चेति ।
અર્થ- ઈન્દ્રિયનિમિત્તક અને અનિન્દ્રિયનિમિત્તક મતિજ્ઞાનમાં પ્રત્યેકના ચાર પ્રકાર થાય છે. તે આ પ્રમાણે- (૧) અવગ્રહ (૨) ઈહા (૩) અપાય અને (૪) ધારણા.

भाष्यम्- तत्राव्यक्तं यथास्वमिन्द्रियैर्विषयाणामालोचनावधारणमवग्रहः, अवग्रहोग्रहो ग्रहणमालोचनमवधारणमित्यनर्थान्तरम् ।
અર્થ- તેમાં (અવગ્રહમાં) પોતપોતાના વિષયોનો ઈન્દ્રિયો વડે થતો અસ્પષ્ટ બોધ (આલોચન)-અવધારણ તે અવગ્રહ. અવગ્રહ, ગ્રહણ, આલોચન, અવધારણ તેપર્યાયવાચી (શબ્દો) છે.

भाष्यम्- अवगृहीतम् विषयार्थैकदेशाच्छेषानुगमनं निश्चयविशेषजिज्ञासा ईहा, ईहा ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासेत्यनर्थान्तरम् ।

---

૧. જેમ વેલાઓ બીજી બધી જગ્યા છોડીને ઉંચે નેવા વગેરે તરફ લંબાઈને વધે છે. તે મોઘમ-મુંગી જ્ઞાન શક્તિ છે. તે ઓઘજ્ઞાન જાણવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- અવગ્રહ થયા પછી વિષયરૂપ પદાર્થના એક અંશથી બાકી રહેલા અંશો તરફ જવું (વધવું) અથવા ચોક્કસ નિર્ણય જાણવાની ઈચ્છા ?ફ પ્રવૃત્તિ તે ઈહા. ઈહા, ઊહા, તર્ક, પરીક્ષા, વિચારણા, જિજ્ઞાસા તે પર્યાયવાચી (શબ્દો) છે.

भाष्यम्- अवगृहीते विषये सम्यगसम्यगिति गुणदोषविचारणाध्यवसायापनोदोऽपायः, अपायोऽपगमः अपनोदः अपव्याधः अपेतमपगतमपविद्धमपनुत्तमित्यनर्थान्तरम् ।
અર્થ- અવગ્રહિત થયેલા વિષયમાં (આ) સમ્યગ્ છે કે અસમ્યગ્ એમ ગુણદોષની વિચારણા પૂર્વક ચિત્તમાં કરેલો અપનોદ (એ જ પ્રમાણે છે એમ નિર્ણય) તે અપાય. અપાય, અપગમ, અપનોદ, અપવ્યાધ, અપેત, અપગત, અપવિદ્ધ, અપનુત્ત એ પર્યાયવાચી છે.

भाष्यम्- धारणा प्रतिपत्तिर्यथास्वं मत्यवस्थानमवधारणं च, धारणा प्रतिपत्तिरवधारणमवस्थानं निश्चयोऽवगमः अवबोध इत्यनर्थान्तरम् ॥१५॥
અર્થ- ધારણા[1]- ગ્રહણ કરેલા પોતપોતાના વિષયને નાશ ન થવા દેતા મતિમાં (બુદ્ધિમાં) સ્થિર કરવું અને યાદ રાખવું તે ધારણા. ધારણા, પ્રતિપ્રત્તિ (અનાશી), અવધારણ, અવસ્થાન, નિશ્ચય, અવગમ, અવબોધ એ પર્યાયવાચી (શબ્દો) છે. ॥૧૫॥

### सूत्रम्- बहुबहुविधक्षिप्राऽनिश्रिताऽसन्दिग्धध्रुवाणां सेतराणाम् ॥१-१६॥

અર્થ- બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત (ચિહ્ન વિના), અસંદિગ્ધ, ધ્રુવ આ છ ભેદ પ્રતિપક્ષસહિત (કુલ ૧૨ ભેદ) અવગ્રહાદિકના છે.

भाष्यम्- अवग्रहादयश्चत्वारो मतिज्ञानविभागा एषां बह्वादीनामर्थानां सेतराणां भवन्त्येकशः सेतराणामिति सप्रतिपक्षाणामित्यर्थः ।
અર્થ- પોતપોતાના વિરોધિ પ્રકારો સહિત આ બહુઆદિ અર્થોના = મતિજ્ઞાનના અવગ્રહાદિ ચારેય વિભાગો પર્વર્તે છે. -**सेतराणाम्** એટલે 'પ્રતિપક્ષસહિત' એમ જાણવું.

भाष्यम्- बह्ववगृह्णाति अल्पमवगृह्णाति बहुविधमवगृह्णाति एकविधमवगृह्णाति क्षिप्रमवगृह्णाति चिरेणावगृह्णाति अनिश्रितमवगृह्णाति निश्रितमवगृह्णाति संदिग्धमवगृह्णाति असंदिग्धमवगृह्णाति ध्रुवमवगृह्णाति अध्रुवमवगृह्णाति, इत्येवमीहादीनामपि विद्यात् ॥१६॥
અર્થ- બહુ અવગ્રહ કરે, અલ્પ અવગ્રહ કરે, બહુ પ્રકારે અવગ્રહ કરે, એક પ્રકારે અવગ્રહ કરે, ઝડપી

---

૧. ધારણા ત્રણ પ્રકારે છે.
(૧) અવિચ્યુતિ ધારણા- અપાય થયા પછી અંતર્મુહૂર્ત સુધી એમને એમ ઉપયોગ તે જ વિષયનો ચાલુ રહે છે. વિચ્યુત થતો નથી.
(૨) વાસના ધારણા- ક્ષયોપશમરૂપે સંખ્યાતા અસંખ્યાતા ભવસુધી રહે છે તે.
(૩) સ્મૃતિ ધારણા- જાતિ સ્મરણઆદિ રૂપે પાછુ યાદ આવે છે તે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવગ્રહ કરે, લાંબાકાળે અવગ્રહ કરે, ચિહ્ન (નિશાની) થી અવગ્રહ કરે, ચિહ્ન વિના અવગ્રહ કરે, શંકિત અવગ્રહ કરે, ચોક્કસ અવગ્રહ કરે, સ્થિર (લાંબોવખત ટકે તેવો) અવગ્રહ કરે, અસ્થિર (લાંબોવખત ન ટકે તેવો) અવગ્રહ કરે, આ પ્રમાણે ઈહા આદિના પણ ભેદો જાણવા. ॥૧૬॥

## सूत्रम्- अर्थस्य ॥१-१७॥

અર્થ- મતિજ્ઞાનના ચારેય ભેદો અર્થને = પદાર્થને ગ્રહણ કરનારા થાય છે.

**भाष्यम्- अवग्रहादयो मतिज्ञानविकल्पा अर्थस्य भवन्ति ॥१७॥**

અર્થ- અવગ્રહાદિ મતિજ્ઞાનના ભેદો અર્થના (અર્થના વિષયમાં) થાય છે. ॥૧૭॥

## सूत्रम्- व्यञ्जनस्यावग्रहः ॥१-१८॥

અર્થ- વ્યંજનનો (તો) અવગ્રહ જ થાય છે.

**भाष्यम्- व्यञ्जनस्यावग्रह एव भवति, नेहादयः, एवं द्विविधोऽवग्रहो (द्वैविध्यं) व्यञ्जनस्य अर्थस्य च, ईहादयस्त्वर्थस्यैव ॥१८॥**

અર્થ- વ્યંજનનો અવગ્રહ જ થાય છે પણ ઈહાદિ નથી હોતા. એ પ્રમાણે અવગ્રહ બે પ્રકારે (૧) વ્યંજનનો અવગ્રહ અને (૨) અર્થનો અવગ્રહ. ઈહાદિ તો અર્થના જ છે. (વ્યંજનના નથી) (ઈન્દ્રિય સાથે પદાર્થનું જોડાણ તે વ્યંજન કહેવાય.) ॥૧૮॥

## सूत्रम्- न चक्षुरनिन्द्रियाभ्याम् ॥१-१९॥

અર્થ- ચક્ષુ અને મન વડે વ્યંજનાવગ્રહ ન થાય.

**भाष्यम्- चक्षुषा नोइन्द्रियेण च व्यञ्जनावग्रहो न भवति, चतुर्भिरिन्द्रियैः शेषैर्भवतीत्यर्थः, एवमेतन्मतिज्ञानं द्विविधं चतुर्विधं अष्टाविंशतिविधं अष्टषष्ट्युत्तरशतविधं षट्त्रिंशस्त्रिशतविधं च भवति ॥१९॥**

અર્થ- ચક્ષુ વડે અને મન વડે વ્યંજનાવગ્રહ નથી થતો. બાકીની ચાર ઈન્દ્રિયોવડે વ્યંજનાવગ્રહ થાય છે. એ પ્રમાણે આ મતિજ્ઞાન બે પ્રકારે, ચાર પ્રકારે, અઠ્ઠાવીસપ્રકારે, એકસો અડસઠ પ્રકારે અને ત્રણસોને છત્રીસ પ્રકારે થાય છે.[1] ॥૧૯॥

---

૧. ૨ પ્રકારે-ઈન્દ્રિય, અનિન્દ્રિય. ૪ પ્રકારે (૧) અવગ્રહ (૨) ઈહા (૩) અપાય અને (૪) ધારણા. ૨૮ પ્રકારે- ૪ (ઈન્દ્રિય) X ૫ (વ્યજંનાવગ્રહાદિ) = ૨૦ + ૮ (૨ ઈન્દ્રિય X ૪ અર્થાવગ્રહાદિ = ૮) = ૨૮. ૧૬૮ - ૨૮ X ૬ (બહુબહુવિધાદિ ઈતર રહિત) = ૧૬૮
૩૩૬ - ૨૮ X ૧૨ (બહુબહુવિધાદિ ઈતર સહિત) = ૩૩૬, ૩૩૬ માં ૪ બુદ્ધિના (વૈનયિકી, પારિણામિકી, ઔપપાતિકી, કાર્મણીકી) ઉમેરતાં ૩૪૦ પણ થઈ શકે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह- गृह्णीमस्तावन्मतिज्ञानम् । अथ श्रुतज्ञानं किमिति अत्रोच्यते-
અર્થ- અહીં જિજ્ઞાસુ કહે છે કે મતિજ્ઞાન તો કહ્યું હવે શ્રુતજ્ઞાન શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે.

## सूत्रम्- श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥१-२०॥

અર્થ- શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે. તે શ્રુતજ્ઞાન બે પ્રકારે છે. (૧) અનેક ભેદવાળુ અને (૨) બારભેદ વાળુ.

भाष्यम्- श्रुतज्ञानं मतिज्ञानपूर्वकं भवति, श्रुतमाप्तवचनमागम उपदेश ऐतिह्यमाम्नायः प्रवचनं जिनवचनमित्यनर्थान्तरम् ।
અર્થ- શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે. શ્રુત, આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્ય (**वृद्धाःस्मरन्ति इति ऐतिहय** = વૃદ્ધવચન = ઐતિહાસિક), આમ્નાય, પ્રવચન, જિનવચન આ પર્યાયવાચી શબ્દો છે.

भाष्यम्- तद्द्विविधम् अङ्गबाह्यमङ्गप्रविष्टं च, तत्पुनरनेकविधं द्वादशविधं च यथासङ्ख्यम् । अङ्गबाह्यमनेकविधम्, तद्यथा-सामायिकं चतुर्विंशतिस्तवो वन्दनं प्रतिक्रमणं कायव्युत्सर्गः प्रत्याख्यानं दशवैकालिकं उत्तराध्यायाः दशाः कल्पव्यवहारौ निशीथमृषिभाषितानीत्येवमादि ।
અર્થ- તે (શ્રુતજ્ઞાન) બે પ્રકારે છે (૧) અંગબાહ્ય અને (૨) અંગપ્રવિષ્ટ. વળી તે અનુક્રમે-અનેક પ્રકારે અને બારપ્રકારે છે. (એટલે અંગબાહ્ય અનેક પ્રકારે અને અંગપ્રવિષ્ટ બાર પ્રકારે છે.) તેમાં અંગબાહ્ય-અનેક પ્રકારે છે.

તે આ રીતે- સામાયિક[૧], ચઉવિસત્થો, વંદન, પ્રતિક્રમણ, કાયવ્યુત્સર્ગ (કાઉસગ્ગ), પચ્ચક્ખાણ, દશવૈકાલિક, ઉત્તર અધ્યાયો (ઉત્તરાધ્યયન), દશા, કલ્પ અને વ્યવહાર, નિશીથ, ઋષિભાષિત ઈત્યાદિ.

भाष्यम्- अङ्गप्रविष्टं द्वादशविधम्, तद्यथा-आचारः सूत्रकृतं स्थानं समवायः व्याख्याप्रज्ञप्तिः ज्ञातधर्मकथा उपासकाध्ययनदशाः अन्तकृद्दशाः अनुत्तरौपपातिकदशाः प्रश्नव्याकरणं विपाकसूत्रं दृष्टिपात इति ॥ अत्राह-मतिज्ञानश्रुतज्ञानयोः कः प्रतिविशेष इति ?, अत्रोच्यते-
અર્થ- અંગપ્રવિષ્ટ બારપ્રકારે છે. તે આ રીતે આચારાંગ, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, જ્ઞાતધર્મકથા, ઉપાસકઅધ્યયનદશા, અંતકૃતદશા, અનુત્તરઉપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર, દષ્ટિવાદ.

અહીં જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં શો ફરક છે ? (ઉત્તરકાર) કહેવાય છે.

---

૧. સામાયિક એ દ્વાદશાંગીનુ મૂળ છે. જેથી અંગપ્રવિષ્ટ છે. પરંતુ બાળ-મધ્યમ અને બુધ જીવો માટે અંગબાહ્ય તરીકેની વ્યવસ્થા પણ કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- उत्पन्नाविनष्टार्थग्राहकं साम्प्रतकालविषयं मतिज्ञानं, श्रुतज्ञानं तु त्रिकालविषयं उत्पन्नविनष्टानुत्पन्नार्थग्राहकम् इति । अत्राह-गृह्णीमो मतिश्रुतयोर्नानात्वम्, अथ श्रुतज्ञानस्य द्विविधमनेकद्वादशविधमिति किंकृतः प्रतिविशेष इति ?, अत्रोच्यते-

અર્થ- ઉત્પન્ન થઈ નાશ ન પામ્યા હોય તેવા પદાર્થને ગ્રહણ કરનાર વર્તમાનકાળ વિષયક જ્ઞાન તે મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાન તો ત્રણેય કાળના વિષયવાળું છે. ઉત્પન્ન થયેલા, નાશ થયેલા કે ન ઉત્પન્ન થયેલા (દરેક) પદાર્થને ગ્રહણ કરનારું (જાણનારું) છે.

અહીં જિજ્ઞાસું કહે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું જુદાપણું જાણી લીધું (પરન્તુ) હવે શ્રુતજ્ઞાનના બે પ્રકાર (૧) અનેકભેદ અને (૨) બારભેદ. એમ શા માટે ફરક છે ? (ઉત્તરકાર) કહેવાય છે.

भाष्यम्- वक्तृविशेषाद्द्वैविध्यम्, यद्भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिः तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थकरनामकर्मणोऽनुभावादुक्तं भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसंपन्नैर्गणधरैर्दृब्धं तदङ्गप्रविष्टम्, गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्टवाङ्मतिबुद्धिशक्तिभिराचार्यैः कालसंहननायुर्दोषादल्पशक्तीनां शिष्याणामनुग्रहाय यत्प्रोक्तं तदङ्गबाह्यमिति ।

અર્થ- વકતાવિશેષેકરીને શ્રુતજ્ઞાનના બે પ્રકાર કહ્યા છે. સર્વજ્ઞ સર્વદર્શી પરમર્ષિ અરિહંત ભગવંતોએ તીર્થંકરપણાના સ્વભાવથી પરમશુભ અને તીર્થસ્થાપનાના ફળ સ્વરૂપ તીર્થંકરનામકર્મના પ્રભાવથી જે કહ્યું અને તેને અતિશયવાળા તથા ઉત્તમ અતિશયવાળી વાણીવાળા અને બુદ્ધિશાળી ભગવાનના શિષ્યો ગણધરોએ જે ગુંથેલું તે અંગપ્રવિષ્ટ છે. ગણધર ભગવંતો પછી થયેલા અત્યન્ત વિશુદ્ધ આગમના જાણનારા પરમપ્રકૃષ્ટવાણી-મતિ અને શક્તિધારી આચાર્યોએ કાળ-સંઘયણ-આયુષ્યના દોષથી અલ્પશક્તિવાળા શિષ્યોના અનુગ્રહ (ઉપકાર) માટે જે કહ્યું તે અંગબાહ્ય.

भाष्यम्- सर्वज्ञप्रणीतत्वादानन्त्याच्च ज्ञेयस्य श्रुतज्ञानं मतिज्ञानान्महाविषयम्, तस्य च महाविषयत्वात् तांस्तानर्थानधिकृत्य प्रकरणसमाप्त्यपेक्षमङ्गोपाङ्गनानात्वम् । किं चान्यत्सुखग्रहणविज्ञानापोहप्रयोगार्थं च ।

અર્થ- શ્રુતજ્ઞાન સર્વજ્ઞપ્રણીત હોવાથી અને જ્ઞેયનું અનન્તપણું હોવાથી મતિજ્ઞાન કરતાં મહાવિષયવાળું (મોટું) છે. તેનો (શ્રુતજ્ઞાનનો) બહોળો વિષય હોવાથી તે તે પદાર્થો (જીવાદિને) આશ્રયી પ્રકરણ સમાપ્તિની અપેક્ષાએ અંગ-ઉપાંગ એમ ભિન્ન ભિન્ન ભેદ પાડ્યા છે. વળી બીજું, (તે શિષ્યો) સુખેકરી (અનાયાસે) ગ્રહણ કરી શકે, જાણી શકે, નિર્ણય કરી શકે અને ઉપયોગ કરી શકે, (અંગ-અનંગ પ્રવિષ્ટનો) તે માટે (ભિન્ન ભિન્ન ભેદ પાડ્યા છે).

भाष्यम्- अन्यथा ह्यनिबद्धमङ्गोपाङ्गशः समुद्रप्रतरणवद्दुरध्यवसेयं (सानं) स्यात्, एतेन पूर्वाणि वस्तूनि प्राभृतानि प्राभृतप्राभृतानि अध्ययनान्युद्देशाश्च व्याख्याताः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- જો અંગોપાંગની રચના ન હોત તો સમુદ્ર તરવાની જેમ જ્ઞાન દુઃસાધ્ય (સમજવું મુશ્કેલ) થાત. અંગોપાંગના કારણે પૂર્વો, વસ્તુઓ (પૂર્વનો જ અંશ), પ્રાભૃતો (વસ્તુથી અલ્પ = ટૂંકુ તે પ્રાભૃત) પ્રાભૃત પ્રાભૃત (પ્રાભૃત કરતા પણ અલ્પ), અધ્યયનો (તે પ્રાભૃતપ્રાભૃત કરતા પણ અલ્પ), ઉદ્દેશાઓ (તે અધ્યયનો કરતા પણ અલ્પ) તેનું વ્યાખ્યાન થઈ ગયું એમ સમજવું.

भाष्यम्- अत्राह-मतिश्रुतयोस्तुल्यविषयत्वं वक्ष्यति 'द्रव्येष्वसर्वपर्यायेष्वि' ति, तस्मादेकत्वमेवास्त्विति, अत्रोच्यते-
અર્થ- અહીં પ્રશ્નકાર કહે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું વિષયપણું સરખું છે. એમ સૂત્ર- ૧-૨૭ **'द्रव्येष्वसर्वपयायेषु'** માં કહેવાના છો.. તેથી બંને એક જ છે ? ઉત્તરકાર-કહેવાય છે.

भाष्यम्- उक्तमेतत् 'सांप्रतकालविषयं मतिज्ञानं श्रुतज्ञानं तु त्रिकालविषयं विशुद्धतरं चे' ति, किं चान्यत्-मतिज्ञानमिन्द्रियानिन्द्रियनिमित्तमात्मनो ज्ञस्वाभाव्यात्पारिणामिकम्, श्रुतज्ञानं तु तत्पूर्वकमाप्तोपदेशाद्भवतीति ॥२०॥
અર્થ- પૂર્વે કહ્યું છે કે મતિજ્ઞાન વર્તમાન વિષયક છે. જ્યારે શ્રુતજ્ઞાન તો ત્રણેય કાળ વિષયક છે અને વિશુદ્ધતર છે.
વળી બીજું... મતિજ્ઞાન ઈન્દ્રિયનિમિત્તક અને અનિન્દ્રિય નિમિત્તક છે તથા આત્માનો જ્ઞસ્વભાવ (જાણવાનો સ્વભાવ) હોવાથી પારિણામિકપણે છે. (જ્યારે) શ્રુતજ્ઞાનતો તે પૂર્વક (મતિપૂર્વક) છે અને આપ્તપુરુષના ઉપદેશ (આદિ) થી થાય છે. ॥૨૦॥

भाष्यम्- अत्राह-उक्तं श्रुतज्ञानम्, अथावधिज्ञानं किमिति?, अत्रोच्यते–
અર્થ- અહીં જિજ્ઞાસું કહે છે કે શ્રુતજ્ઞાન (આપે) કહ્યું. હવે અવધિજ્ઞાન શું છે ? તે કહો. ઉત્તરકાર-કહેવાય છે.

## सूत्रम्- द्विविधोऽवधिः ॥१-२१॥

અર્થ- અવધિજ્ઞાન બે પ્રકારે છે.

भाष्यम्- भवप्रत्ययः क्षयोपशमनिमित्तश्च ॥२१॥
અર્થ- ભવનિમિત્તક અને ક્ષયોપશમનિમિત્તક (એમ બે પ્રકારે અવધિજ્ઞાન છે.) ॥૨૧॥

## सूत्रम्- तत्र भवप्रत्ययो नारकदेवानाम् ॥१-२२॥

અર્થ- નારક અને દેવોને તે બે ભેદમાંથી ભવનિમિત્તક (અવધિજ્ઞાન) હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- नारकाणां देवानां च यथास्वं भवप्रत्ययमवधिज्ञानं भवति, भवप्रत्ययं भवहेतुकं भवनिमित्तमित्यर्थः, तेषां हि भवोत्पत्तिरेव तस्य हेतुर्भवति, पक्षिणामाकाशगमनवत्, न शिक्षा न तप इति ॥२२॥

અર્થ- નારક અને દેવોને સંભવપ્રમાણે (તે તે પ્રકારના ભવ આશ્રયથી) ભવનિમિત્તક અવધિજ્ઞાન હોય છે. ભવપ્રત્યય એટલે ભવહેતુક અથવા ભવનિમિત્તક. તે અર્થ જાણવો. પક્ષીઓના આકાશગમનની માફક તેઓની (નારક-દેવોની) તે ભવમાં ઉત્પત્તિ તે જ તેનો હેતુ કહેવાય છે. (તે અવધિજ્ઞાન માટે) નથી શિક્ષાની જરૂરત કે નથી તપની જરૂરત. ॥૨૨॥

## सूत्रम्- यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥१-२३॥

અર્થ- બાકીના (મનુષ્યો તથા તિર્યંચો) ને ક્ષયોપશમ નિમિત્તક અવધિજ્ઞાન છ ભેદવાળું છે.

भाष्यम्- यथोक्तनिमित्तः क्षयोपशमनिमित्त इत्यर्थः, तदेतदवधिज्ञानं क्षयोपशमनिमित्तं षड्विधं भवति। शेषाणामिति नारकदेवेभ्यः शेषाणां तिर्यग्योनिजानां मनुष्याणां च, अवधिज्ञानावरणीयस्य कर्मणः क्षयोपशमाभ्यां भवति षड्विधम्।

અર્થ- યથોકત નિમિત્ત એટલે ક્ષયોપશમ નિમિત્ત. એ પ્રમાણે અર્થ જાણવો. તે આ ક્ષયોપશમનિમિત્તક અવધિજ્ઞાન છ પ્રકારે થાય છે. शेषाणाम् એટલે નારક દેવ વિના બાકીના તિર્યંચ યોનિએ ઉત્પન્ન થયેલા (તિર્યંચો) અને મનુષ્યો. તેમને અવધિજ્ઞાનવરણીય કર્મોના ક્ષયોપશમથી (અવધિજ્ઞાન) થાય છે. છ પ્રકાર આ રીતે...

भाष्यम्- तद्यथा, अनानुगामिकं आनुगामिकं हीयमानकं वर्धमानकं अनवस्थितं अवस्थितमिति, तत्रानानुगामिकं यत्र क्षेत्रे स्थितस्योत्पन्नं ततः प्रच्युतस्य प्रतिपतति, प्रश्नादेशपुरुषज्ञानवत्।

અર્થ- અનાનુગામિક (સાથે નહિ આવવાવાળું), આનુગામિક (સાથે આવવાવાળું), હીયમાનક (ઘટતું જતું), વર્ધમાનક (વધતું જતું), અનવસ્થિત (અસ્થિર-વધઘટ થયા કરે), અવસ્થિત (સ્થિર-જેટલું હોય તેટલું જ રહે). તેમાં અનાનુગામિક જે ક્ષેત્રમાં રહે છતે (અવધિ) થયું હોય તે (ક્ષેત્ર) છોડી બીજે જાય તો જતું રહે અર્થાત્ નાશ પામે.

પ્રશ્નાદેશ પુરુષની માફક. (જેમ નિમિત્ત શાસ્ત્રના જાણકાર નિમિત્તનો જવાબ અમુક ક્ષેત્રથી જ આપી શકે તેમ અમુક ક્ષેત્રમાં રહે છતે જ અવધિજ્ઞાન હોય.]

भाष्यम्- आनुगामिकं यत्र क्वचिदुत्पन्नं क्षेत्रान्तरगतस्यापि न प्रतिपतति, भास्करप्रकाशवत् घटरक्तभाववच्च।

અર્થ- આનુગામિક-જ્યાં કયાંય (જે કોઈ) ક્ષેત્રમાં (અવધિજ્ઞાન) ઉત્પન્ન થયું હોય ત્યાંથી (તે ક્ષેત્ર છોડી) બીજે ગમે ત્યાં જાય તો પણ (અવધિજ્ઞાન) નાશ ન પામે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્યપ્રકાશવત્ (અથવા) ઘડાના લાલ રંગની માફક. [ઘડાને ગમે ત્યાં લઈ જાઓ પણ લાલ રંગ તો સાથે જ રહે. તેમ આનુગામિક ક્ષાયોપશમિક અવધિજ્ઞાન જાણવું.

भाष्यम्- **हीयमानकं** असंख्येयेषु द्वीपेषु समुद्रेषु पृथिवीषु विमानेषु तिर्यगूर्ध्वमधो वा यदुत्पन्नं क्रमशः संक्षिप्यमाणं प्रतिपतति आ अङ्गुलासंख्येयभागात्, प्रतिपतत्येव वा, परिच्छिन्नेन्धनोपादानसंतत्यग्निशिखावत् ।

અર્થ- હીયમાન (ઘટતું જતું) અવધિજ્ઞાન- જે અવધિજ્ઞાન અસંખ્ય દ્વીપોમાં, સમુદ્રોમાં, પૃથ્વીમાં, વિમાનમાં કે તીર્છું, ઉંચુ, નીચું, ઉત્પન્ન થયું હોય તે ક્રમશઃ ઘટતું ઘટતું (નાશ પામે છે... અને) અંગુલના અસંખ્યાતમાં ભાગ સુધી રહે અથવા સાવ નાશ પામે છે.

જેમ સતત-નિરંતર લાકડા નાંખવાનું તદ્દન બંધ કર્યા પછી અગ્નિની શિખા (જ્વાળા) બુઝાઈ જાય છે તેમ (અવધિજ્ઞાન જતું પણ રહે છે.)

भाष्यम्- **वर्धमानकं** यदङ्गुलस्यासंख्येयभागादिषूत्पन्नं वर्धते आ सर्वलोकात्, अधरोत्तरारणिनिर्मथनासन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निवत् ।

અર્થ- વર્ધમાનક (વધતું જતું અવધિજ્ઞાન)- જે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું ઉત્પન્ન થયેલું હોય તે (વધતાં વધતાં) સંપૂર્ણ લોક સુધી વધે છે.

જેમ-એક ઉપર, એક નીચે એમ બે અરણીના લાકડા રાખી પરસ્પર ઘસી-અગ્નિ ઉત્પન્ન કરીએ અને તે અગ્નિમાં બીજા સૂકા લાકડા નાંખીએ તો અગ્નિની જ્વાળાઓ વધતી જાય. તેમ (આ અવધિજ્ઞાન જાણવું.)

भाष्यम्- **अनवस्थितं** हीयते वर्धते च वर्धते हीयते च प्रतिपतति चोत्पद्यते चेति पुनः पुनरूर्मिवत् ।

અર્થ- અનવસ્થિત (સ્થિરતા વગરનું, ઘડીકમાં વધે-ઘડીમાં ઘટે) ઘટે-વધે, વધે-ઘટે (એમ થતાં) નાશ પામે, પાછું ઉત્પન્ન થાય તે. જેમ સમુદ્રમાં ઉછળતા મોજાં (તરંગો).

भाष्यम्- **अवस्थितं** यावति क्षेत्रे उत्पन्नं भवति ततो न प्रतिपतत्या केवलप्राप्तेः अवतिष्ठेते आ भवक्षयाद्वा जात्यन्तरस्थायि वा भवति लिङ्गवत् ॥२३॥ उक्तमवधिज्ञानं, मनःपर्यायज्ञानं वक्ष्यामः–

અર્થ- [1]અવસ્થિત (સ્થિર રહેવાવાળું)-(અંગુલના અસંખ્યાતમાં ભાગથી માંડીને સર્વલોક સુધીમાં) જેટલા ક્ષેત્રમાં (અવધિજ્ઞાન) ઉત્પન્ન થયું હોય તેટલા (ક્ષેત્રથી) પડે નહીં (અર્થાત્ નાશ ન પામે.) કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી સ્થિર (એટલું જ) રહે. અથવા તો ભવની સમાપ્તિ સુધી રહે. અથવા બીજા જન્મમાં[2] પણ રહે. જેમ સ્ત્રી-પુરુષનું ચિહ્ન (ભવક્ષય સુધી રહે તેમ.) ॥૨૩॥

અવધિજ્ઞાન કહ્યું.... હવે મનઃપર્યવજ્ઞાન કહીશું.

---

૧. પરમાવધિ પણ આનો જ ભેદ છે. પરમાવધિ પામ્યા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે.

૨. છેલ્લા ભવે જન્મ ધારણ કરતા તીર્થંકર દેવને આ જ્ઞાન હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- ऋजुविपुलमती मनःपर्यायः ॥१-२४॥

અર્થ- ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે મનઃપર્યાયજ્ઞાન[1] છે.

भाष्यम्- मनःपर्यायज्ञानं द्विविधं-ऋजुमतिमनःपर्यायज्ञानं विपुलमतिमनःपर्यायज्ञानं च ॥२४॥ अत्राह-कोऽनयोः प्रतिविशेष इति ?, अत्रोच्यते-

અર્થ- મનઃપર્યાયજ્ઞાન બે પ્રકારે છે (૧) ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને (૨) વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન. ॥૨૪॥ જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે બંને માં શો ફરક છે ? ઉત્તરકાર-કહેવાય છે અહીં.

## सूत्रम्- विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥१-२५॥

અર્થ- વિશુદ્ધિ અને અપ્રતિપાતથી તે બંનેમાં ફરક છે.

भाष्यम्- विशुद्धिकृतश्चाप्रतिपातकृतश्चानयोः प्रतिविशेषः, तद्यथाऋजुमतिमनः पर्यायाद्विपुलमतिमनः पर्यायज्ञानं विशुद्धतरं, किञ्चान्यत्-

અર્થ- વિશુદ્ધિકૃત (જનિત) અને અપ્રતિપાતકૃત (જનિત). એમ બે રીતે જૂદાપણું છે. તે આ રીતે, ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે. વળી બીજું,

भाष्यम्- ऋजुमतिमनःपर्यायज्ञानं प्रतिपतत्यपि भूयः, विपुलमति मनःपर्यायज्ञानं तु न प्रतिपततीति ॥२५॥ अत्राह-अथावधिमनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति ?, अत्रोच्यते-

અર્થ- ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન ચાલ્યું પણ જાય. (પરન્તુ) વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન તો જતું નથી (નાશ નથી પામતું. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી ટકી રહે છે.) ॥૨૫॥

અહીં શંકાકાર પ્રશ્ન કરે છે કે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનમાં શો ફરક છે. (ઉત્તરકાર) - કહેવાય છે.

## सूत्रम्- विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः ॥१-२६॥

અર્થ- વિશુદ્ધિ-ક્ષેત્ર-સ્વામિ અને વિષયથી અવધિ અને મનઃપર્યાયજ્ઞાનમાં ફરક છે.

भाष्यम्- विशुद्धिकृतः[१] क्षेत्रकृतः[२] स्वामिकृतो[३] विषयकृतश्चानयोर्विशेषो[४] भवत्यवधिमनःपर्यायज्ञानयोः, तद्यथा-

અર્થ- વિશુદ્ધિકૃત, ક્ષેત્રકૃત, સ્વામિકૃત અને વિષયકૃત (ને આશરી) અવધિજ્ઞાન અને મનઃપર્યજ્ઞાન-એ બેનું જૂદાપણું છે. તે આ રીતે,

---

૧. મનઃપર્યવ, મનઃપર્યાય અને મનઃપર્યય એ ત્રણેય એકાર્થવાચી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- [१] अवधिज्ञानान्मनःपर्यायज्ञानं विशुद्धतरम्, यावन्ति हि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानी विशुद्धतराणि मनोगतानि जानीते, किञ्चान्यत्-

અર્થ- (વિશુદ્ધિકૃત) અવધિજ્ઞાન કરતાં મન: પર્યયજ્ઞાન વિશુદ્ધતર (વધુ સ્પષ્ટ) છે. (કારણ) જેટલા રૂપી દ્રવ્યો (પદાર્થો) અવધિજ્ઞાની જાણે છે. (જુવે છે.) તેટલા મનોગત પર્યાયોને મન:પર્યાયજ્ઞાની વિશુદ્ધતર સ્પષ્ટપણે જાણે છે. વળી બીજું...

भाष्यम्- [२] क्षेत्रकृतश्चानयोः प्रतिविशेषः, अवधिज्ञानमङ्गुलस्यासंख्येयभागादिषूत्पन्नं भवत्यासर्वलोकात्, मनः पर्यायज्ञानं तु मनुष्यक्षेत्र एव भवति नान्यक्षेत्र इति। किंचान्यत्,

અર્થ- ક્ષેત્રકૃત બંનેનો ફરક-અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતમાં ભાગમાં ઉત્પન્ન થઈ યાવત્ સર્વલોક સુધીનું હોય છે. મન: પર્યાયજ્ઞાન તો મનુષ્ય ક્ષેત્રમાં જ હોય, બીજા ક્ષેત્રમાં નથી હોતું. વળી બીજું...

भाष्यम्- [3] स्वामिकृतश्चानयोः प्रतिविशेष इति, अवधिज्ञानं संयतस्य असंयतस्य वा सर्वगतिषु भवति, मनःपर्यायज्ञानं तु मनुष्य संयतस्यैव भवति, नान्यस्य। किंचान्यत्,

અર્થ- સ્વામિકૃત એ બે માં ફરક-અવધિજ્ઞાન સંયતને (સાધુને) કે અસંયતને (સાધુ સિવાયનાને) (દેશવિરતિને પણ) સર્વગતિમાં હોય. મન:પર્યાયજ્ઞાન તો સંયત મનુષ્યને જ હોય છે. બીજાને ન હોય. વળી બીજું...

भाष्यम्- [४] विषयकृतश्चानयोः प्रतिविशेषः, रूपिद्रव्येष्वसर्वपर्यायेष्ववधेर्विषयनिबन्धो भवति, तदनन्तभागे मनःपर्यायस्येति ॥

અર્થ- વિષયકૃત-એ બેમાં ફરક-અવધિજ્ઞાનનો વિષયવ્યાપાર રૂપી દ્રવ્યોના અસર્વપર્યાયોમાં હોય છે. મન:પર્યાયજ્ઞાનનો વિષયવ્યાપાર તેના (અવધિજ્ઞાનના) અનંતમા ભાગે હોય છે.

भाष्यम्- अत्राह-उक्तं मनःपर्यायज्ञानम्, अथ केवलज्ञानं किमिति, अत्रोच्यते, केवलज्ञानं दशमेऽध्याये वक्ष्यते, मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलमिति ॥१०-१॥२६॥

अत्राह एषां मतिज्ञानादीनां ज्ञानानां कः कस्य विषयनिबन्ध इति, अत्रोच्यते-

અર્થ- અહીં જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે કે મન:પર્યાયજ્ઞાન કહ્યું. હવે કેવળજ્ઞાન શું છે ? (ઉત્તરકાર) કહે છે-કેવળજ્ઞાન દશમા અધ્યાયમાં કહેવાશે 'મોહનીયકર્મના ક્ષયથી અને જ્ઞાન-દર્શનાવરણ-અંતરાયના ક્ષયથી કેવળજ્ઞાન પ્રકટે છે. (થાય છે)' ॥૨૬॥

અહીં જિજ્ઞાસું પ્રશ્ન કરે છે કે આ મતિજ્ઞાનાદિ જ્ઞાનોનો વિષય-વ્યાપાર કોનો-શો હોય છે ? ઉત્તરકાર-અહીં કહેવાય છે...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ।।१-२७।।**

અર્થ- મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વ્યાપાર સર્વદ્રવ્યોમાં (અને) કેટલાક પર્યાયોમાં હોય છે.

भाष्यम्- मतिज्ञानश्रुतज्ञानयोर्विषयनिबन्धो भवति सर्वद्रव्येष्वसर्वपर्यायेषु, ताभ्यां हि सर्वाणि द्रव्याणि जानीते, न तु सर्वैः पर्यायैः ।।२७।।

અર્થ- મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષયવ્યાપાર સર્વદ્રવ્યોમાં અને અસર્વ (કેટલાક) પર્યાયોમાં હોય છે. તે બે વડે (મતિશ્રુત વડે) સર્વદ્રવ્યો જાણે છે, પરતું સર્વપર્યાર્યો નહિ. [સર્વ પર્યાયો પૂર્વક સર્વદ્રવ્યો ન જાણી શકે.] ।।૨૭।।

**सूत्रम्- रूपिष्ववधेः ।।१-२८।।**

અર્થ- અવધિજ્ઞાનનો વ્યાપાર રૂપી દ્રવ્યોમાં હોય છે.

भाष्यम्- रूपिष्वेव द्रव्येष्ववधिज्ञानस्य विषयनिबन्धो भवति असर्वपर्यायेषु, सुविशुद्धेनाप्यवधिज्ञानेन रूपीण्येव द्रव्याण्यवधिज्ञानी जानीते, तान्यपि न सर्वैः पर्यायैरिति ।।२८।।

અર્થ- અવધિજ્ઞાનનો વિષય-વ્યાપાર રૂપી દ્રવ્યોમાં જ અને કેટલાક પર્યાયોમાં હોય છે. અત્યંત વિશુદ્ધ અવધિજ્ઞાન વડે (પણ) રૂપી દ્રવ્યો જ અવધિજ્ઞાની જાણે અને તે (રૂપી દ્રવ્યો) પણ સર્વપર્યાય સહિત ન જાણે. ।।૨૮।।

**सूत्रम्- तदनन्तभागे मनःपर्यायस्य ।।१-२९।।**

અર્થ- મન:પર્યાયજ્ઞાનનો (વિષય વ્યાપાર) અવધિજ્ઞાન કરતા અનંતમા ભાગમાં હોય છે.

भाष्यम्- यानि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते ततोऽनन्तभागे मनःपर्यायस्य विषयनिबन्धो भवति, अवधिज्ञानविषयस्यानन्तभागं मनःपर्यायज्ञानी जानीते, रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मानुषक्षेत्रपर्यापन्नानि विशुद्धतराणि चेति ।।२९।।

અર્થ- જે રૂપિ દ્રવ્યો અવધિજ્ઞાની જાણે છે તેના કરતાં અનન્તમા ભાગમાં મન:પર્યાયજ્ઞાનનો વિષય વ્યાપાર હોય છે. અવધિજ્ઞાનના વિષયના અનન્તમા ભાગને મન:પર્યાયજ્ઞાની જાણે છે. તેમજ મનુષ્યલોકમાં રહેલ અપ્રગટ મનના વિચારને પામેલા રૂપી દ્રવ્યોને ઘણાં જ સ્પષ્ટ જાણે છે. ।।૨૯।।

**सूत्रम्- सर्वद्रव्यपर्यायेषु केवलस्य ।।१-३०।।**

અર્થ- કેવળજ્ઞાનનો વિષયવ્યાપાર સર્વદ્રવ્યોમાં અને સર્વપર્યાયોમાં હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- सर्वद्रव्येषु सर्वपर्यायेषु च केवलज्ञानस्य विषयनिबन्धो भवति, तद्धि सर्वभावग्राहकं संभिन्नलोकालोकविषयं, नातः परं ज्ञानमस्ति, न च केवलज्ञानविषयात्परं किंचिदन्यज्ज्ञेयमस्ति ।

અર્થ- સર્વદ્રવ્યોમાં અને સર્વપર્યાયોમાં કેવળજ્ઞાનનો વિષય વ્યાપાર હોય છે. તે ખરેખર ! સર્વપદાર્થો જાણનાર છે, સંપૂર્ણ લોકાલોકરૂપ વિષયવાળું છે. આનાથી (કેવળજ્ઞાનથી) શ્રેષ્ઠજ્ઞાન કોઈ પણ નથી. અને કેવળજ્ઞાનના વિષયથી બીજું કોઈ પણ જ્ઞેય બાકી રહેતું નથી.

भाष्यम्- केवलं परिपूर्णं समग्रमसाधारणं निरपेक्षं विशुद्धं सर्वभावज्ञापकं लोकालोकविषयमनन्तपर्यायमित्यर्थः ॥३०॥

અર્થ- કેવળ[1] એટલે પરિપૂર્ણ (સંપૂર્ણ), સમગ્ર, અસાધારણ, નિરપેક્ષ, વિશુદ્ધ, સર્વભાવોજાણનાર, લોકાલોકના વિષયવાળું, અનન્તપર્યાયોવાળું-એ પ્રમાણે અર્થ જાણવો. ॥૩૦॥

भाष्यम्- अत्राह-एषां मतिज्ञानादीनां युगपदेकस्मिन् जीवे कति भवन्तीति, अत्रोच्यते-

અર્થ- અહીં જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે કે- આ મતિજ્ઞાનાદિમાંનાં એક સાથે એક જીવમાં કેટલા (જ્ઞાન) હોય છે. (ઉત્તરકાર) કહેવાય છે અહીં,

### सूत्रम्- एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥१-३१॥

અર્થ- એક જીવમાં એકથી માંડી ચાર સુધીના જ્ઞાનો ઘટી શકે.

भाष्यम्- एषां मत्यादीनां ज्ञानानामादित एकादीनि भाज्यानि युगपदेकस्मिन् जीवे आचतुर्भ्यः, कस्मिंश्चिज्जीवे मत्यादीनामेकं भवति, कस्मिंश्चिज्जीवे द्वे भवतः, कस्मिंश्चित्त्रीणि भवन्ति, कस्मिंश्चिच्चित्त्वारि भवन्ति ।

અર્થ- આ મતિઆદિ જ્ઞાનોમાંથી પહેલા એકથી (મતિથી) માંડી ચાર સુધીના જ્ઞાનો એક સાથે એક જીવમાં ઘટી શકે. તે આ રીતે, કોઈક જીવમાં મતિજ્ઞાનઆદિ (પાંચમાં) નું એક જ્ઞાન હોય,[2] કોઈક જીવમાં બે જ્ઞાન હોય, કોઈક જીવમાં ત્રણ જ્ઞાન હોય, કોઈક જીવમાં ચાર જ્ઞાન હોય.

---

૧. કેવળ-એટલે એકલું-એટલે કે કેવળજ્ઞાન વખતે બીજા જ્ઞાન નથી હોતા. પરિપૂર્ણ-જ્યારે ઉત્પન્ન થાય ત્યારે એકી સાથે સંપૂર્ણ જ ઉત્પન્ન થાય છે. થોડું થોડું વધતું વધતું ઉત્પન્ન થતું નથી. સમગ્ર-તમામ જ્ઞેયોને જાણે છે. અસધારણ-આવું જ્ઞાન જગતમાં બીજું એકેય નથી. નિરપેક્ષ-સ્વયંપ્રકાશીહોવાથી સ્હેજ પણ બીજી મદદની તેને અપેક્ષા રહેતી નથી. વિશુદ્ધ-તેને એકપણ કર્મપરમાણું-જ્ઞાનવરણીય કર્મો આવરી શકતા નથી. કેમકે તમામનો ક્ષય થયા પછી જ તે ઉત્પન્ન થાય છે. સર્વભાવ જ્ઞાપક-જગત્‌ની સર્વસ્થુલ અને સૂક્ષ્મથી યે સૂક્ષ્મ હકીકત જણાવવાનું સામર્થ્ય હોય તો તે કેવળજ્ઞાનમાં જ છે. જો કે બધા પદાર્થો કેવળજ્ઞાનીથી શબ્દો મારફત બોલીને જણાવી શકાતા નથી. પરંતુ જો તે બોલી શકાય તો કેવળજ્ઞાની બધા ભાવો જણાવી શકે. લોકાલોક વિષયક-કેવળજ્ઞાની માત્ર લોકને જ જાણે છે એમ નહિ, પરંતુ અલોક પણ તેના વિષય મર્યાદાની બહાર નથી. જો લોકને જાણે તો અલોક બાદ થઈ જાય, પરંતુ તેમ પણ નથી. અનંત પર્યાય-જ્ઞેય અનંત હોવાથી કેવળજ્ઞાનના પર્યાયોપણ અનન્ત છે.

૨. એક જ્ઞાન હોય તો મતિજ્ઞાન અથવા કેવળજ્ઞાન, બે હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, ત્રણ જ્ઞાન હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન, ચારજ્ઞાન હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- श्रुतज्ञानस्य तु मतिज्ञानेन नियतः सहभावस्तत्पूर्वकत्वात्, यस्य श्रुतज्ञानं तस्य नियतं मतिज्ञानं, यस्य तु मतिज्ञानं तस्य श्रुतज्ञानं स्याद्वा न वेति ॥ अत्राह-अथ केवलज्ञानस्य पूर्वैर्मतिज्ञानादिभिः किं सहभावो भवति ?, नेत्युच्यते ।

અર્થ- શ્રુતજ્ઞાનનો મતિજ્ઞાન સાથે નિયત સહભાવ હોય જ. કેમકે મતિજ્ઞાન પૂર્વક જ શ્રુતજ્ઞાન હોય છે. જેને શ્રુતજ્ઞાન હોય તેને ચોક્કસ મતિજ્ઞાન હોય. જેને મતિજ્ઞાન હોય તેને શ્રુતજ્ઞાન હોય કે ન પણ હોય. અહીં શંકાકાર કહે છે કે-શું મતિજ્ઞાનાદિની સાથે કેવળજ્ઞાન અવશ્ય હોય જ કે નહિ ? (ઉત્તરકાર)- કહેવાય છે અહીં...

भाष्यम्- केचिदाचार्या व्याचक्षते-नाभावः, किं तु तदभिभूतत्वादकिंचित्कराणि भवन्ति इन्द्रियवत्, यथा वा व्यभ्रे नभसि आदित्य उदिते भूरितेजसि भूरितेजस्त्वादादित्येनाभिभूतान्यन्यतेजांसि ज्वलनमणिचन्द्रनक्षत्रप्रभृतीनि प्रकाशनं प्रत्यकिंचित्कराणि भवन्ति तद्वदिति ।

અર્થ- કેટલાક આચાર્યો કહે છે કે (બીજા જ્ઞાનો સાથે કેવળજ્ઞાનનો) અભાવ નથી હોતો. પરન્તુ તે (મતિજ્ઞાનાદિ ચાર) હતપ્રભાવવાળા થવાથી ઈન્દ્રિયની જેમ નકામા થઈ જાય છે. અથવા જેમ ખુલ્લા વાદળ વિનાના આકાશમાં સૂર્ય ઉગે છતે ઘણું તેજ હોવાથી હત્પ્રભાવી (દબાઈ ગયેલા) બીજા તેજો-અગ્નિ, મણી, ચન્દ્ર, નક્ષત્ર વગેરે પ્રકાશી શકતા નથી. તેમ બીજા જ્ઞાનો પણ જાણવા.

भाष्यम्- केचिदप्याहुः-अपायसद्द्रव्यतया मतिज्ञानं, तत्पूर्वकं श्रुतज्ञानम्, अवधिज्ञानमनःपर्यायज्ञाने च रूपिद्रव्यविषये, तस्मान्नैतानि केवलिनः सन्तीति ।

અર્થ- વળી કેટલાક કહે છે- અપાય અને સદ્દ્રવ્યતાથી મતિજ્ઞાન હોય છે. શ્રુતજ્ઞાન તે મતિપૂર્વકનું હોય છે. અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન રૂપી દ્રવ્યોમાં પ્રવર્તનારું છે. તેથી આ ચારે ય જ્ઞાન કેવલીભગવંતને નથી હોતા.

भाष्यम्- किंचान्यत्-मतिज्ञानादिषु चतुर्षु पर्यायेणोपयोगो भवति, न युगपत्, संभिन्नज्ञानदर्शनस्य तु भगवतः केवलिनो युगपत्सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने केवलदर्शने चानुसमयमुपयोगो भवति। किंचान्यत्-

અર્થ- વળી બીજું, મતિજ્ઞાનાદિ ચારે જ્ઞાનોનો ઉપયોગ ક્રમસર થાય છે. એક સાથે નથી થતો. પરન્તુ સંપૂર્ણ જ્ઞાન-દર્શનવાળા કેવળી ભગવંતોને તો એક સાથે સર્વભાવોને ગ્રહણ કરનાર, અન્યની અપેક્ષા વિનાના કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં અનુસમય ઉપયોગ હોય છે (અર્થાત્ પ્રથમ સમયે જ્ઞાન અને બીજા સમયે દર્શન એમ નિરંતર ઉપયોગ હોય છે.) વળી બીજું...

भाष्यम्- क्षयोपशमजानि चत्वारि ज्ञानानि पूर्वाणि, क्षयादेव केवलं, तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि सन्तीति ॥३१॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- પહેલાના ચારે ય જ્ઞાનો ક્ષાયોપશમથી ઉત્પન્ન થનારા છે. જ્યારે કેવળજ્ઞાન તો તદાવરણ કર્મના ક્ષયથી જ (ઉત્પન્ન થનારૂં છે.) તેથી કેવલી ભગવંતોને શેષ ૪ જ્ઞાનો ન હોય...॥૩૧॥

## सूत्रम्- मतिश्रुतावधयो विपर्ययश्च ॥१-३२॥

અર્થ- મતિ-શ્રુત-અવધિ જ્ઞાનરૂપ છે અને વિપરીત (અજ્ઞાન) પણ હોય છે.

भाष्यम्- मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानमिति, विपर्ययश्च भवत्यज्ञानं चेत्यर्थः, ज्ञानविपर्ययोऽज्ञानमिति। अत्राह-तदेव ज्ञानं तदेवाज्ञानमिति, ननु छायाऽऽतपवच्छीतोष्णवच्च तदत्यन्तविरुद्धमिति, अत्रोच्यते,
અર્થ- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન (જ્ઞાનરૂપ છે) અને વિપરીત પણ હોય છે. એટલે કે અજ્ઞાનરૂપ પણ છે. જ્ઞાનનો વિપર્યય એટલે અજ્ઞાન. અહીં શંકાકાર કહે છે કે-તે જ જ્ઞાન (અને) તે જ અજ્ઞાન. તે તો ખરેખર ! છાંયડો અને તડકાની જેમ તથા ઠંડુ અને ગરમની જેમ અત્યંન્ત વિપરીત છે. (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

भाष्यम्- मिथ्यादर्शनपरिग्रहाद्विपरीतग्राहकत्वमेतेषां, तस्मादज्ञानानि भवन्ति, तद्यथा-मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्गज्ञानमिति, अवधिर्विपरीतो विभङ्ग इत्युच्यते ॥
અર્થ- મિથ્યાદર્શનથી જોડાયેલા હોવાથી એ જ્ઞાનો વિપરીત જણાવનાર છે. તેથી તે અજ્ઞાનો છે. તે આ રીતે, મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભઙ્ગજ્ઞાન. વિપરીત અવધિને 'વિભઙ્ગ' કહેવાય છે.

भाष्यम्- अत्राह-उक्तं भवता सम्यग्दर्शनपरिगृहीतं मत्यादिज्ञानं भवति, अन्यथाऽज्ञानमेवेति, मिथ्यादृष्टयोऽपि च भव्याश्चाभव्याश्चेन्द्रियनिमित्तानविपरीतान् स्पर्शादीनुपलभन्ते उपदिशन्ति च स्पर्शं स्पर्श इति रसं रस इति, एवं शेषान्, तत्कथमेतदिति, अत्रोच्यते, तेषां हि विपरीतमेतद्भवति ॥३२॥
અર્થ- અહીં શંકાકાર કહે છે કે તમો એ ફરમાવ્યું છે કે 'જે મતિ-આદિથી જોડાયેલું તે જ્ઞાન છે. નહીંતર (વિપરીત હોય તો) અજ્ઞાન જ છે.' પરંતુ ભવિ કે અભવિ મિથ્યાદષ્ટિઓ ઈન્દ્રિયોની મદદથી સ્પર્શાદિ વિષયોને યથાવસ્થિત (જે રીતે રહ્યા હોય તે રીતે) જાણે છે. સ્પર્શને સ્પર્શ તરીકે, રસને રસ તરીકે તે પ્રમાણે બીજા વિષયોને પણ (તે જ રીતે જાણે છે / કહે છે) તો પછી આપે કહ્યું (તે અજ્ઞાન) શી રીતે ? (ઉત્તરકાર)- અહીં કહેવાય છે. ખરેખર ! તેઓનું એ (જ્ઞાન) વિપરીત છે. ॥૩૨॥

## सूत्रम्- सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥१-३३॥

અર્થ- વાસ્તવિક અને અવાસ્તવિક (સત્યાસત્ય) નો ફરક ન સમજી શકતા હોવાથી ગાંડાની (ઉન્મત્તની) માફક મરજી પ્રમાણે જ્ઞાન કરે છે. (માટે તે અજ્ઞાન છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- यथोन्मत्तः कर्मोदयादुपहतेन्द्रियमतिर्विपरीतग्राही भवति, सोऽश्वं गौरित्यध्यवस्यति गां चाश्व इति लोष्टं सुवर्णमिति सुवर्णं लोष्ट इति लोष्टं च लोष्ट इति सुवर्णं सुवर्णमिति, तस्यैवमविशेषेण लोष्टं सुवर्णं सुवर्णं लोष्टमिति विपरीतमध्यवस्यतो नियतमज्ञानमेव भवति, तद्वन्मिथ्यादर्शनोपहतेन्द्रियमतेर्मतिश्रुतावधयोऽप्यज्ञानं भवन्ति ॥३३॥

અર્થ- જેમ ગાંડો માણસ કર્મોના ઉદયથી ઈન્દ્રિયો અને મન ઉપહત થવાથી ખરી વસ્તુસ્થિતિ નથી જાણી શકતો. તે ઘોડા ને ગાય કહે છે, ગાયને ઘોડો કહે છે. ઢેફાને (પથરાને) સોનું કહે છે, સોનાને ઢેફુ. તથા ઢેફાને ઢેફુ અને સોનાને સોનું એપ્રમાણે (પણ) કહે છે. વળી તેને જ (સોના અને ઢેફામાં) ફરક નથી (એમ માની) ઢેફુ એ સોનું અને સોનું એ ઢેફુ એ પ્રમાણે વિપરીત કહેતો હોવાથી ચોક્કસ અજ્ઞાન જ છે. તે પ્રમાણે મિથ્યાદર્શનકર્મથી ઈન્દ્રિય અને બુદ્ધિ (મન) ઉપહત (ગણાયેલ) હોય તેના મતિ-શ્રુત-અવધિ અજ્ઞાન જ હોય છે. ॥૩૩॥

भाष्यम्- उक्तं ज्ञानं, चारित्रं नवमेऽध्याये वक्ष्यामः, प्रमाणे चोक्ते, नयान् वक्ष्यामः, तद्यथा-

અર્થ- જ્ઞાન કહ્યું, ચારિત્ર નવમા અધ્યાયમાં કહીશું અને બંને પ્રમાણો (પણ) કહ્યા. (હવે) નયો કહીશું. તે આ રીતે,

## सूत्रम्- नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दानयाः ॥१-३४॥

અર્થ- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ આ નયો છે.

भाष्यम्- नैगमः संग्रहो व्यवहार ऋजुसूत्रः शब्द इत्येते पञ्च नया भवन्ति, ॥३४॥ तत्र-

અર્થ- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ એ પ્રમાણે પાંચ નયો છે. ॥૩૪॥ તેમાં

## सूत्रम्- आद्यशब्दौ द्वित्रिभेदौ ॥१-३५॥

અર્થ- પહેલા નયના (નૈગમનયના) અને શબ્દનયના અનુક્રમે બે અને ત્રણ ભેદ છે. (નૈગમના બે અને શબ્દના ત્રણ ભેદ.)

भाष्यम्- आद्य इति सूत्रक्रमप्रामाण्यान्नैगममाह, स द्विभेदो-देशपरिक्षेपी सर्वपरिक्षेपी चेति, शब्दस्त्रिभेदः-साम्प्रतः समभिरूढ एवम्भूत इति।

અર્થ- આદ્ય એટલે સૂત્રકર્મ અનુસાર નૈગમ કહે છે. તે (નૈગમ) બે ભેદવાળો છે (૧) દેશપરિક્ષેપી અને(૨) સર્વપરિક્ષેપી-શબ્દનય ત્રણ ભેદવાળો છે (૧) સામ્પ્રત (૨) સમભિરૂઢ અને (૩) એવંભૂત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-किमेषां लक्षणमिति ? अत्रोच्यते-
અર્થ- અહીં જિજ્ઞાસુ પૂછે છે કે આ (નયો) નું લક્ષણ શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

भाष्यम्- निगमेषु येऽभिहिताः शब्दास्तेषामर्थः शब्दार्थपरिज्ञानं च देशसमग्रग्राही नैगमः ।
અર્થ- દેશમાં જે શબ્દો વપરાય છે તે શબ્દો, તેના અર્થો અને શબ્દાર્થનું પરિજ્ઞાન ('ઘટ' એ શબ્દ, તે નામનો પદાર્થ એ અર્થ અને તે પદાર્થનું જાણપણું તે પરિજ્ઞાન) તે નૈગમનય. તે (નૈગમ) દેશગ્રાહી (સામાન્યગ્રાહી) અને સમગ્રગ્રાહી (વિશેષગ્રાહી) છે.

भाष्यम्- अर्थानां सर्वैकदेशसंग्रहणं सङ्ग्रहः ।
અર્થ- પદાર્થોના સર્વદેશ (વિભાગ) કે એક દેશ (વિભાગ) નું ગ્રહણ કરવું તે સંગ્રહનય (સર્વદેશ = સામાન્ય અને એકદેશ = વિશેષ-આનો સંગ્રહ જે શબ્દોથી જણાય તે સંગ્રહનય.)

भाष्यम्- लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः ॥
અર્થ- લૌકિક જેવો ઔપચારિક (આરોપની બહુલતાવાળો = એક ગામથી બીજે ગામ માણસ જાય છે. પરંતુ ઉપચારથી કહેવાય છે કે આ રસ્તો અમુક ગામ જાય છે. વિસ્તારાર્થનો (ઘણાં જ્ઞેયવાળાનો) બોધક તે વ્યવહાર નય.) (વ્યવહારનય પૃથક્કરણની પ્રધાનતાવાળો છે.)

भाष्यम्- सतां साम्प्रतानामर्थानामभिधानपरिज्ञानमृजुसूत्रः ।
અર્થ- વર્તમાનના વિદ્યમાન પદાર્થોનું કથન અને જ્ઞાન તે ઋજુસૂત્રનય.

भाष्यम्- यथार्थाभिधानं शब्दः ॥
અર્થ- યથાર્થ પદાર્થનું કથન (જેવો પદાર્થ તેવું નામ તે) શબ્દનય.

भाष्यम्- नामादिषु प्रसिद्धपूर्वाच्छब्दादर्थे प्रत्ययः साम्प्रतः ।
અર્થ- જે કોઈ પદાર્થ માટેનો શબ્દ નામાદિ નિક્ષેપા વખતે પ્રસિદ્ધ હોય તે જ શબ્દથી માત્ર ભાવ વગેરે કોઈ પણ એક નિક્ષેપે રહેલા પદાર્થનું જ્ઞાન સામ્પ્રત શબ્દનય કરી શકે છે. (જે શબ્દ વાચ્ય માટે પૂર્વે પ્રસિદ્ધ હોય તે જ શબ્દથી માત્ર ભાવ વગેરે બતાવનાર પદાર્થનું જ્ઞાન તે સામ્પ્રત શબ્દનય. -સારાંશ એ કે આ નય પર્યાયભેદ સ્વીકારે છે. પણ લીંગ, વચન, કાળ એ ભેદ સ્વીકારતો નથી.)

भाष्यम्- सत्स्वर्थेष्वसङ्क्रमः समभिरूढः ॥
અર્થ- પદાર્થ વિદ્યમાન હોતે છતે એક શબ્દ બીજા શબ્દમાં સંક્રમ ન કરે. એનું જે જ્ઞાન તે સમભિરૂઢ નય [જેમકે, 'રાજા અને નૃપ બંને શબ્દો એક પદાર્થ નથી.' એમ આ નય કહે છે. રાજા અને નૃપનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંક્રમ સમભિરૂઢનય નથી કરતો. સારાંશ એ કે સમભિરૂઢ નય પોતાના વ્યુત્પત્તિસિદ્ધ અર્થ સિવાય બીજા પર્યાય શબ્દથી એ પદાર્થનું જ્ઞાન ન પ્રવર્તાવે. અર્થાત્ સમભિરૂઢનય વ્યુત્પત્તિસિદ્ધ અર્થ માને છે.]

भाष्यम्- व्यञ्जनार्थयोरेवम्भूत इति ॥
અર્થ- શબ્દ પ્રમાણે પદાર્થનો ઉપયોગ ચાલતો હોય (અર્થાત્ વાચ્ય અને વાચક બંધબેસ્તો હોય). તેવું જે જ્ઞાન તે એવમ્ભૂત નય. [વિશેષક્રિયાવાન્ પદાર્થ માટે વપરાયેલા શબ્દનું જ્ઞાન એવમ્ભૂત નય કરાવે છે. જેમકે સાધના કરતો હોય તે સાધુ.]

भाष्यम्- अत्राह- उद्दिष्टा भवता नैगमादयो नयाः, तन्नया इति कः पदार्थ इति, अत्रोच्यते- नयाः प्रापकाः कारकाःसाधका निर्वर्तका निर्भासका उपलम्भका व्यञ्जका इत्यनर्थान्तरम् ।
અર્થ- અહીં જિજ્ઞાસુ પૂછે છે કે આપશ્રીએ નૈગમાદિનયો કહ્યા... તે નયો એ શો પદાર્થ છે... ? (અર્થાત્ તેનો અર્થ શો... ?) (ઉત્તરકાર)- કહેવાય છે અહીં નયો, પ્રાપકો, કારકો, સાધકો, નિર્વર્તકો, નિર્ભાસકો, ઉપલમ્ભકો, વ્યંજકો એ પર્યાયવાચી છે (એકાર્થવાચી છે.)

भाष्यम्- जीवादीन् पदार्थान्नयन्ति प्राप्नुवन्ति कारयन्ति साधयन्ति निर्वर्तयन्ति निर्भासयन्ति उपलम्भयन्ति व्यञ्जयन्तीति नयाः ॥
અર્થ- જીવાદિપદાર્થોને દોરે (લઈ જાય), પ્રાપ્ત કરાવે, સધાવે, ઉત્પન્ન કરે, ભાસ કરાવે (વસ્તુના અંશનું જ્ઞાન કરાવે) ઓળખાવે (સૂક્ષ્મતા પૂર્વક બોધ કરાવે), પ્રકટ કરાવે તે નયો જાણવા.

भाष्यम्- अत्राह-किमेते तन्त्रान्तरीया वादिन आहोस्वित्स्वतंत्रा एव चोदकपक्षग्राहिणो मतिभेदेन विप्रधाविता इति, अत्रोच्यते, नैते तन्त्रान्तरीया नापि स्वतन्त्रा मतिभेदेन विप्रधाविताः, ज्ञेयस्य त्वर्थस्याध्यवसायान्तराण्येतानि ।
અર્થ- અહીં શંકાકાર કહે છે કે-શું આ નયો (એ) અન્ય દર્શનવાળા એવા વાદીઓ છે ? કે બુદ્ધિભેદે કરી સ્વતંત્રરીતે પ્રવર્તેલા પ્રશ્નકારોના પ્રશ્નો છે ? (ઉત્તરકાર)-કહેવાય છે અહીં- આ (નયો) નથી પરદર્શનકારો- કે નથી સ્વતંત્ર રીતે બુદ્ધિભેદે કરી પ્રવર્તેલા પક્ષો. પરન્તુ જાણવા યોગ્ય પદાર્થ વિશેના જ્ઞાનના જૂદા જૂદા પરિણામો = ભેદો છે (अध्यवसायान्तराणि = विज्ञानभेदाः).

भाष्यम्- तद्यथा-घट इत्युक्ते योऽसौ चेष्टाभिर्निर्वृत्त ऊर्ध्वकुण्डलौष्ठांयतवृतग्रीवोऽधस्तात्परिमण्डलो जलादीनामाहरणधारणसमर्थ उत्तरगुणनिर्वर्तनानिर्वृत्तो द्रव्यविशेषः, तस्मिन्नेकस्मिन् विशेषवति तज्जातीयेषु वा सर्वेष्वविशेषात्परिज्ञानं नैगमनयः ॥
અર્થ- તે આ રીતે, 'ઘટ' એ પ્રમાણે કહે છતે- જે આ પ્રકારની પદ્ધતિ (ચેષ્ટા) થી બનાવેલો, ઉંચો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને ગોળકાનાવાળી લાંબી અને ગોળ ડોકવાળો, નીચેથી પણ ગોળ, પાણી વગેરે લાવવા તથા ભરી રાખવામાં ઉપયોગી (તે ઘટ.) ઉત્તરગુણ એટલે પકાવવા-રંગવા વગેરે પાછળની બનાવટથી તૈયાર થયેલો એવો અમુક પ્રકારનો જે પદાર્થવિશેષ તે (ઘટ). તે વિશિષ્ટ એવા એક પદાર્થમાં અથવા તેની જાતના બીજા દરેક પદાર્થોમાં એક જાતનું (ફેરફાર વિનાનું-આ ઘટ છે એવું) સામાન્યજ્ઞાન થાય છે. તે નૈગમનય.

भाष्यम्- एकस्मिन् वा बहुषु नामादिविशेषितेषु साम्प्रतातीतानागतेषु घटेषु संप्रत्ययः संग्रहः ।
અર્થ- નામ-સ્થાપનાદિ વડે સમજવામાં આવેલા વર્તમાનકાળ-ભૂતકાળ કે ભવિષ્યકાળ સમ્બન્ધી એક કે અનેક ઘડાઓમાં (અમુક જાતનું) જે સામાન્યજ્ઞાન-તે સંગ્રહનય.

भाष्यम्- तेष्वेव लौकिकपरीक्षक ग्राह्येषूपचारगम्येषु यथा स्थूलार्थेषु संप्रत्ययो व्यवहारः ।
અર્થ- તેમાંના જ [સંગ્રહનયે સંગ્રહિત કરેલા તેમાંના જ પદાર્થો] લોકમાં પ્રસિદ્ધ વિચારકો (પરીક્ષકો) વડે ગ્રાહ્ય અથવા તો ઉપચાર યોગ્ય સ્થૂલ અર્થોને અનુસારે વિશિષ્ટ જ્ઞાન તે વ્યવહાર.

भाष्यम्- तेष्वेव सत्सु साम्प्रतेषु सम्प्रत्ययः ऋजुसूत्रः ।
અર્થ- તેમાંના જ [વ્યવહારનયે ગ્રહણ કરેવા પદાર્થમાંના જ પદાર્થો] વર્તમાનકાળમાં વિદ્યમાન (પદાર્થ) નું જ્ઞાન તે ઋજુસૂત્રનય.

भाष्यम्- तेष्वेव साम्प्रतेषु नामादीनामन्यतमग्राहिषु प्रसिद्धपूर्वकेषु घटेषु संप्रत्ययः साम्प्रतः शब्दः ।
અર્થ- તેમાંના જ [ઋજુસૂત્રે સ્વીકારેલા પદાર્થોમાંના જ પદાર્થો] જે ચારેય નિક્ષેપાથી નિક્ષિપ્ત કરાયેલા હોય તેમાંના કોઈ પણ નિક્ષેપાને ગ્રહણ કરનાર અમુક અમુક ઘડાના વિષયમાં પૂર્વ સંકેતિત (શબ્દ અને અર્થના સંકેતવાળા) જે અમુક એક પ્રકારનું જ્ઞાન થાય છે. તે સામ્પ્રત શબ્દનય.

भाष्यम्- तेषामेव साम्प्रतानामध्यवसायासंक्रमो वितर्कध्यानवत् समभिरूढः ।
અર્થ- તેમાંના જ (સામ્પ્રત શબ્દનયે સ્વીકારેલા પદાર્થોમાંના જ પદાર્થો સંબંધી) વર્તમાનકાળનાજ પદાર્થનું પણ વિતર્કધ્યાનની[1] માફક (બીજા પર્યાયવાળા અર્થમાં) સંક્રમ ન થવા દે તેવું જ્ઞાન તે સમભિરુઢનય.

भाष्यम्- तेषामेव व्यञ्जनार्थयोरन्योऽन्यापेक्षार्थग्राहित्वमेवम्भूत इति ॥
અર્થ- તેમાંના જ [સમભિરુઢનયે ગ્રહણ કરેલા પદાર્થમાંના જ પદાર્થો જે એકબીજામાં સંક્રમ ન થવા દે તે પદાર્થો] શબ્દ અને પદાર્થની પરસ્પરની અપેક્ષાપૂર્વક જ તે ઘડા-પદાર્થનું જે અમુક એક પ્રકારનું

૧. વિતર્કધ્યાનવત્- જો કે શુક્લધ્યાનના પહેલા ભેદમાં પણ વિતર્કશબ્દ છે. પરંતુ તે વિતર્ક અહીં લેવાનો નથી. કારણકે તે સંક્રમ છે. પણ જે બીજો ભેદ જે સંક્રમ નથી તે 'વિતર્કધ્યાનવત્' અહીં લેવુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન થાય છે તે એવમ્ભૂતનય.[1]

भाष्यम्- अत्राह-एवमिदानीमेकस्मिन्नर्थेऽध्यवसायनानात्वात् ननु विप्रतिपत्तिप्रसङ्ग इति, अत्रोच्यते,
અર્થ- શંકાકાર અહીં કહે છે કે (આપશ્રીએ કહ્યું) એ પ્રમાણે એક જ પદાર્થમાં જૂદીજૂદી ઘણી જાતની વિચારણા હોવાથી વિવાદ (ગેરસમજ) ઉભા થવાનો પ્રસંગ બનશે. (ઉત્તરકાર)-અહીં કહેવાય છે.

भाष्यम्- यथा सर्वमेकं सदविशेषात्, सर्वं द्वित्वं जीवाजीवात्मकत्वात्, सर्वं त्रित्वं द्रव्यगुण-पर्यायावरोधात्, सर्वं चतुष्ट्वं चतुर्दर्शनविषयावरोधात्, सर्वं पञ्चत्वमस्तिकायावरोधात्, सर्वं षट्त्वं षड्द्रव्यावरोधादिति, यथैता न विप्रतिपत्तयः अथ चाध्यवसायस्थानान्तराण्येतानि, तद्वन्नयवादा इति।
અર્થ- જેમકે, સર્વ પદાર્થો સામાન્યથી સત્ રૂપે એક છે (વિશેષતા ન હોવાથી). સર્વે પદાર્થો જીવ-અજીવ એમ (વિવક્ષા હોવાથી) બે રૂપે છે (સર્વપદાર્થોનો બેમાં સમાવેશ થઈ જાય છે.) સર્વે પદાર્થો દ્રવ્યગુણપર્યાયની અપેક્ષાએ ત્રણ છે. સર્વે પદાર્થો ચાર દર્શન (ચક્ષુદર્શનાદિ) ના વિષયની અપેક્ષાએ ચાર છે. સર્વેપદાર્થો પંચાસ્તિકાયની અપેક્ષાએ પાંચ છે. સર્વ પદાર્થો ષડ્દ્રવ્યની અપેક્ષાએ છ છે. જેમ આમાં ગેરસમજ (વિવાદ) નથી થતી. માત્ર જૂદી જૂદી વિચારણા (અપેક્ષાઓ) છે. તેમ તે પ્રમાણે નયવાદો પણ છે.

भाष्यम्- किंचान्यत्, यथा मतिज्ञानादिभिः पञ्चभिर्ज्ञानैर्धर्मादीनामस्तिकायानामन्यतमोऽर्थः पृथक् पृथगुपलभ्यते पर्यायविशुद्धिविशेषादुत्कर्षेण, न च ता विप्रतिपत्तयः, तद्वन्नयवादाः।
અર્થ- વળી, જેમ મતિજ્ઞાનાદિ પાંચેય જ્ઞાનો વડે ધર્માસ્તિકાયાદિ કોઈ એક પદાર્થ જૂદી જૂદી રીતે જાણી શકાય છે. વળી પર્યાયવિશુદ્ધિની વિશેષતાથી ઘણી સારી રીતે જાણી શકાય છે. તેમાં ગેરસમજ નથી ઉભી થતી. તેમ નયવાદો પણ છે.

भाष्यम्- यथा वा प्रत्यक्षानुमानोपमानाप्तवचनैः प्रमाणैरेकोऽर्थः प्रमीयते स्वविषयनियमात् न च ता विप्रतिपत्तयो भवन्ति, तद्वन्नयवादा इति।
અર્થ- અથવા, જેમ-એકજ પદાર્થ પોતપોતાના વિષયની મર્યાદાનુસાર પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આપ્તવચન, (વગેરે જૂદા જૂદા) પ્રમાણો વડે જાણી શકાય છે અને તે વિવાદરૂપ (ગેરસમજ કારક) નથી. તેમ નયવાદો પણ જાણવા.

भाष्यम्- आह च-नैगमशब्दार्थानामेकानेकार्थनयगमापेक्षः। देशसमग्रग्राही व्यवहारी नैगमो ज्ञेयः।१।
અર્થ- જૂદા જૂદા દેશમાં વપરાયેલ શબ્દો અને અર્થોના એક (વિશેષરૂપ) અને અનેક (સામાન્યરૂપ) ને પ્રકાશન કરવારૂપ પ્રકારની અપેક્ષાવાળો વ્યવહાર કરનાર દેશગ્રાહી અને સમગ્રગાહી (એમ બે

૧. અર્થક્રિયા યુક્ત હોય તેવા જ્ઞાનને એવમ્ભૂતનય કહે છે. વિચારોની સૂક્ષ્મતાની પરાકાષ્ઠા આ નયમાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકારે) નૈગમનય જાણવો.

भाष्यम्- यत् संगृहीतवचनं सामान्ये देशतोऽथ च विशेषे। तत्संग्रहनयनियतं ज्ञानं विद्यान्नयविधिज्ञः।२।
અર્થ- નયભેદને જાણનાર (વ્યક્તિ) જે સામાન્યમાં, સામાન્યવિશેષમાં કે વિશેષમાં સંગ્રહ કરેલ વચનરૂપ જ્ઞાનને સંગ્રહનયમાં નિયત જાણે.

भाष्यम्- समुदायव्यक्त्याकृतिसत्तासंज्ञादिनिश्चयापेक्षम् । लोकोपचारनियतं व्यवहारं विस्तृतं विद्यात्॥३॥
અર્થ- સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા (સામાન્ય), સંજ્ઞા (નામ-સ્થાપનાદિ) વગેરેના નિશ્ચયની અપેક્ષાવાળો અને લોકોપચારથી નિષ્પન્ન તે વ્યવહારનયને જાણવો.

भाष्यम्- साम्प्रतविषयग्राहकमृजुसूत्रनयं समासतो विद्यात् । विद्याद्यथार्थशब्दं विशेषितपदं तु शब्दनयम्॥४॥
અર્થ- ટૂંકાણમાં-વર્તમાનકાળના પદાર્થને (જ્ઞેયને) ગ્રહણ કરનાર તે ઋજુસૂત્રનય જાણવો. વિશેષિત[1] જ્ઞાન છે જેનાથી એવા અર્થને અનુસારે શબ્દવાળા શબ્દનયને જાણવો.

भाष्यम्- अत्राह-अथ जीवो नोजीवः अजीवो नोऽजीव इत्याकारिते केन नयेन कोऽर्थः प्रतीयत इति,
અર્થ- જિજ્ઞાસુ અહીં પૂછે કે- હવે જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ એપ્રમાણે કહે છતે-કયા નય વડે-શો અર્થ જણાય છે ?

भाष्यम्- अत्रोच्यते । जीव इत्याकारिते नैगमदेशसंग्रहव्यवहारर्जुसूत्रसाम्प्रतसमभिरूढैः पञ्चस्वपि गतिष्वन्यतमो जीव इति प्रतीयते, कस्मात् ?, एते हि नया जीवं प्रत्यौपशमिकादियुक्तभावग्राहिणः, नोजीव इत्यजीवद्रव्यं जीवस्य वा देशप्रदेशौ, अजीव इत्यजीवद्रव्यमेव, नोऽजीव इति जीव एव तस्य वा देशप्रदेशाविति ।
અર્થ- (ઉત્તરકાર)-અહીં કહેવાય છે. 'જીવ' એ પ્રમાણે કહે છતે- નૈગમદેશગ્રાહિ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, સામ્પ્રત, સમભિરુઢ- આ (સમગ્રગ્રાહી નૈગમનય તથા એવમ્ભૂત સિવાયના બધાય) નયો વડે 'પાંચેય ગતિમાં રહેલો કોઈ પણ એક જીવ' એમ જણાય છે (સમજાય છે). (જિજ્ઞાસુ) શાથી ? (ઉત્તરકાર-) આ નયો (દેશગ્રાહીનૈગમ, સંગ્રહાદિ) જીવનો સ્વીકાર કરીને ઔપશમિકાદિ ભાવયુક્ત પદાર્થને ગ્રહણ કરનાર છે. નોજીવ એટલે અજીવદ્રવ્ય છે અથવા જીવના દેશ અને પ્રદેશ (તે નોજીવ.) અજીવ એટલે અજીવદ્રવ્ય જ જાણવું. નોઅજીવ એટલે જીવદ્રવ્ય જ જાણવું.

૧. લિંગ, કારક, વિભક્તિ, ઉપસર્ગ વિગેરે ભેદે વિશેષ અર્થ નીકળતો હોય તે વિશેષિત. દા. ત. ઘડો-ઘડી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- एवम्भूतनयेन तु जीव इत्याकारिते भवस्थो जीवः प्रतीयते, कस्मात् ?, एष हि नयो जीवं प्रत्यौदयिकभावग्राहक एव, जीवतीति जीवः, प्राणिति प्राणान् धारयतीत्यर्थः, तच्च जीवनं सिद्धे न विद्यते, तस्माद्भवस्थ एव जीव इति, नोऽजीव इत्यजीवद्रव्यं सिद्धो वा, अजीव इत्यजीवद्रव्यमेव, नोऽजीव इति भवस्थ एव जीव इति ।

અર્થ- એવમ્ભૂતનયથી તો 'જીવ' એવું કહે છતે સંસારમાં રહેલો જીવ જણાય છે. પ્રશ્ન- શાથી ? ઉત્તર- આ નય જીવનો સ્વીકાર કરીને ઔદયિકભાવ જ ગ્રહણ કરનાર છે. જીવે છે તે જીવ. એટલે કે પ્રાણોને ધારણ કરે છે તે પ્રાણી (જીવ.) એ પ્રમાણે તે (પ્રાણધારણ રૂપ) જીવન સિદ્ધમાં નથી હોતું. તેથી સંસારમાં રહેલો તે જ જીવ (એમ એવમ્ભૂતનય કહે છે.) નોજીવ એટલે અજીવ દ્રવ્ય અથવા સિદ્ધભગવંત (સિદ્ધ દશપ્રાણપૈકી કોઈ પણ પ્રાણધારણ કરતા નથી. એટલે) અજીવ એટલે અજીવદ્રવ્ય જ. નોઅજીવ એટલે સંસારમાં રહેલો જ જીવ.

भाष्यम्- समग्रार्थग्राहित्वाच्चास्य नयस्य नानेन देशप्रदेशौ गृह्येते, एवं जीवौ जीवा इति द्वित्वबहुत्वाकारितेष्वपि, सर्वसंग्रहणे तु जीवो नोजीवः अजीवो नोऽजीवः जीवौ नोजीवौ अजीवौ नोऽजीवौ इत्येकद्वित्वाकारितेषु शून्यम्, कस्मात् ?,

અર્થ- આ નય (એવમ્ભૂતનય) સમગ્રપદાર્થને ગ્રહણ કરતો હોવાથી આ નય વડે નો શબ્દથી દેશ-પ્રદેશ ગ્રહણ કરતાં નથી. એ પ્રમાણે બે જીવો, ઘણાં જીવો એમ દ્વિવચન કે બહુવચનથી કહે છતે પણ સમજવું- સર્વસંગ્રહનયની અપેક્ષાએ તો જીવ-નોજીવ, અજીવ-નોઅજીવ, બે જીવો-બે નોજીવો, બે અજીવો-બે નોઅજીવો એમ એકવચન કે દ્વિવચનના ભાંગા સંભવતા જ નથી. (પ્રશ્ન) શાથી ?

भाष्यम्- एष हि नयः संख्यानन्त्याज्जीवानां बहुत्वमेवेच्छति यथार्थग्राहि, शेषास्तु नया जात्यपेक्षमेकस्मिन् बहुवचनत्वं बहुषु च बहुवचनं सर्वाकारितग्राहिण इति, एवं सर्वभावेषु नयवादाधिगम कार्यः ॥

અર્થ- આ (સર્વસંગ્રહ) નય-(પાંચેય ગતિનામળી) જીવોની સંખ્યા અનંત હોવાથી બહુપણું જ સ્વીકારે છે અને ત્યારે તે યથાર્થગ્રાહી ગણાય છે. બીજા નયો જાતિની અપેક્ષાએ એકમાં બહુવચન અને ઘણાં માં પણ બહુવચન સ્વીકારી ત્રણેય વચન વડે બોલાવાયેલ પદાર્થ ગ્રહણ કરે છે. આ પ્રમાણે સર્વ પદાર્થમાં નયવાદનું જ્ઞાન કરવું.

भाष्यम्- अत्राह-अथ पञ्चानां ज्ञानानां सविपर्यायाणां कानि को नयः श्रयत इति ? अत्रोच्यते,

અર્થ- અહીં જિજ્ઞાસુ પૂછે છે કે વિપર્યય (અજ્ઞાન) સહિત પાંચેય જ્ઞાનોમાંના કયા જ્ઞાનનો સ્વીકાર કયો નય કરે છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- नैगमादयस्त्रयः सर्वाण्यष्टौ श्रयन्ते, ऋजुसूत्रनयो मतिज्ञानमत्यज्ञानवर्जानि षट् ।
અર્થ- નૈગમાદિ ત્રણનયો આઠે આઠ (પ્રાંચ જ્ઞાન + ૩ અજ્ઞાન) નો આશ્રય કરે છે. (સ્વીકારે છે.) ઋજુસૂત્રનય મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન સિવાય છ નો સ્વીકાર કરે છે.

भाष्यम्- अत्राह-कस्मात् मतिं सविपर्ययां न श्रयत इति ?, अत्रोच्यते, श्रुतस्य सविपर्ययस्योपग्रहत्वात् । शब्दनयस्तु द्वे एव श्रुतज्ञानकेवलज्ञाने श्रयते ।
અર્થ- શંકાકાર અહીં કહે છે કે શા માટે મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને (ઋજુસૂત્રનય) નથી સ્વીકારતો ? ઉત્તરકાર- અહીં કહેવાય છે. મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન એ બંનેય વિપર્યયસહિત શ્રુતજ્ઞાનના મદદગાર છે. (જયારે) શબ્દનય તો શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનને જ સ્વીકારે છે.

भाष्यम्- अत्राह कस्मान्नेतराणि श्रयत इति, अत्रोच्यते, मत्यवधिमनःपर्यायाणां श्रुतस्यैवोपग्राहकत्वात्, चेतनाज्ञस्वाभाव्याच्च सर्वजीवानां नास्य कश्चिन् मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते, तस्मादपि विपर्ययान्न श्रयत इति, अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यमभ्यनुज्ञायत इति ।
અર્થ- શંકાકાર અહીં કહે છે કે શા માટે (શબ્દનય) બીજા જ્ઞાનો (શ્રુત-કેવલ સિવાયના) નો સ્વીકાર નથી કરતો ? (ઉત્તરકાર)- કહેવાય છે અહીં. મતિ-અવધિ અને મન:પર્યયજ્ઞાન એ શ્રુતજ્ઞાનને જ ઉપકાર કરનાર છે તેથી. અને સર્વજીવોનો ચેતના અને જ્ઞસ્વભાવ હોવાથી તે (શબ્દનય) ના મતે કોઈ મિથ્યાદ્રષ્ટિ કે અજ્ઞાની છે જ નહિ. તેથી પણ વિપર્યય (અજ્ઞાન) ને સ્વીકાર્યો નથી. અને આથી જ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આપ્તવચનને પણ (આ નય) પ્રમાણભૂત સ્વીકારે છે.

भाष्यम्- आह च-विज्ञायैकार्थपदान्यर्थपदानि च विधानमिष्टं च । विन्यस्य परिक्षेपान्नयैः परीक्ष्याणि तत्त्वानि ॥१॥
ज्ञानं सविपर्यासं त्रयः श्रयन्त्यादितो नयाः सर्वम् । सम्यग्दृष्टेर्ज्ञानं मिथ्यादृष्टेर्विपर्यासः ॥२॥
ऋजुसूत्रः षट् श्रयते मतेः श्रुतोपग्रहादनन्यत्वात् । श्रुतकेवले तु शब्दः श्रयते नान्यच्छ्रुताङ्गत्वात् ॥३॥
मिथ्यादृष्ट्यज्ञाने न श्रयते नास्य कश्चिदज्ञोऽस्ति । ज्ञस्वाभाव्याद् जीवो मिथ्यादृष्टिर्न चाप्यज्ञः ॥४॥
इति नयवादाश्चित्राः क्वचिद्विरुद्धा इवाथ च विशुद्धाः । लौकिकविषयातीतास्तत्त्वज्ञानार्थमधिगम्याः ॥५॥ ॥३५॥
અર્થ- પર્યાયવાચી શબ્દો, અર્થપદ (નિરુકતાર્થ પદો), વિધાન (નામ સ્થાપનાદિ), ઈષ્ટ (નિર્દેશ, સ્વામિત્વ આદિ-સત્સંખ્યાદિ) જાણીને સંપૂર્ણપણે નયો દ્વારા તત્ત્વો સ્થાપી પરીક્ષા કરવા યોગ્ય છે. ॥૧॥

પહેલા ત્રણ નયો (નૈગમ-સંગ્રહ-વ્યવહારનય) સર્વજ્ઞાન (પાંચેય જ્ઞાન) અને અજ્ઞાન (ત્રણેય અજ્ઞાન)નો સ્વીકાર કરે છે. એટલે સમ્યગ્દષ્ટિના જ્ઞાનો અને મિથ્યાદ્રષ્ટિના અજ્ઞાનો જાણવા. ॥૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઋજુસૂત્રનય મતિ (જ્ઞાન-અજ્ઞાન) તે શ્રુતના ઉપકારક ગણતો હોવાથી તેને (મતિને) જૂદા ન માનતા છ (૪ જ્ઞાન + ૨ અજ્ઞાન) નો સ્વીકાર કરે છે અને શબ્દનય તો બીજા જ્ઞાનો શ્રુતજ્ઞાનના અંગ હોવાથી માત્ર શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનને જ સ્વીકારે છે ।।૩।।

વળી આ નય જીવ જ્ઞસ્વભાવી હોવાથી મિથ્યાદ્રષ્ટિ કે અજ્ઞાનનો સ્વીકાર કરતો નથી. (તેના મત અનુસાર કોઈપણ જીવ અજ્ઞાની કે મિથ્યાદ્રષ્ટિ નથી.) ।।૪।।

આ પ્રમાણે નયવાદો બહુ સ્વરૂપવાળા (વિચિત્ર) છે. કયારેક વિરુદ્ધ જેવા જણાય છે. છતાં (પોતપોતાના વિષયોમાં) વિશુદ્ધ છે. લૌકિક (વૈશેષિક વગેરે) ના વિષયને ઓળંગી ગયેલ છે. (અર્થાત્ તે વૈશેષિકાદિ દર્શનના વિષયમાં નયવાદ નથી) માટે તત્ત્વજ્ઞાન કરવા માટે (નયો) જાણવા જેવા છે. ।।૫।। ।।૩૫।।

## ઉપસંહાર-

પૂ. ઉમાસ્વાતિજી ભગવંતે મુમુક્ષુ આત્માઓ માટે રચેલ આ ગ્રન્થની સુંદરતા અત્યુત્તમ છે.

જૈન શાસનના અદ્દભૂત તત્ત્વોનું નિરુપણ આ ગ્રન્થમાં અનુપમ શૈલીથી સમાપન્ન થયું છે. પ્રથમ સૂત્રનો સંબંધં તમામે તમામ સૂત્ર સાથે સંકળાયેલો છે. શરૂઆતમાં જ જૈન શાસનના પરમ ધ્યેય-શુદ્ધ સાધ્ય એવા મોક્ષ પદનું નિરૂપણ કર્યું. ત્યાર બાદ સમ્યગ્ દર્શન, તેના કારણ, જૈનશાસનના તત્ત્વ, પદાર્થને ઓળખવાના રસ્તા, પ્રમાણ-નયનો નિર્દેશ, પદાર્થોની વિશેષ સમજણ માટે વિવિધ પ્રશ્નો પૂછવાની તરકીબ, જ્ઞાનનો ભેદ-પ્રભેદ, પ્રત્યક્ષ-પરોક્ષની વિચારણા, જ્ઞાન સંબંધિ સુંદરતમ સમજણ તેમજ તરતમતા, અજ્ઞાનનું સ્વરૂપ, ઈત્યાદિ બાબતોનું સુંદર વર્ણન કર્યા બાદ આ અધ્યાયને અંતે નયનું વર્ણન કરી આ અધ્યાયની સમાપ્તિ કરી છે.

કુલ સૂત્ર ૩૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## द्वितीयोऽध्याय: - અધ્યાયબીજો

भाष्यम्- अत्राह-उक्तं भवता जीवादीनि तत्त्वानीति, तत्र को जीवः कथंलक्षणो वेति ?, अत्रोच्यते–
અર્થ- જિજ્ઞાસુ અહીં પ્રશ્ન કરે છે કે આપશ્રીએ જીવાદિ તત્ત્વો સમજાવ્યાં. તેમાં જીવ એટલે કોણ ? અથવા તેનું લક્ષણ શું ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં.

**सूत्रम्- औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ॥२-१॥**

અર્થ- ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિક (મિશ્ર) ભાવ-એ જીવના સ્વતત્ત્વ સ્વરૂપ છે અને ઔદયિક, પારિણામિક પણ (સ્વતત્ત્વ સ્વરૂપ છે.)

भाष्यम्- औपशमिकः क्षायिकः क्षायोपशमिक औदयिकः पारिणामिक इत्येते पञ्च भावा जीवस्य स्वतत्त्वं भवन्ति ॥१॥
અર્થ- ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક આ પ્રમાણે આ પાંચભાવો જીવના સ્વતત્ત્વ (સ્વરૂપ) છે. ॥૧॥

**सूत्रम्- द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ॥२-२॥**

અર્થ- (ઔપશમિકાદિ ભાવો) અનુક્રમે બે-નવ-અઢાર-એકવીસ અને ત્રણ ભેદવાળા છે.

भाष्यम्- एते औपशमिकादयः पञ्च भावाः द्विनवाष्टादशैकविंशतित्रिभेदा भवन्ति, तद्यथा-औपशमिको द्विभेदः क्षायिको नवभेदः क्षायोपशमिकोऽष्टादशभेदः औदयिक एकविंशतिभेदः पारिणामिकस्त्रिभेद इति, यथाक्रममिति येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः ॥२॥
અર્થ- ઔપશમિકાદિ પાંચભાવો બે-નવ-અઢાર-એકવીસ અને ત્રણ ભેદવાળા છે. જેમકે,
★ ઔપશમિકભાવ - બે ભેદવાળો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

★ ઔપશમિક ભાવ – ૨ ભેદવાળો
★ ક્ષાયિકભાવ - નવ ભેદવાળો
★ ક્ષાયોપશમિકભાવ - અઢાર ભેદવાળો
★ ઔદયિકભાવ - એકવીસ ભેદવાળો
★ પારિણામિકભાવ - ત્રણ ભેદવાળો
કુલ – ૫૩

યથાક્રમ એટલે અનુક્રમે-જે સૂત્ર (**औपशमिक क्षायिकौ** ।।૨-૧।।) ના અનુસાર આગળ કહીશું ।।૨।।

## सूत्रम्- सम्यक्त्वचारित्रे ।।२-३।।

અર્થ- સમ્યક્ત્વ (તત્ત્વરૂચિ) અને ચારિત્ર (સદ્ અસત્ ક્રિયાની પ્રવૃત્તિ-નિવૃત્તિ) એ બે ભેદવાળો ઔપશમિક ભાવ છે.

भाष्यम्- सम्यक्त्वं चारित्रं च द्वावौपशमिको भावौ भवत इति ।।३।।
અર્થ-સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે ઔપશમિકભાવ છે. ।।૩।।

## सूत्रम्- ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ।।२-४।।

અર્થ-જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય (આ સાત તથા ચ શબ્દથી) સમ્યક્ત્વ અને ચારિત્ર (સૂત્ર નં. ૨-૩ માં નિર્દિષ્ટ) આ નવ ભેદવાળો ક્ષાયિકભાવ છે.

भाष्यम्- ज्ञानं दर्शनं दानं लाभो भोग उपभोगो वीर्यमित्येतानि च सम्यक्त्वचारित्रे च नव क्षायिका भावा भवन्तीति ।।४।।
અર્થ- કેવળજ્ઞાન, કેવળદર્શન, દાન (**अनुग्रहार्थं-स्वस्यातिसर्गोदानम् ७-३३**), લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય તથા સમ્યક્ત્વ અને ચારિત્ર આ નવ ક્ષાયિકભાવ છે. ।।૪।।

## सूत्रम्- ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपंचभेदाः यथाक्रमं-सम्यक्त्वचारित्र संयमासंयमाश्च ।।२-५।।

અર્થ- જ્ઞાન, અજ્ઞાન, દર્શન, દાનાદિલબ્ધિ અનુક્રમે ચાર, ત્રણ, ત્રણ, પાંચ ભેદે તથા સમ્યક્ત્વ-ચારિત્ર અને દેશવિરતિ. આ ક્ષાયોપશમિકભાવો છે. (૧૮)

भाष्यम्- ज्ञानं चतुर्भेदं-मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मनःपर्यायज्ञानमिति, अज्ञानं त्रिभेदं-मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्गज्ञानमिति, दर्शनं त्रिभेदं-चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनमिति, लब्धयः पञ्चविधा दानलब्धिर्लाभलब्धिर्भोगलब्धिरुपभोगलब्धिर्वीर्यलब्धिरिति, सम्यक्त्वं चारित्रं संयमासंयम इत्येतेऽष्टादश क्षायोपशमिका भावा भवन्तीति ।।५।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- જ્ઞાન ચારેભેદવાળું- (૧) મતિજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અવધિજ્ઞાન અને (૪) મનઃપર્યાયજ્ઞાન.
અજ્ઞાન ત્રણ ભેદવાળું- (૧) મતિ અજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન અને (૩) વિભંગજ્ઞાન.
દર્શન ત્રણ ભેદવાળું- (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન અને (૩) અવધિદર્શન.
લબ્ધિઓ પાંચભેદે- (૧) દાનલબ્ધિ (૨) લાભલબ્ધિ (૩) ભોગલબ્ધિ (૪) ઉપભોગલબ્ધિ અને (૫) વીર્યલબ્ધિ.

(આ ૪ + ૩ + ૩ + ૫ = ૧૫ ભેદ તથા) સમ્યક્ત્વ, ચારિત્ર અને દેશવિરતિ (સંયમાસંયમ) એમ આ અઢારે ક્ષાયોપશમિકભાવો છે. ॥૫॥

## सूत्रम्- गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिध्दत्वलेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकष-ड्भेदाः ॥२-६॥

અર્થ- ચાર ગતિ, ચાર કષાય, ત્રણ ભેદ, એક મિથ્યાદર્શન, એક અજ્ઞાન, એક અસંયતપણું, એક અસિદ્ધત્વ, છ લેશ્યા (૪ + ૪ + ૩ + ૧ + ૧ + ૧ + ૧ + ૬ = ૨૧) આ ભેદો ઔદયિકભાવના છે.

भाष्यम्- गतिश्चतुर्भेदा नारकतैर्यग्योनमनुष्यदेवा इति, कषायश्चतुर्भेदः क्रोधी मानी मायी लोभीति, लिङ्गं त्रिभेदं-स्त्री पुमान्नपुंसकमिति, मिथ्यादर्शनमेकभेदं मिथ्यादृष्टिरिति, अज्ञानमेकभेदमज्ञानीति, असंयतत्वमेकभेदमसंयतोऽविरत इति, एकभेदमसिद्धत्वमिति, लेश्याः षड्भेदाः-कृष्णलेश्या नीललेश्या कापोतलेश्या तेजोलेश्या पद्मलेश्या शुक्ललेश्या, इत्येते एकविंशतिरौदयिकभावा भवन्ति ॥६॥

અર્થ- ગતિ ચાર પ્રકારે-નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવો. કષાય ચાર પ્રકારે-ક્રોધી, માની, માયી અને લોભી. લીંગ ત્રણ ભેદે- સ્ત્રી, પુરુષ અને નપુંસક. મિથ્યાદર્શન એકભેદે-મિથ્યાદ્રષ્ટિ. અજ્ઞાન એક ભેદે-અજ્ઞાની. અસંયતપણું એક ભેદે-અસંયત અથવા અવિરતિ. અસિદ્ધપણું એક ભેદ-અસિદ્ધ. એક ભેદ એટલે એક પ્રકારે. છ લેશ્યા છ ભેદે-કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા આ પ્રમાણે આ એકવીશ (ભેદે) ઔદયિકભાવો છે. ॥૬॥

## सूत्रम्- जीवभव्याभव्यत्वादीनि च ॥२-७॥

અર્થ- જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વાદિ ભેદો પારિણામિકભાવના છે.

भाष्यम्- जीवत्वं भव्यत्वमभव्यत्वमित्येते त्रयः पारिणामिका भावा भवन्तीति, आदिग्रहणं किमर्थमिति ?, अत्रोच्यते, अस्तित्वमन्यत्वं कर्तृत्वं भोक्तृत्वं गुणवत्त्वमसर्वगतमनादिकर्मसन्तान-बद्धत्वं प्रदेशवत्त्वमरूपत्त्वं नित्यत्वमित्येवमादयोऽप्यनादिपारिणामिका जीवस्य भावा भवन्ति, धर्मादिभिस्तु समाना इत्यादिग्रहणेन सूचिताः, ये जीवस्यैव वैशेषिकास्ते स्वशब्देनोक्ता इति, एते पञ्च भावास्त्रिपञ्चाशद्भेदा जीवस्य स्वतत्त्वं भवन्ति, अस्तित्वादयश्च किंचान्यत् ! ॥२-७॥


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ પ્રમાણે આ ત્રણ પારિણામિક ભાવો છે. 'આદિ' શબ્દગ્રહણનું શું પ્રયોજન ? તે અહીં કહેવાય છે. અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ (શરીરવ્યાપી આત્મા હોવાથી, સિદ્ધભગવંતો અંતિમ સ્વ શરીરના ૨/૩ ભાગમાં અવગાહી રહેલ હોવાથી), અનાદિ કર્મસન્તાન, બદ્ધત્વ (અનાદિકાળથી કર્મ પરંપરા બાંધવાપણું), પ્રદેશવત્ત્વ, અરૂપત્વ, નિત્યત્વ (**तद्भावाव्ययं नित्यं ।।५-३०।।**) આ પ્રમાણે આદિથી ગ્રહણ કરેલા અનાદિ પારિણામિકભાવો જીવના પણ છે. જે ધર્માદિ ની સમાન છે તે આદિ ગ્રહણ થી સૂચવ્યા છે. પરન્તુ જે ભાવો વિશેષ કરીને જીવના જ છે તે સ્વશબ્દ વડે કહ્યા છે. એ પ્રમાણે ત્રેપન (૫૩) ભેદવાળા આ પાંચભાવો[1] જીવનું સ્વતત્ત્વ (સ્વરૂપ) છે અને અસ્તિત્વ આદિ પણ. ।।૭।।

## सूत्रम्- उपयोगो लक्षणम् ।।२-८।।

અર્થ- ઉપયોગ (એ જીવનું) લક્ષણ છે.

भाष्यम्- उपयोगो लक्षणं जीवस्य भवति ।।८।।

અર્થ- ઉપયોગ એ લક્ષણ જીવનું છે (ઉપયોગ જીવ સિવાય કોઈનામાં નથી હોતો અને ઉપયોગ વિનાનો જીવ નથી હોતો. માટે લક્ષણ કહેવાય છે. ઉપયોગ એટલે ઈષ્ટ-અનિષ્ટ તરફ પ્રવૃત્તિ-નિવૃત્તિની સમજ.) ।।૮।।

## सूत्रम- स द्विविधोष्टचतुर्भेदः ।।२-९।।

અર્થ- આઠ અને ચાર એમ બે પ્રકારે તે (ઉપયોગ) છે.

भाष्यम्- स उपयोगो द्विविधः-साकारोऽनाकारश्च, ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः, स पुनर्यथासङ्ख्यमष्टचतुर्भेदो भवति, ज्ञानोपयोगोऽष्टविधः, तद्यथा-मतिज्ञानोपयोगः श्रुतज्ञानोपयोगः अवधिज्ञानोपयोगो मनःपर्यायज्ञानोपयोगः केवलज्ञानोपयोगो मत्यज्ञानोपयोगः श्रुताज्ञानोपयोगो विभङ्गज्ञानोपयोग इति, दर्शनोपयोगश्चतुर्भेदः, तद्यथा-चक्षुर्दर्शनोपयोगः अचक्षुर्दर्शनोपयोगः अवधिदर्शनोपयोगः केवलदर्शनोपयोग इति ।।९।।

---

૧. ભાવોના ભાંગા-

✡ ક્ષાયિક-પારિણામિક (૨)-સિદ્ધભગવંતને.-પંચમગતિમાં.

✡ ક્ષાયોપશમિક- ઔદયિક-ઔપશમિક-પારિણામિક—(૪)-ઉપશમસમકિતિને-ચારે ગતિમાં.

✡ ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક (૪) ક્ષાયિકસમકિતિને-ચારે ગતિમાં.

✡ ક્ષાયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક (૫) ક્ષાયિક સમ. ઉપશમશ્રેણી માંડે ત્યારે-મનુષ્યગતિમાં

✡ ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક (૩)-મિથ્યાત્વી સર્વ તેમજ ક્ષાયોપશમિક સમકિતિને-ચારેગતિમાં.

✡ ક્ષાયિક-ઔદયિક-પારિણામિક (૩)-કેવલીભગવંતને-મનુષ્યગતિમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- તે ઉપયોગો બે પ્રકારે છે (૧) સાકાર અને (૨) નિરાકાર. એટલે જ્ઞાનોપયોગ[1] અને દર્શનોપયોગ[2] એમ જાણવું. વળી, તે અનુક્રમે (જ્ઞાનોપયોગ) આઠ ભેદે અને (દર્શનોપયોગ) ચાર ભેદે છે.

જ્ઞાનોપયોગ આઠ પ્રકારે- (૧) મતિજ્ઞાનોપયોગ, (૨) શ્રુતજ્ઞાનોપયોગ, (૩) અવધિજ્ઞાનોપયોગ, (૪) મન:પર્યાયજ્ઞાનોપયોગ, (૫) કેવળજ્ઞાનોપયોગ, (૬) મતિઅજ્ઞાનોપયોગ, (૭) શ્રુતઅજ્ઞાનોપયોગ અને (૮) વિભંગજ્ઞાનોપયોગ (અવધિઅજ્ઞાનોપયોગ)

દર્શનોપયોગ ચાર પ્રકારે-તે આ રીતે, (૧) ચક્ષુદર્શનોપયોગ, (૨) અચક્ષુદર્શનોપયોગ, (૩) અવધિદર્શનોપયોગ અને (૪) કેવળદર્શનોપયોગ. ॥૯॥

## सूत्रम्- संसारिणो मुक्ताश्च ॥२-१०॥

અર્થ- (જીવો બે પ્રકારે છે) (૧) સંસારીઓ અને (૨) મુકતો.

भाष्यम्- ते जीवाः समासतो द्विविधा भवन्ति-संसारिणो मुक्ताश्च, ॥१०॥ किंचान्यत्–

અર્થ- સંક્ષેપથી (કહીએ તો) તે જીવો બે પ્રકારે છે (૧) સંસારીજીવો અને (૨) મુકત (મોક્ષના) જીવો ॥૧૦॥ વળી બીજું (જીવનો અધિકાર હોવાથી બીજી રીતે જીવના ભેદો કહે છે.)

## सूत्रम्- समनस्कामनस्काः ॥२-११॥

અર્થ- મનવાળા અને મન વગરના (એમ બે પ્રકારે) જીવો હોય છે.

भाष्यम्- समासतस्ते एव जीवा द्विविधा भवन्ति-समनस्काश्च अमनस्काश्च, तान् परस्ताद्वक्ष्यामः ॥११॥

અર્થ- સંક્ષેપથી[3] તે જ જીવો બે પ્રકારના છે (૧) સમનસ્ક (મન સહિત અર્થાત્ સંજ્ઞી અને) (૨) અમનસ્ક (મનરહિત અર્થાત્ અસંજ્ઞી) તેનું (આ સૂત્ર સંબંધિ[4]) વિશેષ વર્ણન આગળ (અ. ૨. સૂ. ૨૫માં) કહીશું. ॥૧૧॥

---

૧. જ્ઞાન = વસ્તુનું સ્વરૂપ વિશેષતયા જાણી શકાય તે. સ્પષ્ટ ખ્યાલ આવી શકતો હોવાથી સાકાર-ઉપયોગ પણ તે જ છે.

૨. દર્શન = પ્રાથમિક સામાન્ય બોધ થતો તે. ખાસ આકાર કે સ્વરૂપનો ભાસ ન થાય માટે નિરાકાર પણ કહે છે.
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારોરે, દર્શનજ્ઞાન દુભેદે ચેતન, વસ્તુગ્રહણ વ્યાપારો રે..૨ (સ્તવન-વાસુપૂજ્ય સ્વામિ, પૂ. આનંદઘનજી.)

૩. સમાસપૂર્વક નિર્દેશ કરેલ હોવાથી અહીં સંસારી જીવો જ લેવાના છે. (कृतसमास निर्देशात् संसारिण एव सम्बन्ध्यते न मुक्ताः, पू. सिद्धसेन सू. टीका)

૪. આ ચાલું સૂત્રરચના અનુસાર વિચારતાં અમનસ્કમાં સિધ્વભગવંતોનો સમાવેશ ઈષ્ટ માન્યો છે. જો કે શાસ્ત્રમાં સિધ્યભગ. ને નોસંજ્ઞી કહ્યા છે (શ્રી પ્રભુદાસ બે. પારેખ)
- સૂત્ર ૧૧ માં બીજી રીતે જીવના બે ભેદ છે. (૧) મનવાળા (૨) મનવગરના. મનના બે ભેદ છે. (૧) દ્રવ્યમન અને (૨) ભાવમન. દ્રવ્યમન મન:પર્યાપ્તિવાલાને હોય. જેને મન:પર્યાપ્તિ નથી તેને ચેતનાના ઉપયોગ માટે ભાવમન તો હોય જ. દ્રવ્યમન (મન:પર્યાપ્તિ) વાળા જીવો સંજ્ઞી કહેવાય છે. દ્રવ્યમન ન હોય પણ ભાવમન હોય તે અસંજ્ઞી કહેવાય. દ્રવ્યમન કે ભાવમન અગર તો બંને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને હોય જ. એકેન્દ્રિય, બેઈન્દ્રય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને દ્રવ્યમન નથી હોતું. સંજ્ઞી પંચેન્દ્રિયને દ્રવ્યમન અને ભાવમન બંને હોય છે, કેવળી ભગવતને એકલું દ્રવ્યમન હોય છે. આ અપેક્ષા એ સિદ્ધપરમાત્મા સિવાય બધા જીવો મનવાળા કહેવાય. તેથી મનવાળા-સંસારીજીવો અને મનરહિત-સિદ્ધના જીવો. એમ અર્થ થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### सूत्रम्- संसारिणस्त्रसस्थावराः ।।२-१२।।

અર્થ- ત્રસ અને સ્થાવર એ સંસારી જીવો છે.

भाष्यम्- संसारिणो जीवा द्विविघा भवन्ति-त्रसाः स्थावराश्च ।।१२।। तत्र

અર્થ- સંસારજીવો બે પ્રકારના છે. (૧) ત્રસ અને (૨) સ્થાવરો ।।૧૨।। (તત્ર થી હવે સ્થાવરનું વર્ણન કરે છે.)

### सूत्रम्- पृथिव्यब्वनस्पतयः स्थावराः ।।२-१३।।

અર્થ- પૃથ્વિ, અપ્ (પાણી) અને વનસ્પતિઓ એ સ્થાવર જીવો છે.

भाष्यम्- पृथिवीकायिका अप्कायिका वनस्पतिकायिका इत्येते त्रिविधाः स्थावरा जीवा भवन्ति, तत्र पृथिवीकायोऽनेकविधः शुद्धपृथिवीशर्करावालुकादिः, अपूकायोऽनेकविधो हिमादिः, वनस्पतिकायोऽनेकविधः शैवलादिः ।।१३।।

અર્થ- પૃથ્વિકાય, અપ્કાય, વનસ્પતિકાય એ ત્રણ પ્રકારે સ્થાવરજીવો છે. તેમાં પૃથ્વિકાય અનેક પ્રકારે છે. જેમકે, શુદ્ધપૃથ્વિ, શર્કરા, વાલુકા આદિ. અપ્કાય અનેક પ્રકારે છે. (જેમકે) હિમ આદિ. વનસ્પતિકાય અનેક પ્રકારે છે. (જેમકે) શેવાલ (લીલ-ફુગ) આદિ. ।।૧૩।।

### सूत्रम्- तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ।।२-१४।।

અર્થ- તેઉ (અગ્નિ), વાઉ (પવન) અને બેઈન્દ્રિય આદિ જીવો ત્રસજીવો છે.

भाष्यम्- तेजःकायिका अङ्गारादयः, वायुकायिका उत्कलिकादयः, द्वीन्द्रियास्त्रीन्द्रियाश्चतुरिन्द्रियाः पञ्चेन्द्रिया इत्येते त्रसा भवन्ति, संसारिणस्त्रसाः स्थावरा इत्युक्ते एतदुक्तं भवति-मुक्ता नैव त्रसाः नैव स्थावरा इति ।।१४।।

અર્થ- તેઉકાય-અંગારા આદિ[1] વાઉકાય-ઉત્કલિક આદિ (તથા) બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય (અને) પંચેન્દ્રિય-એ ત્રસ[2] જીવો છે. સંસારી ત્રસ અને સ્થાવર કહે છતે આ પ્રમાણે કહ્યું છે. મુકત જીવો નથી ત્રસ કે નથી સ્થાવર ।।૧૪।।

### सूत्रम्- पञ्चेन्द्रियाणि ।।२-१५।।

અર્થ- ઈન્દ્રિયો પાંચ છે.

---

૧. તેઉકાય અને વાયુકાય ને ગતિત્રસ કહ્યા છે. તેમને ત્રસ નામકર્મનો ઉદય હોતો નથી. પૃથ્વિકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય-તે પાંચેય ને સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. તેથી સ્થાવર કહેવાય છે.

૨. અંગારાદિ બાદર તેઉકાય છે. બાદર તેઉકાય મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. તેની બહાર ન હોય. સૂક્ષ્મ તેઉકાય સર્વલોકમાં હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- पञ्चेन्द्रियाणि भवन्ति, आरम्भो नियमार्थः षडादिप्रतिषेधार्थश्च, इन्द्रियं-इन्द्रलिङ्गमिन्द्र दृष्टमिन्द्रसृष्टमिन्द्रजुष्टमिन्द्रदत्तमिति वा, इन्द्रो-जीवः सर्वद्रव्येष्वैश्वर्ययोगाद्विषयेषु वा परमैश्वर्ययोगात् तस्य लिङ्गमिन्द्रियं, लिङ्गनात्सूचनात्प्रदर्शनादुपष्टम्भनाद् व्यञ्जनाच्च जीवस्य लिङ्गमिन्द्रियम् ॥१५॥

અર્થ- ઈન્દ્રિયો પાંચ છે. પ્ર. (ઈન્દ્રિયના સ્વરૂપને બતાવતાં) પાંચ ઈન્દ્રિયો છે. એવું શા માટે કહ્યું ?

ઉત્તર- આરંભનિયમ માટે હોય છે. પાંચ છે એમ જણાવવાથી જૈન દર્શનમાં છ ઈન્દ્રિયો વગેરેનો નિષેધ થાય છે. તે જણાવવા पंच શબ્દ મૂકેલ છે. ઈન્દ્ર એટલે જીવ-આત્મા.

ઈન્દ્રિય એટલે આત્મચિહ્ન, આત્માએ દેખેલ, આત્માએ રચેલ, આત્માએ સેવેલ કે આત્માએ આપેલ તે ઈન્દ્રિય. (આવું સૂત્ર પાણિનિ- અ. ૨, સૂત્ર ૯૩ માં છે.)

ઈન્દ્ર એટલે જીવ (આત્મા)

-સર્વદ્રવ્યમાં ઐશ્વર્યવાન્ હોવાથી અથવા તો વિષયોમાં પરમઐશ્વર્યવાળો હોવાથી. તે (જીવ) નું જે ચિહ્ન તે ઈન્દ્રિય. (સર્વ દ્રવ્યોનો ભોગ-ઉપભોગ કરનાર હોવાથી ઐશ્વર્યવાન્ કહેવાય. તેમ જાણવું.) તેનાથી (ચિહ્નથી) પદાર્થને જાણનાર હોવાથી, પદાર્થગ્રહણમાં પ્રવર્તમાન થયેલ હોવાથી, દર્શનલબ્ધિ પ્રાપ્ત કરાયેલ હોવાથી, જ્ઞાન હેતુપણે પરિણત હોવાથી અને પ્રાપ્તપદાર્થને સેવ્યમાન હોવાથી ચિહ્ન વગેરે રૂપ તે ઈન્દ્રિય. ॥૧૫॥

## सूत्रम्- द्विविधानि ॥२-१६॥

અર્થ- ઈન્દ્રિયો બે પ્રકારની છે.

भाष्यम्- द्विविधानीन्द्रियाणि भवन्ति-द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि च ॥१६॥ तत्र-

અર્થ- ઈન્દ્રિયો બે પ્રકારની છે. (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય. ॥૧૬॥ તેમાં...

## सूत्रम्- निवृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥२-१७॥

અર્થ- નિવૃત્તિ અને ઉપકરણ એ દ્રવ્યેન્દ્રિય છે.

भाष्यम्- निर्वृत्तीन्द्रियमुपकरणेन्द्रियं च द्विविधं द्रव्येन्द्रियं, निर्वृत्तिः-अङ्गोपाङ्गनामनिर्वर्तितानीन्द्रियद्वाराणि कर्मविशेषसंस्कृताः शरीरप्रदेशाः, निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया मूलगुणनिर्वर्तनेत्यर्थः, उपकरणं बाह्यमभ्यन्तरं च, निर्वर्तितस्यानुपघातानुग्रहाभ्यामुपकरोति ॥१७॥

અર્થ- નિવૃત્તિ ઈન્દ્રિય અને ઉપકરણ ઈન્દ્રિય એમ બે પ્રકારે દ્રવ્યેન્દ્રિય છે. નિવૃત્તિ એટલે અંગોપાંગનામકર્મના ઉદયથી થયેલ ઈન્દ્રિયના આકારો (દ્વાર) તે. કર્મવિશેષ (ઔદારિક અંગોપાંગ અને નિર્માણનામકર્મ-આ બે કર્મથી) સંસ્કાર કરાયેલ (વિશિષ્ટ અવયવોની રચના વડે બનાવાયેલ) શરીર (ઔદારિક આદિ ) ના (જે) પ્રદેશો તે (નિવૃત્તિ-ઈન્દ્રિય) અર્થાત્ નિર્માણ અને અંગોપાંગનામકર્મના નિમિત્તવાળા મૂળગુણની રચના તે... બનાવાયેલને અનુપઘાત અને અનુગ્રહવડે બાહ્ય અને અભ્યંતર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપકાર કરનાર જે સાધન તે ઉપકરણેન્દ્રિય... ॥૧૭॥

## सूत्रम्- लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥२-१८॥

અર્થ- લબ્ધિ (ક્ષયોપશમરૂપ) અને ઉપયોગ એ ભાવેન્દ્રિય છે.

भाष्यम्- लब्धिः उपयोगश्च भावेन्द्रियं भवति, लब्धिर्नाम गतिजात्यादिनामकर्मजनिता तदावरणीय-कर्मक्षयोपशमजनिता चेन्द्रियाश्रयकर्मोदयनिर्वृत्ता च जीवस्य भवति, सा पञ्चविधा, तद्यथा- स्पर्शनेन्द्रियलब्धिः रसनेन्द्रियलब्धिः घ्राणेन्द्रियलब्धिः चक्षुरिन्द्रियलब्धिः श्रोत्रेन्द्रियलब्धिरिति ॥१८॥

અર્થ- લબ્ધિ (ઈન્દ્રિય આવરણકર્મના ક્ષયોપશમરૂપ) અને ઉપયોગ (સ્વવિષય-વ્યાપારમાં એકાગ્રતા રૂપ શક્તિ) તે ભાવેન્દ્રિય છે. લબ્ધિ-ગતિ, જાતિ આદિ નામકર્મથી ઉત્પન્ન થયેલ અને તદાવરણીય કર્મના ક્ષાયોપશમથી ઉત્પન્ન થયેલ તેમજ ઈન્દ્રિયના આશ્રયભૂત કર્મોદયથી રચાયેલ (જે, તે) લબ્ધિ જીવને હોય છે. તે (લબ્ધિ) પાંચ પ્રકારે- તે આ રીતે, (૧) સ્પર્શનેન્દ્રિય લબ્ધિ, (૨) રસનેન્દ્રિય લબ્ધિ, (૩) ઘ્રાણેન્દ્રિય લબ્ધિ, (૪) ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અને (૫) શ્રોત્રેન્દ્રિય લબ્ધિ. ॥૧૮॥

## सूत्रम्- उपयोगः स्पर्शादिषु ॥२-१९॥

અર્થ- મતિજ્ઞાન-ઉપયોગરૂપ ભાવેન્દ્રિય સ્પર્શાદિ માં પ્રવર્તે છે. (અથવા એકાગ્રતારૂપ ઉપયોગ સ્પર્શાદિમાં હોય છે.)

भाष्यम्- स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः, उक्तमेतदुपयोगो लक्षणम्', उपयोगः प्रणिधान-मायोगस्तद्भावः परिणाम इत्यर्थः । एषां च सत्यां निर्वृत्तावुपकरणोपयोगौ भवतः, सत्यां च लब्धौ निर्वृत्त्युपकरणोपयोगा भवन्ति, निर्वृत्त्यादीनामेकतराभावेऽपि विषयालोचनं न भवति ॥१९॥

अत्राह-उक्तं भवता पञ्चेन्द्रियाणीति, तत्कानि तानीन्द्रियाणि इति ?, उच्यते–

અર્થ- મતિજ્ઞાનોપયોગ સ્પર્શાદિકમાં હોય છે. **उपयोगो लक्षणम्** (સૂ.૮-અ.૨) માં આ કહ્યું છે. ઉપયોગ એટલે પ્રણિધાન, આયોગ એટલે-સ્વવિષયની મર્યાદાવડે સ્પર્શાદિ ભેદને જણાવનાર અર્થાત્ જીવનો વિદ્યમાન ભાવરૂપ પરિણામ. આ ચાર ભેદોમાંની નિવૃત્તિ ઈન્દ્રિય હોતે છતે ઉપકરણ અને ઉપયોગ હોય છે અને લબ્ધિઈન્દ્રિય હોતે છતે નિવૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ હોય છે. નિવૃત્તિ આદિમાંના એકનો પણ અભાવ હોતે છતે વિષયનું જ્ઞાન થતું નથી... ॥૧૯॥

(પ્રશ્નકાર-) અહીં કહે છે કે આપશ્રીએ પાંચ ઈન્દ્રિયોનું પ્રરૂપણ કર્યું... તો... કઈ તે ઈન્દ્રિયો ?

ઉત્તરકાર-) કહેવાય છે...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ॥२-२०॥

અર્થ- સ્પર્શન, રસન, ઘ્રાણ (નાસિકા), ચક્ષુ (આંખ), અને શ્રોત્ર (કાન) એ ઈન્દ્રિયો છે.

भाष्यम्- स्पर्शनं रसनं घ्राणं चक्षुः श्रोत्रमित्येतानि पञ्चेन्द्रियाणि ॥२०॥
અર્થ- સ્પર્શન (ચામડી), રસન (જીભ), ઘ્રાણ (નાસિકા), ચક્ષુ (આંખ) અને શ્રોત્ર (કાન) આ પાંચ ઈન્દ્રિયો છે. ॥૨૦॥

## सूत्रम्- स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ॥२-२१॥

અર્થ- (અનુક્રમે તે ઈન્દ્રયોના) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દ વિષયો છે.

भाष्यम्- एतेषामिन्द्रियाणामेते स्पर्शादयोऽर्था भवन्ति यथासङ्ख्यम् ॥२१॥
અર્થ- આ (સ્પર્શનાદિ પાંચેય) ઈન્દ્રયોના અનુક્રમે આ સ્પર્શાદિ (સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ વિષયો છે. ॥૨૧॥

## सूत्रम्- श्रुतमनिन्द्रियस्य ॥२-२२॥

અર્થ- શ્રુતજ્ઞાન એ મનનો વિષય છે.

भाष्यम्- श्रुतज्ञानं द्विविधमनेकद्वादशविधं नोइन्द्रियस्यार्थः ॥२२॥
अत्राह-उक्तं भवता पृथिव्यब्वनस्पतितेजोवायवो द्वीन्द्रियादश्च नव जीवनिकायाः पञ्चेन्द्रियाणि चेति, तत्किं कस्येन्द्रियमिति ?, अत्रोच्यते–
અર્થ- (૧) અનેક પ્રકારનું અને (૨) બારપ્રકારનું એમ બે પ્રકારનું શ્રુતજ્ઞાન છે. એ (શ્રુતજ્ઞાન) મનનો વિષય છે. ॥૨૨॥

(જિજ્ઞાસુ) આપશ્રી એ કહ્યું છે કે પૃથ્વી, અપ, વનસ્પતિ, તેઉ, વાઉ અને બેઈન્દ્રિયાદિ (બેઈ. તેઈ. ચઉરિ. અને પંચે. અ. ૨- સૂ. ૧૩, ૧૪માં) નવ જીવનિકાયો છે. અને પાંચ ઈન્દ્રિયો છે (અ. ૨. સૂ. ૧૫) । પરન્તુ તે કઈ ઈન્દ્રિય- કોને હોય ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- वाय्वन्तानामेकम् ॥२-२३॥

અર્થ- વાયુકાય સુધીના જીવો એક ઈન્દ્રિયવાળા હોય છે.

भाष्यम्- पृथिव्यादीनां वाय्वन्तानां जीवनिकायानामेकमेवेन्द्रियं, सूत्रक्रमप्रामाण्यात्प्रथमं स्पर्शनमेवेत्यर्थः ॥२३॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- પૃથ્વીકાયથી માંડીને વાયુકાય[1] સુધીના જીવનિકાયોને એક ઈન્દ્રિય હોય છે. સૂત્રક્રમ પ્રમાણે (**स्पर्शनरसनघ्राण**.... ૨-૨૦ અનુસાર) એકેન્દ્રિયમાં પ્રથમ સ્પર્શન (ઈન્દ્રિય) આવે. (જેથી એકિન્દ્રિયને સર્પશનેન્દ્રિય જાણવી.) ॥૨૩॥

## सूत्रम्- कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२-२४॥

અર્થ- કૃમિ આદિ, કીડી આદિ, ભમરા આદિ, મનુષ્ય આદિ ને એકેક (પહેલા કરતા બીજા જીવોને એક વધારે-બીજા કરતા ત્રીજાને એક વધારે) વધારે હોય. (અર્થાત્ ક્રમસર ૨-૩-૪-૫ ઈન્દ્રિયો હોય.)

भाष्यम्- कृम्यादीनां पिपीलिकादीनां भ्रमरादीनां मनुष्यादीनां च यथासङ्ख्यमेकैकवृद्धानीन्द्रियाणि भवन्ति यथाक्रमम्, तद्यथा-कृम्यादीनां अपादिक-नूपुरक-गण्डूपद-शङ्ख-शुक्तिका-शम्बूका-जलूका-प्रभृतीनामेकेन्द्रियेभ्यः पृथिव्यादिभ्य एकेन वृद्धे स्पर्शन रसनेन्द्रिय भवतः, ततोऽप्येकेन वृद्धानि पिपीलिका-रोहिणिका-उपचिका-कुन्थु-तुंबुरुक-त्रपुसबीज-कर्पासास्थिका-शतपद्यु-त्पतक तृणपत्र काष्ठहारकप्रभृतीनां त्रीणि स्पर्शनरसनघ्राणानि, ततोऽप्येकेन वृद्धानि भ्रमर-वटर-सारङ्ग-मक्षिका-पुत्तिका-दंश- मशक-वृश्चिक-नन्द्यावर्त-कीट-पतङ्गादीनां चत्वारि स्पर्शन-रसन-घ्राण-चक्षुषां शेषाणां च तिर्यग्योनिजानां मत्स्योरगभुजङ्ग- पक्षि-चतुष्पदानां सर्वेषा च नारकमनुष्यदेवानां पञ्चेन्द्रियाणीति ॥२४॥

અર્થ- કૃમિ (કરમીયા) આદિ, કીડી આદિ, ભમરા આદિ અને મનુષ્ય આદિ ને અનુક્રમે એકેક ઈન્દ્રિયો વધારે હોય છે. તે આ પ્રમાણે, કૃમિ આદિ (આદિ શબ્દથી-) આપાદિક, નૂપુરક, ગણ્ડુપદ, શંખ, શુક્તિકા, શમ્બૂકા, જલૂકા (જલૌકા) વગેરે ને પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય (જીવો) કરતાં એક ઈન્દ્રિય વધારે હોવાથી સ્પર્શન અને રસન (એમ બે) હોય છે. (જેથી બેઈન્દ્રિય કહેવાય.) તેનાં (બેઈન્દ્રિય) કરતાં પણ એક વધારે કીડી, રોહીણિકા, ઉપચિકા, કુંથુ, તુંબુરુક, ત્રપુસબીજ, કર્પાસાસ્થિકા, શતપદી, ઉત્પતક, તૃણપત્ર, કાષ્ઠહારક વગેરેને સ્પર્શન, રસન અને ઘ્રાણ (એમ) ત્રણ (ઈન્દ્રિયો હોય છે. જેથી તેઈન્દ્રિય કહેવાય છે.)

તેનાં (તેઈન્દ્રિય) કરતાં પણ એક વધારે- ભમરા, વટર, સારંગ, માખી, પુત્તિકા, દંશ, મશક, વૃશ્ચિક, નન્દ્યાવર્ત, કીટ તથા પતંગીયા વગેરે ને સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ (એમ) ચાર (ઈન્દ્રિયો હોય છે. જેથી તે ચઉરિન્દ્રિય કહેવાય છે.) બાકીના તિર્યંચોને-જેમકે માછલા, ઉરગ (સર્પ-ઉરપરિસર્પ), ભુજંગ (ભૂજપરિસર્પ), પક્ષી અને ચતુષ્પદી સર્વે જીવો, તેમજ નારક, મનુષ્ય (અને) દેવોને પાંચ ઈન્દ્રિયો (સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર) હોય છે. ॥૨૪॥

भाष्यम्- अत्राह-उक्तं भवता द्विविधा जीवाः-समनस्का, अमनस्काश्चे'ति तत्र के समनस्का इति ?, अत्रोच्यते–

---

૧. અહીં પૂર્વોક્ત સૂત્રમાં પૃથ્વીકાયાદિનો ક્રમ-પૃથિવી, અપ, વનસ્પતિ, તેઉ અને વાઉ. એમ લીધો છે. જેથી પૃથિવી થી માંડી વાયુ સુધી માં પાંચેય આવી જાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (જિજ્ઞાસુ)- આપશ્રીએ બે પ્રકારના જીવો કહ્યા (૧) સમનસ્ક અને (૨) અમનસ્ક (તો) તેમાં સમનસ્ક કોણ ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં-

## सूत्रम्- संज्ञिनः समनस्काः ॥२-२५॥

અર્થ- સંજ્ઞી જીવો સમનસ્ક (દ્રવ્યમનવાળા) હોય છે.

भाष्यम्- संप्रधारणसंज्ञायां संज्ञिनो[1] जीवाः समनस्का भवन्ति, सर्वे नारकदेवा गर्भव्युत्क्रान्तयश्च मनुष्यास्तिर्यग्योनिजाश्च केचित्, ईहापोहयुक्ता गुणदोषविचारणात्मिका संप्रधारणसंज्ञा, तां प्रति संज्ञिनो विवक्षिताः, अन्यथा ह्याहारभयमैथुनपरिग्रहसंज्ञाभिः सर्व एव जीवाः संज्ञिन इति ॥२५॥

અર્થ- સમ્પ્રધારણ સંજ્ઞામાં વર્તતા સંજ્ઞિજીવો સમનસ્ક (મનવાળા) કહેવાય છે. સર્વે નારક, દેવો તેમજ વિવિધ રીતે ઉત્પન્ન થતા (**वि+उक्रान्त**) ગર્ભજ મનુષ્યો અને તિર્યંચો (**केचिद्** શબ્દથી વિવિધ ત્રણ રીતે [જરાયુજ, અંડજ અને પોતેજ] ઉત્પન્ન થતા ગર્ભજો જ લેવા-સંમૂર્ચ્છિમો ન લેવા. પૂ. શ્રી સિદ્ધસેન સૂ.) ઈહા અપોહ (અપાય) થી યુકત ગુણ દોષ (સારા-ખોટા) નો વિચાર કરનારી તે સમ્પ્રધારણ સંજ્ઞા છે. તે સમ્પ્રધારણ સંજ્ઞાને સન્મુખ રાખીને સંજ્ઞિઓ કહ્યા છે. નહિંતર આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાવાળા દરેક જીવો સંજ્ઞિ કહેવાય. (આમ ન થાય માટે વિશિષ્ટ સમ્પ્રધારણા સંજ્ઞા બતાવી.) ॥૨૫॥

## सूत्रम्- विग्रहगतौ कर्मयोगः ॥२-२६॥

અર્થ- વિગ્રહગતિમાં કર્મયોગ (કાર્મણકાયયોગ) હોય છે.

भाष्यम्- विग्रहगतिसमापन्नस्य जीवस्य कर्मकृत एव योगो भवति, कर्मशरीरयोग इत्यर्थः, अन्यत्र तु यथोक्तः कायवाग्मनोयोग इत्यर्थः ॥२६॥

અર્થ- વિગ્રહગતિ (વક્રગતિ) ને પામેલા જીવને કર્મકૃત જ યોગ હોય છે. એટલે કે ''કાર્મણ કાયયોગ'' એ પ્રમાણે અર્થ કરવો. બીજે ઠેકાણે (અંતરાલ ગતિ સિવાય) તો આ પ્રકરણમાં કહેવાતા કાય-વાણી અને મનનો યોગ હોય છે. ॥૨૬॥

## सूत्रम्- अनुश्रेणि गतिः ॥२-२७॥

અર્થ-શ્રેણિને અનુસારગતિ થાય છે.

भाष्यम्- सर्वा गतिर्जीवानां पुद्गलानां चाकाशप्रदेशानुश्रेणि भवति, विश्रेणिर्न भवतीति गतिनियम इति ॥२७॥

---

१. संज्ञा विद्यते येषां ते संज्ञिनः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- જીવોની તેમજ પુદ્ગલોની સર્વગતિ (ઉંચી-નીચી-તિર્છી) આકાશપ્રદેશોને અનુસાર-પંક્તિબદ્ધ થાય છે. (પરન્તુ) વિશ્રેણિ એટલે વિદિશાએ ગતિ નથી થતી. આ પ્રમાણે ગતિનો નિયમ છે. ॥૨૭॥

## सूत्रम्- अविग्रहा जीवस्य ॥२-२८॥

અર્થ- સિદ્ધ થતાં જીવની ગતિ વિગ્રહ (વળાંક) વિનાની હોય છે.

भाष्यम्- सिध्यमानगतिर्जीवस्य नियतमविग्रहा भवतीति ॥२८॥
અર્થ- સિદ્ધ થતાં[1] જીવની ગતિ નિશ્ચે વિગ્રહ વિનાની હોય છે. ॥૨૮॥

## सूत्रम्- विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥२-२९॥

અર્થ- સંસારીજીવને વિગ્રહવિનાની તથા ચાર સમયથી પહેલાના એટલે કે ત્રણ સમય સુધીની વિગ્રહવાળી ગતિ હોય છે.

भाष्यम्- जात्यन्तरसंक्रान्तौ संसारिणो जीवस्य विग्रहवती चाविग्रहा च गतिर्भवति, उपपातक्षेत्रवशात् तिर्यगूर्ध्वमधश्च प्राक् चतुर्भ्य इति, येषां विग्रहवती तेषां विग्रहाः प्राक् चतुर्भ्यो भवन्ति, अविग्रहा एकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा इत्येताश्चतुःसमयपराश्चतुर्विधा गतयो भवन्ति, परतो न संभवन्ति, प्रतिघातभावाद्विग्रहनिमित्ताभावाच्च, विग्रहो वक्रितं, विग्रहोऽवग्रहः श्रेण्यन्तरसंक्रान्तिरित्यनर्थान्तरम्, पुद्गलानामप्येवमेव। शरीरिणां च जीवानां विग्रहवती चाविग्रहवती च प्रयोगपरिणामवशात्, न तु तत्र विग्रहनियम इति ॥२९॥
અર્થ- તિર્છુ, ઉંચે અને નીચે જન્મક્ષેત્ર હોવાથી પરભવમાં જતાં સંસારી જીવોને વળાંકવાળી અને વળાંક વિનાની ગતિ હોય છે. ચારની પહેલા સુધી- જેની વિગ્રહવાળી ગતિ છે તેને ચારની પહેલા (એટલે ત્રણ) વિગ્રહો (વળાંકો) હોય છે. (અર્થાત્) વળાંક વિનાની, એક વળાંકવાળી, બે વળાંકવાળી અને ત્રણ વળાંકવાળી એમ ચાર સમય સુધીની ચાર પ્રકારે ગતિઓ હોય છે. પ્રતિઘાત અને વિગ્રહ નિમિત્તનો અભાવ હોવાથી તેનાથી (ચાર પ્રકારથી) આગળ (ગતિ) સંભવતી નથી. વિગ્રહ એટલે વક્રતા = વળાંક. વિગ્રહ, અવગ્રહ, શ્રેણ્યન્તર સંક્રાન્તિ (આકાશપ્રદેશની એકશ્રેણીથી બીજીશ્રેણી ઉપર ગમન કરવું તે) એ એકાર્થવાચી છે. પુદ્ગલોની (ગતિ) પણ એ પ્રમાણે જ (જાણવી.) (ઔદારિકાદિ) શરીરધારી જીવોની વળાંકવાળી અને વળાંક વિનાની ગતિ પ્રયોગપરિણામવશથી હોય છે. પરંતુ ત્યાં વિગ્રહનો નિયમ નથી. ॥૨૯॥

भाष्यम्- अत्राह- अथ विग्रहस्य किं परिमाणमिति ?, अत्रोच्यते, क्षेत्रतो भाज्यं, कालतस्तु...

---

૧. સિદ્ધ થતાં જીવની ગતિ પૂર્વપ્રયોગાદિ ચાર કારણે થાય છે તે દશમાં અધ્યાયમાં આવશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (જીજ્ઞાસુ) પૂછે છે કે-વિગ્રહનું શું પરિમાણ (પ્રમાણ) ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-ક્ષેત્રથી ભજના છે[1] અને કાળથી તો... (૩૦) માં સૂત્રમાં = અનન્તર સૂત્રમાં કહે છે).

## सूत्रम्- एक समयोऽविग्रहः ॥२-३०॥

અર્થ- એક સમય બાદ વિગ્રહગતિ હોય છે. [અર્થાત્-વિગ્રહગતિ એક સમયના વ્યવધાનવાળી હોય છે]

भाष्यम्- एकसमयोऽविग्रहो भवति, अविग्रहा गतिरालोकान्तादप्येकेन समयेन भवति, एकाविग्रहा द्वाभ्याम्, द्विविग्रहा त्रिभिः, त्रिविग्रहा चतुर्भिरिति, अत्र भङ्गप्ररूपणा कार्येति ॥३०॥

અર્થ- વિગ્રહરહિત ગતિ એક સમયની હોય છે. વિગ્રહરહિતગતિ લોકના છેડા સુધીની હોય તો પણ એક સમયની હોય છે. એક વિગ્રહ (વળાંક) વાળી ગતિ-બે સમયની. બે વિગ્રહવાળી ગતિ-ત્રણ સમયની. ત્રણ વિગ્રહવાળી ગતિ-ચાર સમયની (હોય છે.) એ પ્રમાણે અહીં ભેદોની પ્રરૂપણા કરવી. (કયો ભેદ-કયા જીવને, કઈ ગતિમાં હોય. તેનો વિચાર કરવો.) ॥૩૦॥

## सूत्रम्- एकं द्वौ वाऽनाहारकः ॥२-३१॥

અર્થ- એક અથવા બે સમય આહાર રહિત હોય છે.

भाष्यम्- विग्रहगतिसमापन्नो जीव एकं वा समयं द्वौ वा समयावनाहारको भवति, शेषं कालमनुसमयमाहारयति, कथमेकं द्वौ वाऽनाहारको न बहूनित्यत्र भङ्गप्ररूपणा कार्या ॥३१॥

અર્થ- વિગ્રહગતિમાં ગમન કરતો જીવ એક કે બે સમય અનાહારકપણાવાળો[2] (આહાર લીધા વિનાનો) હોય છે. બાકીના કાળમાં દરેક સમયે આહાર લે છે. (પ્રશ્ન:) શા માટે ? એક કે બે સમય અનાહારકપણું ...? વધારે નહિ ? વધારે સમય અનાહારક ન હોય ?) (આવો પ્રશ્ન થયે છતે) અહીં ભાંગા સમ્બન્ધી વિચાર કરવો. ॥૩૧॥

भाष्यम्- अत्राह- एवमिदानीं भवक्षये जीवोऽविग्रहया विग्रहवत्या वा गत्या गतः कथं पुनर्जायत इति ?, अत्रोच्यते, उपपातक्षेत्रं स्वकर्मवशात्प्राप्तः शरीरार्थं पुद्गलग्रहणं करोति, सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्त इत्ति, कायवाङ्मनःप्राणापानाः पुद्गलानामुपकारः, नामप्रत्ययाः सर्वतो योगविशेषादिति वक्ष्यामः, तज्जन्म, तच्च त्रिविधम्, तद्यथा–

---

૧. જીવના પ્રદેશો સંકોચશીલ અને વિકાસશીલ (प्रदेश संहार विसर्गाभ्यां प्रदीपवत्- अ. ५. सू.१६) હોવાના કારણે ક્ષેત્રનું પરિમાણ નિયત થતું નથી. પરન્તુ કાળનું પરિમાણ નિયત છે. જેથી ૩૦ માં સૂત્રમાં (અનન્તર) કહેવાય છે.

૨. અવિગ્રહગતિમાં અનાહારકપણું ન હોય. કેમકે તે ગતિ એક સમયની છે. ભવક્ષયે આહાર લીધો છે અને ઉત્પત્તિસ્થાને તુર્ત આહાર લેશે. એક વિગ્રહ માં પણ અનાહારકપણું ન હોય. કેમકે તેમાં બે સમય હોય છે. પહેલા સમયે પૂર્વ જન્મમાં આહાર લઈને આવ્યો છે અને બીજા સમયે ઉત્પત્તિસ્થાને તુર્ત આહાર લે છે. પરન્તુ બે વિગ્રહ હોય તો ત્રણ સમયની ગતિ થાય. પહેલા સમયે પૂર્વભવનો આહાર અને ત્રીજા સમયે પરભવનો (ઉત્પત્તિ સ્થાને) આહાર. જેમાં બીજો સમય આહાર વિનાનો. જેથી તે એક સમય અનાહારક કહેવાય. તે રીતે ચારસમયવાળા ત્રણ વિગ્રહમાં બે સમય અનાહારકપણું હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન પૂછે કે- આ પ્રમાણે ભવનો ક્ષય થયે છતે અવિગ્રહ કે વિગ્રહગતિ વડે ગયેલો જીવ શી રીતે ફરી ઉત્પન્ન થાય છે. (ઉત્તરકાર) કહેવાય છે અહીં- પોતાના કર્મવશાત્ (કર્મને વશ થઈને ) ઉત્પત્તિક્ષેત્ર (જે ક્ષેત્રમાં ઉત્પન્ન થવાનું હોય તે ક્ષેત્ર) માં ઉત્પન્ન થાય છે. (પ્રાપ્ત કરે છે). (તેમજ ઔદારિક વગેરે શરીર માટે) પુદ્‌ગલ ગ્રહણ કરે છે.

'सकषायत्वाज्जीवाः कर्मणो योग्यान् पुद्गलानादत्त (अ.८-सू.२)'
'कायवाङ्मनः प्राणापानापुद्गलानामुपकार (अ.पू-स.१९ )'
'नामप्रत्ययाः सर्वतोयोगविशेषात् (अ.८-सू२५)' એ પ્રમાણે કહીશું.
તે (પુદ્‌ગલગ્રહણ તે) જન્મ, તે (જન્મ) ત્રણ પ્રકારે, તે (ત્રણ પ્રકાર) આ રીતે,

**सूत्रम्- सम्मूर्च्छनगर्भोपपाताजन्म ।।२-३२।।**

અર્થ- સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એ ત્રણ પ્રકારે જન્મ છે.

भाष्यम्- सम्मूर्च्छनं १ गर्भ २ उपपात ३ इत्येतत् त्रिविधं जन्म ।।३२।।
અર્થ- સંમૂર્ચ્છન, ગર્ભ, (અને) ઉપપાત એ પ્રમાણે આ ત્રણ પ્રકારે જન્મ છે. ।।૩૨।।

**सूत्रम्- सचित्त-शीत-संवृत्ताः सेतरा मिश्राश्चैकशतद्योनयः ।।२-३३।।**

અર્થ- (૧) સચિત્ત, (૨) શીત, (૩) સંવૃત્ત (ઢાંકેલી) આ ત્રણેયની પ્રતિપક્ષી (૪) અચિત્ત (૫) ઉષ્ણ, (૬) વિવૃત્ત, (ખુલ્લી-પ્રગટ) અને મિશ્ર એટલે (૭) સચિત્ત-અચિત્ત (૮) શીત-ઉષ્ણ (૯) સંવૃત્ત-વિવૃત્ત આ નવ પ્રકારે યોનિઓ છે.

भाष्यम्- संसारे जीवानामस्य त्रिविधस्य जन्मन एताः सचित्तादयः सप्रतिपक्षा मिश्राश्चैकशो योनयो भवन्ति, तद्यथा-सचित्ता अचित्ता सचित्ताचित्ता शीता उष्णा शीतोष्णा संवृत्ता विवृत्ता संवृत्तविवृत्ता इति, तत्र देवनारकानामचित्ता योनिः, गर्भजन्मनां मिश्रा, त्रिविधाऽन्येषाम् । गर्भजन्मनां देवानां च शीतोष्णा, तेजःकायस्योष्णा, त्रिविधाऽन्येषाम् । नारकैकेन्द्रियदेवानां संवृत्ता, गर्भजन्मनां मिश्रा, विवृत्ताऽन्येषामिति ।।३३।।
અર્થ- સંસારી જીવોની ત્રણ પ્રકારના જન્મની આ (સૂત્રોકત) સચિત્તાદિ (૩), પ્રતિપક્ષી સહિતની (૩) અને પ્રત્યેકની મિશ્ર (સચિત્તાચિત્તાદિ-૩) યોનિઓ હોય છે. તે (યોનિના પ્રકારો) આ રીતે, (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) સચિત્તાચિત્ત (મિશ્ર) (૪) શીત (૫) ઉષ્ણ (૬) શીતોષ્ણ (મિશ્ર) (૭) સંવૃત્ત (૮) વિવૃત્ત અને (૯) સંવૃત્ત-વિવૃત્ત (મિશ્ર) (એમ નવ.)[1]

૧. જીવોને ઉત્પન્ન થવાના સ્થાન તો અસંખ્ય છે. પરંતુ યોનિના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને આકારભેદે ભેદો પડે છે. તે ભેદો ને જીવના મૂળ ભેદ સાથે ગુણતાં જે સંખ્યા આવે તે, તે પ્રકારના જીવની યોનિની સંખ્યા જાણવી જેમ કે, ૫-વર્ણ X ૨-ગંધ X ૫-રસ X ૮-સ્પર્શ X ૫-આકાર = ૨૦૦૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમાં નારક-દેવોને અચિત્તયોનિ હોય છે. ગર્ભજો (મનુષ્ય, તિર્યંચ) ને સચિત્તાચિત્ત(મિશ્ર) યોનિ હોય છે. બાકીના (દરેક જીવો) ને ત્રણે પ્રકારની (યોનિઓ હોય છે). (અર્થાત્ બાકીના જીવોમાં કોઈને સચિત્ત, કોઈને અચિત્ત અને કોઈને મિશ્રયોનિ હોય છે.) ગર્ભજોને અને દેવોને શીતોષ્ણ યોનિ હોય છે. તેઉકાયને ઉષ્ણ (યોનિ હોય છે). બાકીના જીવોને ત્રણેય પ્રકારની યોનિ હોય છે. (શીત, ઉષ્ણ, શીતોષ્ણ). નારક, એકેન્દ્રિય અને દેવોની સંવૃત્ત (ઢંકાયેલી યોની હોય છે). ગર્ભજોને મિશ્ર (સંવૃત્ત-વિવૃત્ત યોનિ હોય છે.) બાકીના (જીવો) ને ત્રણેય પ્રકારની (યોનિ હોય છે. સંવૃત્ત, વિવૃત્ત, સંવૃત્ત-વિવૃત્ત.) ॥૩૩॥

## सूत्रम्- जराय्वण्डपोतजानां गर्भः ॥२-३४॥

અર્થ- જરાયુજ (ઓળનો પારદર્શક પડદો વિટળાયેલો હોય તે જરાયુ), અંડજ (ઈંડામાં ઉત્પન્ન થનાર) પોતજ (ઓળ કે ઈંડાનું પડ ન હોય-પરંતુ સિધે સિધો કપડાની જેમ સાફ ઉત્પન્ન થનાર) આ ત્રણ ગર્ભજન્મ હોય છે.

भाष्यम्- जरायुजानां मनुष्य-गो-महिषाजाविकाश्व-खरोष्ट्र-मृग-चमर-वराह-गवय-सिंह-व्याघ्रर्क्ष-द्वीपि-श्व-श्रृगाल-मार्जारादीनाम्, अण्डजानां सर्प-गोधा-कृकलाश-गृहकोकिलिका-मत्स्य-कूर्म-नक्र-शिशुमारादीनां पक्षिणां च लोमपक्षाणां हंस-चाष-शुक-गृध्र-श्येन-पारापत-काक-मयूर-मद्गु-बक-बलाकादीनां, पोतजानां शल्लक-हस्ति-श्वाविल्लापक-शश-शारिका-नकुल-मूषिकादीनां पक्षिणां च चर्मपक्षाणां जलुका-वल्गुलि-भारण्ड-पक्षि-विरालादीनां गर्भो जन्मेति ॥३४॥

અર્થ- જરાયુજ-મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, ઘોડો, ગધેડો, ઉંટ, હરણ, ચમરીગાય, ભુંડ, રોઝ, સિંહ, વાઘ, ઋક્ષ (રીંછ), દ્વીપી (ચિત્તો), કૂતરો, શિયાળ, બિલાડી આદિના (જરાયુજ ગર્ભથી જન્મો છે).
અંડજ- સર્પ, ગોધા (ઘો), કાચીંડો (કૃકલાશ), ગૃહકોકીલીકા (ગરોળી), માછલા, કાચબા, નક્ર શિશુમાર આદિ અને પક્ષીઓમાં લોમપાંખવાળા, હંસ, ચાષ, પોપટ, ગીધ, બાજ, કબૂતર, કાગડો, મોર, મંડૂ (મદ્‌ગુ), બગલા, બલાક આદિના (અંડજ ગર્ભથી જન્મો છે.)
પોતજ- શલ્લક, હાથી, શ્વાવિલ્લાપક, સસલું, શારિકા, નોળીયા, ઉંદર આદિના અને ચામડીની પાંખવાળા- જલૂકા, વડવાગળ, ભારંડપક્ષી વિરાલ આદિના પોતજ ગર્ભથી જન્મો છે. ॥૩૪॥

## सुत्रम्- नारकदेवानामुपपातः ॥२-३५॥

અર્થ- નારક (અને) દેવોને ઉપપાત જન્મ હોય છે.

---

૨૦૦૦ X ૩૫૦ (પૃથ્વીકાય જીવના મૂળભેદ) = ૭૦૦૦૦૦ (૭ લાખ પૃથ્વિકાયની યોનિ, જે સાતલાખ સૂત્રમાં આવે છે તે.)
આમ ૨૦૦૦ નો આંક નિશ્ચિત રાખી મૂળભેદમાં ફેરફાર કરવાથી તે તે જીવોની યોનિની સંખ્યા મળી આવશે.
તા. ક. મૂળભેદની સંખ્યા શા આધારે છે, તે વિષે અમો જાણતા નથી. શાસ્ત્રોમાં સ્પષ્ટીકરણનો ઉલ્લેખ જોવો.
(પં. શ્રી પ્રભુદાસ. બે. પા.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- नारकाणां देवानां चोपपातो जन्मेति ॥३५॥
અર્થ- નારક અને દેવોના[1] ઉપપાત જન્મ હોય છે. ॥૩૫॥

## सूत्रम्- शेषाणां संमूर्च्छनम् ॥२-३६॥

અર્થ- બાકીના જીવોને સંમૂર્ચ્છન જન્મ હોય છે.

भाष्यम्- जराय्वण्डपोतजनारकदेवेभ्यः शेषाणां संमूर्च्छनं जन्म, उभयावधारणं चात्र भवति, जरायुजादीनामेव गर्भः, गर्भ एव जरायुजादीनां, नारकदेवानामेवोपपातः, उपपात एव नारकदेवानां, शेषाणामेव सम्मूर्च्छनम् संमूर्च्छनमेव शेषाणाम् ॥३६॥
અર્થ- જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવો સિવાયના બીજા (જીવો- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ સિવાયના મનુષ્ય) ને સમ્મૂર્ચ્છન જન્મ હોય છે.
- અહીં (પરસ્પર) ઉભય રીતે જ (**च अेवकारे**) ગ્રહણ કરવું. (એટલે,) જરાયુ આદિને જ ગર્ભજન્મ હોય અને જરાયુઆદિને ગર્ભજન્મ જ હોય. (અર્થાત્ જરાયુ આદિ સિવાય ગર્ભજ સંભવે નહિ, અને ગર્ભજ એ જરાયુ આદિ વિના સંભવે નહિ. આમ ઉભયનું અવધારણ.) નારક દેવોને જ ઉપપાત (જન્મ હોય) અને નારક દેવોને ઉપપાત જ હોય. બાકીના (જીવો) ને જ સંમૂર્ચ્છન (જન્મ) હોય અને બાકીના જીવોને સંમૂર્ચ્છન જન્મ જ હોય. ॥૩૬॥

## सूत्रम्- औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ॥२-३७॥

અર્થ- ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ શરીરો છે.

भाष्यम्- औदारिकं वैक्रियं आहारकं तैजसं कार्मणमित्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति ॥३७॥
અર્થ- ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ આ પ્રમાણે આ પાંચ શરીરો સંસારી જીવોને હોય છે. ॥૩૭॥

## सूत्रम्- तेषां परं परं सूक्ष्मम् ॥२-३८॥

અર્થ- તેમાં, આગળ-આગળનું (પછી પછીનું શરીર) સૂક્ષ્મ હોય છે. (પહેલા કરતાં બીજું સૂક્ષ્મ, બીજા કરતાં ત્રીજું ....એમ)

---

૧. દેવલોકમાં અમુક સ્થળે દેવશય્યા હોય છે. તેમાં અંતર્મુહૂર્તમાં તૈયાર થઈ જન્મ ધારણ કરે છે.
નરકમાં કુંભી કે ગોખલા આકારના સ્થાનો હોય છે. તેમાં અંતર્મુહૂર્તમાં પીડાતા-પીડાતા જન્મ ધારણ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तेषामौदारिकादिशरीराणां परं परं सूक्ष्मं वेदितव्यं, तद्यथा– औदारिकाद्वैक्रियं सूक्ष्मं वैक्रियादाहारकम् आहारकात्तैजसम् तैजसात्कार्मणमिति ॥३८॥
અર્થ- તે ઔદારિકાદિ શરીરોમાંનું પછીપછીનું (શરીર) સૂક્ષ્મ જાણવું. તે આ રીતે, ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ, વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ, આહારક કરતાં તૈજસ સૂક્ષ્મ અને તૈજસ કરતાં કાર્મણ સૂક્ષ્મ. ॥૩૮॥

## सूत्रम्- प्रदेशतोऽसंङ्ख्येगुणं प्राक् तैजसात् ॥२-३९॥

અર્થ- તૈજસની પહેલાનાં (ત્રણ શરીરો) પ્રદેશથી અસંખ્યગુણ-અસંખ્યગુણ વધારે છે.

भाष्यम्- तेषां शरीराणां परं परमेव प्रदेशतोऽसङ्ख्येयगुणं भवति प्राक् तैजसात्, औदारिक-शरीरप्रदेशेभ्यो वैक्रियशरीरप्रदेशा असङ्ख्येयगुणाः, वैक्रियशरीरप्रदेशेभ्य आहारक- शरीरप्रदेशा असङ्ख्येयगुणा इति ॥३९॥
અર્થ- તૈજસની પહેલાનાં શરીરોમાં પૂર્વ-પૂર્વ કરતાં પછી-પછીના શરીરો પ્રદેશથી અસંખ્યગુણ હોય છે. ઔદારિક શરીરના પ્રદેશો કરતાં વૈક્રિયશરીરનાં પ્રદેશો અસંખ્યગુણા (હોય છે.) વૈક્રિય શરીરનાં પ્રદેશો કરતાં આહરક શરીરના પ્રદેશો અસંખ્યગુણા હોય છે. ॥૩૯॥

## सूत्रम्- अनन्तगुणे परे ॥२-४०॥

અર્થ- પછીના (તૈજસ-કાર્મણ એમ) બે શરીરના પ્રદેશો અનંતગુણા હોય છે.

भाष्यम्- परे द्वे शरीरे तैजसकार्मणे पूर्वतः पूर्वतः प्रदेशार्थतयाऽनन्तगुणे भवतः, आहारकात्तैजसं प्रदेशतोऽनन्तगुणं, तैजसात्कार्मणमनन्तगुणमिति ॥४०॥
અર્થ- પછીનાં (આહરક પછીનાં) બે શરીરો-તૈજસ અને કાર્મણ એ (બે શરીરો) પ્રદેશે કરીને અનંતગુણ હોય છે. (એટલે કે,) આહારક કરતાં તૈજસ (શરીર) પ્રદેશથી અનન્તગુણ અને તૈજસ કરતાં કાર્મણ (શરીર) પ્રદેશથી અનન્તગુણ હોય છે. ॥૪૦॥

## सूत्रम्- अप्रतिघाते ॥२-४१॥

અર્થ- (પછીનાં) બે શરીરોને પ્રતિઘાત (બાધા, રૂકાવટ) હોતો નથી.

भाष्यम्- एते द्वे शरीरे तैजसकार्मणे अन्यत्र लोकान्तात् सर्वत्राप्रतिघाते भवतः ॥४१॥
અર્થ- આ બે શરીરો-તૈજસ અને કાર્મણ (શરીર) લોકના અંત સુધી ક્યાંય પ્રતિઘાત (રૂકાવટ કે બાધા) વાળાં નથી. ॥૪૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- अनादि सम्बन्धे च ।।२-४२।।

અર્થ- તે બે (શરીરો જીવસાથે) અનાદિ કાળથી સમ્બન્ધ ધરાવે છે.

भाष्यम्- ताभ्यां तैजसकार्मणाभ्यामनादिसंबन्ध इति ।।४२।।
અર્થ- તે તૈજસ કાર્મણ શરીર સાથે (જીવનો) સમ્બન્ધ અનાદિ કાળથી છે. ।।૪૨।।

## सूत्रम्- सर्वस्य ।।२-४३।।

અર્થ- શરીરધારી સર્વને (તૈજસ અને કાર્મણ-આ બે શરીર) હોય છે.

भाष्यम्- सर्वस्य चैते तैजसकार्मणे शरीरे संसारिणो जीवस्य भवतः, एके त्वाचार्य नयवादापेक्षं व्याचक्षते—कार्मणमेवैकमनादिसंबन्धं, तेनैवैकेन जीवस्यानादिः संबन्धो भवतीति, तैजसं तु लब्ध्यपेक्षं भवति, सा च तैजसलब्धिर्न सर्वस्य, कस्यचिदेव भवति, क्रोधप्रसादनिमित्तौ शापानुग्रहौ प्रति तेजोनिसर्गशीतरश्मिनिसर्गकरं, तथा भ्राजिष्णु प्रभासमुदयच्छायानिर्वर्तकं तैजसं शरीरेषु, मणिज्वलन-ज्योतिष्कविमानवदिति ।।४३।।
અર્થ- સર્વ સંસારી જીવોને આ તૈજસકાર્મણ શરીર હોય છે. કેટલાક આચાર્ય ભગવંતો નયવાદની અપેક્ષાએ કહે છે કે, માત્ર એક કાર્મણ શરીર જ અનાદિ સમ્બન્ધવાળું છે. તે (કાર્મણ) એકલું જ જીવની સાથે અનાદિથી સમ્બન્ધ ધરાવે છે. તૈજસ શરીર તો લબ્ધિની અપેક્ષાવાળું છે અને તે તૈજસ લબ્ધિ સર્વને નથી હોતી. કોઈકને જ હોય છે. ક્રોધ અને કૃપા છે નિમિત્ત જેનું એવા શ્રાપ અને અનુગ્રહની સન્મુખ બનેલો તેજના છોડવારૂપ અને ઠંડાકિરણોને છોડવારૂપ કાર્ય કરનારૂ તૈજસ શરીર છે. તેમજ દેદીપ્યમાન પ્રભામંડલની આભા ઉત્પન્ન કરનાર (તૈજસ શરીર છે). તૈજસ શરીર મણી, અગ્નિ તથા જ્યોતિષ્ક વિમાનની જેમ તેજ વાળું હોય છે. ।।૪૩।।

## *सूत्रम्- तदाऽऽदीनिभाज्यानि युगपदेकस्याऽऽचतुर्भ्यः ।।२-४४।।*

અર્થ- તે (બે) શરીર વગેરે એક સાથે એક જીવને ચાર શરીર હોઈ શકે. અથવા તે (કાર્મણ શરીર) છે આદિમાં જેને એવા એક સાથે એક જીવને ચાર સુધી શરીર હોઈ શકે છે.

भाष्यम्- ते आदिनी एषामिति तदादीनि, तैजसकार्मणे यावत्संसारभाविनी आदिं कृत्वा शेषाणि युगपदेकस्य जीवस्य भाज्यान्या चतुर्भ्यः ।
અર્થ- તે આદિ બે-એટલે, આ તે બે (તૈજસ, કાર્મણ) આદિમાં છે જે, તૈજસ અને કાર્મણ. સંસારે ભમવાવાળાને તૈજસ કાર્મણથી લઈને ઔદારિકાદિ (માંથી) એક જીવને એક સાથે ચાર શરીર વિકલ્પે હોઈ શકે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तद्यथा-तैजसकार्मणे वा स्यातां, तैजसकार्मणौदारिकाणि वा स्युः, तैजसकार्मणवैक्रियाणि वा स्युः, तैजसकार्मणौदारिकवैक्रियाणि वा स्युः, तैजसकार्मणौदारिकाहारकाणि वा स्युः, कार्मणमेव वा स्यात्, [कार्मण तैजसे वा स्याताम्], कार्मणौदारिके वा स्याताम्, कार्मणवैक्रिये वा स्याताम्, कार्मणौदारिकवैक्रियाणि वा स्युः, कार्मणौदारिकाहारकाणि वा स्युः, कार्मणतैजसौदारिकवैक्रियाणि वा स्युः, कार्मणतैजसौदारिकाणि वा स्युः । न तु कदाचिद्युगपत्पञ्च भवन्ति, नापि वैक्रियाहारके युगपद्भवतः, स्वामिविशेषादिति वक्ष्यते ॥४४॥

અર્થ- તે આ રીતે, (૧) તૈજસ, કાર્મણ (એમ બે) હોય છે. અથવા (૨) તૈજસ, કાર્મણ, ઔદારિક (એમ ત્રણ) હોય છે, અથવા (૩) તૈજસ, કાર્મણ, વૈક્રિય (એમ ત્રણ) હોય છે. અથવા (૪) તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય (એમ ચાર) હોય છે, અથવા (૫) તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક (એમ ચાર) હોય છે, અથવા (૬) (ફક્ત) કાર્મણ (એક) જ હોય છે, અથવા [(૭) કાર્મણ, તેજસ (એમ બે) હોય છે,] અથવા (૮) કાર્મણ, ઔદારિક (એમ બે હોય છે), અથવા (૯) કાર્મણ, વૈક્રિય (એમ બે) હોય છે, અથવા (૧૦) કાર્મણ, ઔદારિક, વૈક્રિય (એમ ત્રણ) હોય છે, અથવા (૧૧) કાર્મણ, ઔદારિક, આહારક (એમ ત્રણ) હોય છે, અથવા (૧૨) કાર્મણ, તૈજસ, ઔદારિક, વૈક્રિય (એમ ચાર) હોય છે. (૧૩) કાર્મણ, તૈજસ, ઔદારિક (એમ ત્રણ) હોય છે. પરન્તુ કયારે પણ એક સાથે પાંચ (શરીર) નથી હોતા. (તેમજ) વૈક્રિય અને આહારક પણ એક સાથે નથી હોતા. સ્વામિવિશેષથી (અ. ૨- સૂ. ૪૮, ૪૯ માં) કહેવાશે. ॥૪૪॥

## सूत्रम्- निरुपभोगमन्त्यम् ॥२-४५॥

અર્થ- અન્ત્ય (છેલ્લું શરીર) ઉપભોગ કરતું નથી.

भाष्यम्- अन्त्यमिति सूत्रक्रमप्रामाण्यात्कार्मणमाह, तन्निरुपभोगम्-न सुखदुःखे तेनोपभुज्येते, न तेन कर्म बध्यते, न वेद्यते, नापि निर्जीर्यत इत्यर्थः, शेषाणि तु सोपभोगानि, यस्मात्सुखदुःखे तैरुपभुज्येते कर्म बध्यते वेद्यते निर्जीर्यते च तस्मात्सोपभोगानीति ॥४५॥

અર્થ- અન્ત્ય એટલે સૂત્રક્રમાનુસાર કાર્મણ કહે છે. તે (કાર્મણ શરીર) ઉપભોગ કરતું નથી. તેનાથી સુખદુઃખ ભોગવાતું નથી, તેનાથી કર્મ બન્ધાતા નથી, (કર્મ) ભોગવાતા નથી, તેમજ નિર્જરા પણ નથી થતી. બાકીના (ચાર શરીરો) તો ઉપભોગવાળા છે. જેથી સુખદુઃખ તે (શરીરો) વડે ભોગવાય છે, કર્મ બન્ધાય છે, ભોગવાય છે અને નિર્જરા (પણ) થાય છે. તેથી તે ઉપભોગવાળા છે. ॥૪૫॥

भाष्यम्- अत्राह-एषां पञ्चानामपि शरीराणां सम्मूर्च्छनादिषु त्रिषु जन्मसु किं क्व जायत इति?, अत्रोच्यते–

અર્થ- અહીં (જિજ્ઞાસુ) કહે છે કે-આ પાંચ શરીરમાંનું કયું (શરીર) સમ્મૂર્ચ્છનાદિ ત્રણ (ગર્ભ, સંમૂર્ચ્છન, ઉપપાત) જન્મમાં-કયાં હોય ? (ઉત્તરકાર)- અહીં કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### सूत्रम्- गर्भसम्मूर्च्छनजमाद्यम् ।।२-४६।।

અર્થ- ગર્ભ અને સમ્મૂર્ચ્છન (જન્મ)માં પહેલું (ઔદારિક શરીર) હોય છે.

भाष्यम्- आद्यमिति सूत्रक्रमप्रामाण्यादौदारिकमाह, तद् गर्भे संमूर्च्छने वा जायते ।।४६।।
અર્થ- आद्यमिति સૂત્રક્રમ અનુસારે ઔદારિક કહે છે. તે (ઔદારિક) ગર્ભમાં અથવા સમ્મૂર્ચ્છન (જન્મ) માં ઉત્પન્ન થાય છે. (અર્થાત્ ઔદારિક શરીર ગર્ભજન્મ કે સમ્મૂર્ચ્છનજન્મવાળાને ઉત્પન્ન થાય છે.) ।।૪૬।।

### सूत्रम्- वैक्रियमौपपातिकम् ।।२-४७।।

અર્થ- વૈક્રિયશરીર ઉપપાત જન્મવાળાને હોય છે.

भाष्यम्- वैक्रियशरीरमौपपातिकं भवति, नारकाणां देवानां चेति ।।४७।।
અર્થ- વૈક્રિય શરીર ઉપપાત (જન્મવાળા) ને હોય છે. (ઉપપાતજન્મ) નારક અને દેવતાઓનો (હોય છે.) ।।૪૭।।

### सूत्रम्- लब्धिप्रत्ययं च ।।२-४८।।

અર્થ- (વૈક્રિય શરીર) લબ્ધિવિશેષથી પણ ઉત્પન્ન થાય છે.

भाष्यम्- लब्धिप्रत्ययं च वैक्रियशरीरं भवति, तिर्यग्योनीनां मनुष्याणां चेति ।।४८।।
અર્થ- લબ્ધિ (તપ વિગેરે દ્વારા) ના કારણે પણ વૈક્રિયશરીર ઉત્પન્ન થાય છે. તિર્યંચોને અને મનુષ્યોને (લબ્ધિથી વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે. ગર્ભજતિર્યંચ-મનુષ્ય જ લેવા. તે સિવાયના વાયુકાયને પણ લબ્ધિપ્રત્યયિક વૈક્રિય શરીર હોય છે.) ।।૪૮।।

### सूत्रम्- शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ।।२-४९।।

અર્થ- શુભ, વિશુદ્ધ, વ્યાઘાત વિનાનું અને લબ્ધિ પ્રત્યયિક એવું આહારક શરીર ચૌદપૂર્વધરને જ હોય છે.

भाष्यम्- शुभमिति, शुभद्रव्योपचितं शुभपरिणामं चेत्यर्थः, विशुद्धमिति विशुद्धद्रव्योपचितमसावद्यं चेत्यर्थः, अव्याघातीति, आहारकं शरीरं न व्याहन्ति न व्याहन्यते चेत्यर्थः ।
અર્થ- શુભ એટલે- શુભ દ્રવ્યો (પુદ્ગલો) થી રચેલું- શુભ પરિણામવાળું (તે શુભ.) એ પ્રમાણે અર્થ.
-વિશુદ્ધ એટલે- વિશુદ્ધ (નિર્મલ સ્ફટીક જેવા) દ્રવ્યોથી બનાવેલું અને નિરવદ્ય (જે બનાવતા હિંસાવાળી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ ન થાય). એ પ્રમાણે અર્થ.
-અવ્યઘાતિ એટલે, આહારક શરીર વ્યાઘાત કરતું નથી કે પામતું નથી. અર્થાત્ કોઈથી પણ હણાતું નથી.

भाष्यम्- तच्चतुर्दशपूर्वधर एव कस्मिंस्विदर्थे कृच्छ्रेऽत्यन्तसूक्ष्मे संदेहमापन्नो निश्चयाधिगमार्थं क्षेत्रान्तरितस्य भगवतोऽर्हतः पादमूलमौदारिकेण शरीरेणाशक्यगमनं मत्वा लब्धिप्रत्ययमेवोत्पादयति, दृष्ट्वा भगवन्तं छिन्नसंशयः पुनरागत्य व्युत्सृजत्यन्तर्मुहूर्तस्य ॥
અર્થ- તે (આહારક શરીર) ચૌદપૂર્વધર જ (બનાવી શકે). કોઈ અર્થમાં (ગહન વિષયમાં) અત્યન્ત સૂક્ષ્મ સંદેહવાળા તે ચૌદપૂર્વી નિશ્ચય (સંદેહ ભાંગવા-નિર્ણય માટે) પામવા માટે અન્યક્ષેત્રમાં અરિહંત ભગવાનના ચરણકમલમાં ઔદારિક શરીર વડે જવાનું અશકય હોવાથી, લબ્ધિપ્રત્યયથી જ (આહારક શરીર) બનાવે છે. (અને મોકલે છે.) ત્યાર બાદ ભગવાનને પૂછીને-સંદેહ દૂર કરીને (સંદેહ દૂર કર્યો છે જેણે તેવા તે ચૌદપૂર્વી) ફરી પાછા (સ્વક્ષેત્રમાં) આવીને તેનું (આહારક શરીરનું) વિસર્જન કરે છે. આ શરીર અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

भाष्यम्- तैजसमपि शरीरं लब्धिप्रत्ययं भवति ॥
અર્થ- તૈજસ શરીર પણ લબ્ધિ પ્રત્યયિક છે.

भाष्यम्- कार्मणमेषां निबन्धनमाश्रयो भवति, तत्कर्मत एव भवतीति बन्धे परस्ताद्वक्ष्यति, कर्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणाम्, आदित्यप्रकाशवत्, यथाऽऽदित्यः स्वमात्मानं प्रकाशयति अन्यानि च द्रव्याणि, न चास्यान्यः प्रकाशकः, एवं कार्मणमात्मनश्च कारणमन्येषां च शरीराणामिति ।
અર્થ- આ (ઔદારિક આદિ શરીર)નું કારણભૂત તે કાર્મણ (શરીર) છે. તે (કાર્મણશરીર) કર્મથી જ થાય છે. એ પ્રમાણે આગળ બંધ (ના વિષય) માં કહેવાશે. કર્મ જ કાર્મણ શરીરનું કારણ છે અને બીજા શરીરોનું (પણ) કારણ છે. 'જેમ સૂર્યપ્રકાશ'- જેમ સૂર્ય પોતે પ્રકાશમાન થાય છે અને બીજા દ્રવ્યોને પણ પ્રકાશમાન કરે છે. (પરન્તુ) સૂર્યને પ્રકાશમાન કરનાર બીજું કોઈ નથી. એ પ્રમાણે કાર્મણશરીર પોતાનું અને બીજા શરીરોનું કારણ છે.

भाष्यम्- अत्राह-औदारिकमित्येतदादीनां शरीरसंज्ञानां कः पदार्थ इति ?, अत्रोच्यते, उद्गतारमुदारम्, उत्कटारमुदारम्, उद्गम एव वोदारम्, उपादानात्प्रभृति अनुसमयमुद्गच्छति वर्धते जीर्यते शीर्यते परिणमतीत्युदारम्, उदारमेवौदारिकम्, नैवमन्यानि, यथोद्गमं वा निरितिशेषं ग्राह्यं छेद्यं भेद्यं दाह्यं हार्यमित्युदाहरणादौदारिकम्, नैवमन्यानि, उदारमिति च स्थूलनाम् । स्थूलमुद्गतं पुष्टं बृहन्महदित्युदारमेवौदारिकम्, नैवं शेषाणि, तेषां हि परं परं सूक्ष्ममित्युक्तम् ॥
અર્થ- (જિજ્ઞાસુ-) આ ઔદારિક વગેરે શરીરસંજ્ઞામાં ઔદારિક વગેરેનો શું અર્થ છે ? (ઉત્તરકાર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં કહેવાય છે-ઉદ્દગતારમ્-
ઉદારમ્- એટલે જેની ઉત્કૃષ્ટ શોભા છે તેવું શરીર (ઉદાર એટલે પ્રધાન અથવા શ્રેષ્ઠ. જેમકે, શ્રી તીર્થંકર પરમાત્માનું શરીર ઔદારિક છે. જેના જેવું ત્રણેય લોકમાં કોઈ શરીર જ નથી.)
ઉત્કટારમ્-ઉદારમ્-એટલે જેની ઉત્કૃષ્ટ મર્યાદા છે શરીરની.
(જેમકે એક હજાર યોજન ઔદારિક શરીરની મર્યાદા છે, એટલે એનાથી મોટું નથી હોતું.)
-ઉદ્દગમ એટલે પ્રાદુર્ભાવ. એ ઉદાર શબ્દથી કહેવાય છે. એનું ઉપાદાન શુક્ર શોણિતાદિ છે. તેના ગ્રહણથી આરંભીને જે ઉંચે આવે છે, વધે છે, જીર્ણ-શીર્ણ થાય છે અને પરિણમન થાય છે, એટલે ઉદાર કહેવાય છે.
ઉદાર (એટલે સ્થૂલ) તે જ ઔદારિક. ગ્રાહ્યવર્ગણામાં સૌથી સ્થૂલ આ છે. ઘણાં પ્રદેશોનું બનેલ છે માટે બીજું કોઈ આવું (સ્થૂલ) નથી.
-જેમ ઉદ્દગમ થાય છે તેમ ગ્રહણ થાય છે, છેદાય છે, ભેદાય છે, બળાય છે, (વાયુથી) હરી જવાય છે. માટે આ ઉદાહરણથી ઔદારિક માનવું. બીજા શરીરો આવા નથી.
ઉદાર- એટલે સ્થૂલ, ઉદાર = ઉદ્દગત, ઉદાર = પુષ્ટ, ઉદાર = બૃહદ્દ, ઉદાર = મહત્ સ્થૂલ છે માટે ઔદારિક. બીજા શરીરો તેવા નથી. તે પછીના (શરીરો) સૂક્ષ્મ-સૂક્ષ્મ છે-परं परं सूक्ष्मम् ॥૨-૩૮॥ એમ પૂર્વે કહ્યું છે.

भाष्यम्- वैक्रियमिति । विक्रिया विकारो विकृतिर्विकरणमित्यनर्थान्तरम् । विविधं क्रियते । एकं भूत्वा अनेकं भवति । अनेकं भूत्वा एकं भवति । अणु भूत्वा महद् भवति । महच्च भूत्वाऽणु भवति । एकाकृति भूत्वा अनेकाकृति भवति । अनेका कृति भूत्वा एकाकृति भवति । दृश्यं भूत्वा अदृश्यं भवति । अदृश्यं भूत्वा दृश्यं भवति । भूमिचरं भूत्वा खेचरं भवति । खेचरं भूत्वा भूमिचरं भवति । प्रतिघाति भूत्वा अप्रतिघाति भवति । अप्रतिघाति भूत्वा प्रतिघाति भवति । युगपच्चैतान् भावाननुभवति । नैवं शेवाणीति । विक्रियायां भवति, विक्रियायां जायते, विक्रियायां निर्वत्यते, विक्रियैव वा वैक्रियम् ।
અર્થ- વૈક્રિય એટલે-વિક્રિયા (વિશિષ્ટ ક્રિયા) વિવિધ ક્રિયા, વિકૃતિ (વિચિત્ર કૃતિ), વિકરણ (વિવિધકરણ) એ એકાર્થવાચી છે. વિવિધરૂપે કરાય તે વૈક્રિય. જેમકે, એક થઈને અનેક થાય, અનેક થઈને એક થાય, નાનું થઈને મોટું થાય, મોટું થઈને નાનું થાય, એક આકૃતિવાળું થઈને અનેક આકૃતિ વાળું થાય, અનેક આકૃતિવાળુ થઈને એક આકૃતિવાળું થાય, દ્રશ્ય થઈને અદ્રશ્ય થાય, અદ્રશ્ય થઈને દ્રશ્ય થાય, ભૂચર થઈને ખેચર થાય, ખેચર થઈને ભૂચર થાય, પ્રતિઘાતિ થઈને અપ્રતિઘાતિ થાય, અપ્રતિઘાતિ થઈને પ્રતિઘાતિ થાય. એક સાથે આ બધા ભાવોને અનુભવે છે. બીજા શરીરો આ પ્રમાણે (=વૈક્રિય શરીર પ્રમાણે આ બધા ભાવો અનુભવતાં) નથી. વિવિધ ક્રિયામાં થાય છે, વિવિધ ક્રિયામાં ઉત્પન્ન થાય છે, વિવિધક્રિયામાં રચાય છે, અથવા વિવિધ ક્રિયા તે જ વૈક્રિય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- आहारकम्, आह्रियत इति आहार्यम्, आहारकमन्तर्मुहूर्तस्थिति, नैवं शेषाणि ॥
અર્થ- (વિશિષ્ટ પ્રયોજનાદિ કારણે) થોડા સમય માટે ગ્રહણ કરાય તે આહાર્યમ્ (અર્થાત્ આહારક શરીર). આહારકશરીરની અંતર્મુહૂર્ત સ્થિતિ હોય છે (એથી વધારે નહિ.) આ પ્રમાણે બીજા શરીરને[1] નથી હોતું.

भाष्यम्- तेजसो विकारस्तेजसं तेजोमयं तेजःस्वतत्त्वं शापानुग्रहप्रयोजनम्, नैवं शेषाणि ॥
અર્થ- તેજનો વિકાર તે તૈજસ, તેજોમય, તેજસ્ સ્વતત્વ છે (સ્વરૂપ છે). (તૈજસ શરીર) શાપ કે અનુગ્રહના પ્રયોજનવાળું છે. આવા (ગુણવાળા) બીજા શરીરો નથી.

भाष्यम्- कर्मणोविकारः कर्मात्मकं कर्ममयं इति- कार्मणम् । नैवं शेषाणि ॥
અર્થ- કર્મનો વિકાર, કર્મસ્વરૂપ, કર્મમય તે કાર્મણશરીર. આવું (લક્ષણ) બીજા શરીરોનું નથી.

भाष्यम्- एभ्य एव चार्थविशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम् । किं चान्यत् । कारणतो विषयतः स्वामितः प्रयोजनतः प्रमाणतः प्रदेशसंख्यातोऽवगाहनतः स्थितितोऽल्पबहुत्वत इत्येतेभ्यश्च नवभ्यो विशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम् इति ॥४९॥
અર્થ- આ (ઉદારાદિ) અર્થ વિશેષોથીજ શરીરોનું ભિન્નપણું સિદ્ધ થાય છે.
-વળી બીજું કારણથી, વિષયથી, સ્વામીથી, પ્રયોજનથી, પ્રમાણથી, પ્રદેશસંખ્યાથી, અવગાહનથી, સ્થિતિથી, અલ્પબહુત્વથી આ પ્રમાણે નવ[2] વિશેષે કરીને શરીરોનું જૂદાપણું સિદ્ધ થાય છે. ॥૪૯॥

---

૧. ઔદારિકશરીરની અંતર્મુહૂર્તની સ્થિતિ હોય છે ખરા. પણ નિયત-ચોક્કસ આટલી જ નહિ, વધારે પણ હોય.
૨. નવની વિશેષથી સમજૂતી:-
★ કારણથી-ઔદારિક શરીરનું કારણ સ્થૂલ પુદ્ગલો. શેષ શરીરોનું કારણ **परं परं सूक्ष्मम् ॥२-३८॥**
★ વિષયથી-ઔદારિક શરીરનો વિષય-તિર્ચ્છૂ-વિદ્યાધરો માટે નંદીશ્વરદ્વીપ સુધીનો, જંઘાચરણ માટે રૂચકદ્વીપ સુધી, ઉર્ધ્વ-પાંડુકવન સુધી.
વૈક્રિયનો વિષય-અસંખ્યદ્વીપ સમુદ્ર સુધી.
આહારક-મહાવિદેહ સુધી.
તૈજસ અને કાર્મણ-સર્વલોક સુધી
★ સ્વામીથી-ઔદારિકના સ્વામી-મનુષ્ય અને તિર્યંચ.
વૈક્રિયના સ્વામી-દેવ, નારક અને કેટલાક મનુષ્ય- તિર્યંચ.
આહારક-ચૌદપૂર્વી મનુષ્ય સંયત.
તૈજસ અને કાર્મણ-સર્વસંસારી.
★ પ્રયોજનથી-ઔદારિકનું પ્રયોજન-ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, કેવલજ્ઞાનની પ્રાપ્તિ ઈત્યાદિ.
વૈક્રિયનું પ્રયોજન-એક-અનેક-ભૂચર-ખેચર વગેરે થવાપણું ઈત્યાદિ અનેક લક્ષણોવાળા પ્રયોજનો.
આહારકનું પ્રયોજન-સંશય છેદાર્થે અને તીર્થંકરની ઋદ્ધિ જોવા માટે.
તૈજસનું પ્રયોજન-આહાર પાચન, શાપ-અનુગ્રહ.
કાર્મણનું પ્રયોજન-ભવાંતરમાં ગતિ આદિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-आसु चतसृषु संसारगतिषु को लिङ्गनियम इति?, अत्रोच्यते, जीवस्यौदयिकेषु भावेषु व्याख्यायमानेषूक्तम्-त्रिविधमेव लिङ्गं-स्त्रीलिङ्गं पुंल्लिङ्गं नपुंसकलिङ्गमिति, तथा चारित्रमोहेनो-कषायवेदनीये त्रिविध एव वेदो वक्ष्यते-स्त्रीवेदः पुंवेदो नपुंसकवेद इति। तस्मात् त्रिविधमेव लिङ्गमिति। तत्र-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે-સંસારની આ ચારેગતિમાં લિંગનો શો નિયમ છે ? (અર્થાત્ કઈ ગતિમાં કયા લિંગ હોય ?) (ઉત્તરકાર) કહેવાય છે અહીં- જીવના ઔદયિકાદિભાવોના વ્યાખ્યાનમાં (ભાષ્યમાં) લિંગ ત્રણ જ છે. સ્ત્રીલિંગ, પુલ્લિંગ અને નપુંસકલિંગ. એ પ્રમાણે કહ્યું છે. તથા ચારિત્રમોહનીયમાં નોકષાયમાં વેદ ત્રણ જ પ્રકારના છે તે (અ. ૮ - સૂ. ૧૦ માં) કહેવાશે. (૧) સ્ત્રીવેદ, (૨) પુરુષવેદ અને (૩) નપુંસકવેદ. તેથી લિંગ પણ ત્રણ જ છે... તેમાં (લિંગવિષે અનન્તર સૂત્રમાં કહે છે)

---

★ પ્રમાણથી-ઔદારિક શરીર એક હજાર યોજન + સાતિરેક.
વૈક્રિયશરીર- ૧ લાખ યોજન (મનુષ્ય, તિર્યંચ), ૧ લાખ યોજનમાં ચાર અંગુલ ન્યૂન (દેવતાઓ).
આહારક-મુઠ્ઠીવાળેલ એક હાથ.
તૈજસ અને કાર્મણ-લોક પ્રમાણ.

★ પ્રદેશથી-ઔદારિકના પ્રદેશો અનંતા, ઔદારિક કરતાં વૈક્રિયના પ્રદેશો અસંખ્યગુણ.
વૈક્રિય કરતા આહારકના પ્રદેશો અસંખ્યગુણ.
આહારક કરતા તૈજસના પ્રદેશો અનંતગુણ.
તૈજસ કરતા કાર્મણના પ્રદેશો અનંતગુણ.
**प्रदेशतोऽसंख्येयगुणंप्राक् तैजसात्** ॥૨- ૩૯॥, **अनन्तगुणे परे**॥૨-૪૦॥

★ અવગાહનાથી-ઔદારિક અવગાહના-એક હજાર યોજન પ્રમાણ આકાશપ્રદેશોની અવગાહના.
વૈક્રિય-ઔદારિક કરતા અસંખ્યગુણ પ્રદેશ અવગાહના (૧ લાખ યોજન પ્રમાણ.)
આહારક-એક હાથનું હોવાથી અલ્પ આકાશપ્રદેશ. પરંતુ અસંખ્યતો ખરા જ. (અવગાહના આ બે શરીર કરતાં ઓછી)
તૈજસ અને કાર્મણ-લોકાન્ત સુધી લાંબી આકાશશ્રેણીમાં અવગાહિત.

★ સ્થિતિથી-ઓદારિક-જઘન્ય-અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ.
વૈક્રિય-જઘન્ય-અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૩૩ સાગરોપમ.
આહારક-અતંર્મુહૂર્ત જ.
તૈજસ અને કાર્મણ-અનાદિ સાંત અને અનાદિ અનન્ત.

★ અલ્પબહુત્વથી-સૌથી ઓછા આહારક હોય છે. કયારેક ન પણ હોય. હોય તો જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી નવ હજાર.
આહારક કરતાં વૈક્રિયશરીરી અસંખ્યગુણ.
વૈક્રિય કરતાં ઔદારિક અસંખ્ય ગુણ.
[ઔદારિક શરીરીમાં અનંતગુણ ન કહ્યું કારણકે સાધારણ વનસ્પતિકાયનો આમાં સમાવેશ થતો નથી. સાધારણોને અનન્ત વચ્ચે એક શરીર હોય છે.]
ઔદારિક કરતા તૈજસ અને કાર્મણ અનંત ગુણા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- नारकसम्मूर्च्छिनो नपुंसकानि ॥२-५०॥

અર્થ- નારકી અને સંમૂર્ચ્છન જીવો નપુંસકલિંગી હોય છે.

भाष्यम्- नारकाश्च सर्वे संमूर्च्छिनश्च नपुंसकान्येव भवन्ति, न स्त्रियो न पुमांसः, तेषां हि चारित्रमोहनीयनोकषायवेदनीयाश्रयेषु त्रिपु वेदेषु नपुंसकवेदनीयमेवैकमशुभगतिनामापेक्षं पूर्वबद्ध-निकाचितमुदयप्राप्तं भवति, नेतरे इति ॥५०॥

અર્થ- નારકો અને બધા સંમૂર્ચ્છનો નપુંસક જ હોય છે. (તે) નથી સ્ત્રી કે નથી પુરુષ (હોતા). તેમને (નારક, સંમૂર્ચ્છનને) અશુભગતિનામ કર્મની અપેક્ષાએ પૂર્વબદ્ધ નિકાચિત એવા ચારિત્રમોહનીય અને નોકષાયવેદનીય છે આશ્રય જેનો એવા ત્રણે વેદમાં નપુંસકવેદનીયનો જ ઉદય હોય છે. પરન્તુ બીજા (સ્ત્રી-પુરુષ વેદોદય) ન હોય. ॥૫૦॥

## सूत्रम्- न देवाः ॥२-५१॥

અર્થ- દેવો નપુંસકલિંગ નથી હોતા.

भाष्यम्- देवाश्चतुर्निकाया अपि नपुंसकानि न भवन्ति, स्त्रियः पुमांसश्च भवन्ति, तेषां हि शुभगतिनामापेक्षे स्त्रीपुंवेदनीये पूर्वबद्धनिकाचिते उदयप्राप्ते द्वे एव भवतो, नेतरत्, पारिशेष्याच्च गम्यते जराय्वण्डपोतजास्त्रिविधा भवन्ति-स्त्रियः पुमांसो नपुंसकानीति ॥५१॥

અર્થ- ચારે નિકાયના દેવો સ્ત્રી અને પુરુષલિંગી હોય છે. પરન્તુ નપુંસકલિંગી નથી હોતા. તેમને શુભગતિનામની અપેક્ષાવાળા પૂર્વબદ્ધ નિકાચિત ઉદયપ્રાપ્ત સ્ત્રી[1]-પુરુષવેદરૂપ બે જ લિંગ હોય છે. તે સિવાય (નપુંસક) ન હોય. બાકી રહેલાથી એ જણાય છે કે જરાયુજ, અંડજ અને પોતજ ત્રણેય પ્રકારના (જન્મો) હોય છે- સ્ત્રીલિંગી, પુરુષલિંગી અને નપુંસકલિંગી. ॥૫૧॥

भाष्यम्- अत्राह-चतुर्गतावपि संसारे किं व्यवस्थिता स्थितिरायुष उताकालमृत्युरप्यस्तीति ? अत्रोच्यते, द्विविधान्यायूंषि-अपवर्तनीयानि अनपवर्तनीयानि च, अनपवर्तनीयानि पुनर्द्विविधानि-सोपक्रमाणि निरुपक्रमाणि च, अपवर्तनीयानि तु नियतं सोपक्रमाणीति । तत्र-

અર્થ- જિજ્ઞાસુ અહીં પૂછે છે કે-ચારગતિરૂપ સંસારમાં આયુષ્યસ્થિતિની શી વ્યવસ્થા છે ? (શો નિયમ છે ?) કે અકાલે મૃત્યુ પણ થાય છે. ? (ઉત્તરકાર)-કહેવાય છે અહીં-આયુષ્ય બે પ્રકારના છે. (૧) અપવર્તનીય (આયુષ્ય) અને (૨) અનપવર્તનીય (આયુષ્ય). વળી અનપવર્તનીયના બે ભેદ છે (૧) સોપક્રમી અને (૨) નિરુપક્રમી. અપવર્તનીય (આયુષ્ય) તો ચોક્કસ સોપક્રમી (હોય છે). તેમાં... (આગળ-અનન્તર સૂત્રમાં કહે છે)

---

૧. અહીં સ્ત્રીવેદને શુભકહ્યો તે નપુંસકની અપેક્ષાએ. પરંતુ હકીકતમાં શુભ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥२-५२॥**

અર્થ- ઉપપાત જન્મવાળા, ચરમદેહી, ઉત્તમપુરુષો, અસંખ્યવર્ષના આયુષી (યુગલિકો) આટલા જીવો અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે.

भाष्यम्- औपपातिकाश्चरमदेहा उत्तमपुरुषा असङ्ख्येयवर्षायुष इत्येतेऽनपवर्त्यायुषो भवन्ति, तत्रौपपातिका नारकदेवाश्चेत्युक्तम्, चरमदेहा मनुष्या एव भवन्ति, नान्ये, चरमदेहा अन्त्यदेहा इत्यर्थः, ये तेनैव शरीरेण सिध्यन्ति, उत्तमपुरुषास्तीर्थकरचक्रवर्त्यर्धचक्रवर्तिनः, असङ्ख्येयवर्षायुषो मनुष्याः तिर्यग्योनिजाश्च भवन्ति ।

અર્થ- ઔપપાતિકી, ચરમદેહી, ઉત્તમપુરુષો અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા (આટલા જીવો) અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. તેમાં-ઔપપાતિકી-નારક અને દેવો એ પ્રમાણે અ. ૨, સૂ. ૩૫ માં કહ્યું છે. ચરમદેહી-મનુષ્યો જ હોય છે, બીજું કોઈ નહિ. ચરમદેહી એટલે અન્ત્યદેહી, જે તે શરીરવડે સિદ્ધ થવાના હોય (તે ચરમદેહી.) ઉત્તમપુરુષો-શ્રી તીર્થંકર, ચક્રવર્તી અર્ધચક્રવર્તીઓ. અસંખ્યવર્ષના આયુષ્યવાળા-મનુષ્ય અને તિર્યંચો (અર્થાત્ યુગલિકો) હોય છે.

भाष्यम्- सदेवकुरूत्तरकुरुषु सान्तरद्वीपकास्वकर्मभूमिषु कर्मभूमिषु च सुषमसुषमायां सुषमायां सुषमदुःषमायामित्यसङ्ख्येयवर्षायुषो मनुष्या भवन्ति, अत्रैव बाह्येषु द्वीपेषु समुद्रेषु तिर्यगयोनिजा असङ्ख्येयवर्षायुषो भवन्ति, औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमाः, चरमदेहाः सोपक्रमा निरुपक्रमाश्चेति । एभ्य औपपातिक चरमदेहासङ्ख्येयवर्षायुर्भ्यः शेषाः मनुष्यास्तिर्यग्योनिजाः सोपक्रमा निरुपक्रमाश्चापवर्त्यायुषोऽनपवर्त्यायुपश्च भवन्ति, तत्र येऽपवर्त्यायुषस्तेषां विषशस्त्रकण्टकाग्न-युदकाह्यशिताजीर्णाशनिप्रपातोद्बन्धनश्वापदवज्रनिर्घातादिभिः क्षुत्पिपासाशीतोष्णादिभिश्च द्वन्द्वो-पक्रमैरायुरपवर्त्यते, अपवर्तनं शीघ्रमन्तर्मुहूर्तात्कर्मफलोपभोगः, उपक्रमोऽपवर्तननिमित्तम् ।

અર્થ- દેવકુરુ તથા ઉત્તરકુરુમાં, અન્તર્દ્વીપમાં, અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં સુષમ-સુષમ આરામાં, સુષમ આરામાં અને સુષમદુષમ આરામાં અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે. અહીં જ તેમજ બહારના દ્વીપો સમુદ્રોમાં તિર્યંચો અસંખ્યવર્ષના આયુષ્યવાળા હોય છે.

-ઉપપાતજન્મવાળા (ઔપપાતિક) અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા નિરુપક્રમી હોય છે.

-ચરમદેહી- સોપક્રમી અને નિરુપક્રમી હોય છે. આ ઔપપાતિકી, ચરમદેહી, અસંખ્યવર્ષના આયુષ્યવાળા સિવાયના મનુષ્યો અને તિર્યંચો સોપક્રમી અને નિરુપક્રમી તેમજ અપવર્તનીય અને અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે.

-તેમાં જે અપવર્તનીય આયુષ્યવાળા હોય છે તેમને વિષ, શસ્ત્ર, કાંટા, અગ્નિ, પાણી, સર્પ, ગરમી, અજીર્ણ, અશનિપ્રપાત (વિજળી પડવી), ફાંસો, જનાવરો, વજ્રનો ઘાત વગેરેથી તેમજ ભૂખ, તરસ, ઠંડી, ગરમી આદિ દ્વન્દ્વ ઉપક્રમ થી આયુષ્ય ઓછું થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપવર્તન એટલે જલ્દીથી-અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મનું ફળ ભોગવાઈ જવું તે. ઉપક્રમ એ અપવર્તનનું નિમિત્ત (કારણ) છે.

भाष्यर्थ- अत्राह- यद्यपवर्तते कर्म तस्मात्कृतनाशः प्रसज्यते यस्मान्न वेद्यते, अथास्त्यायुष्कं कर्म म्रियते च, तस्मादकृताभ्यागमः प्रसज्यते, येन सत्यायुष्के म्रियते ततश्चायुष्कस्य कर्मणः आफल्यं प्रसज्यते, अनिष्टं चैतत्, एकभवस्थिति चायुष्कं कर्म्म न जात्यन्तरानुबन्धि, तस्मान्नापवर्तनमायुषोऽस्तीति, अत्रोच्यते।

અર્થ- અહીં (શંકાકાર) પ્રશ્ન કરે છે કે જો આયુષ્યકર્મનું અપવર્તન થાય છે તો કરેલા કર્મો (યથાયોગ્ય ફળના ઉપભોગ વિના) નાશ થવાનો પ્રસંગ બને છે. કારણકે (તે) આયુષ્યકર્મ ભોગવાતું નથી. (હવે જો એમ કહો કે આયુષ્યકર્મ બાકી છે અને મૃત્યુપામે છે) તો આયુષ્યકર્મ હોતે છતે મૃત્યુ થાય છે. એટલે કે જે નથી કર્યું તેનું આવાગમન થાય છે. જેથી છતે આયુષ્યે મરણ થાય છે. તેથી આયુષ્યકર્મની નિષ્ફળતાનો પ્રસંગ બને છે. તે અનિષ્ટ (અયોગ્ય) છે. અથવા એક ભવની સ્થિતિવાળું આયુષ્ય કર્મ બીજા ભવમાં આવી શકતું નથી. તેથી અપવર્તન થાય તે સંભવતું નથી. (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

भाष्यम्- कृतनाशाकृताभ्यागमाफल्यानि कर्मणो न विद्यन्ते, नाप्यायुष्कस्य जात्यन्तरानुबन्धः, किन्तु यथोक्तैरुपक्रमैरभिहतस्य सर्वसंदोहेनोदयप्राप्तमायुष्कं कर्म शीघ्रं पच्यते तदपवर्तनमित्युच्यते, संहतशुष्कतृणराशिदहनवत्, यथा हि संहतस्य शुष्कस्यापि तृणराशेरवयवशः क्रमेण दह्यमानस्य चिरेण दाहो भवति, तस्यैव शिथिलप्रकीर्णोपचितस्य सर्वतो युगपदादीपितस्य पवनोपक्रमाभिहतस्यार्थस्याशु दाहो भवति तद्वत्।

અર્થ- (જો ભાઈ !) કૃતનાશ કે અકૃતનું આવગમન કે કર્મની નિષ્ફળતા નથી થતી, આયુષ્યનો બંધ બીજા ભવ સુધી ચાલતો પણ નથી.[1] પરન્તુ, જે કહેલા ઉપક્રમો વડે હણાયેલો એટલે સર્વ સમુહ વડે ઉદયપ્રાપ્ત આયુષ્યકર્મને જલ્દી ભોગવી લે છે. તેને 'અપવર્તન' એમ કહેવાય છે. આયુષ્યકર્મ જલ્દી નાશ પામે છે તે અપવર્તન એ પ્રમાણે કહેવાય છે. (અર્થાત્) ઢગલો કરેલા સૂકા ઘાસના સમુહના દહનની જેમ. જેમ, એકઠા કરેલા સૂકા ઘાસના સમુહના ઢગલાને છૂટુ છૂટુ ક્રમસર બાળીએ તો લાંબા કાળે બળી રહે છે. તે જ એકઠા કરેલા સૂકા ઘાસને ઢીલું કરીને બરાબર ગોઠવી ચારે બાજુથી એક સાથે સળગાવવામાં આવે અને પવનના ઝપાટા હોય તો તે ઘાસ જલ્દીથી બળી જાય છે. તેમ.

૧. આયુષ્ય કર્મને પૂજ્યપાદ સાગરજી મ. જે રાંધેલા દાળભાતની ઉપમા આપી છે. જેમ રાંધેલા દાળભાત જે દિવસે રાંધ્યા હોય તે જ દિવસે પૂરા કરવા પડે. તેમ આયુષ્ય પણ જે ભવમાં ઉદયમા આવ્યું તેજ ભવમાં પૂરું કરવું પડે. જ્યારે બીજા કર્મો સૂકા નાસ્તા જેવા છે. જેમ સૂકો નાસ્તો જે દિવસે બનાવ્યો હોય તે દિવસે વપરાયો તેટલો ઠીક, અને વધ્યો તો બીજે-ત્રીજે-ચોથે વગેરે દિવસે પણ વપરાય-તે પ્રમાણે બીજા કર્મો આ ભવમાં ભોગવાયા તેટલા ઠીક અને વધ્યાં હોય તો તે પરભવમાં કે તેના પછીનાં વગેરે ભવોમાં ય ભોગવાય. જેમ, શ્રી મહાવીર પ્રભુએ ત્રીજા ભવમાં બાંધેલ નીચગોત્ર કર્મ-૨૭ માં ભવે પણ ભોગવ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- यथा वा सङ्ख्यानाचार्यः करण लाघवार्थं गुणकारभागहाराभ्यां राशिं छेदादेवापवर्तयति, न च सङ्ख्येयस्यार्थस्याभावो भवति, तद्वदुपक्रमाभिहतो मरणसमुद्घातदुःखार्त्त कर्मप्रत्ययमनाभोगयोगपूर्वकं करणविशेषमुत्पाद्य फलोपभोगलाघवार्थं कर्मापवर्तयति, न चास्य फलाभाव इति। किंचान्यत्-

અર્થ- અથવા, જેવી રીતે ગણિતજ્ઞ ટૂંકી રીતે જવાબ લાવવા માટે ગુણાકાર, ભાગાકાર તથા રકમને છેદ આપવા પૂર્વક દાખલો ટૂંકાવી નાંખે છે. પરંતુ સંખ્યાને યોગ્ય પદાર્થનો અભાવ હોતો નથી (ફેર હોતો નથી) તેવી રીતે ઉપક્રમથી મરણ સમુદ્દ્ઘાતના દુઃખથી પીડાયેલો કર્મનિમિત્તે અનાભોગ યોગપૂર્વક કરણવિશેષ ઉત્પન્ન કરીને કર્મને ઘટાડે છે. પરન્તુ આના ફળનો અભાવ નથી. (જેમ ગણિતજ્ઞ છેદ ઉડાવીને મોટા દાખલાનો જવાબ લઘુતાથી સાચો લાવે છે. તેમ સમુદ્દ્ઘાતથી કર્મફળ ભોગવ્યા વિના કર્મદલ બધુ ભોગવી લે છે.) વળી બીજું...

भाष्यम्- यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवाय्वभिहतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूतस्नेहागमो, नापि वितानिते- ऽकृत्स्नशोषः, तद्वद्यथोक्तनिमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानि इति ॥५२॥

અર્થ- અથવા, જેમ ધોયેલું ભીનુંવસ્ત્ર ભેગું (ઘડી) કરેલું હોય તો લાંબાકાળે સુકાય છે. અને તે જ (વસ્ત્ર ને) પહોળું કર્યુ હોય તો સૂર્યના કિરણો તેમજ વાયુથી (ભીનાશ) પ્રહત થયેલ (વસ્ત્ર) જલ્દી સૂકાઈ જાય છે. પરન્તુ અહીં ભેગા કરેલ વસ્ત્રમાં નવું પાણી નથી આવતું કે પહોળા કરેલ વસ્ત્રમાં સમસ્ત પાણીનો શોષ થતો નથી. તે પ્રમાણે જેમ પૂર્વે કહ્યા છે તે નિમિત્તોવાળા અપવર્તનોથી કર્મોનું ફળ જલ્દી ભોગવાઈ જાય. એમાં ન તો કૃતનો નાશ કે ન તો અકૃત આગમ છે. કે કર્મનું ફળ નિષ્ફળ (પણ) નથી. ॥૫૨॥

## ★ ઉપસંહાર ★

જીવ તત્ત્વની વિચારણા જીવનમાં અત્યંત કામયાબ છે... તેથી જ તો જણાય છે કે પૂ. ઉમાસ્વાતિજી ભગવંતે ચાર-ચાર અધ્યાયમાં જીવ સંબંધિ વિશેષ સમજૂતિ સમાવેલી છે.

આ બીજા અધ્યાયમાં જીવના ભાવોનું સ્વરૂપ, ભાવોના ભેદો, જીવનું સ્વરૂપલક્ષણ, તેનાભેદ, જીવોના ભેદો, ઈન્દ્રિયોનું વિશેષતયા વર્ણન, પરભવ પ્રાપ્તિની સુક્ષ્મતમ પદ્ધતિ, જીવનો વિભિન્ન જન્મોના પ્રકારો, યોનિના પ્રકારો, શરીરની સૂક્ષ્મતા-સ્થૂલતાનું અદ્દ્ભૂત રહસ્ય, શરીરસંયોગોનું ઓછાવત્તાપણું, શરીરનું કાર્ય, સંસારી જીવોની ત્રણ લિંગમાં વહેંચણી અને અંતે અપવર્તનીય-અનપવર્તનીય-સોપક્રમી-નિરુપક્રમી આયુષ્યનું સવિસ્તર વર્ણન કરી આ અધ્યાય પૂર્ણ કર્યો છે.

બે અધ્યાય મળી કુલ સૂત્ર ૮૭ થયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## तृतीयः अध्यायः - ત્રીજો અધ્યાય

भाष्यम्- अत्राह-उक्तं भवता नारका इति गतिं प्रतित्य जीवस्यौदयिको भावः, तथा जन्मसु नारकदेवानामुपपातः', वक्ष्यति च स्थितौ नारकाणां च द्वितीयादिषु', आस्रवेषु बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः' इति, तत्र के नारका नाम ? क्व चेति ?, अत्रोच्यते- नरकेषु भवा नारकाः। तत्र नरक प्रसिद्धयर्थमिदमुच्यते-

અર્થ- અહીં (જિજ્ઞાસુ) કહે છે કે આપશ્રીએ કહ્યું-નારક એ ગતિને અનુલક્ષીને જીવનો ઔદયિક ભાવ છે. તથા જન્મમાં (અથવા જન્મ સમ્બન્ધી) નારક-દેવોને ઉપપાત જન્મ હોય છે. (અ. ૨- સૂ. ૩૫) અને નારકની સ્થિતિ સમ્બન્ધી 'नारकाणां च द्वितीयादिषु' અ. ૪- સૂ. ૪૩ માં કહેવાશે. આશ્રવ સમ્બન્ધી बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः અ. ૬- સૂ. ૧૬ માં કહેવાશે. (તો,) ત્યાં નારકો એટલે કોણ ? અથવા નારક કયાં છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

નરકમાં ઉત્પન્ન થનારા તે નારકો.

તેમાં નરકની પ્રસિદ્ધિ માટે આ (અહીં) કહેવાય છે.

**सूत्रम्- रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयोघनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः ।।३-१।।**

અર્થ- (એક-એક નરકપૃથ્વી) ઘનપાણી તથા ઘનવાયુ અને પાતળાવાયુ તેમજ આકાશ ઉપર રહેલી-નીચે નીચે પહોળી રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા અને મહાતમ:પ્રભા એ સાત પૃથ્વીઓ (ભૂમિઓ) છે.

भाष्यम्- रत्नप्रभा शर्कराप्रभा वालुकाप्रभा पङ्कप्रभा धूमप्रभा तमःप्रभा महातमःप्रभा इत्येता भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठा भवन्त्येकैकशः सप्त अधोऽधः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- રત્નપ્રભા[1], શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા-આ સાત પૃથ્વીઓ-પ્રત્યેક પૃથ્વીઓ નીચે ઘટ્ટ પાણી, નીચે ઘટ્ટ વાયુ, નીચે પાતળો વાયુ અને નીચે આકાશને આધારે રહેલી છે.

भाष्यम्- रत्नप्रभाया अधः शर्कराप्रभा, शर्कराप्रभाया अधो वालुकाप्रभा, इत्येवं शेषाः, अम्बुवाताकाशप्रतिष्ठा इति सिद्धे घनग्रहणं क्रियते यथा प्रतीयते घनमेवाम्बु अधः पृथिव्याः, वातास्तु घनास्तनवश्चेति, ।

અર્થ- રત્નપ્રભા (ભૂમિ)ની નીચે શર્કરાપ્રભા, શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા, એ પ્રમાણે બાકીની બધી જાણવી. 'પાણી-વાયુ-આકાશ ઉપર રહેલી' એ પ્રમાણે કહેવાથી સિદ્ધ હોવા છતાં પણ 'ઘન' શબ્દનું ગ્રહણ કરાયું છે, (તો) તેનો આ અર્થ જણાય છે કે-પૃથ્વીની નીચે 'પાણીથી' ઘટ્ટ જ પાણી લેવું અને વાયુ તો ઘટ્ટ અને પાતળો (બન્ને) સમજવા.

भाष्यम्- तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा, पङ्को घनोदधिवलयप्रतिष्ठो, घनोदधिवलयं घनवातवलयप्रतिष्ठं, घनवातवलयं तनुवातवलय प्रतिष्ठं, ततो महातमोभूतमाकाशम्, सर्वं चैतत्पृथिव्यादि तनुवातवलयान्तमाकाशप्रतिष्ठम्, आकाशं त्वात्मप्रतिष्ठम्, उक्तमवगाहनमाकाशस्येति ।

અર્થ- તે આ પ્રમાણે, ખરપૃથિવી (રત્નપ્રભાનો પહેલો કાંડ)- પંક (કાદવ) ના આધારે રહેલી છે, પંક-ઘટ્ટપાણીના વલય ઉપર રહેલ[2] છે, ઘટ્ટપાણીનો વલય-ઘટ્ટ (થીજેલા) વાયુના વલયના આધારે રહેલ છે, ઘટ્ટવાયુનો વલય-પાતળાવાયુના વલયના આધારે રહેલ છે. ત્યારબાદ વિરાટ્ અંધકારરૂપ આકાશ છે. નરક પૃથ્વીથી આંરભી તનુવાતના વલય સુધીનું આ બધું આકાશના આધારે પ્રતિષ્ઠિત છે. આકાશ તો આત્મપ્રતિષ્ઠિત છે, જેથી (आकाशस्यावगाहः अ. ५, सू. १८ मां) કહ્યું છે કે આકાશ એ અવગાહના (જગ્યા) આપનાર છે.

भाष्यम्- तदनेन क्रमेण लोकानुभावसंनिविष्टा असङ्ख्येययोजनकोटीकोट्यो विस्तृताः सप्त भूमयो रत्नप्रभाद्याः ॥ सप्तग्रहणं नियमार्थं, रत्नप्रभाद्या मा भूवन्नेकशो ह्यनियतसङ्ख्या इति, **किंचान्यत्**-अधः सप्तैवेत्यवधार्यते, ऊर्ध्वं त्वेकैवेति वक्ष्यते ।

અર્થ- આ ક્રમ પ્રમાણે-લોક સ્વભાવે રહેલ રત્નપ્રભા આદિ સાતેય પૃથ્વીઓ અસંખ્યકોડાકોડી યોજન પ્રમાણ વિસ્તૃત (વિસ્તારવાળી) છે. ચોક્કસતા દર્શાવવા સાતનું ગ્રહણ કર્યું છે. (સાત જ પૃથ્વી

---

૧. રત્નપ્રધાન હોવાથી રત્નપ્રભા કહેવાય છે, શર્કરા = કાંકરા, કાંકરા વધારે હોવાથી શર્કરાપ્રભા, વાલુકા = રેતી, રેતી વધારે હોવાથી વાલુકાપ્રભા, પંક = કાદવ, કાદવ વધારે હોવાથી પંકપ્રભા, ધૂમ = ધૂમાડો, ધૂમાડો વધારે હોવાથી ધૂમપ્રભા, તમઃ = અંધકાર, અંધકાર વધારે હોવાથી તમઃપ્રભા અને મહાતમઃ = ગાઢ અંધકાર, ગાઢ અંધકાર વધારે હોવાથી મહાતમઃપ્રભા કહેવાય છે.

૨. ખરકાંડ એ પંકકાંડના આધારે, પંકકાંડ એ જલબહુલકાંડના આધારે અને જલબહુલકાંડ એ ઘનોદધિના આધારે રહેલ છે. પરંતુ ઘનોદધિ એ જલસ્વરૂપ જ હોવાથી-જલકાંડનો તેમાં સમાવેશ કરવાથી જૂદો ગણાવેલ નથી (ખરકાંડ-૧૬ હજાર યોજન, પંકકાંડ-૮૪ હજાર યોજન, જલબહુલકાંડ-૮૦ હજારયોજન એટલે રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એકલાખ એંશી હજાર યોજન થાય.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીચે છે.) રત્નપ્રભા વગેરે દરેક અનિયત સંખ્યાવાળી ન થાય માટે સાતનું ગ્રહણ કર્યું છે. (જેમકે રત્નપ્રભાનું પહેલું કાંડ સોળ પ્રકારનું છે.)

વળી બીજું, નીચે સાત જ (પૃથ્વી) છે. એમ નક્કી ધારવું. ઉપર તો એક જ છે તે કહેવાશે. (સિદ્ધશિલા).

भाष्यम्- अपिच-तन्त्रान्तरीया असङ्ख्येयेषु लोकधातुष्वसङ्ख्येयाः पृथिवीप्रस्तारा इत्यध्यवसिताः तत्प्रतिषेधार्थं च सप्तग्रहणमिति ।

અર્થ- વળી, બીજા દર્શનકારો (બૌદ્ધો) અસંખ્ય લોક ધાતુથી અસંખ્ય પૃથ્વીઓ માને છે. તેનો નિષેધ કરવા માટે સાતનું ગ્રહણ કર્યું છે.

भाष्यम्- सर्वाश्चैता अधोऽधः पृथुतराः छत्रातिच्छत्रसंस्थिताः, घर्मा वंशा शैला अञ्जना रिष्ठा माघव्या माघवीति चासां नामधेयानि यथासङ्ख्यमेवं भवन्ति, रत्नप्रभा घनभावेनाशीतं योजनशतसहस्रं, शेषा द्वात्रिंशदष्टाविंशतिविंशत्यष्टादशषोडशाष्टाधिकमिति ।

અર્થ- આ બધી પૃથ્વીઓ નીચે-નીચે પહોળી-પહોળી (એક કરતાં બીજી પહોળી, બીજી કરતાં ત્રીજી પહોળી એમ) છત્રાતિછત્રના આકારે રહેલ છે. તેના નામ અનુક્રમે ઘમ્મા, વંશા, શેલા, અંજણા, રિષ્ઠા, મઘા અને માઘવતી આ પ્રમાણે[1] છે. રત્નપ્રભાની જાડાઈ એક લાખ એંશીહજાર યોજન, બાકીનીની (એટલે શર્કરાપ્રભા આદિની)

(શર્કરા પ્રભાની) - એક લાખ બત્રીસ હજાર,
(વાલુકાપ્રભાની) - એક લાખ અઠ્યાવીસ હજાર,
(પંકપ્રભાની) - એક લાખ વીસ હજાર,
(ધૂમપ્રભાની) - એક લાખ અઢાર હજાર,
(તમઃ પ્રભા) - એક લાખ સોળ હજાર,
(મહાતમઃપ્રભા) - એક લાખ આઠ હજાર. એ પ્રમાણે.

भाष्यम्- सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि, घनवाततनुवातास्त्वसङ्ख्येयानि, अधोऽधस्तु घनतरा विशेषेणेति ॥१॥

અર્થ- બધા ઘનોદધિ વીસ હજાર યોજનના હોય છે અને ઘનવાત તથા તનુવાત અસંખ્યેય યોજનના છે. નીચે નીચે વધારે ઘનતર[2] છે. ॥૧॥

---

૧. બંને જૂદા જૂદા નામો પૈકી એક પૃથ્વીનું નામ અને એક-ગોત્રનું નામ છે.

૨. એટલે કે સાત ઘનોદધિ એક સરખા માપના છે. જ્યારે ઘનવાત-તનવાત અસંખ્યેય યોજન છે. પરંતુ પહેલી ભૂમિના નીચે ઘનવાત-તનવાન કરતાં બીજી ભૂમિના નીચેના ઘનવાત-તનવાતમાં અસંખ્યપણું વધારે છે. એમ સાતેયનું સમજવું. તે પ્રમાણે આકાશનું પણ સમજવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- तासु नरकाः ॥३-२॥

અર્થ- તે (ભૂમિઓ)માં નરકો છે.

भाष्यम्- तासु–रत्नप्रभाद्यासु भूषूर्ध्वमधश्चैकैकशो योजनसहस्रमेकैकं वर्जयित्वा मध्ये नरका भवन्ति। अर्थ- તે રત્નપ્રભા આદિ ભૂમિમાં પ્રત્યેક ભૂમિના (પોતાની જાડાઈમાંથી) ઉપર-નીચેના એક એક હજાર યોજન છોડીને (શેષ) મધ્યભાગમાં નરકો છે.

भाष्यम्- तद्यथा-उष्ट्रिकापिष्टपचनीलोहीकरकेन्द्रजानुकाजन्तोकायस्कुम्भायःकोष्ठादिसंस्थाना वज्र-तलाः सीमन्तकोपक्रान्ता रौरवोऽच्युतो रौद्रो हाहारवो घातनः शोचनस्तापनः क्रन्दनो विलपनश्छेदनो भेदनः खटापटः कालपिञ्जर इत्येवमाद्या अशुभनामानः कालमहाकालरौरवमहारौरवाप्रतिष्ठानपर्यन्ताः।
અર્થ- તે આ રીતે- ઉટંડી, હાંડલી, લોઢી, લોઢાનીડોઘલી, લોઢાનો કુમ્ભ, લોઢાની કોઠી આદિ આકારવાળા વજના (ધારદાર વજના) તળીયાવાળી સીમન્તક (રત્નપ્રભાનું પહેલુ પ્રતર) આદિ તમામ પ્રતરોમાં રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, તાપન, શૌચન, ક્રન્દન, વિલપન, છેદન, ભેદન, ખટાપટ, કાલપિંજર ઈત્યાદિ અશુભ નામવાળા નારકવાસો સાતમી ભૂમિના કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ (અને) અપ્રતિષ્ઠાન (આ પાંચ પ્રતરો) સુધીમાં હોય છે.

भाष्यम्- रत्नप्रभायां नरकाणां प्रस्तरास्त्रयोदश, द्विद्व्यूनाः शेषासु । रत्न प्रमायां नरकावासानां त्रिंशच्छतसहस्राणि, शेषासु पञ्चविंशतिः पञ्चदश दश त्रीण्येकं पञ्चोनं नरकशतसहस्रमित्याषष्ठ्याः, सप्तम्यां तु पञ्चैव महानरका इति ॥२॥
અર્થ- રત્નપ્રભા પૃથ્વીમાં નરકના તેર પ્રતરો છે, બાકીની પૃથ્વીમાં બબ્બે ઓછા પ્રતરો જાણવાં. (શર્કરાપ્રભા માં અગ્યાર, વાલુકાપ્રભામાં નવ, પંકપ્રભામાં સાત, ધૂમપ્રભામાં પાંચ, તમ:પ્રભામાં ત્રણ અને મહાતમપ્રભામાં એક પ્રતર છે.)
- રત્નપ્રભામાં ત્રીસ લાખ નરકાવાસો છે. બાકીની પૃથ્વીમાં અનુક્રમે પચ્ચીસલાખ, પંદરલાખ, દશલાખ, ત્રણલાખ, પાંચ ઓછા એકલાખ (એટલે ૯૯૯૯૫) એમ છઠ્ઠી ભૂમિ સુધી તથા સાતમી (ભૂમિમાં) તો પાંચ જ મહાનરકવાસ છે. [૩૦ + ૨૫ + ૧૫ + ૧૦ + ૩ + ૧ (૬ઠી સાતમીનરક મળીને ૧ લાખ) એમ કુલ્લે ૮૪ લાખ નરકાવાસ છે.] ॥૨॥

## सूत्रम्- नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ॥३-३॥

અર્થ- તે નરકનાજીવો નિરન્તર અશુભતર લેશ્યા-પરિણામ-શરીર-વેદના અને વિક્રિયાવાળા હોય છે.

भाष्यम्- ते नरका भूमिक्रमेणाधोऽधो निर्माणतोऽशुभतराः, अशुभा रत्नप्रभायां ततोऽशुभतराः शर्कराप्रभायां ततोऽप्यशुभतरा वालुकाप्रभायाम्, इत्येवमासप्तम्याः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- તે નરકો ભૂમિક્રમ અનુસાર ઉત્તરોત્તર (નીચે નીચે) નિર્માણથી અશુભતર-અશુભતર હોય છે.
(તે આ રીતે,-) રત્નપ્રભામાં અશુભ.
શર્કરાપ્રભામાં તેનાથી અશુભતર,
વાલુકાપ્રભામાં તેનાથીપણ અશુભતર.
એ પ્રમાણે સાતેય નરક સુધી જાણવું.

भाष्यम्- नित्यग्रहणं गतिजातिशरीराङ्गोपाङ्गकर्मनियमादेते लेश्यादयो भावा नरकगतौ नरकपञ्चेन्द्रियजातौ च नैरन्तर्येणाभवक्षयोद्वर्तनाद् भवन्ति । न च कदाचिदक्षिनिमेषमात्रमपि न भवन्ति शुभा वा भवन्ति, अतो नित्या इत्युच्यन्ते ।

અર્થ- 'નિત્ય' કહેવાનું કારણ-ગતિ, જાતિ, શરીર, અંગોપાંગકર્મના નિયમથી આ લેશ્યાદિભાવો નરકગતિમાં અને નરકપંચેન્દ્રિયજાતિમાં ભવક્ષય સુધી નિરન્તર હોય છે. ભવક્ષય પછી (આવી) અશુભતા બંધ થાય. અને કયારે પણ એટલે કે આંખના પલકારામાત્ર પણ શુભ (લેશ્યાદિ) નો ઉદય નથી હોતો. જેથી 'નિત્ય'[1] (નિરન્તર) કહેવાય.

भाष्यम्- अतः अशुभतरलेश्याः, कापोतलेश्या रत्नप्रभायां, ततस्तीव्रतरसंक्लेशाध्यवसाना कापोता शर्कराप्रभायां, ततस्तीव्रतरसंक्लेशाध्यवसाना कापोतनीला वालुकाप्रभायां, ततस्तीव्रतर-संक्लेशाध्यवसाना नीला पङ्कप्रभायां, ततस्तीव्रतरसंक्लेशाध्यवसाना नीलकृष्णा धूमप्रभायां, ततस्तीतीव्रतरसंक्लेशाध्यवसाना कृष्णा तमःप्रभायां, ततस्तीव्रतरसंक्लेशाध्यवसाना कृष्णैव महातमःप्रभायामिति ॥

અર્થ- હવે, અશુભતર લેશ્યા-રત્નપ્રભા (નરક) માં કાપોત લેશ્યા, તેના કરતાં (રત્નપ્રભાની કાપોત કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવસાયવાળી કાપોતલેશ્યા શર્કરાપ્રભામાં, તેના કરતાં (શર્કરાપ્રભાની કાપોત કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવસાયવાળી કાપોત અને નીલ (તીવ્ર) લેશ્યા વાલુકાપ્રભામાં, તેના કરતાં (વાલુકાપ્રભાની નીલ કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવસાયવાળી નીલ લેશ્યા પંકપ્રભામાં, તેના કરતાં (પંકપ્રભાની નીલ કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવાસાયવાળી નીલ અને કૃષ્ણ (તીવ્ર) લેશ્યા ધૂમપ્રભામાં, તેના કરતાં (ધૂમપ્રભાની કૃષ્ણ કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવસાયવાળી કૃષ્ણલેશ્યા તમ:પ્રભામાં (અને) તેના કરતાં (તમ:પ્રભાની કૃષ્ણ કરતાં) તીવ્રતર સંકલેશના અધ્યવસાયવાળી કૃષ્ણલેશ્યા જ મહાતમ:પ્રભામાં હોય છે.

भाष्यम्- अशुभतरपरिणामः, बन्धनगतिसंस्थानभेदवर्णगन्धरसस्पर्शागुरुलघुशब्दाख्योदशविधोऽशुभः पुद्गलपरिणामो नरकेषु, अशुभतरश्चाधोऽधः, तिर्यगूर्ध्वमधश्च सर्वतोऽनन्तेन भयानकेन नित्योत्तमकेन तमसा नित्यान्धकाराः, श्लेष्ममूत्रपुरीषस्रोतोमलरुधिरवसामेदपूयानुलेपनतलाः, श्मशानमिव

---

1. तद्भावाव्ययं नित्यम् ॥५-३०॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पूतिमांसकेशास्थिचर्मदन्तरवास्तीर्णभूमयरश्वशृगालमार्जारनकुल-सर्पमूषिक हस्ति अश्वगोमानुषशवकोष्ठाशुभतरगन्धाः, हा मातः ! धिगहो कष्टं बत मुञ्च तावद् धावत प्रसीद भर्तः! मा वधीः कृपणकमित्यनुबद्धरुदितैस्तीव्रकरुणैर्दीनविक्लवैर्विलापैरार्त्तस्वरैर्निनादैर्दीनकृपणकरुणैर्याचितैर्बाष्पसंनिरुद्धैर्निस्तनितैर्गाढवेदनैः कूजितैः सन्तापोष्णैश्च निश्वासैरनुपरतभयस्वनाः ।

અર્થ- અશુભતર પરિણામ-બન્ધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ-એ દશ પ્રકારના અશુભ પુદ્ગલપરિણામો નરકોમાં અશુભતર હોય છે. (નીચેનીચેની નરકમાં અશુભતર અશુભતમ વધારે જાણવું).

- તિર્ચ્છૂ-ઉપર-નીચે એમ ચારે તરફ અનન્ત ભયંકરમાં ભયંકર અંધારુ નિત્ય હોય છે, બળખા (લીંટ), પેશાબ, ઝાડા, પરસેવા, શરીરના મેલ, લોહી, ચરબી, મેદ, પરું (વગેરે) થી ખરડાયેલી ભૂમિ હોય છે, શમસાનની જેમ દુર્ગંધવાળા માંસ, વાળ, હાડકાં, ચામડી, દાંત, નખ વગેરે ભૂમિ ઉપર પથરાયેલ હોય છે. આ તિર્ચ્છૂ-ઉપર વગેરે પદોથી વર્ણ પરિણામ જણાવ્યો.

- કૂતરા, શિયાળ, બિલાડા, નોળિયા, સર્પ, ઉંદર, હાથી, ઘોડા, ગાય અને મનુષ્યોના મડદાની અશુભતર (દુર્ગંધ ફેલાયેલી હોય છે). આ કૂતરા શિયાળ વગેરે પદોથી ગંધ પરિણામ જણાવ્યો.

'ઓય મા' ! (ઓય બાપ!), ધિક્કાર છે આ દુ:ખને ! મને છોડી દ્યો' એમ બોલતો-દોડતો જાય છે. વળી, સ્વામી ! કૃપા કરો, મને મારો મા', એ પ્રમાણે ગરીબની માફક વારંવાર બૂમો પાડતો-રોતો-તીવ્ર કરુણા ભરી દીનતાવાળી ભારે વિલાપથી પીડાયુક્ત અવાજોથી ગરીબ (ની જેમ) બિચારો આજીજી પૂર્વક કરગરતો-આંખમાંથી આંસુ સારતો ગાઢવેદના પૂર્વક બૂમો પાડતો (એ પ્રમાણે) નિ:સાસા નાખતી બૂમોના અવાજોનું ભયંકર વાતાવરણ ચારે બાજું હોવાથી ભયભીત હોય છે.

(ઓય મા! ધિક્કાર વગેરે પદોથી શબ્દ પરિણામ બતાવ્યો. શેષ પરિણામ ગ્રન્થગૌરવના ભયથી અહીં પદવાર બતાવ્યા નથી.)

भाष्यम्- अशुभतरदेहाः, देहाः-शरीराणि, अशुभनामप्रत्ययादशुभान्यङ्गोपाङ्गनिर्माणसंस्थानस्पर्शरसगन्धवर्णस्वराणि, हुण्डानि निर्लूनाण्डजशरीराकृतीनि क्रूरकरुणबीभत्सप्रतिभयदर्शनानि दुःखभाञ्ज्यशुचीनि च तेषु शरीराणि भवन्ति, अतोऽशुभतराणि च अधोऽधः, सप्त धनूंषि त्रयो हस्ताः षडङ्गुलमिति शरीरोच्छ्रायो नारकाणां रत्नप्रभायां, द्विर्द्विः शेषासु, स्थितिवच्चोत्कृष्टजघन्यता वेदितव्या ।

અર્થ- અશુભતર દેહો-દેહો એટલે શરીરો. અશુભતર નામકર્મના ઉદયથી અશુભ અંગોપાંગ, નિર્માણ (રચના), સંસ્થાન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અવાજ (બધું જ) હુંડક (ખરાબ-બેડોળ જેવું) હોય છે, તેમજ પીંછા ખેંચી લીધેલા પક્ષીના શરીર જેવી આકૃતિવાળા શરીરો હોય છે. વળી, કુર, કરુણ, બીભત્સ અને દેખીતા ભયંકર એવા દુ:ખના ભાજન રૂપ અપવિત્ર શરીરો તેમને (નરકના જીવોને) હોય છે. આનાં કરતાં પણ અશુભતર-અશુભતર નીચે નીચે (ની નરક ભૂમિમાં હોય છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- સાત ધનુષ્ય ત્રણ હાથ અને છ અંગુલ (પોણા આઠ ધનુષ્ય અને છ અંગુલ) આટલું શરીરનું માપ રત્નપ્રભામાં (રહેલા) નરકના જીવોને (નારકોને) હોય છે. બાકી (શર્કરાપ્રભાદિ) માં બમણું બમણું જાણવું (શર્કરાપ્રભામાં સાડાપંદર ધનુષ્ય અને ૧૨ અંગુલ, વાલુકાપ્રભામાં ૩૧ ધનુષ્ય અને એક હાથ, પંકપ્રભામાં બાસઠ ધનુષ્ય અને બે હાથ, ધૂમપ્રભામાં એકસો પચ્ચીશ ધનુષ્ય, તમ:પ્રભામાં અઢીસો ધનુષ્ય અને મહાતમ:પ્રભામાં પાંચસો (૫૦૦) ધનુષ્ય. એક ધનુષ્ય = ચાર હાથ, ૧ હાથ = ૨૪ અંગુલ-ઉત્સેધાંગુલ જાણવા)

भाष्यम्- अशुभतरवेदनाः, अशुभतराश्च वेदना भवन्ति नरकेष्वधोऽधः, तद्यथा- प्रथमायां उष्णवेदना:द्वितीयायाम् उष्णवेदनाश्चतीव्रतरास्तीव्रतमाश्चा तृतीयायाः, उष्णशीते चतुर्थ्याम्, शीतोष्णे पञ्चम्याम्, परयोः शीता शीततरा चेति, तद्यथा-प्रथमशरत्काले चरमनिदाघे वा पित्तव्याधिप्रकोपाभिभूतशरीरस्य सर्वतो दीप्ताग्निराशिपरिवृतस्य व्यभ्रे नभसि मध्याह्ने निवातेऽतिरस्कृतातपस्य यादृगुष्णजं दुःखं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टमुष्णवेदनेषु नरकेषु भवति, पौषमाघयोश्च मासयोस्तुषारलिप्तगात्रस्य रात्रौ हृदयकरचरणाधरौष्ठदशनायासिनि प्रतिसमयप्रवृद्धे शीतमारुते निरग्नयाश्रयप्रावरणस्य यादृक् शीतवेदनेषूद्भवं दुःखमशुभं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टं शीतवेदनेषु नरकेषु भवति, यदि किलोष्णवेदनान्नरकादुत्क्षिप्य नारकः सुमहत्यङ्गारराशावुद्दीप्ते प्रक्षिप्येत स किल सुशीतां मृदमारुतां शीतलां छायमिव प्राप्तः सुखमनुपमं विन्द्यात् निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकमुष्णमाचक्षते, तथा किल यदि शीतवेदनान्नरकादुत्क्षिप्य नारकः कश्चिदाकाशे माधमासे निशि प्रवाते महति तुषारराशौ प्रक्षिप्येत सदन्तशब्दोत्तमकरप्रकम्पायासकरेऽपि तत्र सुखं विन्द्यादनुपमां निद्रा चोपलभेत, एवं कष्टतरं नारकं शीतदुःखमाचक्षत इति ।

અર્થ- અશુભતર વેદના નીચે- નીચેની નરકમાં વધારે હોય છે (પહેલી નરક કરતાં બીજી નરકમાં અશુભતર વધારે, તેમ બીજી કરતાં ત્રીજી નરકમાં અશુભતર વધારે... તે રીતે સાતેસાતમાં સમજવું.) તે (વેદના) આ રીતે,

પહેલી (રત્નપ્રભા) નરકમાં-ઉષ્ણવેદના,

બીજી (શર્કરાપ્રભા) નરકમાં-તીવ્રતર ઉષ્ણવેદના,

ત્રીજી (વાલુકાપ્રભા) સુધીમાં-તીવ્રતમ ઉષ્ણ વેદના,

ચોથી (પંકપ્રભા)માં-ઘણાંને ઉષ્ણવેદના અને થોડાને શીત વેદના (જેથી બંને વેદના તેમાં હોય),

પાંચમી (ધૂમપ્રભા) માં - ઘણાંને શીત વેદના, થોડાને ઉષ્ણવેદના (જેથી બન્ને વેદના તેમાં હોય),

છઠ્ઠી (તમ:પ્રભા) માં-શીતતર વેદના, સાતમી (મહાતમ:પ્રભા) માં શીતતમ વેદના (અતિતીવ્ર શીત).

તે (વેદના દૃષ્ટાન્ત સહિત) આ રીતે, (ઉષ્ણ વેદનાવાળી નરકનું વર્ણન) આસો માસ (શરદઋતુનો પહેલો મહિનો) અથવા જેઠ માસ (છેલ્લો નિદાઘ) માં વાદળ વિનાનું આકાશ હોય, ખરા બપોરનો સમય હોય, પવન (નું નામ નિશાન) ન હોય આવા આતપને પરિવરેલા, પિત્તના પ્રકોપવાળા (અને) ચારે બાજું ધગધગતી અગ્નિજવાળાઓથી પરિવરેલા માણસને ઉષ્ણતાથી થયેલું જે દુ:ખ હોય છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેનાં કરતાં અનંતગણું પ્રકૃષ્ટ દુઃખ ઉષ્ણવેદનાવાળી નરકમાં હોય છે.

(શીત વેદનાવાળી નરકનું વર્ણન)-પોષ મહિનો અને મહા મહિનાની રાત્રીમાં હૃદય, હાથ, પગ, હોઠ, દાંત વગેરેને કંપાવી નાખે તેવો પ્રતિસમય વધી રહેલો ઠંડોગાર પવન હોતે છતે બરફથી લેપાયેલ શરીરવાળા અગ્નિ, આશ્રય અને વસ્ત્ર વગરના જીવને જેટલું ઠંડીથી ઉત્પન્ન થયેલું અશુભદુઃખ હોય તેનાં કરતાં અનંતગણું પ્રકૃષ્ટ દુઃખ શીતવેદનાવાળી નરકમાં હોય છે.

ખરેખર! જો ઉષ્ણવેદનાવાળી નરકમાંથી નારક (જીવ) ને ઉઠાવીને જબરજસ્ત મોટા સળગતા અંગારાઓના સમુહમાં (ભઠ્ઠામાં) નાખી દેવામાં (મૂકી દેવામાં) આવે તો, ખરેખર ! ઠંડા મંદ વાતા પવનમાં શીતલ છાયડાંની પ્રાપ્તિની જેમ અનુપમ સુખ ભોગવે છે અને નિદ્રાધિન થઈ જાય છે. આ પ્રમાણે અત્યન્ત દુઃખ નારકને ઉષ્ણતાનું કહ્યું છે.

તથા ખરેખર ! જો શીતવેદનાવાળી નરકમાંથી નારકને ઉઠાવીને કોઈક આકાશમાં (જ્યાં ઠડું વાતાવરણ હોય તે ભાગમાં) મહામહિનાની રાત્રે ઠંડો પવન ફુંકાતો હોય ત્યાં હિમ (બરફ) ના ઢગલામાં કે જ્યાં આપણા દાંત કડેડાટી બોલાતાં હોય ત્યાં તેને મૂકવામાં આવે તો, તે અનુપમ સુખને ભોગવે છે અને નિદ્રધિન થઈ જાય છે. આ પ્રમાણે અત્યન્ત કષ્ટવાળી નારકની ઠંડીનું દુઃખ કહ્યું[૧] છે.

भाष्यम्- अशुभतरविक्रियाः, अशुभतराश्च विक्रिया नरकेषु नारकाणां भवन्ति, शुभं करिष्याम इत्यशुभतरमेव विकुर्वते, दुःखाभिभूतमनसश्च दुःखप्रतीकारं चिकीर्षवो गरीयस एव ते दुःखहेतून् विकुर्वत इति ॥३॥

અર્થ- અશુભતર વિક્રિયા (વૈક્રિયપણું)- અને અશુભતર વૈક્રિયપણું નરકમાં નારક જીવોને હોય છે. 'સારું કરીશ' એવી ઈચ્છા કરતાં છતાં અશુભતર જ વિક્રિયા (ઉલ્ટું) થાય છે. દુઃખગ્રસ્ત થયેલા તે દુઃખનો પ્રતિકાર કરવા ઉપાય કરે તેવામાં (તુર્ત) જ તે (પ્રતિકાર-ઉપાય) ઘણાં દુઃખના હેતુઓ રૂપ થઈ જાય (અર્થાત્ દુઃખના કારણભૂત વિક્રિયા થઈ જાય.) ॥૩॥

## सूत्रम्- परस्परोदीरितदुःखाः ॥३-४॥

અર્થ- નરકમાં નારકો સામ-સામે એકબીજાને દુઃખ દેતાં હોય છે.

भाष्यम्- परस्परोदीरितानि दुःखानि नरकेषु नारकाणां भवन्ति, क्षेत्रस्वभावजनिताच्चाशुभात्पुद्गल-परिणामादित्यर्थः ।

અર્થ- પરસ્પર અર્થાત્ એકબીજા વડે દેવાતાં દુઃખો નરકમાં નારક જીવોને હોય છે. (તે સિવાય) ક્ષેત્ર સ્વાભાવથી ઉત્પન્ન થયેલ અશુભ પદ્ગલના પરિણામથી પણ દુઃખ હોય છે (એટલે કે ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થતાં દુઃખો પણ હોય છે જેમાં અશુભ પુદ્ગલ પરિણામ કારણરૂપ છે.)

---

૧. આ દ્રષ્ટાંત અસદ્ભાવ કાલ્પનિક જાણવા. નરકના જીવને પ્રકૃષ્ટ અશુભકર્મનો ઉદય હોવાથી તેને ઉઠાવીને અહીં લાવી શકાતો નથી અને ત્યાં બાદર અગ્નિ પણ હોતો નથી. પરંતુ ક્ષેત્ર સ્વભાવથી-અનાદિ પરિણામોથી ગરમી અને ઠંડી હોય છે તેમ જાણવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तत्र क्षेत्रस्वभावजनितपुद्गलपरिणामः शीतोष्णक्षुत्पिपासादिः शीतोष्णे व्याख्याते, क्षुत्पिपासे वक्ष्यामः, अनुपरतशुष्केन्धनोपादानेनैवाग्निना तीक्ष्णेन प्रततेन क्षुदग्निना दन्दह्यमानशरीरा अनुसमयमाहारयन्ति, ते सर्वपुद्गलानप्यद्युः, तीव्रया च नित्यानुषक्तया पिपासया शुष्ककण्ठोष्ठतालुजिह्वाः सर्वोदधीनपि पिबेयुः, न च तृप्तिं समाप्नुयुः, वर्धयातामेव चैषां क्षुत्तृष्णे, इत्येवमादीनि क्षेत्रप्रत्ययानि।

અર્થ- તેમાં ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલ પુદ્ગલ પરિણામ તે શીત, ઉષ્ણ, ભૂખ, તરસ આદિ છે. શીત અને ઉષ્ણ વિષે કહ્યુ. ભૂખ અને તરસ વિષે કહીશું.

- સતત સૂકા લાકડાના ગ્રહણથી જેમ અગ્નિ વધતો જાય છે તેમ જઠરાગ્નિ તેજ (તીવ્ર) હોવાથી બળતા શરીરવાળા (લ્હાય લ્હાય થતાં શરીરવાળા) પ્રતિસમય આહાર કરે છે. જેથી તે (જીવો) સર્વ પુદ્ગલોને પણ આહાર કરી જાય અને રોજની લાગેલી તરસથી સુકાયેલા કંઠ, હોઠ, તાળવાઓવાળા તે જો સર્વ દરિયાના પાણી પી જાય તો પણ તેમને તૃપ્તિ થતી નથી. બલ્કે ભૂખ અને તરસ તેઓને વધતી જ જાય છે. ઈત્યાદિ ક્ષેત્ર સમ્બન્ધિ (દુઃખો છે.)

भाष्यम्- परस्परोदीरितानि च, अपि चोक्तम्-भवप्रत्ययोऽवधिर्नारकदेवानामिति, तन्नारकेष्ववधिज्ञानमशुभभवहेतुकं मिथ्यादर्शनयोगाच्च विभङ्गज्ञानं भवति, भावदोषोपघातात्तु तेषां दुःखकारणमेव भवति, तेन हि ते सर्वतः तिर्यगूर्ध्वमधश्च दूरत एवाजस्रं दुःखहेतून् पश्यन्ति, यथा च काकोलूकमहिनकुलं चोत्पत्त्यैव बद्धवैरं तथा परस्परं प्रतिनारकाः, यथा वाऽपूर्वान् शुनो दृष्ट्वा श्वानो निर्दयं क्रुध्यन्त्यन्योऽन्यं प्रहरन्ति च तथा तेषां नारकाणामवधिविषयेण दूरत एवान्योऽन्यमालोक्य क्रोधस्तीव्रानुशयो जायते दुरन्तो भवहेतुकः, ततः प्रागेव दुःखसमुद्घातार्त्ताः क्रोधाग्न्यादीपितमनसोऽतर्किता इव श्वानः समुद्धता वैक्रियं भयानकं रूपमास्थाय तत्रैव पृथिवीपरिणामजानि क्षेत्रानुभावजनितानि चायः शूलशिलामुसलमुद्गरकुन्ततोमरासिपट्टिशशक्त्ययोघनखड्गयष्टिपरशुभिण्डिमालादीन्यायुधान्यादाय करचरणदशनैश्चान्योऽन्यमभिघ्नन्ति, ततः परस्पराभिहता विकृताङ्गा निस्तनन्तो गाढवेदनाः शूनाघातनप्रविष्टा इव महिषसूकरोरभ्राः स्फुरन्तो रुधिरकर्दमेऽपि चेष्टन्ते, इत्येवमादीनि परस्परोदीरितानि नरकेषु नारकणां दुःखानि भवन्तीति ॥४॥

અર્થ- અને (તે) પરસ્પર ઉદીરણા કરેલ દુઃખો છે. કહ્યું પણ છે કે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે (અ. ૧, સૂ ૨૨માં).

- તે નારકોમાં અવધિજ્ઞાન નારક અશુભભવહેતુક અને મિથ્યાદર્શનના યોગથી વિભંગજ્ઞાન હોય છે. ભાવરૂપ દોષની પીડાથી તેઓને (વિભંગજ્ઞાન) દુઃખનું કારણ જ થાય છે. તેથી તે જીવો ખરેખર! ઉપર નીચે આજૂબાજૂ એમ ચારે તરફ દૂરથી જ નિરંતર દુઃખોના કારણરૂપ સાધનોને જુએ છે.

-(વળી), જેમ, કાગડો અને ઘુવડ, તેમજ સાપ અને નોળીયો જન્મથી જ બદ્ધવેરવાળા હોય છે તેમ પરસ્પર એક બીજા પ્રતિ નારકો (બદ્ધવેરવાળા) હોય છે. અથવા, જેમ કોઇ કૂતરો નવા કૂતરાઓને જોઈ પરસ્પર નિર્દય બની ક્રોધ કરે છે અને પ્રહાર કરે છે (બચકા ભરે કે લોહીલુવાણ કરે છે). તેમ તે નારકોને અવધિજ્ઞાનના વિષયથી દૂરથી જ એકબીજાને જોઈને-દુઃખે અંત છે જેનો એવા (નારક)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવરૂપ કારણવાળો-પરિણામવાળો ક્રોધ થાય છે.

- તેથી પહેલેથી જ દુઃખના સમુદ્દ્ઘાતથી ગભરાયેલા-ક્રોધરૂપી અગ્નિથી ધમધમતા મનવાળા વિચાર કર્યા વિના જ કૂતરાની જેમ તૈયાર થઇ ભયંકર રૂપ વિકુર્વી-ત્યાંજ-પૃથ્વીના પરિણામથી ઉત્પન્ન થયેલા અને ક્ષેત્રના પ્રભાવથી થયેલા લોખંડી શૂલ, શિલા, સાંબેલા, ગદાઓ, બરછી, ભાલા, તલવાર, પટ્ટિશ, શક્તિ, મોટી તલવારો, લાકડીઓ, કુહાડી, ધારીયા વગેરે શસ્ત્રો લઈને અરસપરસ હાથ, પગ, અને દાંતો વડે પ્રહાર કરે છે. પછી પરસ્પર લોહીલુવાણ થયેલા-વિકૃત અંગવાળા થયેલા, ગાઢવેદના સહન કરતા કતલખાનામાં પેસતાં પાડા, ભુંડ, ઉટંની જેમ ચીસો પાડતાં લોહીના કાદવમાં આળોટે છે. ઈત્યાદિ વગેરે એવા જ પરસ્પર ઉદીરણા કરાતા દુઃખો નરકમાં નારકોને હોય છે. ॥૪॥

## सूत्रम्- संक्लिष्टा सुरोदीरितदुःखाश्चप्राक्चतुर्थ्याः ॥३-५॥

અર્થ- ચોથી નરકની અગાઉ (એટલે ત્રણ નરક) સુધી સંકિલિષ્ટ અસુરો (પરમાધામી) દ્વારા ઉત્પન્ન કરાયેલા દુઃખો પણ હોય છે.

भाष्यम्- संक्लिष्टासुरोदीरितदुःखाश्च नारका भवन्ति तिसृषु भूमिषु, प्राक् चतुर्थ्याः ।
અર્થ- (પરસ્પરકૃત, ક્ષેત્રસ્વભાવ) અને સકિલિષ્ટ પરિણામવાળા અસુરોથી દેવાતાં દુઃખો નારકોને હોય છે. (અથવા તે દુઃખવાળા નારકી હોય છે.) प्राक् चतुर्थ्याः એટલે ત્રીજી ભૂમિ સુધી.

भाष्यम्- तद्यथा- अम्बाम्बरीषश्यामशबलरुद्रोपरुद्रकालमहाकालास्यसिपत्रवनकुम्भीवालुकावैतरणीखरस्वरमहाघोषाः पञ्चदश परमाधार्मिका मिथ्यादृष्टयः पूर्वजन्मसु संक्लिष्टकर्माणः पापाभिरतय आसुरीं गतिमनुप्राप्ताः, कर्मक्लेशजा एते ताच्छील्यान्नारकाणां वेदनाः समुदीरयन्ति चित्राभिरुपपत्तिभिः तद्यथा- तप्तायोरसपायननिष्टप्तायः स्तम्भालिङ्गनकूटशाल्मल्यग्रारोपणावतारणायोघनाभिघातवासीक्षुरतक्षणक्षारतप्ततैलाभिषेचनायः कुम्भपाकाम्बरीषतर्जनयन्त्रपीडनायः शूलशलाकाभेदनक्रकचपाटनाङ्गा- रदहनवाहनासूचीशाड्वालापकर्षणैः तथा सिंहव्याघ्रद्वीपिश्वश्रृगालवृककोकमार्जारनकुलसर्पवायसगृध्रकाकोलूकश्येनादिखादनैः तथा तप्तवालुकावतरणासिपत्रवनप्रवेशनवैतरण्यवतारणपरस्परयोधनादिभिरिति। स्यादेत्- किमर्थं त एवं कुर्वन्तीति, अत्रोच्यते, पापकर्माभिरतय इत्युक्तं, तद्यथा गोवृषभमहिषवराहमेषकुक्कुटवार्तकालावकान्मुष्टिमल्लांश्च युध्यमानान् परस्परं चाभिघ्नतः पश्यतां रागद्वेषाभिभूतानामकुशलानुबन्धिपुण्यानां नराणां परा प्रितिरुत्पद्यते तथा तेषामसुराणां नारकांस्तथा तानि कारयतामन्योऽन्यं घ्नतश्च पश्यतां परा प्रीतिरुत्पद्यते, ते हि दुष्टकन्दर्पास्तथाभूतान् दृष्ट्वाऽट्टहासं मुञ्चन्ति चेलोक्षेपान् क्ष्वेडितास्फोटितावेल्लिततलतालनिपात नांश्च कुर्वन्ति महतश्च सिंहनादान्नदन्ति, तच्च तेषां सत्यपि देवत्वेसत्सु च कामिकेष्वन्येषु प्रीतिकारणेषु मायनिदान मिथ्यादर्शनशल्यतीव्रकषायोपहतस्यानालोचितभावदोषस्याप्रत्यवकर्षस्याकुशलानुबन्धिपुण्यकर्मणो

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बालतपसश्च भावदोषानुकर्षिणः फलं यत्सत्स्वप्यन्येषु प्रीतिहेतुष्वशुभभावा एव प्रीतिहेतवः समुत्पद्यन्ते, इत्येवमप्रीतकरं निरन्तरं सुतीव्रं दुःखमनुभवतां मरणमेव काङ्क्षतां तेषां न विपत्तिरकाले विद्यते कर्मनिर्धारितायुषाम्, उक्तं हि-औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुष इति, नैव तत्र शरणं विद्यते, नाप्यपक्रमणम्, ततः कर्मवशादेव दग्धपाटितभिन्नच्छिन्नक्षतानि च तेषां सद्य एव संरोहन्ति शरीराणि दण्डराजिरिवाम्भसीति । एवमेतानि त्रिविधानि दुःखानि नरकेषु नारकाणां भवन्तीति ॥५॥

અર્થ- તે (પરમાધામીકૃત વેદના) આ રીતે, (૧) અમ્બ, (૨) અમ્બરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રુદ્ર, (૬) ઉપરુદ્ર, (૭) કાલ, (૮) મહાકાલ, (૯) અસિ, (૧૦) અસિપત્રવન, (૧૧) કુમ્ભી, (૧૨) વાલુકા, (૧૩) વૈતરણી, (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ-આ પંદર મિથ્યાદષ્ટિ પૂર્વ જન્મમાં સંકિલષ્ટ કર્મવાળા પાપમાં આનંદવાળા પરમાધાર્મિકો આસુરીગતિ પામેલ હોય છે.

- તેઓ કર્મક્લેશથી ઉત્પન્ન થયેલી વેદનાઓ તત્પ્રકારના સ્વભાવથી નારકોને વિચિત્ર નવાનવા તુક્કાઓવડે આપ્યા કરે છે.

- તે (વેદના) આ રીતે, (નારકોને) તપાવેલા લોઢાનો રસ પીવડાવવો, લાલચોળ તપાવેલા લોઢાના થાંભલા સાથે આલિંગન કરાવવું, કાંટાવાળા શાલ્મલિવૃક્ષ પર ચઢાવવું-ઉતારવું, લોઢાના ઘણ વડે ઘા કરવા, વાંસલા અને ખરપાથી છોલીને ખારવાળું ઉકળતું તેલ શરીરે નાંખવું, લોઢાના કુંભ (ઘાણીમાં) રાંધવું, કઢાયામાં શેકવું, યંત્રમાં પીલવું, લોઢાના ત્રિશૂળના સળીયાઓ વડે ભેદવું, કરવત વડે ચીરવું, અંગારાવડે બાળવું, વાહનો તથા સિંહ, વાઘ, દીપડો, કૂતરા, શિયાળ, નહાર, વરુ (કોક), બિલાડા, નોળીયા, સાપ, વાયસ, ગીધ, કાક, ઘુવડ, બાજ આદિ (રૂપ કરીને) તે વડે (દુઃખ આપે છે) ખાય છે. તેમજ ધગધગતી રેતીમાં ધકેલવું, તલવાર જેવા પાંદડાવાળા જંગલ પ્રદેશમાં પેસાડવું, વૈતરણી (લોહી-પરૂવાળી) નદીમાં ઉતારવું, પરસ્પર લડાવવું- ઈત્યાદિ પ્રકારોથી (દુઃખો આપે છે.)

(પ્રશ્નકાર-) એમ હશે. પરંતુ તેઓ શા માટે આવું કરતાં હશે ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં-પાપકર્મમાં તેઓ રત (આનન્દિત) હોય છે. એ પ્રમાણે કહ્યું (જ) છે.

તે આ પ્રમાણે- જેમ શ્રેષ્ઠબળદ, પાડા, વરાહ(ભુંડ), મેષ(ઘેટાં), કૂકડા, વાર્તક, લાવકને તેમજ મુષ્ટિથી લડનારા મલ્લો, યુદ્ધ કરતા અને પરસ્પર હણાતા તેઓને જોતાં રાગદ્વેષથી પરાભવ પામેલાં પાપનુબંધિપુણ્યવાળા મનુષ્યોને પ્રીતિ ઉત્પન્ન થાય છે (આનંદ આવે છે). તેમ અસુરોનું નારક પ્રતિ.

- તે પ્રમાણે નારકોને તે તે રીતે કરાવતા અને પરસ્પર હણતા એવા તેઓને જોતા અસુરોને અત્યન્ત પ્રીતિ થાય છે.

દુષ્ટ ચેષ્ટાવાળા તે (પરમાધાર્મિકો) તથાપ્રકારના નારકોને જોઈને અટ્ટહાસ્ય (ખડખડાટ) હસે છે, વસ્ત્રો ઉડાડે છે, ચપટીઓ વગાડે છે, હથેળી ઠોકીને વગાડતા વાજિંત્રો વગાડે છે અને મોટા સિંહનાંદો કરે છે. અને તેઓને દેવપણું હોવા છતાં તેમજ બીજા ઈચ્છિત-પ્રીતિ-આનંદ કરવાનાં સાધનો હોવા છતાં માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્યને લીધે તીવ્રકષાયથી હણાયેલ અને ભાવદોષની આલોચના વિનાનાં, પાપો પ્રતિ બેપરવા, પાપાનુબંધીપુણ્યવાળા, ભાવદોષને ખેંચનાર બાળતપના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફળરૂપે જે બીજા અન્ય પ્રીતિકારક સાધનો હોવા છતાં અશુભભાવો જ પ્રીતિના સાધનરૂપ બને છે.

આ પ્રકારે અણગમતાં-નિરંતર અત્યન્ત તીવ્ર દુઃખને અનુભવતા તેઓ (નારકો) મોતને ઝંખવા[1] છતાં તેમને અકાળે મૃત્યું થતું નથી. કેમકે, આયુષ્યકર્મ નિર્ધારીત (અનપવર્તનીય) હોય છે. કહ્યું છે કે 'ઔપપાતિક, ચરમદેહી ઉત્તમપુરુષો અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. (અ. ૨. સૂ. ૫૩)

- ત્યાં તેમને કોઇની પણ મદદ નથી મળતી કે દુઃખોનું અપક્રમણ (અપહરણ) પણ નથી થતું. તેથી કર્મવશથી જ બળેલ, ચીરાયેલ, ભેદાયેલ, છેદાયેલ અને કપાયેલ એવા તે (નારકો) પાછા સરખા શરીરવાળા થઈ જાય છે. જેમકે પાણીમાં લાકડી મારવા જેવું. (પાણીમાં લાકડી મારવાથી પાણીના બે ભાગ દેખાય.. પણ તરત જ પાણી જેવું હતું તેવું થઈ જાય. તેમ)

- આ પ્રમાણે ત્રણ પ્રકારના દુઃખો નરકમાં નારકોને હોય છે. ।।૫।।

**सूत्रम्- तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परास्थितिः ।।३-६।।**

અર્થ- તે નરકમાં રહેલા જીવોની ઉત્કૃષ્ટસ્થિતિ અનુક્રમે એક-ત્રણ-સાત- દશ-સત્તર-બાવીસ અને તેત્રીસ સાગરોપમની હોય છે.

भाष्यम्- तेषु नरकेषु नारकाणां पराः स्थितयो भवन्ति, तद्यथा– रत्नप्रभायामेकं सागरोपमम्, एवं त्रिसागरोपमा सप्तसागरोपमा दशसागरोपमा सप्तदशसागरोपमा द्वाविंशतिसागरोपमा त्रयस्त्रिंशत्सागरोपमा, जघन्या तु पुरस्ताद्वक्ष्यते, नारकाणां च द्वितीयादिषु, दश वर्षसहस्राणि प्रथमायामिति ॥

અર્થ- તે નરકમાં નારકોની ઉત્કૃષ્ટસ્થિતિ આ પ્રમાણે હોય છે.

★ રત્નપ્રભામાં એક સાગરોપમ.

★ (શર્કરા પ્રભામાં) ત્રણ સાગરોપમ.

★ (વાલુકા પ્રભામાં) સાત સાગરોપમ.

★ (પંક પ્રભામાં ) દશ સાગરોપમ.

★ (ધૂમ પ્રભામાં) સત્તર સાગરોપમ.

★ (તમઃપ્રભામાં) બાવીશ સાગરોપમ.

★ (મહાતમઃપ્રભામાં) તેત્રીસ સાગરોપમ.

---

૧. નારકઆયુષ્યકર્મને પાપપ્રકૃતિ કહી છે. નારકો સદા મોતને ઝંખે છે. પૂ.પાદ સાગરજી મ.શ્રી એ ખુલાસો કરતાં આ ભાવમાં કહેલ કે 'શેષ ત્રણે ગતિવાળા મોતને ઝંખના નથી કેમકે તેમને મર્યા પછી પ્રાયઃ વધારે દુઃખની સંભાવના ખરી. જ્યારે નારકને તો નક્કી છે કે અહીં (નરકમાં) જેટલું દુઃખ છે તેનાં કરતાં વધારે દુઃખતો નથી જ મળવાનું અર્થાત્ નરક કરતા તો નક્કી સુખ વધારે જ મળવાનું છે. તેથી નારકને મોતની ઝંખના થાય તે સ્વાભાવિક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- જઘન્યથી તો આગળ કહેવાશે. બીજી આદિ નરકથી પૂર્વ પૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે પછીપછીની જઘન્ય સ્થિતિ (અ. ૪ - સૂ. ૪૩)' (તથા) પહેલી નરકમાં જઘન્ય સ્થિતિ દશહજારવર્ષ. (અ. ૪- સૂ. ૪૪)

भाष्यम्- तत्राम्रवैर्यथोक्तैर्नारकसंवर्तनीयैः कर्मभिरसंज्ञिनः प्रथमायामुत्पद्यंते, सरीसृपा द्वयोरादितः प्रथमद्वितीययोः, एवं पक्षिणस्तिसृषु, सिंहाश्चतसृषु, उरगाः पञ्चसु, स्त्रियः षट्सु, मत्स्यमनुष्याः सप्तस्विति, न तु देवा नारका वा नरकेषूपपत्तिं प्राप्नुवन्ति, न हि तेषां बह्वारम्भपरिग्रहादयो नरकगतिनिर्वर्तका हेतवः सन्ति, नाप्युद्वर्त्य नारका देवेषूत्पद्यन्ते, न ह्येषां सरागसंयमादयो देवगतिनिर्वर्तका हेतवः सन्ति, उद्वर्तितास्तु तिर्यग्योनौ मनुष्येषु वोत्पद्यन्ते, मानुषत्वं प्राप्य केचित्तीर्थकरत्वमपि प्राप्नुयुरादितस्तिसृभ्यः, निवार्णं चतसृभ्यः, संयमं पञ्चभ्यः, संयमासंयमं षड्भ्यः, सम्यग्दर्शनं सप्तभ्योऽपीति ॥

અર્થ- ત્યાં-આશ્રવદ્વારમાં નારકમાં ઉત્પન્ન થવા યોગ્ય યથોક્ત કર્મોથી

★ અસંજ્ઞી જીવો પહેલી નરક (સુધી) માં ઉત્પન્ન થઈ શકે.

★ ભૂજપરિસર્પ બીજી (નરક સુધીમાં ઉત્પન્ન થઇ શકે.)

★ એ પ્રમાણે પક્ષીઓ ત્રીજી (નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે.)

★ સિંહો (ચતુષ્પદ) ચોથી (નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે.)

★ સર્પો વગેરે ઉરપરિસર્પ પાંચમી (નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે.)

★ સ્ત્રીઓ છઠ્ઠી (નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે.)

★ માછલા તથા મનુષ્યો સાતમી (નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે.)

પરંતુ દેવો કે નારકો નરકમાં ઉત્પન્ન થઈ શકતા નથી. કેમકે તેમને બહુઆરંભ, બહુપરિગ્રહ આદિ નરકગતિમાં ઉત્પન્ન કરનાર હેતુઓ નથી હોતા. (અ. ૬- સૂ ૧૬ માં)

તે પ્રમાણે નારકો પણ નરકમાંથી નીકળીને દેવ થતા નથી. કેમકે તેમને (નરકને) સરાગસંયમ આદિ દેવગતિયોગ્ય આશ્રવો નથી હોતા. (અ. ૬ - સૂ ૨૦ માં).

ત્યાંથી (નરકમાંથી) નીકળેલા (જીવો) તો તિર્યંચમાં કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.

★ પહેલી ત્રણ નરકમાંથી નીકળેલાં (નારકો) મનુષ્યપણું પામીને કેટલાક તીર્થંકરપણાને પણ પામે.

★ પહેલી ચાર નરકમાંથી આવેલા મનુષ્ય-નિર્વાણ (મોક્ષ) પામી શકે છે.

★ પહેલી પાંચ નરકમાંથી આવેલા મનુષ્ય-સંયમ (દીક્ષા) લઈ શકે છે.

★ પહેલી છ નરકમાંથી આવેલા જીવો-દેશવિરતિ પામી શકે છે.

★ સાત નરકમાંથી આવેલા જીવો-સમ્યગ્દર્શન પામી શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- द्वीपसमुद्रपर्वतह्रदतडागसरांसि ग्रामनगरपत्तनादयो विनिवेशा बादरो वनस्पतिकायो वृक्षतृण-गुल्मादिः द्वीन्द्रियादयस्तिर्यग्योनिजा मनुष्या देवाश्चतुर्निकाया अपि न सन्ति, अन्यत्र समुद्घातोपपातविक्रियासाङ्गतिकनरकपालेभ्यः, उपपाततस्तु देवा रत्नप्रभायामेव सन्ति, नान्यासु, गतिस्तृतीयां यावत् ।

અર્થ- (નારકોમાં) દ્વીપ, સમુદ્ર, પર્વત, નદી, દ્રહ (કુંડો), તળાવો, સરોવરો, કે ગામડાઓ-શહેરો-પત્તન (મોટા શહેરો) આદિ રહેઠાણો, વૃક્ષ-ઘાસ-છોડ આદિ રૂપ બાદર વનસ્પતિકાય તથા બેઈન્દ્રિયાદિ તેમજ તિર્યંચયોનિવાળા (પંચેન્દ્રિય) તથા મનુષ્યો તેમજ ચારે નિકાયના દેવો પણ હોતા નથી. સિવાય કે (અપવાદ) સમુદ્‌ઘાત કરતાં કેવલી, ઔપપાતિકનારકો, વૈક્રિય લબ્ધિ સમ્પન્ન (જીવ), પૂર્વ જન્મના મિત્રદેવો, નરકપાલ (પરમાધામી) (આટલા હોઈ શકે.) દેવોની ઉત્પત્તિ (સાત નરકમાંથી માત્ર) રત્નપ્રભામાં જ હોય છે. બીજે (બીજી આદિ નરકમાં) ક્યાંય ઉત્પત્તિ ન હોય અને દેવોનું ગમન તો ત્રીજી નરક સુધી[1] હોય.

भाष्यम्- यच्च वायव आपो धारयन्ति, न च विश्वगच्छन्ति, आपश्च पृथिवीं धारयन्ति, न च प्रस्पन्दन्ते, पृथिव्यश्चाप्सु विलयं न गच्छन्ति, तत्तस्यानादिपारिणामिकस्य नित्यसन्ततेर्लोक-विनिवेशस्य लोकस्थितिरेव हेतुर्भवति ॥

અર્થ- જે વાયુ પાણી (ધનોદધિ) ને ધારણ કરે છે તે (વાયુ) ક્યાંય સરકતો નથી. (અર્થાત્ સ્થાન છોડી બીજે જતો નથી.) અને જે પાણી પૃથ્વીને ધારણ કરે છે તે (જરાપણ) હલતું નથી. તેમજ પાણી (ધનોદધિ) માં પૃથ્વી વિલય પામતી નથી. (અર્થાત્ ડૂબતી નથી કે નાશ નથી પામતી) (દ્રવ્યાસ્તિકાયની અપેક્ષાએ) તે અનાદિ પારિણામિક એવું નિત્ય સંતતિ (શાશ્વતપણા) રૂપ લોકનિર્માણનું કારણ લોકસ્થિતિ (અર્થાત્ લોકસ્વભાવ) જ છે.

भाष्यम्- अत्राह-उक्तं भवता लोकाकाशेऽवगाहः', तदनन्तरं ऊर्ध्वं गच्छत्यालोकान्ता'दिति, तत्र लोकः कः ? कतिविधो वा ? किंसंस्थितो वेति ?, अत्रोच्यते- पञ्चास्तिकायसमुदायो लोकः ।

અર્થ- અહીં (જિજ્ઞાસુ) પૂછે છે કે તમોએ કહ્યું છે (લોક વિશે) કે 'લોકાકાશ માં દ્રવ્યોનો અવગાહ છે (અ૦૫ - સૂ૦ ૧૨)' તથા 'ત્યાર બાદ લોકાન્ત સુધી ઉંચે પહોંચી જાય છે' (અ૦ ૧૦ - સૂ૦ ૫). તો તેમાં લોક શું છે ? કે તેના કેટલા પ્રકાર છે ? કે તે કેવી રીતે રહેલ છે ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં... પંચાસ્તિકાયનો સમુહ તે લોક.

भाष्यम्- ते चास्तिकायाः स्वतत्त्वतो विधानतो लक्षणतश्चोक्ता वक्ष्यन्ते च, स च लोकः क्षेत्रविभागेन त्रिविधः-अधस्तिर्यगूर्ध्वं चेति, धर्माधर्मास्तिकायौ लोकव्यवस्थाहेतू, तयोरवगाहविशेषाल्लोका-

૧. કોઈક વાર ચોથી નરક સુધી પણ જાય છે. જેમ સીતાજીનો જીવ જે બારમા દેવલોકનો ઈન્દ્ર છે, તે લક્ષ્મણજીના જીવને મળવા ચોથી નરક સુધી ગયાનો ઉલ્લેખ મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नुभावनियमात् सुप्रतिष्ठकवज्राकृतिर्लोकः, अधोलोको गोकन्धराधरार्धाकृतिः ॥६॥
અર્થ- તે અસ્તિકાયો સ્વરૂપથી, ભેદથી અને લક્ષણથી (અહીં પ્રસંગોપાત થોડું) કહ્યું છે અને (વિશેષથી પાંચમા અધ્યાયમાં) કહેવાશે અને તે લોક ક્ષેત્રવિભાગથી ત્રણ પ્રકારે છે. (૧) અધોલોક (નીચે) (૨) તીર્છાલોક (મધ્ય) અને (૩) ઊર્ધ્વલોક (ઉપર) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકવ્યવસ્થાના કારણભૂત છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય-આ બેના અવગાહન વિશેષથી તેમજ લોકપ્રભાવના નિયમથી લોકનો આકાર સુપ્રતિષ્ઠ (શરયન્ત્રક) અને વજ્રાકૃતિ જેવો છે અથવા પ્રસિદ્ધવજ્રના આકારવાળો છે (વજ્ર એ ઈન્દ્રનું આયુધ છે, તેના લગભગ સરખું લોક સંસ્થાન હોય છે. લોકનો આકાર સ્પષ્ટતાથી પગપહોળા કરીને તથા કેડે બે હાથ દઈને ઉભેલો પુરુષ જેવો આકાર). અધોલોક ગોકન્ધરાધરાર્ધાકૃતિ જેવો છે. ॥૬॥

भाष्यम्- उक्तं ह्येतत्भूमयः सप्ताधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिता' इति,ता यथोक्ताः, तिर्यग्लोको झल्लर्याकृतिः, ऊर्ध्वलोको मृदङ्गाकृतिरिति, तत्र तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमाकृतिमात्रमुच्यते–
અર્થ- આ તો કહ્યું છે કે સાતેય ભૂમિઓ નીચે-નીચે છત્રાતિછત્રના આકારે પહોળી-પહોળી છે (અ૦ ૩ - સૂ૦ ૧ માં). તિર્યગ્લોક ઝાલર જેવા આકારે છે. ઊર્ધ્વલોક મૃદંગ (પખવાજ) જેવા આકારે છે. ત્યાં (ત્રણલોકમાં જે તિર્યગ્લોક કહ્યો ત્યાં) તિર્યગ્લોકની પ્રસિદ્ધિ માટે આકાર માત્ર કહ્યો છે. (વિસ્તારપૂર્વક તો દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ આદિથી જાણવું) ॥૬॥

## सूत्रम्- जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ॥३-७॥

અર્થ- જંબૂદ્વીપ અને લવણ આદિ સારાનામવાળા દ્વીપો અને સમુદ્રો છે.

भाष्यम्- जम्बूद्वीपादयो द्वीपा लवणादयश्च समुद्राः, शुभनामान इति यावन्ति लोके शुभानि नामानि तन्नामान इत्यर्थः, शुभान्येव वा नामान्येषामिति ते शुभनामानः, द्वीपादनन्तरः समुद्रः समुद्रादनन्तरो द्वीपः ।
અર્થ- જંબૂદ્વીપ આદિ દ્વીપો અને લવણ આદિ સમુદ્રો શુભનામવાળા છે. શુભનામો એટલે 'લોકમાં જેટલા શુભ નામો છે તે નામવાળા દ્વીપ અને સમુદ્રો' એમ અર્થ કરવો. અથવા શુભ જ નામો જેનાં છે તે શુભનામવાળા (અશુભનામો નહિ.) દ્વીપને સ્પર્શીને સમુદ્ર અને સમુદ્રને સ્પર્શીને દ્વીપ એમ જાણવું.

भाष्यम्- यथासङ्ख्यम्, तद्यथा-जम्बूद्वीपो द्वीपो लवणोदः समुद्रः धातकीखण्डो द्वीपः कालोदः समुद्रः पुष्करवरो द्वीपः पुष्करोदः समुद्रः वरुणवरो द्वीपो वरुणोदः समुद्रः क्षीरवरो द्वीपः क्षीरोदः समुद्रो घृतवरो द्वीपो घृतोदः समुद्रः इक्षुवरो द्वीपः इक्षुवरोदः समुद्रः नन्दीश्वरो द्वीपो नन्दीश्वरवरोदः समुद्रः अरुणवरो द्वीपः अरुणवरोदः समुद्र इत्येवमसङ्ख्येया द्वीपसमुद्राः स्वयम्भूरमणपर्यन्ता वेदितव्या इति ॥७॥
અર્થ- અનુક્રમે તે (દ્વીપ-સમુદ્રો) આ રીતે, જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદસમુદ્ર,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્કરવરદ્વીપ, પુષ્કરોદસમુદ્ર, વરુણવરદ્વીપ, વરુણવરસમુદ્ર, ક્ષીરવરદ્વીપ, ક્ષીરોદસમુદ્ર, ઘૃતવરદ્વીપ, ઘૃતોદસમુદ્ર, ઈક્ષુવરદ્વીપ, ઈક્ષુવરોદસમુદ્ર, નંદીશ્વરદ્વીપ, નંદીશ્વરોદસમુદ્ર, અરુણવરદ્વીપ, અરુણવરોદ સમુદ્ર... આ પ્રમાણે અસંખ્ય[1] દ્વીપ-સમુદ્રો સ્વયંભૂરમણ સુધી જાણવા ।।૭।।

## सूत्रम्- द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणोवलयाकृतयः ।।३-८।।

અર્થ- તે દરેક દ્વીપસમુદ્રો બમણા-બમણા વિસ્તારવાળા છે. પૂર્વ-પૂર્વના દ્વીપ અને સમુદ્રને વીંટળાઈને ગોળ બંગડી આકારે (વચમાં પોલા) રહેલા છે.

भाष्यम्- सर्वे चैते द्वीपसमुद्रा यथाक्रममादितो द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः प्रत्येतव्याः, तद्यथा-

અર્થ- આ બધા દ્વીપસમુદ્રો અનુક્રમે પ્રથમ કરતાં બમણા બમણા પહોળા તેમજ પ્રથમ-પ્રથમને વીંટળાઈને ગોળ બંગડી આકારે ગોઠવાઈને રહ્યા છે.

भाष्यम्- योजनशत सहस्रं विष्कम्भो जम्बूद्वीपस्य वक्ष्यते, तद्द्विगुणो लवणजलसमुद्रस्य, लवण-जलसमुद्रविष्कम्भाद्द्विगुणो धातकीखण्डद्वीपस्य, इत्येवमास्वयम्भूरमणसमुद्रादिति । **पूर्वपूर्व-परिक्षेपिणः**, सर्वे पूर्वपूर्वपरिक्षेपिणः प्रत्येतव्याः, जम्बूद्वीपो लवणसमुद्रेण परिक्षिप्तः, लवणजलसमुद्रो धातकीखण्डेन परिक्षिप्तः, धातकीखण्डद्वीपः कालोदसमुद्रेण परिक्षिप्त, कालोदसुमुद्रः पुष्करवरद्वीपार्धेन परिक्षिप्तः, पुष्करद्वीपार्धं मानुषोत्तरेण पर्वतेन परिक्षिप्तम्, पुष्करवरद्वीपः पुष्करवरोदेन समुद्रेण परिक्षिप्त, एवमास्वयम्भूरमणासमुद्रादिति । वलयाकृतयः, सर्वे च ते **वलयाकृतयः** सह मानुषोत्तरेणेति ।।८।।

અર્થ- સોહજાર યોજન (એક લાખ યોજન) વિષ્કમ્ભ જંબૂદ્વીપનો (સૂ૦ ૯ માં) કહેવાશે. તેનાથી (જંબૂ૦ થી) બમણી પહોળાઈ લવણજળ સમુદ્રની, લવણજળ સમુદ્રની પહોળાઈ કરતાં બમણી (પહોળાઈ) ધાતકીખંડની. એ પ્રમાણે (બમણી-બમણી) સ્વયમ્ભૂરમણ સમુદ્ર સુધી જાણવી. પ્રથમ-પ્રથમને વીંટળાયેલ એટલે-બધા દ્વીપસમુદ્રો પૂર્વપૂર્વને વીંટળાઈને રહ્યા છે. (જેમકે,) જંબૂદ્વીપ લવણસમુદ્ર વડે વીંટળાયેલો છે, લવણજળ સમુદ્ર ધાતકીખંડદ્વીપ વડે વીંટળાયેલો છે, ધાતકીખંડદ્વીપ કાલોદ સમુદ્ર વડે વીંટળાયેલો છે, કાલોદ સમુદ્ર પુષ્કરાર્ધદ્વીપ વડે વીંટળાયેલો છે, પુષ્પકરાર્ધદ્વીપ માનુષોત્તર પર્વત વડે વીંટળાયેલો છે. પુષ્કરવર (આખો) દ્વીપ પુષ્કરવરોદસમુદ્ર વડે વીંટળાયેલો છે. એ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું, વલય (બંગળી)ની આકૃતિવાળા એટલે માનુષોત્તર પર્વત સહિત તે બધા (દ્વીપ-સમુદ્રો) વલય (બંગડી-ચૂડી) આકારે (રહેલા છે.) (જંબૂદ્વીપ સિવાય) ।।૮।।

---

૧. અસંખ્યનું માપ-૨૫ કોડાકોડી સુક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અર્થાત્ અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલાં સમય તેટલા દ્વીપ-સમુદ્રો જાણવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ।।३-९।।**

અર્થ- તે સર્વ (દ્વીપ-સમુદ્રો) ની મધ્યમાં મેરુપર્વત છે નાભી જેની એવો ગોળ એક લાખ યોજન વિસ્તારવાળો જંબૂદ્વીપ છે.

भाष्यम्- तेषां-द्वीपसमुद्राणां मध्ये तन्मध्ये **मेरुनाभिः** मेरुरस्य नाभ्यामिति मेरुर्वाऽस्य नाभिरिति मेरुनाभिः मेरुरस्य मध्य इत्यर्थः, सर्वद्वीपसमुद्राभ्यन्तरो **वृत्तः** कुलालचक्राकृतिर्योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः, वृत्तग्रहणं नियमार्थम् ।

અર્થ- तन्मध्य એટલે તે દ્વીપો અને સમુદ્રોની મધ્યમાં. મેરુનાભિ એટલે મેરુ જેની નાભીમાં છે, અથવા મેરુ એજ જેની નાભી છે, તે મેરુનાભિવાળો એટલે કે મેરુ જેની મધ્યમાં છે એમ સમજવું. સર્વે દ્વીપ-સમુદ્રોની વચમાં ગોળ કુંભારના ચાકડાની આકૃતિ જેવો એક લાખ યોજનના વિષ્કંભવાળો જંબૂદ્વીપ છે. વૃત એટલે ગોળ.

भाष्यम्- लवणादयो वलयवृत्ता जम्बूद्वीपस्तु प्रतरवृत्त इति यथा गम्येत, वलयाकृतिभिश्चतुरस्रत्र्योरपि परिक्षेपो विद्यते तथा च मा भूदिति । मेरुरपि काञ्चनस्थालनाभिरिव वृत्तो योजनसहस्रमधो धरणितलमवगाढो नवनवत्युच्छ्रितो दशाधो विस्तृतः सहस्रमुपरीति, त्रिकाण्डस्त्रिलोकप्रविभक्तमूर्त्तिश्चतुर्भिर्वनैर्भद्रशालनन्दनसौमनसपाण्डकैः परिवृत्तः, तत्र शुद्धपृथिव्युपलवज्रशर्कराबहुलं योजनसहस्रमेकं प्रथमं काण्डं, द्वितीयं त्रिषष्टिसहस्राणि रजतजातरूपाङ्कस्फटिकबहुलं, तृतीयं षट्त्रिंशत्सहस्राणि जाम्बूनदबहुलं, वैडूर्यबहुला चास्य चूलिका चत्वारिंशद्योजनान्युच्छ्रायेण मूले द्वादश विष्कम्भेण मध्येऽष्टावुपरि चत्वारीति, मूले वलयपरिक्षेपि भद्रशालवनं, भद्रशालवनात् पञ्च योजनशतान्यारुह्य तावत्प्रतिक्रान्तिविस्तृतं नन्दनवनं, ततोऽर्धत्रिषष्टिसहस्राण्यारुह्य पञ्चयोजनशतप्रतिक्रान्तिविस्तृतमेव सौमनसम्, ततोऽपि षट्त्रिंशत्सहस्राण्यारुह्य चतुर्नवतिचतुः शतप्रतिकान्तिविस्तृतं पाण्डकवनमिति, नन्दनसौमनसाभ्यामेकादशैकादश सहस्राण्यारुह्य प्रदेशपरिहाणिर्विष्कम्भस्येति ।।९।।

અર્થ- લવણ આદિ (સમુદ્રો તથા દ્વીપો) બંગડી જેવા ગોળાકારે (વચમાં પોલા) છે. જ્યારે જંબૂદ્વીપ તો ઝાલર જેવો અર્થાત્ પ્રતર જેવો ગોળ જાણવો. ચાર ખુણા અને ત્રણખુણાવાળાને પણ વલયાકૃતિથી પરિક્ષેપ (વીંટળાવવું) હોઈ શકે છે. પરંતુ તેમ ન થાઓ (અર્થાત્-પ્રતરવૃત્ત જંબૂદ્વીપ છે અને વલયાકારે વીંટળાયેલ લવણાદિ છે.) મેરુ પણ સુવર્ણપાત્રમાં નાભી સમાન ગોળાકારે એક હજાર યોજન નીચે ભૂમિતલમાં રહેલો છે (અને સમતલ ભૂમિથી) ૯૯ હજાર યોજન ઉંચો છે. દશ હજાર યોજનનો વિસ્તાર (પહોળો) સમતલભૂમિએ અને ઉપરની પહોળાઈ એક હજાર યોજન છે. ત્રણ કાંડમાં વહેંચાયેલા સ્વરુપવાળો મેરુ, ભદ્રશાલ, નન્દન, સોમનસ અને પાંડુક આ ચાર વનો વડે વીંટળાયેલો છે. તે ત્રણ કાંડમાં શુદ્ધપૃથ્વી, પથરા, વજ્ર અને કાંકરાની બહુલતાવાળો એક હજારયોજનનો પ્રથમ કાંડ છે. બીજો કાંડ ત્રેસઠ હજાર યોજનનો રૂપુ, સોનું, અંકરત્ન અને સ્ફટીકરત્નની બહુલતાવાળો છે. ત્રીજો કાંડ છત્રીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હજાર યોજનનો જાંબૂનદ સુવર્ણની બહુલતાવાળો છે. વૈડૂર્ય રત્નની બહુલતાવાળી આની ચૂલિકા ચાલીસ યોજન ઉંચી-મૂળમાં બાર યોજન વિષ્કંભવાળી તેમજ મધ્યમાં આઠ યોજન વિષ્કંભવાળી અને ઉપર ચાર યોજન વિષ્કંભવાળી છે. (મેરુને) મૂળમાં વલય આકારે વીંટળાયેલું ભદ્રશાલ વન છે. ભદ્રશાલ વનથી પાંચસો યોજન ઉંચે ચઢતાં તેટલાં જ વિસ્તારવાળું (૫૦૦ યો.) ચારે બાજું નંદનવન છે. ત્યાંથી (નંદનવનથી) ૬૨૫૦૦ (સાડા બાસઠ હજાર) યોજન ઉપર જતાં પાંચસો યોજનના વિસ્તારવાળું ચારે બાજુ સોમનસવન આવે છે. ત્યાં (સોમનસવન) થી છત્રીસ હજાર યોજન ઉપર જતાં ચારસો ચોરાણું (૪૯૪) યોજન વિસ્તારવાળું ચારેબાજુ પાંડુકવન આવે છે. નંદન અને સોમનસથી દરેક અગ્યારહજાર યોજન આરોહણ કરીને (આરોહણ કર્યા બાદ) વિષ્કંભના પ્રદેશોની હાનિ થાય છે. ।।૯।।

**सूत्रम्- तत्र भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ।।३-१०।।**

અર્થ- જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત આ સાત વર્ષો એટલે ક્ષેત્રો છે.

भाष्यम्- तत्र-जम्बूद्वीपे भरतं हैमवतं हरयो विदेहा रम्यकं हैरण्यवतमैरावतमिति सप्त वंशाः-क्षेत्राणि भवन्ति, भरतस्योत्तरतो हैमवतं हैमवतस्योत्तरतो हरय इत्येवं शेषाः, वंशा वर्षा वास्या इति चैषां गुणतः पर्यायनामानि भवन्ति ।

અર્થ- તત્ર એટલે તે જંબૂદ્વીપમાં ભરત, ઐરાવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત, ઐરાવત એ પ્રમાણે વર્ષો એટલે ક્ષેત્રો છે. ભરત ક્ષેત્રની ઉત્તરે (ઉત્તર તરફ જતાં પ્રથમ ક્ષેત્ર) હૈમવંત (હિમવંત) ક્ષેત્ર, હૈમવતની ઉત્તરે હરિવર્ષ એ પ્રમાણે જાણવા. (હરિવર્ષની ઉત્તરે વિદેહ, વિદેહની ઉત્તરે રમ્યક્, રમ્યક્ની ઉત્તરે હિરણ્યવંત, હિરણ્યવંતની ઉત્તરે ઐરાવત ક્ષેત્ર આવે...) વંશો, વર્ષો, વાસ્યો એ પ્રમાણે ગુણથી પર્યાયનામો છે.

भाष्यम्- सर्वेषां चैषां व्यवहारनयापेक्षाऽऽदित्यकृताद्दिग्नियमादुत्तरतो मेरुर्भवति ।

અર્થ- આ સર્વે ક્ષેત્રો વ્યવહારનયની અપેક્ષાએ સૂર્યના ઉદયથી કરાયેલ દિશાના નિયમથી ઉત્તર તરફ મેરુ હોય છે. (સર્વે ક્ષેત્રોને મેરુ ઉત્તરમાં હોય.)

भाष्यम्- लोकमध्यावस्थितं चाष्टप्रदेशं रुचकं दिग्नियमहेतुं प्रतीत्य यथासम्भवं भवतीति ।।१०।।

અર્થ- લોકના મધ્યભાગમાં રહેલા આઠ પ્રદેશવાળા રૂચકને દિશાનો હેતુ માનીને યથાસંભવ દિશા ગણાય છે. ।।૧૦।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- तद्विभाजिनः पूर्वापरायता हिमवन्-महाहिमवन्-निषध-नील-रुक्मि-शिखरिणो वर्षधरपर्वताः ॥३-११॥**

અર્થ- તે ક્ષેત્રોને જુદા પાડનાર પૂર્વ-પશ્ચિમ લાંબા એવા હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલવંત, રુકિમ્ અને શિખરી (આ છ) વર્ષધર પર્વતો છે.

भाष्यम्- तेषां-वर्षाणां विभक्तारो हिमवान् महाहिमवान् निषधो नीलो रुक्मी शिखरी इत्येते षड्वर्षधराः पर्वताः, भरतस्य हैमवतस्य च विभक्ता हिमवान्, हैमवतस्य हरिवर्षस्य च विभक्ता महाहिमवानित्येवं शेषाः । तत्र पञ्च योजनशतानि षड्विंशानि षट् चैकोनविशंतिभागा भरतविष्कम्भः, स द्विर्द्विर्हिमवद्धैमवतादीनामाविदेहेभ्यः, परतो विदेहेभ्योऽर्धार्धहीनाः ।

અર્થ- તે વર્ષો (ક્ષેત્રો) ના વિભાગ કરનાર (જુદા પાડનાર) હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુકિમ અને શિખરી આ છ વર્ષધર પર્વતો છે. ભરતને અને હૈમવતને જુદો પાડનાર હિમવાન્ પર્વત, હૈમવત અને હરિવર્ષને જુદો પાડનાર મહાહિમવાન્ પર્વત... તે પ્રમાણે બીજા જાણવા. તેમાં પર૬ યોજન અને એક યોજનના ઓગણીસભાગ કરતાં તેમાંના છભાગ એટલે પર૬, યોજન ભરતક્ષેત્રનો વિષ્કંભ છે. તે (ભરતના માપ) થી બમણા બમણા વિસ્તારવાળા (વિષ્કંભવાળા) હિમવત્ પર્વત આદિથી માંડી વિદેહ સુધી જાણવા. પરતઃ- ત્યાંથી પછીથી વિદેહથી (દરેક પર્વતો-ક્ષેત્રો) અર્ધ-અર્ધ (હીન) વિસ્તારવાળા છે.

भाष्यम्- पञ्चविंशतियोजनान्यवगाढो योजनशतोच्छ्रायो हिमवान्, तद्द्विर्महाहिमवान्, तद्द्विर्निषध इति ।

અર્થ- પચ્ચીસ યોજન ઉંડો (જમીનમાં) અને ૧૦૦ યોજન ઉંચો હિમવાન્ પર્વત છે. (પ્રાયઃ ઉંચાઈનો ચોથો ભાગ જમીનમાં હોય), તેનાથી (હિમવાન્થી) બમણો મહાહિમવાન્ પર્વત (એટલે ૫૦ યોજન ઉંડો તથા ૨૦૦ યોજન ઉંચો કુલ ૨૫૦ યોજન), તેનાથી (મહાહિમવાન્થી) બમણો નિષધ (એટલે ૧૦૦ યો. જમીનમાં ઉંડો તથા ૪૦૦ યો. ઉંચો) [શિખરી, રુકિમ અને નીલવંતની અનુક્રમે હિમવાન્ આદિની જેમ ઉંડાઈ તથા ઉંચાઈ જાણવી.]

भाष्यम्- भरतवर्षस्य योजनानां चतुर्दशसहस्राणि चत्वारि शतान्येकसप्तातानि षट् च भागा विशेषतो ज्या, इषुर्यथोक्तो विष्कम्भः, धनुःकाष्ठं चतुर्दशसहस्राणि शतानि पञ्चाष्टाविंशान्येकादश च भागाः साधिकाः ।

અર્થ- ભરતક્ષેત્રની જ્યા ચૌદહજાર ચારસો ઈકોતેર અને ૬ ભાગ (૧૪૪૭૧, ), ઈષુ (વચ્ચેનો ભાગ-જેનો ભાગ બાણ જેવો થાય છે તે) જે પૂર્વે (ભરતક્ષેત્રનો) વિષ્કંભ કહ્યો છે તે (એટલે ઈષુની લંબાઈ પર૬, યોજન), ધનુષ્યકાષ્ઠનું માપ ચૌદહજારપાંચસો અઠ્યાવીસ યોજન અને ૧૧ ભાગ સાધિક (૧૪૫૨૮, ) છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- भरतक्षेत्रमध्ये पूर्वापरायत उभयतः समुद्रमवगाढो वैताढ्यपर्वतः, षड् योजनानि सक्रोशानि धरणिमवगाढः, पञ्चाशद्विस्तरतः पञ्चविंशत्युच्छ्रितः । विदेहेषु निषधस्योत्तरतो मन्दरस्य दक्षिणतः काञ्चनपर्वतशतेन चित्रकूटेन विचित्रकूटेन चोपशोभिता देवकुरवः ।

અર્થ- ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ બંને તરફ સમુદ્ર સુધી (લંબાયેલો) વૈતાઢ્યપર્વત સવા છ યોજન જમીનમાં રહેલો, ૫૦ યોજનના વિસ્તારવાળો અને ૨૫ યોજન ઉંચો છે. વિદેહમાં નિષધની ઉત્તરે અને મેરુની દક્ષિણ તરફ સો (૧૦૦) કંચનપર્વત, ચિત્રકૂટ અને વિચિત્રકૂટથી સુશોભિત એવું દેવકુરુ છે.

भाष्यम्- विष्कम्भेणैकादश. योजनसहस्राण्यष्टौ च शतानि द्विचत्वारिंशानि द्वौ च भागौ, एवमेवोत्तरेणोत्तराः कुरवश्चित्रकूटविचित्रकूटहीना द्वाभ्यां च काञ्चनाभ्यामेव यमकपर्वताभ्यां विराजिताः । विदेहा मन्दरदेवकुरूत्तरकुरुभिर्विभक्ताः क्षेत्रान्तरवद्भवन्ति, पूर्वे चापरे च, पूर्वेषु षोडश चक्रवर्तिविजया नदीपर्वतविभक्ताः परस्परागमाः, अपरेऽप्येवंलक्षणाः षोडशैव । तुल्यायाम-विष्कभावगाहोच्छ्रायौ दक्षिणोत्तरौ वैताढ्यौ, तथा हिमवच्छिखरिणौ, महाहिमवद्रुक्मिणौ, निषधनीलौ चेति ।

અર્થ- તે દેવકુરુ વિસ્તારથી ૧૧૮૪૨, યોજન છે. એ પ્રમાણે ઉત્તર તરફનું ઉત્તરકુરુ તે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ (૧૦૦ કંચનપર્વત) એ બે સિવાય અને બે યમકગિરિ (કુલ ૧૦૦ કંચન પર્વત + ૨ = ૧૦૨) થી શોભાયમાન છે. મેરુપર્વત, દેવકુરુ અને ઉત્તરકુરુથી વિભાગ કરાયેલ વિદેહ ક્ષેત્ર ભિન્નક્ષેત્રની જેમ પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ એમ બે પ્રકારે થાય છે. પૂર્વવિદેહમાં નદીઓ પર્વતોથી વિભાગ કરાયેલ (એવી) ચક્રવર્તીને જીતવા યોગ્ય સોળ વિજયો પરસ્પર વડે ન જોઈ શકાય તેવી છે. તે જ પ્રમાણે પશ્ચિમવિદેહમાં પણ તે જ રીતની સોળ (ચક્રવર્તી) વિજયો છે. સરખી લંબાઈ, પહોળાઈ, ઉંડાઈ અને ઉંચાઈવાળા દક્ષિણ તથા ઉત્તરના વૈતાઢ્ય, (તે રીતે) હિમવત્ અને શિખરી, મહાહિમવાન્ અને રુકિમ તેમજ નિષધ અને નીલ (પરસ્પર સમાન છે.)

भाष्यम्- क्षुद्रमन्दरास्तु चत्वारोऽपि धातकीखण्डकपुष्करार्धका महामन्दरात्पञ्चदशभिर्योजनसहस्रैर्हीनोच्छ्रायाः षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः, तेषां प्रथमं काण्डं महामन्दरतुल्यं, द्वितीयं सप्तभिर्हीनं, तृतीयमष्टाभिः, भद्रशालनन्दनवने महामन्दरवत्, ततः अर्धषट्पञ्चाशद्योजन- सहस्राणि सौमनसं पञ्चशतविस्तृतमेव, ततोऽष्टाविंशतिसहस्राणि चतुर्नवतिचतुःशतविस्तृतमेव पाण्डुकं भवति, उपरि चाधश्च विष्कम्भोऽवगाहश्च तुल्यो महामन्दरेण, चूलिका चेति ॥

અર્થ- ધાતકી ખંડ (માં બે) અને પુષ્કરાર્ધ (માં બે એમ) સંબંધી ચારે મેરુ લઘુમેરુ કહેવાય છે. તે મહામેરુથી પંદર હજાર યોજન હીન ઉંચાઈવાળા છે. (અર્થાત્ ૮૫૦૦૦ યોજન પ્રમાણ ઉંચાઈવાળા છે.) સમતલભૂમિએ (ધરણીતલે) (મોટામેરુ કરતાં) ૬૦૦ યોજન હીન વિષ્કંભ છે. (એટલે ઉંચાઈમાં ૯૪૦૦ યોજન છે.) તેનો (નાના મેરુનો) પહેલો કાંડ (ઉંચાઈમાં) મોટા મેરુના સરખો, બીજો કાંડ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાત હજાર યોજન હીન અને ત્રીજો કાંડ આઠ હજાર યોજન હીન છે. (નાનામેરુના) ભદ્રશાલવન અને નન્દનવન મોટા મેરુના વન જેવા છે. (નંદનવનથી) સોમનસવન પંચાવન હજારપાંચસો યોજન (ઉંચાઈએ) (અને) ૫૦૦ યોજન વિસ્તારવાળું જ છે. ત્યાંથી (સોમનસવનથી) અઠ્યાવીસ હજાર યોજન (ની ઉંચાઈવાળું) પાંડુકવન (અને) ૪૯૪ યોજન વિસ્તારવાળું જ છે. (લઘુમેરુનો) ઉપર વિસ્તાર અને નીચે (ભૂમિમાં) ઉંડાઈ તેમજ ચૂલિકા મહામેરુની સમાન છે.

**भाष्यम्- विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः, स विष्कम्भपादाभ्यस्तो गणितम्, इच्छा-वगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या, ज्याविष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं शेषार्धमिषुः, इषुवर्गस्य षड्गुणस्य ज्यावर्गयुतस्य कृतस्य मूलं धनुःकाष्ठं, ज्यावर्गचतुर्भागयुक्तमिषुवर्गमिषुविभक्तं तत्प्रतिकृति वृत्तविष्कम्भः, उदग्धनुःकाष्ठाद्दक्षिणं शोध्यं शेषार्धं बाहुरिति। अनेन करणाभ्युपायेन सर्वक्षेत्राणां सर्वपर्वतानामायामविष्कम्भज्येषुधनुःकाष्ठपरिमाणानि ज्ञातव्यानि॥११॥**

અર્થ- દશગુણ કરાયેલ વિષ્કમ્ભના વર્ગનું જે મૂળ-તે વૃત્ત (પદાર્થનો) પરિધિ. તે વિષ્કંભના ચોથા ભાગે ગુણાયેલ પરિશેષ તે ગણિતપદ (ક્ષેત્રફળ). જયાવર્ગ અને વિષ્કમ્ભના વર્ગની બાદબાકી કરી તેનું વર્ગમૂળ કાઢવું-તે વિષ્કમ્ભમાંથી બાદ કરવું. જે રહે તેનો અડધોભાગ તે ઈષુ. ઈષુના વર્ગને છ વડે ગુણતાં અને તેની સાથે જયાનો વર્ગ ઉમેરી તેનું વર્ગમૂળ કાઢવું તે ધનુ:પૃષ્ઠ. જીવાના વર્ગના ચોથાભાગથી યુક્ત એવો જે ઈષુનો વર્ગ-તેને ઈષુ વડે ભાગતાં જે આવે તે સ્વાભાવિક ગોળપદાર્થનો વિષ્કમ્ભ. ઉત્તર ધનુ:પૃષ્ઠમાંથી દક્ષિણ ધનુ:પૃષ્ઠને બાદ કરતાં શેષ રહે તેનું અડધુ (પ્રમાણ) તે બાહુ. આ કરણો વડે સર્વ ક્ષેત્રોના, વૈતાઢ્ય આદિ સર્વ પર્વતોના-લંબાઈ, પહોળાઈ, જયા, ઈષુ, ધનુ:કાષ્ઠ માપો જાણવા. ॥૧૧॥

## सूत्रम्- द्विर्धातकीखण्डे ॥३-१२॥

અર્થ- ધાતકીખંડમાં (ક્ષેત્રો અને પર્વતો) બમણા જાણવા.

**भाष्यम्- ये एते मन्दरवंशवर्षधरा जम्बूद्वीपेऽभिहिता एते द्विगुणा धातकीखण्डे, द्वाभ्यामिष्वा-कारपर्वताभ्यां दक्षिणोत्तरायताभ्यां विभक्ताः, एभिरेव नामभिर्जम्बूद्वीपकसमसङ्ख्याः पूर्वार्धे चापरार्धे च चक्रारकसंस्थिताः, निषधसमोच्छ्रायाः कालोदलवणजलस्पर्शिनो वंशधराः सेष्वाकाराः, अरवरसंस्थिता वंशा इति ॥१२॥**

અર્થ- જે આ મેરુ, ક્ષેત્રો, પર્વતો જંબૂદ્વીપમાં કહ્યા છે. તેનાં કરતાં બમણા (મેરુ આદિ) ધાતકી ખંડમાં (છે અને તે) દક્ષિણ-ઉત્તર લાંબા એવા બે ઈષુના આકારવાળા પર્વતો વડે વહેંચાયેલા છે. પૂવાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં આ જ નામો વડે જંબૂદ્વીપની સમાન સંખ્યાવાળા ચક્રના આરાની જેમ રહેલા, નિષધસમાન (૪૦૦ યોજન) ઉંચાઈવાળા, કાલોદધિ તથા લવણ સમુદ્રના જલને સ્પર્શનારા ઈષુ આકારવાળા પર્વતો સહિત પર્વતો છે. ક્ષેત્રો આરાના વિવરની જેમ રહેલા છે. ॥૧૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- पुष्करार्धे च ।।३-१३।।

અર્થ- પુષ્કરાર્ધદ્વીપમાં પણ તેમજ (ધાતકીખંડની જેમ જ) છે.

भाष्यम्- यश्च धातकीखण्डे मन्दरादीनां सेष्वाकारपर्वतानां सङ्ख्याविषयनियमः स एव पुष्करार्धे वेदितव्यः ॥

અર્થ- ધાતકી ખંડમાં જે મેરુઆદિનો તથા ઈષુકાર પર્વતોની સંખ્યા સંબંધી જે નિયમ (કહ્યો) છે તે જ પુષ્કરાર્ધમાં જાણવો. (સંખ્યા, માપ વગેરે બધું વર્ણન ધાતકીખંડની માફક જાણવું.)

भाष्यम्- ततः परं मानुषोत्तरो नाम पर्वतो मानुषलोकपरिक्षेपी सुनगरप्राकारवृत्तः पुष्करद्वीपार्धविनिविष्टः काञ्चनमयः सप्तदशैकविंशतियोजनशतान्युच्छ्रितश्चत्वारि त्रिंशानि क्रोशं चाधो धरणीतलमवगाढो योजनसहस्रं द्वाविंशमधस्ताद्विस्तृतः सप्तशतानि त्रयोविंशानि मध्ये चत्वारि चतुर्विंशान्युपरीति ।

અર્થ- ત્યાર પછી (પુષ્કરાર્ધ પછી) મહાનગરના કિલ્લા જેવો ગોળ, મનુષ્યલોકને વીંટળાઈને (ઘેરીને) રહેલો એવો સુવર્ણનો માનુષોત્તર પર્વત પુષ્કરાર્ધમાં જણાવેલ છે. (અઢીદ્વીપની બહારના ભાગમાં ગણાય છે.) તે (માનુષોત્તર પર્વત) સત્તરસો એકવીસ યોજન ઉંચો છે. ચારસોત્રીસ યોજન અને એકગાઉ નીચે ભૂમિમાં રહેલો છે, ધરણીતલે એક હજારને બાવીસ યોજનનો વિસ્તાર છે, મધ્યમાં વિસ્તાર સાતસો ત્રેવીસ યોજન અને ઉપર (ટોચ)નો વિસ્તાર ચારસોચોવીસ યોજન છે.

भाष्यम्- न कदाचिदस्मात् परतो जन्मतः संहरणतो वा चरण विद्याधरर्द्धिंप्राप्ता अपि मनुष्या भूतपूर्वा भवन्ति भविष्यन्ति च, ॥

અર્થ- કયારે પણ આ માનુષોત્તર પર્વતની હદથી આગળ જન્મથી મનુષ્યો થયા નથી, થતાં નથી અને થશે (પણ) નહિ, તેમજ સંહરણથી અથવા ચારણવિદ્યાધર[1] ઋદ્ધિવાળા પણ મનુષ્યો મૃત્યુપામ્યા નથી, પામતાં નથી અને પામશે નહિ.

भाष्यम्- अन्यत्र समुद्घातोपपाताभ्यामत एव च मानुषोत्तर इत्युच्यते ।

અર્થ- મરણ સમુદ્ઘાત અને (ઈલિકા ગતિવાળો) ઉપપાત (જન્મ) સિવાય અઢીદ્વીપની બહાર જન્મમરણ થતું નથી. તેથી જ માનુષોત્તર કહેવાય છે.

भाष्यम्- तदेवमर्वाङ् मानुषोत्तरस्यार्धतृतीया द्वीपाः समुद्रद्वयं पञ्च मन्दराः पञ्चमिंशत् क्षेत्राणि, त्रिंशत्वर्ष धर पर्वताः पञ्चदेव कुरवः पञ्चोत्तराः कुरवः शतं षष्ट्यधिकं चक्रवर्तिविजयानां द्वे शते पञ्चपञ्चाशदधिके जनपदानामन्तरद्वीपाः षट्पञ्चाशदिति ॥१३॥

---

૧. ચારણથી જંઘાચારી અને વિદ્યાચારી, વિદ્યાધરથી મહાવિદ્યાવાળા વૈક્રિયાદિ શરીરવાળાં ગણવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- તે આ પ્રમાણે માનુષોત્તરની પહેલાં અઢીદ્વીપ, બે સમુદ્ર, પાંચ મેરુ, પાંત્રીશ ક્ષેત્રો, ત્રીસ વર્ષધર પર્વતો, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, એકસોસાઈઠ ચક્રવર્તી વિજયો, બસ્સોપંચાવન આર્ય (જનપદના) ક્ષેત્ર તેમજ છપ્પન અંતરદ્વીપ છે. ॥૧૩॥

भाष्यम्- अत्राह-उक्तं भवता मानुषस्य स्वभावमार्दवार्जवत्वं चे'ति, अत्र के मनुष्याः ? क्व चेति ?, अत्रोच्यते-

અર્થ- અહીં (જિજ્ઞાસુ) પ્રશ્ન કરે છે કે-આપશ્રીએ કહ્યું છે કે 'સ્વભાવમાં સરળતા અને નમ્રતા એ મનુષ્ય ના આશ્રવ છે '(અ૦ ૬ - સૂ૦ ૧૮ માં).' તો તેમાં મનુષ્ય એટલે કોણ ? અથવા મનુષ્યો ક્યાં છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

## सूत्रम्- प्राग् मानुषोत्तरान् मनुष्याः ॥३-१४॥

અર્થ- માનુષોત્તરથી પહેલાં મનુષ્યો રહે છે. (ઉત્પન્ન થાય છે.)

भाष्यम्- प्राग्मानुषोत्तरात्पर्वतात्पञ्चत्रिंशत्सु क्षेत्रेषु सान्तरद्वीपेषु जन्मतो मनुष्या भवन्ति, संहरणविद्यर्द्धियोगात्तु सर्वेष्वर्धतृतीयेषु द्वीपेषु समुद्रद्वये च समन्दरशिखरेष्विति । भारतका हैमवतका इत्येवमादयः क्षेत्रविभागेन, जम्बूद्वीपका लवणका इत्येवमादयो द्वीपसमुद्रविभागेनेति ॥१४॥

અર્થ- માનુષોત્તર પર્વતથી પૂર્વ (પહેલાં) માં અન્તરદ્વીપ સહિત પાંત્રીસ ક્ષેત્રોમાં મનુષ્યો જન્મથી હોય છે. સંહરણ, વિદ્યાબળના યોગથી તો મેરુના શિખર સહિત અઢીદ્વીપમાં તેમજ બંને સમુદ્રોમાં સર્વત્ર હોય છે. (માનવોના નામ) ક્ષેત્ર વિભાગથી ભારતીય, હૈમવતીય આદિ તેમજ દ્વીપસમુદ્ર વિભાગથી જંબૂદ્વીપીય, લવણસામુદ્રિય ઈત્યાદિ એ પ્રમાણે. ॥૧૪॥

## सूत्रम्- आर्या म्लेच्छाश्च ॥३-१५॥

અર્થ- આર્યો અને મ્લેચ્છો એમ બે પ્રકારે મનુષ્યો છે.

भाष्यम्- द्विविधा मनुष्या भवन्ति-आर्या म्लिशश्च । तत्रार्याः षड्विधाः क्षेत्रार्याः जात्यार्याः कुलार्याः कर्मार्याः शिल्पार्या भाषार्या इति, तत्र क्षेत्रार्याः पञ्चदशसु कर्मभूमिषु जाताः, तद्यथा- भरतेष्वर्धषड्विंशतिषु जनपदेषु जाताः शेषेषु च चक्रवर्तिविजयेषु, जात्यार्या इक्ष्वाकवो विदेहाहरयोऽम्बष्ठाः ज्ञाताः कुरवो बुंबुनाला उग्रा भोगा राजन्या इत्येवमादयः, कुलार्याः कुलकराश्चक्रवर्तिनो बलदेवा वासुदेवा ये चान्ये आ तृतीयाद् आ पञ्चमाद् आ सप्तमाद्वा कुलकरेभ्यो वा विशुद्धान्वयप्रकृतयः, कर्मार्या यजनयाजनाध्ययनाध्यापनप्रयोगकृषिलिपिवाणिज्ययोनि-पोषणवृत्तयः, शिल्पार्यास्तन्तुवायकुलालनापिततुन्नवायदेवटादयोऽल्पसावद्या अगर्हिताजीवाः, भाषार्या नाम ये शिष्टभाषानियतवर्णं लोकरूढस्पष्टशब्दं पञ्चविधानामप्यार्याणां संव्यवहारं भाषन्ते।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- બે પ્રકારના મનુષ્યો છે. (૧) આર્યો અને (૨) મ્લેચ્છો. તેમાં આર્યો છ પ્રકારે છે (૧) ક્ષેત્ર આર્યો, (૨) જાતિ આર્યો, (૩) કુલ આર્ય, (૪) કર્મ આર્ય, (૫) શિલ્પ આર્ય અને (૬) ભાષા આર્ય.

★ ક્ષેત્ર આર્યો- પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા એટલે કે પાંચ ભરત (અને પાંચ ઐરાવત) ના સાડાપચ્ચીસ ક્ષેત્રમાં જન્મેલા અને શેષ ચક્રવર્તીને જીતવાના યોગ્ય વિજયોમાં જન્મેલા ક્ષેત્રઆર્ય કહેવાય.

★ જાતિ આર્ય-ઈક્ષ્વાકુ, વિદેહ, હરિ, અમ્બષ્ઠ, જ્ઞાત, કુરુ, બુંવનાલ, ઉગ્ર, ભોગ, રાજન્ય ઈત્યાદિ જાતિમાં જન્મેલા જાતિઆર્ય.

★ કુલઆર્ય-કુલકરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો અને બીજાપણ (કુલકર પછીના બીજાપણ) ત્રીજી પેઢી સુધીકે પાંચમી પેઢી સુધીના કે સાતમી પેઢી સુધીના અથવા કુલકરોથી ઉત્પન્ન થયેલા જે વિશુદ્ધવંશ પ્રકૃતિ વાળા તે કુલાર્ય.

★ કર્મ આર્ય-યજન (પૂજા કરવી), યાજન (પૂજા કરાવવી), અધ્યયન (ભણવું), અધ્યાપન (ભણાવવું), પ્રયોગ (રચના કરવી), કૃષી (ખેતી), લિપિ (લખાણ), વાણિજ્ય (વેપાર), યોનિપોષણ (પશુપાલન) વૃત્તિ (થી આજીવિકા ચલાવવા) વાળા તે કર્માર્ય.

★ શિલ્પ આર્ય-વણકર, કુંભાર, હજામ, તુણનાર, દેવાટ ઈત્યાદિ અલ્પ પાપવાળા તેમજ અનિંદ્ય (ધંધાવાળા) જીવો તે શિલ્પાર્ય.

★ ભાષા આર્ય- (સર્વાતિશય સમ્પન્ન ગણધરાદિ) શિષ્ટપુરુષોની ભાષા (જેવી કે સંસ્કૃત, માગધિ) માં નિયત કરેલા અકારદિવર્ણોવાળો અત્યંત પ્રસિદ્ધ વ્યવહારમાં સ્પષ્ટ (સ્ફુટ) ભાષા તે લોકરુઢ સ્પષ્ટ શબ્દવાળો અને પાંચ પ્રકારના આર્યો જે ક્ષેત્રોના ભેદથી પડ્યા છે તેઓના વ્યવહારને કહેનારા તે ભાષાર્ય.

भाष्यम्- अतो विपरीता म्लिशः ।

અર્થ- આનાથી (ઉક્ત ક્ષેત્રાર્યાદિ ૬ થી) વિપરીત તે મ્લેચ્છ (અનાર્ય)[1].

भाष्यम्- तद्यथा-हिमवतश्चतसृषु विदिक्षु त्रीणि त्रीणि योजनशतानि लवणसमुद्रमवगाह्य चतसृणां मनुष्यविजातीनां चत्वारोऽन्तरद्वीपा भवन्ति त्रियोजनशतविष्कमायामाः, तद्याथा-एकोरुकाणामा-भासिकानां लाङ्गूलिकानां वैषाणिकानामिति । चत्वारि योजनशतान्यवगाह्य चतुर्योजनशता-यामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा- हयकर्णानां गजकर्णानां गोकर्णानां शष्कुलीकर्णानामिति। पञ्चशतान्यवगाहय पञ्चयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- आदर्श-मेष-हय-गजमुखानामिति । षड् योजनशतान्यवगाह्य तावदायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा-

---

૧. શક, યવન, કિરાત, કામ્બોજ, બાહ્લીક આદિ અનેક ભેદો મ્લેચ્છ એટલે અનાર્યના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अश्वमुखानां हस्तिमुखानां सिंहमुखानां व्याघ्रमुखानामिति । सप्तयोजनशतान्यवगाह्य सप्तयोजन शतायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- अश्वकर्णसिंहकर्णहस्तिकर्णकर्णप्रावरणनामानः । अष्टौ योजनशतान्यवगाह्याष्टयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा- उल्कामुखविद्युज्जिह्व-मेषमुखविद्युद्दन्तनामानः, नव योजनशतान्यवगाह्य नवयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपा भवन्ति, तद्यथा- घनदन्तगूढदन्तविशिष्टदन्तशुद्धदन्तनामानः । एकोरुकाणामेकोरुकद्वीपः, एवं शेषाणामपि स्वनामभिस्तुल्यनामानो वेदितव्याः । शिखरिणोऽप्येवमेवेत्येवं षट्पञ्चाशदिति ॥१५॥

અર્થ- તે આ રીતે, હિમવત ક્ષેત્રની પૂર્વપશ્ચિમમાં-ચાર વિદિશામાં-લવણ સમુદ્રમાં (જંબૂદ્વીપની જગતીથી) ૩૦૦ યોજન દૂર ચાર પ્રકારના જૂદી જૂદી જાતિના મનુષ્યોના ચાર અન્તરદ્વીપો છે. તેની લંબાઈ-પહોળાઈ ૩૦૦ યોજનની છે. તેના નામ આ પ્રમાણે-એકોરુક, આભાસિક, લાંગુલિક, વૈષાણિક-૧

-(લવણ સમુદ્રમાં જંબૂદ્વીપની જગતીથી) ૪૦૦ યોજન જઈને-૪૦૦ યોજનની લંબાઈ-પહોળાઈના વિષ્કંભવાળા તે જ પ્રમાણે (ચાર અન્તરદ્વિપો છે. તેના નામ આ પ્રમાણે) હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ- ૨

- (લવણ સમુદ્રમાં જંબૂદ્વીપની જગતીથી) ૫૦૦ યોજન અવગાહિને, ૫૦૦ યોજનની લંબાઈ-પહોળાઈના વિષ્કંભવાળા (ચાર અન્તર દ્વિપો છે.) તે આ પ્રમાણે-આદર્શમુખ, મેષમુખ, હયમુખ અને ગજમુખ નામે-૩

-(લવણ સમુદ્રમાં જંબૂદ્વીપની જગતીથી) ૬૦૦ યોજન અવગાહીને ૬૦૦ યોજનની લંબાઈ-પહોળાઈ વિષ્કંભવાળા એ પ્રમાણે (ચાર) અન્તરદ્વીપો છે. તેના નામ આ પ્રમાણે- અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ-૪

- (લવણ સમુદ્રમાં જંબૂ૦ ની જગતીથી) ૭૦૦ યોજન અવગાહીને, ૭૦૦ યોજનની લંબાઈ-પહોળાઈના વિસ્તારવાળા એ પ્રમાણે (ચાર) અંતરદ્વીપ છે. તેના નામ આ પ્રમાણે-અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ, કર્ણપ્રાવરણ-૫

- (લવણ સમુદ્રમાં જંબૂ. ની જગતીથી) ૮૦૦ યોજન દૂર જઈને, ૮૦૦ યોજનની લંબાઈ-પહોળાઈના વિસ્તારવાળા એ પ્રમાણે (ચાર) અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે- ઉલ્કામુખ, વિદ્યુતજીહ્વ, મેષમુખ અને વિદ્યુતદન્ત નામે છે-૬

- (લવણ સમુદ્રમાં જંબૂ. ની જગતીથી) ૯૦૦ યોજન દૂર જઈને, ૯૦૦ યોજનની લંબાઈ-પહોળાઈના વિસ્તારે એ પ્રમાણે (ચાર) અંતરદ્વિપો છે. તે આ પ્રમાણે ઘનગન્ત, ગૂઢદન્ત, શ્રેષ્ઠદન્ત અને શુદ્ધદન્ત નામવાળા-૭

- એકોરૂક માનવોનો એકોરૂક દ્વીપ છે. તે રીતે શેષના નામો પણ પોતાના નામથી સમાનવાળા જાણવા. શિખરીના અંતરદ્વીપો પણ હિમવતની જેમ (૨૮) જાણવા. એમ કુલ ૫૬ અંતરદ્વીપો[૧] થાય. ॥૧૫॥

---

૧. અંતરદ્વીપમાં ઉત્પન્ન થનારા યુગલિકો કહેવાય છે. તેમનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગનું હોય છે અને મનુષ્યની ૮૦૦ ધનુષ્યની ઉંચાઈ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ।।३-१६।।**

અર્થ- દેવકુરુ-ઉત્તરકુરુ સિવાય ભરત, ઐરાવત અને વિદેહ એ પંદર કર્મભૂમિઓ કહેવાય છે.

भाष्यम- मनुष्यक्षेत्रे भरतैरावतविदेहाः पञ्चदश कर्मभूमयो भवन्ति, अन्यत्र देवकुरूत्तरकुरुभ्यः।
અર્થ- દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને ૫-ભરત, ૫-ઐરાવત અને ૫-વિદેહ એ પંદર કર્મભૂમિ છે.

भाष्यम्- संसारदुर्गान्तगमकस्य सम्यग्दर्शनज्ञानचारित्रात्मकस्य मोक्षामार्गस्य ज्ञातारः कर्तार उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्ते, अत्रैव जाताः सिद्ध्यन्ति, नान्यत्र, अतो निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति । शेषास्तु विंशतिर्वंशाः सान्तरद्वीपा अकर्मभूमयो भवन्ति ।
અર્થ- સંસારરૂપી કિલ્લાને પાર પામનાર, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપ મોક્ષમાર્ગના જાણનાર, આચરનાર અને ઉપદેશ દેનાર ભગવન્ત પરમર્ષિ શ્રી તીર્થંકર પરમાત્મા અહીં (કર્મભૂમિમાં) જન્મે છે. અહીં (કર્મભૂમિમાં) જ જન્મેલા સિદ્ધ થાય છે, બીજે જન્મેલા નહિ. એથી કર્મના નાશ માટે (અને) મોક્ષની પ્રાપ્તિ માટેની ભૂમિ તે કર્મભૂમિ. બાકીના અંતરદ્વીપો સહિત વીસ ક્ષેત્રો (૫-હૈમવત, ૫-હરિવર્ષ, ૫-રમ્યક્, ૫-હૈરણ્યવત) અકર્મભૂમિ[1] છે.

भाष्यम्- देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यभ्यन्तरा अप्यकर्मभूमय इति ।।१६।।
અર્થ- દેવકુરુ અને ઉત્તરકુરુઓ તો કર્મભૂમિની અંદર (મહાવિદેહમાં) હોવા છતાં પણ અકર્મભૂમિઓ છે. ।।૧૬।।

**सूत्रम्- नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।।३-१७।।**

અર્થ- મનુષ્યની સ્થિતી (આયુષ્ય) ઉત્કૃષ્ટથી અને જઘન્યથી (અનુક્રમે) ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.

भाष्यम्- नरो नरा मनुष्या मानुषा इत्यनर्थान्तरम्, मनुष्याणां परा स्थितिस्त्रीणि पल्योपमानि अपरा अन्तर्मुहूर्तेति ।।१७।।
અર્થ- નૃ, નર, મનુષ્ય અને માનુષ એ એકાર્થવાચી છે. મનુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ (આયુષ્ય) ત્રણ પલ્યોપમ અને જઘન્ય અંતર્મુહૂર્તની છે. ।।૧૭।।

**सूत्रम्-तिर्यग्योनीनां च ।।३-१८।।**

અર્થ- તિર્યંચોની પણ (ઉત્કૃષ્ટ આયુ. સ્થિતિ-૩ પલ્યોપમ અને જઘન્ય અંતમુર્હૂર્તની છે.)

---

૧. અકર્મભૂમિ ત્રીસ કહેવાય છે. હૈમવતાદિ - ૨૦ + ૫ - દેવકુરુ + ૫ - ઉત્તરકુરુ, = ૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तिर्यग्योनिजानां च परापरे स्थिती त्रिपल्योपमान्तर्मुहूर्ते भवतो यथासङ्ख्यमेव, पृथक्करणं यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थम्, इतरथा इदमेकमेव सूत्रमभविष्यद् उभयत्र चोभे यथासङ्ख्यं स्यातामिति।

અર્થ- તિર્યંચોની ઉત્કૃષ્ટથી અને જઘન્યથી (આયુ.) સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે. (બંને સૂત્રને) જૂદા પાડવાનું કારણ યથાસંખ્ય (અનુક્રમે) ના દોષને ટાળવા માટે છે. એટલે કે જો એક જ સૂત્ર હોત તો (नृतिर्यग्योनीनां स्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्तम् યથાસંખ્યના આધારે નૃ-તિર્યંચની પર-અપર-ત્રણ પલ્યોપમ-અંતર્મુહૂર્ત એમ થાત) એમ બંનેમાં બંને રીતે યથાસંખ્ય લાગત.

भाष्यम्- द्विविधा चैषां मनुष्यतिर्यग्योनिजानां स्थितिः-भवस्थितिः कायस्थितिश्च, मनुष्याणां यथोक्ते त्रिपल्योपमान्तर्मुहूर्ते परापरे भवस्थिती, कायस्थितिस्तु परा सप्ताष्टौ वा भवग्रहणानि, तिर्यग्योनिजानां च यथोक्ते समासतः परापरे भवस्थिती।

અર્થ- આ મનુષ્યો અને તિર્યંચોની સ્થિતિ બે પ્રકારે છે. (૧) ભવસ્થિતિ અને (૨) કાયસ્થિતિ. મનુષ્યોની ભવસ્થિતિ પૂર્વોક્ત કહ્યા પ્રમાણે ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત છે. કાયસ્થિતિ તો ઉત્કૃષ્ટથી સાત-આઠ[૧] (નિરન્તર મનુષ્યના) ભવ ની પ્રાપ્તિ છે.

भाष्यम्- व्यासतस्तु शुद्धपृथिवीकायस्य परा द्वादश वर्षसहस्राणि, खरपृथिवीकायस्य द्वाविंशतिः, अप्कायस्य सप्त,वायुकायस्य त्रीणि, तेजःकायस्य त्रीणि रात्रिंदिनानि, वनस्पतिकायस्य दश वर्षसहस्राणि, एषां कायस्थितिरसङ्ख्येया अवसर्पिण्युत्सर्पिण्यो, वनस्पति कायस्यानन्ताः, द्वीन्द्रियाणां भवस्थितिर्द्वादश वर्षाणि, त्रीन्द्रियाणामेकोनपञ्चाशद्रात्रिंदिनानि, चतुरिन्द्रियाणां षण्मासाः, एषां कायस्थितिः सङ्ख्येयानि वर्षसहस्राणि, पञ्चेन्द्रियतिर्यग्योनिजाः पञ्चविधाः, तद्यथा-मत्स्या उरगाः परिसर्पाः पक्षिणश्चतुष्पदा इति । तत्र मत्स्यानमुरगाणां भुजगानां च पूर्वकोट्येव । पक्षिणां पल्योपमासङ्ख्येयभागः चतुष्पदानां त्रीणि पल्योपमानि गर्भजानां स्थितिः, तत्र मत्स्यानां भवस्थितिः पूर्वकोटिस्त्रिपञ्चाशद् उरगाणां द्विचत्वारिंशद् भुजगानां द्विसप्ततिः पक्षिणां स्थलचराणां चतुरशीतिर्वर्षसहस्राणि संमूर्च्छिमानां भवस्थितिः, एषां कायस्थितिः सप्ताष्टौ भवग्रहणानि, सर्वेषां मनुष्यतिर्यग्योनिजानां कायस्थितिरप्यपरा अन्तर्मुहूर्तैवेति ॥१८॥

અર્થ- વિસ્તારથી-શુદ્ધપૃથ્વીકાયની ઉત્કૃષ્ટથી (ભવસ્થિતિ) બાર હજારવર્ષ. ખરપૃથ્વીકાયની (ઉત્કૃષ્ટથી ભવ સ્થિતિ) બાવીસ હજારવર્ષ. અપ્કાયની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) સાતહજાર વર્ષ. વાઉકાયની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) ત્રણ હજારવર્ષ. તેઉકાયની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) ત્રણ અહોરાત્રી. વનસ્પતિકાયની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) દશહજાર વર્ષ.

---

૧. પૂર્વક્રોડી વર્ષ સુધીના આયુષ્યવાળા મનુષ્યના નિરન્તર ૭ ભવ થાય 'ત્યાર બાદ આઠમો ભવ થાય તો યુગલિકમાં જ થાય' ત્યાંથી દેવલોક. અર્થાત્ મોક્ષગમન માટે વધારેમાં વધારે નિરન્તર મનુષ્યોના સાત ભવ સંભવી શકે. આઠ ભવ કરનારો આઠમે ભવે મોક્ષે ન જઈ શકે. કેમકે આઠમે ભવે અવશ્ય યુગલિક થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરોક્ત આ (શુદ્ધ પૃથિવી આદિ) ની કાયસ્થિતિ અસંખ્ય અવસર્વિણી ઉત્સર્પિણી અને વનસ્પતિકાયની અનંત (ઉત્સર્પિણી-અવસર્પિણી) છે. બેઈન્દ્રિયની (ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી) બાર વર્ષ. તેઈન્દ્રિયની (ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી) ઓગણપચાસ દિવસ. ચઉરિન્દ્રિયની (ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી) છ મહિના. આ (બેઈન્દ્રિયાદિ) ની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ છે. પંચેન્દ્રિયતિર્યંચો પાંચ પ્રકારે છે. તે આ રીતે, (૧) મત્સ્ય (જળચર), (૨) ઉરગ (ઉરપરિસર્પ), (૩) પરિસર્પ (ભુજપરિસર્પ), (૪) પક્ષીઓ (ખેચર) અને (૫) ચતુષ્પદ. તેમાં મત્સ્ય (જળચરો), ઉરપરિસર્પો અને ભૂજપરિસર્પોની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) પૂર્વક્રોડ વર્ષની છે. પક્ષીઓ (ખેચરો) ની (ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. ગર્ભજ ચતુષ્પદોની (ઉત્કૃષ્ટથી ભવ)સ્થિતિ ત્રણ પલ્યોપમ. તેમાં (તિર્યંચોમાં) સંમૂચ્છિંમ જળચરોની (ઉત્કૃષ્ટથી) ભવસ્થિતિ પૂર્વક્રોડ વર્ષ, સંમૂર્છિમ ઉરપરિસર્પની (ઉત્કૃષ્ટ થી ભવસ્થિતિ) ત્રેપનહજારવર્ષ, (સંમૂર્છિમ) ભુજપરિસર્પની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) બેતાલીસ હજાર વર્ષ, (સંમૂર્છિમ) પક્ષી (ખેચરો) ની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) બહોંતેર હજાર વર્ષ, (સંમૂર્છિમ) સ્થલચરોની (ઉત્કૃષ્ટથી ભવસ્થિતિ) ચોર્યાસી હજાર વર્ષની છે. આ (પંચેન્દ્રિય તિર્યંચો) ની કાયસ્થિતિ સાત-આઠ ભવો છે. સર્વે મનુષ્ય અને તિર્યંચોની કાયસ્થિતિ પણ જઘન્યથી અંતર્મુહૂર્તની છે ।।૧૮।।

## ★ ઉપસંહાર ★

-આ પ્રમાણે ત્રીજા અધ્યાયમાં અધોલોક તથા તિર્યગ્લોક (મધ્યલોક)નું વર્ણન કર્યુ છે. જેમાં અધોલોકમાં નરકો તેમજ નારકોનું વર્ણન, નારકોના દુઃખોના પ્રકાર, નારકોનું આયુષ્ય વગેરેનું વર્ણન કર્યું. બાદ-તિર્યગ્લોકમાં જંબૂદ્વીપ આદિ દ્વીપો, સમુદ્રો, તેના આકારો, અઢીદ્વીપમાં રહેલા ક્ષેત્રો, પર્વતો, મેરુપર્વત, માપો, મનુષ્યોના જન્મક્ષેત્રો, મનુષ્યના આર્ય-અનાર્ય ક્ષેત્રો, મનુષ્યતિર્યંચની ઉત્કૃષ્ટ તથા જઘન્યથી આયુષ્યની સ્થિતિ વગેરેનું વર્ણન કર્યું.

કુલ ત્રણ અધ્યાય મળીને કુલ સૂત્ર ૧૦૫ થયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## चतुर्थः अध्यायः - ચોથો અધ્યાય

भाष्यम्- अत्राह-उक्तं भवता 'भवप्रत्ययोऽवधिर्नारकदेवाना' मिति, तथौदयिकेषु भावेषु 'देवगतिरिति', 'केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य' 'सरागसंयमादयो देवस्य', 'नारकसम्मूर्च्छिनो नपुंसकानि, न देवाः' तत्र के देवाः ? कतिविधा वेति ?, अत्रोच्यते–

- અર્થ-[અવતરણ] અહીં (જિજ્ઞાસુ) કહે છે- આપશ્રીએ કહ્યું છે કે 'ભવપ્રત્યયિક અવધિજ્ઞાન નારક-દેવને હોય છે [અ. ૧ - સૂ. ૨૨]'. તથા 'ઔદયિક ભાવમાં દેવગતિ (અ. ૨ - સૂ. ૬). 'કેવલિભગવંત, શ્રુત, સંઘ, ધર્મ અને દેવોનો અવર્ણવાદ (નિંદા) એ દર્શન મોહનીય કર્મનો આશ્રવ છે (અ. ૬ - સૂ. ૧૪)'. 'સરાગસંયમ આદિ દેવ આયુષ્યના આશ્રવ છે (અ. ૬ - સૂ. ૨૦)'. 'નારક અને સંમુર્ચ્છિમ જીવો નપુંસક હોય છે દેવો નપુંસક નથી હોતા (અ. ૨ સૂ. ૫૦-૫૧)'. આ સૂત્રોમાં દેવ વિશે સૂચવ્યું છે). તો તેમાં દેવો તે કોણ ? અથવા દેવોના પ્રકાર કેટલાં ? ઉત્તરકાર - અહીં કહેવાય છે.

### सूत्रम्- देवाश्चतुर्निकायाः ।।४-१।।

અર્થ- દેવો ચાર નિકાયવાળા છે. (અર્થાત્ ચાર પ્રકારના છે.)

भाष्यम्- देवाश्चतुर्निकाया भवन्ति, तान् पुरस्ताद् वक्ष्यामः ।।१।।

અર્થ- દેવો[1] ચારનિકાયવાળા છે. તે આગળ કહીંશું. ।।૧।।

### सूत्रम्- तृतीयः पीतलेश्यः ।।४-२।।

અર્થ- ત્રીજી નિકાયવાળા (જ્યોતિષ્ક દેવો) પીત લેશ્યાવાળા હોય છે.

---

૧. નરદેવ, ધર્મદેવ, ગુરુદેવ, દેવાધિદેવ, બાલદેવ, ભાવદેવ વગેરે દેવસૂચક શબ્દો છે. પરન્તુ ચારનિકાયવાળા દેવો તરીકે તો માત્ર ભાવદેવ જ ગ્રહણ કરવા. જેમને દેવ આયુષ્યનો ઉદય (ભોગવટો) હોય. અહીં નિકાય એટલે રહેઠાણ અથવા ઉત્પત્તિસ્થાન. અર્થાત્ ચાર પ્રકારે ઉત્તપત્તિસ્થાન છે જેનું તે ચતુર્નિકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तेषां-चतुर्णां देवनिकायानां तृतीयो देवनिकायः पीतलेश्य एव भवति, कश्चासौ ? ज्योतिष्क इति ॥२॥

અર્થ- તે ચારદેવનિકાયમાંના ત્રીજા દેવનિકાયવાળાને પીતલેશ્યા જ હોય છે.

(પ્રશ્ન-) એ (ત્રીજો નિકાય) કોણ ? (ઉત્તર-) જ્યોતિષ્ક... ॥૨॥

**सूत्रम्- दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्न पर्यन्ताः ॥४-३॥**

અર્થ- કલ્પોપપન્ત (સ્વામિ-સેવકની મર્યાદાવાળા-અર્થાત્ આચારવાળા તે કલ્પોપપન્ન) સુધીના (દેવનિકાયો અનુક્રમે) દશ, આઠ, પાંચ અને બાર ભેદે છે.

भाष्यम्- ते च देवनिकाया यथाङ्क्यमेवंविकल्पा भवन्ति, तद्यथा- दशविकल्पा भवनवासिनोऽसुरादयो वक्ष्यन्ते, अष्टविकल्पा व्यन्तराः किन्नरादयः, पञ्चविकल्पा ज्योतिष्काः सूर्यादयः, द्वादशविकल्पा वैमानिकाः कल्पोपपन्नपर्यन्ताः सौधर्मादिष्विति ॥३॥

અર્થ- તે (ઉપરોક્ત) દેવનિકાયના અનુક્રમે આ પ્રમાણેના ભેદો છે. તે આ રીતે, દશભેદવાળા ભવનવાસિ (ભવનપતિ)- અસુરાદિ કહેવાશે, આઠભેદવાળા વ્યન્તરો-જે કિન્નરાદિ, ચારભેદવાળા જ્યોતિષ્કો-સૂર્યાદિ, બારભેદવાળા કલ્પોપપન્ન સુધીના વૈમાનિકો-સૌધર્માદિ ॥૩॥

**सूत्रम्- इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्याऽऽत्मरक्ष-लोकपालाऽनीक प्रकीर्णकाऽऽभि योग्य-किल्बिषिकाश्चैकशः ॥४-४॥**

અર્થ- એક-એક નિકાયમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ, અનીક (લશ્કર), પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક એ પ્રમાણે દશ ભેદો હોય છે.

भाष्यम्- एकैकशश्चैतेषु देवनिकायेषु देवा दशविधा भवन्ति, तद्यथा-इन्द्राः सामानिकाः त्रायस्त्रिंशाः पारिषद्याः आत्मरक्षाः लोकपालाः अनीकाधिपतयः अनीकानि प्रकीर्णकाः आभियोग्याः किल्बिषिकाश्चेति, तत्रेन्द्रा भवनवासिव्यन्तरज्योतिष्कविमानाधिपतयः, इन्द्रसमानाः सामानिकाः अमात्यपितृगुरूपाध्यायमहत्तरवत्, केवलमिन्द्रत्वहीनाः, त्रायस्त्रिंशा मन्त्रिपुरोहितस्थानीयाः, पारिषद्या वयस्यस्थानीयाः, आत्मरक्षाः शिरोरक्षस्थानीयाः, लोकपाला आरक्षिकार्थचरस्थानीयाः, अनीका-धिपतयोदण्डनायकस्थानीयाः, अनीकानि अनीकस्थानीयान्येव, प्रकीर्णकाः पौरजनपदस्थानीयाः, आभियोग्या दासस्थानीयाः, किल्बिषिका अन्तस्थस्थानीया इति ॥४॥

અર્થ- આ એક-એક દેવનિકાયમાં દેવો દશ પ્રકારે હોય છે. તે આ રીતે, (૧) ઈન્દ્રો, (૨) સામાનિકો, (૩) ત્રાયસ્ત્રિંશો, (૪) પારિષદ્યો (૫) આત્મરક્ષકો, (૬) લોકપાલો, (૭) અનીકાધિપતિઓ-અનીકો, (૮) પ્રકીર્ણકો (૯) આભિયોગ્યો અને (૧૦) કિલ્બિષિકો.

તેમાં (૧) ઈન્દ્રો-ભવનપતિઓ, વ્યંતરો, જ્યોતિષ્કો અને વિમાનોના અધિપતિઓ તે (ઈન્દ્રો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) સામાનિકો-ઈન્દ્રની સમાન તે સામાનિકો, અમાત્ય, પિતા, ગુરુ, ઉપાધ્યાય, મહત્તરની જેવા-માત્ર ઈન્દ્રપણાથી રહિત. (તે સામાનિક)
(૩) ત્રાયસ્ત્રિંશો- મન્ત્રી, પુરોહિતના સ્થાને જે હોય તે ત્રાયસ્ત્રિંશો.
(૪) પારિષદ્યો- મિત્રના સ્થાને રહેલા.
(૫) આત્મરક્ષકો-અંગરક્ષકોને સ્થાને રહેલા.
(૬) લોકપાલ-કોટવાલ (ચોકીયાત), ચરપુરુષોને સ્થાને રહેલ.
(૭) અનિકાધિપતિ-દંડનાયકને સ્થાને, સેનાપતિના સ્થાને રહેલ, અનિકો-લશ્કરના સ્થાને રહેલ.
(૮) પ્રકીર્ણકો-દેશવાસીઓ અને નગરજનોને સ્થાને રહેલ (પ્રજાજન)
(૯) આભિયોગ્ય-ચાકર (નોકર) ને સ્થાને રહેલ.
(૧૦) કિલ્બિષિકો-નીચ (હલકા-ચંડાલ જેવા) ને સ્થાને રહેલ. ।।૪।।

## सूत्रम्- त्रायस्त्रिंश लोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ।।४-५।।

અર્થ- ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાય (આઠ પ્રકારના દેવો) વ્યન્તર અને જ્યોતિષ્કમાં હોય છે.

भाष्यम्- व्यन्तरा ज्योतिष्काश्चाष्टविधा भवन्ति, त्रायस्त्रिंशलोकपालवर्ज्या इति ।।५।।
અર્થ- ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના આઠ પ્રકારે વ્યંતરો અને જ્યોતિષ્ક (દેવો) હોય છે. ।।૫।।

## सूत्रम्- पूर्वयोर्द्वीन्द्राः ।।४-६।।

અર્થ- પ્રથમના બે નિકાયોના (ભવનપતિ-વ્યન્તરના) બબ્બે ઈન્દ્રો હોય છે.

भाष्यम्- पूर्वयोर्देवनिकाययोर्भवनवासिव्यन्तरयोर्देवविकल्पानां द्वौ द्वाविन्द्रौ भवतः, तद्यथा-भवनवासिषु तावद्द्वौ असुरकुमाराणामिन्द्रौ भवतः-**चमरो** बलिश्च, नागकुमाराणां धरणो भूतानन्दश्च, विद्युत्कुमाराणां हरिर्हरिसहश्च, सुपर्णकुमाराणां वेणुदेवो वेणुदारी च, अग्निकुमाराणामग्निशिखोऽग्निमाणवश्च, वातकुमाराणां वेलम्बः प्रभञ्जनश्च, स्तनितकुमाराणां सुघोषो महाघोषश्च, उदधिकुमाराणां जलकान्तो जलप्रभश्च, द्वीपकुमाराणां पूर्णो वशिष्टश्च, दिक्कुमाराणाममितोगतिः अमितवाहनश्चेति ॥ व्यन्तरेष्वपि द्वौ किन्नराणामिन्द्रौकिन्नरः किम्पुरुषश्च, किम्पुरुषाणां सत्पुरुषो महापुरुषश्च, महोरगाणामतिकायो महाकायश्च, गन्धर्वाणां गीतरतिर्गीतयशाश्च, यक्षाणां पूर्णभद्रो माणिभद्रश्च, राक्षसानां भीमो महाभीमश्च, भूतानां प्रतिरूपोऽतिरूपश्च, पिशाचानां कालो महाकालश्चेति । ज्योतिष्काणां तु बहवः सूर्याश्चन्द्रमसश्च । वैमानिकानामेकैक एव, तद्यथा-सौधर्मे शक्रः, ऐशाने ईशानः, सनत्कुमारे सनत्कुमार इति, एवं सर्वकल्पेषु स्वकल्पाह्वाः, परतस्त्विन्द्रादयो दश विशेषा न सन्ति, सर्व एव स्वतन्त्रा इति ।।६।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- પૂર્વના બે નિકાયોના એટલે ભવનપતિ અને વ્યંતરનિકાયના દેવભેદે (અસુર, કિન્નરાદિ દેવભેદે) બબ્બે ઈન્દ્રો હોય છે. તે આ રીતે,

★ ભવનપતિમાં-અસુરકુમારોના બે ઈન્દ્રો (૧) ચમરેન્દ્ર અને (૨) બલીન્દ્ર
(તે પ્રમાણે)-નાગકુમારોના (૧) ધરણેન્દ્ર અને (૨) ભૂતાનન્દેન્દ્ર.
- વિદ્યુત્કુમારોના (૧) હરીન્દ્ર અને (૨) હરિસહેન્દ્ર.
-સુપર્ણકુમારોના (૧) વેણુદેવ (ઈન્દ્ર) અને (૨) વેણુદારી (ઈન્દ્ર).
-અગ્નિકુમારોના (૧) અગ્નિશિખ (ઈન્દ્ર) અને (૨) અગ્નિમાણવ (ઈન્દ્ર)
-વાતકુમારોના (૧) વેલમ્બ (ઈન્દ્ર) અને (૨) પ્રભંજન (ઈન્દ્ર)
-સ્તનિતકુમારોના (૧) સુઘોષ (ઈન્દ્ર) અને (૨) મહાઘોષ (ઈન્દ્ર)
-ઉદધિકુમારોના (૧) જલકાન્ત (ઈન્દ્ર) અને (૨) જલપ્રભ (ઈન્દ્ર)
-દ્વીપકુમારોના (૧) પૂર્ણ (ઈન્દ્ર) અને (૨) વસિષ્ઠ (ઈન્દ્ર)
-દીક્કુમારોના (૧) અમિતગતિ અને (૨) અમિતવાહન

★-વ્યંતરમાં પણ બબ્બે ઈન્દ્રો-
-કિન્નરોના ઈન્દ્ર - (૧) કિન્નર અને (૨) કિંપુરુષ
-કિંપુરુષોના (ઈન્દ્ર) - (૧) સત્પુરુષ અને (૨) મહાપુરુષ
-મહોરગોના (ઈન્દ્રો) (૧) અતિકાય અને (૨) મહાકાય
-ગન્ધર્વોના (ઈન્દ્રો) (૧) ગીતરતિ અને (૨) ગીતયશા
-યક્ષોના (ઈન્દ્રો) (૧) પૂર્ણભદ્ર અને (૨) માણિભદ્ર
-રાક્ષસોના (ઈન્દ્રો) (૧) ભીમ અને (૨) મહાભીમ
-ભૂતોના (ઈન્દ્રો) (૧) પ્રતિરૂપ અને (૨) અતિરૂપ
-પિશાચોના (ઈન્દ્રો) (૧) કાલ અને (૨) મહાકાલ

★ -જ્યોતિષ્કના (ઈન્દ્રો) તો ઘણાં છે-સૂર્યો અને ચન્દ્રો.

★ -વૈમાનિકોના (ઈન્દ્રો) તો એકેક જ છે. તે આ રીતે,

સૌધર્મમાં શક્રેન્દ્ર, ઈશાનમાં ઈશાન (ઈન્દ્ર), સનત્કુમારમાં સનત્કુમાર (ઈન્દ્ર) એ પ્રમાણે સર્વકલ્પમાં પોતપોતાના દેવલોકના નામવાળા (ઈન્દ્રો) હોય છે.

परतः= આગળ (એટલે કે ગ્રૈવેયક અને અનુત્તરમાં) ઈન્દ્ર વગેરે દશવિકલ્પો (ભેદો) હોતા નથી. સર્વે સ્વતન્ત્ર જ છે. ॥૬॥

## सूत्रम्- पीतान्त लेश्याः ॥४-७॥

અર્થ- પ્રથમના બે નિકાયો કૃષ્ણ, નીલ, કાપોત અને પીત (તેજો) લેશ્યાવાળા હોય છે. (અર્થાત્ પીત સુધીની ચાર લેશ્યાવાળા હોય છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- पूर्वयोर्निकाययोर्देवानां पीतान्ताश्चतस्रो लेश्या भवन्ति ।।७।।
અર્થ- પ્રથમના બે નિકાયોના દેવોને (ભવનપતિ, વ્યંતરને) પીત સુધીની ચાર લેશ્યા હોય છે. ।।૭।।

## सूत्रम्- कायप्रवीचारा आऐशानात् ।।४-८।।

અર્થ- ઈશાનસુધીના દેવો કાયાથી મૈથુન સેવવાવાળા હોય છે.

भाष्यम्- भवनवास्यादयो देवा आ ऐशानात्कायप्रवीचारा भवन्ति, कायेन प्रवीचार एषामिति कायप्रवीचाराः, प्रविचारो नाम मैथुनविषयोपसेवनं, ते हि संक्लिष्टकर्माणो मनुष्यवन्मैथुनसुखमनुप्रलीयमानास्तीव्रानुशयाः कायसंक्लेशजं सर्वाङ्गीणं स्पर्शसुखमवाप्य प्रीतिमुपलभन्त इति ।।८।।
અર્થ- ભવનપતિ આદિથી ઈશાન સુધીના દેવો કાયા વડે મૈથુન વિષય સેવવાવાળા હોય છે. કાયપ્રવિચાર, એટલે મૈથુન વિષયનું સેવન, કાયાવડે મૈથુન વિષયનું સેવન જેઓને છે તે કાયપ્રવિચાર, ખરેખર! સંક્લિષ્ટ કર્મવાળા તે (દેવો) મનુષ્યની માફક મૈથુનસુખમાં અનુરક્ત થતાં તીવ્ર આસક્તિવાળા કાયસંક્લેશથી ઉત્પન્ન થતાં સર્વ અંગો સંબંધી સ્પર્શથી સુખ મેળવીને પ્રીતિવાળા થાય છે. અર્થાત્ આનન્દિત થાય છે. ।।૮।।

## सूत्रम्- शेषाः स्पर्श-रूप-शब्द-मनः प्रवीचारा द्वयोर्द्वयोः ।।४-९।।

અર્થ- બાકીના બબ્બે દેવલોકમાં (દેવો) અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ અને મનથી વિષયસુખ ભોગવનારા હોય છે.

भाष्यम्- ऐशानादूर्ध्वं शेषाः कल्पोपपन्ना देवा द्वयोर्द्वयोः कल्पयोः स्पर्शरूपशब्दमनः प्रवीचारा भवन्ति यथासङ्ख्यम्, तद्यथा-सनत्कुमारमाहेन्द्रयोर्देवान् मैथुनसुखप्रेप्सूनुत्पन्नास्थान् विदित्वा देव्य उपतिष्ठन्ते, ताः स्पृष्ट्वैव च ते प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति । तथा ब्रह्मलोकलान्तकयोर्देवानेवंभूतोत्पन्नास्थान् विदित्वा देव्यो दिव्यानि स्वभावभास्वराणि सर्वाङ्गमनोहराणि श्रृङ्गारोदाराभिजाताकारविलासान्युज्ज्वलचारुवेषाभरणानि स्वानि रूपाणि दर्शयन्ति, तानि दृष्ट्वैव ते प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति तथा महाशुक्रसहस्रारयोर्देवानुत्पन्नप्रवीचारास्थान् विदित्वा देव्यः श्रुतिविषयसुखानत्यन्तमनोहरान् श्रृङ्गारोदाराभिजातविलासाभिलाषच्छेदतलतालाभरणरवमिश्रान् हसितकथितगीतशब्दानुदीरयन्ति, तान् श्रुत्वैव ते प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति । आनतप्राणतारणाच्युतकल्पवासिनो देवाः प्रवीचारायोत्पन्नस्था देवीः संकल्पयन्ति, संकल्पमात्रेणैव ते परां प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति । एभिश्च प्रवीचारैः परतः परतः प्रीतिप्रकर्षविशेषोऽनुपमगुणो भवति, प्रवीचारिणामल्पसंक्लेशत्वात्, स्थितिप्रभावादिभिरधिका इति वक्ष्यते ।।९।।
અર્થ- ઈશાનથી ઉપરના બાકીના બે-બે દેવલોકના કલ્પોપપન્ન દેવો અનુક્રમે સ્પર્શ-રૂપ- શબ્દ અને મનથી મૈથુન સેવનવાળા હોય છે. તે આ રીતે, સનત્કુમાર (અને) માહેન્દ્રના દેવોને મૈથુન સુખની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્તિની ઈચ્છાવાળા અને પ્રગટ આદરવાળા જાણીને દેવીઓ (સૌધર્મ-ઈશાનની) હાજર થાય છે. તે (દેવી) ને સ્પર્શ કરીને જ તે દેવો આનન્દિત (પ્રીતિવાળા) થાય છે અને કામવાસના (મૈથુન) થી નિવૃત્ત થાય છે. તથા બ્રહ્મલોક (અને) લાન્તકના દેવોને એ પ્રમાણે પ્રગટ આદરવાળા જાણીને દિવ્ય, સ્વભાવથી જ દેદીપ્યમાન, સર્વથા મનોહર શ્રૃંગાર વડે ઉદાર, શ્રેષ્ઠ અભિનયના વિલાસવાળી અને ઉજ્જવળ-સુંદર વેશ અને અલંકારો વાળી દેવીઓ પોતાનું રૂપ દેખાડે છે. તે (રૂપ) જોવા માત્રથી જ દેવો પ્રીતિવાળા બને છે અને કામવિકારથી નિવૃત્ત થાય છે. તેમજ મહાશુક્ર અને સહસ્રારના દેવોને મૈથુન સેવનની ઈચ્છામાં આદરવાળા જાણીને કાનના વિષયને સુખકારી, અત્યંત મનોહર શ્રૃંગાર, ઉદાર, શ્રેષ્ઠ વિલાસના શબ્દોવાળા, પગનો ઠેકો, તાલ અને આભરણના અવાજથી મિશ્ર, હાસ્ય, કથિત અને ગીતના શબ્દો દેવીઓ બોલે છે. તે સાંભળીને (તે દેવો) પ્રીતિવાળા બને છે અને કામવિકારથી શાંત થાય છે. મૈથુન સેવનમાં પ્રગટ આદરવાળા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત વિમાનવાસી દેવો દેવી સંબન્ધી વિચાર કરે છે અને વિચારમાત્રથી જ પ્રીતિવાળા થાય છે અને તેનાથી (મૈથુન ઈચ્છાથી) નિવૃત્ત થાય છે. આ પ્રવિચારોથી આગળ (ઉપર-ઉપરના દેવોમાં) પ્રીતિની વિશિષ્ટ વૃદ્ધિ અનુપમ ગુણવાળી હોય છે. કારણકે (આગળ-આગળના) પ્રવિચારી દેવોને અલ્પ સંક્લેશ હોય છે અને સ્થિતિ, પ્રભાવ વગેરેથી (આગળ-આગળના દેવો) અધિક-અધિક હોય છે. એમ કહેવાશે ॥૯॥

## सूत्रम्- परेऽप्रवीचाराः ॥४-१०॥

અર્થ- કલ્પોપપન્નથી ઉપરના દેવો અપ્રવીચારી (મૈથુન સેવન રહિત) હોય છે.

**भाष्यम्- कल्पोपपन्नेभ्यः परे देवा अप्रवीचारा भवन्ति, अल्पसंक्लेशत्वात् स्वस्थाः शीतीभूताः, पञ्चविधप्रवीचारोद्भवादपि प्रीतिविशेषादपरिमितगुणप्रीतिप्रकर्षाः परमसुखतृप्ता एव भवन्ति, ॥१०॥**

અર્થ- કલ્પોપપન્નથી ઉપરના દેવો (નવગ્રૈવેયક-અનુત્તરના દેવો) પ્રવિચાર રહિત હોય છે. અલ્પ સંક્લેશ હોવાથી (મોહનીયકર્માવરણ અત્યન્ત અલ્પ હોવાથી) સ્વસ્થ અને અત્યંત મંદ કામાગ્નિ (વેદોદય હોવાથી) શીત હોય છે. પાંચેય પ્રકારના પ્રવિચારથી ઉદ્દ્ભવેલા આનન્દ (પ્રીતિ) કરતા ઘણાં જ ગુણવાળા, પ્રીતિના પ્રકર્ષવાળા અને પરમ સુખથી (તેઓ-કલ્પાતીત દેવો) તૃપ્ત હોય છે. ॥૧૦॥

**भाष्यम्- अत्राह-उक्तं भवता 'देवाश्चतुर्निकाया' 'दशाष्टपञ्चद्वादशविकल्पा' इत्युक्ते निकायाः के ? के चैषां विकल्पा इति ?, अत्रोच्यते, चत्वारो देवनिकायाः, तद्यथा-भवनवासिनो व्यन्तरा ज्योतिष्का वैमानिका इति । तत्र-**

અર્થ- અહીં (જિજ્ઞાસુ) પૂછે છે કે આપશ્રીએ કહ્યું કે દેવો ચારનિકાયવાળા છે (અ. ૪ - સૂ. ૧,) (અને) (તે) દશ-આઠ-પાંચ અને બાર ભેદવાળા (કલ્પોપપન્ન દેવો છે) (અ. ૪ - સૂ. ૩.) તો તે નિકાયો કઈ છે ? અને તેના ભેદ કયા છે ? (ઉત્તરકાર-) અહીં કહેવાય છે. ચાર દેવનિકાયો છે. તે આ પ્રમાણે - (૧) ભવનપતિ, (૨) વ્યન્તર, (૩)જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક... તેમાં...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ।।४-११।।**

અર્થ- અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, અને દિક્કુમાર એ દશ ભવનવાસી નિકાયના દશપ્રકારો (ભેદો-વિકલ્પો) છે.

भाष्यम्- प्रथमो देवनिकायो भवनवासिनः, इमानि चैषां विधानानि भवन्ति, तद्यथा-असुरकुमाराः, नागकुमाराः, विद्युत्कुमाराः, सुपर्णकुमाराः, अग्निकुमाराः, वातकुमाराः, स्तनितकुमाराः, उदधिकुमाराः, द्वीपकुमाराः, दिक्कुमारा इति,

અર્થ- પ્રથમનિકાય ભવનવાસી અને તેઓના આ ભેદો છે. તે આરીતે, (૧) અસુરકુમારો, (૨) નાગકુમાર, (૩) વિદ્યુત્કુમાર, (૪) સુવર્ણકુમાર, (૫) અગ્નિકુમાર, (૬) વાયુકુમાર, (૭) સ્તનિત કુમાર, (૮) ઉદધિકુમાર (૯) દ્વીપકુમાર અને (૧૦) દિક્કુમાર એ પ્રમાણે (દશ ભેદ-વિકલ્પો.)

भाष्यम्- कुमारवदेते कान्तदर्शनाः असुरकुमारा मृदुमधुरललितगतयः श्रृङ्गाराभिजातरूपविक्रियाः कुमारवच्चोद्धतरूपवेषभाषाभरणप्रहरणावरणपातयानवाहनाः कुमारवच्चोल्बणरागाः क्रीडनपराश्चेत्यतः कुमारा इत्युच्यन्ते, असुरकुमारावासेष्वसुरकुमाराः प्रतिवसन्ति, शेषास्तु भवनेषु ।

અર્થ- કુમારની માફક સુંદર દેખાવવાળા અસુરકુમારો મૃદુ, મધુર, અને લલિતગતિ વાળા, શૃંગાર સહિત સુંદર વૈક્રિયરૂપવાળા, કુમારોની જેમ ઉદ્ધત-રૂપ-વેશ-ભાષા-આભૂષણો-હથિયાર-બખ્તર-પાત, યાન વાણીવાળા, કુમારની જેમ બહુ-ઉત્કટ રાગવાળા અને ક્રીડામાં (રમતમાં) તત્પર હોવાથી કુમારો કહેવાય છે. અસુરકુમારઆવાસમાં અસુરકુમારો રહે છે. બાકીના (નાગકુમારાદિ)તો ભવનોમાં રહે છે.

भाष्यम्- महामन्दरस्य दक्षिणोत्तरयोर्दिग्विभागयोर्बह्वीषु योजनशतसहस्रकोटीकोटीष्वावासा भवनानि च दक्षिणाधिपतीनामुत्तरार्धाधिपतीनां च यथास्वं भवन्ति ।

અર્થ- મેરુપર્વતના દક્ષિણ અને ઉત્તરદિગ્વિભાગમાં ઘણાં લાખ કોડાકોડી યોજન ગયે છતે આવાસો અને દક્ષિણાર્ધાધિપતિ (ચમરેન્દ્ર વગેરે) નાં તેમજ ઉત્તરાર્ધાધિપતિ (બલીન્દ્ર વગેરે) નાં યથાયોગ્ય ભવનો છે. .

भाष्यम्- तत्र भवनानि रत्नप्रभायां बाहल्यार्धमवगाह्य मध्ये भवन्ति, भवनेषु वसन्तीति भवनवासिनः। भवप्रत्ययाश्चैषामिमा नामकर्मनियमात्स्वजातिविशेषनियता विक्रिया भवन्ति, तद्यथा-गम्भीराः श्रीमन्तः काला महाकाया रत्नोत्कटमुकुटभास्वराश्चूडामणिचिह्ना **असुरकुमारा** भवन्ति, शिरोमुखेष्वधिकप्रतिरूपाः कृष्णश्यामा मृदुललितगतयः शिरस्सु फणिचिह्ना **नागकुमाराः**, स्निग्धा भ्राजिष्णवोऽवदाता वज्रचिह्ना **विद्युत्कुमाराः**, अधिकरूपग्रीवोरस्काः श्यामावदाता गरुडचिह्ना **सुपर्णकुमाराः**, मानोन्मानप्रमाणयुक्ता भास्वन्तोऽवदाता घटचिह्ना **अग्निकुमारा** भवन्ति, स्थिरपीनवृत्तगात्रा निमग्नोदरा अश्वचिह्ना अवदाता **वातकुमाराः**, स्निग्धाः स्निग्धगम्भीरा-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नुनादमहास्वनाः कृष्णा वर्धमानचिह्नाः **स्तनितकुमाराः**, ऊरुकटिष्वधिकप्रतिरूपाः कृष्णश्यामा मकरचिह्ना **उदधिकुमाराः**, उरःस्कन्धबाह्वग्रहस्तेष्वधिकप्रतिरूपाः श्यामावदाताः सिंहचिह्ना **द्वीपकुमाराः**, जङ्घाग्रपादेष्वधिकप्रतिरूपाः श्यामा हस्तिचिह्ना **दिक्कुमाराः**, सर्वेऽपि विविधवस्त्राभरणा भवन्तीति ॥११॥

અર્થ- ત્યાં-રત્નપ્રભામાં જાડાઈના અર્ધભાગનું અવગાહન કરીને મધ્યમાં ભવનો છે અને (તેઓ) ભવનોમાં[1] વસે છે માટે ભવન વાસી. આ દેવોને ભવનિમિત્તવાળી અને નામકર્મના નિયમથી સ્વજાતિ વિશેષમાં નિયત વિક્રિયાઓ હોય છે. તે વિવિધરૂપો (વિક્રિયાઓ) આ રીતે, ગંભીર સર્વાંગસુંદર, કાળા, મહાકાય, રત્નજડિત મુકુટ, દેદીપ્યમાન ચુડામણીના ચિહ્નવાળા અસુરકુમારો હોય છે. મસ્તક અને વદને વધુ રૂપાળા, કાળા, શ્યામ, મૃદુ, લલિતગતિવાળા, મસ્તકે ફણાના ચિહ્નવાળા નાગકુમારો હોય છે. સ્નિગ્ધ, ચમકતા, સ્વચ્છ વજ્રચિહ્નવાળા વિદ્યુત્કુમારો હોય છે. અધિક દેખાવડી ડોક અને છાતીવાળા, શ્યામવર્ણવાળા, ખૂબસુરત, ગરુડચિહ્નવાળા સુવર્ણકુમાર હોય છે. માન-ઉન્માન અને પ્રમાણથી યુક્ત દેદીપ્યમાન, ઉજ્જવળ, ઘટના ચિહ્નવાળા અગ્નિકુમારો હોય છે. સ્થિર, પુષ્ટ અને ગોળ અવયવોવાળા, ગંભીર પેટવાળા અને ઘોડાના ચિહ્નવાળા મનોજ્ઞ વાયુકુમાર હોય છે. સ્નિગ્ધ અને ગંભીર એવા મીઠા સ્વરવાળા, શ્યામવર્ણવાળા, વર્ધમાનના ચિહ્નવાળા સ્તનિતકુમાર હોય છે. સાથળ અને કેડ (કમર) માં વધુ રૂપાળા, શ્યામ વર્ણવાળા, મકર (મગર) ના ચિહ્નવાળા ઉદધિકુમારો હોય છે. છાતી, ખભા, ભુજા અને અગ્રહસ્તમાં વિશેષરૂપવાળા શ્યામ, સ્વચ્છ, સિંહ ચિહ્નવાળા દ્વીપકુમારો હોય છે. સાથળ અને પગના આગલા ભાગમાં અધિકરૂપવાળા, શ્યામ વર્ણવાળા, હસ્તિ ચિહ્નવાળા દીક્કુમારો હોય છે.

બધા જ કુમારો વિવિધ વસ્ત્રો અને આભૂષણો વાળા હોય છે. ॥૧૧॥

**सूत्रम्- व्यंतराः किन्नर-किंपुरुष-महोरग-गन्धर्व-यक्ष-राक्षस-भूत-पिशाचाः॥४-१२॥**

અર્થ- વ્યતંરદેવો-કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચો એમ આઠ પ્રકારે છે.

भाष्यम्- अष्टाविधो द्वितीयो देवनिकायः, एतानि चास्य विधानानि भवन्ति, अधस्तिर्यगूर्ध्वं च त्रिष्वपि लोकेषु भवननगरेष्वावासेषु च प्रतिवसन्ति ।

અર્થ- આઠ ભેદે બીજી (દેવ)નિકાય છે. તેના આ (ઉપર-સૂત્રોક્ત) ભેદો છે. અધોલોક, તિર્છાલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણેય લોકમાં-ભવનમાં, નગરમાં અને આવાસોમાં (વ્યન્તરો) રહે છે.

---

૧. ભવનો સાતક્રોડને બહોંતેર લાખ છે. દરેકમાં એકેક ચૈત્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- यस्माच्चाधस्तिर्यगूर्ध्वं च त्रीनपि लोकान् स्पृशन्तः स्वातन्त्र्यात्पराभियोगाच्च प्रायेण प्रतिपतन्ति, अनियतगतिप्रचारा मनुष्यानपि केचिद् भृत्यवदुपचरन्ति विविधेषु च शैलकन्दरान्तर-वनविवरादिषु प्रतिवसन्त्यतो व्यन्तरा इत्युच्यन्ते ॥

અર્થ- જેથી ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એમ ત્રણેય લોકમાં ફરતાં સ્વતંત્રાથી કે પરતન્ત્રતાથી (શક્રવગેરેની પરતન્ત્રતાથી) પ્રાયઃ કરીને અનિયતગતિ વડે (જ્યાં ત્યાં) ચારે બાજુ રખડ્યા કરે છે. કેટલાક તો મનુષ્યોની પણ નોકરની જેમ સેવા કર્યા કરે છે. (તેઓ) જૂદા જૂદા પર્વતો, ખીણો, વન, ગુફાઓ વગેરેમાં રહે છે. તેથી તે વ્યંતરો કહેવાય છે.

भाष्यम्- तत्र-**किन्नरा दशविधाः**, तद्यथा- किम्पुरुषाः किंपुरुषोत्तमाः किन्नराः किन्नरोत्तमा हृदयंगमा रूपशालिनोऽनिन्दिता मनोरमा रतिप्रिया रतिश्रेष्ठा इति । **किम्पुरुषा दशविधाः**, तद्यथा-पुरुषाः सत्पुरुषाः महापुरुषाः पुरुषवृषभाः पुरुषोत्तमा अतिपुरुषोत्तमा मरुदेवा मरुतो मेरुप्रभा यशस्वन्त इति। **महोरगा दशविधाः** , तद्यथा-भुजगा भोगशालिनो महाकायाः अतिकायाः स्कन्धशालिनो मनोरमा महावेगा महेष्वक्षाः मेरुकान्ताः भास्वन्त इति । **गान्धर्वा द्वादशविधाः**, तद्यथा-हाहा हूहू तुम्बुरवो नारदा ऋषिवादिका भूतवादिकाः कादम्बा महाकादम्बा रैवता विश्वासवो गीतरतयो गीतयशस इति । **यक्षास्त्रयोदशविधाः**, तद्यथा-पूर्णभद्राः माणिभद्राः श्वेतभद्राः हरिभद्राः सुमनोभद्राः व्यतिपातिकभद्राः सुभद्राः सर्वतोभद्राः मनुष्ययक्षा वनाधिपतयोवनाहारा रूपयक्षा यक्षोत्तमा इति। **सप्तविधाराक्षसाः**, तद्यथा-भीमा महाभीमा विघ्ना विनायका जलराक्षसा राक्षसराक्षसा ब्रह्मराक्षसा इति । **भूता नवविधाः**, तद्यथा-सुरूपाः प्रतिरूपा अतिरूपा भूतोत्तमा स्कन्दिका महास्कन्दिका महावेगाः प्रतिच्छन्ना आकाशगा इति । **पिशाचाः पञ्चदशविधाः**, तद्यथा-कूष्माण्डाः पटका जोषा आह्नकाः काला महाकालाश्चोक्षा अचौक्षास्तालपिशाचा मुखरपिशाचा अधस्तारका देहा महाविदेहास्तूष्णीका वनपिशाचा इति ॥

तत्र-**किन्नराः** प्रियङ्गुश्यामाः सौम्याः सौम्यदर्शना मुखेष्वधिकरूपशोभा मुकुटमौलिभूषणा अशोकवृक्षध्वजा अवदाताः । **किम्पुरुषा** ऊरुबाहुष्वधिकशोभा मुखेष्वधिकभास्वरा विविधाभरणभूषणाश्चित्रस्रगनुलेपनाश्चम्पकवृक्षध्वजाः । **महोरगाः** श्यामावदाता महावेगाः सोम्याः सौम्यदर्शना महाकायाः पृथुपीनस्कन्धग्रीवा विविधानुविलेपना विचित्राभरणभूषणा नागवृक्षध्वजाः। **गान्धर्वा** रक्तावदाता गम्भीराः प्रियदर्शनाः सुरूपाः सुमुखाकाराः सुस्वरा मौलिधरा हारविभूषणास्तुम्बुरुवृक्षध्वजाः । **यक्षाः** श्यामावदाता गम्भीराः तुन्दिला वृन्दारकाः प्रियदर्शना मानोन्मानप्रमाणयुक्ता रक्तपाणिपादतलनखतालुजिह्वौष्ठा भास्वरमुकुटधरा नानारत्नविभूषणा वटवृक्षध्वजाः । **राक्षसा** अवदाता भीमा भीमदर्शनाः शिरःकराला रक्तलम्बौष्ठास्तपनीयविभूषणा नानाभक्तिविलेपनाः खट्वाङ्गध्वजाः । **भूताः** श्यामाः सुरूपाः सौम्या आपीवरा नानाभक्तिविलेपनाः सुलसध्वजाः कालाः । **पिशाचाः** सुरूपाः सौम्यदर्शना हस्तग्रीवासु मणिरत्नविभूषणाः कदम्बवृक्षध्वजाः। इत्येवंप्रकारस्वभावानि वैक्रियाणि रूपचिह्नानि व्यन्तराणां भवन्तीति॥१२॥ तृतीयो

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

देवनिकायः-

અર્થ- તેમાં કિન્નરો દશપ્રકારે- તે આ રીતે- (૧) કિંપુરુષ, (૨) કિંપુરુષોત્તમ, (૩) કિન્નર, (૪) કિન્નરોત્તમ, (૫)હૃદયંગમ, (૬) રૂપશાલી, (૭) અનિન્દિત, (૮) મનોરમ, (૯) રતિપ્રિય અને (૧૦) રતિશ્રેષ્ઠ.

-કિંપુરુષો દશપ્રકારે- તે આ રીતે, (૧) પુરુષ, (૨) સત્પુરુષ, (૩) મહાપુરુષ, (૪) પુરુષવૃષભ, (૫) પુરુષોત્તમ, (૬) અતિપુરુષોત્તમ, (૭) મરુદેવ, (૮) મરુન, (૯) મરુત્પ્રભા અને (૧૦) યશસ્વંત.

-મહોરગો દશ પ્રકારે- તે આ રીતે (૧) ભુજંગ, (૨) ભોગશાલી, (૩) મહાકાય, (૪) અતિકાય, (૫) સ્કન્ધશાલી, (૬) મનોરમ, (૭) મહાવેગ, (૮) મહેષ્વક્ષ, (૯) મેરુકાન્ત અને (૧૦) ભાસ્વન્ત.

-ગાન્ધર્વો બાર પ્રકારે- તે આ રીતે, (૧) હાહા, (૨) હૂહૂ, (૩) તુંબુર, (૪) નારદ, (૫) ઋષિવાદક, (૬) ભૂતવાદિક, (૭) કાદમ્બ, (૮) મહાકાદમ્બ, (૯) રૈવત, (૧૦) વિશ્વાવસું, (૧૧) ગીતરતિ અને (૧૨) ગીતયશ

-યક્ષો તેર પ્રકારે- તે આ રીતે, (૧) પૂર્ણભદ્ર, (૨) માણિભદ્ર, (૩) શ્વેતભદ્ર, (૪) હરિભદ્ર, (૫) સુમનોભદ્ર, (૬) વ્યતિપાતતિકભદ્ર, (૭) સુભદ્ર, (૮) સર્વતોભદ્ર, (૯) મનુષ્યયક્ષ, (૧૦) વનાધિપતિ, (૧૧) વનાહાર (૧૨) રૂપયક્ષ અને (૧૩) યક્ષોત્તમ.

-રાક્ષસો સાત પ્રકારે- તે આ રીતે (૧) ભીમ, (૨) મહાભીમ, (૩) વિઘ્ન, (૪) વિનાયક, (૫) જલરાક્ષસ, (૬) રાક્ષસરાક્ષસ અને (૭) બ્રહ્મરાક્ષસ.

-ભૂતો નવ પ્રકારે- તે આ રીતે (૧) સુરૂપ, (૨) પ્રતિરૂપ, (૩) અતિરૂપ, (૪) ભૂતોત્તમ, (૫) સ્કન્દિક, (૬) મહાસ્કન્દિક, (૭) મહાવેગ, (૮) પ્રતિચ્છન્ન અને (૯) આકાશગામી.

પિશાચો પંદર પ્રકારે- તે આ રીતે (૧) કુષ્માણ્ડ, (૨) પટક, (૩) જોષ, (૪) આહ્નક, (૫) કાલ, (૬) મહાકાલ, (૭) ચોક્ષ, (૮) અચોક્ષ, (૯) તાલપિશાચ, (૧૦) મુખરપિશાચ, (૧૧) અધસ્તારક, (૧૨) દેહ, (૧૩) મહાવિદેહ, (૧૪) તૂષ્ણીક અને (૧૫) વનપિશાચ.

-તેમાં-પ્રિયંગુ જેવા શામળા, સૌમ્ય (શાંત), સૌમ્યદર્શનવાળા, મુખાકૃતિમાં અધિક રૂપની શોભાવાળા, મુકુટવડે મસ્તકને શોભાવનાર, ધ્વજામાં અશોક વૃક્ષના ચિહ્નવાળા, મનોજ્ઞ કિન્નરો હોય છે.

-સાથળ અને બાહુમાં અધિક રૂપાળા, મુખ ઉપર અધિક તેજવાળા, જૂદા જૂદા આભૂષણોથી શોભિત, વિચિત્ર (ફુલની) માળાઓ અને વિલેપનવાળા અને ધ્વજામાં ચંપકવૃક્ષના ચિહ્નવાળા કિંપુરુષો હોય છે.

-શ્યામ, ખૂબસુરત, ઉગ્ર વેગવાળા, સૌમ્ય, સૌમ્યદેખાવવાળા, મોટાશરીરવાળા, વિશાળ અને પુષ્ટ સ્કંધ અને ડોકવાળા જુદા જુદા પ્રકારના વિલેપનવાળા, વિવિધ આભરણોથી ભૂષિત, ધ્વજામાં નાગવૃક્ષના ચિહ્નવાળા મહોરગો હોય છે.

-રક્તવર્ણી, સ્વચ્છ, ગમ્ભીર, પ્રિયદર્શની, સુંદર રૂપવાળા, સુંદર મુખાકૃતિવાળા, મીઠા સ્વરવાળા, મુકુટને ધારણ કરનારા, હારથી વિભૂષિત અને ધ્વજામાં તુમ્બરૂક્ષના ચિહ્નવાળા ગાન્ધર્વો હોય છે.

-શ્યામ, સુંદર, ગમ્ભીર, મોટાપેટવાળા, શ્રેષ્ઠ, પ્રિયદર્શનવાળા, માન-ઉન્માન અને પ્રમાણથી યુક્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેના હાથ-પગના તળીયા (તેમજ) નખ, તાળવું, જીભ અને હોઠ લાલ છે એવા, કાન્તિમાન મુકુટવાળા, જુદા જુદા રત્નોજડિત અલંકારવાળા અને ધ્વજામાં વડ વૃક્ષના ચિહ્નવાળા યક્ષો હોય છે.

-સ્વચ્છ (સફેદ), ભયંકર, ભયંકર દેખાવવાળા, વિકરાળ માથાવાળા, લાલ અને લાંબા હોઠવાળા, અનેક પ્રકારની રચના છે જેમાં એવા વિલેપનવાળા અને ધ્વજામાં ખટ્વાંગના ચિહ્નવાળા રાક્ષસો હોય છે.

-શ્યામ, સુંદર રૂપવાળા, સૌમ્ય, પુષ્ટ, ચટપટાથી વિલેપન કરેલા, અને ધ્વજામાં સુલસવૃક્ષના ચિહ્નવાળા-કાળા ભૂતો હોય છે.

-રૂપાળા, સૌમ્યદર્શની, હાથે અને ડોકે મણીરત્નોના અલંકારવાળા ધ્વજામાં કદમ્બવૃક્ષવાળા પિશાચો હોય છે.

આ પ્રમાણે સ્વભાવવાળા વૈક્રિયરૂપ અને ચિહ્નો વ્યન્તરોને હોય છે. ॥૧૨॥

હવે ત્રીજી દેવનિકાય:-

**सूत्रम्- ज्योतिष्काः- सूर्याश्चन्द्रमसोग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ॥४-१३॥**

અર્થ- જ્યોતિષ્ક દેવો-સૂર્યો, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને છૂટક તારા રૂપે છે.

भाष्यम्- ज्योतिष्काः पञ्चविधा भवन्ति, तद्यथा-सूर्याश्चन्द्रमसो ग्रहा नक्षत्राणि प्रकीर्णतारका इति पञ्चविधा ज्योतिष्का इति, असमासकरणमार्षाच्च सूर्यः चन्द्रमसोः क्रमभेदः कृतः, यथा गम्येत एतदेवैषामूर्ध्वनिवे आनुपूर्व्यमिति, तद्यथा-सर्वाधस्तात्सूर्याः, ततश्चन्द्रमसः ततो ग्रहाः ततो नक्षत्राणि ततोऽपि प्रकीर्णताराः, ताराग्रहास्त्वनियतचारित्वात्सूर्यचन्द्रमसामूर्ध्वमधश्च चरन्ति, सूर्येभ्यो दशयोजनावलम्बिनो भवन्तीति, समाद्भूमिभागादष्टासु योजनशतेषु सूर्याः ततो योजनानामशीत्यां चन्द्रमसः ततो विंशत्यां तारा इति, द्योतयन्त इति ज्योतींषि-विमानानि तेषु भवा ज्योतिष्का ज्योतिषो वा देवा ज्योतिरेव वा ज्योतिष्काः, मुकुटेषु शिरोमुकुटोपगूहिभिः प्रभामण्डलकल्पैरुज्ज्वलैः सूर्यचन्द्रतारामण्डलैर्यथास्वं चिह्नैर्विराजमाना द्युतिमन्तो ज्योतिष्का भवन्तीति ॥१३॥

અર્થ- જ્યોતિષ્ક દેવો પાંચ પ્રકારે છે તે આ રીતે, (૧) સૂર્ય, (૨) ચન્દ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) છૂટક તારાઓ. આ પ્રમાણે પાંચભેદવાળા જ્યોતિષ્ક છે.

-સૂત્રમાં સમાસ ન કરવાથી તેમજ (ચન્દ્ર-સૂર્યને બદલે) સૂર્ય-ચન્દ્ર એવા આર્ષપ્રયોગદ્વારા જે ક્રમનો ભેદ કર્યો છે તે એટલા માટે કે આ (જ્યોતિષ્કો) નો ઊર્ધ્વ ઊર્ધ્વ સ્થાનમાં આ (સૂત્રમાં જણાવેલ) ક્રમ છે. (પરંતુ મંડલાકારે જ્યોતિષીઓ રહેલ નથી. તેમ ઉપર-ઉપર પણ આડા અવળા નથી)

-તે (સ્થાન) આ રીતે, સૌથી નીચે સૂર્યો, તેના પછી (તેની ઉપર) ચન્દ્રો, તેની ઉપર ગ્રહો, તેની ઉપર નક્ષત્રો અને ત્યાર પછી તેની ઉપર પ્રકીર્ણક તારાઓ.

-ગ્રહ અને તારાઓ તો અનિયતગતિ (ચોક્કસ માર્ગનો અભાવ) હોવાથી સૂર્ય અને ચન્દ્રની ઉપરનીચે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ ફરતાં હોય છે. અને સૂર્યથી દશયોજન નીચે ઉતરનાર હોય છે.
-સમતલભૂમિભાગથી ૮૦૦ યોજન (ઉંચે) સૂર્યો (આવેલા છે,) ત્યાંથી (સૂર્યથી) ૮૦ યોજન (ઉંચે) ચન્દ્રો (આવેલા છે), ત્યાંથી (ચન્દ્રથી) ઉંચે ૨૦ યોજનમાં તારાઓ છે.
-પ્રકાશ ફેલાવનારા (વિમાનો) તે જ્યોતિષ્ક વિમાનો, અને જ્યોતિ વિમાનમાં અવતરનારા તે જ્યોતિષ્કો. અથવા જ્યોતિષો. અથવા જ્યોતિ પ્રકાશવાળા જે દેવો તે જ્યોતિષ્કો.
-મુકુટોમાં મસ્તક અને મુકુટને ઢાંકી દે તેવી પ્રભામંડળ વડે ઉજ્જવળ એવા સૂર્ય, ચન્દ્ર અને તારાઓ પોતપોતાની આભામંડળ ચિહ્નોથી યુક્ત પ્રકાશમાન જ્યોતિષ્કો હોય છે. ॥૧૩॥

## सूत्रम्- मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ।।४-१४।।

અર્થ- મેરુપર્વતને પ્રદક્ષિણા કરતા નિરંતર ગતિ કરનારા જ્યોતિષ્કો મનુષ્યલોકમાં હોય છે.

**भाष्यम्- मानुषोत्तरपर्यन्तो मनुष्यलोक इत्युक्तम्, तस्मिन् ज्योतिष्का मेरुप्रदक्षिणानित्यगतयो भ्रमन्ति, मेरोः प्रदक्षिणा नित्या गतिरेषामिति मेरुप्रदक्षिणानित्यगतयः, एकादशस्वेकविंशेषु योजनशतेषु मेरोश्चतुर्दिशं प्रदक्षिणं चरन्ति ।**

અર્થ- માનુષોત્તર પર્વત સુધી (માનુષોત્તર પર્વત છે પર્યંતે જેને તેવો) મનુષ્યલોક છે. તેમ કહ્યું છે (અ. ૩ - સૂ. ૧૪ માં). તેમાં (મનુષ્યલોકમાં) જ્યોતિષ્કો મેરુપર્વતને પ્રદક્ષિણા દેતાં (અર્થાત્ મેરુ પર્વતની આજુ-બાજુ ગોળ ફરતાં) નિત્ય ગતિ કરનારા છે. મેરુની આસપાસ ફરવારૂપ નિત્યગતિ (ચાલ, ચરવાપણું) જેમની છે તે મેરુપ્રદક્ષિણા નિત્યગતિવાળા. (મેરુથી) અગ્યારસો એકવીસ યોજન (દૂર) મેરુની ચારેબાજુ પ્રદક્ષિણા કરતા ફરે છે.

**भाष्यम्- तत्र द्वौ सूर्यौ जम्बूद्वीपे लवणजले चत्वारो धातकीखण्डे द्वादश कालोदे द्वाचत्वारिंशत् पुष्करार्धे द्विसप्ततिरित्येवं मनुष्यलोके द्वात्रिंशत्सूर्यशतं भवति, चन्द्रमसामप्येष एव विधिः, अष्टाविंशतिर्नक्षत्राणि अष्टाशीतिर्ग्रहाः षट्षष्टिः सहस्राणि नव शतानि पञ्चसप्ततीनि ताराकोटाकोटीनामेकैकस्य चन्द्रमसः परिग्रहः । सूर्याश्चन्द्रमसो ग्रहा नक्षत्राणि च तिर्यग्लोके, शेषास्तूर्ध्वलोके ज्योतिष्काः भवन्ति ।**

અર્થ- તેમાં (મનુષ્યોલોકમાં)- બે સૂર્ય જંબૂદ્વીપમાં, ચાર સૂર્ય લવણ સમુદ્રમાં, બાર સૂર્ય ધાતકી ખંડમાં, બેતાલીસ સૂર્ય કાલોદધિમાં (અને) બહોત્તેર સૂર્ય પુષ્કરાર્ધમાં છે. એ પ્રમાણે મનુષ્યલોકમાં એકસો બત્રીસ સૂર્ય છે. ચન્દ્રોની પણ તે પ્રમાણે સંખ્યા જાણવી. અઠ્યાવીસ નક્ષત્રો, અઠ્યાસી ગ્રહો અને છાસઠહજાર નવસો પંચોત્તેર (૬૬, ૯૭૫) કોડા કોડી તારા. એ એક-એક ચન્દ્રનો પરિવાર છે. સૂર્યો, ચન્દ્રો, ગ્રહો અને નક્ષત્રો તિર્ચ્છાલોકમાં હોય છે. બાકીના જ્યોતિષ્કો (અનિયતચારી તારા) તો ઊર્ધ્વલોકમાં હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अष्टचत्वारिंशद्योजनैकषष्टिभागाः सूर्यमण्डल विष्कम्भः चन्द्रमसः षट्पञ्चाशद् ग्रहाणा-मर्धयोजनं गव्यूतं नक्षत्राणां सर्वोत्कृष्टायास्ताराया अर्धक्रोशो जघन्यायाः पञ्च धनुःशतानि, विष्कम्भार्धबाहल्या भवन्ति सर्वे सूर्यादयो नृलोक इति वर्तते, बहिस्तु विष्कम्भार्धबाहल्याभ्यामतोऽर्धं भवन्ति ।

અર્થ- એક યોજનના (૪૮/૬૧ યોજન) પ્રમાણ સૂર્યમણ્ડલનો વિષ્કમ્ભ છે, ચન્દ્ર મણ્ડલનો ૫૬ ભાગ (૫૬/૬૧ યોજન વિષ્કમ્ભ છે.) ગ્રહોનો અડધો યોજન (એટલે બે ગાઉ), નક્ષત્રોનો પા (૦।) યોજન (એટલે ૧ ગાઉ), મોટામાં મોટા તારાઓનો વિષ્કમ્ભ અડધો ગાઉ (એટલે-એક હજાર ધનુષ્ય), નાનામાં નાના તારાઓનો વિષ્કમ્ભ પાંચસો ધનુષ્ય. વિષ્કભ કરતા ઉંચાઈ સર્વસૂર્યાદિની અડધી સમજવી. (જેમકે સૂર્ય મંડલની ઉંચાઈ ૨૪/૬૧ યોજન ઈત્યાદિ સમજવું.) આ માપ મનુષ્યલોકમાં સર્વસૂર્યાદિનું જાણવું. મનુષ્યલોકની બહાર તો આનાથી (મનુષ્યલોકના સૂર્યાદિથી) વિષ્કમ્ભ અને ઉંચાઈ અડધી હોય છે.

भाष्यम्- एतानि च ज्योतिष्कविमानानि लोकस्थित्या प्रसक्तावस्थितगतीन्यपि ऋद्धिविशेषार्थ-माभियोग्यनामकर्मोदयाच्च नित्यगतिरतयो देवा वहन्ति, तद्यथा-पुरस्तात्केशरिणो दक्षिणतः कुञ्जरा अपरतो वृषभा उत्तरतो जविनोऽश्वा इति ॥१४॥

અર્થ- આ (મનુષ્યલોકનાં) જ્યોતિષ્ક વિમાનો લોકસ્થિતિથી નિરંતરગતિવાળા હોવા છતાં પણ ઋદ્ધિવિશેષ માટે અને આભિયોગિક નામકર્મના ઉદયથી નિરન્તરગતિમાં રચ્યાપચ્યા દેવો (વિમાનોને) વહન કરે છે. તે આ રીતે, પૂર્વ બાજુ (આગળની બાજુ) થી સિંહના રૂપે, દક્ષિણબાજુ (જમણી બાજુ)થી હાથી (ના રૂપે), પશ્ચિમ બાજુ (પાછળની બાજુ) થી બળદ (ના રૂપે) અને ઉત્તર બાજુ (ડાબી બાજુ) થી વેગવાળા ઘોડા (ના રૂપે દેવો વિમાન વહન કરે છે.) ॥૧૪॥

## सूत्रम्- तत्कृतः काल विभागः ॥४-१५॥

અર્થ- તે (ચર જ્યોતિષ્ક) વડે કાળનો વિભાગ કરાયેલ છે.

भाष्यम्- कालोऽनन्तसमयो वर्तनादिलक्षण इत्युक्तम्, तस्य विभागो ज्योतिष्काणां गतिविशेष-कृतश्चारविशेषेण हेतुना, तैः कृतस्तत्कृतः ।

અર્થ- કાળ અનન્ત સમયવાળો છે. અને તે વર્તના આદિ લક્ષણો વાળો (અ. ૫ - સૂ. ૩૯, ૨૨ માં) છે. કાળનો વિભાગ જ્યોતિષ્કની ગતિવિશેષ કરીને તેના ફરવાવિશેષ કારણે થયેલ છે. જ્યોતિષ્ક વડે કરાયેલો કાળ વિભાગ છે.

भाष्याम्- तद्यथा-अणुभागाश्चारा अंशाः कला लवा नालिका मूहूर्ता दिवसरात्रयः पक्षा मांसा ऋतवोऽयनानि संवत्सरा युगमिति लौकिकसमो विभागः, पुनरन्यो विकल्पः प्रत्युत्पन्तोऽतीतोऽनागत

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इति त्रिविधः । पुनस्त्रिविधः, परिभाष्यते-सङ्ख्येयोऽसङ्ख्येयोऽनन्तइति ॥

અર્થ- તે આ રીતે, અણુભાગો, ચારો, અંશો, કલાઓ, લવો, નાલિકાઓ (ઘડીઓ), મુહૂર્તો, દિવસો, રાત્રીઓ, પખવાડિયાઓ, મહિનાઓ, ઋતુઓ, અયનો (ઉત્તરાયન-દક્ષિણાયન), સંવત્સરો (વર્ષો), યુગ એ પ્રમાણે લૌકિકની સમાન વિભાગ છે. વળી બીજી રીતે ભેદો વર્તમાન, ભૂત અને ભવિષ્ય એમ ત્રણ પ્રકારે છે. વળી બીજી પણ ત્રણ રીતે કહેવાય છે - સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત (એમ ત્રણ રીતે) કાળ.

भाष्यम्- तत्र-परमसूक्ष्मक्रियस्य सर्वजघन्यगतिपरिणतस्य परमाणोः स्वावगाहनक्षेत्रव्यतिक्रमकालः समय इत्युच्यते परमदुरधिगमोऽनिर्देश्यः, तं हि भगवन्तः परमर्षयः केवलिनो विदन्ति, न तु निर्दिशन्ति, परमनिरुद्धत्वात्, परमनिरुद्धे हि तस्मिन् भाषाद्रव्याणां ग्रहणनिसर्गयोः करणप्रयोगासम्भव इति ।

અર્થ- એમાં અત્યન્ત સૂક્ષ્મ ક્રિયાવાળા અને અત્યન્ત મંદગતિમાં પરિણત થયેલાં પરમાણુનો સ્વભાવ સ્વઆકાશ ક્ષેત્રને ઓળંગવામાં અર્થાત્ જે આકાશપ્રદેશ ઉપર રહેલ છે ત્યાંથી બીજા અનન્તર આકાશ પ્રદેશે પહોંચતા જેટલો કાળ થાય તેને (તેટલા કાળને) સમય કહેવાય છે. તેનું વર્ણન અત્યન્ત દુર્ગમ છે અને અકથનીય છે. તેને ખરેખર પરમર્ષિ કેવલિભગવંતો જ જાણે છે છતાં પણ વર્ણન કરતા નથી. (કારણકે) અત્યન્ત અલ્પ (કાળ) હોવાથી અલ્પ સમયરૂપ તેમાં (તેટલા કાળમાં) ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરવું અને છોડવું એવા કરણ પ્રયોગ અસમ્ભવ (અશકય) છે.

भाष्यम्- ते त्वसङ्ख्येया आवलिका, ताः सङ्ख्येया उच्छ्वासस्तथा निःश्वासः, तौ बलवतः पट्विन्द्रियस्य कल्पस्य मध्यमवयसः स्वस्थमनसः पुंसः प्राणः, ते सप्त स्तोकः, ते सप्त लवः, ते अष्टात्रिंशदर्धं च नालिका, ते द्वे मुहूर्तः, ते त्रिंशदहोरात्रम्, तानि पञ्चदश पक्षः, तौ द्वौ शुक्लकृष्णौ मासः, तौ द्वौ मासावृतुः, ते त्रयोऽयनम्, ते द्वे संवत्सरः, ते पञ्च चन्द्रचन्द्राभिवर्धितचन्द्राभिवर्धिताख्या युगम्, तन्मध्येऽन्ते चाधिकमासकौ, सूर्यसावनचद्रनक्षत्राभिवर्धितानि युगनामानि, वर्षशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वाङ्गम्, पूर्वाङ्गशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वम्, एवं तान्ययुतकमलनलिन-कुमुदतुट्यडडाववाहाहाहूहूचतुरशीतिशतसहस्रगुणाः सङ्ख्येयः कालः ।

અર્થ- તેવા અસંખ્ય સમયોની એક આવલિકા થાય છે. તે સંખ્યાની આવલિકાનો (એટલે ૪૪૬૬ x ૨૪૫૮/૩૭૭૩ આવલિકાનો) એક ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ થાય છે. તે (ઉચ્છ્વાસ-નિઃશ્વાસ) એ બળવાન સતેજ ઈન્દ્રિયોવાળો-નિરોગી-મધ્યવયવાળા-સ્વસ્થચિત્તવાળા પુરુષનો પ્રાણ કહેવાય છે. તે સાતપ્રાણનો એક સ્તોક, સાત સ્તોક = એક લવ, સાડા આડત્રીસ લવ = એક ઘડી, બે ઘડી = એક મુહૂર્ત, ત્રીસ મુહૂર્ત = એક અહોરાત્ર, પંદર અહોરાત્ર = એક પખવાડીયું, બે શુક્લ અને કૃષ્ણ (પખવાડીયા) = એક માસ, બે માસ = એક ઋતુ, ત્રણ ઋતુ = એક અયન, બે અયન = એક વર્ષ. ચન્દ્ર, ચાન્દ્ર, અભિવર્ધિત, ચન્દ્ર (અને) અભિવર્ધિત (આ પાંચ વર્ષના નામ છે.) પાંચ વર્ષ = એક યુગ અને તે (યુગ)ની મધ્યમાં (એટલે ત્રીજા અભિવર્ધિત વર્ષમાં) અને અંતે (એટલે પાંચમા અભિવર્ધિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષમાં) એક-એક મહિનો વધારે હોય છે. સૂર્ય, સાવન, ચન્દ્ર, નક્ષત્ર, અભિવર્ધિત એ યુગોના નામો છે. ચોર્યાશીલાખ વર્ષ = એક પૂર્વાંગ, ચોર્યાશી લાખ પૂર્વાંગ = એક પૂર્વ. એ પ્રમાણે અયુત, કમલ, નલિન, કુમુદ, તુટિ, અડડ, અવવ, હાહા, હૂહૂ, આ માપો ચોર્યાશીલાખ ચોર્યાશીલાખ ગુણવાથી આવે છે.[1] તે સંખ્યાત કાળ કહેવાય છે.

भाष्यम्- अत ऊर्ध्वमुपमानियतं वक्ष्यामः, तद् यथा हि नाम योजनविस्तीर्णं योजनोच्छ्रायं वृत्तं पल्यमेकरात्राद्युत्कृष्टसप्तरात्रजातानामङ्गलोम्नां गाढं पूर्णं स्याद् वर्षशताद्वर्षशतादेकैकस्मिन्नुद्धियमाणे शुद्धिनियमतो यावता कालेन तद्रिक्तं स्यादेतत्पल्योपमम्, तद्दशभिः कोटाकोटिभिर्गुणितं सागरोपमम्, तेषां कोटाकोट्यश्चतस्रः सुषमसुषमा, तिस्रः सुषमा, द्वे सुषमदुष्षमा, द्विचत्वारिंशद्वर्षसहस्राणि हित्वा एका दुष्षमसुषमा, वर्षसहस्राणि एकविंशतिर्दुष्षमा, तावत्येव दुष्षमदुष्षमा।

અર્થ- આનાથી (એટલે સંખ્યાતથી) આગળનું (માપ) ઉપમાથી નિયત કરાય છે. તે કહીશું. તે (ઉપમા) આ પ્રમાણે, એક યોજન વિસ્તારવાળો, એક યોજન ઉંડો ગોળાકારે એક પ્યાલો (અર્થાત્ ખાડો) (લ્યો), તેમાં એક અહોરાત્રીથી માંડીને સાત અહોરાત્રીમાં જન્મેલાના રોમ (વાળ) વડે તેને ગાઢ ભરી દેવો. પછી ખાલી કરવાના ધ્યેયથી દર સો વર્ષે તેમાંથી એક-એક વાળ કાઢતાં જેટલાં કાળે તે (પ્યાલો) ખાલી થાય તે પલ્યોપમ. તે (પલ્યોપમને) દશકોડાકોડી સાથે ગુણવાથી એક સાગરોપમ કહેવાય છે. તેમાં ચારકોટાકોટી (સાગરોપમ)નો સુષમસુષમ આરો, એવા ત્રણ કોટાકોટી (સાગરોપમ)નો સુષમઆરો, બે કોટાકોટી (સાગરોપમ)નો સુષમદુ:ષમ આરો, જેમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછા છે એવા એક સાગરોપમનો દુ:ષમ સુષમ આરો, એકવીસ હજાર વર્ષનો દુષ્ષમ આરો, તેટલાં જ માપનો (૨૧ હજાર વર્ષનો) દુષ્ષમદુષ્ષમ આરો છે.

भाष्यम्- एता अनुलोमप्रतिलोमा अवसर्पिण्युत्सर्पिण्यौ, भरतैरावतेष्वनाद्यनन्तं परिवर्तन्ते अहोरात्रवत्, तयोः शरीरायुः शुभपरिणामानामनन्तगुणहानिवृद्धी, अशुभपरिणामवृद्धिहानी, अवस्थितावस्थितगुणा चैकैकाऽन्यत्र, तद्यथा-कुरुषु सुषमसुषमा हरिरम्यकवासेषु सुषमा, हैमवतहैरण्यवतेषु सुषमदुष्-

---

૧. ૧ પૂર્વ X ૮૪ લાખ = ૧ અયુતાંગ, ૧ અયુતાંગ X ૮૪ લાખ = ૧ અયુત,
૧ અયુત X ૮૪ લાખ = ૧ ત્રુટ્યંગ, ૧ ત્રુટ્યગં X ૮૪ લાખ = ૧ ત્રુટિ.
૧ ત્રુટિ X ૮૪ લાખ = ૧ અટ્ટાંગ (અડડાંગ), ૧ અટ્ટાંગ X ૮૪ લાખ = ૧ અટ્ટ,
૧ અટ્ટ X ૮૪ લાખ = ૧ અવવાંગ, ૧ અવવાંગ X ૮૪ લાખ = ૧ અવવ,
૧ હાહાંગ X ૮૪ લાખ = ૧ હાહા,
૧ અવવ X ૮૪ લાખ = ૧ હાહાંગ, ૮૪ લાખ ૧ હાહા X ૮૪ લાખ = હૂહ્વંગ, ૧ હૂહ્વંગ X ૮૪ લાખ = ૧ હૂહૂ,
૧ હૂહૂ X ૮૪ લાખ = ઉત્પલાંગ, ૧ ઉત્પલાંગ X ૮૪ લાખ = ૧ ઉત્પલ,
૧ ઉત્પલ X ૮૪ લાખ = ૧ પદ્માંગ, ૧ પદ્માંગ X ૮૪ લાખ = ૧ પદ્મ,
૧ પદ્મ X ૮૪ લાખ = ૧ નલિનાંગ, ૧ નલિનાંગ X ૮૪ લાખ = ૧ નલિન,
૧ નલિન X ૮૪ લાખ = ૧ અર્ધનિપૂરાંગ, ૧ અર્ધનિપૂરાંગ X ૮૪ લાખ = ૧ અર્ધનિપૂર,
૧ અર્ધનિપૂર X ૮૪ લાખ = ચૂલિકાંગ, ૧ ચૂલિકાંગ X ૮૪ લાખ = ૧ ચૂલિકા,
૧ ચૂલિકા X ૮૪ લાખ = ૧ શીર્ષપ્રહેલિકાંગ, ૧ શીર્ષપ્રહેલિકાંગ X ૮૪ લાખ = ૧ શીર્ષ પ્રહેલિકા.
ગ્રન્થકારશ્રીએ ટૂંકમાં દર્શાવેલ છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં પૂર્વ પછી લતાંગાદિ ક્રમ દર્શાવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मानुभावः, विदेहेषु सान्तरद्वीपेषु दुष्षमसुषमा इत्येवमादिर्मनुष्यक्षेत्रे पर्यायापन्नः कालविभागो ज्ञेय इति ॥१५॥

અર્થ- આ (સુષમાદિ) છ અનુક્રમે અવસર્પિણિ અને પ્રતિક્રમે (પાછળથી લેવાતાં ક્રમે) ઉત્સર્પિણિ (એમ) ભરત-ઐરાવતક્ષેત્રોમાં અનાદિ અનંતકાળ પરિવર્તન પામે છે, જેમકે રાત-દિવસ. તે બંનેમાં શરીર, આયુષ્ય, શુભપરિણામ વગેરેની અનંતગુણી હાનિ-વૃદ્ધિ થાય છે અને અશુભ પરિણામની વૃદ્ધિ-હાનિ (પણ અનંતગુણી) થાય છે.

-બીજે (ભરત-ઐરાવત સિવાય) ફેરફાર (એટલે કે હાનિવૃદ્ધિ) થયા વિના સુષમ આદિ આરાઓ નિયત હોય છે. તે આ રીતે, કુરુ (દેવકુરુ, ઉત્તરકુરુ) માં સુષમ સુષમ આરો, હરિવર્ષક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રમાં સુષમ આરો, હૈમવત્ અને હૈરણ્યવત્ ક્ષેત્રમાં સુષમદુષ્ષમના અનુભવવાળો આરો, વિદેહમાં અને અન્તરદ્વીપમાં દુષ્ષમસુષમઆરો. ઈત્યાદિ મનુષ્યક્ષેત્રમાં પર્યાય ક્રમે પ્રાપ્ત થયેલ કાલ વિભાગ છે. ॥૧૫॥

## सूत्रम्- बहिरवस्थिताः ॥४-१६॥

અર્થ- મનુષ્યલોકની બહાર જ્યોતિષ્કો સ્થિર છે.

भाष्यम्- नृलोकाद्बहिर्ज्योतिष्का अवस्थिताः, अवस्थिता इत्यविचारिणोऽवस्थितविमानप्रदेशा अवस्थितलेश्याप्रकाशा इत्यर्थः, सुखशीतोष्णरश्मयश्चेति ॥१६॥

અર્થ- મનુષ્યલોકની બહાર જ્યોતિષ્કો અવસ્થિત છે. અવસ્થિત એટલે ન ફરતા. વિમાનપ્રદેશો (વિમાનો) સ્થિર છે તેમ લેશ્યા અને પ્રકાશ પણ સ્થિર છે એમ સમજવવું. સુખકારી (સહન થઈ શકે તેવા) શીતોષ્ણ કિરણો તેમનાં હોય છે. ॥૧૬॥

## सूत्रम्- वैमानिकाः ॥४-१७॥

અર્થ- વૈમાનિકો એ ચોથી નિકાય છે.

भाष्यम्- चतुर्थो देवनिकायो वैमानिकाः, तेऽत ऊर्ध्वं वक्ष्यन्ते, विमानेषु भवा वैमानिकाः ॥१७॥

અર્થ- ચોથીનિકાય તે વૈમાનિકો છે. તે અહીંથી આગળ કહેવાશે. વિમાનમાં ઉત્પન્ન થનારા તે વૈમાનિકો. ॥૧૭॥

## सूत्रम्- कल्पोपपन्नाः कल्पातीताश्च ॥४-१८॥

અર્થ- કલ્પોપપન્ન અને કલ્પાતીતો-એમ બે પ્રકારે વૈમાનિક દેવો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- द्विविधा वैमानिका देवाः-कल्पोपपन्ना कल्पातीताश्च, तान् परस्ताद्वक्ष्याम इति ॥१८॥
અર્થ- બે પ્રકારે વૈમાનિક દેવો-(૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત. તેનું વર્ણન આગળ કહીશું. ॥૧૮॥

## सूत्रम्- उपर्युपरि ॥४-१९॥

અર્થ- વૈમાનિક નિકાયો ઉપર-ઉપર છે.

भाष्यम्- उपर्युपरि च यथानिर्देशं वेदितव्याः, नैकक्षेत्रे, नापि तिर्यगधो वेति ॥१९॥
અર્થ- ઉપર-ઉપર વૈમાનિકના કલ્પો (આગળના સૂત્રમાં) નિર્દેશને અનુસારે જાણવા. પરંતુ એક ક્ષેત્રમાં કે તીર્છા યા અધોલોકમાં નહિ. ॥૧૯॥

## सूत्रम्- सौधर्मैशानसनत्कुमारमाहेन्द्रबह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ॥४-२०॥

અર્થ- સૌધર્મ-ઈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાંતક-મહાશુક્ર-સહસ્રારમાં, આનત-પ્રાણતમાં-આરણ-અચ્યુતમાં, નવગ્રૈવેયકમાં વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત અને સર્વાર્થ સિદ્ધમાં (વૈમાનિક દેવો) છે.

भाष्यम्- एतेषु सौधर्मादिषु कल्पविमानेषु वैमानिका देवा भवन्ति, तद्यथा-सौधर्मस्य कल्पस्योपर्यैशानः कल्पः, ऐशानस्योपरि सनत्कुमारः, सनत्कुमारस्योपरि माहेन्द्र इत्येवमा सर्वार्थसिद्धादिति । सुधर्मा नाम शक्रस्य देवेन्द्रस्य सभा, सा तस्मिन्नस्तीति सौधर्मः कल्पाः, ईशानस्य देवराजस्य निवास ऐशान इत्येवमिन्द्राणां निवासयोग्याभिख्याः सर्वे कल्पाः । ग्रैवेयकास्तु लोकपुरुषस्य ग्रीवाप्रदेशविनिविष्टा ग्रीवाभरणभूताः, ग्रैवा ग्रीव्या ग्रैवेयका इति ।
અર્થ- આ સૌધર્મ આદિ કલ્પ વિમાનોમાં વૈમાનિક દેવો હોય છે. તે આ રીતે, સૌધર્મ કલ્પની ઉપર[1] ઈશાનકલ્પ, ઈશાન કલ્પની ઉપર સનત્કુમાર, સનત્કુમારકલ્પની ઉપર માહેન્દ્ર... એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ સુધી જાણવું. સુધર્મનામની સભા શક્રનામના દેવોના ઈન્દ્રની છે. તે સભા તેમાં છે માટે તે સૌધર્મકલ્પ (એટલે સૌધર્મ દેવલોક.) ઈશાન ઈન્દ્રનું નિવાસસ્થાન તે ઈશાન (દેવલોક). એ પ્રમાણે ઈન્દ્રના નિવાસસ્થાન યોગ્ય નામવાળા સર્વ કલ્પો જાણવા. ગ્રૈવેયકો તો લોકપુરુષની ડોકપ્રદેશે (સ્થલે) રહેલા જાણવા. અથવા ડોકના આભરણભૂત તે ગ્રૈવા, ગ્રીવ્યો, ગ્રૈવેયો, ગ્રૈવેયકો કહેવાય છે.

भाष्यम्- अनुत्तराः पञ्च देवनामान एव, विजिता अभ्युदयविघ्नहेतव एभिरिति विजयवैजयन्तजयन्ताः, तैरेव विघ्नहेतुभिर्न पराजिता अपराजिताः, सर्वेष्वभ्युदयार्थेषु सिद्धाः सर्वार्थैश्च

૧. જ્યોતિષ્ક ચક્રથી અસંખ્યાતયોજન ઉંચે જતાં દક્ષિણ ભાગમાં સૌધર્મદેવલોક છે. ત્યાંથી ઉપર જતાં ઉત્તર ભાગમાં ઈશાન દેવલોક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धाः सर्वे चैषामभ्युदयार्थाः सिद्धा इति सर्वार्थसिद्धाः । विजितप्रायाणि वा कर्माण्येभिरुपस्थितभद्राः परीषहैरपराजिताः सर्वार्थेषु सिद्धाः सिद्धप्रायोत्तमार्था इति विजयादय इति ।।२०।।

અર્થ- અનુત્તરો પાંચ દેવનામવાળા જ વિમાનો છે. સ્વર્ગ (પ્રાપ્ત થવાના) વિઘ્ન હેતુઓ જીત્યાં છે જેણે તે વિજય-વૈજયન્ત અને જયન્ત (દેવો), તે વિઘ્નહેતુઓથી જે પરાજય નથી પામ્યા તે અપરાજિત (દેવો), સર્વ પ્રકારની ઉન્નતિ, પ્રસિદ્ધિપામી ચૂકેલા અને સર્વપદાર્થની સિદ્ધિવાળા તે સર્વાર્થ સિદ્ધો (દેવો.) તમામ જેના અભ્યુદયરૂપ અર્થો સિદ્ધ થયા છે જેમને તે સર્વાર્થ, સર્વાર્થસિદ્ધો. અથવા, કર્મોને પ્રાય: જીતી લીધા છે અને તેથી ભદ્ર થયેલા છે. વળી પરિષહોને જીતેલા છે. (આગળ ભવમાં સાધુપણામાં અને આ ભવમાં ક્ષુત્પિપાસા નથી હોતા) અને સર્વ અર્થમાં સિદ્ધ થયેલા છે એટલે જેના અર્થો પ્રાય: સિદ્ધ થયા છે. તેથી તે વિજયાદિ. ।।૨૦।।

**सूत्रम्- स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ।।४-२१।।**

અર્થ- સ્થિતિ, પ્રભાવ, સુખ, પ્રકાશ (તેજ), લેશ્યા વિશુદ્ધિ, ઈન્દ્રિયની પટુતા, અવધિ-ઈત્યાદિના વિષયથી અધિક-અધિક ઉપરના દેવોને હોય છે.

भाष्यम्- यथाक्रमं चैतेषु सौधर्मादिषूपर्युपरि देवाः पूर्वतः पूर्वत एभिः स्थित्यादिभिरर्थैरधिका भवन्ति। तत्र **स्थितिः**-उत्कृष्टा जघन्या च परस्ताद्वक्ष्यते, इह तु वचने प्रयोजनं येषामपि समा भवति तेषामप्युपर्युपरि गुणाधिका भवतीति यथा प्रतीयेत । **प्रभावतो**ऽधिकाः, यः प्रभावो निग्रहानुग्रहविक्रियापराभियोगादिषु सौधर्मकाणां सोऽनन्तगुणाधिक उपर्युपरि, मन्दाभिमानतया त्वल्पतरसंक्लिष्टत्वादेते न प्रवर्तन्त इति । क्षेत्रस्वभावजनिताच्च शुभपुद्गलपरिणामात्**सुखतो द्युतितश्चा**नन्त गुणप्रकर्षेणाधिकाः । **लेश्याविशुद्ध्याधिकाः**, लेश्यानियमः परस्तादेषां वक्ष्यते, इह तु वचने प्रयोजनं यथा गम्येत यत्रापि विधानतस्तुल्यास्तत्रापि विशुद्धितोऽधिका भवन्तीति, कर्मविशुद्धित एव वाऽधिका भवन्तीति ।

અર્થ- અને અનુક્રમે આ (ઉક્ત) સૌધર્માદિ ઉપર-ઉપરના દેવો પૂર્વ-પૂર્વથી (પહેલા પહેલા કરતાં) આ (સૂત્રોક્ત) સ્થિતિ આદિ પદાર્થો વડે અધિક-અધિક હોય છે. તેમાં સ્થિતિ ઉત્કૃષ્ટ અને જઘન્ય આગળ (સૂ. ૨૯-૪૨માં) કહેવાશે. પરન્તુ અહીં કહેવાનું પ્રયોજન એ છે કે જેમની પણ સરખી (સ્થિતિ) છે-તેમની પણ ઉપર ઉપરમાં ગુણથી અધિક-અધિકપણું છે. તેમ જાણવું. પ્રભાવ (એટલે અચિન્ત્ય શક્તિ) થી અધિક અધિક (ઉપર ઉપરના દેવોની હોય છે.) જે પ્રભાવ-શિક્ષા (કરવી-શ્રાપ), કૃપા(કરવી-આર્શીવાદ) વૈક્રિયશરીરથી (વૈક્રિય શરીર રચવાની શક્તિ) બીજા પર હુમલો કરવાની શક્તિ આદિમાં સૌધર્મ દેવલોકના દેવોની શક્તિ (પ્રભાવ) કરતાં અનન્તગુણ અધિક ઉપર ઉપરમાં હોય છે. મન્દ અભિમાનપણાથી અને અલ્પતર સંક્લિષ્ટતા હોવાથી તેઓ (ઉપર-ઉપરના દેવો) (ખાસ) પ્રવૃત્તિ કરતાં નથી.

-ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલા શુભપુદ્ગલના પરિણામ વડે સુખથી અને પ્રકાશ (તેજ) થી અનન્તગુણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ રીતે અધિક ઉપર ઉપરમાં હોય છે.
-લેશ્યા વિશુદ્ધિ વડે અધિક હોય છે. લેશ્યા સમ્બન્ધી આગળ આ અધ્યાય (સૂત્ર ૨૩ માં) કહેવાશે. અહીં કહેવાનું પ્રયોજન એ છે કે જ્યાં પણ પ્રકારથી સરખી લેશ્યા (કૃષ્ણાદિ) હોય ત્યાં પણ (ઉપર-ઉપરમાં) વિશુદ્ધિથી અધિક જાણવી અથવા કર્મવિશુદ્ધિથી જ અધિક (ઉપર-ઉપરમાં) હોય છે.

भाष्यम्- **इन्द्रियविषयतोऽधिकाः**, यदिन्द्रियपाटवं दूरादिष्टविषयोपलब्धौ सौधर्मदेवानां तत् प्रकृष्टतरगुणत्वादल्पतरसंक्लेशत्वाच्चाधिकमुपर्युपरीति । **अवधिविषयतोऽधिकाः** सौधर्मैशानयोर्देवा अवधिविषयेणाधो रत्नप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनसहस्राण्यूर्ध्वमास्वभवनात्, सनत्कुमारमाहेन्द्रयोः शर्कराप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राण्यूर्ध्वमास्वभवनात्, इत्येवं शेषाः क्रमशः, अनुत्तरविमानवासिनस्तु कृत्स्नां लोकनालिं पश्यन्ति, येषामपि क्षेत्रतस्तुल्योऽवधिविषयः तेषामप्युपर्युपरि विशुद्धितोऽधिको भवतीति ॥२१॥
અર્થ- ઈન્દ્રિયના વિષયથી અધિક—ઈન્દ્રિયની પટુતા દૂર રહેલા પદાર્થને પ્રાપ્ત કરવામાં (એટલે જાણવામાં) સૌધર્મદેવો (ની શક્તિ સારી હોય છે.) તેનાં કરતાં પ્રકૃષ્ટતરગુણવાળા હોવાથી અને અલ્પતર સંકલેશપણું હોવાથી ઉપર ઉપરના દેવોમાં (ઈન્દ્રિયની પટુતા) અધિક-અધિક હોય છે.
-અવધિવિષયથી અધિક- (તે આ રીતે) સૌધર્મ-ઈશાનના દેવો અવધિવિષય વડે નીચે રત્નપ્રભા (પૃથ્વી) ને જુવે છે. તીર્છૂ અસંખ્ય લાખ યોજન જુવે છે અને ઉપરતો પોતપોતાના ભવન (ની ધજા) સુધી.
-સનત્કુમાર-માહેન્દ્રના દેવો શર્કરાપ્રભા (બીજી પૃથ્વી) ને જુવે છે. તીર્છૂ અસંખ્ય લાખ યોજન અને ઊર્ધ્વ તો સ્વભવન સુધી. એ પ્રમાણે બાકીના દેવલોકોના દેવોને ક્રમસર જાણવું. અનુત્તર વિમાનવાસી દેવો તો સમસ્ત લોકનાડીને જુવે છે. જેઓને પણ ક્ષેત્રથી અવધિ વિષયનું સમાનપણું છે, તેમને પણ ઉપર ઉપરમાં વિશુદ્ધિ અધિક (=વિશુદ્ધતર) હોય છે. ॥૨૧॥

## सूत्रम्- गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ॥४-२२॥

અર્થ- ગતિ-શરીર-પરિગ્રહ અને અભિમાનથી ઉપર ઉપરના દેવો હીન (ન્યૂન-ન્યૂન) હોય છે.

भाष्यम्- गतिविषयेण शरीरमहत्त्वेन महापरिग्रहत्वेनाभिमानेन चोपर्युपरि हीनाः, तद्यथा-द्विसागरोपमजघन्यस्थितीनां देवानामासप्तम्यां **गतिविषयस्तिर्यगसङ्ख्येयानि योजनकोटीकोटीसहस्राणि**, ततः परतो जघन्य स्थितीनामेकैकहीना भूमयो यावत्तृतीयेति, गतपूर्वाश्च गमिष्यन्ति च तृतीययां देवाः, परतस्तु सत्यपि गतिविषये न गतपूर्वा नापि गमिष्यन्ति, महानुभावक्रियातः औदासीन्याच्चोपर्युपरि देवा न गतिरतयो भवन्ति ।
અર્થ- ગતિવિષયથી, શરીરપ્રમાણથી, મહાપરિગ્રહપણાથી (પરિવારથી) અને અભિમાનથી ઉપર ઉપરના દેવો હીન (ન્યૂન-ન્યૂન) હોય છે. તે આ પ્રમાણે- બે સાગરોપમની જઘન્ય સ્થિતિવાળા દેવો સાતમી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(નારકી) માં ગમનવિષયક અને તીર્છું અસંખ્ય હજાર કોટાકોટી સુધી (ગમન શક્તિ ધરાવે છે.) તેનાથી આગળ (બે સાગરોપમથી આગળ) ની જઘન્ય સ્થિતિવાળા દેવો (સાતમાંથી) એક-એક ઓછી ઓછી ભૂમિ સુધી અર્થાત્ એક-એક ભૂમિ ઓછી કરતા ત્રણ ભૂમિ સુધી (ગમન શક્તિ ધરાવે છે.) દેવો ત્રીજી નરક (સુધી) માં પૂર્વસંબન્ધાદિ માટે ગયા છે અને જશે. આગળ ગમન શક્તિ હોવા છતાં પૂર્વસમ્બન્ધાદિ માટે ગયા નથી અને જશે નહિ. મહાન્ ઉદારવૃત્તિવાળા હોવાથી અને ઉદાસિનપણા (ઉત્તમ માધ્યસ્થવૃત્તિ) થી ઉપરના દેવો ગમનમાં રક્ત નથી હોતા[1].

भाष्यम्- सौधर्मैशानयोः कल्पयोर्देवानां शरीरोच्छ्रायः सप्त रत्नयः, उपर्युपरि द्वयोर्द्वयोरेकैका रत्निर्हीना आसहस्रारात्, आनतादिषु तिस्रः ग्रैवेयकेषु द्वे, अनुत्तरे एका इति ।

અર્થ- સૌધર્મ-ઈશાન દેવલોકના દેવોના શરીરની ઉંચાઈ સાત હાથ હોય છે. ઉપર-ઉપરના બબ્બે આદિ (૨-૨-૨-૨) દેવલોકના દેવોની એક-એક હાથ (પ્રમાણ) ઘટાડતાં સહસ્રાર સુધી (ચાર હાથનું શરીર), આનત આદિ (૪) માં ત્રણ હાથ (પ્રમાણ શરીર), ગ્રૈવેયકો માં બે (હાથ પ્રમાણ શરીર), અનુત્તરોમાં એક (હાથ પ્રમાણ શરીર હોય છે.)

भाष्यम्- सौधर्मे विमानानां द्वात्रिंशच्छतसहस्राणि, ऐशानेऽष्टाविंशतिः, सनत्कुमारे द्वादश, माहेन्द्रेऽष्टौ, ब्रह्मलोके चत्वारि शतसहस्राणि, लान्तके पञ्चाशत्सहस्राणि, महाशुक्रे चत्वारिंशत्, सहस्रारे षट्, आनतप्राणतारणाच्युतेषु सप्त शतानि, अधो ग्रैवेयकाणां शतमेकादशोत्तरम्, मध्ये सप्तोत्तरम्, उपर्येकमेव शतम् अनुत्तराः पञ्चैवेति ।

અર્થ- સૌધર્મમાં વિમાનોની (સંખ્યા) બત્રીશ લાખ[2], ઈશાનમાં અઠ્યાવીસ લાખ, સનત્કુમારમાં બાર લાખ, માહેન્દ્રમાં આઠ લાખ, બ્રહ્મલોકમાં ચાર લાખ, લાન્તકમાં પચાસ હજાર, મહાશુક્રમાં ચાલીસ હજાર, સહસ્રાર માં છ હજાર, આનત-પ્રાણત-આરણ-અચ્યુત (ચારેય મળી) માં સાતસો, નીચેના (ત્રણ) ગ્રૈવેયકમાં એકસો અગ્યાર, મધ્ય (ત્રણ) માં એકસો સાત, ઉપર (ત્રણ) માં સો (૧૦૦) અને અનુત્તરમાં પાંચ જ. આ પ્રમાણે (વિમાનોની સંખ્યા છે.)

भाष्यम्- एवमूर्ध्वलोके वैमानिकानां सर्वविमानपरिसङ्ख्या चतुरशीतिः शतसहस्राणि सप्तनवतिश्च सहस्राणि त्रयोविंशानीति । स्थानपरिवारशक्तिविषयसंपत्स्थितिष्वल्पाभिमानाः परमसुखभागिन उपर्युपरीति ॥

અર્થ- એ પ્રમાણે ઊર્ધ્વલોકમાં વૈમાનિકોનાં સર્વ વિમાનોની (કુલ) સંખ્યા ચોર્યાસીલાખ, સત્તાણું હજાર, ત્રેવીસ (૮૪૯૭૦૨૩) છે. સ્થાન (દેવલોક સ્થાન), (દેવદેવીનો) પરિવાર, શક્તિ, (ઈન્દ્રિયો અથવા અવધિજ્ઞાનનો) વિષય, સમ્પત્તિ અને (આયુષ્યની) સ્થિતિમાં (વધારે વધારે હોવા છતાં

૧. પરમાત્મ ભક્તિ સિવાય ગમનમાં ખાસ રક્ત નથી હોતા તેમ સમજવું.
૨. એ પહેલે સ્વર્ગે લાખ બત્રીસ...' સકલતીર્થ- એક વિમાનમાં એક ચૈત્ય હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ તેમાં) અલ્પ અભિમાનવાળા પરમસુખભોગી ઉપર-ઉપરના (દેવો હોય છે).

भाष्यम्- उच्छ्वासाहारवेदनोपपातानुभावतश्च साध्याः । **उच्छ्वासः** सर्वजघन्यस्थितीनां देवानां सप्तसु स्तोकेषु **आहारश्**चतुर्थकालः, पल्योपमस्थितीनामन्तर्दिवसस्योच्छ्वासो दिवसपृथक्त्वस्याहारः, यस्य यावन्ति सागरोपमाणि स्थितिस्तस्य तावत्स्वर्धमासेषूच्छ्वासस्तावत्स्वेव वर्षसहस्रेष्वाहारः ।

અર્થ- (તે) ઉચ્છ્વાસ, આહાર, વેદના, ઉપપાત અને અનુભવથી વિચારવું. ઉચ્છ્વાસ-સર્વ જઘન્ય સ્થિતિવાળા દેવોનો (ઉચ્છ્વાસ)- સાત સ્તોકે અને આહાર (અભિલાષ) ચોથે કાળે (એટલે એકાંતરે હોય છે.) પલ્યોપમ સ્થિતિવાળા દેવોનો (ઉચ્છ્વાસ) દિવસમાં એકવાર અને આહાર દિવસ પૃથકત્વે (એટલે ૨ થી ૯ દિવસમાં હોય છે.) જેની જેટલા સાગરોપમની સ્થિતિ તેની તેટલા અર્ધમાસ (પખવાડિયા) માં ઉચ્છ્વાસ (જેમકે, બે સાગરોપમની સ્થિતિવાળા દેવને બે પખવાડિયામાં = એક માસમાં ઉચ્છ્વાસ) અને આહાર તેટલા જ હજાર વર્ષે હોય છે. (એટલે બે સાગરોપમવાળા દેવને બે હજાર વર્ષે આહારની અભિલાષ હોય.)

भाष्यम्- देवानां **सद्वेदनाः** प्रायेण भवन्ति, न कदाचिदसद्वेदनाः, यदि चासद्वेदना भवन्ति ततोऽन्तर्मुहूर्तमेव भवन्ति, न परतः, अनुबद्धाः सद्वेदनास्तूत्कृष्टेन षण्मासान् भवन्ति । **उपपातः**, आरणाच्युतादूर्ध्वमन्यतीर्थानामुपपातो न भवति, स्वलिङ्गिनां भिन्नदर्शनानामाग्रैवेयकेभ्य उपपातः, अन्यस्य सम्यग्दृष्टेः संयतस्य भजनीयं आ सर्वार्थसिद्धात्, ब्रह्मलोकादूर्ध्वमासर्वार्थसिद्धाच्चतुर्दशपूर्वधराणामिति । **अनुभावो** विमानानां सिद्धिक्षेत्रस्य चाकाशे निरालम्बस्थितौ लोकस्थितिरेव हेतुः, लोकस्थितिर्लोकानुभावो लोकस्वभावो जगद्धर्मोऽनादिपरिणामसन्ततिरित्यर्थः, सर्वे च देवेन्द्रा ग्रैवेयकादिषु च देवा भगवतां परमर्षीणामर्हतां जन्माभिषेकनिष्क्रमणज्ञानोत्पत्तिमहासमवसरणनिर्वाणकालेष्वासीनाः शयिताः स्थिता वा सहसैवासनशयनस्थानाश्रयैः प्रचलन्ति, शुभकर्मफलोदयाल्लोकानुभावत एव वा, ततो जनितोपयोगास्तां भगवतामनन्यसदृशीं तीर्थंकरनामकर्मोद्भवां धर्मविभूतिमवधिनाऽऽलोक्य संजातसवेगाः सद्धर्मबहुमानात्केचिदागत्य भगवत्पादमूलं स्तुतिवन्दनोपासनहितश्रवणैरात्मानुग्रहमाप्नुवन्ति, केचिदपि तत्रस्था एव प्रत्युपस्थापनाञ्जलिप्रणिपातनमस्कारोपहारैः परमसंविग्नाः सद्धर्मानुरागोत्फुल्लनयनवदनाः समभ्यर्चयन्ति ॥२२॥

અર્થ- મોટે ભાગે દેવોને શાતાવેદનીય હોય છે. અશાતાવેદનીય કયારે પણ ન હોય. અને જો અશાતાવેદનીય હોય તો અંતમુર્હૂર્ત માત્ર જ હોય છે. તેનાથી વધારે નહિ. અનુબંધવાળી-એટલે કે સતત શાતાવેદનીય તો વધારેમાં વધારે છ મહિના સુધી હોય. (પછી અંતમુર્હૂર્ત જેટલો કાળ અશાતાવેદનીય આવી જાય, પછી ફરી શાતાવેદનીય આવી જાય.) ઉપપાતદ્વારા આરણ-અચ્યુતથી ઉપર અન્યતીર્થિકો (મિથ્યાદ્રષ્ટિ અન્યલીંગી) નો જન્મ નથી. સ્વલીંગી (સાધુલીંગી) (ઈતરદર્શની) મિથ્યાદ્રષ્ટિ હોય તો તે પણ (સાધુલીંગી) (અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ સાધુ લીંગી) ગ્રૈવેયક સુધી જન્મે છે. બીજા સમ્યગ્દષ્ટિ (સાધુ) તો (સૌધર્મથી માંડીને) સર્વાર્થસિદ્ધ સુધી ઉપજી શકે. બ્રહ્મલોકથી ઊર્ધ્વસર્વાર્થસિદ્ધ સુધી ચૌદપૂર્વધરો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય. પ્રભાવ-વિમાનોના અને સિદ્ધશિલાના આકાશમાં આલમ્બન વિના સ્થિરપણામાં લોકસ્વભાવ જ કારણભૂત છે. લોકસ્થિતિ, લોકપ્રભાવ, લોકસ્વભાવ, જગદ્ધર્મ અનાદિપરિણામ સંતતિ તે અર્થ (પર્યાયવાચી શબ્દો છે.) સર્વે ઈન્દ્રો અને ગ્રૈવેયકાદિમાંના દેવો ભગવાન પરમર્ષિતીર્થંકર દેવોના જન્માભિષેક, દીક્ષા, કેવળજ્ઞાનોત્પત્તિ, મહાસમવસરણ, નિર્વાણ સમયે દેવો બેઠા હોય કે સુતાં હોય કે રહેલા હોય (તો પણ) એકાએક જ આસન, શયન અને સ્થાન આશ્રયી કંપે છે. (કંપાયમાન થાય છે.) શુભકર્મફળના ઉદય (પુણ્યોદય) થી તથા લોકસ્વભાવથી જ (કંપાયમાન થાય છે.)
-તેથી (કંપાયમાન થવાથી) ઉપયોગ મુકતા તે ભગવંતોના તીર્થંકર નામકર્મના ઉદયથી થયેલી અસાધારણ એવી ધર્મવિભૂતિને અવધિજ્ઞાન વડે નિહાળીને-ઉતાવળા બનીને સદ્ધર્મના બહુમાનમાળા કેટલાક (દેવો) ભગવાનના ચરણકમલમાં આવીને સ્તુતિ -વન્દન-ઉપાસના-હિતશ્રવણ (આદિ) વડે આત્માને પવિત્ર કરે છે: કેટલાકતો ત્યાં રહ્યા થકાં જ પ્રભુ પ્રત્યે (જે દિશામાં પ્રભુ હોય તે દિશા પ્રત્યે) હાથ જોડી ઉભા થઈ -શિર ઝુકાવી-નમસ્કાર-ઉપહાર વડે પરમસંવિગ્ન થયેલા (તથા) સદ્ધર્મમાં અનુરાગથી વિકસિત નયન અને મુખવાળા (તે) પૂજાભકિત કરે છે. ॥૨૨॥

भाष्यम्- अत्राह-त्रयाणां देवनिकायानां लेश्यानियमोऽभिहितः, अथ वैमानिकानां केषां का लेश्या इति ? , अत्रोच्यते-
અર્થ- અહીં (જિજ્ઞાસુ) પૂછે છે કે ત્રણ દેવનિકાયોની લેશ્યા સમ્બંધિ કહ્યું. હવે વૈમાનિકોમાં કોને કઈ લેશ્યા હોય... ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે-

## सूत्रम्- पीत-पद्म-शुक्लेश्या द्वी-त्रि-शेषेषु ॥४-२३॥

અર્થ-પીત લેશ્યા પ્રથમ બે દેવલોકમાં, પદ્મ લેશ્યા ત્રીજા દેવલોકથી ત્રણ દેવલોકમાં અને શુક્લ લેશ્યા બાકીના છઠ્ઠા દેવલોકથી બધામાં હોય.

भाष्यम्- उपर्युपरि वैमानिकाः सौधर्मादिषु द्वयोस्त्रिपु शेषेषु च पीतपद्मशुक्लेश्या भवन्ति यथासङ्ख्यम्, द्वयोः पीतलेश्याः सौधर्मेशानयोः, त्रिषु पद्मलेश्याः सनत्कुमारमाहेन्द्रब्रह्मलोकेषु, शेषेषु लान्तकादिष्वा सर्वार्थसिद्धाच्छुक्लेश्याः, उपर्युपरि तु विशुद्धतरेत्युक्तम् ॥२३॥
અર્થ- ઉપર-ઉપર વૈમાનિકો-સૌધર્માદિ બે દેવલોકમાં, ત્રણ દેવલોકમાં અને બાકીના દેવલોકમાં અનુક્રમે પીત-પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે. સૌધર્મ (અને) ઈશાન- (એ) બે (દેવલોક) માં પીત લેશ્યા; સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક-ત્રણમાં પદ્મલેશ્યા અને બાકીના લાન્તકાદિથી સર્વાર્થ સિદ્ધ સુધીમાં શુક્લલેશ્યા (હોય છે.) પરંતુ ઉપર-ઉપર વિશુદ્ધતર લેશ્યા હોય છે. તે તો (પૂર્વે) કહ્યું છે ॥૨૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-उक्तं भवता-द्विविधा वैमानिका देवाः कल्पोपपन्नाः कल्पातीताश्चेति, तत् के कल्पा इति ?, अत्रोच्यते-

અર્થ- અહીં (જિજ્ઞાસુ) પૂછે છે કે, આપશ્રીએ કહ્યું છે કે બે પ્રકારે વૈમાનિકદેવો છે-(૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત. (સૂ. ૧૮ માં) તો કલ્પોપન્ન કોણ કહેવાય ? (ઉત્તરકાર-) અહીં કહેવાય છે-

**सूत्रम्- प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ।।४-२४।।**

અર્થ- ગ્રૈવેયકની પહેલાના (દેવો) કલ્પોપપન્ન કહેવાય છે.

भाष्यम्- प्राग्ग्रैवयकेभ्यः कल्पा भवन्ति, सौधर्मादय आरणाच्युतपर्यन्ता इत्यर्थः, अतोऽन्ये कल्पातीताः ॥

અર્થ- ગ્રૈવેયકથી પહેલાના કલ્પો (કલ્પોપન્ન) છે (એટલે કે) સૌધર્માદિથી માંડીને આરણ-અચ્યુત સુધીના કલ્પો છે એમ જાણવું. તે સિવાયના કલ્પાતીત (દેવલોકો) માનવા.

भाष्यम- अत्राह-किं देवाः सर्व एव सम्यग्दृष्टयो यद्भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु प्रमुदिता भवन्ति इति ?, अत्रोच्यते, न सर्वे सम्यग्दृष्टयः, किं तु सम्यग्दृष्टयः सद्धर्मबहुमानादेव तत्र प्रमुदिता भवन्त्यभिगच्छन्ति च, मिथ्यादृष्टयोऽपि च लोकचित्तानुरोधादिन्द्रानुवृत्त्या परस्परदर्शनात् पूर्वानुचरितमिति च प्रमोदं भजन्ते अभिगच्छन्ति च, लोकान्तिकास्तु सर्व एव विशुद्धभावाः सद्धर्मबहुमानात्संसारदुःखार्त्तानां च सत्त्वानामनुकम्पया भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु विशेषतः प्रमुदिता भवन्ति, अभिनिष्क्रमणाय च कृतसंकल्पान् भगवतोऽभिगम्य प्रहृष्टमनसः स्तुवन्ति सभाजयन्ति चेति ।।२४।।

અર્થ- અહીં (જિજ્ઞાસુ) પૂછે છે કે શું દેવો બધા જ સમ્યગ્દ્રષ્ટિ હોય છે કે જેઓ ભગવાન પરમર્ષિ તીર્થંકર પ્રભુના જન્માદિ (કલ્યાણક) માં હર્ષિત હોય છે ? (ઉત્તરકાર) કહેવાય છે- બધા જ સમ્યગ્દ્રષ્ટિ (દેવો) નથી હોતા. પરંતુ સમ્યગ્દ્રષ્ટિઓ સદ્ધર્મના બહુમાનથી જ તે (જન્માદિ પ્રસંગ) માં હર્ષિત હોય છે અને સામે જાય છે. અને મિથ્યાદ્રષ્ટિઓપણ લોકમાનસના અનુરોધથી અને ઈન્દ્રના અનુકરણથી (આજ્ઞાથી) તેમજ એકબીજાના દેખાદેખીથી તથા પૂર્વરિવાજ અનુસાર છે. એમ આનંદ માણે છે અને સામે જાય છે.[1]

-લોકાન્તિક દેવો તો બધાજ વિશુદ્ધ ભાવવાળા (એટલે સમ્યગ્દ્રષ્ટિવાળા) હોય છે. ઉત્તમધર્મના બહુમાનથી અને સંસારના દુઃખોથી પીડિત જીવોની અનુકમ્પાવડે ભગવાન પરમર્ષિ અરિહંત પ્રભુના જન્મ (કલ્યાણક) આદિમાં વિશેષ કરી આનન્દિત થાય છે. અને દીક્ષા માટે કરેલા સંકલ્પવાળા ભગવાનની સન્મુખ જઈ પ્રસન્નમનવાળા (તેઓ) સ્તુતિ કરે છે અને દર્શન-પૂજન કરે છે (વિનંતિ કરે છે કે તીર્થપ્રવર્તાવો) ॥૨૪॥

૧. આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા... 'સ્નાત્રપૂજા'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह- के पुनर्लोकान्तिकाः कतिविधा वेति ? अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) પૂછે છે કે લોકાન્તિકો વળી કોણ છે ? અને તેમના કેટલા પ્રકાર છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં.

सूत्रम्- ब्रह्मलोकालया लोकान्तिकाः ॥४-२५॥

અર્થ- બ્રહ્મલોકમાં રહેનારા જ લોકાન્તિક દેવો છે.

भाष्यम्- ब्रह्मलोकालया एव लोकान्तिका भवन्ति, नान्यकल्पेषु, नापि परतः ब्रह्मलोकं परिवृत्त्याष्टासु दिक्षु अष्टविकल्पा भवन्ति ॥२५॥ तद्यथा-
અર્થ- બ્રહ્મલોકમાં રહેવાવાળા જ લોકાન્તિકો છે તે સિવાય કલ્પમાં નહિ. તેમજ તેથી ઉપર પણ નહિ. બ્રહ્મલોકને વીંટળાઈને આઠદિશા (૪ દિશા + ૪ વિદિશા) માં આઠ ભેદ છે. ॥૨૫॥ તે આ રીતે,

सूत्रम्- सारस्वताऽऽदित्य-वह्न्यरुण-गर्दतोयतुषिताऽऽव्याबाध-मरुतोऽरिष्टाश्च॥४-२६।

અર્થ- સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એમ નવલોકાન્તિક છે.

भाष्यम्- एते सारस्वतादयोऽष्टविधा देवा ब्रह्मलोकस्य पूर्वोत्तरादिषु दिक्षु प्रदक्षिणं भवन्ति यथासङ्ख्यम्, तद्यथा-पूर्वोत्तरस्यां दिशि सारस्वताः, पूर्वस्यामादित्या इत्येवं शेषाः ॥२६॥
અર્થ- આ સારસ્વતાદિ આઠ પ્રકારના દેવો અનુક્રમે બ્રહ્મલોકની ઈશાન આદિ દિશામાં ચારેતરફ વીંટળાઈને રહેલા છે. તે આ રીતે, ઈશાન દિશામાં સારસ્વત, પૂર્વદિશામાં આદિત્ય તે પ્રમાણે (અનુક્રમે) બાકીના જાણવા. ॥૨૬॥

सूत्रम्- विजयादिषु द्विचरमाः ॥४-२७॥

અર્થ- વિજય આદિ અનુત્તર વિમાનોમાં દેવો દ્વિચરમભવવાળા હોય છે.

भाष्यम्- विजयादिष्वनुत्तरेषु विमानेषु देवा द्विचरमा भवन्ति, द्विचरमा इति ततश्च्युताः परं द्विर्जनित्वा सिध्यन्तीति, सकृत्सर्वार्थसिद्धमहाविमानवासिनः, शेषास्तु भजनीयाः ॥२७॥
અર્થ- વિજયાદિ અનુત્તરવિમાનોમાં દેવો દ્વિચરમી હોય છે. દ્વિચરમ એટલે ત્યાંથી (વિજયાદિથી) ચ્યવીને (વિજયાદિ અન્તરિત) બે (મનુષ્યના) ભવ કરીને સિદ્ધ થાય છે. સર્વાર્થસિદ્ધવિમાનવાસિઓ એક ભવ કરીને (અનન્તર ભવે) મોક્ષે જાય છે. ॥૨૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-उक्तं भवता जीवस्यौदयिकेषु भावेषु तिर्यग्योनिगतिरिति (२-६) तथा स्थितौ 'तिर्यग्योनीनां चे'ति (३-१८), आस्रवेषु च 'मायातैर्यग्योनीनां चे'ति (६-१७) तत्के तिर्यग्योनय इति ?, अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે-આપશ્રીએ કહ્યું છે કે જીવના ઔદયિકભાવોમાં 'તિર્યગ્યોનિગતિ (૨-૬ માં) તથા સ્થિતિમાં (અ. ૩ સૂ. ૧૮માં) 'તિર્યગ્યોનિવાળાની સ્થિતિ ઉત્કૃષ્ટ અને જઘન્ય-પલ્યોપમ અને અંતર્મુહૂર્તની છે.' તેમજ આશ્રવોમાં 'માયા એ તિર્યગ્યોનિ આયુષ્યનો આશ્રવ છે.' (તો) તે તિર્યગ્યોનિ (એ) કોણ ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં-

## सूत्रम्- औपपातिक-मनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ।।४-२८।।

અર્થ- ઔપપાતિક અને મનુષ્યસિવાયના બાકીના (સંસારી જીવો) તિર્યગ્યોનીજ છે.

भाष्यम्- औपपातिकेभ्यश्च नारकदेवेभ्यो मनुष्येभ्यश्च यथोक्तेभ्यः शेषा एकेन्द्रियादयस्तिर्यग्योनयो भवन्ति ।।२८।।

અર્થ- ઔપપાતિક નારક-દેવો તેમજ મનુષ્ય (ગર્ભજ અને સંમૂર્ચ્છન) સિવાયના બાકી રહેલા એકેન્દ્રિયાદિ તિર્યગ્યોનિવાળા છે. ।।૨૮।।

भाष्यम्- अत्राह-तिर्यग्योनिमनुष्याणां स्थितिरुक्ता अथ देवानां का स्थितिरिति?, अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે-તિર્યગ્યોનિ અને મનુષ્યની સ્થિતિ (ત્રણ પલ્યોપમ, અંતમુર્હૂત) કહી છે. હવે દેવોની શી સ્થિતિ ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

## सूत्रम्- स्थितिः ।।४-२९।।

અર્થ- આ સૂત્રથી સ્થિતિ (આયુષ્યની મર્યાદા) કહેવાશે.

भाष्यम्- स्थितिरित्यत ऊर्ध्वं वक्ष्यते ।।२९।।

અર્થ- સ્થિતિ અધિકાર અહીંથી આગળ કહેવાશે. ।।૨૯।।

## सूत्रम्- भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ।।४-३०।।

અર્થ- ભવનોમાં દક્ષિણાર્ધાધિપતિની સ્થિતિ દોઢ પલ્યોપમ છે.

भाष्यम्- भवनेषु तावद्भवनवासिनां दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धं परा स्थितिः, द्वयोर्द्वयोर्यथोक्तयोर्भवनवासीन्द्रयोः पूर्वो दक्षिणार्धाधिपतिः पर उत्तरार्धाधिपतिः ।।३०।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- ભવનોમાં ભવનવાસિ એવા દક્ષિણાર્ધાધિપતિની દોઢ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બબ્બે ભવનેન્દ્રોનું કથન કર્યુ છે. તે પ્રમાણે પહેલા દક્ષિણાર્ધાધિપતિ અને પછી ઉત્તરાર્ધાધિપતિ. ॥૩૦॥

## सूत्रम्- शेषाणां पादोने ॥४-३१॥

અર્થ- બાકીનાં (ઉત્તરાર્ધાધિપતિ) ભવનવાસિની ઉત્કૃષ્ટ સ્થિતિ પોણા બે પલ્યોપમ પ્રમાણ છે.

भाष्यम्- शेषाणां भवनवासिष्वधिपतीनां द्वे पल्योपमे पादोने परा स्थितिः, के च शेषाः ? उत्तरार्धाधिपतय इति ॥३१॥

અર્થ- બાકીના ભવનવાસિના અધિપતિની બે પલ્યોપમમાં પા ઓછી (એટલે પોણા બે પલ્યોપમની) ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બાકીના એટલે કોણ ? (જવાબ) ઉત્તરાર્ધાધિપતિ એમ જાણવું. ॥૩૧॥

## सूत्रम्- असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥४-३२॥

અર્થ- બંને અસુરેન્દ્રની અનુક્રમે સાગરોપમ અને સાધિક સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૩૨॥

भाष्यम्- असुरेन्द्रयोस्तु दक्षिणार्धाधिपत्युत्तरार्धाधिपत्योः सागरोपममधिकं च यथासङ्ख्यं परा स्थितिर्भवति ॥३२॥

અર્થ- બન્ને અસુરેન્દ્રની તો એટલે દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તરાર્ધાધિપતિ (ચમર-બલીન્દ્ર)ની તો અનુક્રમે સાગરોપમ અને સાધિકસાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૩૨॥

## सूत्रम्- सौधर्मादिषु यथाक्रमम् ॥४-३३॥

અર્થ- સૌધર્મ આદિમાં અનુક્રમે સ્થિતિ આગળ-અનન્તર સૂત્રથી સમજવી.

भाष्यम्- सौधर्ममादिं कृत्वा यथाक्रममित ऊर्ध्वं परा स्थितिर्वक्ष्यते ॥३३॥

અર્થ- સૌધર્મઆદિથી માંડીને (સર્વાર્થસિદ્ધ સુધીના દેવોની સ્થિતિ) અનુક્રમે અહીંથી (આ સૂત્રથી) આગળ ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાશે. ॥૩૩॥

## सूत्रम्- सागरोपमे ॥४-३४॥

અર્થ- સૌધર્મદેવલોકમાં બે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

भाष्यम्- सौधर्मे कल्पे देवानां परा स्थितिर्द्वे सागरोपमे इति ॥३४॥

અર્થ- સૌધર્મ દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ પ્રમાણ છે. ॥૩૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- अधिके च ।।४-३५।।

અર્થ- ઈશાન કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક સાગરોપમ પ્રમાણ હોય છે.

भाष्यम्- ऐशाने द्वे सागरोपमे अधिके परा स्थितिर्भवति ।।३५।।
અર્થ- ઈશાનમાં સાધિક બે સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. ।।૩૫।।

## सूत्रम्- सप्त सनत्कुमारे ।।४-३६।।

અર્થ- સનત્કુમાર દેવલોકમાં સાત સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

भाष्यम्- सनत्कुमारे कल्पे सप्त सागरोपमाणि परा स्थितिर्भवति ।।३६।।
અર્થ- સનત્કુમાર દેવલોકમાં સાતસાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. ।।૩૬।।

## सूत्रम्- विशेषत्रिसप्तदशैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि च ।।४-३७।।

અર્થ- સાતસાગરોપમમાં વિશેષ (અધિક), ત્રણ, સાત, દશ, અગ્યાર, તેર, પંદર (સાગરોપમ) વધારે. (માહેન્દ્રાદિ દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે.)

भाष्यम्- एभिर्विशेषादिभिरधिकानि सप्त माहेन्द्रादिषु परा स्थितिर्भवति, सप्तेति वर्तते, तद्यथा-माहेन्द्रे सप्त विशेषाधिकानि, ब्रह्मलोके त्रिभिरधिकानि सप्त, दशेत्यर्थः । लान्तके सप्तभिरधिकानि सप्त, चतुर्दशेत्यर्थः । महाशुक्रे दशभिरधिकानि सप्त, सप्तदशेत्यर्थः । सहस्रारे एकादशभिरधिकानि सप्त, अष्टादशेत्यर्थः । आनतप्राणतयोस्त्रयोदशभिरधिकानि सप्त, विंशतिरित्यर्थः । आरणाच्युतयोः पञ्चदशभिरधिकानि सप्त, द्वाविंशेतिरित्यर्थः ।।३७।।
અર્થ- સાત (સાગરોપમ) માં આ વિશેષાદિ વધારતાં માહેન્દ્રાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. તે આ રીતે, માહેન્દ્રમાં સાત + વિશેષાધિક = સાધિકસાત સાગરોપમ.
બ્રહ્મલોકમાં-સાત + ત્રણ = દશ સાગરોપમ.
લાન્તકમાં-સાત + સાત = ચૌદ સાગરોપમ
મહાશુક્રમાં-સાત + દશ = સત્તર સાગરોપમ
સહસ્રારમાં-સાત + અગ્યાર = અઢાર સાગરોપમ
આનત-પ્રાણતમાં-સાત + તેર = વીસ સાગરોપમ
આરણ-અચ્યુતમાં-સાત+પંદર = બાવીસ સાગરોપમ ।।૩૭।।

## सूत्रम्- आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ।।४-३८।।

અર્થ- આરણ-અચ્યુતથી ઉપર એક એક સાગરોપમ વધારતાં નવગ્રૈવેયક, વિજયાદિ અને સર્વાર્થસિદ્ધમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહેલા દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.

भाष्यम्- आरणाच्युतादूर्ध्वमेकैकेनाधिका स्थितिर्भवति नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च। आरणाच्युते द्वाविंशति ग्रैवेयकेषु पृथगेकैक्केनाधिका, स्त्रयोविंशतिरित्यर्थः, एवमेकैकेनाधिका सर्वेषु नवसु, यावत् सर्वेषामुपरि नवमे एकत्रिंशत्, सा विजयादिषु चतुर्ष्वप्येकेनाधिका द्वात्रिंशत्, साप्येकेनाधिका सर्वार्थसिद्धे त्वजधन्योत्कृष्टा त्रयस्त्रिंशदिति ॥३८॥

અર્થ- આરણ-અચ્યુત કરતાં એક-એક સાગરોપમ અધિક સ્થિતિ નવે ય ગ્રૈવેયકોમાં, વિજયાદિમાં અને સર્વાર્થસિદ્ધમાં હોય છે. આરણ-અચ્યુતમાં બાવીસ સાગરોપમ હોય છે. ગ્રૈવેયકમાં જુદાજુદા એકેક ઉમેરતાં-પહેલાં ગ્રૈવેયમાં ત્રેવીસ સાગરોપમ. એ પ્રમાણે નવે નવ સુધીમાં એકેક ઉમેરતાં સૌથી ઉપર રહેલા નવમા ગ્રૈવેયકમાં એકત્રીસ સાગરોપમની સ્થિતિ હોય, વિજયઆદિ ચારેયમાં એક ઉમેરતાં બત્રીસ સાગરોપમની સ્થિતિ. તેમાં પણ એક ઉમેરતાં સર્વાર્થસિદ્ધમાંતો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેયથી તેત્રીશ સાગરોપમની સ્થિતિ હોય છે. ॥૩૮॥

भाष्यम्- अत्राह-मनुष्यतिर्यग्योनिजानां परापरे स्थिती व्याख्याते, अथौपपातिकानां किमेकैव स्थितिः ?, परापरे न विद्येते इति ?, अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન પૂછે છે કે-મનુષ્ય-તિર્યંચની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિ કહી છે. હવે ઔપપાતિકોની સ્થિતિ શું એક જ હોય છે કે (અર્થાત્) ઉત્કૃષ્ટ-જઘન્યપણું તેમનામાં નથી હોતું? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- अपरा पल्योपममधिकं च ॥४-३९॥

અર્થ- (સૌધર્મ અને ઈશાનમાં અનુક્રમે) જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને સાધિક પલ્યોપમ છે.

भाष्यम्- सौघर्मादिष्वेव यथाक्रममपरा स्थितिः पल्योपममधिकं च, अपरा जघन्या निकृष्टेत्यर्थः। परा प्रकृष्टा उत्कृष्टेत्यनर्थान्तरम्। तत्र सौधर्मेपरा स्थितिः पल्योपममैशाने पल्योपममधिकं च ॥३९॥

અર્થ- સૌધર્મ આદિમાં જઘન્ય સ્થિતિ પલ્યોપમ અને સાધિક પલ્યોપમ પ્રમાણ છે. અપરા, જઘન્ય, નિકૃષ્ટ ઈત્યાદિ પર્યાયવાચી છે. પરા, પ્રકૃષ્ટ, ઉત્કૃષ્ટ તે પર્યાયવાચી છે. તેમાં (એટલે સૌધર્માદિમાં)-સૌધર્મમાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ પ્રમાણ અને ઈશાનમાં સાધિકપલ્યોપમ (પ્રમાણ) છે. ॥૩૯॥

## सूत्रम्- सागरोपमे ॥४-४०॥

અર્થ- સનત્કુમારમાં બે સાગરોપમપ્રમાણ (જઘન્ય) સ્થિતિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- सनत्कुमारेऽपरा स्थितिर्द्वे सागरोपमे ॥४०॥
અર્થ- સનત્કુમારમાં જઘન્યસ્થિતિ બે સાગરોપમપ્રમાણ છે. ॥૪૦॥

## सूत्रम्- अधिके च ॥४-४१॥

અર્થ- માહેન્દ્રમાં જઘન્યસ્થિતિ સાધિક બે સાગરોપમ છે.

भाष्यम्- माहेन्द्रे जघन्या स्थितिरधिके द्वे सागरोपमे ॥४१॥
અર્થ- માહેન્દ્રમાં જઘન્યસ્થિતિ સાધિક બે સાગરોપમ છે. ॥૪૧॥

## सूत्रम्- परतः परतः पूर्वापूर्वाऽनन्तरा ॥४-४२॥

અર્થ- અનન્તર પૂર્વ-પૂર્વ દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે આગળ-આગળના દેવલોકની જઘન્યસ્થિતિ જાણવી.

भाष्यम्- माहेन्द्रात् परतः पूर्वा पराऽनन्तरा जघन्या स्थितिर्भवति, तद्यथा-माहेन्द्रे परा स्थितिर्विशेषाधिकानि सप्त सागरोमाणि सा ब्रह्मलोके जघन्या भवति, ब्रह्मलोके दश सागरोपमाणि परा स्थितिः सा लान्तके जघन्या, एवमा सर्वार्थसिद्धादिति, (विजयादिषु चतुर्षु परा स्थितिस्त्रयस्त्रिंशत्सागरोपमाणि, सात्वजघन्योत्कृष्टा सर्वार्थसिद्ध इति) ॥४२॥
અર્થ- માહેન્દ્રથી આગળ પૂર્વ-પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ તે પછીનાની જઘન્ય સ્થિતિ હોય છે. તે આ રીતે, માહેન્દ્રની ઉત્કૃષ્ટસ્થિતિ સાધિક સાત સાગરોપમ છે, તે બ્રહ્મલોકમાં જઘન્ય હોય છે. બ્રહ્મલોકમાં દશસાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે લાન્તકમાં જઘન્ય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ સુધી (સ્થિતિ) જાણવી. [વિજયાદિક ચારમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ છે તે અજઘન્યોત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ[1]ને વિષે જાણવી] ॥૪૨॥

## सूत्रम्- नारकाणां च द्वितीयादिषु ॥४-४३॥

અર્થ- બીજી આદિ નારકોમાં પૂર્વપૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે પછી-પછીમાં જઘન્ય સ્થિતિ હોય છે.

भाष्यम्- नारकाणां च द्वितीयादिषु भूमिषु पूर्वा पूर्वा परा स्थितिरनन्तरा परतः परतोऽपरा भवति, तद्यथा-रत्नप्रभायां नारकाणामेकं सागरोपमं परा स्थितिः सा जघन्या शर्कराप्रभायाम्, त्रीणि सागरोपमाणि परा स्थितिः शर्कराप्रभायां, सा जघन्या वालुकाप्रभायामिति, एवं सर्वासु, तमःप्रभायां द्वाविंशतिः सागरोपमाणि परा स्थितिः सा जघन्या महातमःप्रभायामिति ॥४३॥

---

૧. સૂત્રમાં કહ્યા પ્રમાણે વિજયાદિકમાં ઉત્કૃષ્ટ બત્રીશ સાગરોપમ થાય, પરંતુ તેમ અર્થ કરતાં સર્વાર્થસિદ્ધમાં પણ જઘન્ય ૩૨ સાગરોપમ થાય. પણ આ અર્થ વિચારણીય છે. કારણકે સર્વાર્થસિદ્ધમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ કહી છે. અને સૂત્રમાં હંમેશા મુખ્યવૃત્તિએ કથન હોય છે. તેથી વિજયાદિકમાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સ્થિતિ ગણીએ તો સર્વાર્થસિદ્ધમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ ઘટી શકે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- નારકોને પણ બીજી આદિ ભૂમિમાં પૂર્વ-પૂર્વની જેમ ઉત્કૃષ્ટ સ્થિતિ તે અનન્તર પછી-પછીની (ભૂમિમાં) જઘન્યસ્થિતિ હોય છે. તે આ પ્રમાણે, રત્નપ્રભામાં નારકોની એક સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે (એક સાગરોપમ) શર્કરાપ્રભામાં જઘન્ય (જાણવી.) ત્રણ સાગરોપમ (પ્રમાણ) ઉત્કૃષ્ટ સ્થિતિ શર્કરાપ્રભામાં છે તે (ત્રણ સાગરો.) વાલુકાપ્રભામાં જઘન્ય (જાણવી) તે પ્રમાણે સર્વભૂમિમાં જાણવું. તમઃ પ્રભામાં બાવીસ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે મહાતમ:પ્રભામાં જઘન્ય છે. એ પ્રમાણે. ॥૪૩॥

## सूत्रम्- दशवर्षसहस्राणि प्रथमायाम् ॥४-४४॥

અર્થ- દશહજાર વર્ષ જઘન્ય સ્થિતિ પહેલી ભૂમિમાં છે.

भाष्यम्- प्रथमायां भूमौ नारकाणां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४४॥

અર્થ- પહેલી (રત્નપ્રભા) ભૂમિમાં નારકોની દશ હજાર વર્ષ (પ્રમાણ) જઘન્ય સ્થિતિ છે. ॥૪૪॥

## सूत्रम्- भवनेषु च ॥४-४५॥

અર્થ- ભવનોમાં પણ દશહજારવર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ છે.

भाष्यम्- भवनवासिनां च दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४५॥

અર્થ- ભવનવાસિની પણ દશહજારવર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ જાણવી. ॥૪૫॥

## सूत्रम्- व्यन्तराणां च ॥४-४६॥

અર્થ- વ્યંતર દેવોની પણ દશ હજારવર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ છે.

भाष्यम्- व्यन्तराणां च देवानां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४६॥

અર્થ- વ્યન્તર દેવોની (પણ) દશહજાર વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ છે. ॥૪૬॥

## सूत्रम्- परापल्योपमम् ॥४-४७॥

અર્થ- વ્યન્તરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમની છે.

भाष्यम्- व्यन्तराणां परा स्थितिः पल्योपमं भवति ॥४७॥

અર્થ- વ્યન્તરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ (પ્રમાણ) છે. ॥૪૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- ज्योतिष्काणामधिकम् ।।४-४८।।

અર્થ- જ્યોતિષ્કોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમથી અધિક (સાધિક પલ્યોપમ) છે.

भाष्यम्- ज्योतिष्काणां देवानामधिकं पल्योपमं परा स्थितिर्भवति ।।४८।।
અર્થ- જ્યોતિષ્કદેવોની સાધિકપલ્યોપમ પ્રમાણ (ઉત્કૃષ્ટ) સ્થિતિ છે. ।।૪૮।।

## सूत्रम्- ग्रहाणामेकम् ।।४-४९।।

અર્થ- ગ્રહોની એક પલ્યોપમ (ઉત્કૃષ્ટ સ્થિતિ) છે.

भाष्यम्- ग्रहाणामेकं पल्योपमं परा स्थितिर्भवति ।।४८।।
અર્થ- ગ્રહોની એક પલ્યોપમ પ્રમાણ (ઉત્કૃષ્ટ) સ્થિતિ છે. ।।૪૯।।

## सूत्रम्- नक्षत्राणामर्धम् ।।४-५०।।

અર્થ- નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધપલ્યોપમની છે.

भाष्यम्- नक्षत्राणां देवानां पल्योपममर्धं परा स्थितिर्भवति ।।५०।।
અર્થ- નક્ષત્રદેવોની અર્ધપલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૫૦।।

## सूत्रम्- तारकाणां चतुर्भागः ।।४-५१।।

અર્થ- તારાઓની ઉત્કૃષ્તસ્થિતિ પલ્યોપમનો ચોથો ભાગ છે.

भाष्यम्- तारकाणां च पल्योपमचतुर्भागः परा स्थितिः ।।५१।।
અર્થ- અને તારાઓની પલ્યોપમનો ચોથો ભાગ (૧/૪, પલ્યોપમ) પ્રમાણ ઉત્કષ્ટ સ્થિતિ છે. ।।૫૧।।

## सूत्रम्- जघन्यात्वष्टभागः ।।४-५२।।

અર્થ- તારાઓની જઘન્ય સ્થિતિ તો પલ્યોપમનો આઠમો (૧/૮) ભાગ છે.

भाष्यम्- तारकाणां तु जघन्या स्थितिः पल्योपमाष्टभागः ।।५२।।
અર્થ- તારાઓની તો જઘન્યસ્થિતિ પલ્યોપમનો આઠમોભાગ (એટલે ૧/૮ ભાગ) છે. ।।૫૨।।

## सूत्रम्- चतुर्भागः शेषाणाम् ।।४-५३।।

અર્થ- બાકીના જ્યોતિષ્કની જઘન્યસ્થિતિ પલ્યોપમનો ચોથો ભાગ પ્રમાણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तारकाभ्यः शेषाणां ज्योतिष्काणां चतुर्भागः पल्योपमस्यापरा स्थितिः ॥५३॥
અર્થ- તારા સિવાયના બાકીના (ગ્રહ-નક્ષત્રો) જ્યોતિષ્કોની પલ્યોપમના ચોથા ભાગ પ્રમાણ જઘન્ય સ્થિતિ છે. ॥૫૩॥

## ★ ઉપસંહાર ★

બહુલતાએ દેવસમ્બન્ધી વર્ણનથી ભરપુર આ અધ્યાય છે. તેમાં દેવોના પ્રકાર, લેશ્યા, નિકાયભેદ, ઈન્દ્રસંખ્યા, કામસુખવર્ણન, ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ-દોષ (ઉત્તરોત્તર હીનતા), લોકાન્તિકદેવનું વર્ણન, સ્થિતિવર્ણન ઈત્યાદિ દેવસમ્બંધી વર્ણન તથા તિર્યંચનું સ્વરૂપ, તેમજ નારકની જઘન્ય સ્થિતિનું વર્ણન આ ચોથા અધ્યાયમાં કરાયેલ છે.

ચાર અધ્યાય મળી કુલ સૂત્ર ૧૫૮ થયા...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## पञ्चमो अध्यायः - પાંચમો અધ્યાય

भाष्यम्- उक्ता जीवाः, अजीवान् वक्ष्यामः ॥
અર્થ- જીવો વિષે કહ્યું... (હવે) અજીવ સમ્બન્ધી કહીશું.

### सूत्रम्- अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ।।५-१।।

અર્થ- ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ આ ચાર અજીવકાયો છે.

भाष्यम्- धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायः पुद्गलास्तिकाय इत्यजीवकायाः. तान् लक्षणतः परस्ताद्वक्ष्यामः, कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमद्धासमयप्रतिषेधार्थं च ॥१॥
અર્થ- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય એ (ચાર) અજીવકાયો છે. તેને લક્ષણથી આગળ કહીશું. કાયગ્રહણનું પ્રયોજન-પ્રદેશરૂપ અવયવોનું બહુપણું જણાવવા માટે અને અદ્ધા સમયને (કાળને) પ્રદેશપણાનો નિષેધ જણાવવા માટે (કાય ગ્રહણ છે.) (ચાર ને પ્રદેશ હોય છે. માટે કાય લગાવેલ છે. કાળને પ્રદેશ હોતા નથી માટે તેને કાય શબ્દ લગાવેલ નથી.) ॥૧॥

### सूत्रम्- द्रव्याणि जीवाश्च ।।५-२।।

અર્થ- ઉપરોક્ત ધર્મ આદિ ચાર અને જીવો એ પાંચ દ્રવ્યો છે.

भाष्यम्- एते धर्मादयश्चत्वारो प्राणिनश्च पञ्च द्रव्याणि च भवन्तीति, उक्तं हि 'मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु' 'सर्वद्रव्यपर्यायेषु केवलस्ये'ति ॥२॥
અર્થ- આ ધર્મઆદિ ચાર અને જીવો-એમ પાંચ દ્રવ્યો છે. કહ્યું છે કે (અ. ૧ - સૂ. ૨૭ માં) મતિશ્રુતનો વ્યાપાર સર્વદ્રવ્યોમાં અને કેટલાક પર્યાયોમાં. તેમજ (અ. ૧- સૂ. ૩૦ માં) કેવળજ્ઞાનનો વ્યાપાર સર્વ દ્રવ્યોમાં અને સર્વ પર્યાયોમાં હોય છે. (એમ દ્રવ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે.) ॥૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- नित्यावस्थितान्यरूपाणि च ॥५-३॥

અર્થ- દ્રવ્યો એ નિત્ય, અવસ્થિત (અન્યૂનાધિક) અને અરૂપી છે.

भाष्यम्- एतानि द्रव्याणि नित्यानि भवन्ति, 'तद्भावाव्ययं नित्य' मिति वक्ष्यते । अवस्थितानि च, न हि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति । अरूपाणि च, नैषां रूपमस्तीति, रूपं मूर्तिः, मूर्त्याश्रयाश्च स्पर्शादय इति ॥३॥

અર્થ- આ દ્રવ્યો નિત્ય છે. (નિત્યની વ્યાખ્યા) 'સ્વસ્વરૂપથી જે ન બદલાય તે નિત્ય' એમ (અ. ૫- સૂ. ૩૦ માં) કહેવાશે. અને દ્રવ્યો અવસ્થિત છે. આ પાંચની સંખ્યા કયારે પણ ઓછી વધતી થતી નથી. (એટલે ચાર કે છ દ્રવ્યો થશે નહિ.) તેમ સ્વ-સ્વરૂપને છોડતાં (પણ) નથી. વળી, અરૂપી છે, એનું રૂપ નથી. રૂપ એટલે મૂર્તિ, અને રૂપને આશ્રયિને સ્પર્શાદિ (હોય છે.) ॥૩॥

## सूत्रम्- रूपिणः पुद्गलाः ॥५-४॥

અર્થ- (પણ) પુદ્ગલો રૂપી છે.

भाष्यम्- पुद्गला एव रूपिणो भवन्ति, रूपमेषामस्ति एषु वाऽस्तीति रूपिणः ॥४॥

અર્થ- પુદ્ગલો જ રૂપી છે. રૂપ જેમનું છે તે અથવા રૂપ જેમનામાં છે તે રૂપી ॥૪॥

## सूत्रम्- आऽऽकाशादेकद्रव्याणि ॥५-५॥

અર્થ- આકાશ સુધીના દ્રવ્યો એક-એક છે.

भाष्यम्- आ आकाशाद्धर्मादीन्येकद्रव्याण्येव भवन्ति, पुद्गलजीवास्त्वनेकद्रव्याणीति ॥५॥

અર્થ- આકાશ સુધીના ધર્માદિ એક-એક દ્રવ્ય છે. પુદ્ગલ અને જીવો તો અનેક દ્રવ્યો છે. ॥૫॥

## सूत्रम्- निष्क्रियाणि च ॥५-६॥

અર્થ- (એક છે) અને નિષ્ક્રિય છે.

भाष्यम्- आ आकाशादेव धर्मादीनि निष्क्रियाणि भवन्ति, पुद्गलजीवास्तु क्रियावन्तः, क्रियेति गतिकर्माह ॥६॥

અર્થ- આકાશ સુધીના જ ધર્મ આદિ (ત્રણ) દ્રવ્યો નિષ્ક્રિય છે. પુદ્ગલ અને જીવો તો ક્રિયાવાળા છે. ક્રિયા એટલે ગતિકાર્ય (ગમન ક્રિયા કરનારાં છે-સક્રિય છે.) ॥૬॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-उक्तं भवता प्रदेशावयवबहुत्वं कायसंज्ञमिति, तस्मात् क एषां धर्मादीनां प्रदेशावयवनियम इति ?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે આપશ્રીએ કહ્યું કે:- પ્રદેશરૂપ અવયવોનું બહુપણું છે તેથી 'કાય' સંજ્ઞા આપેલ છે. તો આ ધર્માદિના પ્રદેશ અવયવોનો શો નિયમ છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

भाष्यम्- सर्वेषां प्रदेशाः सन्ति अन्यत्र परमाणोः, अवयवास्तु स्कन्धानामेव, वक्ष्यते हि 'अणवः स्कन्धाश्च' 'संघातभेदेभ्य उत्पद्यन्त' इति ॥ तत्र-
અર્થ- પરમાણુ સિવાય સર્વ (ધર્મઆદિ પાંચેય) ને પ્રદેશો હોય છે. અવયવો તો સ્કન્ધોને જ હોય છે. (તે વિશે) અણુઓ (અને) સ્કન્ધો એમ બે પ્રકારે પુદ્ગલ દ્રવ્યો છે (અ. ૫ - સૂ. ૨૫ માં). સંઘાત, ભેદ અને ઉભય તે ઉત્પન્ન થાય છે (અ. ૫ - સૂ. ૨૬ માં). એમ કહેવાશે.

## सूत्रम्- असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ।।५-७।।

અર્થ- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને અસંખ્ય પ્રદેશો છે.

भाष्यम्- प्रदेशो नामापेक्षिकः, सर्वसूक्ष्मस्तु परमाणोरवगाह इति ।।७।।
અર્થ- પરમાણુની સર્વથી સૂક્ષ્મ જે અવગાહના- તે પ્રદેશ[1], (તે) અપેક્ષા પ્રયોજનવાળો અર્થાત્ અપેક્ષાથી થયેલો છે. ।।૭।।

## सूत्रम्- जीवस्य च ।।५-८।।

અર્થ- અને એક જીવના પણ અસંખ્ય પ્રદેશો છે.

भाष्यम्- एकजीवस्य चासङ्ख्येयाः प्रदेशा भवन्तीति ।।८।।
અર્થ- અને એક જીવના (પણ) અસંખ્ય પ્રદેશો[2] છે ।।૮।।

## सूत्रम्- आकाशस्यानन्ताः ।।५-९।।

અર્થ- આકાશાસ્તિકાયના અનન્ત પ્રદેશો છે.

---

૧. સર્વજ્ઞભગવતંતના પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ જેના ભાગ ન થઈ શકે તેવો નિરવયવ પરમાણુ જેટલા ભાગને અવગાહીને રહે તે સ્કંધ સંલગ્ન ભાગને પ્રદેશ કહે છે. સ્કંધને લાગેલા હોય તે પ્રદેશ છે. છૂટો પડેલો તે પરમાણુ હોય છે.
૨. જેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો કે અધર્માસ્તિકાયના પ્રદેશો હોય છે. તેટલા જ એક જીવના પ્રદેશો હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- लोकालोकाकाशस्यानन्ताः प्रदेशाः, लोकाकाशस्य तु धर्माधर्मैकजीवैस्तुल्याः ॥९॥
અર્થ- લોકાકાશ અને અલોકાકાશના (મળી) અનન્તપ્રદેશો છે. (ફકત) લોકાકાશના તો ધર્મ, અધર્મ કે એક જીવ તુલ્ય (એટલે કે ધર્માસ્તિકાયના કે અધર્માસ્તિકાયના કે એકજીવના જેટલા પ્રદેશો છે તેટલા અર્થાત્ લોકાકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે.) ॥૯॥

## सूत्रम्- संख्येयासंख्येयाश्च पुद्गलानाम् ॥५-१०॥

અર્થ- સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તાપ્રદેશો પુદ્ગલના હોય છે.

भाष्यम्- सङ्ख्येया असङ्ख्येया अनन्ताश्च पुद्गलानां प्रदेशा भवन्ति, अनन्ता इति वर्तते ॥१०॥
અર્થ- સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા પ્રદેશો પુદ્ગલના હોય છે. 'અનન્ત' શબ્દ ઉપરના સૂત્રથી અનુવૃત્ત છે. ॥૧૦॥

## सूत्रम्- नाणोः ॥५-११॥

અર્થ- અણુને પ્રદેશો હોતા નથી.

भाष्यम्- अणोः प्रदेशा न भवन्ति ।
અર્થ- અણુના પ્રદેશો નથી હોતા.

भाष्यम्- अनादिरमध्योऽप्रदेशो हि परमाणुः ॥११॥
અર્થ- આદિ, મધ્ય અને અન્તવિનાનો તે પરમાણુ અથવા-આદિ અને મધ્ય અને (ઉપલક્ષણથી અંત) જેને નથી તેવો પરમાણું તે અપ્રદેશી છે. (પ્રદેશાથી અન્તનું ગ્રહણ કરેલ છે.) ॥૧૧॥

## सूत्रम्- लोकाकाशेऽवगाहः ॥५-१२॥

અર્થ- લોકાકાશમાં દ્રવ્યને અવગાહ છે.

भाष्यम्- अवगाहिनामवगाहो लोकाकाशे भवति ॥१२॥
અર્થ- અવગાહકરનાર (દ્રવ્ય) નો અવગાહ લોકાકાશમાં છે ॥૧૨॥

## सूत्रम्- धर्माधर्मयोः कृत्स्ने ॥५-१३॥

અર્થ- ધર્માધર્મનો અવગાહ સમસ્ત લોકાકાશ (માં રહેલ) છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- धर्माधर्मयोः कृत्स्ने लोकाकाशेऽवगाहो भवतीति ॥१३॥
અર્થ- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમસ્ત લોકાકાશમાં રહેલ છે. ॥૧૩॥

## सूत्रम्- एकप्रदेशादिषुभाज्यः पुद्गलानाम् ॥५-१४॥

અર્થ- પુદ્દગલોનો અવગાહ એક પ્રદેશાદિમાં વિકલ્પ્ય છે.

भाष्यम्- अप्रदेशसङ्ख्येयासङख्येयानन्तप्रदेशानां पुद्गलानामेकादिष्वाकाशप्रदेशेषु भाज्योऽवगाहः, भाज्यो विभाष्यो विकल्प इत्यनर्थान्तरम्, तद्यथा-परमाणोरेकस्मिन्नेव प्रदेशे, व्यणुकस्यैकस्मिन् द्वयोश्च, त्र्यकस्यैकस्मिन् द्वयोस्त्रिषु च, एवं चतुरणुकादीनां सङ्ख्येयासङ्ख्येयप्रदेशस्यैकादिषु सङ्ख्येयेष्वसङ्ख्येयेषु च, अनन्तप्रदेशस्य च ॥१४॥
અર્થ- અપ્રદેશી, સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી કે અનન્તપ્રદેશી પુદ્દગલોનો અવગાહ એક વગેરે આકાશ પ્રદેશમાં ભજનીય છે. ભાજ્ય, વિભાષ્ય અને વિકલ્પ એ એકાર્થવાચી છે. તે આ રીતે, પરમાણુનો (અવગાહ) એક જ (લોકાકાશના) પ્રદેશમાં હોય. દ્વયણુક (બે પરમાણુના સમુહ) નો (અવગાહ) એક કે બે (લોકાકાશના) પ્રદેશમાં હોય. ત્ર્યણુક (ત્રણ પરમાણુના સમુહ) નો (અવગાહ) એક બે કે ત્રણ (લોકાકાશના) પ્રદેશમાં હોય. એ પ્રમાણે ચતુરણુક (ચાર પરમાણુના સમુહ) આદિ નો (અવગાહ), સંખ્યાત પરમાણુ-અસંખ્યાત પરમાણુનો (અવગાહ) એકાદિથી માંડીને સંખ્યાત અને અસંખ્યાત (લોકાકાશના) પ્રદેશમાં હોય છે અને અનન્તપ્રદેશી પુદ્દગલ સ્કંધનો (અવગાહ) પણ (એકાદિથી આકાશ પ્રદેશથી માંડીને સંખ્યાત અને અસંખ્યાત (લોકાકાશના) પ્રદેશમાં હોય છે.) ॥૧૪॥

## सूत्रम्- असङ्ख्येयभागादिषु जीवानाम् ॥५-१५॥

અર્થ- લોકાકાશના અસંખ્યાતમા ભાગ વગેરેમાં જીવોનો અવગાહ છે.

भाष्यम्- लोकाकाशप्रदेशानामसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति, आ सर्वलोकादिति ॥१५॥
અર્થ- લોકાકાશના પ્રદેશના અસંખ્યાતમા ભાગ વગેરેમાં જીવોનો અવગાહ છે. આખાય લોક[1] સુધી અવગાહ હોય છે. ॥૧૫॥

भाष्यम्- अत्राह-को हेतुरसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवतीति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે (કે) અસંખ્યેયભાગાદિમાં જીવોના અવગાહનું શું કારણ છે. ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

---

૧. કેવલી સમુદ્દઘાત વખતે આખા લોકમાં અવગાહ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- प्रदेशसंहार विसर्गाभ्यां प्रदीपवत् ॥५-१६॥

અર્થ- દીપક (ના પ્રકાશ) ની જેમ જીવપ્રદેશોના સંકોચ અને વિસ્તાર સ્વભાવથી (લોકના) અસંખ્યભાગાદિમાં અવગાહ ભજનીય છે.

भाष्यम्- जीवस्य हि प्रदेशानां संहारविसर्गाविष्टौ प्रदीपस्येव।
અને- જીવના જ પ્રદેશોનો પ્રદીપની જેમ સંકોચ-વિકાસ ઈષ્ટ છે.

भाष्यम्- तद्यथा-तैलवर्त्यग्न्युपादानप्रवृद्धः प्रदीपो महतीमपि कूटागारशालां प्रकाशयति अण्वीमपि माणिकावृतः माणिकां द्रोणावृतो द्रोणं आढकावृताश्चाढकं प्रस्थावृतः प्रस्थं पाण्यावृतो पाणिमिति।
અર્થ- તે આ રીતે-તેલ, દીવેટ અને અગ્નિના ઉપાદાનથી વૃદ્ધિ પામેલ દીપક મોટા મકાનને પ્રકાશમાન કરે છે, નાના મકાનને પણ પ્રકાશમાન કરે છે. માણિકાથી વીંટળાયેલ માણિકાને પ્રકાશમાન કરે છે, દ્રોણથી ઢંકાયેલ દ્રોણને પ્રકાશમાન કરે છે, આઢકથી આવૃત કરાયેલ આઢક ને પ્રકાશમાન કરે છે, પ્રસ્થાથી આવરણ કરાયેલ પ્રસ્થાને પ્રકાશમાન કરે છે, પાણિથી ઢંકાયેલ પાણિને પ્રકાશમાન કરે છે.[1]

भाष्यम्- एवमेव प्रदेशानां संहारविसर्गाभ्यां जीवो महान्तमणुं वा पञ्चविधं शरीरस्कन्धं धर्माधर्माकाशपुद्गलजीवप्रदेशसमुदायं व्याप्नोतीति, अवगाहत इत्यर्थः।
અર્થ- એ પ્રમાણે પ્રદેશોના સંકોચ અને વિકાસથી જીવ મોટા કે નાના પાંચ પ્રકારના ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવ પ્રદેશના[2] સમુદાય રૂપ શરીર સ્કંધને વ્યાપે છે, એટલે કે અવગાહે છે.

भाष्यम्- धर्माधर्माकाशजीवानां परस्परेण पुद्गलेषु च वृत्तिर्न विरुध्यतेऽमूर्तत्वात्॥
અર્થ- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય (ચાર) નું એકરૂપીપણું પરસ્પર (એક બીજા) સાથે કે પુદ્ગલમાં રહેવું વિરોધવાળું નથી.

भाष्यम्- अत्राह-सति प्रदेशसंहारविसर्गसंभवे कस्मादसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति, नैकप्रदेशादिष्विति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે તે પ્રદેશનો સંહાર-વિકાસ થઈ શકે છે તો શા માટે (લોકાકાશના) અસંખ્યાતમા ભાગમાં જીવનો અવગાહ છે અને એક પ્રદેશાદિમાં કેમ (જીવનો અવગાહ) નથી ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

भाष्यम्- सयोगत्वात् संसारिणां चरमशरीरत्रिभागहीनावगाहित्वाच्च सिद्धानामिति ॥१६॥

---

૧. માણિકાદિ નાના-મોટા આકારવાળા માપો છે. જેમ પેટીમાં હોય તે પેટી પ્રકાશમાન કરે અને રૂમમાં હોય તો રૂમને પ્રકાશમાન કરે. તેમ
૨. જે આકાશ પ્રદેશ ઉપર જીવ રહેલો છે તે આકાશ પ્રદેશ ઉપર અનેક જીવના પ્રદેશ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- સંસારીજીવો (કાર્મણ) યોગ સહિત હોવાથી અને સિદ્ધ ભગવંતો ચરમ શરીરના ત્રીજા ભાગથી હીન અવગાહનાવાળા હોવાથી (એક પ્રદેશાદિમાં જીવો અવગાહનાવાળા નથી.) ॥૧૬॥

भाष्यम्- अत्राह- उक्तं भवता धर्मादीनस्तिकायान् परस्ताल्लक्षणतो वक्ष्याम इति, तत्किमेषां लक्षणमिति ?, अत्रोच्यते–

અર્થ- (જિજ્ઞાસુ) કહે છે કે આપશ્રીએ (અ. ૫ - સૂત્ર. ૧ માં) કહ્યું છે કે ધર્માદિ અસ્તિકાયોને લક્ષણપૂર્વક આગળ કહીશુ. તો તેમનું લક્ષણ શું છે ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

### सूत्रम्- गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥५-१७॥

અર્થ- (ગતિમાન પદાર્થોને) ગતિમાં નિમિત્તરૂપ થવું તે ધર્માસ્તિકાય નો ઉપકાર અને સ્થિતિમાં નિમિત્તરૂપ થવું તે અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

भाष्यम्- गतिमतां गतेः स्थितिमतां च स्थितेः उपग्रहो धर्माधर्मयोरुपकारो यथासङ्ख्यम्, उपग्रहो निमित्तमपेक्षा कारणं हेतुरित्यनर्थान्तरम्, उपकारः प्रयोजनं गुणोऽर्थ इत्यनर्थान्तरम् ॥१७॥

અર્થ- ગતિવાળાને ગતિમાં અને સ્થિતિ (સ્થિર રહેવા) વાળાને સ્થિર (રહેવા) માં હેતુભૂત થવું તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અનુક્રમે ઉપકાર છે. ઉપગ્રહ, નિમિત્તકારણ, અપેક્ષાકારણ, હેતુ ઈત્યાદિ પર્યાયવાચી શબ્દો છે. ઉપકાર, પ્રયોજન, ગુણભૂત પદાર્થ ઈત્યાદિ એકાર્થવાચી છે ॥૧૭॥

### सूत्रम्- आकाशस्यावगाहः ॥५-१८॥

અર્થ- આકાશનો ઉપકાર (પ્રયોજન) અવગાહ આપવાનો છે.

भाष्यम्- अवगाहिनां धर्मपुद्गलजीवानामवगाह आकाशस्योपकारः ।

અર્થ- અવગાહિ (એટલે આધેય) એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય (અને) જીવાસ્તિકાયને અવગાહ (આધાર આપવામાં નિમિત્ત રૂપ થવું તે) આકાશનો ઉપકાર (પ્રયોજન) છે.

भाष्यम्- धर्माधर्मयोरन्तः प्रवेससंभवेन पुद्गलजीवानां संयोगविभागैश्चेति ॥१८॥

અર્થ- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય (લોકકાશની) અંદર પ્રવેશીને તેમજ પુદ્ગલો અને જીવોનો[1] સંયોગ અને વિભાગથી અવગાહ છે. ॥૧૮॥

---

૧. પુદ્ગલ અને જીવ સક્રિય હોવાના કારણે તેમજ આખા લોકાકાશને ધર્માધર્મની માફક વ્યાપ્ત નહિ હોવાના કારણે જીવ-પુદ્ગલોનો સંયોગ અને વિભાગથી અવગાહ આકાશનું પ્રયોજન છે. અલોકમાં આકાશ છે પણ ધર્માદિ ચાર નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- शरीरवाङ्मनःप्राणापानाः पुद्‌गलानाम् ॥५-१९॥**

અર્થ- શરીર, વાણી, મન, શ્વાસોશ્વાસ એ પુદ્ગલોના ઉપકાર (પ્રયોજન) છે.

भाष्यम्- पञ्चविधानि शरीराण्यौदारिकादीनि वाङ्मनः प्राणापानाविति पुद्गलानामुपकारः ।

અર્થ- ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરો, વાણી, મન, શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર (પ્રયોજન છે).

भाष्यम्- तत्र शरीराणि यथोक्तानि, प्राणापानौ च नामकर्मणि व्याख्यातौ ।

અર્થ- તેમાં (સૂત્રમાં) શરીરો (અ. ૨- સૂ. ૩૭ માં) કહેલા છે. શ્વાસ અને ઉચ્છ્વાસ નામકર્મના વિષે (અ. ૮ - સૂ. ૧૨ માં) કહેલ છે.

भाष्यम्- द्वीन्द्रियादयो जिह्वेन्द्रिययोगाद्भाषात्वेन गृह्णन्ति, नान्ये संज्ञिनश्च मनस्त्वेन गृह्णन्ति, नान्य इति ।

અર્થ- બેઈન્દ્રિયાદિ (જીવો) જીહ્વેન્દ્રિયના સંયોગથી ભાષાપર્યાપ્તિવડે (ભાષા વર્ગણાના પુદ્ગલો) ગ્રહણ કરે છે. (બેઈન્દ્રિય આદિ સિવાય) બીજા (એકિન્દ્રિયો ભાષા પર્યાપ્તિના અભાવે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ) ન કરે. અને સંજ્ઞિઓ મનવડે (મનોવર્ગણાના સ્કંધને) ગ્રહણ કરે છે. બીજા નહિ.

भाष्यम्- वक्ष्यते हि 'सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते' इति ॥१९॥ किं चान्यत्–

અર્થ- કહેવાશે જે કે-'કષાયવાળો હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે' એ પ્રમાણે (અ. ૮ - સૂ. ૨માં) ॥૧૯॥ વળી,

**सूत्रम्- सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥५-२०॥**

અર્થ- (પૂર્વ સૂત્રોક્ત અને) સુખ, દુઃખ, જીવિત અને મરણમાં નિમિત્ત રૂપ થવું તે પુદ્ગલોનો ઉપકાર (પ્રયોજન) છે.

भाष्यम्- सुखोपग्रहो दुःखोपग्रहो जीवितोपग्रहो मरणोपग्रहश्चेति पुद्गलानामुपकारः ।

અર્થ- સુખમાં નિમિત્તરૂપ, દુઃખમાં નિમિત્તરૂપ, જીવિત (જીવવામાં) નિમિત્તરૂપ અને મરણમાં નિમિત્તરૂપ પુદ્ગલોનો ઉપકાર (પ્રયોજન) છે.

भाष्यम्- तद्यथा-इष्टाः स्पर्शरसगन्धवर्णशब्दाः सुखस्योपकारः, अनिष्टा दुःखस्य, स्नानाच्छादनानुलेपनभोजनादीनि विधिप्रत्युक्तानि जीवितस्यानपवर्तनं चायुष्कस्य, विषशस्त्राग्न्यादीनि मरणस्यापवर्तनं चायुष्कस्य ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- તે આ રીતે, ઈષ્ટ (મનગમતા) સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ, અને શબ્દો સુખના પ્રયોજનરૂપ છે અને તે અણગમતા (સ્પર્શાદિ) દુઃખના (પ્રયોજન રૂપ છે.) સ્નાન, આચ્છાદન (વસ્ત્ર), વિલેપન, ભોજન આદિ વિધિપૂર્વક પ્રયુકત જીવનના નિમિત્તરૂપ અને આયુષ્યના અનપવર્તનરૂપ છે. (અને) વિષ, શસ્ત્ર, અગ્નિ વગેરે મરણના નિમિત્તરૂપ છે અને આયુષ્યના અપવર્તનરૂપ છે.

भाष्यम्- अत्राह-उपपन्नं तावदेतत् सोपक्रमाणामपवर्तनीयायुषाम्, अथानपवर्त्यायुषां कथमिति ?, अत्रोच्यते–

અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે-આ સોપક્રમી અપવર્તનીય આયુષ્યવાળાને યુક્ત છે પણ અનપવર્તનીય આયુષ્યના નિમિત્તરૂપ કેવી રીતે થાય ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

भाष्यम्- तेषामपि जीवितमरणोपग्रहः पुद्गलानामुपकारः, कथमिति चेत्तदुच्यते,

અર્થ- તેમને (અનપવર્તનીય આયુષ્યવાળાને) પણ જીવિત અને મરણના નિમિત્તભૂત પુદ્ગલોનું ઉપકાર (પ્રયોજન) પણું છે- 'તે શી રીતે' એમ પૂછતાં હો તો કહીએ છીએ...

भाष्यम्- कर्मणः स्थितिक्षयाभ्याम्, कर्म हि पौद्गलमिति, आहारश्च त्रिविधः सर्वेषामेवोपकुरुते, किं कारणम् ?, शरीरस्थित्युपचयबलवृद्धिप्रीत्यर्थं ह्याहार इति ॥२०॥

અર્થ- આયુષ્યકર્મની સ્થિતિથી જીવિત છે અને ક્ષયથી મરણ છે. વળી કર્મ એ પુદ્ગલ જ છે. તેમજ ત્રણે પ્રકારનો આહાર બધાને ઉપકાર કરે છે. શા માટે ? (એમ પ્રશ્ન થયે છતે) શરીરની સ્થિતિ, ઉપચય, બળ (શક્તિ) વૃદ્ધિ તથા પ્રીતિ માટે જ આહાર ઉપકારક છે. (તેથી પુદ્ગલો જીવિત-મરણમાં ઉપકારક છે.) ॥૨૦॥

भाष्यम्- अत्राह-गृह्णीमस्तावद्धर्माधर्माकाशपुद्गला जीवद्रव्याणामुपकुर्वन्तीति, अथ जीवानां क उपकार इति ?, अत्रोच्यते–

અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે-તે તો સમજ્યા કે ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ એ જીવ દ્રવ્યને ઉપકારક (પ્રયોજન રૂપ) છે. હવે કહો કે જીવોનો શો ઉપકાર છે ? (ઉત્તરાકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- परस्परोपग्रहो जीवानाम् ॥५-२१॥[1]

અર્થ- પરસ્પર નિમિત્તરૂપ (સહાયરૂપ થવું તે) જીવોનો ઉપકાર છે.

---

૧. प्र.- **उपयोगो लक्षणम्** ॥२-८॥ એ લક્ષણ જીવનું આવ્યું છે તો આ (૫-૨૧)માં અને તે (૨-૮)માં શો ફરક છે. જવાબ-ઉપયોગ એ જીવને સર્વથા-સર્વદા સર્વજીવોને હોય છે. જો કે હોય છે તરતમભાવથી. જ્યારે આ સૂત્ર કાર્યદ્વારા જીવનું લક્ષણ બતાવે છે. ધર્માદિના કાર્ય દ્વારા જે લક્ષણો (ઉપકાર) તે એમના સ્વભાવથી જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- परस्परस्य हिताहितोपदेशाभ्यामुपग्रहो जीवानामिति ॥२१॥
અર્થ- (પરસ્પર) એકબીજાને હિતાહિતના ઉપદેશ નિમિત્ત દ્વારા જીવોનો ઉપકાર છે. ॥૨૧॥

भाष्यम्- अत्राह-अथ कालस्योपकारः क इति ? अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે હવે કાળનો શો ઉપકાર છે ? (ઉત્તરાકાર) કહેવાય છે અહીં-

**सूत्रम्- वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥५-२२॥**

અર્થ- વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ પાંચ પ્રકારે બીજા દ્રવ્યોના નિમિત્તભૂત બનવારૂપ કાળનો ઉપકાર (પ્રયોજન) છે.

भाष्यम्- तद्यथा-सर्वभावानां **वर्तना** कालाश्रया वृत्तिः, वर्तना उत्पत्तिः स्थितिः अथ गतिः प्रथमसमयाश्रया इत्यर्थः ।
અર્થ- તે આ રીતે, સર્વભાવોનું વિદ્યમાનપણું તે કાળના આશ્રયે છે. વર્તના-ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એ પ્રથમ સમય આશ્રિત છે.

भाष्यम्- **परिणामो** द्विविधः-अनादिरादिमांश्च, तं परस्ताद्वक्ष्यामः ।
અર્થ- પરિણામ[1] બે પ્રકારે છે (૧) અનાદિમાન્ અને (૨) આદિમાન્, તે આગળ (અ. ૫ - સૂ. ૪૨ માં) કહીશું.

भाष्यम्- **क्रियागतिः**, सा त्रिविधा-प्रयोगगतिः विस्रसागतिः मिश्रिकेति ।
અર્થ- ક્રિયા એટલે ગતિ. તે ત્રણ પ્રકારે છે. (૧) પ્રયોગ ગતિ (જે જીવની પ્રેરણાથી થાય છે.) (૨) વિસ્રસાગતિ (જે ગતિમાન પદાર્થોમાં સહજગતિ થાય છે.) અને (૩) મિશ્રિકા ગતિ (જે જીવની પ્રેરણાથી અને સહજ ગતિ થાય તે એમ ઉભય રીતે થાય તે).

भाष्यम्- परत्वापरत्वे त्रिविधं- प्रशंसाकृते क्षेत्रकृते कालकृते इति । तत्र प्रशंसाकृते परो धर्मः परं ज्ञानं अपरः अधर्मः अपरमज्ञानमिति, क्षेत्रकृते एकदिक्कालावस्थितयोर्विप्रकृष्टः परो भवति सन्निकृष्टोऽपरः, कालकृते द्विरष्टवर्षाद्वर्षशतिकः परो भवति, वर्षशतिकाद्द्विरष्टवर्षोऽपरो भवति । तदेवं प्रशंसाक्षेत्रकृते परत्वापरत्वे वर्जयित्वा वर्तनादीनि कालकृतानि कालस्योपकार इति ॥२२॥
અર્થ- પરત્વ અને અપરત્વ ત્રણ પ્રકારે (૧) પ્રસંશાકૃત, (૨) ક્ષેત્રકૃત અને (૩) કાલકૃત. તેમાં પ્રસંશાકૃત-ધર્મ પ્રશસ્ત છે, જ્ઞાન તે સર્વોત્તમ છે. અધર્મ-અપ્રશસ્ત છે, અજ્ઞાન નિંદનીય છે.

---

૧. પરિણામ એટલે પોતાની જાતિનો ત્યાગ કર્યા વિના પૂર્વ અવસ્થાનો ત્યાગ અને ઉત્તર અવસ્થાની ઉત્પત્તિ. એવો પરિણામ જીવમાં જ્ઞાનાદિ તથા ક્રોધાદિપણ છે અને પુદ્ગલમાં કાળો, ધોળો વગેરે વર્ણ છે. તથા ધર્માસ્તિકાય વગેરેમાં અગુરૂલઘુ ગુણની હાનિ-વૃદ્ધિરૂપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્ષેત્રકૃત-એક દિશામાં રહીને દૂરના ક્ષેત્રને પર કહે છે અને નજીકના ક્ષેત્રને અપર કહે છે. (જેમકે, અમદાવાદથી શત્રુંજય અપર છે અને સમેતશિખર પર છે, પરત્વ અને અપરત્વ પરસ્પર સાપેક્ષ છે.) કાલકૃત-તે આ પ્રમાણે, સોળ વરસથી સો વર્ષ વાળો પર (મોટો) છે, અને સો વરસથી સોળ વરસવાળો અપર (નાનો) છે. (द्विरष्ट = સોળ). એ પ્રમાણે પ્રસંશાકૃત અને ક્ષેત્રકૃત એ પરત્વ-અપરત્વ છોડીને વર્તનાદિ કાળકૃત છે. તે કાળનો ઉપકાર (પ્રયોજન) છે. (અહીં પરત્વાપરત્વના ત્રણ ભેદમાંથી પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત નથી લેવાનું, માત્ર કાળકૃત લેવાનું છે.) ॥૨૨॥

भाष्यम्- अत्राह-उक्तं भवता शरीरादीनि पुद्गलानामुपकार इति, पुद्गला इति च तन्त्रान्तरीया जीवान् परिभाषन्ते, स्पर्शादिरहिताश्चान्ये, तत्कथमेतदिति, अत्रोच्यते,

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે (અ. ૫. સૂ ૧૯ ના ભાષ્યમાં) શરીરાદિ એ પુદ્ગલોનો ઉપકાર છે. પણ ઈતરદર્શનીતો જીવોને જ પુદ્ગલો કહે છે, કેટલાક (તો પુદ્ગલને) સ્પર્શાદિ રહિત માને છે. તો તે શી રીતે (સંભવે) ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

भाष्यम्- एतदादिविप्रतिपत्तिप्रतिषेधार्थं विशेषवचनविवक्षया चेदमुच्यते–

અર્થ- ઈત્યાદિ વિપરીત માન્યતાના નિષેધ માટે વિશેષ કથન વડે કહેવાની ઈચ્છાથી આ કહેવાય છે.

## सूत्रम्- स्पर्श-रस-गंध-वर्णवन्तः पुद्गलाः ॥५-२३॥

અર્થ- પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે.

भाष्यम्- स्पर्शः रसः गन्धः वर्ण इत्येवं लक्षणाः पुद्गला भवन्ति ।

અર્થ- સ્પર્શ, રસ, ગન્ધ (અને) વર્ણ એ લક્ષણવાળા પુદ્ગલો છે.

भाष्यम्- तत्र स्पर्शोऽष्टविधः-कठिनो मृदुर्गुरुर्लघुः शीत उष्णः स्निग्धः रूक्ष इति, रस पञ्चविधः-तिक्तः कटुः कषायोऽम्लो मधुर इति, गन्धो द्विविधः-सुरभिरसुरभिश्च, वर्णः पञ्चविधः-कृष्णो नीलो लोहितः पीतः शुक्ल इति ॥२३॥ किञ्चान्यत्-

અર્થ- તેમાં સ્પર્શ આઠ પ્રકારે- કઠણ (કર્કશ), મૃદુ (સુંવાળો), ગુરૂ (ભારે), લઘુ (હલકો), શીત (ઠંડો), ઉષ્ણ (ગરમ), સ્નિગ્ધ (ચીકણો) અને રૂક્ષ (લુખો).

રસ પાંચ પ્રકારે- તીખો, કડવો, તુરો, ખાટો અને મીઠો.

ગન્ધ બે પ્રકારે- સુગંધ અને દુર્ગંધ.

વર્ણ પાંચ પ્રકારે- કાળો, લીલો, લાલ, પીળો, અને સફેદ. ॥૨૩॥

વળી.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- शब्द-बन्ध-सौक्ष्म्यं-स्थौल्य-संस्थान-भेद-तमश्छायातपोद्योतवन्तश्च॥५-२४॥**

**અર્થ-** શબ્દ, બન્ધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, આકાર, ભેદ, અંધકાર, છાંયા, આતપ, (અને) ઉદ્યોતવાળા પણ પુદ્ગલો હોય છે.

**भाष्यम्-** तत्र शब्दः षड्विधः-ततो विततो घनः शुषिरो संघर्षो भाषा इति ।

તે (શબ્દાદિ[1]) માં શબ્દ છ પ્રકારે છે.

(૧) તત - (મૃદંગાદિ થી ઉત્પન્ન થયેલો અવાજ તે.)

(૨) વિતત- (વિણા આદિનો અવાજ તે.)

(૩) ઘન- (કાંસાની થાળી ઉપર જે ડંકાથી થતો અવાજ તે)

(૪) શુષિર- (વાંસળી, પાવા વગેરે થી જે અવાજ થાય તે)

(૫) સંઘર્ષ- (લાકડા ઉપર કરવત ઘસવાથી જે અવાજ થાય તે)

અને (૬) ભાષા- (જીવના મુખના પ્રયત્ન વડે ઉત્પન્ન થતાં શબ્દો તે)

**भाष्यम्-** बन्धस्त्रिविधः प्रयोगबन्धो विस्रसाबन्धो मिश्र बन्ध इति, स्निग्धरूक्षत्वाद्भवतीति वक्ष्यते।

**અર્થ-** બન્ધ ત્રણ પ્રકારે છે. (૧) પ્રયોગબંધ (જીવના વ્યાપારથી થતો બંધ તે.) (૨) વિસ્રસાબંધ- (પ્રયોગ વિના સ્વભાવથી થતો બંધ તે.) (૩) મિશ્રબંધ (જીવના પ્રયોગ થી સહચરિત અચેતન દ્રવ્યનો બંધ તે.) સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વથી (પુદ્ગલોનો) બંધ થાય છે. તે (અ. ૫- સૂ. ૩૨ માં) કહેવાશે.

**भाष्यम्- सौक्ष्म्यं** द्विविधम्-अन्त्यमापेक्षिकं च, अन्त्यं परमाणुष्वेव, आपेक्षिकं च द्व्यणुकादिषु संघातपरिणामापेक्षं भवति, तद्यथा-आमलकाद्बदरमिति ।

**અર્થ-** સૂક્ષ્મતા બે પ્રકારે- (૧) અન્ત્ય (સૌથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ) અને (૨) આપેક્ષિક સૂક્ષ્મ (અપેક્ષાથી સૂક્ષ્મ.) અન્ત્ય સૂક્ષ્મ પરમાણુમાં જ હોય છે. (એક અણુ તે પરમાણુ કહેવાય છે) અને આપેક્ષિક સૂક્ષ્મ દ્વયણુકાદિમાં સંઘાતરૂપ પરિણમનની અપેક્ષાએ છે. જેમકે આમળા કરતાં બોર સૂક્ષ્મ છે. (તેમ બોર કરતાં ચણોઠી સૂક્ષ્મ, ત્ર્યણુક કરતાં દ્વયણુક સૂક્ષ્મ, ચતુરણુક કરતાં ત્ર્યણુક સૂક્ષ્મ, તેમ અપેક્ષાએ.)

**भाष्यम्-** स्थौल्यमपि द्विविधम् अन्त्यमापेक्षिकं च, संघातपरिणामापेक्षमेव भवति, तत्रान्त्यं सर्वलोकव्यापिनि महास्कन्धे भवति, आपेक्षिकं बदरादिभ्य आमलकादिष्विति ।

**અર્થ-** સ્થૂલતા પણ બે પ્રકારે છે. (૧) અન્ત્ય અને (૨) આપેક્ષિક. સંઘાતરૂપ પરિણમનની અપેક્ષાવાળું સ્થૌલ્ય છે. તેમાં પહેલો પ્રકાર જે અન્ત્ય સ્થૂલતા-તે સર્વલોક વ્યાપી મહાસ્કન્ધ છે. આપેક્ષિત સ્થૂલતા-નાના કરતાં મોટાની સ્થૂલતા જેમકે બોર કરતાં આમળામાં સ્થૂલતા છે. (આમળા કરતાં દાડમ મોટા-સ્થૂલ છે.)

---

૧. શબ્દ બે પ્રકારે પણ કહેવાય છે. (૧) પ્રાયોગિક અને (૨) વૈસ્રસિક. ઉક્ત છ ભેદ પ્રાયોગિક (જીવના પ્રયત્નથી) ના છે. વૈસ્રસિકમાં વાદળાનો ગર્જારવ વગેરે આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **संस्थानमनेकविधम्दीर्घह्रस्वाद्यनित्थंत्वपर्यन्तम्** ।

અર્થ- આકાર અનેક પ્રકારે છે. તે દીર્ઘ, હ્રસ્વ આદિથી માંડીને અનિત્થન્ત્વ સુધી જાણવા. (અનિત્થન્ત્વ એટલે વ્યવહારમાં પ્રચલિત સંસ્થાનમાંથી કોઈપણ રીતે ન કહી શકાય તે અનિત્થ. જીવ સમ્બન્ધિ સમચતુરસ્રાદિ છ સંસ્થાન છે. તે અહીં લેવાના નથી. આ [દીર્ઘાદિ] પુદ્ગલના સંસ્થાન છે. ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ, આયત, (દીર્ઘ) અને પરિમંડલાકાર આમાનાં કોઈપણ આકારની સાથે ન સરખાવી શકાય તે અનિત્થંત્વ જેમકે, વાદળ. સંસ્થાન = રચના વિશેષ.)

भाष्यम्- भेदः पञ्चविधः औत्कारिकः चौर्णिकः खण्डः प्रतरः अनुतट इति ।

અર્થ- ભેદ પાંચ પ્રકારે છે.

(૧) ઓત્કારિક (-ઘસારાથી જે છૂટું પડે તે ઔત્કારિક ભેદ. જેમ ચંદનાદિ ઘસવાથી.)

(૨) ચૌર્ણિક (ભૂક્કો થઈ જાય તે. જેમકે આટો, ચૂર્ણ)

(૩) ખંડ (ટૂકડા થઈ છૂટા પડે તે. જેમકે, પત્થર વગેરે)

(૪) પ્રતર (પડ છૂટા પડે તે. જેમકે, અબરખના પડ)

(૫) અનુતટ (છોલવા વડે કરી છૂટું પડે તે. જેમકે, વાંસ, શેરડીના છોતરાં વગેરે)

भाष्यम्- **तमश्छायातपोद्योताश्च** परिणामजाः । सर्व एवैते स्पर्शादयः पुद्गलेष्वेव भवंतीत्यतः पुद्गलास्तद्वन्तः ॥

અર્થ- અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત પરિણામથી થયેલ છે. આ બધા જ તેમજ સ્પર્શાદિ પુદ્ગલમાં જ હોય છે. તેથી પુદ્ગલ 'તે વાળું' કહેવાય છે.

भाष्यम्- अत्राह-किमर्थं स्पर्शादीनां शब्दादीनां च पृथक्सूत्रकरणमिति ?, अत्रोच्यते- स्पर्शादयः परमाणुषु स्कन्धेषु च परिणामजा एव भवन्ति । शब्दादयस्तु स्कन्धेष्वेव भवन्त्यनेकनिमित्ताश्चेत्यतः पृथक्करणम् ॥२४॥

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે સ્પર્શાદિનું અને શબ્દાદિનું (૨૩-૨૪ એમ બે) સૂત્ર જુદુ મૂકવાનું કારણ શું ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં- (૨૩ માં સૂત્રવાળું) સ્પર્શાદિ પરમાણુ અને સ્કન્ધ એમ બંનેમાં હોય છે. (એટલે સર્વપુદ્ગલોમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય જ.) જ્યારે (૨૪ માં સૂત્રવાળું) શબ્દાદિ માત્ર સ્કન્ધમાં જ હોય છે અને તે અનેક નિમિત્તવાળા હોય છે. (એટલે સર્વસ્કન્ધમાં હોય છે- એમ નહિ માનવું. પરંતુ કોઈકમાં હોય-કોઈકમાં ન હોય.) ॥૨૪॥

भाष्यम्- त एते पुद्गलाः समासतो द्विविधा भवन्ति, तद्यथा–

અર્થ- ટૂંકમાં- તે પુદ્ગલો બે પ્રકારે છે. તે આ રીતે...

सूत्रम्- अणवः स्कन्धाश्च ।।५-२५।।

અર્થ- અણુઓ અને સ્કન્ધો એમ બે પ્રકારે પુદ્ગલ દ્રવ્યો છે.

भाष्यम्- उक्तं च-कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः । एकरसगन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥१॥ इति ।

અર્થ- (પરમાણુ કેવો છે ?) પુદ્ગલ સ્કન્ધનું જે અન્ત્ય કારણ છે (પુદ્ગલ સ્કન્ધ પરમાણુ વિના બનતો નથી), સૂક્ષ્મ છે, તેમજ નિત્ય છે, દરેક પરમાણુને પાંચ રસ પૈકી એક રસ, એવી રીતે એક વર્ણ, એક ગંધ અને બે સ્પર્શ હોય છે, તે પરમાણુ કાર્યથી જાણી શકાય છે.

भाष्यम्- तत्राणवोऽबद्धाः, स्कन्धास्तु बद्धा एवेति ॥२५॥

અર્થ- (બે પ્રકારના પુદ્ગલ દ્રવ્યો છે) તેમાં અણુઓ છૂટા હોય છે, જ્યારે સ્કન્ધો તો જોડાયેલા જ હોય છે. ।।૨૫।।

भाष्यम्- अत्राह-कथं पुनरेतद् द्वैविध्यं भवतीति ? अत्रोच्यते-स्कन्धास्तावत् ॥

અર્થ- અહીં (જિજ્ઞાસુ) કહે છે કે પુદ્ગલના બે પ્રકાર શી રીતે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં. સ્કન્ધો તો... (સ્કન્ધની ઉત્પત્તિ જણાવે છે)

सूत्रम्- संघातभेदेभ्य उत्पद्यन्ते ।।५-२६।।

અર્થ- સંઘાતથી, ભેદથી અને સંઘાતભેદ ઉભયથી એમ ત્રણ પ્રકારે સ્કન્ધ ઉત્પન્ન થાય છે.

भाष्यम्- संघाताद्भेदात्संघातभेदादिति, एभ्यस्त्रिभ्यः कारणेभ्यः स्कन्धा उत्पद्यन्ते द्विप्रदेशादयः ।

અર્થ- સંઘાતથી (જોડાણથી), ભેદથી (છૂટાપડવાથી) અને સંઘાત ભેદ (ઉભય) થી એમ ત્રણ કારણોથી દ્વિપ્રદેશાદિ સ્કન્ધો ઉત્પન્ન થાય છે.

भाष्यम्- तद्यथा-द्वयोः परमाण्वोः संघाताद् द्विप्रदेशः, द्विप्रदेशस्याणोश्च संघातात्त्रिप्रदेशः, एवं संख्येयानामसंख्येयानामनन्तानामनन्तानन्तानां च प्रदेशानां संघातात् तावत्प्रदेशाः ।

અર્થ- તે આ રીતે, બે પરમાણુ સંઘાતથી-તે દ્વિપ્રદેશી સ્કન્ધ, બે પ્રદેશ અણુ સાથે જોડાવાથી ત્રિપ્રદેશી સ્કન્ધ, એ પ્રમાણે સંખ્યાતા, અસંખ્યાતા, અનન્તા અને અનન્તાન્ત પ્રદેશોના જોડાવાથી તેટલા પ્રદેશી સ્કન્ધ ઉત્પન્ન થાય. (હવે બીજો પ્રકાર કહે છે...)

भाष्यम्- एषामेव भेदाद्द्विप्रदेशपर्यन्ताः ।

અર્થ- તેમનો (જોડાણ પામેલા સ્કન્ધનો) જ ભેદથી (અર્થાત્ છૂટા પડવાથી) બે પ્રદેશ સુધીના ઉત્પન્ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયેલા સ્કન્ધો તે (ભેદસ્કન્ધ.) (હવે ત્રીજો પ્રકાર કહે છે...)

भाष्यम्- एत एव संघातभेदाभ्यामेकसामयिकाभ्यां द्विप्रदेशादयः स्कन्धा उत्पद्यन्ते, अन्यस्य संघातेनान्यतो भेदेनेति ॥२६॥

અર્થ- અને એ જ (સ્કન્ધો) એક જ સમયમાં સંઘાત અને ભેદથી દ્વિપ્રદેશાદિ સ્કન્ધ ઉત્પન્ન થાય તો તે સંઘાત-ભેદ (ઉભય) થી સ્કન્ધ ઉત્પન્ન થયો એમ કહેવાય. (જેમકે જે સમયમાં સ્કન્ધની સાથે બીજો પરમાણુ કે સ્કન્ધ જોડાયો તે જ સમયમાં પહેલા સ્કન્ધનો પરમાણુ કે સ્કન્ધ છૂટો પડ્યો-તો તે વખતે જે સ્કન્ધ રહ્યો તે ઉભયથી રચાયેલો સ્કન્ધ કહેવાય.) ॥૨૬॥

भाष्यम्- अत्राह-अथ परमाणुः कथमुत्पद्यत इति ? अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે હવે પરમાણુ શી રીતે ઉત્પન્ન થાય છે ? (તે કહો ને) (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

## सूत्रम्- भेदादणुः ॥५-२७॥

અર્થ- પરમાણુ ભેદથી જ ઉત્પન્ન થાય છે.

भाष्यम्- भेदादेव परमाणुरुत्पद्यते, न संघातादिति ॥२७॥

અર્થ- ભેદથી જ પરમાણુ ઉત્પન્ન થાય છે. પરન્તુ સંઘાત થી નહિ. ॥૨૭॥

## सूत्रम्- भेदसंघाताभ्यां चाक्षुषाः ॥५-२८॥

અર્થ- ભેદ અને સંઘાત (એમ ઉભય) થી થયેલા સ્કન્ધો ચક્ષુગ્રાહ્ય છે.

भाष्यम्- भेदसंघाताभ्यां चाक्षुषाः स्कन्धा उत्पद्यन्ते, अचाक्षुषास्तु यथोक्तात्संघाताद्भेदात्संघातभेदाच्चेति ॥२८॥

અર્થ- ભેદ અને સંઘાત (સ્કન્ધનો ત્રીજો પ્રકાર-ઉભય) થી દર્શનીય સ્કન્ધો ઉત્પન્ન થાય છે.[1] અદર્શનીય તો જેમ પૂર્વોક્ત સંઘાતથી, ભેદથી અને સંઘાત ભેદ (ઉભય) થી ઉત્પન્ન થાય છે. ॥૨૮॥

भाष्यम्- अत्राह-धर्मादीनि सन्तीति कथं गृह्यत इति ?, अत्रोच्यते, लक्षणतः ॥ किं च सतो लक्षणमिति ? अत्रोच्यते–

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે ધર્માદિ દ્રવ્યો વિદ્યમાન છે તે શી રીતે કહેવાય ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં. (જવાબ) લક્ષણથી. (જિજ્ઞાસુ) વળી વિદ્યમાન (સત્) નું લક્ષણ શું ? (ઉત્તરકાર)

૧. જેટલા સ્કન્ધો ભેદ-સંઘાત (એમ ઉભય) થી થયા છે, તે બધા જ દેખાય છે તેમ ન સમજવું, પરન્તુ જે દેખાય છે તે બધાજ સંઘાત-ભેદ એમ ઉભયથી ઉત્પન્ન થયા છે. તેમ સમજવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં કહેવાય છે.

सूत्रम्- उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ।।५-२९।।

અર્થ- ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા આ ત્રણ યુક્ત જે છે તે સત્ કહેવાય છે (અર્થાત્ વિદ્યમાન છે.)

भाष्यम्- उत्पादव्ययाभ्यां ध्रौव्येण च युक्तं सतो लक्षणम्, यदुत्पद्यते यद्व्येति यच्च ध्रुवं तत्सत्, अतोऽन्यदसदिति ॥२९॥

અર્થ- સત્ નું લક્ષણ-ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા સહિત (જે) છે તે સત્ છે. જે ઉત્પન્ન થાય છે, જે નાશ પામે છે અને જે સ્થિર રહે છે તે સત્ એટલે વિદ્યમાન અને તેનાથી વિપરીત તે અસત્ (અવિદ્યમાન.) ॥૨૯॥

भाष्यम्- अत्राह-गृह्णीमस्तावदेव लक्षणं सदिति, इदं तु वाच्यं-तत्किं नित्यमाहोस्विदनित्यमिति ?, अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે આ લક્ષણવાળું સત્' તે અમે સમજ્યા. પરંતુ તે તો કહો કે શું તે (સત્) નિત્ય કે અનિત્ય ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

सूत्रम्- तद्भावाव्ययं नित्यम् ।।५-३०।।

અર્થ- તે (સત્) સ્વસ્વરૂપથી જે ન ફરે (ન બદલાય) તે નિત્ય. (ઉત્પાદ, વિનાશ અને સ્થિરતા એ સ્વભાવથી જે ચ્યૂત ન થાય તે નિત્ય.)

भाष्यम्- यत्सतो भावान्न व्येति न व्येष्यति तन्नित्यमिति ॥३०॥

અર્થ- જે સત્ સ્વભાવથી ફરતું નથી અને કયારે પણ બદલાશે નહિ તે નિત્ય જાણવું. ॥૩૦॥

सूत्रम्- अर्पितानर्पितसिद्धेः ।।५-३१।।

અર્થ- અપેક્ષાથી કે અપેક્ષાન્તરથી તે સિદ્ધ થઈ શકે છે. (અથવા, એક યા બીજી અપેક્ષાથી તે સિદ્ધ થાય છે. અથવા, અર્પણા અને અનર્પણાથી એ સાબિત થઈ શકે છે. અથવા, વિવક્ષાનુસાર મુખ્ય-ગૌણભાવથી વ્યવહાર કરી શકાય છે.)

भाष्यम्- सच्च त्रिविधमपि नित्यं च उभे अपि अर्पितानर्पितसिद्धेः, अर्पितं व्यावहारिकमनर्पितम-व्यावहारिकं चेत्यर्थः, तच्च सच्चतुर्विधम्, तद्यथा-द्रव्यास्तिकं मातृकापदास्तिकमुत्पन्नास्तिकं पर्यायास्तिकमिति, एषामर्थपदानि द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा सत्, असन्नाम नास्त्येव द्रव्यास्तिकस्य। मातृकापदास्तिकस्यापि, मातृकापदं वा मातृकापदे वा मातृकापदानि वा सत्,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अमातृकापदं वा अमातृकापदे वा अमातृकापदानि वा असत् । उत्पन्नास्तिकस्य, उत्पन्नं वोत्पन्ने वोत्पन्नानि वा सत्, अनुत्पन्नंवाऽनुत्पन्नेवाऽनुत्पन्नानि वाऽसत् । अर्पितेऽनुपनीते न वाच्यं सदित्यसदिति वा, पर्यायास्तिकस्य सद्भावपर्याये वा सद्भावपर्याययोर्वा सद्भावपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा सत्, असद्भावपर्याये वा असद्भावपर्याययोर्वा असद्भावपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वाऽसत्, तदुभयपर्याये वा तदुभयपर्याययोर्वा तदुभयपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा न वाच्यं सदित्यसदिति वा, देशादेशेन विकल्पयितव्यमिति ॥३१॥

અર્થ- ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા એમ ત્રિવિધરૂપે સત્ અને નિત્ય એમ બન્નેય એક યા બીજી અપેક્ષાથી સિદ્ધ થઈ શકે છે. (આ રીતે અર્પિત (અપેક્ષા) થી અને અનર્પિત (અપેક્ષાન્તર-બીજી અપેક્ષા) થી વ્યવહાર થઈ શકે છે. એટલે અર્પિત વ્યવહાર-અનર્પિત વ્યવહાર.)

-હવે તે સત્ ચાર પ્રકારે છે. તે આ રીતે, (૧) દ્રવ્યાસ્તિક, (૨) માતૃકાપદાસ્તિક, (૩) ઉત્પન્નાસ્તિક (અને ૪) પર્યાયાસ્તિક.

-(દ્રવ્યાસ્તિકના) અર્થપદો-એક દ્રવ્ય છે, બે દ્રવ્યો છે કે ઘણાં દ્રવ્યો છે તે સત્. દ્રવ્યાસ્તિકમાં અસત્નામ (અસત્ વિકલ્પો) નથી હોતા.

-માતૃકાપદાસ્તિકના પણ-એક વચન માતૃકાપદ, દ્વિવચન માતૃકાપદ કે બહુવચનમાતૃકાપદો તે સત્. અને એક અ માતૃકાપદ, બે અ માતૃકાપદ કે ઘણાં અ માતૃકાપદ તે અસત્.

-ઉત્પન્નાસ્તિકના (વિકલ્પો)- એ.વ. ઉત્પન્ન, દ્વિ. વ. ઉત્પન્ન કે બ.વ. ઉત્પન્ન તે સત્. અને એ.વ. અનુત્પન્ન, દ્વિ.વ. અનુત્પન્ન કે બ.વ. અનુત્પન્ન તે અસત્. વિવક્ષિત અપેક્ષાએ ક્રમપૂર્વક યુગપત્ વાચ્ય નથી. (એટલે આત્મતત્વાદિ સત્ કે અસત્ એક સાથે કહી શકાશે નહિ.)

-પર્યાયાસ્તિકના (વિકલ્પો) એક સદ્ભાવપર્યાયમાં, બે સદ્ભાવપર્યાયમાં કે ઘણાં સદ્ભાવ પર્યાયમાં અપેક્ષિત એક દ્રવ્ય, બે દ્રવ્ય કે ઘણાં દ્રવ્યો સત્ છે. (જેની વિવક્ષા નથી. પરંતુ બીજા પર્યાયોમાં છે ખરા-એવા) અસદ્ભાવપર્યાય એકવચન અસદ્ભાવપર્યાય, દ્વિ.વ. અસદ્ભાવપર્યાય બ.વ. અસદ્ભાવપર્યાયમાં અપેક્ષિત એક દ્રવ્ય કે બે દ્રવ્ય કે ઘણાં દ્રવ્યો તે અસત્ છે. સત્ અસત્ રૂપ એક ઉભયપર્યાયમાં, બે ઉભયપર્યાયમાં કે ઘણાં ઉભયપર્યાયમાં આદિષ્ટ (અપેક્ષિત) એક દ્રવ્ય, બે દ્રવ્ય કે ઘણાં દ્રવ્યો તે સત્ કે અસત્ એમ બંને રીતે કહેવાય નહિ. (અહીં સુધી કુલ ત્રણ ભાંગા સપ્તભંગીના થયા.) સકલાદેશ અને વિકલા દેશથી બાકીના ભાંગા કરી લેવા. [વિશેષ સમજુતી] ઉપર સત્ના લક્ષણમાં (૨૯ માં સૂત્રમાં) ઉત્પાદ-વ્યય-ધ્રુવથી યુકત તે સત્ નું લક્ષણ આપ્યું છે અને ૩૦ માં સૂત્રમાં સત્ ભાવથી અવ્યય તે નિત્ય છે. કારણકે તે પોતાના સ્વભાવથી ચ્યૂત નથી થતું. વળી આ અધ્યાયના ૩જા સૂત્રમાં (નિત્યાવસ્થિતાન્યરૂપાણિ ૫-૩ માં) સર્વદ્રવ્યો નિત્ય જણાવ્યા છે. એટલે શંકાકાર શંકા કરે કે સત્ નિત્ય છે, સત્ વ્યયવાળું પણ છે અને નિત્ય અવ્યયવાળું છે. તો સત્ નિત્ય શી રીતે ? અને નિત્ય એ સત્ કઈ રીતે હોઈ શકે ? તથા ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા ત્રણે એક સાથે શી રીતે ઘટે ? તેનાં જવાબ માટે આ ૩૧ મું સૂત્ર છે. તે વાત સિદ્ધ થઈ શકે-અપેક્ષાથી અને અપેક્ષાન્તરથી' ઈતિ સૂત્રાર્થ. ભાષ્ય વિવેચન- સત્-ઉત્પાદ, વ્યય અને ધ્રુવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ લક્ષણ યુકત છે. સત્ નિત્ય છે, જ્યારે વિવક્ષિત સત્ ની ધ્રુવ અંશ તરફ વિવક્ષા થાય ત્યારે સત્ નિત્ય લાગે છે. પરંતુ જયારે સત્ ઉત્પાદ-વ્યયરુપ પર્યાય તરફ લક્ષ જાય ત્યારે તે સત્ ઉત્પત્તિ અને નાશ હોવાને કારણે અનિત્ય લાગે છે. પરંતુ ખરી રીતે સત્માં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ત્રણેય છે અને તે નિત્ય જ છે. જયારે વિવક્ષાભેદથી અનિત્ય પણ લાગે છે. તે આપણે જોયુ. આ રીતે અર્પિત-અનર્પિતથી એક જ વસ્તુમાં નિત્યત્વ અનિત્યત્વ તેમજ સ્થિરત્વ અને ઉત્પાદવ્યયથી અસ્થિરત્વ સિદ્ધ થાય છે. આ બધુ નયભેદથી સિદ્ધ થઈ શકે તેમ છે. -अर्पित व्यवहारिकं આ રીતે વ્યવહારમાં અર્પિત અને અનર્પિત બંને જાતના વ્યવરહાર થઈ શકે છે. એટલે અર્પિત વ્યવહારિક અનેક અનર્પિત વ્યવહારિક એ અર્થ છે. એમ સમજવુ. પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે. અને અનેક રીતે તેનો વ્યવહાર થઈ શકે છે અર્પણા-અનર્પણાથી કે મુખ્યગૌણ ભાવથી. અપેક્ષા ભેદથી કોઈપણ એક વસ્તુના અનેક ધર્મો પૈકી કોઈ એક ધર્મનું અને કયારેક એમાં રહેલા બીજા વિરુદ્ધ દેખાય છે. તે ધર્મનો વ્યવહાર કરીએ ત્યારે એ કોઈ પણ અપ્રામાણિક સાબિત થતું નથી. પરંતુ પ્રામાણિક સિદ્ધ થાય છે. જેમકે આત્મા નિત્ય-અનિત્ય. દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય. આ રીતે વ્યવહારમાં વિરુદ્ધ દેખાતા ધર્મો સંબંધી જે રીતે કહેલું હોય ત્યારે મુખ્ય-ગૌણભાવે કહેવાય છે. જયારે એમ કહેવાય કે બધા આત્મા સરખા છે ત્યારે આત્મા (સત્) ને ધ્રુવઅંશથી વિવક્ષા (વ્યવહાર) થયેલ છે. જયારે એમ કહેવાય કે બધા જીવ સરખા હોતા નથી. ત્યારે એમાં પર્યાયદ્રષ્ટિથી વિવક્ષા (વ્યવહાર) છે. આ રીતે દ્રવ્ય અને પર્યાય દ્રષ્ટિથી જુદો જુદો વ્યવહાર વિવક્ષાથી કરી શકાય છે. એવી રીતે, એકત્વ- અનેકત્વ ધર્મયુગ્મ લેવાય. -सच्चतुर्विध... હવે સત્ ચાર પ્રકારે છે તે આ રીતે, (૧) દ્રવ્યાસ્તિક (૨) માતૃકાપદાસ્તિક (૩) ઉત્પન્નાસ્તિક અને (૪) પર્યાયાસ્તિક. અહીંયા સત્ નિત્ય છે, અસત્ અનિત્ય છે. સત્ ના ચાર ભેદ થાય છે: નહિ ત્રણ કે નહિ પાંચ. તેમાં દ્રવ્યાસ્તિક અને માતૃકાપદાસ્તિક તે દ્રવ્યનય છે. ઉત્પન્નાસ્તિક અને પર્યાયાસ્તિક તે પર્યાયનય છે. જ્યાં હોવાપણાની અર્થાત્ અસ્તિપણાની બુદ્ધિ છે તેનું નામ આસ્તિક. 'સત્' દ્રવ્ય છે એટલે દ્રવ્યાસ્તિકનયના પ્રતિપાદનથી દ્રવ્યનું અસ્તિપણું છે. દ્રવ્યાસ્તિકમાં એકલો સત્ વિકલ્પ છે. (અસત્ વિકલ્પ ન હોય ) જેમકે, 'જીવ એક દ્રવ્ય છે.' તો જીવની અપેક્ષાએ જીવદ્રવ્ય છે. તે દ્રવ્ય અર્પણા થઈ. બીજા ચાર દ્રવ્યો છે તે અહીં ગૌણ છે = અનર્પણા છે. એટલે કુલ પાંચ વિકલ્પો થયા. (અનર્પણા ૪ + અર્પણાનો ૧ = ૫) એવી રીતે બે દ્રવ્યો-બે સંયોગ કોઈ પણ બે દ્રવ્યો જોડકાની અર્પણાથી અને બાકીના અનર્પણાથી-દશવિકલ્પો થાય. તેમ ઘણાં દ્રવ્યો સાથેનો અર્પણાથી તેમજ અનર્પણાથી ત્રણ સંયોગી દશ વિકલ્પો થાય, ચાર સંયોગી દશ અને પાંચ સંયોગી એક વિકલ્પ થાય. એમ કુલ વિકલ્પો ૩૬ થાય. એટલે એક સંયોગીના પાંચ, બે સંયોગીના ૧૦, ત્રણ સંયોગીના, દશ ચાર સંયોગીના દશ અને પાંચ સંયોગીનો એક એમ કુલ છત્રીસ[1] વિકલ્પો થયા. અહીં એક બે કે તેથી વધુ સંખ્યા દ્રવ્ય ઉપર સ્વતંત્ર રીતે ઘટાવે છે.

---

૧. પંડિતવર્યશ્રી પ્રભુદાસભાઈએ બહાર પાડેલ તત્ત્વાર્થસૂત્રના ૧લા ભાગમાં પૃ. નં. ૨૯૬, પંક્તિ ૧૦મી માં ચતુ:સંયોગીના ૧૦ ભાંગા લખ્યા છે. પરંતુ અમારા ખ્યાલમાં પાંચ વસ્તુના ચતુ:સંયોગી ભાંગા પાંચ થાય જેથી કુલ સંખ્યા ૩૬ ને બદલે ૩૧ થાય. આમ અમને બેસે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-દ્રવ્યાસ્તિક સ્વતંત્ર હોઈ શકતું નથી કેમકે દ્રવ્યાસ્તિકમાં એકલો સત્ વિકલ્પ છે. જ્યારે માતૃકામાં સત્ અને અસત્ બંનેય વિકલ્પો છે. એટલે અસ્તિકમાં દ્રવ્યપ્રધાન છે માટે દ્રવ્યાસ્તિક.
-માતૃકાપદાસ્તિકમાં અસત્ વિકલ્પ છે. અર્થાત્ સત્ અને અસત્ બંને વિકલ્પો છે. તેમાં માતૃકાપદની મુખ્યતા છે. તેના ઉપર દ્રવ્ય ઘટાવતાં નથી. તેમાં સત્ વિકલ્પ પણ આવે છે. અમાતૃકાપદ ઉપર ઘટાવતાં અસત્ વિકલ્પનો અભાવ થતો નથી. જેથી અસત્ વિકલ્પ પણ આવે છે. આ રીતે સત્ = અસ્તિ, અસત્ = નાસ્તિ. આ બે ભાંગા અસ્તિ-નાસ્તિ અપેક્ષાએ કે બીજી અપેક્ષાએ ભેગા કરવાથી સત્ પણ નહિ કહી શકાય કે અસત્ પણ નહિ કહી શકાય. એટલે અસ્તિ-નાસ્તિ એ બે યુગપદ્ કહેવાશે.
-હવે ઉત્પન્નાસ્તિકમાં સત્-અસત્-અવાચ્ય એ ત્રણ વિકલ્પો છે.
-પર્યાયાસ્તિકમાં પણ સત્-અસત્-અવાચ્ય એમ ત્રણ વિકલ્પો છે.
-ઉત્પાદ- વ્યય-ધ્રુવ-ઉપન્નેઈવા વિગમેઈ વા ધુવેઈવા આ ત્રણ માતૃકાપદ છે. ઉપન્નેઈવા = ઉત્પન્ન થાય છે, વિગમેઈવા = નાશ થાય છે અને ધુવેઈવા = સ્થિર રહે છે. ત્રણેય માતૃકાપદમાં ઈ શબ્દ છે. એટલે ઉત્પન્ન થાય છે એમ કહે છે, પણ તેજ સમયે ઈ શબ્દથી નાશ અને ધ્રુવતા પણ અધ્યાહારથી જણાવે છે. આનું નામ સ્યાદ્વાદ છે. એટલે ઉત્પન્ન થાય છે- એમ બોલતા નાશ અને સ્થિર પણ અધ્યાહારથી છે. એ જ પ્રમાણે વિગમેઈવા, ધુવેઈવા સમજવું.
-અસ્તિ-નાસ્તિ-અવાચ્ય અથવા સત્-અસત્-અવક્તવ્ય. એક અર્પણાથી સત્ છે બીજી અર્પણાથી અસત્ છે. (૧) સ્યાદ્ અસ્તિ-સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ સ્વરૂપથી છે. (૨) સ્યાદ્ નાસ્તિ-પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ, પરરૂપે (૩) સ્યાદ્ અવક્તવ્ય - તે બંને જણાવવામાટે કોઈ શબ્દ નથી. એટલે અવક્તવ્ય. (૪) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ - પદાર્થ એક સમયે સ્વરૂપે છે અને તે જ સમયે પરરૂપે નથી. સત્ અને અસત્ બંને એક સાથે છે. એ ચોથો ભાંગો અસ્તિ-નાસ્તિ થયો. (૫) સ્યાદ્ અસ્તિ અવક્તવ્ય-પદાર્થ સ્વસ્વરૂપે છે અને તેજ વખતે અવક્તવ્ય છે માટે સ્યાદ્ અસ્તિ અવક્તવ્ય. (૬) સ્યાદ્ નાસ્તિ અવક્તવ્ય- પદાર્થ પરરૂપે નથી અને તે જ વખતે અવક્તવ્ય છે. તેથી સ્યાદ્નાસ્તિ અવક્તવ્ય છે. (૭) સ્યાદ્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય- એ જ રીતે પદાર્થમાં અસ્તિપણું નાસ્તિપણું અને અવક્તવ્ય એક સાથે જ છે. માટે અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય એ સાતમો ભાંગો.

આ સાત ભાંગા તે સપ્તભંગી કહેવાય છે. તેથી ઓછા વધતા થાય નહિ. અર્થાત્ છ કે આઠ થાય નહિ. આ સાત પ્રકારના વચનપ્રકાર છે. ऐषां अर्थपदानि આ પ્રમાણે દ્રવ્ય-પર્યાયનય ભેદથી અર્થ એક દ્રવ્ય છે, બે દ્રવ્ય છે, ઘણાં દ્રવ્ય છે. તે સત્ છે અને નાસ્તિભેદે અસત્ છે. मातृकापदास्ति - માતૃકાપદનું પણ માતૃકાપદ એકવચન, માતૃકા પદ દ્વિ.વ. અને માતૃકાપદ બ.વ. તે સત્ છે અને અમાતૃકાપદ એ.વ. માં, અમાતૃકાપદ દ્વિ.વ માં અને અમાતૃકાપદ બ.વ. માં નથી તે અસત્. આ પ્રમાણે દ્રવ્યાસ્તિક અને માતૃકાપદાસ્તિક એ બંનેનો દ્રવ્યાર્થિક નયમાં સમાવેશ થયો. હવે ઉત્પન્નાસ્તિક જે પર્યાયાર્થિક નય છે તે કહીએ છીએ. उत्पन्नास्तिकस्य... ઉત્પન્નાસ્તિકનું એટલે પર્યાયાર્થિક નયનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળ ઋજુસૂત્રનય છે. વર્તમાન ક્ષણે સર્વ હોય છે એટલે ઉત્પન્ન થયેલું છે. પ્રતિ ક્ષણે પૂર્વપૂર્વ ક્ષણનાનાશ અને ઉત્તર-ઉત્તર ક્ષણની ઉત્પત્તિથી એ ઉત્પાદ જ વસ્તુનું લક્ષણ છે. એટલે ઉત્પન્નાસ્તિકમાં ઉત્પન્ન એ.વ., દ્વિ.વ., અને બ.વ એમ સત્ અને અનુત્પન્નમાં અનુત્પન્ન એ.વ., દ્વિ.વ, બ.વ. એ અસત્ છે. પુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, તમ:, છાયા એ ઉત્પાદ લક્ષણવાળા છે તે સત્ છે. નથી ઉત્પન્ન થતા તે અસત્ છે. ધર્મ, અધર્મ, આકાશનું પણ ગતિ સ્થિતિ અને અવગાહન કરનાર પ્રતિક્ષણે ગતિસ્થિતિ અવગાહ કરે છે. તે એનો ઉત્પાદ છે. એજ એનો વર્તમાન ક્ષણ સત્ છે, એજ પર્યાયાસ્તિકે ઉત્પન્ન- ઋજુસૂત્રનયથી. अर्पितेऽनुपनीते વિવક્ષિત અપેક્ષાએ ક્રમપૂર્વક અસ્તિનાસ્તિ યુગપદ્ વાચ્ય નથી. એટલે આત્મતત્ત્વાદિ સત્ કે અસત્ એક સાથે કહી શકાશે નહિ. એટલે એને સપ્તભંગીનો અવક્તવ્ય ભાંગો જાણવો. જે ઉપર આગળ આવી ગયો છે. पर्यायास्तिकस्य પર્યાયાસ્તિકના એક સદ્ભાવપર્યાયમાં, બે સદ્ભાવપર્યાયમાં કે ઘણાં સદ્ભાવપર્યાયમાં એક-બે કે ઘણાં દ્રવ્યો સત્ છે. (સપ્તભંગીનો પહેલો ભાંગો) અસદ્ભાવપર્યાયમાં એક વ., દ્વી.વ., અને બ.વ.માં અપેક્ષિત એક-બે કે ઘણાં દ્રવ્યો અસત્ છે. (સપ્ત ભંગીનો ૨જો ભાંગો) तदुभयपर्यायेवा ઉભય એટલે સદસદ્ભાવ ઉભયપર્યાય એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં અપેક્ષિત એક બે કે ઘણાં દ્રવ્યો સત્ કે અસત્ ન કહી શકાય (ન કહેવાય.) (આ સપ્ત ભંગીનો ત્રીજો ભાંગો અવકતવ્ય.) આ ત્રણ ભાંગા સંગ્રહ અને વ્યવહારનયની અપેક્ષાએ સકલાદેશ કહ્યા છે. એ દ્રવ્યને આશ્રયી છે. હવે પર્યાયને આશ્રયિને વિકલાદેશના ચાર ભાંગા છે. देशादेशेन-સકલાદેશ અને વિકલાદેશથી બાકીના ભાંગા કરી લેવા. ૪ થો ભાંગો - ૧ લો અસ્તિ અને ૨જો નાસ્તિ એમ બેના સંયોગથી ચોથો ભાંગો અસ્તિનાસ્તિ, ૫ મો ભાંગો - ૧ લો અને ૩જાના સંયોગ થી પાંચમો - અસ્તિઅવકતવ્ય, ૬ ઠ્ઠો ભાંગો - ૨જા અને ૩જા ના સંયોગથી ૬ ઠ્ઠો- નાસ્તિઅવકતવ્ય, ૭ મો ભાંગો - ૧ લો, ૨ જો, ૩ જો ના સંયોગથી ૭મો અસ્તિનાસ્તિઅવક્તવ્ય. અહીં પહેલા ત્રણ ભાંગામાં બધા દ્રવ્યો કહેવાય છે અને ૪ થા આગળ અંશ-અંશની અપેક્ષાએ કહેવાય છે માટે 'દેશાદેશેન' એ શબ્દ વાપર્યો છે. દ્રવ્યોના અનેક પર્યાયો છે. તે એક અગર બીજી અપેક્ષાએ સિદ્ધ કરી શકાય છે. સત્, અસત્, નિત્ય, અનિત્ય આદિ અનેક ધર્માત્મક દ્રવ્યો છે. સંખ્યા પરિમાણ, આકાર આદિ પર્યાયની અપેક્ષાએ સત્-અસત્, નિત્ય-અનિત્ય આદિ સ્વભાવ થાય છે. એ પ્રમાણે સત્-અસત્, નિત્ય-અનિત્ય આદિ સ્વભાવવાળું જગત્ પંચાસ્તિકાયાત્મક છે. તે અર્પિત અનર્પિત લક્ષણ સકલશાસ્ત્રગર્ભ (રહસ્ય) ત્રિસૂત્રીના પ્રકરણથી સ્યાદ્વાદપ્રક્રિયા સંગત થાય છે. એજ अर्पितानर्पित सिद्धेः' ॥૩૧॥

भाष्यम्- अत्राह-उक्तं भवता 'संघातभेदेभ्यः स्कन्धा उत्पद्यन्त' इति, तत्किं संयोगमात्रादेव संघातो भवति ?, आहोस्विदस्ति कश्चिद्विशेष इति?, अत्रोच्यते, सति संयोगे बद्धस्य संघातो भवतीति।
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે આપશ્રીએ (અ. ૫ -સૂ .૨૬ માં) કહ્યું છે કે સંઘાતભેદથી સ્કન્ધો ઉત્પન્ન થાય છે. તો તે શું સંયોગ માત્રથી સંઘાત થઈ જાય છે ? અથવા બીજો કોઈ વિશેષ છે એમાં ? (ઉત્તરકાર) સંયોગ હોતે છતે એકત્વપરિણતિવાળાનો સંઘાત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-अथ कथं बन्धो भवतीति ?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે બંધ શી રીતે થાય છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

**सूत्रम्- स्निग्धरूक्षत्वाद् बन्धः ।।५-३२।।**

અર્થ-સ્નિગ્ધતા (ચિકાશ) અને લુખાપણાથી બન્ધ થાય છે.

भाष्यम्- स्निग्धरूक्षयोः पुद्गलयोः स्पृष्टयोर्बन्धो भवतीति ॥३२॥
અર્થ- સંયોગપામેલ સ્નિગ્ધ અને રુક્ષ (લુખા) પુદ્ગલોનો બન્ધ થાય છે. ॥૩૨॥

भाष्यम्- अत्राह-किमेष एकान्त इति ?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે શું એ એકાન્તે છે ? (ઉત્તરાકાર) અહીં કહેવાય છે.

**सूत्रम्- न जघन्यगुणानाम् ।।५-३३।।**

અર્થ- જઘન્યગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય.

भाष्यम्- जघन्यगुणस्निग्धानां जघन्यगुणरूक्षाणां च परस्परेण बन्धो न भवतीति ॥३३॥
અર્થ- જઘન્ય ગુણવાળા સ્નિગ્ધનો અને જઘન્યગુણવાળા રુક્ષનો પરસ્પર બન્ધ થતો નથી. ॥૩૩॥

भाष्यम्- अत्राह-उक्तं भवता जघन्यगुणवर्जानां स्निग्धानां रूक्षेण रूक्षाणांच स्निग्धेन सह बन्धो भवतीति, अथ तुल्यगुणयोः किमत्यन्तप्रतिषेध इति ?, अत्रोच्यते, न जघन्यगुणानामित्यधिकृत्येदमुच्यते
અર્થ- (શંકાકાર) અહીં કહે છે કે-જઘન્યગુણ સિવાયના સ્નિગ્ધ પુદ્ગલોનો રુક્ષ પુદ્ગલ સાથે અને રુક્ષનો સ્નિગ્ધ સાથે બંધ થાય છે ? (કે પછી) શું સરખા ગુણવાળા બંનેનો તદ્દન નિષેધ છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં- જઘન્યગુણના નિષેધ અધિકારથી કહેવાય છે.

**सूत्रम्- गुणसाम्ये सदृशानाम् ।।५-३४।।**

અર્થ- ગુણની તુલ્યતા ધરાવતા હોવા છતાં સ્વજાતિયનો બંધ થતો નથી.

भाष्यम्- गुणसाम्ये सति सदृशानां बन्धो न भवति, तद्यथा-तुल्यगुणस्निग्धस्य तुल्यगुणस्निग्धेन तुल्यगुणरूक्षस्य तुल्यगुणरूक्षेणेति ।
અર્થ- ગુણની સામ્યતા હોવા છતાં સરખેસરખાનો બંધ થતો નથી. જેમકે, ગુણમાં સામ્યતાવાળા સ્નિગ્ધપુદ્ગલોનો ગુણમાં સામ્યતાવાળા સ્નિગ્ધપુદ્ગલ સાથે, (તેમજ) ગુણમાં સામ્યતાવાળા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂક્ષપુદ્ગલોનો-ગુણમાં સામ્યતાવાળા રૂક્ષપુદ્ગલ સાથે (બન્ધ થતો નથી.)

**भाष्यम्- अत्राह- सदृशग्रहणं किमपेक्षत इति ?, अत्रोच्यते-गुणवैषम्ये सदृशानां बन्धो भवतीति ॥३४॥**

અર્થ- (શંકાકાર) અહીં પ્રશ્ન કરે છે કે 'सदृशानाम्' અહી સદશનું ગ્રહણ શા માટે કર્યું છે. (એટલે સદશમાત્રનો બંધ ન થાય કે સદશનો બંધ થાય ?) (ઉત્તરકાર) અહીં (સદશનું ગ્રહણ એટલા માટે છે કે ગુણની સામ્યતા હોય ત્યાં સદશનો બંધ ન થાય. પણ જ્યાં) ગુણની વિષમતા હોય ત્યાં સદશનો બંધ થાય. ॥૩૪॥

**भाष्यम्- अत्राह-किमविशेषेण गुणवैषम्ये सदृशानां बन्धो भवतीति ?, अत्रोच्यते-**

અર્થ- (શંકાકાર) અહી પૂછે છે કે શું અવિશેષણપણે ગુણની વિષમતા હોતે છતે સરખે સરખાનો બંધ થાય છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં- (રૂક્ષ-રૂક્ષ, સ્નિગ્ધ-સ્નિગ્ધ)

## सूत्रम्- द्वयधिकादिगुणानां तु ॥५-३५॥

અર્થ- બે આદિ અધિકગુણવાળા સરખે સરખા (સ્નિગ્ધ-સ્નિગ્ધ કે રૂક્ષ-રૂક્ષ) નો બંધ થાય છે.

**भाष्यम्- द्व्यधिकादिगुणानां तु सदृशानां बन्धो भवति, तद्यथा-**

અર્થ- બે થી માંડીને અધિકગુણવાળા સરખેસરખાનો બંધ થાય છે (એટલે સ્નિગ્ધ- સ્નિગ્ધ કે રૂક્ષ-રૂક્ષ બે થી અધિક ગુણવાળાનો બંધ થાય છે.) તે આ રીતે...

**भाष्यम्- स्निग्धस्य द्विगुणाद्यधिकस्निग्धेन, द्विगुणाद्यधिक स्निग्धस्य एक गुण स्निग्धेन रूक्षस्यापि द्विगुणाद्यधिकरूक्षेण, द्विगुणाद्यधिकरूक्षस्य एकगुण रूक्षेण, एकादिगुणाधिकयोस्तु सदृशयोर्बन्धो न भवति, अत्र तुशब्दो व्यावृत्तिविशेषणार्थः, प्रतिषेधं व्यावर्तयति बन्धं च विशेषयति ॥३५॥**

અર્થ- સ્નિગ્ધનો બે ગુણ અધિક એવા સ્નિગ્ધ સાથે (બંધ થાય છે.) બે ગુણાદિ અધિક સ્નિગ્ધનો એક ગુણ સ્નિગ્ધ સાથે બંધ થાય છે. રૂક્ષનો પણ બે ગુણ આદિ અધિક એવા રૂક્ષ સાથે બંધ થાય છે. (તેમજ) બે ગુણ આદિ અધિક રૂક્ષનો એક ગુણવાળા રૂક્ષ સાથે બંધ થાય છે. પરંતુ એકાદિ અધિકવાળા સરખેસરખાનો બંધ થતો નથી. અહીં 'તુ' શબ્દ વ્યાવૃત્તિ અને વિશેષણ માટે છે. એટલે નિષેધને અટકાવવા અને બંધને ગ્રહણ કરવા (માટે તુ શબ્દ મૂકાયો છે). (અર્થાત્ ૩૩-૩૪ નંબરના સૂત્રમાં લેવાયેલા નિષેધવાચક 'ન' ને અટકાવવા અને 'બંધ' ને ગ્રહણ કરવા માટે 'તુ' શબ્દ છે.) ॥૩૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-परमाणुषु स्कन्धेषु च ये स्पर्शादयो गुणास्ते किं व्यवस्थितास्तेषु आहोस्विदव्यवस्थिता इति ?, अत्रोच्यते- अव्यवस्थिताः, कुतः ?, परिणामात् ॥ अत्राह-द्वयोरपि बध्यमानयोर्गुणवत्त्वे सति कथं परिणामो भवतीति ?, उच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે પરમાણુમાં અને સ્કન્ધોમાં જે સ્પર્શાદિ ગુણો છે તે શું વ્યવસ્થિત છે ? કે તેઓમાં અવ્યવસ્થિતતા છે ? (ઉત્તરકાર) અવ્યવસ્થિત છે. (જિજ્ઞાસુ) શાથી ? પરિણમન હોવાથી. (જીજ્ઞાસુ) પૂછે છે કે બંધાતા (અણુ-સ્કન્ધાદિ) બંને માં ગુણવત્પણું હોવા છતાં એટલે પરસ્પર બંને બાંધવાના ગુણવાળા હોતે છતે પણ કેવી રીતે પરિણામ થાય છે. (ઉત્તરકાર) કહેવાય છે.

### सूत्रम्- बन्धे समाधिकौ पारिणामिकौ ।।५-३६।।

અર્થ- બન્ધ હોતે છતે સરખા ગુણવાળાનો સરખા ગુણવાળા સાથે પરિણામ થાય અને હીનગુણવાળાનો અધિકગુણવાળા સાથે પરિણામ થાય. (અર્થાત્ બંધમાં સરખા ગુણવાળાપણે અને અધિક ગુણવાળાપણે પરિણમે.)

भाष्यम्- बन्धे सति समगुणस्य समगुणः परिणामको भवति, अधिकगुणो हीनस्येति ॥३६॥
અર્થ- બન્ધ હોતે છતે સરખા (તુલ્ય) ગુણનો સરખાગુણપણે (સરખાગુણમાં) પરિણામ થાય (અને) હીનગુણવાળાનો અધિકગુણપણે (અધિકગુણમાં) પરિણામ થાય. ॥૩૬॥

भाष्यम्- अत्राह-उक्तं भवता द्रव्याणि जीवाश्चेति, तत् किमुद्देशत एव द्रव्याणां प्रसिद्धिः आहोस्विल्लक्षणतोऽपीति ?, अत्रोच्यते- लक्षणतोऽपि प्रसिद्धः, तदुच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે આપશ્રીએ (અ. ૫- સૂ. ૨ માં) ફરમાવ્યું છે કે એ (ધર્માદિચાર અને) 'જીવ એ દ્રવ્યો છે' તો શું નામ માત્રથી જ (એટલે કે ઉદ્દેશથી જ) દ્રવ્યોના સ્વરૂપનું જ્ઞાન કરવાનું ? કે લક્ષણોથી પણ જ્ઞાન કરવાનું છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં- લક્ષણથી પણ જ્ઞાન કરવાનું છે તે કહેવાય છે...

### सूत्रम्- गुणपर्यायवद् द्रव्यम् ।।५-३७।।

અર્થ- ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે.

भाष्यम्- गुणान् लक्षणतो वक्ष्यामः, भावान्तरं संज्ञान्तरं च पर्यायः, तदुभयं यत्र विद्यते तद् द्रव्यम्, गुणपर्याया अस्य सन्ति अस्मिन् वा सन्तीति गुणपर्यायवत् ॥३७॥
અર્થ- સૂ. ૪૦ માં ગુણોને લક્ષણથી કહીશું (સમજાવીશું). સ્વરૂપથી અન્યરૂપે થવું તે અને એક જ અર્થનું ભિન્ન ભિન્ન નામ તે પર્યાય. બંને જ્યાં હોય (અર્થાત્ જેમાં હોય) તે દ્રવ્ય કહેવાય. ગુણ અને પર્યાયો જેના છે અથવા જેમાં છે તે ગુણપર્યાયવાળું (અને ગુણપર્યાયવાળા તે દ્રવ્ય) ॥૩૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- कालश्चेत्येके ।।५-३८।।

અર્થ- કાળપણ દ્રવ્ય છે. એવું કેટલાક આચાર્યભગવંતનું કહેવું છે.

भाष्यम्- एके त्वाचार्या व्याचक्षते-कालोऽपि द्रव्यमिति ॥३८॥
અર્થ- કેટલાક આચાર્ય ભગવંતો કહે છે કે કાળ પણ દ્રવ્ય છે. ॥૩૮॥

## सूत्रम्- सोऽनन्तसमयः ।।५-३९।।

અર્થ- તે કાળ અનન્ત સમયવાળો છે.

भाष्यम्- स चैष कालोऽनन्तसमयः, तत्रैक एव वर्तमानसमयः, अतितानागतयोस्त्वानन्त्यम् ॥३९॥
અર્થ- અને તે આ કાળ અનન્ત સમયવાળો છે. તેમાં વર્તમાન એક જ સમયવાળો છે. અને ભૂત-ભવિષ્યના તો અનન્ત સમય[1] છે. ॥૩૯॥

भाष्यम्- अत्राह-उक्तं भवता 'गुणपर्यायवद्द्रव्य'मिति, तत्र के गुणा इति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે (અ. ૫- સૂ.૩૭ માં) આપશ્રી એ કહ્યું છે કે ગુણપર્યાયવાળું દ્રવ્ય છે. તો ગુણો એ શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- द्रव्याश्रया निर्गुणागुणाः ।।५-४०।।

અર્થ- જેનું સ્થાન દ્રવ્યમાં હોય અને વળી પોતે ગુણ રહિત હોય તે ગુણ કહેવાય.

भाष्यम्- द्रव्यमेषामाश्रय इति द्रव्याश्रयाः, नेषां गुणाः सन्तीति निर्गुणाः ।।४०।।
અર્થ- દ્રવ્ય આ (ગુણો)નું આશ્રય સ્થાન છે તે દ્રવ્યાશ્રયા. દ્રવ્યઆશ્રિત આ ગુણોમાં ગુણ હોતા નથી માટે તે નિર્ગુણ કહેવાય છે. (જે દ્રવ્યને આશ્રિત છે એટલે દ્રવ્યમાં રહેલા છે અને નિર્ગુણ છે. તે ગુણો કહેવાય.) (વિશેષ-સ્થુલતાએ વિચારીએ તો મીઠાશ એ ગુણ, જેનું આશ્રયસ્થાન પુદ્ગલદ્રવ્ય તે સાકર અને સાકરમાં આશ્રિત જે મીઠાશગુણ. તેનો (મીઠાશનો) કોઈ ગુણ હોતો નથી જેથી તે (મીઠાશ) નિર્ગુણ-તે ગુણ. બીજી રીતે આત્મદ્રવ્યમાં આશ્રિત જે જ્ઞાનાદિ તે જ્ઞાનાદિ નિર્ગુણ હોવાથી ગુણ કહેવાય છે.) ॥૪૦॥

भाष्यम्- अत्राह- उक्तं भवता 'बन्धे समाधिकौ पारिणामिकौ' इति, तत्र कः परिणाम इति ?, अत्रोच्यते–

---

૧. કાળ અનંત સમયવાળો હોવા છતાં અવયવી નથી. જેથી તેને સ્કન્ધ નથી. અવયવોનો સમુહ નથી. માટે અસ્તિકાય નથી. તેથી ઔપચારિક દ્રવ્ય કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પ્રશ્ન કરે છે કે આપશ્રી એ સૂ-૩૬માં ફરમાવ્યું છે કે પુદ્ગલનો બંધ થતે છતે સમાનપણે અને અધિકપણામાં પરિણામ પામે છે. તો ત્યાં પરિણામ એટલે શું ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

## सूत्रम्- तद्भावः परिणामः ।।५-४१।।

અર્થ- ધર્માદિ દ્રવ્યોનો (તથા પ્રકારે) થવું સ્વાભાવ તે પરિણામ.

भाष्यम्- धर्मादीनां द्रव्याणां यथोक्तानां च गुणानां स्वभावः स्वतत्त्वं परिणामः ।।४१।। स द्विविधः-
અર્થ- ધર્માદિ દ્રવ્યોનો અને યથોક્તગુણોનો સ્વભાવ સ્વતત્ત્વ (ભિન્ન અવસ્થા રૂપે થવું.) તે પરિણામ. ।।૪૧।। તે પરિણામ બે પ્રકારે છે. (વિશેષ-જેવા જે દ્રવ્યનાગુણો છે તેવા ગુણોવાળો સ્વભાવ તે સ્વતત્ત્વ છે અને તે જ પરિણામ છે. જેમકે પુદ્ગલોનો ગુણ વર્ણ આદિ, આત્માનો ગુણ જ્ઞાનાદિ.)

## सूत्रम्- अनादिरादिमांश्च ।।५-४२।।

અર્થ- તે પરિણામ અનાદિમાન્ અને આદિમાન્ એમ બે પ્રકારે છે.

भाष्यम्- तत्रानादिररूपिषु धर्माधर्माकाशजीवेष्विति ।।४२।।
અર્થ- તે (બે પરિણામ) માં અનાદિમાન્ અરૂપી એવા ધર્મ-અધર્મ-આકાશ અને જીવમાં હોય છે. ।।૪૨।।

## सूत्रम्- रूपिष्वादिमान् ।।५-४३।।

અર્થ- (જ્યારે) આદિમાન્ પરિણામ રૂપીમાં (પુદ્ગલમાં) હોય છે.

भाष्यम्- रूपिषु तु द्रव्येषु आदिमान् परिणामोऽनेकविधः स्पर्शपरिणामादिरिति ।।४३।।
અર્થ- રૂપી દ્રવ્યો (પુદ્ગલો)માં તો આદિમાન્ પરિણામ છે. તે અનેક પ્રકારે છે. સ્પર્શપરિણામ વગેરે. ।।૪૩।।

## सूत्रम्- योगोपयोगौ जीवेषु ।।५-४४।।

અર્થ- યોગ અને ઉપયોગ રૂપ આદિમાન્ પરિણામ જીવમાં હોય છે.

भाष्यम्- जीवेष्वरूपिष्वपि सत्सु योगोपयोगौ परिणामावादिमन्तौ भवतः, तत्रोपयोगः पूर्वोक्तः, योगस्तु परस्ताद्वक्ष्यते ।।४४।
અર્થ- જીવ અરૂપી હોવા છતાં પણ યોગ અને ઉપયોગ રૂપ પરિણામ આદિમાન્ (આદિવાળા) હોય છે. (સૂ. ૪૨ માં જીવમાં અનાદિમાન્ પરિણામ કહ્યો છે). તેમાં (યોગ-ઉપયોગમાં) ઉપયોગ (વિષે)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વ (અ. ૨- સૂ. ૮/૯માં) કહેલ છે અને યોગ (વિષે) તો આગળ (છઠ્ઠા અધ્યાયમાં) કહેવાશે. ||૪૪||

## ★ ઉપસંહાર ★

અધ્યાય નવમાના સૂત્ર ૩૭ માં સંસ્થાન સમ્બન્ધી વિચારણા તે ધર્મધ્યાન છે. એમ કહેલ છે. અને સંસ્થાન સંબંધી સુંદર વિચારણા આ પાંચમા અધ્યાયમાં વણાયેલ છે. ચૌદ રાજલોકમાં શું શું છે ? તેનું વર્ણન આ અધ્યાયમાં છે. વળી, આ અધ્યાયમાં એટલી સૂક્ષ્મતાભર્યું વર્ણન છે કે જે સમજવાથી શ્રી વીતરાગ-સર્વજ્ઞ પરમાત્મા ઉપર અખૂટ શ્રદ્ધા થયા વિના રહે નહિ. અને જેમ જેમ શ્રદ્ધા વધે તેમ તેમ સમ્યક્ત્વગુણની દ્રઢતા પણ વધે છે. જો કે આ આખો ગ્રન્થ સમકિતનું કારણ છે. આ ગ્રન્થનું નામ જ સમકિત સૂચક છે. શ્રી તત્ત્વાર્થાધિગમ-તત્ત્વાર્થનો અધિગમ. અધિગમ એ જ સમકિતનું કારણ છે. કહ્યું જ છે સૂત્રમાં-तन्निसर्गादधिगमाद्वा ||૧-૩||

એટલે આ અધ્યાયનો જેમ જેમ અભ્યાસ જોરદાર, તેમ તેમ વીતરાગ શાસન પર પ્રેમ અર્થાત્ શ્રી વીતરાગ શાસન પર શ્રદ્ધા તીવ્ર બને છે. કેમકે આટલુ સૂક્ષ્મતા ભર્યું વર્ણન કરવા શ્રી વીતરાગ સર્વજ્ઞ સિવાય કોઇ સમર્થ નથી.

ટૂંકમાં- આ અધ્યાયમાં બહુલતાએ અજીવનું વર્ણન, તેમજ જીવ સહિત દ્રવ્યનું લક્ષણ, અજીવના ભેદ, દ્રવ્યોનું કથન, દ્રવ્યોમાં સાધર્મ્ય-વૈધર્મ્યપણું, પ્રદેશોની સંખ્યા, દ્રવ્યોના આધારનું વર્ણન, તેના કાર્યો, કાર્ય દ્વારા કાળનું લક્ષણ, પુદ્દગલના અસાધારણ પર્યાય, પુદ્દગલના સ્કંધ- પરમાણુની વિચારણા, સત્ નું લક્ષણ, નિત્ય-અનિત્યપણાની સમજણ, પરિણામનું સ્વરૂપ, ગુણ-પર્યાયની વિચારણા પરિણામના ભેદ વગેરે વિવિધ પ્રકારોની સમજણથી ભરપૂર આ અધ્યાય છે.

પાંચ અધ્યાય મળી કુલ સૂત્ર ૨૦૨ (બસો બે) થયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## षष्ठो अध्यायः - છઠ્ઠો અધ્યાય

भाष्यम्- अत्राह-उक्ता जीवाजीवाः, अथास्रवः क इत्यास्रवप्रसिद्ध्यर्थमिदं प्रक्रम्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે (આપશ્રીએ) જીવ-અજીવો (સંબંધી) કહ્યું. હવે આશ્રવ શું છે ? (ઉત્તરકાર) આશ્રવની સમજણ માટે આ (અધ્યાય) કહીએ છીએ (શરૂ કરીએ છીએ.)

### सूत्रम्- कायवाङ्मनः कर्मयोगः ।।६-१।।

અર્થ- કાયાનો, વચનનો અને મનનો વ્યાપાર (તે) યોગ છે.

भाष्यम्- कायिकं कर्म वाचिकं कर्म मानसं कर्म इत्येष त्रिविधो योगो भवति, स एकशो द्विविधः-शुभश्चाशुभश्च, तत्राशुभो हिंसास्तेयाब्रह्मादीनि कायिकः, सावद्यानृतपरुषपिशुनादीनि वाचिकः, अभिध्याव्यापादेर्ष्यासूयादीनि मानसः । अतो विपरीतः शुभ इति ॥१॥
અર્થ- શરીર વડે થતી ક્રિયા (કાય ક્રિયા), વચન વડે થતી ક્રિયા (વચન ક્રિયા), મન વડે થતી ક્રિયા (મન ક્રિયા-કર્મ) એ ત્રણ પ્રકારે યોગ છે. (કાય યોગ, વચન યોગ અને મન યોગ) તે એક-એકના બબ્બે ભેદ છે (૧) શુભ અને (૨) અશુભ. તેમાં અશુભ—હિંસા, ચોરી, અબ્રહ્મ આદિ કાયાવડે થતી (અશુભ ક્રિયા છે). હિંસાયુકત જૂઠ, કઠોર વચન, ચાડી-ચૂગલી રૂપ વચન આદિ વાચિક (=વચન અશુભક્રિયા યોગ છે), અભિદ્ય (પ્રાણી પ્રતિ અપકારનું ચિન્તન), વ્યાપાદ (હિંસાની ઈચ્છા), ઈર્ષ્યા (બીજાના ગુણ વૈભવનું અસહનપણું), અસૂયા (ગુણોમાં દોષારોપણ) આદિ માનસિક (અશુભ યોગ છે). આનાથી વિપરીત તે શુભયોગ છે ॥૧॥

### सूत्रम्- स आस्रवः ।।६-२।।

અર્થ- તે (ત્રણે ય યોગ) આશ્રવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- स एष त्रिविधोऽपि योग आस्रवसंज्ञो भवति, शुभाशुभयोः कर्मणोरास्रवणादास्रवः, सरःसलिलावाहनिर्वाहिस्रोतोवत् ॥२॥
અર્થ- તે આ ત્રણે ય પ્રકારના યોગ આશ્રવ (=કર્મ આવવાનું દ્વાર) સંજ્ઞાવાચી છે. સરોવરના પાણીને લાવનાર અને લઈ જનાર પ્રવાહની જેમ શુભ-અશુભ કર્મના ગ્રહણથી આશ્રવ (થાય) છે. ॥૨॥

**सूत्रम्- शुभः पुण्यस्य ॥६-३॥**

અર્થ- શુભયોગ એ પુણ્યનો આશ્રવ છે.

भाष्यम्- शुभो योगः पुण्यस्यास्रवो भवति ॥३॥
અર્થ- શુભયોગ પુણ્યનો આશ્રય છે. ॥૩॥

**सूत्रम्- अशुभः पापस्य ॥६-४॥**

અર્થ- અશુભયોગ પાપનો આશ્રવ છે.

भाष्यम्- तत्र सद्वेद्यादि पुण्यं वक्ष्यते, शेषं पापमिति ॥४॥
અર્થ- ત્યાં શાતાવેદનીય વગેરે (અ. ૮ - સૂત્ર. ૨૬ માં) પુણ્ય કહેવાશે અને બાકીના (કર્મ તે) પાપ કહેવાશે. ॥૪॥

**सूत्रम्- सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ॥६-५॥**

અર્થ- કષાયવાળા આત્માને સામ્પરાયિકનો આશ્રવ અને અકષાયવાળા આત્માને ઈર્યાપથનો આશ્રવ હોય છે.

भाष्यम्- स एष त्रिविधोऽपि योगः सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोरास्रवो भवति, यथासङ्ख्यं यथासम्भवं च स कषायस्य योगः साम्परायिकस्य । अकषायस्येर्यापथस्यैवैकसमयस्थितेः ॥५॥
અર્થ- તે આ ત્રણે પ્રકારનો યોગ સકષાયી જીવને અને અકષાયી જીવને અનુક્રમે અને યથાસંભવ સાંપરાયિક કર્મના અને ઈર્યાપથ(કર્મ) ના આશ્રવરૂપ થાય છે. (એટલે) સકષાયી જીવને સામ્પરાયિક આશ્રવ અને અકષાયી જીવને ઈર્યાપથ આશ્રવ થાય છે. ॥૫॥

**सूत्रम्- अव्रतकषायेन्द्रियक्रियाः पञ्चचतुःपञ्चपञ्चविंशतिङ्ख्याः पूर्वस्य भेदाः ॥६-६॥**

અર્થ- પૂર્વના (એટલે = સાંપરાયિક યોગના) પાંચ અવ્રત, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય અને પચીસ ક્રિયા (કુલ = ૩૯ સંખ્યા ૩૫) ભેદો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- पूर्वस्येति सूत्रक्रमप्रामाण्यात्साम्परायिकस्याह, साम्परायिकस्यास्रवभेदाः पञ्च चत्वारः पञ्च पञ्चविंशतिरिति भवन्ति ॥

અર્થ- પૂર્વના એટલે સૂત્રક્રમના પ્રમાણપણાથી સાંપરાયિક આશ્રવના ભેદો કહે છે. સામ્પરાયિકના આશ્રવ ભેદો પાંચ-ચાર-પાંચ અને પચીસ (કુલ ઓગણચાલીશ) છે.

भाष्यम्- पञ्च हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहाः, प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा इत्येवमादयो वक्ष्यन्ते। चत्वारः क्रोधमानमायालोभा अनन्तानुबन्ध्यादयो वक्ष्यन्ते । पञ्च प्रमत्तस्येन्द्रियाणि । पञ्चविंशतिः क्रियाः, तत्रेमे क्रियाप्रत्यया यथासङ्ख्यं प्रत्येतव्याः, तद्यथा-सम्यक्त्वमिथ्यात्व प्रयोगसमादाने-र्यापथाः कायाधिकरणप्रदोषपरितापनप्राणातिपाताः दर्शनस्पर्शनप्रत्ययसमन्तानुपातानाभोगाः स्वहस्त-निसर्गविदारणानयनानवकाङ्क्षा आरम्भपरिग्रहमायामिथ्यादर्शना-प्रत्याख्यानक्रिया इति ॥६॥

અર્થ- ★ પાંચ-હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ (મૈથુન) અને પરિગ્રહ. 'પ્રમતયોગથી પ્રાણોનો નાશ તે હિંસા' (એમ. ૭-૮ માં) કહેવાશે.

★ ચાર-ક્રોધ, માન, માયા અને લોભ અનન્તાનુબંધિ આદિ આગળ કહેવાશે

★ પાંચ- પ્રમાદીની પાંચ ઈન્દ્રિયો.

★ પચ્ચીસ ક્રિયા- તે આ, ક્રિયારૂપ કારણવાળી અનુક્રમે જાણવી.

(૧) સમ્યક્ત્વ (પ્રત્યયિકી ક્રિયા), (૨) મિથ્યાત્વ, (૩) પ્રયોગ, (૪) સમાદાન, (૫) ઈર્યાપથ, (૬) કાય, (૭) અધિકરણ, (૮) પ્રદ્વેષ, (૯) પરિતાપન, (૧૦) પ્રાણાતિપાત, (૧૧) દર્શન, (૧૨) સ્પર્શન, (૧૩) પ્રત્યય, (૧૪) સમંતાનુપાત, (૧૫) અનાભોગ, (૧૬) સ્વહસ્ત, (૧૭) નિ:સર્ગ, (૧૮) વિદારણ, (૧૯) આનયન, (૨૦) અનવકાંક્ષ, (૨૧) આરંભ, (૨૨) પરિગ્રહ, (૨૩) માયા, (૨૪) મિથ્યાદર્શન (અને ૨૫) અપ્રત્યાખ્યાન (પ્રત્યયિકી ક્રિયા) ॥૬॥

## सूत्रम्- तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यस्तद्विशेषः ॥६-७॥

અર્થ- તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, વીર્ય અને અધિકરણ એ છ વિશેષે કરી આશ્રવના અનેક પ્રકારો પડે છે.

भाष्यम्- सांपरायिकास्रवाणां एषामेकोनचत्वारिंशत्साम्परायिकाणां तीव्रभावात् मन्दभावाज्ज्ञात-भावादज्ञातभावाद्वीर्यविशेषादधिकरणविशेषाच्च विशेषो भवति, लघुर्लघुतरो लघुतमस्तीव्रस्ती-व्रतरस्तीव्रतम इति, तद्विशेषाच्च बन्धविशेषो भवति ॥७॥

અર્થ- સામ્પરાયિક આશ્રવો રૂપ આ ઓગણચાલીશ સામ્પરાયિકોના તીવ્રભાવથી (ઉત્કૃષ્ટ પરિણામથી), મન્દભાવથી (મંદ પરિણામથી), જ્ઞાતભાવથી (જાણપણાથી) અજ્ઞાતભાવથી (અજાણપણાથી), વીર્ય વિશેષે કરી (પ્રવૃત્તિ પાછળ ફોરવાતી-વપરાતી શક્તિ વિશેષે કરી) અને અધિકરણ (સાધન) વિશેષે કરી ઘણાં ભેદો થાય છે. (વળી) અલ્પ, અલ્પતર, અલ્પતમ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ આ છ વિશેષે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરીને પણ વિશેષતાએ (કર્મ) બન્ધ થાય છે. (જેમકે, તીવ્રશક્તિવાળા કરતાં તીવ્રતર શક્તિવાળો વધારે બંધ કરે છે અને એના કરતાં તીવ્રતમ શક્તિવાળો વધારે બંધ કરે છે. એમ સમજવું.) ।।૭।।

भाष्यम्- अत्राह- तीव्रमन्दादयो भावा लोकप्रतीताः, वीर्यं जीवस्य क्षायोपशमिकः क्षायिको वा भाव इत्युक्तम्, अथाधिकरणं किमिति ?, अत्रोच्यते–

અર્થ- (જિજ્ઞાસુ) અહીં જિજ્ઞાસા વ્યક્ત કરે છે કે તીવ્રમંદાદિ ભાવો લોકપ્રતીત (પ્રસિદ્ધ) છે અને વીર્ય એ જીવનો ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવ છે. તે તો આપશ્રીએ કહ્યું છે. હવે અધિકરણ શું છે ? (તે કહો ને.) (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

## सूत्रम्- अधिकरणं जीवाजीवाः ।।६-८।।

અર્થ- અધિકરણ-સાધન બે જાતના છે. (૧) જીવ અધિકરણ અને (૨) અજીવ અધિકરણ.

भाष्यम्- अधिकरणं द्विविधम् द्रव्याधिकरणं भावाधिकरणं च, तत्र द्रव्याधिकरणं छेदनभेदनादि शस्त्रं च दशविधम्, भावाधिकरणमष्टोत्तरशतविधम्, एतदुभयं जीवाधिकरणमजीवाधिकरणं च ।।८।। तत्र-

અર્થ- અધિકરણ બે પ્રકારનું છે. (૧) દ્રવ્ય અધિકરણ અને (૨) ભાવ અધિકરણ. તેમાં (૧) દ્રવ્ય અધિકરણ- છેદન ભેદન આદિ તથા દશ પ્રકારનાં શસ્ત્રો[1] (૨) ભાવ[2] અધિકરણ-એકસો આઠ પ્રકારનું છે. આ બંને ભેદો (દ્રવ્ય-ભાવ) જીવ અધિકરણ અને અજીવ અધિકરણ રૂપ છે. ।।૮।। તેમાં...

## सूत्रम्- आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारिताऽनुमत-कषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतु-श्चैकशः ।।६-९।।

અર્થ- પ્રથમ જે જીવરૂપ અધિકરણ (તેનાં ૧૦૮ ભેદ કહેવાય છે) સંરમ્ભ, સમારમ્ભ અને આરંભ એ ત્રણ ભેદ એકેકના યોગભેદે ત્રણ પ્રકાર (૩ X ૩ = ૯), (તેના) કૃત-કારિત-અનુમતથી ત્રણ પ્રકાર (૯ X ૩ = ૨૭) અને (તેનાં) કષાયના ભેદોથી ચાર ભેદ (૨૭ X ૪ = ૧૦૮) છે.

भाष्यम्- आद्यमिति सूत्रक्रमप्रामाण्याज्जीवाधिकरणमाह, तत् समासतस्त्रिविधम्-संरम्भः समारम्भ आरम्भ इति ।

અર્થ- આદ્ય એટલે સૂત્રક્રમ અનુસાર જીવ અધિકરણ કહે છે. તે ટૂંકમાં ત્રણ પ્રકારે છે. (૧) સંરમ્ભ (૨) સમારમ્ભ અને (૩) આરમ્ભ.

---

૧. (૧) શસ્ત્ર (૨) અગ્નિ (૩) વિષ (૪) લવણ (૫) સ્નેહ (૬) ખાર (૭) ખટાશ (૮) અનુપયુક્ત મન (૯) અનુપયુક્ત વચન અને (૧૦) અનુપયુક્ત કાયા. તે ૧૦ પ્રકારના શસ્ત્રો. ''दव्वं सत्थग्गिविसं, नेहं बिलखार लोणमादीयं । भावो य दुप्पउत्तो, वाया काओ अविरईअ ।।१।।'' (હરિભદ્ર-ટીકા)

૨. ભાવ = તીવ્રાદિ પરિણામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- एतत्पुनरेकशः कायवाङ्मनोयोगविशेषात् त्रिविधं भवति, तद्यथा कायसंरम्भः वाक्संरम्भः मनःसंरम्भः, कायसमारम्भः वाक्समारम्भः मनःसमारम्भः कायारम्भः वागारम्भः मनआरम्भ इति। एतदप्येकशः कृतकारितानुमतविशेषात् त्रिविधं भवति, तद्यथा- कृतकायसंरम्भः कारितकायसंरम्भः अनुमतकायसंरम्भः, कृतवाक्संरम्भः कारितवाक्संरम्भः अनुमतवाक्संरम्भः, कृतमनःसंरम्भः कारितमनःसंरम्भः अनुमतमनःसंरम्भः, एवं सामारम्भारम्भावपि । तदपि पुनरेकशः कषायविशेषाच्चतुर्विधम् ।

અર્થ- વળી તે પ્રત્યેકના કાયા-વાણી-મનયોગ ભેદથી ત્રણ ત્રણ પ્રકારે છે. તે આ રીતે, (૧) કાયા સંરમ્ભ, (૨) વચન સંરમ્ભ, (૩) મન સંરમ્ભ, (૪) કાયા સમારમ્ભ, (૫) વચન સમારમ્ભ, (૬) મન સમારમ્ભ, (૭) કાયારમ્ભ, (૮) વચન આરંભ અને (૯) મન આરંભ (એ પ્રમાણે નવ ભેદ.) તેનાં (કાયા સંરમ્ભાદિ નવના) પણ પ્રત્યેકના કૃત, કારિત અને અનુમત ભેદથી ત્રણ ત્રણ પ્રકાર થાય છે. તે આ રીતે, (૧) કૃતકાય સંરમ્ભ, (૨) કારિતકાય સંરમ્ભ, (૩) અનુમતકાય સંરમ્ભ, (૪) કૃતવાક્ સંરમ્ભ, (૫) કારિતવાક્ સંરમ્ભ, (૬) અનુમતવાક્ સંરમ્ભ, (૭) કૃતમન સંરમ્ભ, (૮) કારિતમન સંરમ્ભ, (૯) અનુમતમન સંરમ્ભ. એ પ્રમાણે સમારંભ અને આરંભ પણ જાણવા (૯ X ૩ = ૨૭.) વળી, તે દરેકનાં પણ કષાયના ભેદથી ચચ્ચાર પ્રકાર થાય છે. (૨૭ X ૪ = ૧૦૮)

भाष्यम्- तद्यथा-क्रोधकृतकायसंरम्भः मानकृतकायसंरम्भः मायाकृतकायसंरम्भः लोभकृतकाय-संरम्भः क्रोधकारितकायसंरम्भः मानकारितकायसंरम्भः मायाकारितकायसंरम्भः, लोभकारित-कायसंरम्भः, क्रोधानुमतकायसंरम्भः मानानुमतकायसंरम्भः मायानुमतकायसंरम्भः लोभानुमत-कायसंरम्भः, एवं वाङ्मनयोगाभ्यामपि वक्तव्यम्, तथा समारम्भारम्भौ ।

અર્થ- તે આ રીતે (૧) ક્રોધકૃતકાય સંરમ્ભ, (૨) માનકૃતકાય સંરમ્ભ, (૩) માયાકૃતકાય સંરમ્ભ, (૪) લોભકૃતકાય સંરમ્ભ, (૫) ક્રોધકારિતકાય સંરમ્ભ, (૬) માનકારિત કાય સંરમ્ભ, (૭) માયાકારિતકાય સંરમ્ભ, (૮) લોભકારિતકાય સંરમ્ભ, (૯) ક્રોધઅનુમતકાય સંરમ્ભ, (૧૦) માનઅનુમત કાય સંરમ્ભ, (૧૧) માયાઅનુમતકાય સંરમ્ભ, (૧૨) લોભઅનુમતકાય સંરમ્ભ. એ પ્રમાણે વચન-મન સાથે પણ કહેવું, તે જ રીતે સમારંભ, આરમ્ભ સાથે પણ (કહેવુ.)

भाष्यम्- तदेवं जीवाधिकरणं समासेनैकशः षट्त्रिंशद्विकल्पं भवति, त्रिविधमप्यष्टोत्तरशतविकल्पं भवतीति ॥ संरम्भः सकषायः परितापनया भवेत्समारम्भः । आरम्भः प्राणिवधः त्रिविधो योगस्ततो ज्ञेयः ॥९॥

અર્થ- આ પ્રમાણે જીવ અધિકરણ-ટૂંકાણમાં એક એકના છત્રીસ ભેદ છે. અને ત્રણેય (ના મળી) જીવાધિકરણ એકસો આઠ ભેદે છે. હિંસાદિ કાર્ય માટે પ્રયત્નનો આવેશ-એ સંરમ્ભ. હિંસાદિના સાધનો ભેગાં કરવાથી થયેલ જે તીવ્ર પરિણામ તે સમારંભ. અને હિંસાદિ કરવા તે આરમ્ભ. (આ અશુભનો આશ્રવ છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-(અર્થાત્ કાર્ય કરવાના સંકલ્પમય સૂક્ષ્મ અવસ્થાથી લઈને પ્રકટરૂપમાં જે કરી લેવું. તેની ત્રણ અવસ્થા છે. તે (૧) સંરમ્ભ (૨) સમારમ્ભ અને (૩) આરમ્ભ કહેવાય છે.) ત્રણ પ્રકારનો યોગ તે આગળ આવી ગયેલ છે. ॥૯॥

भाष्यम्- अत्राह-अथाजीवाधिकरणं किमिति ?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે હવે અજીવ અધિકરણ શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

**सूत्रम्- निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥६-१०॥**

અર્થ- બીજું (અજીવ અધિકરણ) બે પ્રકારે, ચાર પ્રકારે, બે પ્રકારે અને ત્રણ પ્રકારે (અનુક્રમે) નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગરૂપ છે.

भाष्यम्- परमिति सूत्रक्रमप्रामाण्यादजीवाधिकरणमाह, तत् समासतश्चतुर्विधम्, तद्यथा निर्वर्तना निक्षेपः संयोगो निसर्ग इति ।
અર્થ- પરમ એટલે સૂત્રક્રમ અનુસાર અજીવ અધિકરણ જાણવું. તે ટૂંકમાં ચાર પ્રકારે છે. તે આ રીતે, (૧) નિર્વર્તના, (૨) નિક્ષેપ, (૩) સંયોગ અને (૪) નિસર્ગ.

भाष्यम्- तत्र **निर्वर्तनाधिकरणं** द्विविधम्-मूलगुणनिर्वर्तनाधिकरणमुत्तरगुणनिर्वर्तनाधिकरणं च, तत्र मूलगुणनिर्वर्तना पञ्च शरीराणि वाङ्मनःप्राणापानाश्च, उत्तरगुणनिर्वर्तना काष्ठपुस्तचित्रकर्मादीनि ।
અર્થ- તેમાં નિર્વર્તના[1] અધિકરણ બે પ્રકારે છે (૧) મૂલગુણનિર્વર્તન અધિકરણ અને (૨) ઉત્તરગુણનિર્વર્તન અધિકરણ. તેમાં મૂળગુણનિર્વર્તના- (ઔદારિકાદિ) પાંચ શરીરો, ભાષા, મન અને શ્વાસોશ્વાસ. (આ આઠની રચના મૂલગુણનિર્વર્તનરૂપ જાણવી.) ઉત્તરગુણ નિર્વર્તના- લાકડાના પૂતળા, પુસ્તકર્મ, ચિત્રકર્મ, આદિ (રચનાઓ ઉત્તરગુણનિર્વર્તના રૂપ જાણવી.) (વિશેષ-પુદ્ગલદ્રવ્યની શરીરરૂપ રચના, જે જીવને શુભાશુભ પ્રવૃત્તિમાં અંતરગ સાધનરૂપે ઉપયોગી થાય છે, તે મૂળગુણ નિર્વર્તના અને લાકડી, પત્થર, શસ્ત્ર આદિ જે બહિરંગ સાધનરૂપ શુભાશુભ પ્રવૃત્તિમાં ઉપયોગી થાય છે, તે ઉત્તરગુણ નિર્વર્તના. (બીજી રીતે) શસ્ત્રાદિમાં કૃપાણાદિનો આકાર તે મૂળગુણ નિવર્તના અને તે આકારની શક્તિ-ઉજ્જવળતા વગેરે ઉત્તરગુણ નિર્વર્તના).

भाष्यम्- **निक्षेपाधिकरणं** चतुर्विधम्- तद्यथा-अप्रत्यवेक्षितनिक्षेपाधिकरणं दुष्प्रमार्जितनिक्षेपाधिकरणं सहसानिक्षेपाधिकरणमनाभोगनिक्षेपाधिकरणमिति ।
અર્થ- નિક્ષેપ[2] અધિકરણ ચાર પ્રકારે છે. તે આ રીતે, (૧) અપ્રત્યવેક્ષિતનિક્ષેપાધિકરણ- (ચક્ષુથી

---

૧. નિર્વર્તના = બનાવટ,
૨. निक्षिप्यतेऽसाविति निक्षेप -સ્થાપન કરવું, મુકવું, ફેંકવું વગેરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખ્યા વિના વસ્તુ લેવી-મૂકવી વગેરે.) (૨) દુષ્પ્રમાર્જિત નિક્ષેપાધિકરણ- (જેમ-તેમ પ્રમાર્જન કરી વસ્તુ મૂકવી-લેવી વગેરે.) (૩) સહસા નિક્ષેપાધિકરણ-(એકદમ વસ્તુ ફેંકવી, નાંખવી, લેવી, મૂકવી વગેરે.) (૪) અનાભોગ નિક્ષેપાધિકરણ-(વિચાર્યા વિના અનુપયોગે વસ્તુ લેવી, મુકવી, ફેંકવી વગેરે.)

भाष्यम्- **संयोगाधिकरणं** द्विविधम्-भक्तपानसंयोजनाधिकरणमुपकरणसंयोजनाधिकरणं च ।
અર્થ- સંયોજન અધિકરણ બે પ્રકારે છે. (૧) ભક્તપાન સંયોજનાધિકરણ-(ખાદ્ય ચીજોનું મિશ્રણ કરવું.) (૨) ઉપકરણ સંયોજનાધિકરણ-(વસ્ત્રમાં ભરત ભરવું. વગેરે)

भाष्यम्- **निसर्गाधिकरणं** त्रिविधम्-कायनिसर्गाधिकरणं वाङ्निसर्गाधिकरणं मनोनिसर्गाधिकरण-मिति ॥१०॥
અર્થ- નિસર્ગાધિકરણ ત્રણ પ્રકારે છે. (૧) કાયનિસર્ગાધિકરણ. (શરીરનો જેમ તેમ ઉપયોગ કરવો.) (૨) વચનનિસર્ગાધિકરણ. (ભાષાવર્ગણાના પુદ્ગલોનો જેમ-તેમ ઉપયોગ કરી છોડવા.) (૩) મનનિસર્ગાધિકરણ. (મનોવર્ગણાના પુદ્ગલોને જેમ-તેમ ઉપયોગ કરી છોડવા) (જેમ-તેમ એટલે પરમાત્માની આજ્ઞાથી વિપરીત) ॥૧૦॥

भाष्यम्- अत्राह-उक्तं भवता सकषायाकषाययोर्योगः साम्परायिकेर्यापथयोरास्रव इति, साम्परायिकं चाष्टविधं वक्ष्यते, तत् किं सर्वस्याविशिष्ट आस्रवः आहोस्वित्प्रतिविशेषोऽस्तीति ?, अत्रोच्यते-सत्यपि योगत्वाविशेषे प्रकृतिं प्राप्यास्रवविशेषो भवति, तद्यथा–
અર્થ- (શંકાકાર) અહીં કહે છે કે- આપશ્રીએ ફરમાવ્યું છે કે સકષાય અને અકષાયયોગ એ સામ્પરાયિક (સંસાર) અને ઈર્યાપથ (એક સમયની સ્થિતિ) નો આશ્રવ છે અને સામ્પરાયિક કર્મ આઠ ભેદે કહેવાશે. તો શું સર્વને સામાન્ય આશ્રવ હોય છે કે કંઈ ભેદ છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-સામાન્ય (સરખા) યોગ હોતે છતે પણ સ્વભાવને આશ્રયીને આશ્રવમાં ફરક હોય છે. તે આ રીતે,...

**सूत्रम्- तत्प्रदोष निह्नव मात्सर्याऽन्तरायाऽऽसादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥६-११॥**
અર્થ- (જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો ઉપર તેમજ દર્શન, દર્શની અને દર્શનના સાધનો ઉપર) પ્રદ્વેષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદના (અવિધિ આદિથી ગ્રહણ તે) અને ઉપઘાત તે જ્ઞાનાવરણ અને દર્શનાવરણના આશ્રવો છે.

भाष्यम्- आश्रवो ज्ञानस्य ज्ञानवतां ज्ञानसाधनानां च प्रदोषो निह्नवो मात्सर्यमन्तराय आसादनम् उपघात इति ज्ञानावरणास्रवा भवन्ति, एतैर्हि ज्ञानावरणं कर्म बध्यते, एवमेव दर्शनावरणस्येति ॥११॥
અર્થ- આશ્રવ-જ્ઞાન, જ્ઞાની, અને જ્ઞાનના સાધનો ઉપર પ્રદ્વેષ, નિહ્નવ (છૂપાવવું), માત્સર્ય, અંતરાય, આસાદના અને ઉપઘાત કરવો તે જ્ઞાનાવરણના આશ્રવો છે અને તેના વડે જ જ્ઞાનવરણ કર્મ બન્ધાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તે પ્રમાણે જ દર્શનાવરણના આશ્રવો પણ તે જ (જ્ઞાનાવરણના છે તે જ સમજવા.) ॥૧૧॥

**सूत्रम्- दुःखशोकतापाऽऽक्रन्दन-वध-परिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ॥६-१२॥**

અર્થ- દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ, પરિદેવન એ છ[1] પોતે અથવા બીજાને કરાવે કે પોતે અને બીજા બંને (દુઃખ શોકાદિ) કરે તે અશાતાવેદનીયનો આશ્રવ છે.

भाष्यम्- दुःखं शोकस्ताप आक्रन्दनं वधः परिदेवनमित्यात्मसंस्थानि परस्य क्रियमाणान्युभयोश्च क्रियमाणान्यसद्वेद्यस्यास्रवा भवन्तीति ॥१२॥

અર્થ- દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ, મૂર્છિતપણું-આ કાર્યો પોતાના આત્માને, બીજાને કે બંનેને કરવું તે અશાતાવેદનીયના આશ્રવો છે. (તેનાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે) ॥૧૨॥

**सूत्रम्- भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥६-१३॥**

અર્થ- ભૂતાનુકમ્પા, વ્રત્યનુકમ્પા, દાન, સરાગસંયમ આદિ યોગ, ક્ષમા અને પવિત્રતા એ શાતાવેદનીય (કર્મ) ના આશ્રવ છે.

भाष्यम्- सर्वभूतानुकम्पा अगारिष्वनगारिषु च व्रतिष्वनुकम्पाविशेषो दानं सरागसंयमः संयमासंयमोऽकामनिर्जरा बालतपो योगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्यास्रवा भवन्ति ॥१३॥

અર્થ- સર્વજીવો પ્રતિ અનુકમ્પા, વ્રતધારી ગૃહસ્થો તથા સાધુઓ પ્રતિ અનુકમ્પા વિશેષ, દાન, સરાગ સંયમપાલન, દેશવિરતિ પાલન, અકામ નિર્જરારૂપ બાલતપ કરવો (અગ્નિપ્રવેશ વગેરે), યોગ (લોક સંમત નિર્દોષ પ્રવૃત્તિ) ક્ષમા રાખવી તેમજ પવિત્રતા (લોભનો ઉપશમ તેમજ પાણીથી અંગપ્રક્ષાલન) એ શાતાવેદનીયના આસ્રવો છે. ॥૧૩॥

**सूत्रम्- केवलिश्रुतसंघधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥६-१४॥**

અર્થ- શ્રી કેવળજ્ઞાની ભગવંતો, શ્રુત (શાસ્ત્રો), સંઘ, ધર્મ અને દેવોની નિંદા એ દર્શનમોહનીય કર્મના આશ્રવો છે.

भाष्यम्- भगवतां परमर्षीणां केवलिनामर्हत्प्रोक्तस्य च साङ्गोपाङ्गस्य श्रुतस्य चातुर्वर्णस्य सङ्घस्य पञ्चमहाव्रतसाधनस्य चतुर्विधानां च देवानामवर्णवादो दर्शनमोहस्यास्रवा इति ॥१४॥

અર્થ- પરમર્ષિ શ્રી કેવળજ્ઞાની ભગવંતોનો તથા શ્રી અરિહંત પરમાત્માએ કહેલ અંગ-ઉપાંગો સહિત

---

૧. દુઃખાદિ છ નો અર્થ-બહારના કે અંદરના કોઈપણ નિમિત્તથી પીડા થવી તે દુઃખ, કોઈ હિતસ્વી વગેરેનો સંબંધ તુટવાથી જે ખેદ થાય તે શોક, અપમાન વગેરેથી મન કલુષિત થાય તેના કારણે જે તીવ્ર સંતાપ થાય તે તાપ, ગદ્‌ગદ્ સ્વરથી આંસુ પડતા રોવું-પીટવું તે આક્રન્દન, કોઈનો પ્રાણ લઈ લેવો તે વધ, વિયોગીના ગુણોનું સ્મરણ કરતા જે કરુણાજનક રુદન અને મૂર્છિત અવસ્થા પ્રાપ્ત કરવી તે પરિદેવન આ રીતે તર્જન, તાડન પણ લેવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાનનો, શ્રી ચતુર્વિધ સંઘનો, પંચમહાવ્રતના સાધનો (ઉપકરણો) નો અને ચારેય નિકાય (પ્રકાર) ના દેવોનો અવર્ણવાદ (એટલે નિંદા કરવી કે જેમ છે તેના કરતાં બીજી રીતે બોલવું) તે દર્શનમોહનીય કર્મના આશ્રવો છે. ॥૧૪॥

## सूत्रम्- कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥६-१५॥

અર્થ- કષાયના ઉદયથી તીવ્ર થયેલ જે આત્માનો પરિણામ તે ચારિત્રમોહનીય કર્મનો આશ્રવ છે.

भाष्यम्- कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्याम्रवो भवति ॥१५॥
અર્થ- કષાયના ઉદયથી તીવ્ર (ઉત્કટ) આત્માનો પરિણામ તે ચારિત્ર મોહનીયનો આશ્રવ છે. ॥૧૫॥

## सूत्रम्- बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ॥६-१६॥

અર્થ- ઘણાં આરંભ અને ઘણું પરિગ્રહપણુ એ નારક આયુષ્યનો આશ્રવ છે. (નારકનું આયુષ્ય બંધાય છે.)

भाष्यम्- बह्वारम्भता बहुपरिग्रहता च नारकस्यायुष आम्रवो भवति ॥१६॥
ઘણું આરમ્ભપણું (યંત્રાદિ રૂપ મોટા આરંભ કરવા) અને ઘણું પરિગ્રહપણું એ નારક આયુષ્યનો આશ્રવ છે.[1] ॥૧૬॥

## सूत्रम्- मायातैर्यग्योनस्य ॥६-१७॥

અર્થ- માયા (શઠતા) એ તિર્યગ્યોનિમાં ઉત્પન્ન થવાનો (તિર્યંચનો) આશ્રવ છે. (માયાથી તિર્યંચ આયુષ્ય બંધાય.)

भाष्यम्- माया तैयग्योनस्यायुष आम्रवो भवति ॥१७॥
અર્થ- માયા એ તિર્યંચઆયુષ્યના આશ્રવરૂપ છે. ॥૧૭॥

## सूत्रम्- अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ॥६-१८॥

અર્થ- અલ્પ આરંભિકી (પ્રવૃત્તિ), અલ્પ પરિગ્રહપણું, સ્વભાવની સરળતા અને નમ્રતા એ મનુષ્ય આયુષ્યના આશ્રવ છે.

भाष्यम्- अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्यायुष आम्रवो भवति ॥१८॥

---

૧. આ બે સિવાય ભાષ્યના એ 'ચ' શબ્દથી માંસાહાર, પંચેન્દ્રિયવધ વગેરે પણ નરક આયુષ્યના આશ્રવો જાણવા. (હરિ. ટિકા च शब्दात्. कुणिमाहार पञ्चेन्द्रियवधादि ग्रहः)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- અલ્પારંભપણું, અલ્પપરિગ્રહપણું, સ્વભાવની સરળતા અને નમ્રતા એ મનુષ્ય આયુષ્યના આશ્રવો છે[1] ।।૧૮।।

## सूत्रम्- निःशीलव्रतत्वं च सर्वेषाम् ।।६-१९।।

અર્થ- સદાચાર રહિતપણું અને વિરતિરહિતપણું એ સર્વે (પૂર્વોક્ત ત્રણે-નારક, તિર્યંચ, મનુષ્ય) આયુષ્યના આશ્રવરૂપ છે.

भाष्यम्- निःशीलव्रतत्वं च सर्वेषां नारकतैर्यग्योनमानुषाणामायुषामास्रवो भवति, यथोक्तानि च ।।१९।।
અર્થ- (પૂર્વ સૂત્રોક્ત અને) સદાચાર રહિતપણું અને વ્રતરહિતપણું એ સર્વે એટલે નારક, તિર્યંચ અને મનુષ્ય આયુષ્યના આશ્રવ છે. ।।૧૯।।

भाष्यम्- अथ दैवस्यायुषः क आस्रव इति ? अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) કહે છે કે હવે દેવ આયુષ્યના આશ્રવો કયા છે ?
(ઉત્તરકાર) કહેવાય છે અહીં...

## सूत्रम्- सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि दैवस्य ।।६-२०।।

અર્થ- સરાગસંયમ, દેશવિરતિ, અકામનિર્જરા, બાલતપ એ દેવ આયુષ્યના આશ્રવો છે.

भाष्यम्- संयमो विरतिर्व्रतमित्यनर्थान्तरम् । हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतमिति वक्ष्यते।
અર્થ- સંયમ, વિરતિ, વ્રત એ એકાર્થવાચી છે. 'હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહથી અટકવું તે વ્રત' એ પ્રમાણે વ્રતની વ્યાખ્યા (૭-૧ માં) કહેવાશે.

भाष्यम्- संयमासंयमो देशविरतिरणुव्रतमित्यनर्थान्तरम्, 'देशसर्वतोऽणुमहती' इत्यपि वक्ष्यते ।
અર્થ- સંયમાસંયમ, દેશવિરતિ, અણુવ્રત એ એકાર્થવાચી છે. 'દેશથી અટકવું તે અણુવ્રત અને સર્વાંશથી અટકવું તે મહાવ્રત' તે પ્રમાણે (૭-૨માં) કહેવાશે.

भाष्यम्- अकामनिर्जरा पराधीनतयाऽनुरोधाच्चाकुशलनिवृत्तिराहारादिनिरोधश्च । बालतपः, बालो मूढ इत्यनर्थान्तरम् तस्य तपो बालतपः, तच्चाग्निप्रवेशमरुत्प्रपातजलप्रवेशादि । तदेवं सरागसंयमः संयमासंयमादीनि च दैवस्यायुष आस्रवा भवन्तीति ।।२०।।
અર્થ- અકામનિર્જરા-પરાધિનપણા અને દાક્ષિણ્યતાપૂર્વક અશુભકાર્યોથી નિવૃત્તિ તેમજ આહારાદિ ત્યાગ (તે અકામનિર્જરા છે)

૧. ભાષ્યના च શબ્દથી ભદ્રતા આદિપણ ગ્રહણ કરવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-બાલતપ- બાલ, મૂઢ તે એકાર્થવાચી શબ્દો છે. તેનો તપ એટલે બાલનો તપ તે બાલતપ. અગ્નિપ્રવેશ, પર્વત ઉપરથી જંપાપાત, ડૂબી મરવું ઈત્યાદિ બાલતપ છે. એ પ્રમાણે સરાગસંયમ, સંયમાસંયમ આદિ દેવ આયુષ્યના આશ્રવ છે. ।।૨૦।।

भाष्यम्- अथ नाम्नः क आस्रव इति?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) હવે નામકર્મનો આશ્રવ કયો છે ?
(ઉત્તરકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ।।६-२१।।

અર્થ- મન વચન કાયા રૂપ યોગનો અયોગ્ય વ્યાપાર (દુરૂપયોગ) અને વિસંવાદ તે અશુભ નામકર્મનો આશ્રવ છે.

भाष्यम्- कायवाङ्मनोयोगवक्रता विसंवादनं चाशुभस्य नाम्न आस्रवो भवतीति ।।२१।।
અર્થ- કાયા, વચન અને મનયોગની વક્રતા (અયોગ્ય ઉપયોગ) અને બીજાના વિષયમાં ઉંધુ-ચત્તું બોલવું આદિ વિસંવાદન તે અશુભનામકર્મનો આશ્રવ છે. ।।૨૧।।

## सूत्रम्- विपरीतं शुभस्य ।।६-२२।।

અર્થ- મન-વચન-કાયારૂપ યોગની અકુટિલતા (અવક્રતા, સદુપયોગ) તે શુભનામકર્મનો આશ્રવ છે.

भाष्यम्- एतदुभयं विपरीतं शुभस्य नाम्न आस्रवो भवतीति ।।२२।। किंचान्यत्-
અર્થ- એ બંને આશ્રવોથી વિપરીત (જે) બંને આશ્રવો (એટલે યોગની ઋજુતા અને સંવાદન- બંને વચ્ચે ભેદ મિટાવી સીધા રસ્તે લાવવો તે સંવાદન) તે શુભનામ કર્મના આશ્રવો છે. ।।૨૨।।

## सूत्रम्- दर्शनविशुद्धिर्विनयसम्पन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसीसंघसाधुसमाधिवैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणि मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ।।६-२३।।

અર્થ- સમ્યગ્દર્શનમાં વિશેષ શુદ્ધિપણું, વિનયગુણની સમ્પન્નતા, સદાચાર તેમજ વ્રતોમાં નિરતિચારપણું, વારંવાર જ્ઞાનનો ઉપયોગ અને વૈરાગ્યમાં રત, યથાશક્તિ ત્યાગ-તપસ્યા, સંઘને શાતા આપવી તેમજ સાધુની વૈયાવચ્ચ કરવી, અરિહંતપરમાત્માની-આચાર્યભગવંતની-બહુશ્રુત (આગમવેત્તા) ભગવંતની-પ્રવચન (શ્રુતજ્ઞાન-આગમ-જિનવાણી) ની ભક્તિ કરવી, ષડાવશ્યક સાચવવામાં ખામી ન આણવી, મોક્ષમાર્ગની પ્રભાવના વધારવી, જિનશાસન પ્રતિ વાત્સલ્યભાવ એ શ્રી તીર્થંકરનામ કર્મના આશ્રવો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- परमप्रकृष्टा दर्शनविशुद्धिः, विनयसंपन्नता च, शीलव्रतेष्वात्यन्तिको भृशमप्रमादोऽनतिचारः, अभीक्ष्णं ज्ञानोपयोगः संवेगश्च, यथाशक्तिस्त्यागस्तपश्च, सङ्घस्य साधूनां च समाधिवैयावृत्त्य-करणम्, अर्हत्स्वाचार्येषु बहुश्रुतेषु प्रवचने च परमभावविशुद्धियुक्ता भक्तिः, सामायिकादीनामा-वश्यकानां भावतोऽनुष्ठानस्यापरिहाणिः, सम्यग्दर्शनादेर्मोक्षमार्गस्य निहत्य मानं करणोपदेशाभ्यां प्रभावना, अर्हच्छासनानुष्ठायिनां श्रुतधराणां बालवृद्धतपस्विशैक्षकग्लानादीनां च सङ्ग्रहोपग्रहानुग्रह-कारित्वं प्रवचनवत्सलत्वमिति, एते गुणाः समस्ता व्यस्ता वा तीर्थकरनाम्न आस्रवा भवन्तीति ॥२३॥

અર્થ- પરમપ્રકૃષ્ટ દર્શનની વિશુદ્ધિ (નિર્મલતા) અને વિનય સમ્પન્નતા, શીલ અને વ્રતોમાં (વ્રતગ્રહણથી જીવન પર્યંત) પ્રમાદરહિત અનતિચારી જીવન, વારંવાર જ્ઞાનોપયોગ અને વૈરાગ્યમાં પ્રવૃત્ત, યથાશક્તિ ત્યાગ[1] તપસ્યા, ચતુર્વિધ સંઘને સમાધિસ્થિરીકરણ = સ્વસ્થતા વધારવી અને સાધુની વૈયાવચ્ચ કરવી, અરિહંતપ્રભુ, આચાર્ય ભગવંત, બહુશ્રુત (આગમધર-ઉપાધ્યાય) અને જિનવાણીરૂપ આગમ ઉપર ઉચ્ચત્તમ ભાવની વિશુદ્ધિ પૂર્વક ભક્તિ, સામાયિકાદિ ષડાવશ્યકની ભાવપૂર્વક આરાધના કરવી (ષડાવશ્યક છોડવા નહિ.), અભિમાન છોડીને આચરણ અને ઉપદેશ દેવાપૂર્વક સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રભાવના કરવી, જિનશાસનની આરાધના કરનારા શ્રુતધર, બાલ, વૃદ્ધ, તપસ્વી, શૈક્ષક (અભ્યાસ કરનાર મુનિ) અને ગ્લાન આદિના (માટે) સંગ્રહકારીપણું ઉપગ્રહકારીપણું અને અનુગ્રહકારીપણું કરવા પૂર્વક પ્રવચનનું વાત્સલ્યત્વ ઈત્યાદિ ગુણો બધા અથવા એક-એક પણ તીર્થંકર નામકર્મના આશ્રવરૂપ છે. ॥૨૩॥

## सूत्रम्- परात्मनिंदाप्रशंसेसदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥६-२४॥

અર્થ- બીજાની નિંદા કરવી અને પોતાની પ્રસંશા કરવી, બીજાના સદ્‌ગુણો ઢાંકવા અને દુર્ગુણો પ્રકટ કરવા તે નીચગોત્રના આશ્રવો છે.

भाष्यम्- परनिन्दात्मप्रशंसा सद्गुणाच्छादनमसद्गुणोद्भावनं आत्मपरोभयस्थं नीचैर्गोत्रस्यास्रवा भवन्ति ॥२४॥

અર્થ- બીજાની નિંદા, પોતાની પ્રસંશા, બીજાના ગુણોને ઢાંકવા (અને) અસદ્‌ગુણો (દુર્ગુણો) પ્રગટ કરવા, પોતાના સદ્‌ગુણોને પ્રગટ કરવા (અને) અસદ્‌ગુણોને ઢાંકવા આ રીતે ઉભયપ્રવૃત્તિ તે નીચગોત્રકર્મના આશ્રવો છે. ॥૨૪॥

## सूत्रम्- तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥६-२५॥

અર્થ- તેનાંથી (નીચગોત્રના આશ્રવરૂપ પ્રવૃત્તિથી) વિપરીત (સ્વનિંદા-પરપ્રસંશા વગેરે) અને નમ્રતા, નિરભિમાનપણું એ ઉચ્ચગોત્ર કર્મના આસ્રવો છે.

---

૧. ત્યાગ = દાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- उत्तरस्येति सूत्रक्रमप्रामाण्यादुच्चैर्गोत्रस्याह, नीचैर्गोत्राम्रवविपर्ययो नीचैर्वृत्तिरनुत्सेकश्चोच्चैर्गोत्रस्याम्रवा भवन्ति ॥२५॥
અર્થ- ઉત્તરના એટલે સૂત્રક્રમાનુસાર એ 'ઉચ્ચગોત્રના' સમજવું. નીચગોત્રના આસ્રવોથી વિપરીત એવા બંને તેમજ નમ્રતા અને ગર્વરહિતપણું એ ઉચ્ચગોત્રના આશ્રવો છે. ॥૨૫॥

## सूत्रम्- विघ्नकरणमन्तरायस्य ॥६-२६॥

અર્થ- વિઘ્નનાંખવા તે અંતરાયકર્મના આશ્રવ છે.

भाष्यम्- दानादीनां विघ्नकरणमन्तरायस्याम्रवो भवतीति, एते साम्परायिकस्याष्टविधस्य पृथक् पृथगाम्रवविशेषा भवन्तीति ॥२६॥
અર્થ- દાનાદિ (દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય) માં વિઘ્ન કરવા તે અંતરાયકર્મનો આશ્રવ છે. આ બધા સામ્પરાયિક આઠકર્મના જુદાજુદા આશ્રવવિશેષો છે. ॥૨૬॥

## ★ ઉપસંહાર ★

-આશ્રવદ્વાર એ સાતતત્ત્વપૈકી ત્રીજાનંબરના સ્થાને છે.
-જીવ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. તેની પાછળ કારણ આશ્રવ છે.
આશ્રવ એટલે કર્મોનુ આગમન.
-જો કર્મોનું આવવું બંધ થઈ જાય તો નિશ્ચે જીવનો મોક્ષ મર્યાદિતકાળમાં જ થઈ જાય. કારણકે લાગેલા કર્મો મર્યાદિતકાળનાજ હોય છે. કર્મમાત્ર સાદિ સાંત ભાંગે જ હોય છે. તેથી જો નવું કર્મ ન આવે તો જૂનું કર્મ કોઈને કોઈ કાળમાં તો અવશ્ય આત્માથી છૂટું પડી જ જાય છે. અને આત્માનો મોક્ષ થઈ જાય છે. વળી નિશ્ચયદ્રષ્ટિથી જોવા જઈએ તો આશ્રવનો આધાર આત્માના અધ્યવસાય ઉપર છે. વ્યવહાર દ્રષ્ટિ એ ઉચ્ચ દેખાતો આત્મા જો અધ્યવસાયથી પતિત હોય તો નીચ કક્ષાનાં કર્મોને નોંતરનાર બનતો હોય છે. જેથી કયો જીવ કયા કર્મોનો આશ્રવ કરી રહ્યો છે તે જાણવું જ્ઞાની વિના મુશ્કેલ છે.
-વિશેષતયા આશ્રવદ્વારનું વર્ણન કરવા પૂજ્યપાદ વાચકવર્યશ્રીએ આ અધ્યાયમાં સૌ પ્રથમ યોગનું વર્ણન-ભેદ-સ્વામી, સામ્પરાયિકકર્મ આશ્રવ, ઈર્યાપથિકકર્મ આશ્રવ, પરિણામની ભિન્નતાએ આશ્રવની ભિન્નતા, અધિકરણના બે ભેદ, આઠેય કર્મના જુદા જુદા આશ્રવો વગેરે દર્શાવેલ છે.
-પ્રશ્ન-અહીં આઠે આઠ કર્મના ભિન્ન ભિન્ન આશ્રવો દર્શાવ્યા છે તે સમજયા. પરન્તુ શાસ્ત્રમાં તો કહ્યું છે કે હાલ આપણને (સકષાયિ જીવને) આયુષ્ય કર્મ ન બંધાતુ હોય તો શેષ સાતે સાત કર્મો પ્રતિ સમયે બંધાય જ છે અને આયુષ્ય બંધાતું હોય તો તે સમયે આઠે આઠ કર્મોનો બંધ ચાલુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય છે. એટલે કે પ્રતિસમયે સાત કે આઠ કર્મનો આશ્રવ ચાલુ જ છે અર્થાત્ જ્ઞાનાવરણીયના આશ્રવની સાથે શેષ ૬-૭ કર્મોનો આશ્રવપણ ચાલું જ છે. તો અમુક દોષ કે અમુક પ્રવૃત્તિ વખતે અમુક કર્મનો આશ્રવ એમ કહેવાની શી જરુરત ?

જવાબ-બરાબર છે. જ્ઞાનવરણીય કર્મના આશ્રવની સાથે શેષ ૬-૭ કર્મનો આશ્રવ ચાલુ જ હોય છે પરંતુ તે સામાન્ય આશ્રવ સમજવો. એટલે કે ૬-૭ કર્મના પ્રકૃતિસ્થિતિ આદિ આશ્રવ ચાલુ જ હોય છે. પરન્તુ જ્ઞાનવરણીય કર્મ સિવાયના ૬-૭ કર્મમાં રસની તીવ્રતા નથી હોતી. તીવ્રતા તો માત્ર જ્ઞાનાવરણીયમાં જ હોય છે. એટલે અહીં જે આશ્રવની વાત કરી છે તે રસની તીવ્રતાવાળા આશ્રવની વાત કરી છે. અર્થાત્ જે કર્મના આશ્રવની વાત કરી તે કર્મ રસબંધની તીવ્રતા સહિતના બંધની જાણવી. બાકીના કર્મના રસ મંદ હોય છે. અર્થાત્ શેષ ૬/૭ કર્મના રસની વાત ગૌણ જાણવી.

છ અધ્યાય મળી કુલ સૂત્રો ૨૨૮ (બસો અઠ્યાવીસ) થયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:**

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## सप्तमो अध्यायः - સાતમો અધ્યાય

**भाष्यम्- अत्राह-उक्तं भवता सद्वेद्यस्यास्रवेषु 'भूतव्रत्यनुकम्पे'ति, तत्र किं व्रतं? को वा व्रतीति?, अत्रोच्यते–**

**અર્થ-** (જિજ્ઞાસુ) અહીં કહે છે કે આપશ્રીએ શાતાવેદનીયના આશ્રવમાં 'ભૂત-વ્રતી પ્રતિ અનુકમ્પા' જણાવ્યુ. ત્યાં વ્રત એ શું છે ? અથવા તો 'વ્રતી' એ કોણ ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

### सूत्रम्- हिंसानृतस्तेयाऽब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।।७-१।।

**અર્થ-** હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહથી અટકવું તે વ્રત છે.

**भाष्यम्- हिंसाया अनृतवचनात् स्तेयादब्रह्मतः परिग्रहाच्च कायवाङ्मनोभिर्विरतिर्व्रतम्, विरतिर्नाम ज्ञात्वाऽभ्युपेत्याकरणम्, अकरणं निवृत्तिरुपरमो विरतिरित्यनर्थान्तरम् ।।१।।**

**અર્થ-** કાયા, વચન અને મન વડે હિંસાથી, અસત્ય બોલવાથી, ચોરીથી, અબ્રહ્મ (મૈથુન) થી અને પરિગ્રહથી અટકવું તે વ્રત. વિરતિ એટલે જ્ઞાન કરીને (શ્રદ્ધા પૂર્વક) સ્વીકાર કરી અને (ભાવથી) ન કરવું (અટકવું, અકરણ). અકરણ, નિવૃત્તિ, ઉપરમ, વિરતિ એ (ચારિત્રના) પર્યાયવાચી શબ્દો છે ।।૧।।

### सूत्रम्- देशसर्वतोऽणुमहती ।।७-२।।

**અર્થ-** દેશથી (એકાદિ અંશથી) અટકવું તે અણુવ્રત અને સર્વાંશથી અટકવું (વિરતિ) તે મહાવ્રત કહેવાય છે.

**भाष्यम्- एभ्यो हिंसादिभ्यः एकदेशविरतिरणुव्रतं, सर्वतो विरतिर्महाव्रतमिति ।।२।।**

**અર્થ-** આ હિંસાદિથી એકદેશ (અલ્પ) અટકવું તે અણુવ્રત, અને (હિંસાદિથી) સર્વદેશ (સંપૂર્ણ) અટકવું તે મહાવ્રત ।।૨।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- तत्स्थैर्यार्थं भावनाः पञ्चपञ्च ॥७-३॥**

અર્થ- તે વ્રતોમાં સ્થિર રહેવા માટે દરેકની પાંચ પાંચ ભાવનાઓ છે.

**भाष्यम्- तस्य पञ्चविधस्य व्रतस्य स्थैर्यार्थमेकैकस्य पञ्च पञ्च भावना भवन्ति, तद्यथा-**

અર્થ- તે પાંચ પ્રકારના વ્રતોને ટકાવી રાખવા માટે પ્રત્યેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. તે આ રીતે,

**भाष्यम्- अहिंसायास्तावदीर्यासमितिर्मनोगुप्तिरेषणासमितिरादाननिक्षेपणासमितिरालोकितपान-भोजनमिति ।**

અર્થ- અહિંસા (વ્રત) ની-(તાવદ્ શબ્દ ક્રમદર્શક છે.) (૧) ઈર્યાસમિતિ, (૨) મનોગુપ્તિ, (૩) એષણા સમિતિ (૪) આદાન નિક્ષેપણાસમિતિ, (૫) આલોકિત પાન ભોજન. તે (અહિંસાની પાંચ ભાવના છે.)

**भाष्यम्- सत्यवचनस्यानुवीचिभाषणं क्रोधप्रत्याख्यानं लोभप्रत्याख्यानमभीरुत्वं हास्यप्रत्याख्या-नमिति ।**

અર્થ- સત્યવ્રતની-(૧) વિચારપૂર્વક બોલવું, (૨) ક્રોધનો ત્યાગ, (૩) લોભનો ત્યાગ, (૪) નિર્ભયપણું રાખવું અને (૫) હાસ્યનો ત્યાગ (એ પાંચ ભાવના.)

**भाष्यम्- अस्तेयस्यानुवीच्यवग्रहयाचनमभीक्ष्णावग्रहयाचनमेतावदित्यवग्रहावधारणं समानधार्मि-केभ्योऽवग्रहयाचनमनुज्ञापितपानभोजनमिति ।**

અર્થ- અસ્તેયવ્રતની-(૧) સમજપૂર્વક અવગ્રહની યાચના, (૨) વારંવાર અવગ્રહની યાચના, (૩) જરૂર પૂરતાં જ અવગ્રહની યાચના, (૪) સાધર્મિક પાસેથી અવગ્રહની યાચના (અને) (૫) અનુજ્ઞા મેળવ્યા પછી પાન-ભોજનનો ઉપયોગ (એ અસ્તેયવ્રતની પાંચ ભાવના.)

**भाष्यम्- ब्रह्मचर्यस्य** स्त्रीपशुपण्डकसंसक्तशयनासनवर्जनं रागसंयुक्तस्त्रीकथावर्जनं स्त्रीणां मनोहरे-न्द्रियालोकनवर्जनं पूर्वरतानुस्मरणवर्जनं प्रणीतरसभोजनवर्जनमिति ।

અર્થ- બ્રહ્મચર્યવ્રતની-(૧) સ્ત્રી, પશુ, પંડક (નપુંસક) થી યુકત (સ્થાન)માં શયન, આસન ન કરવું (ન રાખવુ), (૨) રાગ સંયુકત સ્ત્રી કથા ન કરવી, (૩) સ્ત્રીના મનોહર અંગોપાંગ ન નિરખવાં, (૪) પૂર્વે કરેલ ક્રીડાનું સ્મરણ ન કરવું (અને ૫) વિગઈવાળા આહારનો ત્યાગ અર્થાત્ વિકાર ઉત્પન્ન કરે તેવા ભોજન ન કરવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **आकिञ्चन्यस्य** पञ्चानामिन्द्रियार्थानां स्पर्शरसगन्धवर्णशब्दानां मनोज्ञानां प्राप्तौ गार्ध्य-वर्जनममनोज्ञानां प्राप्तौ द्वेषवर्जनमिति ॥३॥ **किंचान्यदिति-**
અર્થ- પરિગ્રહવ્રતની-પાંચેય ઈન્દ્રિયોના જે સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણ-શબ્દવિષયો તે મનોઅભિષ્ટ = ઈચ્છિત મળે તો રાજી ન થવું અને અનિચ્છિત (અપ્રિય) મળેતો દ્વેષ ન કરવો. ॥૩॥
વળી બીજું,...(વ્રતોને ટકાવવાની અન્ય કેટલીક ભાવનાઓ)

**सूत्रम्- हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥७-४॥**

અર્થ- હિંસાદિમાં આભવ અને પરભવ(બંને) ના દુઃખોનું તેમજ પાપોનું દર્શન કરવું = કલ્યાણનો નાશ અને નિંદનીયપણાની દ્રષ્ટિ રાખવી.

भाष्यम्- हिंसादिषु पञ्चस्वास्रवेष्विहामुत्र चापायदर्शनमवद्यदर्शनं च भावयेत्, तद्यथा-
અર્થ- હિંસાદિ પાંચે આશ્રવોમાં આભવ અને પરભવમાં અનર્થની પરંપરા તથા પાપનું દર્શન કરવું. અર્થાત્ વિચારવું. તે આ રીતે,

भाष्यम्- हिंसायास्तावत् **हिंस्रो** हि नित्योद्वेजनीयो नित्यानुबद्धवैरश्च, इहैव वधबंधपरिक्लेशादीन् प्रतिलभते प्रेत्य चाशुभां गतिं गर्हितश्च भवतीति हिंसाया व्युपरमः श्रेयान् ।
અર્થ- પ્રથમ હિંસા સંબંધી-હિંસક વ્યકિત તો હંમેશાં ત્રાસ કરનાર અને નિરંતર વૈરની પરંપરાવાળો હોય છે. વળી (હિંસક સ્વયં) આ ભવમાં જ (પોતાને) વધ, બંધ, પરિકલેશ આદિને પામે છે અને પરભવમાં અશુભ (નરકાદિ) ગતિને પામે છે. તેમજ નિંદાપાત્ર બને છે. જેથી હિંસાથી વિરમવું એ જ કલ્યાણકારી છે.

भाष्यम्- **तथाऽनृतवाद्यश्रद्धेयो** भवति, इहैव जिह्वाछेदादीन् प्रतिलभते, मिथ्याभ्याख्यानदुःखितेभ्यश्च बद्धवैरेभ्यस्तदधिकान् दुःखहेतून् प्रप्नोति, प्रेत्य चाशुभां गतिं गर्हितश्च भवतीत्यनृतवचनाद् व्युपरमः श्रेयान् ।
અર્થ- (જૂઠ સંબંધી) અસત્યવાચી-અશ્રદ્ધેય (એટલે અવિશ્વાસુ) હોય છે. તે આ ભવમાં જ જિહ્વા છેદન વગેરેને પામે છે. તેના જૂઠ વચનથી દુઃખિત થયેલા અને બંધાયેલ વૈરવાળા તે જીવો કરતાં પણ વધારે દુઃખના હેતુઓને પ્રાપ્ત કરે છે. વળી પરભવમાં દુર્ગતિને પામે છે. તેમજ નિંદાયેલ થાય છે. તેથી જૂઠવચનથી અટકવું તે કલ્યાણકારી છે.

भाष्यम्- **तथा स्तेनः** परद्रव्यहरणप्रसक्तमतिः सर्वस्योद्वेजनीयो भवतीति, इहैव चाभिघातवध-बन्धनहस्तपादकर्णनासोत्तरोष्ठच्छेदनभेदनसर्वस्वहरणवध्ययातनमारणादीन् प्रतिलभते, प्रेत्य चाशुभां गतिं गर्हितश्च भवतीति स्तेयाव्द्युपरमः श्रेयान् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (ચોરી સંબંધી-) તથા બીજાનું ધન લુંટવામાં આસક્ત મતિવાળો ચોરી કરનાર વ્યક્તિ સૌને ઉદ્વેગ પમાડનાર હોય છે. (વળી) આ ભવમાં જ (તેને) ઘાત, વધ, બન્ધન, હાથ-પગ-કાન-નાક-ઉપરના હોઠનું છેદન-ભેદન થાય, સર્વ ધનનું હરણ, મારપીટની યાતના તથા મરણાદિને પનારે પડે છે અને પરભવમાં દુર્ગતિને પામે છે તથા નિંદિત બને છે. તેથી ચોરીથી વિરમવું તે કલ્યાણકારી છે.

भाष्यम्- **तथाऽब्रह्मचारी** विभ्रमोद्भ्रान्तचित्तः विप्रकीर्णेन्द्रयो मदान्धो गज इव निरङ्कुशः शर्म नो लभते, मोहाभिभूतश्च कार्याकार्यानभिज्ञो न किंचिदकुशलं नारभते, परदाराभिगमनकृतांश्च इहैव वैरानुबन्धलिङ्गच्छेदनवधबन्धनद्रव्यापहारादीन् प्रतिलभतेऽपायान् प्रेत्य चाशुभां गतिं गर्हितश्च भवतीत्यब्रह्मणो व्युपरमः श्रेयानिति ।

અર્થ- (અબ્રહ્મ સંબંધી-) તથા અબ્રહ્મચારી વિલાસ વડે અસ્થિર ચિત્તવાળો બને છે, ઈન્દ્રિયો ઉપર કાબૂ ન રાખતા મદોન્મત હાથીની જેમ નિરંકુશ બનેલ સુખ પામી શકતો નથી. (તેમજ) મોહથી ઘેરાયેલો અને કાર્ય-અકાર્યનો અજાણ એવો તે એવું કોઈ પાપ નથી કે જેને તે આચરતો નથી (અર્થાત્ બધા પાપો તે આચરે છે.) વળી, પરસ્ત્રીગમન કરનાર આ જ ભવમાં વૈરના અનુબંધ, લિંગ છેદન, વધ, બન્ધન, દ્રવ્યવિનાશ વગેરે દુઃખોને પામે છે અને પરભવમાં અશુભગતિને પામે છે... તેમજ નિંદિત બને છે. માટે અબ્રહ્મથી વિરમવું તે કલ્યાણકારી છે.

भाष्यम्- तथा **परिग्रहवान्** शकुनिरिव मांसपेशीहस्तोऽन्येषां क्रव्यादच्छशकुनानामिहैव तस्करादीनां गम्यो भवति, अर्जनरक्षणक्षयकृतांश्च दोषान् प्राप्नोति, न चास्य तृप्तिर्भवतीन्धनैरिवाग्नैः लोभाभिभूतत्वाच्च कार्याकार्यानपेक्षो भवति, प्रेत्य चाशुभां गतिं प्राप्नोति, लुब्धोऽयमिति च गर्हितो भवतीति परिग्रहाद्व्युपरमः श्रेयान् ॥४॥ किंचान्यत्–

અર્થ- (પરિગ્રહ સંબંધી-) તથા પરિગ્રહવાળો (क्रव्याद = માંસાખાનાર પક્ષી), માંસનો ટુકડો છે હાથમાં (ચાંચમાં) જેને એવો પક્ષી જેમ અન્ય માંસભક્ષી પક્ષીઓને પ્રાપ્ય હોય છે, તેમ પરિગ્રહવાળો અહીં જ ચોર (તથા રાજા, ભાગીદાર) આદિને પ્રાપ્ય હોય છે. (અર્થાત્ તેના ધનને ચોર લુંટી લે છે.) અને ધનની પ્રાપ્તિ, ધન રક્ષણ અને (ઉપભોગ વિનાના) ધનક્ષયથી કરાયેલ દોષને પામે છે. વળી ઈન્ધનોથી અગ્નિની જેમ પરિગ્રહવાન્‌ને સંતોષ થતો નથી. વળી લોભથી અભિભૂત થયેલો હોવાથી કાર્ય-અકાર્ય વિચારતો નથી (તે આ ભવનું નુકશાન છે અને) પરભવમાં અશુભગતિ પ્રાપ્ત કરે છે. તેમજ એ 'આ લોભીયો છે' એવી રીતે નિંદિત થાય છે. માટે પરિગ્રહથી વિરામ પામવો તે શ્રેયસ્કર છે. ॥૪॥ વળી બીજું...

**सूत्रम्- दुःखमेव वा ॥७-५॥**

અર્થ- અથવા હિંસાદિ પાંચેય દુઃખરૂપ જ છે એમ વિચારવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- दुःखमेव वा हिंसादिषु भावयेत्, यथा ममाप्रियं दुःखमेवं सर्वसत्त्वानामिति हिंसाया व्युपरमः श्रेयान् ।

અર્થ- અથવા હિંસાદિમાં દુઃખ જ છે એમ વિચારવું. જેમ મને દુઃખ અપ્રિય છે તેમ સર્વજીવોને (દુઃખ અપ્રિય છે.) જેથી હિંસાથી વિરમવું તે શ્રેયઃ છે.

भाष्यम्- यथा मम मिथ्याभ्याख्यातस्य तीव्रं दुःखं भूतपूर्वं भवति च तथा सर्वसत्त्वानामिति अनृवतवचनाव्द्युपरमः श्रेयान् ।

અર્થ- જેમ જૂઠું કહેવાયેલ મને તીવ્ર દુઃખ પૂર્વે થયું છે અને હજુ થાય છે. તેમ સર્વજીવોને પણ થાય. આમ વિચારી અસત્યવચનથી વિરમવું તે કલ્યાણકારી છે.

भाष्यम्- यथा ममेष्टद्रव्यवियोगे दुःखं भूतपूर्वं भवति च तथा सर्वसत्त्वानामिति स्तेयाद्व्युपरमः श्रेयान्।

અર્થ- જેમ મનપસંદ વસ્તુના વિયોગમાં મને પૂર્વે દુઃખ થયું છે અને હજુ પણ થાય છે. તેમ સર્વજીવોને (પણ દુઃખ) થાય. તેમ વિચારી ચોરીથી વિરમવું. તે કલ્યાણકારી છે.

भाष्यम्- तथा रागद्वेषात्मकत्वान्मैथुनं दुखमेव, स्यादेतत् स्पर्शनसुखमिति, तच्च न, कुतः?, व्याधिप्रतीकारत्वात्कण्डूपरिगतवच्च अब्रह्मव्याधिप्रतीकारत्वादसुखे ह्यस्मिन् सुखाभिमानो मूढस्य, तद्यथा-तीव्रया त्वक्छोणितमांसानुगतया कण्ड्वा परिगतात्मा काष्ठाशकललोष्टशर्करानखशुक्ति-भिर्विच्छिन्नगात्रो रुधिरार्द्रः कण्डूयमानो दुःखमेव सुखमिति मन्यते, तद्वन्मैथुनोपसेवीति मैथुनाव्द्युपरमः श्रेयान् ।

અર્થ- રાગ-દ્વેષરૂપ હોવાથી મૈથુન દુઃખરૂપ જ છે. તેના સ્પર્શથી સુખ ઉત્પન્ન થાય છે. પરન્તુ હકીકતમાં તેવું નથી. તે શી રીતે ? (એમ પ્રશ્ન હોય) તો વ્યાધિના પ્રતિકારરૂપ હોવાથી. ખુજલીના રોગથી યુક્તની જેમ અબ્રહ્મ (મૈથુન) રૂપ (વ્યાધિના પ્રતીકારરૂપ હોવાથી) તે સુખરૂપ નથી. દુઃખરૂપ આ (મૈથુન) માં મૂઢ આત્માને સુખનું અભિમાન થાય છે. તે આ રીતે-ચામડી, લોહી, માંસ, સુધી પેસી ગયેલા તીવ્ર ખૂજલી(ખસ) વાળો આત્મા લાકડાનો ટૂકડો, ઢેફુ, કાંકરા(રોડું),નખ, છીપ વડે ખણવાથી છેદાયેલ ગાત્રવાળો (તેમજ) લોહીથી ખરડાયેલ, છતાં ખૂજલી ખણતાં દુઃખને જ સુખ માને છે. તે રીતે મૈથુનસેવી પણ દુઃખમાં સુખ માને છે. (મૈથુન સેવવામાં દુઃખ છે-છતાં સુખ માને છે.) જેથી મૈથુનથી વિરમવું તે જ શ્રેયઃ છે.

भाष्यम्- तथा परिग्रहवानप्राप्तप्राप्तनष्टेषु काङ्क्षारक्षणशोकोद्भवं दुःखमेव प्राप्नोतीति परिग्रहाव्द्युपरमः श्रेयान्, इत्येवं भावयतो व्रतिनो व्रते स्थैर्यं भवति ॥५॥ किंचान्यत्–

અર્થ- પરિગ્રહવાન્ આત્મા અપ્રાપ્ત પદાર્થમાં, પ્રાપ્ત થયેલ પદાર્થના વિનાશમાં ઈચ્છાજન્ય પ્રાપ્ત પદાર્થમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રક્ષણ (માટે અને) પદાર્થ નષ્ટ થયે છતે શોકથી ઉત્પન્ન થયેલ દુઃખને જ પામે છે. માટે પરિગ્રહથી વિરમવું તે જ શ્રેયઃ છે. આ પ્રમાણે (ભાવનાઓ) ભાવતા વ્રતધારીને વ્રતમાં સ્થિરતા થાય છે. ||૫||

**सूत्रम्- मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाऽविनयेषु ।।७-६।।**

**અર્થ-** સર્વ જીવો પ્રતિ મૈત્રી, અધિકગુણવાન્ ઉપર પ્રમોદ, દુઃખી જીવો તરફ કારૂણ્ય અને અવિનયી પ્રતિ માધ્યસ્થ ભાવના ભાવવી. (આ ચાર ભાવનાઓ છે.)

**भाष्यम्- भावयेद्यथासङ्ख्यम्, मैत्रीं सर्वसत्त्वेषु, क्षमेऽहं सर्वसत्त्वानाम्, मैत्री मे सर्वेसत्त्वेषु, वैरं मम न केनचिदिति ।**

**અર્થ-** અનુક્રમે (ભાવના) ભાવવી. મૈત્રી ભાવના-સર્વજીવો પ્રતિ (ભાવવી કે) 'હું સર્વજીવોને ક્ષમા આપું છું (અને) સર્વજીવોને ખમાવુ છું મારે સર્વજીવો ઉપર મિત્રભાવ છે, મારે કોઈની પણ સાથે વૈરભાવ નથી'.

**भाष्यम्- प्रमोदं गुणाधिकेषु,** प्रमोदो नाम विनयप्रयोगो वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियाभिव्यक्तो मनःप्रहर्ष इति ।

**અર્થ-** પ્રમોદ ભાવના-અધિક ગુણવાન્ તરફ (ભાવવી કે) 'વિનય કરવો તે પ્રમોદ છે. વન્દન, સ્તુતિ, ગુણગાન, વૈયાવચ્ચકરણ આદિ વડે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, તપથી અધિક એવા સાધુ ભગવંત ઉપર બીજાથી, પોતાનાથી કે ઉભયથી કરાયેલ પૂજા ભક્તિથી ઉત્પન્ન થયેલ જે સર્વઈન્દ્રિયોથી પ્રગટ થતો મનનો હર્ષ (તે પ્રમોદ ભાવના.)'

**भाष्यम्- कारुण्यं** क्लिश्यमानेषु, कारुण्यमनुकम्पा, दीनानुग्रह इत्यर्थः, तन्महामोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत्, तथा हि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ।

**અર્થ-** કારૂણ્ય ભાવના— દુઃખી જીવો પ્રતિ (ભાવવી) કારૂણ્ય = અનુકમ્પા = દીનાનુગ્રહ, મહામોહમાં ચકચૂર, મતિ-શ્રુત-વિભંગ અજ્ઞાનથી ઘેરાયેલા, વિષયોની તૃષારૂપ અગ્નિથી ભડભડતા ચિત્તવાળા; હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગથી વિપરીત પ્રવૃત્તિવાળા, જુદ જુદા પ્રકારના દુઃખોથી રીબાયેલા, દીન, કૃપણ, અનાથ, બાળક, અપકારી, ઘરડાંઓ ઉપર કારૂણ્યભાવના ભાવવી. તે રીતે ભાવના ભાવતો હિતોપદેશ આદિ વડે તેમને અનુગ્રહ કરે છે.

**भाष्यम्- माध्यस्थ्यमविनेयेषु,** माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम्, अविनेया नाम मृत्पिण्ड-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**काष्ठकुड्यभूता ग्रहणधारणविज्ञानेहापोहवियुक्ता महामोहाभिभूता दुष्टावग्राहिताश्च, तेषु माध्यस्थ्यं भावयेत्, न हि तत्र वक्तुर्हितोपदेशसाफल्यं भवति ॥६॥ किंचान्यत्-**

અર્થ- માધ્યસ્થ ભાવના-અવિનયી ઉપર ભાવવી. માધ્યસ્થ્ય, ઔદાસિન્ય, ઉપેક્ષા તે એકાર્થવાચી છે. અવિનેયી એટલે માટીના પિંડની માફક કે લાકડાની માફક કે ભીંત જેવા (તે) ઉપદેશાદિ ગ્રહણ કરવામાં અને ગ્રહણ કરેલ ઉપદેશ આદિને ટકાવવામાં, તેમજ (તત્ત્વોને) જાણવામાં, તેની વિચારણામાં અને અપોહમાં વિપરીત મતિવાળા તથા ગાઢમોહથી (તીવ્ર મિથ્યાદર્શનથી) ઘેરાયેલા અને દુષ્ટોથી ભરમાવાયેલા તેઓ ઉપર માધ્યસ્થ ભાવના ભાવવી. ત્યાં વક્તાને હિતોપદેશ કરવામાં સફળતા નથી. ॥૬॥ વળી બીજું...

## सूत्रम्- जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥७-७॥

અર્થ- સંવેગ તથા વૈરાગ્યના માટે લોકસ્વભાવ (જગત્ સ્વભાવ) અને શરીરસ્વભાવનો વિચાર કરવો. (ની ભાવના ભાવવી.)

**भाष्यम्- जगत्कायस्वभावौ च भावयेत् संवेगवैराग्यार्थम्, तत्र जगत्स्वभावो द्रव्याणामनाद्यादिमत्परिणामयुक्ताः प्रादुर्भावतिरोभावस्थित्यन्यताऽनुग्रहविनाशाः, कायस्वभावोऽनित्यता दुःखहेतुत्वं निःसारताऽशुचित्वमिति । एवं ह्यस्य भावयतः संवेगो वैराग्यं च भवति ।**

અર્થ- સંવેગ તથા વૈરાગ્યને માટે જગત્ સ્વભાવ અને શરીરનો સ્વભાવ (સ્વરૂપ) વિચારવો. તેમાં જગત્સ્વરૂપ (લોક સ્વભાવ)-(જીવ પુદ્ગલ વગેરે) દ્રવ્યોનું અનાદિમાન્- આદિમાન્ પરિણામયુક્ત, ઉત્પન્ન થવું, નાશ થવું, સ્થિર રહેવું તથા એક બીજાથી જુદાપણું, એક બીજાને સહાયતા તેમજ વિનાશ. (આવો સ્વભાવ છે.) એમ વિચારવું (એમ ભાવવું.) કાયસ્વભાવ—શરીરનું અનિત્યપણુ, દુઃખના હેતુપણુ સારરહિતપણુ અને અપવિત્રતા અર્થાત્ ગંદકીથી ભરેલું છે. એમ ભાવવું. એ પ્રમાણે આની ભાવના કરતાં સંવેગ અને વૈરાગ્ય થાય છે.

**भाष्यम्- तत्र संवगो नाम संसारभीरुत्वमारम्भपरिग्रहेषु दोषदर्शानादरतिः धर्मे बहुमानो धार्मिकेषु च, धर्मश्रवणे धार्मिकदर्शने च मनःप्रसादः उत्तरोत्तरगुणप्रतिपत्तौ च श्रद्धेति ॥ वैराग्यं नाम शरीरभोगसंसारनिर्वेदोपशान्तस्य बाह्याभ्यन्तरेषूपधिष्वनभिष्वङ्ग इति ॥७॥**

અર્થ- સંવેગ એટલે સંસારથી ભય પામવું, (સંવેગી આત્માને) આરમ્ભ-પરિગ્રહમાં દોષોના દર્શનથી સંસાર તરફ અપ્રીતિ ઉત્પન્ન થાય છે. વળી ધર્મમાં અને ધાર્મિક પુરૂષો ઉપર બહુમાન ઉત્પન્ન થાય છે. તેમજ ધર્મશ્રવણમાં અને ધર્મીજનોના દર્શન હોતે છતે મનની પ્રસન્નતા (વધે છે.) તથા ઉત્તરોત્તર ગુણ પ્રાપ્તિમાં અભિલાષ વધતો જાય છે. તે વૈરાગ્ય એટલે શરીરના ભોગથી (વિષયસુખથી) અને સંસારથી ઉદ્વેગપણુ (ઉદાસીનપણુ.) તે ઉદ્વેગપણાથી પ્રશમભાવ પામેલ આત્માને બાહ્ય-અભ્યન્તર ઉપાધિ(પરિગ્રહ) માં અનાસક્તપણુ આવે છે. તે વૈરાગ્ય છે. ॥૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अत्राह-उक्तं भवता हिंसादिभ्यो विरतिर्व्रतमिति, तत्र का हिंसा नामेति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) આપશ્રીએ કહ્યું કે હિંસાદિથી અટકવું તે વ્રત કહેવાય તો હિંસા એટલે શુ ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

**सूत्रम्- प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥७-८॥**

અર્થ- પ્રમાદના[1] યોગથી પ્રાણોનો નાશ (તે) હિંસા.

भाष्यम्- प्रमत्तो यः कायवाङ्मनोयोगैः प्राणव्यपरोपणं करोति सा हिंसा, हिंसा मारणं प्राणातिपातः प्राणवधः देहान्तरसंक्रामणं प्राणव्यपरोपणमित्यनर्थान्तरम् ॥८॥
અર્થ- પ્રમાદી જે કાયા, વાણી અને મનના યોગથી પ્રાણોનો નાશ કરે છે તે હિંસા છે. હિંસા, મારવું, પ્રાણોનો વિયોગ કરવો, પ્રાણોનો નાશ, ભિન્ન શરીરમાં જવું અને પ્રાણોને કાઢી નાંખવા-આ બધા એકાર્થવાચી શબ્દો છે. ॥૮॥

भाष्यम्- अत्राह-अथानृतं किमिति ? अत्रोच्यते–
અર્થ (જિજ્ઞાસુ) કહે છે કે હવે-અનૃત શું છે ? તે કહો. (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

**सूत्रम्- असदभिधानमनृतम् ॥७-९॥**

અર્થ- જૂઠું બોલવું તે અનૃત કહેવાય.

भाष्यम्- असदिति सद्भावप्रतिषेधोऽर्थान्तरं गर्हा च । तत्र सद्भावप्रतिषेधो नाम सद्भूतनिह्नवोऽभूतोद्भावनं च, तद्यथा-नास्त्यात्मा नास्ति परलोक इत्यादि भूतनिह्नवः, श्यामाकतण्डुलमात्रोऽयमात्मा अङ्गुष्ठपर्वमात्रोऽयमात्मा आदित्यवर्णो निष्क्रिय इत्येवमाद्यभूतोद्भावनम् । अर्थान्तरं यो गां ब्रवीत्यश्वमश्वं च गौरिति । गर्हेति हिंसापारुष्यपैशून्यादियुक्तं वचः सत्यमपि गर्हितमनृतमेव भवतीति ॥९॥
અર્થ- અસદ્ અટલે સદ્ભાવનો નિષેધ, ભિન્ન રૂપે કહેવું અને નિંદા, તેમાં સદ્ભાવનો નિષેધ એટલે (૧) વિદ્યમાનભાવનું છુપાવવું અને (૨) અવિદ્યમાનભાવનું કહેવું. તે આ રીતે, જેમ આત્મા નથી, પરલોક નથી (તે વિદ્યમાન ભાવનું છુપાવવું અર્થાત્) ઈત્યાદિ ભૂત નિહ્નવ. 'શ્યામાક[2] ચોખાના માપનો આ આત્મા છે, અંગુઠાના ઉપરની રેખા પ્રમાણે આ આત્મા છે. સૂર્ય જેવો રૂપવાળો (તેજસ્વી) અને ક્રિયાના સ્વભાવવિનાનો (આત્મા છે.)' એ પ્રમાણેની માન્યતા અભૂત ઉદ્ભાવનમાં ગણાય છે. (એ બધુ જૂઠ છે.) અર્થાન્તર-જે ગાયને ઘોડો કહે અને ઘોડાને ગાય કહે. (તે અસદ્અભિધાન.) ગર્હા એટલે હિંસાયુકત, નિષ્ઠુરતાયુકત, પૈશૂન્ય (ચાડી ચૂગલી-મર્મ ગુપ્તવચન) યુકત વચન સત્ય હોવા

૧. પ્રમાદ એટલે-કષાય, વિકથા, ઈન્દ્રયો, નિદ્રા આ સર્વ પ્રમાદના સાધનો છે. એ સર્વથી ઉત્પન્ન થતો આત્માનો પરિણામ તે પ્રમાદ. પ્રમત્તયોગ એ ભાવહિંસા છે અને **प्राणव्यपरीपणम्** એ દ્રવ્ય હિંસા છે.
૨. શ્યામક તંદુલ એટલે બંટી કે ચણો એ ધાન્યમાંથી નિકળેલા તોંદળા જેટલો ટૂકડો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છતાં પણ નિંદારૂપ હોવાથી અનૃત (જૂઠ) જ કહેવાય છે. ॥૯॥

भाष्यम्- अत्राह-अथ स्तेयं किमिति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે હવે સ્તેય એ શું છે ? તે કહો (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

## सूत्रम्- अदत्तादानं स्तेयम् ॥७-१०॥

અર્થ- ન આપેલું લેવું અર્થાત્ ન દીધેલું ગ્રહણ કરવું. તે સ્તેય (ચોરી) છે. (અહીં પણ પ્રમત્તયોગ સમજવો.)

भाष्यम्- स्तेयबुद्ध्या परैरदत्तस्य परिगृहीतस्य तृणादेर्द्रव्यजातस्यादानं स्तेयम् ॥१०॥
અર્થ- ચોરીની બુદ્ધિથી બીજા વડે ન અપાયેલ અથવા બીજા વડે તૃણાદિ દ્રવ્યનું ગ્રહણ કરવું. તે ગ્રહણ કરાયેલ સ્તેય એટલે ચોરી. ॥૧૦॥

भाष्यम्- अत्राह-अथाब्रह्म किमिति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે હવે અબ્રહ્મ શું છે ? તે કહો. (ઉત્તરકાર) કહેવાય છે અહીં-

## सूत्रम्- मैथुनमब्रह्म ॥७-११॥

અર્થ- મૈથુનસેવન તે અબ્રહ્મ છે.

भाष्यम्- स्त्रीपुंसयोर्मिथुनभावो मिथुनकर्म वा मैथुनं तदब्रह्म ॥११॥
અર્થ- સ્ત્રી અને પુરૂષનું જે મૈથુન સેવન એટલે કે મોહોદયજન્ય કિલષ્ટપરિણામ અથવા મૈથુનક્રિયા તે અબ્રહ્મ. ॥૧૧॥

भाष्यम्- अत्राह-अथ परिग्रहः क इति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે હવે પરિગ્રહ શું છે ? (ઉત્તરકાર) અહીં કહેવાય છે.

## सूत्रम्- मूर्च्छा परिग्रहः ॥७-१२॥

અર્થ- (સચેતન-અચેતન પદાર્થ ઉપર લોભની પરિણતિ કે મમત્વની બુદ્ધિ તે મૂર્ચ્છા...) મૂર્ચ્છા એ પરિગ્રહ.

भाष्यम्- चेतनावत्स्वचेतनेषु च बाह्याभ्यन्तरेषु द्रव्येषु मूर्च्छा परिग्रहः, इच्छा प्रार्थना कामोऽभिलाषः कांक्षा गार्ध्यं मूर्च्छेत्यनर्थान्तरम् ॥१२॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- સચેતન અને અચેતન તેમજ બાહ્ય અને અભ્યન્તર દ્રવ્યોમાં મૂર્છા (મમતા) તે પરિગ્રહ છે. ઈચ્છા, પ્રાર્થના, કામ, અભિલાષા, કાંક્ષા, લોલુપતા, મૂર્છા તે એકાર્થવાચી છે. ॥૧૨॥

भाष्यम्- अत्राह-गृह्णीमस्तावद्व्रतानि, अथ व्रती क इति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે વ્રતો તો સમજ્યા. હવે વ્રતી કોણ (કહેવાય) ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં.

## सूत्रम्- निःशल्योव्रती ॥७-१३॥

અર્થ- શલ્યવિનાનો વ્રતધારી તે વ્રતી કહેવાય.

भाष्यम्- मायानिदानमिथ्यादर्शनशल्यैस्त्रिभिर्वियुक्तो निःशल्यो व्रती भवति, व्रतान्यस्य सन्तीति व्रती, तदेवं निःशल्यो व्रतवान् व्रती भवतीति ॥१३॥
અર્થ- માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાદર્શનશલ્ય એ ત્રણ શલ્યથી રહિત નિ:શલ્યવ્રતી કહેવાય. વ્રતો જેને છે તે (અર્થાત્ વ્રતધારી) વ્રતી કહેવાય. ॥૧૩॥

## सूत्रम्- अगार्यनगारश्च ॥७-१४॥

અર્થ- અગારી અને અનગારી એમ બે પ્રકારે વ્રતી હોય છે.

भाष्यम्- स एष व्रती द्विविधो भवति-अगारी अनगारश्च, श्रावकः श्रमणश्चेत्यर्थः ॥१४॥
અર્થ- તે આ વ્રતી બે પ્રકારે હોય છે. (૧) અગારી અને (૨) અનગારી એટલે કે (૧) શ્રાવક અને (૨) શ્રમણ (સાધુ) એમ સમજવું. ॥૧૪॥

भाष्यम्- अत्राह-कोऽनयोः प्रतिविशेष इति ?, अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે એ બંનેમાં શો ફરક છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં.

## सूत्रम्- अणुव्रतोऽगारी ॥७-१५॥

અર્થ- અણુવ્રતધારી તે અગારી કહેવાય.

भाष्यम्- अणून्यस्य व्रतानीत्यणुव्रतः, तदेवमणुव्रतधरः श्रावकोऽगारी व्रती भवति ॥१५॥ किञ्चान्यत्-
અર્થ- અણુ (નાના થોડા અંશે) વ્રતો છે જેને તે અણુવ્રતી. તે એ પ્રકારના અણુવ્રતોને ધારણકાર શ્રાવક એ અગારી વ્રતધારી કહેવાય છે. ॥૧૫॥
વળી બીજું,...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सूत्रम्- दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोगातिथिसंविभागव्रत-संपन्नश्च ।।७-१६।।

અર્થ- પાંચ અણુવ્રત તથા દિશાવ્રત, દેશવ્રત, અનર્થદંડવિરતિવ્રત, સામાયિકવ્રત, પૌષધોપવાસવ્રત, ઉપભોગ-પરિભોગવ્રત અને અતિથિસંવિભાગવ્રત આ સાતવ્રતથી સમ્પન્ન એટલે કુલ બારવ્રતથી સમ્પન્ન શ્રાવક અગારી હોય.

भाष्यम्- एभिश्च दिग्व्रतादिभिरुत्तरव्रतैः संपन्नोऽगारी व्रती भवति, तत्र दिग्व्रतं नाम तिर्यगूर्ध्वमधो वा दशानां दिशां यथाशक्ति गमनपरिमाणाभिग्रहः, तत्परतश्च सर्वभूतेष्वर्थतोऽनर्थतश्च सर्वसावद्ययोगनिक्षेपः ।

અર્થ- (પૂર્વોક્ત પાંચ અણુવ્રતો) અને આ દિશાવ્રતાદિ ઉત્તરવ્રતથી સમ્પન્ન (શ્રાવક) અગારીવ્રતી છે. તેમાં દિશાવ્રત એટલે તીર્ચ્છા, ઉપર કે નીચે એમ દશે દિશાનું (૪ દિશા + ૪ વિદિશા + ૧ ઊર્ધ્વ + ૧ અધો = ૧૦) યથાશક્તિ ગમનની મર્યાદાનો અભિગ્રહ કરવો ( કે આટલી હદ કરતા આગળ ન જવું.) (આ અભિગ્રહથી) એ મર્યાદા (હદ) થી આગળ પ્રયોજનથી કે પ્રયોજનવિના સર્વજીવોમાં (સર્વજીવો સંબંધી) સર્વસાવદ્યયોગથી મૂકાઈ જાય છે. (એટલે કે દિશા નક્કી કરી હોવાથી તેનાથી આગળનું પાપ તેને લાગતું નથી.)

भाष्यम्- **देशव्रतं** नामापवरकगृहग्रामसीमादिषु यथाशक्ति प्रविचाराय परिणामाभिग्रहः, तत्परतश्च सर्वभूतेष्वर्थतोऽनर्थतश्च सर्वसावद्ययोगनिक्षेपः ।

અર્થ- દેશાવ્રત એટલે કોઈ ચોક્કસ નક્કી કરેલ ઓરડો, ઘર, ગામ, સીમાડા આદિમાં યથાશક્તિ ગમન આદિ માટેના માપનો સંકલ્પ અર્થાત્ નિયમ. તેનાથી આગળ પ્રયોજનથી કે પ્રયોજન વિના સર્વજીવોમાં હિંસાદિ સર્વપાપયોગથી દૂર થવાય છે.

भाष्यम्- **अनर्थदण्डो** नामोपभोगपरिभोगावस्यागारिणो व्रतिनोऽर्थः, तद्व्यतिरिक्तोऽनर्थः, तदर्थो दण्डोऽनर्थदण्डः, तद्विरतिर्व्रतम् ।

અર્થ- અનર્થદંડ એટલે આ અગારી વ્રતીને ઉપભોગ અને પરિભોગ એ અર્થ = કારણ રૂપ છે. તેનાંથી (ઉપભોગ અને પરિભોગથી) ભિન્ન (તે) અનર્થ (નિષ્કારણ) કહેવાય. તેનાથી અટકવું તે વ્રતરૂપ છે.

भाष्यम्- **सामायिकं** नामाभिगृह्य कालं सर्वसावद्ययोगनिक्षेपः ।

અર્થ- કાળનું નિયમન કરીને સર્વસાવદ્યયોગ (સર્વ પાપ વ્યાપાર)થી દૂર થવું તે સામાયિક.

भाष्यम्- **पौषधोपवासो** नाम पौषधे उपवासः पौषधोपवासः, पौषधः पर्वेत्यनर्थान्तरम्, सोऽष्टमीं चतुर्दशीं पञ्चदशीमन्यतमां वा तिथिमभिगृह्य चतुर्थाद्युपवासिना व्यपगतस्नानानुलेपनगन्धमा-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ल्यालंकारेण न्यस्तसर्वसावद्ययोगेन कुशसंस्तारफलकादीनामन्यतमं संस्तारमास्तीर्य स्थानं वीरासन-निषद्यानां वाऽन्यतममास्थाय धर्मजागरिकापरेणानुष्ठेयो भवति ।
અર્થ- પૌષધોપવાસ એટલે પૌષધમાં ઉપવાસ = પૌષધોપવાસ. પૌષધ, પર્વ એ એકાર્થવાચી છે, તે આઠમ, ચૌદશ, પૂનમ અથવા બીજી કોઈ તિથિનો નિયમ ગ્રહણ કરીને-દૂર કર્યા છે સ્નાન, ચંદનાદિ ચોપડવું, અત્તરાદિ સુંઘવા, પુષ્પમાળા અલંકારાદિ જેણે એવા તથા સર્વસાવદ્યયોગને જેણે છોડી દીધા છે એવા ચોથભક્તાદિ ઉપવાસીએ ઘાસનો સંથારો, કાણાવગરની પાટ વગેરેમાંના કોઈપણ જાતનો સંથારો (હાલમાં ઉનનો સંથારો) પાથરીને વીરાસન અગર નિષદ્યાસન, સિંહાસન અથવા બીજી કોઈ યથાશક્તિ આસન કરીને ધર્મજાગરિકામાં તત્પર રહેવા દ્વારા આ પૌષધ કરવા યોગ્ય છે. તે પૌષધોપવાસ છે. (આજે ચાર પ્રહોર કે આઠ પ્રહોરનો પૌષધોપવાસ થાય છે. તેમાં સામાયિક, પ્રતિક્રમણ, પડિલેહણ, સ્થન્ડિલ, માત્રું વગેરે ઘણી વિધિ સમ્પ્રદાય પ્રમાણે જાણવી.)

भाष्यम्- **उपभोगपरिभोगव्रतं** नामाशनपानखाद्यस्वाद्यगन्धमाल्यादीनामाच्छादनप्रावरणालंकार-शयनासनगृहयानवाहनादीनां च बहुसावद्यानां वर्जनम्, अल्पसावद्यानामपि परिमाणकरणमिति ।
અર્થ- ઉપભોગપરિભોગવ્રત એટલે અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, સુગંધી પદાર્થો, માળા વગેરે (ઓઢવા-પાથરવાના) વસ્ત્રો, દાગીના, પથારી, આસન, ઘર, વહાણ-સ્ટીમર, વાહન (શકટ વગેરે) ઈત્યાદિ બહુસાવદ્ય વસ્તુનો ત્યાગ કરવો અને અલ્પ સાવદ્ય ચીજ-વસ્તુની મર્યાદા નક્કી કરવી. (પંદર કર્માદાનનો ધંધો વર્જન.)

भाष्यम्- **अतिथिसंविभागो** नाम न्यायागतानां कल्पनीयानामन्नपानादीनां द्रव्याणां देशकाल-श्रद्धासत्कारक्रमोपेतं परयाऽऽत्मानुग्रहबुद्ध्या संयतेभ्यो दानमिति ॥१६॥ किंचान्यदिति–
અર્થ- અતિથિ સંવિભાગ એટલે ન્યાયથી ઉપાર્જન કરેલ એષણીય આહારપાણી આદિ દ્રવ્યોનું દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર ક્રમને ધ્યાનમાં લઈ પ્રકૃષ્ટ એવી આત્માની અનુગ્રહબુદ્ધિથી (આ દાન મારા ઉપકાર માટે છે. એમ વિચાર પૂર્વક) મહાવ્રતી સંયતિને દાન દેવું તે. ॥૧૬॥ વળી, અનુવ્રતી બીજું શું પાળે ?

### सूत्रम्- मारणान्तिकीं संलेखनां जोषिता ॥७-१७॥

અર્થ- વ્રતી મૃત્યુકાળે સંલેખના કરનાર હોય.

भाष्यम्- कालसंहननदौर्बल्योपसर्गदोषाद्धर्मावश्यकपरिहाणिं वाऽभितो ज्ञात्वाऽवमौदर्यचतुर्थषष्ठाष्ट-मभक्तादिभिरात्मानं संलिख्य संयमं प्रतिपद्योत्तमव्रतसंपन्नश्चतुर्विधाहारं प्रत्याख्याय यावज्जीवं भावनानुप्रेक्षापरः स्मृतिसमाधिबहुलो मारणान्तिकीं संलेखनां जोषिता उत्तमार्थस्याराधको भवतीति ॥१७॥ एतानि दिग्व्रतादीनि शीलानि भवन्ति, निःशल्यो व्रतीति वचनादुक्तं भवति-व्रती नियतं

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सम्यग्दृष्टिरिति । तत्र-

અર્થ- કાળ, સંઘયણની દુર્બળતા, ઉપસર્ગો એ દોષથી ક્ષમાદિ દશ ધર્મ અને આવશ્યકમાં આવેલ હીનતાને ચારે બાજૂથી જાણીને ઉણોદરી, ઉપવાસ, ચોથભત્ત, છઠ, અઠમ આદિવડે આત્માને સંલેખીને (કષાય આદિથી પાતળો કરીને) સંયમને સ્વીકારીને તથા મહાવ્રતથી યુક્ત એવો ચારેપ્રકારના આહારનું પચ્ચક્ખાણ કરીને જીવનપર્યન્ત ભાવના (૨૫ ભાવના વગેરે) અને અનુપ્રેક્ષા (આગળ આવશે)માં તત્પર રહેતો તેમજ સ્મૃતિ-સમાધિમાં અધિકતા દાખવતો મરણકાલે સંલેખના કરતો (આત્મા) ઉત્તમ અર્થ એવા મોક્ષનો આરાધક બને છે. ।।૧૭।। આ દિશાદિ વ્રતોને સંલેખના સહિતશીલવ્રતો કહેવાય છે. (એથી) વ્રતી શલ્યવિનાનો હોય છે. એવું આ વચનથી પણ કહેવાયું. વ્રતી ચોક્કસ સમ્યગ્દ્રષ્ટિ હોય છે. હવે તેમાં,...

**सूत्रम्- शंकाकांक्षाविचिकित्साऽन्यदृष्टिप्रसंशासंस्तवाः सम्यग्दृष्टेरतीचाराः ।।७-१८।।**

અર્થ- શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, અન્યદ્રષ્ટિ (ઈતર દર્શની) ની પ્રસંશા, અન્યદ્રષ્ટિની સંસ્તવા એ પાંચ સમ્યગ્દ્રષ્ટિના અતિચારો છે.

भाष्यम्- शङ्का कांक्षा विचिकित्सा अन्यदृष्टिप्रशंसा संस्तव इत्येते पञ्च सम्यग्दृष्टेरतीचारा भवन्ति, **अतिचारो** व्यतिक्रमः स्खलनमित्यनर्थान्तरम् । अधिगतजीवाजीवादितत्त्वस्यापि भगवतः शासनं भावतोऽभिप्रपन्नस्यासंहार्यमतेः सम्यग्दृष्टेरर्हत्प्रोक्तेषु अत्यन्तसूक्ष्मेष्वतीन्द्रियेषु केवलागमग्राह्येष्वर्थेषु यः संदेहो भवति 'एवं स्यादेवं न स्या'दिति सा शंका ।

અર્થ- (૧) શંકા (૨) કાંક્ષા (૩) વિચિકિત્સા (૪) અન્યદ્રષ્ટિની પ્રસંશા અને (૫) અન્યદ્રષ્ટિની સંસ્તવના એ પાંચ સમ્યગ્દ્રષ્ટિના અતીચારો છે. અતિચાર, વ્યતિક્રમ, સ્ખલન એ એકાર્થવાચી છે. જીવ-અજીવ આદિ તત્ત્વો સારી રીતે જાણ્યા છે જેને, વળી શ્રી અરિહંતભગવંતના પ્રવચનને (આગમને) ભાવપૂર્વક સ્વીકાર્યા છે જેને, જેની બુદ્ધિ (શ્રદ્ધા) ફેરવી શકાય તેવી નથી એવા સમ્યગ્દ્રષ્ટિને અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા અતિમૂલ્ય, અતીન્દ્રિય અને માત્ર આગમગ્રાહ્ય જ હોય તેવા પદાર્થોમાં જે સંદેહ થાય કે એ 'આ પ્રમાણે હોય, પણ આ પ્રમાણે સંભવતું નથી.' એ શંકા. (શંકા દેશથી અને સર્વથી એમ બે રીતે હોય.)

भाष्यम्- ऐहलौकिकपारलौकिकेषु विषयेष्वाशंसा **कांक्षा**, सोऽतिचारः सम्यग्दृष्टेः, कुतः ?, कांक्षिता ह्यविचारितगुणदोषः समयमतिक्रामति ।

અર્થ- આલોક અને પરલોક સંબંધી વિષયસુખની ઈચ્છા તે કાંક્ષા. (જિજ્ઞાસુ) તે અતીચાર સમ્યગ્દ્રષ્ટિને શી રીતે ? (ઉત્તરકાર) કાંક્ષિતા (અન્યમતાભિલાષી) ગુણદોષની વિચારણા વિનાનો સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **विचिकित्सा** नाम इदमप्यस्तीदमपीति मतिविप्लुतिः । **अन्यदृष्टिरित्यर्हच्छासनव्यतिरिक्तां दृष्टिमाह, सा द्विविधा-अभिगृहीता अनभिगृहीता च, तद्युक्तानां क्रियावादिनामक्रियावादि-नामज्ञानिकानां वैनयिकानां च प्रशंसासंस्तवौ** सम्यग्दृष्टेरतिचार इति ॥

અર્થ- વિચિકિત્સા એટલે 'આ રીતે પણ હોય અને આ રીતે પણ હોય' એવી અસ્થિરમતિ. (અર્થાત્ નિર્ણયાત્મક બુદ્ધિનો અભાવ.) અન્યદ્રષ્ટિ-જિનશાસનથી ભિન્ન દ્રષ્ટિને કહે છે. તે બે પ્રકારે છે (૧) અભિગૃહિત (કોઈપણ ઈતરધર્મની માન્યતાનુસાર મતિ તે અભિગૃહિત.) (૨) અનભિગૃહિત (કોઈ પણ ધર્મની માન્યતાનુસાર મતિ નહિ. પણ સ્વેચ્છાએ મૂઢમતિ તે અનભિગૃહિત.) તે બેમાંથી ગમે તે મતિથી યુક્ત જે ક્રિયાવાદીઓ[1] કે અક્રિયાવાદીઓ કે અજ્ઞાનીઓ કે વિનયગુણવાળાઓની પ્રસંશા અને સંસ્તવના તે સમ્યગ્દ્રષ્ટિને અતિચારરૂપ છે.

भाष्यम्- अत्राह-प्रशंसासंस्तवयोः कः प्रतिविशेष इति ?, अत्रोच्यते, ज्ञानदर्शनगुणप्रकर्षोद्भावनं भावतः प्रशंसा, संस्तवस्तु सोपधं निरूपध भूताभूत गुणवचनमिति ॥१८॥

અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે (પ્રશંસા = સ્તવના, સ્તુતિ અને સંસ્તવના = સ્તુતિ તો) પ્રશંસા અને સંસ્તવનામાં ફરક શો ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં-ભાવથી જ્ઞાન-દર્શન ગુણના પ્રકર્ષને પ્રગટકરવો તે પ્રશંસા. સંસ્તવ શબ્દાર્થ-પરિચય. તે સમાયા, નિર્માયા. સમાયા- અભૂત ગુણવચન કહેવા, નિર્માયા-ભૂતગુણવચન કહેવા. (પરિચયથી ભોજન, આલાપ વગેરે થાય, તેથી જ્ઞાનક્રિયાનો ભ્રંશ થાય તેથી સંસ્તવ દૂરથી જ તજવું) ॥૧૮॥

**सूत्रम्- व्रतशीलेषुपञ्चपञ्च यथाक्रमम् ॥७-१९॥**

અર્થ- અણુવ્રતો અને શીલવ્રતોમાં પાંચ-પાંચ અતિચારો અનુક્રમે હોય છે.

भाष्यम्- व्रतेषु पञ्चसु शीलेषु च सप्तसु पञ्च पञ्चातीचारा भवन्ति, यथाक्रममिति ऊर्ध्वं यद्वक्ष्यामः ॥१९॥ तद्यथा-

અર્થ- પાંચ અણુવ્રતોમાં અને સાત શીલવ્રતોમાં અનુક્રમે પાંચ પાંચ અતિચારો[2] છે. જે આગળ કહીશું. ॥૧૯॥ તે આ રીતે...

**सूत्रम्- बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥७-२०॥**

અર્થ- બન્ધ, વધ, છાલ છેદવી, ઘણોભાર ભરવો અને ખાનપાનમાં રૂકાવટ કરવી. તે અહિંસા વ્રતના પાંચ અતિચાર છે.

---

૧. ક્રિયાવાદીના-૧૮૦ ભેદ, અક્રિયાવાદીના ૮૪ ભેદ, અજ્ઞાનીના-૬૬ ભેદ અને વિનયવાદીના ૩૨ ભેદ એમ ૩૬૩ ભેદ પાખંડીના છે.

૨. શ્રાવકવ્રતના ૧૨૪ અતિચાર-પાંચ અણુવ્રત અને ૭ શીલવ્રતમાં દરેકના પાંચ પાચં = ૧૨ X ૫ = ૬૦ + ૫ સમ્યક્ત્વના + ૫ સંલેખના + ૧૫ કર્માદાન + ૮ જ્ઞાનાચાર + ૮ દર્શનાચાર + ૮ ચારિત્રાચાર + ૧૨ તપાચાર + ૩ વીર્યાચાર = ૧૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- त्रसस्थावराणां जीवानां बन्धवधौ त्वक्छेदः काष्ठादीनां पुरुषहस्त्यश्वगोमहिषादीनां चातिभारारोपणं तेषामेव चान्नपाननिरोधः अहिंसाव्रतस्यातिचारा भवन्ति ॥२०॥

અર્થ- (૧) ત્રસ-સ્થાવર જીવોને બાંધવા (૨) વધ કરવો, (૩) વૃક્ષાદિની છાલ છેદવી, (૪) પુરૂષ-હાથી-ઘોડા-બળદ-પાડા વગેરે (ભાર ખેંચનાર) ઉપર ઘણો ભાર ચઢાવવો અને તેમને જ (ભાર ખેંચનારાને જ) ખાવાપીવામાં અટકાવ કરવો. તે અહિંસા વ્રતના અતિચાર છે. ॥૨૦॥

**सूत्रम्- मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमन्त्रभेदाः ॥७-२१॥**

અર્થ- ખોટો ઉપદેશ, ગુપ્તવાત જાહેર કરવી, ખોટું લખાણ કાર્ય કરવું (ખોટા દસ્તાવેજ), થાપણ ઓળવવી અને સાકાર મન્ત્ર ભેદ (ચાડીખાવી, છૂપાવવા યોગ્ય રાજાદિના કાર્યો અન્યને કહી દેવા) એ પાંચ બીજા અણુવ્રતના અતિચારો છે.

भाष्यम्- एते पञ्च मिथ्योपदेशादयः सत्यवचनस्यातिचारा भवन्ति, तत्र **मिथ्योपदेशो** नाम प्रमत्तवचनमयथार्थवचनोपदेशो विवादेष्वतिसंधानोपदेश इत्येवमादिः ।

અર્થ- મિથ્યોપદેશાદિ આ પાંચ સત્ય વચનના અતિચારો છે. તેમાં-મિથ્યોપદેશ એટલે પ્રમત્તનું વચન, પદાર્થ જે રીતે ન હોય તે રીતે બતાવવો, વિવાદ (ઝઘડો, કલહ) માં છલ-કપટવાળો ઉપદેશ આદિ આપે.

भाष्यम्- **रहस्याभ्याख्यानं** नाम स्त्रीपुंसयोः परस्परेणान्यस्य वा रागसंयुक्तं हास्यक्रीडासङ्गादिभिः रहस्येनाभिशंसनम् ।

અર્થ- રહસ્યાભ્યાખ્યાન એટલે સ્ત્રીપુરૂષને પરસ્પર અથવા અન્યને હાસ્યક્રીડાના અનુબંધ (પરંપરા) વગેરેથી રાગયુક્ત અનેક રીતે કહેવું.

भाष्यम्- **कूटलेखक्रिया** लोकप्रतीता । **न्यासापहारो** विस्मरणकृतपरनिक्षेपग्रहणम् । **साकार-मन्त्रभेदः** पैशुन्यं गुह्यमन्त्रभेदश्च ॥२१॥

અર્થ- કૂટલેખક્રિયા એ લોકમાં પ્રસિદ્ધ છે. ન્યાસાપહાર (થાપણ ઓળવી લેવી) એટલે અન્ય વડે ભૂલાઈ જવાયેલ પારકી થાપણ ગ્રહણ કરવી (અર્થાત્ પરાયું ધન વિસ્મરણથી ઓછું આપવું કે પચાઈ પાડવું.) સાકાર મન્ત્ર ભેદ એટલે-આકાર = ઈશારાવડે અન્યના અભિપ્રાયને જાણીને અન્યને કહેવા. તેમજ કોઈની ખાનગી વાતો પ્રકટ કરે. ॥૨૧॥

**सूत्रम्-स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मान-प्रतिरूपकव्य-वहाराः ॥७-२२॥**

અર્થ- (૧) ચોરને (ચોરવાની) પ્રેરણા આપવી, (૨) તેણે ચોરેલી વસ્તુ લેવી, (૩) રાજ્યકરતા વિરૂદ્ધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્તન કરવું, (૪) હીનાધિક માનોન્માન રાખવા અને (૫) પ્રતિરૂપક વ્યવહાર કરવો. એ પાંચ અસ્તેયવ્રતના અતિચાર છે.

भाष्यम्- एते पञ्चास्तेयव्रतस्यातिचारा भवन्ति, तत्र-**स्तेनेषु** हिरण्यादिप्रयोगः । स्तेनैराहृतस्य द्रव्यस्य मुधा(काण) क्रयेण वा ग्रहणं **तदाहृतादानम्** । **विरुद्धाराज्यातिक्रमश्चा**स्तेयव्रतस्यातिचारः, विरुद्धे हि राज्ये सर्वमेव स्तेययुक्तमादानं भवति । **हीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहारः** कूटतुलोकूटमानवञ्चनादियुक्तः क्रयो विक्रयो वृद्धिप्रयोगश्च, **प्रतिरूपकव्यवहारो** नाम सुवर्णरूप्यादीनां द्रव्याणां प्रतिरूपकक्रिया व्याजीकरणानि चेति, एते पञ्चास्तेयव्रतस्यातिचारा भवन्ति ॥२२॥

અર્થ- આ પાંચ અસ્તેયવ્રતના અતિચારો છે. તેમાં... (૧) સ્તેન પ્રયોગ- ચોરોને વિષે સુવર્ણાદિ ચોરવાની પ્રેરણા કરવી, (૨) તદાહૃતા દાન- ચોરોએ લાવેલ દ્રવ્યને મફત કે વેચાણથી ગ્રહણ કરવું તે તદાહૃતાદાન, (૩) વિરૂદ્ધ રાજ્યાતિક્રમ આ અસ્તેય વ્રતના અતિચાર છે. રાજ્ય વિરૂદ્ધ હોતે છતે બધું જ ચોરીયુક્ત ગ્રહણ થાય છે (પરસ્પર વિરૂદ્ધ રાજ્યો હોય તેમની વ્યવસ્થાનું ઉલ્લંઘન કરવું તે પણ આ વ્રતના અતિચારમાં આવે.), (૪) હીનાધિકમાનોન્માન- ખોટા તોલ ખોટામાનથી ઠગાઈ પૂર્વક લેવું વેચવું અથવા વધારે-ઓછું કરવું તે હીનાધિક માનોન્માન (લેતી વખતે ગ્રાહકે પાસેથી વધારે લે અને આપતી વખતે ઓછું આપે વગેરે આ અતિચારમાં આવે), (૫) પ્રતિરૂપક વ્યવહાર- એટલે સોનું-રૂપું આદિ દ્રવ્યોનુ ફેરબદલી કરવી (અર્થાત્ રૂપાના દ્રવ્યોને સોના જેવા બનાવી સોના તરીકે ગણાવવા) અને છળકપટ કરવું = ચોરેલી ગાયોને શીંગડા વગેરેનો ફેરફાર કરી તથા ડામ વગેરે લગાવીને આ બીજી ગાય છે એમ વ્યવહાર કરવો તે વ્યાજીકરણ, આ પાંચેય અસ્તેયવ્રતના અતિચારો છે. ॥૨૨॥

**सूत्रम्- परविवाहकरणेत्वरपरिगृहिताऽपरिगृहितागमनाऽनङ्गक्रीडातीव्रकामाभिनिवेशाः ॥७-२३॥**

અર્થ- (૧) બીજાનો વિવાહ કરવો, (૨-૩) બીજાએ રાખેલી અથવા કોઈએ નહિં રાખેલી સ્ત્રી સાથે ગમન કરવું, (૪) અનંગક્રીડા કરવી અને (૫) તીવ્રકામાભિનિવેશ એ પાંચ બ્રહ્મચર્ય વ્રતના અતિચાર છે.

भाष्यम्- परविवाहकरणमित्वरपरिगृहीतागमनमपरिगृहीतागमनमनङ्गक्रीडा तीव्रकामाभिनिवेश इत्येते पञ्च ब्रह्मचर्यव्रतस्यातिचारा भवन्ति ॥२३॥

અર્થ- (૧) (પરવિવાહકરણ) પોતાના સંતાન સિવાય બીજાના સંતાનનો (કન્યાદાનથી લાભ છે ઈત્યાદિ માની) વિવાહ કરે.

(૨) (ઈત્વરપરિગૃહિત) થોડાકાળ માટે રાખેલી-રખાત અથવા પરસ્ત્રી સાથે મૈથુન સેવન.

(૩) (અપરિગૃહિત) કુંવારી કન્યા અથવા કોઈનીય સ્ત્રી નથી એવી વિધવા, વેશ્યા સ્ત્રી સાથે મૈથુન સેવન તે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) (અનંગક્રીડા) તીવ્રવેદોદયથી વિજાતીયને સેવવાની ઈચ્છા તથા હસ્તમૈથુનાદિ ક્રિયા.
(૫) (તિવ્રકામાભિનિવેશ) તીવ્રકામનો અત્યન્ત આગ્રહ. અજીવ પદાર્થો સાથે પણ વ્યવહાર કરવો.
આ પાંચ બ્રહ્મચર્યવ્રતના અતિચાર છે. ॥૨૩॥

सूत्रम्- क्षेत्र-वास्तु-हिरण्य-सुवर्ण-धन-धान्य-दासी-दास-कुप्यमाना-प्रमाणाति-क्रमाः ॥७-२४॥

અર્થ- ખેતર, ઘર, રૂપું, સોનું, ધન-ધાન્ય, દાસી-દાસ, તાંબુ આદિ ધાતુના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે પાંચમાં વ્રતના અતિચાર છે.

भाष्यम्- क्षेत्रवास्तुप्रमाणातिक्रमः हिरण्यसुवर्णप्रमाणातिक्रमः धनधान्यप्रमाणातिक्रमः दासीदास-प्रमाणातिक्रमः कुप्यप्रमाणातिक्रम इत्येते पञ्चेच्छापरिमाणव्रतस्यातिचारा भवन्ति ॥२४॥
અર્થ- ખેતર, ઘર લીધેલા નિયમથી વધારે રાખવું, (૨) સોનું-રૂપુ લીધેલા નિયમ કરતાં વધારે રાખવું, (૩) ધન-ધાન્ય લીધેલા પ્રમાણ કરતાં વધારે રાખવું, (૪) દાસી-દાસ-પ્રાણી લીધેલા પ્રમાણ કરતાં વધારે રાખવા, (૫) તાંબુ-પિત્તળ વગેરે લીધેલા પ્રમાણ કરતાં વધારે રાખવું.

આ પાંચ પરિગ્રહ પરિમાણવ્રતના અતિચાર છે ॥૨૪॥

सूत्रम्- उर्ध्वाऽधस्तिर्यग्-व्यतिक्रम-क्षेत्रवृद्धि-स्मृत्यन्तर्धानानि ॥७-२५॥

અર્થ- (૧) ઊર્ધ્વ દિશાનો વ્યતિક્રમ, (૨) અધોદિશા નો વ્યતિક્રમ (૩) તીર્છી દિશાનો વ્યતિક્રમ, (૪) ક્ષેત્રવૃદ્ધિ અને (૫) સ્મરણની ભૂલ. એ પાંચ દિશાપરિમાણના અતિચાર છે.

भाष्यम्- ऊर्ध्वव्यतिक्रमः अधोव्यतिक्रमः तिर्यग्व्यतिक्रमः क्षेत्रवृद्धिः स्मृत्यन्तर्धानमित्येते पञ्च दिग्व्रतस्यातिचारा भवन्ति, स्मृत्यन्तर्धानं नाम स्मृतेर्भ्रंशोऽन्तर्धानमिति ॥२५॥
અર્થ- (૧) ઊર્ધ્વવ્યતિક્રમ-(ઊર્ધ્વ દિશામાં લીધેલ મર્યાદા પ્રમાણ કરતાં આગળ જવું.)
(૨) અધોવ્યતિક્રમ- (અધોદિશામાં લીધેલ મર્યાદા પ્રમાણ કરતાં આગળ જવું.)
(૩) તિર્યગ્વ્યતિક્રમ- (તીર્છીદિશામાં લીધેલ મર્યાદા પ્રમાણ કરતા આગળ જવું.)
(૪) ક્ષેત્રવૃદ્ધિ-(વધારે દૂર જવાની ઈચ્છાથી એક તરફની મર્યાદા ઘટાડીને બીજા તરફની મર્યાદા વધારવી.)
(૫) સ્મૃત્યન્તધામ- (લીધેલ મર્યાદાનું વિસ્મરણ.)

આ પાંચેય દિશાવ્રતના અતિચારો છે.

સ્મૃત્યન્તધાન એટલે સ્મૃતિનું વિસ્મરણ થવું = સ્મૃતિભ્રંશ ॥૨૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपात पुद्गलप्रक्षेपाः ॥७-२६॥**

અર્થ- (૧) આનયન પ્રયોગ, (૨) પ્રેષ્ય પ્રયોગ, (૩) શબ્દાનુપાત, (૪) રૂપાનુપાત અને (૫) પુદ્ગલો પ્રક્ષેપ એ પાંચ દેશ વ્રતના અતિચાર છે.

भाष्यम्- द्रव्यस्यानयनं प्रेष्यप्रयोगः शब्दानुपातः रूपानुपातः पुद्गलप्रक्षेप इत्येते पञ्च देशव्रतस्यातिचारा भवन्ति ॥२६॥

અર્થ- (૧) આનયન પ્રયોગ (નક્કી કરેલ ભૂમિભાગ કરતા આગળની ભૂમિથી લાવવું તે.)
(૨) પ્રેષ્ય પ્રયોગ (મર્યાદાભૂમિની બહાર મોકલવું તે.)
(૩) શબ્દાનુપાત ('હું અહીં છું' એમ જણાવવા અવાજ કરવો તે.)
(૪) રૂપાનુપાત (પોતાની જાતને બતાવીને 'હું અહીં છુ' એમ જણાવવું તે.)
(૫) પુદ્ગલપ્રક્ષેપ ( ચીજવુસ્તુ ફેંકીને 'હું અહીં છુ' એમ જણાવવું તે.)
આ પાંચ દેશવ્રતના અતિચાર છે. (આ વ્રત યાવજજીવ, વર્ષપુરતું, ચારમાસ પુરતું, મહિના પુરતું, રોજનું કે મુહૂર્ત પ્રમાણ પણ હોય છે.) ॥૨૬॥

**सूत्रम्- कन्दर्पकौकुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ॥७-२७॥**

અર્થ- (૧) કન્દર્પ, (૨) કૌત્કુચ્ય, (૩) મૌખર્ય, (૪) અસમીક્ષ્યાધિકરણ અને (૫) ઉપભોગાધિકત્વ આ પાંચ અનર્થદંડવિરતિના અતિચાર છે.

भाष्यम्- कन्दर्पः कौत्कुच्यं मौखर्यमसमीक्ष्याधिकरणमुपभोगाधिकत्वमित्येते पञ्चानर्थदण्डविरतिव्रतस्यातिचारा भवन्ति, तत्र कन्दर्पो नाम रागसंयुक्तोऽसभ्यो वाक्प्रयोगो हास्यं च । **कौकुच्यं** नाम एतदेवोभयं दुष्टकायप्रचारसंयुक्तम् । **मौखर्यमसंबद्धबहुप्रलापित्वम्** । **असमीक्ष्याधिकरणं** लोकप्रतीतम् । **उपभोगाधिकत्वं** चेति ॥२७॥

અર્થ- (૧) કન્દર્પ, (૨) કૌત્કુચ્ય, (૩) મૌખર્ય, (૪) વિચાર્યાવિના પાપનું સાધન રાખવું અને (૫) જરૂરિયાત કરતાં વધારે ઉપભોગનાં સાધનો રાખવા. તે પાંચ અનર્થદંડ વિરતિવ્રતનાં અતિચાર છે. તેમાં (૧) કન્દર્પ એટલે રાગવાળા (કામઉત્પન્ન કરાવનાર રાગવાળા) અસભ્ય વચન બોલવાં તેમજ હસવુ-હસાવવું તે. (૨) કૌત્કુચ્ય એટલે અસભ્ય કામચેષ્ટાની સાથે રાગવાળાં અસભ્ય વચન બોલવા તેમજ હસવું. (૩) મૌખર્ય એટલે અસમ્બન્ધ ઘણું બોલ-બોલ કરવું. (૪) અસમીક્ષ્યાધિકરણ- લોકપ્રતીતિ છે. (જે પોતાને કંઈ લાભ ન કરે અને બીજાનું કાર્ય કરે. તેવું નરકાદિ દુર્ગતિમાં લઈ જનારૂ તે.) (૫) ઉપભોગાધિકત્વ-(ઉપભોગના સાધનોનું અધિકપણું) ॥૨૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ॥७-२८॥**

અર્થ- (૧) મન દુષ્પ્રણિધાન,[1] (૨) વચન દુષ્પ્રણિધાન, (૩) કાયા દુષ્પ્રણિધાન, (૪) અનાદર અને (૫) સ્મૃત્યનુપસ્થાપન (ભૂલી જવું.) આ પાંચ સામાયિકવ્રતના અતિચાર છે.

भाष्यम्- कायदुष्प्रणिधानं वाग्दुष्प्रणिधानं मनोदुष्प्रणिधानमनादरः स्मृत्यनुपस्थापनमित्येते पञ्च सामायिकव्रतस्यातिचारा भवन्ति ॥२८॥

અર્થ- (૧) કાયાનો અયોગ્ય વ્યાપાર, (૨) વાણીનો અયોગ્ય વ્યાપાર, (૩) મનનો અયોગ્ય વ્યાપાર, (૪) સામાયિક પ્રતિ અનાદર અને (૫) સામાયિક સમ્બન્ધિ વિસ્મરણ (સામાયિક પારવું ભૂલી જવું, સમય ભૂલવો વગેરે.) આ પાંચ સામાયિકવ્રતના અતિચાર છે. ॥૨૮॥

**सूत्रम्- अप्रत्यवेक्षिताऽप्रमार्जितोत्सर्गाऽऽदाननिक्षेपसंस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ॥७-२९॥**

અર્થ- (૧) જોયા વિના તેમજ પ્રમાર્જ્યા વિના છોડી દેવું, (૨) જોયા વિના તેમજ પ્રમાર્જ્યા વિના લેવું (ગ્રહણ કરવું, મુકવું) (૩) જોયાવિના તેમજ પ્રમાર્જ્યાવિના સંથારો પાથરવો, (૪) પૌષધપ્રતિ અનાદર અને (૫) સ્મૃતિભ્રંશ. તે પૌષધોપવાસવ્રતના અતિચાર છે.

भाष्यम्- अप्रत्यवेक्षिताप्रमार्जिते उत्सर्गः अप्रत्यवेक्षिताप्रमार्जितस्यादाननिक्षेपौ अप्रत्यवेक्षिताप्रमार्जितः संस्तारोपक्रमः अनादरः स्मृत्यनुपस्थापनमित्येते पञ्च पौषधोपवासस्यातिचारा भवन्ति ॥२९॥

અર્થ- (દ્રષ્ટિ વડે) જોયા-તપાસ્યા વિના તેમજ (ચરવળા વગેરેથી) પ્રમાર્જ્યા વિના પરઠવવું. (૨) (દ્રષ્ટિવડે) જોયા-તપાસ્યા વિના તેમજ તેમજ (ચરવળા વગેરેથી) પ્રમાર્જ્યા વિના (વસ્ત્રાદિ દ્રવ્ય) લેવું-મૂકવું. (૩) (દ્રષ્ટિ વડે) જોયા-તપાસ્યા વિના તેમજ (ચરવળા વગેરેથી) પ્રમાર્જ્યાવિના સંથારો પાથરવો. (૪) પૌષધોપવાસ પ્રતિ અનાદર દાખવવો. (૫) પૌષધોપવાસવ્રત વિષયક સ્મૃતિભ્રંશ. આ પાંચ પૌષધોપવાસવ્રતના અતિચારો છે. ॥૨૯॥

**सूत्रम्- सचित्त-सम्बद्ध-संमिश्राभिषव-दुष्पक्वाऽऽहाराः ॥७-३०॥**

અર્થ- (૧) સચિત્ત આહાર, (૨) સચિત્તની સાથે જોડાયેલ આહાર, (૩) સચિત્તની સાથે મિશ્ર આહાર, (૪) વાસી આદિ આહાર અને (૫) બરાબર ન પાકેલો આહાર. એ પાંચ ઉપભોગવ્રતના અતિચાર છે.

भाष्यम्- सचित्ताहारः सचित्तसंबद्धाहारः सचित्तसंमिश्राहारः अभिषवाहारः दुष्पक्वाहार इत्येते पञ्चोपभोगव्रतस्यातिचारा भवन्ति ॥३०॥

---

૧. દશમનના, દશવચનના, બારકાયાના એ બત્રીસ દોષો દુષ્પ્રણિધાનમાં આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (૧) સચિત્ત આહાર ( જેમાં જીવ છે તે આહાર) (૨) સચિત્ત સંબંધ (સચિત્તના સંબન્ધવાળો આહાર.) (૩) સચિત્ત મિશ્ર (સચિત્તની સાથે ભેળસેળ થયેલ આહાર) (૪) અભિષવાહાર (વાસી આહાર, બોળ અથાણું, કીડી કંથુઆ આદિ યુક્ત આહાર દારૂ વગેરે) (૫) દુષ્પક્વ આહાર (બરાબર નહિ રંધાયેલ અર્થાત્ કાચો-પાકો આહાર.) આ પાંચ ઉપભોગ વ્રતના અતિચાર છે. ॥૩૦॥

**सूत्रम्- सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥७-३१॥**

અર્થ- (૧) સચિત્તમાં મૂકેલ, (૨) સચિત્તથી ઢંકાયેલ, (૩) બીજાની માલિકીનું કહેવું, (૪) ઈર્ષ્યા પૂર્વક આપવું અને (૫) કાળવેળા ઓળંગવી. એ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચાર છે.

भाष्यम्- अन्नादेर्द्रव्यजातस्य सचित्ते निक्षेपः १ सचित्तपिधानं २ परस्येदमिति परव्यपदेशः ३ मात्सर्यं ४ कालातिक्रम ५ इत्येते पञ्चातिथिसंविभागस्यातिचारा भवन्ति ॥३१॥

અર્થ- (અતિથિને ન આપવાની બુદ્ધિથી) (૧) અન્ન વગેરે દ્રવ્યનાં સમુહને સચિત્તમાં મૂકવો. (૨) તૈયાર થયેલી રસોઈ સચિત્તથી ઢાંકવી. (૩) 'પારકી ચીજ છે' એમ બોલવું. (૪) ઈર્ષ્યા પૂર્વક આપવું, (૫) દાન આપવાનો સમય વીત્યા પછી દાન આપવાના પ્રયત્નો કરવા. આ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચારો છે. ॥૩૧॥

**सूत्रम्- जीवितमरणाऽशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ॥७-३२॥**

અર્થ- (૧) જીવિતની આશંસા, (૨) મરણની આશંસા, (૩) મિત્રાનુરાગ, (૪) સુખાનુબંધ અને (૫) નિદાનકરણ. આ પાંચ સંલેખનાના અતિચાર છે.

भाष्यम्- जीविताशंसा मरणाशंसा मित्रानुरागः सुखानुबन्धो निदानकणमित्येते मारणान्तिकसंलेखनायाः पञ्चातिचारा भवन्ति ॥ तदेतेषु सम्यक्त्वव्रतशीलव्यतिक्रमस्थानेषु पञ्चषष्टिष्वतिचारस्थानेषु अप्रमादो न्याय्य इति ॥३२॥

અર્થ- (૧) (આ ભવમાં સુખ છે માટે) જીવવાની ઈચ્છા. (૨) (આ ભવમાં દુઃખ છે માટે) મરવાની ઈચ્છા. (૩) (મિત્રપુત્રાદિ ઉપરનો સ્નેહ છે માટે) મિત્રાનુરાગ. (૪) (જે સુખ ભોગવેલું છે તેની વારંવાર સ્મૃતિ કરવી તે) સુખાનુબંધ (૫) (જન્માન્તરે તપ આદિના પ્રભાવે ચક્રવર્તી, વાસુદેવ, માંડલિક વગેરે તથા રૂપાળો વગેરે થાઉં તે) નિદાન કરણ. આ પાંચ મરણકાળની સંલેખનાના અતિચારો છે. આ સમ્યક્ત્વના પાંચવ્રતના, સાત શીલવ્રતના ઉલ્લંઘન સ્થાનો ૬૫ પાંસઠ અતિચાર સ્થાનોમાં પ્રમાદરહિત હોવું તે યોગ્ય છે. ॥૩૨॥

भाष्यम्- अत्राह-उक्तानि व्रतानि व्रतिनश्च, अथ दानं किमिति ?, अत्रोच्यते-

અર્થ (જિજ્ઞાસુ) કહે છે કે વ્રતો અને વ્રતીઓ કહ્યા, હવે દાન શું છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઉત્તરાકાર) કહેવાય છે અહીં..

## सूत्रम्- अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥७-३३॥

અર્થ- અનુગ્રહબુદ્ધિથી પોતાની ચીજનો ત્યાગ-તેનું નામ દાન.

भाष्यम्- आत्मपरानुग्रहार्थं स्वस्य-द्रव्यजातस्यान्नपानवस्त्रादेः पात्रेऽतिसर्गो दानम् ॥३३॥ किं च-
અર્થ- પોતાના અને બીજાના ઉપકાર અર્થે પોતાના દ્રવ્યવિશેષરૂપ અન્ન-પાણી-વસ્ત્ર વગેરે પાત્રમાં આપવું તેનું નામ દાન. ॥૩૩॥
અને વળી,...

## सूत्रम्- विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ॥७-३४॥

અર્થ- તે દાન વિધિવિશેષથી, દ્રવ્યવિશેષથી, દાતાવિશેષથી અને પાત્રવિશેષથી વિશેષપણાને (વિશિષ્ટતા) પામે છે.

भाष्यम्- विधिविशेषाद्रव्यविशेषात् दातृविशेषात्पात्रविशेषाच्च तस्य दानधर्मस्य विशेषो भवति, तद्विशेषाच्च फलविशेषः ॥ तत्र **विधिविशेषो** नाम देशकालसंपत्श्रद्धासत्कारक्रमाः कल्पनीयत्वमित्येवमादिः। **द्रव्यविशेषो**ऽन्नादीनामेव सारजातिगुणोत्कर्षयोगः। **दातृविशेषः** प्रतिगृहीतर्यनसूया, त्यागेऽविषादः, अपरिभाविता, दित्सतो ददतो दत्तवतश्च प्रीतियोगः, कुशलाभिसंधिता, दृष्टफलानपेक्षिता, निरुपधत्वमनिदानत्वमिति ॥ **पात्रविशेषः**सम्यग्दर्शनज्ञानचारित्रतपःसंपन्नता इति ॥३४॥
અર્થ- વિધિવિશેષથી, દ્રવ્યવિશેષથી, દાતાવિશેષથી અને પાત્રવિશેષથી તે દાનધર્મની વિશિષ્ટતા થાય છે. (અર્થાત્ ફળ વધારે મળે છે.) દાનધર્મની વિશેષતાથી ફલ વિશેષ થાય છે.
-વિધિવિશેષ એટલે-દેશ સમ્પત્ (યોગ્ય ચીજ), કાળ સમ્પત્ (દિવસે જ), શ્રદ્ધા યુક્ત સત્કાર સહિત, ક્રમ કલ્પનીય, એષણીય આદિ શબ્દથી જાતે આપવું વગેરે- એ વિધિવિશેષ.
-દ્રવ્યવિશેષ- અતિશય ઉત્કૃષ્ટ કોટીનું અન્નાદિ દ્રવ્ય એટલે ઉત્તમ જાતિ, ગુણની ઉત્કૃષ્ટતાથી સંબંધવાળું અન્નાદિ આપવું.
-દાતૃવિશેષ- એટલે આપતી વખતે દાતાની વૃત્તિ, લેનાર પ્રતિ મત્સર વગરનો, આપવામાં દુઃખ નહિ, ભાવ આનાદર વગરનો, દાન આપવાને ઈચ્છતાં-આપતાં અને આપેલાને અત્યન્ત પ્રીતિ, દાતા માને કે મારે નિર્જરા અગર કુશલાનુબંધ થશે એટલે કુશલાભિસંધિતા, પ્રત્યક્ષફળની કોઈ અપેક્ષારહિતપણું એટલે દ્રષ્ટફલાનપેક્ષિતા, માયા વગર એટલે નિરૂપધત્વ અને નિદાન ન કરવું. તે દાતાના ગુણો છે.
-પાત્રવિશેષ- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ સમ્પન્ન એવા વિશિષ્ટ પાત્ર ॥૩૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ★ ઉપસંહાર ★

આપણા આત્મા ઉપર અનાદિકાળથી કર્મનો ઘોઘ આશ્રવરૂપે આવી રહ્યો છે. પ્રતિક્ષણે-પ્રતિસમયે અનંતાનંત કર્મોનો આશ્રવ ચાલું જ છે અને તે જ આશ્રવ આત્મા સાથે બંધ-એકમેક બની ચારેય ગતિમાં ભટકાવી રહ્યો છે. તેમજ ભિન્ન ભિન્ન પ્રકારના દુઃખોનો અનુભવપણ કરાવી જાય છે. તે દુઃખોથી બચવા માટે આપણા સતત પ્રયત્નો પણ હોય... છતાં પણ બચી શકાતું નથી. કેમકે બચવાના ઉપાયોથી આપણે અજ્ઞાન છીએ. તેથી પૂજ્યાપાદ વાચકવર્યશ્રીએ આ અધ્યાયમાં તે આશ્રવોથી બચવા માટે વ્રતોનો નિર્દેશ કર્યો છે. જો તે વ્રતોનું પાલન કરવામાં આવે તો ઢગલાબંધ કર્મોનો આશ્રવ અટકી જાય. બસ, આ અધ્યાયનું ફળ-અનંતાનંત કર્મોના આશ્રવને અટકાવવાનું છે. આ અધ્યાયને યથાર્થ સમજી-અનુસરે તો નિશ્ચે અનંતાનંત કર્મોના આશ્રવ અટકયાવિના ન રહે. વળી, વ્રતોમાં સ્થિર રહેવા માટે ભિન્ન ભિન્ન ભાવનાઓ પણ દર્શાવી છે. જેથી ડામાડોળ બનતું મન સ્થિર રહે. સાથેસાથે વ્રતીનું વર્ણન પણ છે. તેમજ વ્રત-શીલ-સમ્યક્ત્વના અતિચારો પણ દર્શાવ્યા છે. જેથી તેવા દોષોથી બચી-નિર્મળ જીવન જીવી-ધન્ય બની શકાય.

ટૂંકમાં આ અધ્યાયમાં વ્રતોનું સ્વરૂપ, વ્રતોના ભેદ, વ્રતો ટકાવવાની ભાવના, અગારી વ્રતીનું વર્ણન, સમ્યગ્દર્શનના અતિચાર, વ્રત-શીલના અતિચાર તેમજ અંતમાં દાનનું વર્ણન દર્શાવી આ અધ્યાયને પૂર્ણ કર્યો છે. છઠ્ઠા અને સાતમા એમ બે અધ્યાય મળી આશ્રવતત્ત્વનું વર્ણન પુરૂં કર્યુ છે. આ અધ્યાયનાં કુલ સૂત્રો ૩૪ + ૨૨૮ (૧ થી ૬ અધ્યાયના) = કુલ મળી ૨૬૨ સૂત્રો થયા.
હવે આઠમો અધ્યાય...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:**

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## अष्टमो अध्यायः - આઠમો અધ્યાય

★ અહીં આઠમા અધ્યાયમાં ચોથું તત્ત્વ જે બંધ છે, તેનું વર્ણન આવે છે.

★ બંધ એટલે આશ્રવસ્વરૂપે આવેલાં કર્મોનું આત્મા સાથે એકમેક થવું. જેમકે ક્ષીરનીરવત્ યા લોહાગ્નિવત્.

★ બંધપણે પરિણમેલ કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તે કર્મ મોટે ભાગે બીજા નવા કર્મના આશ્રવરૂપ પણ બનતું હોય છે. એટલે કે કર્મોના આશ્રવમાં પૂર્વનું બંધપણે પરિણમેલ કર્મ (ભાવકર્મ) કારણ રૂપે બનતું હોય છે. જેથી આશ્રવની જેમ 'બંધ' પણ હેય છે.

હવે બંધનું સવિસ્તર વર્ણન શરૂ થશે.

भाष्यम्- उक्त आश्रवः, बन्धं वक्ष्यामः, तत्प्रसिध्यर्थमिदमुच्यते-

અર્થ- આશ્રવ વિશે કહ્યું, બંધ કહીશું. તે બંધના નિરૂપણ માટે આ કહેવાય છે.

**सूत्रम्- मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ।।८-१।।**

અર્થ- મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ (પાંચ) બંધના કારણો છે.

भाष्यम्- मिथ्यादर्शनं अविरतिः प्रमादः कषाया योगा इत्येते पञ्च बन्धहेतवो भवन्ति । तत्र सम्यग्दर्शनाद्विपरीतं **मिथ्यादर्शनम्,** तद् द्विविधम्-अभिगृहीतमनभिगृहितं च, तत्राभ्युपेत्या-सम्यग्दर्शनपरिग्रहोऽभिगृहीतमज्ञानिकादीनां त्रयाणां त्रिषष्ठानां कुवादिशतानाम्, शेषमनभिगृहीतम् ।

અર્થ- (૧) મિથ્યાદર્શન, (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) યોગ, એ પાંચ બંધના કારણો છે. તેમાં સમ્યગ્દર્શનથી વિપરીત તે મિથ્યાદર્શન. તે (મિથ્યાદર્શન) બે પ્રકારે (૧) અભિગૃહીત અને (૨) અનભિગૃહિત તેમાં (અભિગૃહિત) પોતે (પોતાની અજ્ઞાનમતિથી) નક્કી કરેલું તે જ સત્ય છે. એવા મિથ્યા દર્શનનો સ્વીકાર તે અભિગૃહિત મિથ્યાદર્શન. તેનાં અજ્ઞાની આદિ કુવાદીઓના ત્રણસોત્રેસઠ (૩૬૩) ભેદો છે. તે સિવાયના અનભિગૃહિત મિથ્યાદર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- यथोक्ताया विरतेर्विपरीता **अविरतिः**। **प्रमादाः** स्मृत्यनवस्थानं कुशलेष्वनादरो योगदुष्प्रणिधानं चैष प्रमादः। **कषाया** मोहनीये वक्ष्यन्ते। **योगस्त्रिविधः** पूर्वोक्तः।
અર્થ- યથોક્ત વિરતિથી વિપરીત તે અવિરતિ. (૭માં અધ્યાયમાં જે વિરતિનું સ્વરૂપ દર્શાવ્યું છે તેનાંથી વિપરીત તે અવિરતિ.) પ્રમાદ એટલે ભૂલી જવું, આગમવિહિત ક્રિયાપ્રતિ અનાદર અને મન-વચન-કાયારૂપ યોગનો અયોગ્ય વ્યાપાર તે પ્રમાદ. કષાયનું વર્ણન મોહનીયમાં (અ. ૮- સૂ. ૧૦ માં) કહેવાશે. યોગ ત્રણ પ્રકારે છે તે પૂર્વે (અ. ૬- સૂ.૧માં) કહેલ છે.

भाष्यम्- एषां मिथ्यादर्शनादीनां बन्धहेतूनां पूर्वस्मिन् पूर्वस्मिन् सति नियतमुत्तरेषां भावः, उत्तरोत्तरभावे तु पूर्वेषामनियम इति ॥१॥
અર્થ- આ મિથ્યાદર્શનાદિ બંધના કારણો પહેલા-પહેલાના હોય તો પછી પછીના અવશ્ય હોય જ. અને પછી પછીના (ઉત્તર-ઉત્તરના) હોય તો પહેલા પહેલાના હોય જ-એવો નિયમ નથી. (અર્થાત્ હોય કે ન પણ હોય.) ॥૧॥

**सूत्रम्- सकाषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥८-२॥**

અર્થ- જીવ કષાયવાળો હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.

भाष्यम्- सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते, कर्मयोग्यानिति अष्टविधे पुद्गलग्रहणे कर्मशरीरग्रहणयोग्यानित्यर्थः, नामप्रत्ययाः सर्वतो योगविशेषादिति वक्ष्यते ॥२॥
અર્થ- જીવ કષાયવાળો હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. કર્મને યોગ્ય એટલે આઠપ્રકારના પુદ્ગલોનું ગ્રહણ હોતે છતે આઠકર્મરૂપ શરીર રચવા યોગ્ય પુદ્ગલોને (ગ્રહણ કરે છે.) તેનું વિશેષ વર્ણન नामप्रत्ययाः सर्वतो योग विशेषादिति' (અ. ૮ સૂ. ૨૫ માં) કહેવાશે. ॥૨॥

**सूत्रम्- स बन्धः ॥८-३॥**

અર્થ- તે બંધ છે. (એટલે કષાયવાળો જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે બંધ છે.)

भाष्यम्- स एष कर्मशरीरपुद्गलग्रहणकृतो बन्धो भवति ॥३॥ स पुनश्चतुर्विधः-
તે આ બંધ કર્મરૂપ શરીર પુદ્ગલોના ગ્રહણથી કરાયેલ છે. ॥૩॥ વળી, તે બંધ ચાર પ્રકારે છે.

**सूत्रम्- प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥८-४॥**

અર્થ- તે બંધના-પ્રકૃતિ. સ્થિતિ, અનુભાવ (રસ) અને પ્રદેશ (એમ ચાર) પ્રકાર છે.

भाष्यम्- प्रकृतिबन्धः स्थितिबन्धः अनुभावबन्धः प्रदेशबन्ध इति ॥४॥ तत्र
અર્થ- પ્રકૃતિબન્ધ, સ્થિતિબંધ, અનુભાવ (રસ) બંધ અને પ્રદેશબંધ (એ ચાર પ્રકારે બંધ છે) ॥૪॥ તેમાં...

**सूत्रम्- आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ॥८-५॥**

અર્થ- આદ્ય = પ્રકૃતિ બંધ-જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાયરૂપ (આઠ પ્રકારે) છે.

भाष्यम्- आद्य इति सूत्रक्रमप्रामाण्यात्प्रकृतिबन्धमाह, सोऽष्टविधः, तद्यथा-ज्ञानावरणं दर्शनावरणं वेदनीयं मोहनीयं आयुष्कं नाम गोत्रं अन्तरायमिति ॥५॥ **किंचान्यत्-**
અર્થ- આદ્ય એટલે સૂત્રક્રમ પ્રમાણભૂત હોવાથી પ્રકૃતિબંધને કહે છે. તે આઠ પ્રકારે છે. તે આ રીતે, (૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય. ॥૫॥ વળી,

**सूत्रम्- पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ॥८-६॥**

અર્થ- (તે જ્ઞાનાવરણાદિના) અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્યાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ (એમ કુલ ૯૭) ભેદો છે.

भाष्यम्- स एष प्रकृतिबन्धोऽष्टविधोऽपि पुनरेकशः पञ्चभेदः नवभेदः द्विभेदः अष्टाविंशतिभेदः चतुर्भेदः द्विचत्वारिंशद्भेदः द्विभेदः पञ्चभेद इति यथाक्रमं प्रत्येतव्यम्, इत उत्तरं यद्वक्ष्यामः ॥६॥ तद्यथा-
અર્થ- તે આ પ્રકૃતિબન્ધ આઠપ્રકારવાળો હોવા છતાં પણ એક-એકના વળી અનુક્રમે પાંચભેદ (જ્ઞાનવરણાના), નવભેદ (દર્શનાવરણના), બે ભેદ (વેદનીયના), અઠ્યાવીસ ભેદ(મોહનીયના), ચાર ભેદ (આયુષ્યના), બેંતાલીસભેદ નામ કર્મના, બે ભેદ (ગોત્રના) અને પાંચ ભેદ (અંતરાયના) જાણવા. અહીંથી આગળ ઉત્તરપ્રકૃત્તિ કહીંશુ. ॥૬॥
તે આ રીતે,

**सूत्रम्- मत्यादीनाम् ॥८-७॥**

અર્થ- મતિજ્ઞાન આદિ પાંચના આવરણરૂપ જ્ઞાનાવરણીય છે.

भाष्यम्- ज्ञानावरणं पञ्चविधं भवति, मत्यादीनां ज्ञानानामावरणानि पञ्च, विकल्पाश्चैकश इति ।७।
અર્થ- જ્ઞાનાવરણ પાંચ પ્રકારે છે. મતિજ્ઞાન આદિ જ્ઞાનનાં પાંચ આવરણો (મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મન:પર્યવજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ) છે. અને દરેકના ભેદો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(જાણવા યોગ્ય છે.) ॥૭॥

**सूत्रम्- चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा निद्रानिद्रा पचला प्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च ॥८-८॥**

અર્થ- ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રાને- વેદવું, નિદ્રા નિદ્રાને વેદવું, પ્રચલાને વેદવું, પ્રચલાપ્રચલાને વેદવું અને થિણદ્ધિને વેદવું એ નવ દર્શનાવરણીય પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓ છે.

**भाष्यम्- चक्षुर्दर्शनावरणं अचक्षुर्दर्शनावरणं अवधिदर्शनावरणं केवलदर्शनावरणं निद्रावेदनीयं निद्रानिद्रावेदनीयं प्रचलावेदनीयं प्रचलाप्रचलावेदनीयं स्त्यानगृद्धिवेदनीयमिति दर्शनावरणं नवभेदं भवति ॥८॥**

અર્થ- ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા વેદનીય, નિદ્રાનિદ્રા વેદનીય, પ્રચલા વેદનીય, પ્રચલાપ્રચલાવેદનીય અને સત્યાનગૃદ્ધિ (થિણદ્ધિ) વેદનીય. એમ દર્શનાવરણ કર્મ નવપ્રકારે છે. ॥૮॥

**सूत्रम्- सदसद्वेद्ये ॥८-९॥**

અર્થ- શાતા અને અશાતા (એમ) વેદનીય બે ભેદે છે.

**भाष्यम्- सद्वेद्यं असद्वेद्यं च वेदनीयं द्विभेदं भवति ॥९॥**

અર્થ- સુખના અનુભવ રૂપ (શાતાવેદનીય) અને દુ:ખના અનુભવરૂપ (અશાતાવેદનીય) એમ બે પ્રકારે વેદનીય કર્મ છે. ॥૯॥

**सूत्रम्- दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायवनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसंज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः ॥८-१०॥**

અર્થ- (મોહનીય બે ભેદે છે.) (૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય ત્રણ ભેદવાળું છે. (૧) સમ્યક્ત્વ મોહનીય (૨) મિથ્યાત્વ મોહનીય (૩) તદુભય(મિશ્ર) મોહનીય. ચારિત્ર મોહનીય બે ભેદવાળું છે (૧) કષાયવેદનીય, (૨) નોકષાયવેદનીય. કષાયવેદનીય સોળભેદવાળું છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા (અને ૪) લોભ. એક-એક (૧) અનંતાનુબંધી, (૨) અપ્રત્યાખ્યાનાવરણીય (૩) પ્રત્યાખ્યાનાવરણીય (અને ૪) સંજ્વલન ભેદવાળા. (એમ ૪ X ૪ = ૧૬ ભેદ.)

-(અને) નોકષાયવેદનીય- (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) સ્ત્રીવેદ, (૮) પુરૂષવેદ (અને ૯) નપુંસકવેદ. (એમ) નવ ભેદવાળું છે. (આ રીતે કુલ ૨૮ ભેદ મોહનીય પ્રકૃતિના છે.)

भाष्यम्- त्रिद्विषोडशनवभेदा यथाक्रमम्, मोहनीयबन्धो द्विविधो-दर्शनमोहनीयाख्यश्चारित्रमोहनीयाख्यश्च, तत्र दर्शनमोहनीयाख्यस्त्रिभेदः, तद्यथा-मिथ्यात्ववेदनीयं सम्यक्त्ववेदनीयं सम्यग्मिथ्यात्ववेदनीयमिति, चारित्रमोहनीयाख्यो द्विभेदः-कषायवेदनीयं नोकषायवेदनीयं चेति, तत्र कषायवेदनीयाख्याः षोडशभेदः, तद्यथा-अनन्तानुबन्धी क्रोधो मानो माया लोभः, एवमप्रत्याख्यानकषायः प्रत्याख्यानावरणकषायः संज्वलनकषाय इत्येकशः क्रोधमानमायालोभाः षोडश भेदाः। नोकषायवेदनीयं नवभेदम्, तद्यथा-हास्यं रतिः अरतिः शोकः भयं जुगुप्सा पुरुषवेदः स्त्रीवेदः नपुंसकवेद इति नोकषायवेदनीयं नवप्रकारम्।

અર્થ- (દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય, કષાય મોહનીય અને નોકષાય મોહનીયના) અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે. મોહનીય કર્મનો બંધ બે પ્રકારે છે. (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય. તેમાં દર્શનમોહનીય નામ ત્રણ ભેદવાળું છે. તે આ રીતે, (૧) મિથ્યાત્વ વેદનીય (૨) સમ્યક્ત્વ વેદનીય અને (૩) સમ્યક્ત્વ-મિથ્યાત્વ(મિશ્ર) વેદનીય. ચારિત્રમોહનીયવાળો બંધ બે ભેદવાળો છે. (૧) કષાય વેદનીય (કષાય રૂપે અનુભવવા યોગ્ય) અને (૨) નોકષાયવેદનીય (નોકષાય રૂપે અનુભવવા યોગ્ય) તેમાં કષાયવેદનીય નામવાળો બંધ સોળ ભેદવાળો છે. તે આ રીતે, (૧) અનંતાનુબંધી ક્રોધ (૨) અનંતાનુબંધી માન (૩) અનંતાનુબંધી માયા અને (૪) અનંતાનુબંધી લોભ, એ પ્રમાણે ચાર અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ, ચાર પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ અને ચાર સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ, એ પ્રમાણે ૪ + ૪ + ૪ + ૪ = ૧૬. નોકષાયવેદનીય નામવાળો બંધ નવભેદવાળો છે. તે આ રીતે, (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા, (૭) પુરૂષવેદ, (૮) સ્ત્રીવેદ અને (૯) નપુંસકવેદ. આ નવ' ભેદ નોકષાયરૂપ અનુભવવાયોગ્ય છે.

भाष्यम्- तत्र पुरुषवेदादीनां तृणकाष्ठकरीषाग्नयो निदर्शनानि भवन्ति। इत्येवं मोहनीयमष्टाविंशतिभेदं भवति। अनन्तानुबन्धी सम्यग्दर्शनोपघाती, तस्योदयाद्धि सम्यग्दर्शनं नोपत्पद्यते पूर्वोत्पन्नमपि च प्रतिपतति, अप्रत्याख्यानकषायोदयाद्विरतिर्न भवति, प्रत्याख्यानावरणकषायोदयाद्विरताविरतिर्भवत्युत्तमचारित्रलाभस्तु न भवति, संज्वलनकषायोदयाद्यथाख्यातचारित्रलाभो न भवति॥

અર્થ- તેમાં પુરૂષવેદ આદિનો ઉદય (અનુક્રમે) તૃણ, કાષ્ઠ અને બકરીની લીંડીના અગ્નિ જેવો નિર્દેશેલ છે. એ પ્રમાણે મોહનીય (કર્મ) અઠ્ઠાવીસ ભેદવાળું છે (૩ + ૧૬ + ૯ = ૨૮) અનંતાનુબંધી (કષાય) સમ્યગ્દર્શનનો નાશ કરનાર છે. કારણકે તેનાં ઉદયથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી અને પૂર્વે ઉત્પન્ન થયું હોય તો પણ જતું રહે છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી વિરતિ પ્રાપ્ત થતી નથી. (એટલે અલ્પ પણ ત્યાગ (દેશ વિરતિ) રૂપ પચ્ચક્ખાણ કરી શકાતું નથી.) પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશવિરતિ પ્રાપ્ત થાય. પરંતુ ઉત્તમચારિત્રની (સર્વવિરતિની) પ્રાપ્તિ થતી નથી. સંજ્વલન કષાયના ઉદયથી યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ થતી નથી.

**भाष्यम्- क्रोधः कोपो रोषो द्वेषो भण्डनं भाम इत्यनर्थान्तरम्, तस्यास्य क्रोधस्य तीव्रमध्य-विमध्यमन्दभावाश्रितानि निदर्शनानि भवन्ति, तद्यथा-पर्वतराजिसदृशः भूमिराजिसदृशः वालुकाराजिसदृशः उदकराजिसदृश इति ।**

અર્થ- ક્રોધ, કોપ, રોષ, દ્વેષ, ભણ્ડન, ભામ તે એકાર્થવાચી છે. તે આ ક્રોધના તીવ્ર, મધ્ય, વિમધ્ય અને મન્દભાવો આશ્રયીને આ ઉદાહરણો છે. તે આ રીતે, (તીવ્ર ક્રોધ) પર્વતમાં પડેલી ફાટ સમાન, (મધ્યક્રોધ) ભૂમિમાં પડેલી ફાટ સમાન, (વિમધ્ય ક્રોધ) રેતીમાં પાડેલા લીંસોટા સમાન અને (મંદ ક્રોધ) પાણીમાં પાડેલા લીંસોટા સમાન છે.

**भाष्यम्-** तत्र **पर्वतराजिसदृशो** नाम यथा प्रयोगविस्रसामिश्रकाणामन्यतमेन हेतुना पर्वतराजिरुत्पन्ना नैव कदाचिदपि संरोहति, एवमिष्टवियोजनानिष्टयोजनाभिलषितालाभादीनामन्यतमेन हेतुना यस्योत्पन्नः क्रोध आ मरणान्न व्ययं गच्छति जात्यन्तरानुबन्धी निरनुनयस्तीव्रानुशयोऽप्रत्यवमर्शश्च भवति स पर्वतराजिसदृशः, तादृशं क्रोधमनुमृता नरकेषूपपत्तिं प्राप्नुवन्ति ।

અર્થ- તેમાં-પર્વતમાં પડેલી ફાટ સમાન એટલે જેમ કોઈ પ્રયોગથી (પ્રયત્નથી), વિસ્રસા (સ્વાભાવિક) થી કે મિશ્ર (ઉભય) થી આ ત્રણમાંના કોઈ પણ કારણથી પર્વતમાં ફાટ પડી હોય તો તે કયારે પણ સંધાતી નથી. તે પ્રમાણે ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ કે ઈચ્છિત વસ્તુની અપ્રાપ્તિ આદિમાંના કોઈ કારણથી જેને ક્રોધ ઉત્પન્ન થયેલ હોય તે મરણ પર્યન્ત દૂર થતો નથી. વળી આવતાં ભવમાં પણ સાથે આવનાર હોય. (વળી તે ક્રોધ) બીજાની સમજાવટથી પણ ન સમજે તે નિરનુનય, ભયંકર બળતરાથી ભરેલો તે તીવ્રાનુશય અને પશ્ચાતાપ રહિત તે પ્રત્યવમર્શ હોય છે. તે પર્વતની ફાટ સમાન ક્રોધ જાણવો. તેવા પ્રકારના ક્રોધમાં મરેલા નરકમાં ઉત્પન્ન થાય છે.

**भाष्यम्- भूमिराजिसदृशो** नाम, यथा भूमेर्भास्कररश्मिजालादात्तस्नेहाया वाय्वभिहताया राजिरुत्पन्ना वर्षापेक्षसंरोहा परमप्रकृष्टाष्टमासस्थितिर्भवति, एवं यथोक्तनिमित्तो यस्य क्रोधोऽनेकविधस्थानीयो दुरनुनयो भवति, स भूमिराजिसदृशः, । तादृशं क्रोधमनुमृतास्तिर्यग्योनावुपपत्तिं प्राप्नुवन्ति ।

અર્થ- ભૂમિમાં પડેલી ફાટ સમાન એટલે- જેમ સૂર્યના કિરણોના તાપથી પીવાયો (ગ્રહણ કરાયો) છે સ્નેહ જેમાંથી તેવી વાયુથી પડેલી ભૂમિની ફાટ વરસાદ વરસવાના કારણે સંધાઈ જાય છે.(જોડાઈ જાય છે.) પરંતુ તે ફાટ પરમ ઉત્કૃષ્ટથી આઠમાસની સ્થિતિવાળી હોય છે. તે પ્રમાણે યથોક્ત (પર્વતની ફાટ સમાન' માં દર્શાવેલ ઈષ્ટ નિયોજન અને અનિષ્ટ સંયોજનાદિ) નિમિત્તવાળો જેનો ક્રોધ અનેક સ્થાનવાળો હોઈ દુઃખે શાંત થાય તેવો હોય છે. (એટલે એને ક્રોધ શમાવવામાં ઘણી-ઘણી સમજાવટની જરૂર પડે છે.) તે (ક્રોધ) ભૂમિમાં પડેલી ફાટ સમાન જાણવો. તેવા પ્રકારના ક્રોધમાં મરેલા તિર્યંચયોનિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માં ઉત્પન્ન થાય છે.

भाष्यम्- **वालुकाराजिसदृशो** नामं यथा वालुकायां काष्ठशलाकाशर्करादीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना वाय्वीरणाद्यपेक्षसंरोहाऽर्वाग्मासस्य संरोहति, एवं यथोक्तनिमित्तोत्पन्नो यस्य क्रोधोऽहोरात्रं पक्षं मासं चातुर्मास्यं संवत्सरं वाऽवतिष्ठते स वालुकाराजिसदृशो नाम क्रोधः, तादृशं क्रोधमनुमृता मनुष्येषूपपत्तिं प्राप्नुवन्ति ।

અર્થ- રેતીમાં પાડેલા લીંસોટા સમાન એટલે જેમ રેતીમાં લાકડી સળી કે કાંકરામાંના કોઈ કારણથી લીંસોટો (ફાટ) પડેલ હોય તો, તે વાયુની પ્રેરણા (પ્રબળ વાયુ) આદિના કારણે સંધાવાવાળી તે મહિનામાં સંધાઈ જાય છે. તેમ પૂર્વોક્ત (ઈષ્ટ વિયોજનાદિ) નિમિત્તોથી ઉત્પન્ન થયેલો જેનો ક્રોધ, તે અહોરાત્ર, પખવાડિયું, મહિનો, ચારમહિના કે વર્ષ સુધી ટકે છે. તે ક્રોધ રેતીમાં પાડેલા લીંસોટા સમાન જાણવો. તેવા પ્રકારના ક્રોધમાં મૃત્યુપામેલા મનુષ્યગતિમાં જન્મ ધારણ કરે છે.

भाष्यम्- **उदकराजिसदृशो** नाम, यथोदके दण्डशलाकाङ्गुल्यादीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना द्रवत्वादपामुत्पत्त्यनन्तरमेव संरोहति एवं यथोक्तनिमित्तो यस्य क्रोधो विदुषोऽप्रमत्तस्य प्रत्यवमर्शनोत्पत्त्यनन्तरमेव व्यपगच्छति स उदकराजिसदृशः, तादृशं क्रोधमनुमृता देवेषूपपत्तिं प्राप्नुवन्ति, येषां त्वेष चतुर्विधोऽपि न भवति ते निर्वाणं प्राप्नुवन्ति ॥

અર્થ- પાણીમાં પાડેલા લીંસોટા સમાન એટલે જેમ પાણીમાં લાકડી, સળી, આંગળી આદિમાંના કોઈપણ કારણથી ઉત્પન્ન થયેલો (જે) લીંસોટો (તે) પાણીનું દ્રવપણું હોવાથી લીસોટો પડ્યા પછી તુરત જ ભુંસાઈ જાય છે. તેમ પૂર્વોક્ત (ઈષ્ટવિયોજનાદિ) નિમિત્તથી જેને ક્રોધ ઉત્પન્ન થયો છે તે વિદ્વાન અપ્રમત્ત આત્માને પશ્ચાતાપ ઉત્પન્ન થતાં તુરત જ નાશ પામે છે. તે (ક્રોધ) પાણીમાં પાડેલા લીંસોટા સમાન જાણવો. તેવા પ્રકારના ક્રોધમાં મૃત્યુપામેલ દેવગતિમાં જન્મ મેળવે છે. જેમને આ ચાર પ્રકારમાંથી એક પણ ક્રોધ નથી. તે નિર્વાણ પામે છે.

भाष्यम्- मानः स्तम्भो गर्व उत्सेकोऽहंकारो दर्पो मदः स्मय इत्यनर्थान्तरम्, तस्यास्य मानस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति, तद्यथा-शैलस्तम्भसदृशः अस्थिस्तम्भसदृशः दारुस्तम्भसदृशः लतास्तम्भसदृश इति, एषामुपसंहारो निगमनं च क्रोधनिदर्शनैर्व्याख्यातम् ॥

અર્થ- માન (પોતાના સત્કારની તમન્ના), સ્તમ્ભ (અક્કડપણું), ગર્વ (જાતિ આદિનું અભિમાન), ઉત્સેક (જ્ઞાનાદિ અધિકપણામાં જે માન), અંહકાર (હું જ રૂપ, સૌભાગ્યવાન છું એમ માનવું), દર્પ (બળનું-અભિમાન), મદ (મોટાઈનો નશો ચઢવો), સ્મય (બીજાને વિષે હસવું) તે એકાર્થવાચી શબ્દો છે. એકાર્થવાચી એવા તે માનના તીવ્રાદિભાવો આશ્રયિ ઉદાહરણો (શાસ્ત્રમાં કહેલ) છે. તે આ રીતે, (૧) પત્થરના થાંભલા સમાન, (૨) હાડકાના થાંભલા સમાન, (૩) લાકડાના થાંભલા સમાન અને (૪) વેલડીના થાંભલા સમાન. આનો ઉપસંહાર અને નિગમન (ઘટાવવું) ક્રોધના દ્રષ્ટાંતોથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાયા. (જેમ પહેલું માન- [પત્થરના થાંભલા સમાન] તે અનંતાનુબંધી, મરણપર્યન્ત ન જવાવાળું-પરભવ-માં સાથે આવવાવાળું, નિરનુનયિ અને અપ્રત્ય-વમર્શવાળું, નરકમાં લઈ જનારૂ તે પહેલું માન. તે રીતે શેષ પણ ક્રોધની જેમ જ જાણવા.)

भाष्यम्- माया प्रणिधिरुपधिर्निकृतिरावरणं वञ्चना दम्भः कूटमतिसन्धानमनार्जवमित्यनर्थान्तरम्, तस्या मायायास्तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति, तद्यथा-वंशकुडङ्गसदृशी मेषविषाणसदृशी गोमूत्रिकासदृशी निर्लेखनसदृशीति, अत्राप्युपसंहारनिगमने क्रोधनिदर्शनैर्व्याख्याते ॥

અર્થ- માયા (જેનાથી તિર્યંચયોનિ વગેરેમાં જન્મ થાય તે), પ્રણિધિ (વ્રત કરવાની આસક્તિ ન હોવા છતાં બહારથી દેખાવ તે), ઉપધિ (પ્રવૃતિથી ભિન્ન મનનો ગુહ્ય પરિણામ), નિકૃતિ (બીજાને ઠગવાની યુક્તિ), આવરણ (ભક્ષ ઉપર છૂપાઈને તરાપ મારવી- જેમકે, બિલ્લી), વંચના (બીજાને ઠગે તે), દમ્ભ (વેશ-વચનથીઠગવું), કૂટ (જેનાવડે બીજાના પરિણામ બળીજાય તે), અતિસંધાન (પેટમાં પેશીને પગ પહોળા કરવા), અનાર્જવ (કાય-મનની વક્રતા તે) એ પ્રમાણે આ શબ્દો એકાર્થવાચી છે. તે માયાના તીવ્રાદિભાવો આશ્રયિને ઉદાહરણો છે. તે આ રીતે, (૧) વાંસના મૂળ સમાન,(૨) ઘેટાના શીંગડા સમાન, (૩) ગોમૂત્રિકા સમાન અને (૪) છાલ સમાન. અહીં પણ ઉપસંહાર, નિગમન પૂર્વોક્ત ક્રોધના સરખો જાણવો.

भाष्यम्- लोभो रागो गादर्ध्यमिच्छा मूर्च्छा स्नेहः कांक्षाऽभिष्वङ्ग इत्यनर्थान्तरम्, तस्यास्य लोभस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति, तद्यथा- लाक्षारागसदृशः कर्दमरागसदृशः कुसुम्भरागसदृशः हरिद्रारागसदृश इति, अत्राप्युपसंहारनिगमने क्रोधनिदर्शनैर्व्याख्याते। एषां क्रोधादीनां चतुर्णां कषायाणां प्रत्यनीकभूताः प्रतिघातहेतवो भवन्ति, तद्यथा-क्षमा क्रोधस्य मार्दवं मानस्य आर्जवं मायायाः संतोषो लोभस्येति ॥१०॥

અર્થ- લોભ (લલચાવવું), રાગ (ખુશથવું), ગાર્દ્ધ્ય (પ્રાપ્ત થયેલ વસ્તુમાં આસક્તિ), ઈચ્છા (ત્રૈલોક્ય વિષયની અભિલાષા), મૂર્ચ્છા (તીવ્ર મોહવૃદ્ધિ), સ્નેહ (ઘણીપ્રીતિ), કાંક્ષા (ભવિષ્યમાં ફળ) મેળવવાની ઈચ્છા, અભિષ્વંગ (વિષયો તરફ આકર્ષણ ) તે એકાર્થવાચી છે. તે આ લોભના તીવ્રાદિ ભાવો આશ્રયી ઉદાહરણો છે. તે આ રીતે, (૧) કીરમજીના રંગ (લાક્ષારંગ) સમાન, (૨) કર્દમરંગ (ગાડાના પૈડામાં જે થાય છે તે તૈલજ મરી), (૩) પુષ્પના રંગ સમાન (૪) હળદરના રંગ સમાન. અહીં પણ ઉપસંહાર અને નિગમન ક્રોધના ઉદાહરણથી કહેવાય છે. (ક્રોધના નિદર્શનમાં જણાવ્યું છે તે રીતે અહીં જાણવું.)

-આ ક્રોધાદિ ચારેય કષાયોના શત્રુરૂપ નાશના કારણો (જે) છે તે આ રીતે, (૧) 'ક્ષમા' એ ક્રોધનો નાશ કરનાર. (૨) 'માર્દવ (નમ્રતા)' એ માનનો પ્રતિઘાતક, (૩) 'આર્જવ (સરળતા)' એ માયાનો પ્રતિઘાતક અને (૪) 'સંતોષ' એ લોભનો પ્રતિઘાતક. ॥૧૦॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सूत्रम्- नारकतैर्यग्योनमानुषदैवानि ॥ ८-११॥

અર્થ- નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારે આયુષ્યકર્મ છે.

भाष्यम्- आयुष्कं चतुर्भेदं-नारकं तैर्यग्योनं मानुषं दैवमिति ॥११॥

અર્થ- આયુષ્ય ચાર પ્રકારે છે (૧) નારક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય, અને (૪) દેવ. ॥૧૧॥

सूत्रम्- गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्य-गुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभ-सूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥८-१२॥

અર્થ- (૧) ગતિનામકર્મ, (૨) જાતિનામકર્મ, (૩) શરીરનામકર્મ, (૪) અંગોપાંગનામકર્મ, (૫) નિર્માણનામકર્મ, (૬) બન્ધનનામકર્મ, (૭) સંઘાતનામકર્મ, (૮) સંસ્થાનનામકર્મ, (૯) સંઘયણનામકર્મ, (૧૦) સ્પર્શનામકર્મ, (૧૧) રસનામકર્મ, (૧૨) ગંધનામકર્મ, (૧૩) વર્ણનામકર્મ, (૧૪) આનુપૂર્વીનામકર્મ, (૧૫) અગુરુલઘુનામકર્મ, (૧૬) ઉપઘાતનામકર્મ, (૧૭) પરાઘાતનામકર્મ, (૧૮) આતપનામકર્મ, (૧૯) ઉદ્યોતનામકર્મ, (૨૦) ઉચ્છ્વાસનામકર્મ, (૨૧) વિહાયોગતિનામકર્મ, અને પ્રતિપક્ષ (ઈતર) સહિતએવી (૨૨) પ્રત્યેકશરીરનામકર્મ, (૨૩) ત્રસનામકર્મ, (૨૪) સુભગનામકર્મ, (૨૫) સુસ્વરનામકર્મ, (૨૬) શુભનામકર્મ, (૨૭) સૂક્ષ્મનામકર્મ, (૨૮) પર્યાપ્તનામકર્મ, (૨૯) સ્થિરનામકર્મ, (૩૦) આદેયનામકર્મ, (૩૧) યશનામકર્મ, (૩૨ થી ૪૧) પ્રતિપક્ષી-ઈતરપ્રકૃતિ, (૪૨) શ્રી તીર્થકરનામકર્મ. એ ૪૨ નામકર્મની પ્રકૃતિ છે.

भाष्यम्- गतिनाम जातिनाम शरीरनाम अङ्गोपाङ्गनाम निर्माणनाम बन्धननाम सङ्घातनाम संस्थाननाम संहनननाम स्पर्शनाम रसनाम गन्धनाम वर्णनाम आनुपूर्वीनाम अगुरुलधुनाम उपघातनाम पराघातनाम आतपनाम उद्योतनाम उच्छ्वासनाम विहायोगतिनाम । प्रत्येकशरीरादीनां सेतराणां नामानि । तद्यथा प्रत्येकशरीरनाम साधारणशरीरनाम त्रसनाम स्थावरनाम सुभगनाम दुर्भगनाम सुस्वरनाम दुःस्वरनाम शुभनाम अशुभनाम सूक्ष्मनाम बादरनाम पर्याप्तनाम अपर्याप्तनाम स्थिरनाम अस्थिरनाम आदेयनाम अनादेयनाम यशोनाम अयशोनाम तीर्थकरनाम इत्येतद् द्विचत्वारिंशद्विधं मूलभेदतो नामकर्म भवति। उत्तरनामानेकविधम् । तद्यथा-

અર્થ- (૧) ગતિનામ, (૨) જાતિનામ, (૩) શરીરનામ, (૪) અંગોપાંગનામ, (૫) નિર્માણનામ, (૬) બન્ધનનામ, (૭) સંઘાતનામ, (૮) સંસ્થાનનામ, (૯) સંઘયણનામ, (૧૦) સ્પર્શનામ, (૧૧) રસનામ, (૧૨) ગંધનામ, (૧૩) વર્ણનામ, (૧૪) આનુપૂર્વીનામ, (૧૫) અગુરલઘુનામ, (૧૬) ઉપઘાતનામ, (૧૭) પરાઘાતનામ, (૧૮) આતપનામ, (૧૯) ઉદ્યોતનામ, (૨૦) ઉચ્છ્વાસનામ, (૨૧) વિહાયોગતિનામ. પ્રત્યેકશરીર વગેરેના પ્રતિપક્ષસહિતનાં નામો- તે આ પ્રમાણે, (૨૨) પ્રત્યેકશરીરનામ, (૨૩) સાધારણશરીરનામ, (૨૪) ત્રસનામ, (૨૫) સ્થાવરનામ, (૨૬) સુભગનામ, (૨૭) દુર્ભગનામ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૮) સુસ્વરનામ, (૨૯) દુસ્વરનામ, (૩૦) શુભનામ, (૩૧) અશુભનામ, (૩૨) સૂક્ષ્મનામ, (૩૩) બાદરનામ, (૩૪) પર્યાપ્તનામ, (૩૫) અપર્યાપ્તનામ, (૩૬) સ્થિરનામ, (૩૭) અસ્થિરનામ, (૩૮) આદેયનામ, (૩૯) અનાદેયનામ, (૪૦) યશનામ, (૪૧) અયશનામ, અને (૪૨) શ્રી તીર્થંકરનામ. એ પ્રમાણે આ બેંતાલીસપ્રકારે મૂળભેદથી નામ કર્મ છે. ઉત્તરનામકર્મ અનેક પ્રકારે છે. તે આ રીતે,...

भाष्यम्- **गतिनाम** चतुर्विधं-नरकगतिनाम तिर्यग्योनिगतिनाम मनुष्यगतिनाम देवगतिनाम । **जातिनाम्नो** मूलभेदाः पञ्च, तद्यथा- एकेन्द्रियजातिनाम द्वीन्द्रियजातिनाम त्रीन्द्रियजातिनाम चतुरिन्द्रियजातिनाम पञ्चेन्द्रियजातिनामेति । एकेन्द्रियजातिनामानेकविधं, तद्यथा-पृथिवीकायिकजातिनाम अप्कायिकजातिनाम तेजःकायिकजातिनाम वायुकायिकजातिनाम वनस्पतिकायिकजातिनामेति । तत्र पृथिवीकायिकजातिनामानेकविधं, तद्यथा-शुद्धपृथिवीशर्करावालुकोपलशिलालवणाऽयस्त्रपुताम्रसीसकरूप्यसुवर्णवज्रहरितालहिङ्गुलकमनः शिला सस्यकाञ्जनप्रवालकाऽभ्रपटलाभ्रवालिकाजातिनामादि गोमेदक-रुचकाङ्क-स्फटिक- लोहिताक्ष- जलावभास-वैडूर्य-चन्द्रप्रभ-चन्द्रकान्त-सूर्यकान्त-जलकान्त-मसारगल्ला-श्मगर्भ-सौगन्धिक-पुलकारिष्ठ-काञ्जनमणिजातिनामादि च ॥ अप्कायिकजातिनामानेकविधं, तद्यथा-उपक्लेदावश्याय-नीहार-हिम-घनोदक-शुद्धोदकजातिनामादि । तेजःकायिकजाति-नामानेकविधं, तद्यथा-अङ्गार-ज्वालाऽलातार्चि-र्मुर्मुर-शुद्धाग्निजातिनामादि । वायुकायिकजातिनामानेकविधं, तद्यथा-उत्कलिका-मण्डलिका-झञ्झका-घन-संवर्तकजातिनामादि । वनस्पतिकायिकजातिनामानेकविधं, तद्यथा-कन्द-मूल-स्कन्ध-त्वक्काष्ठ-पत्र-प्रवाल-पुष्प-फल-गुल्म-गुच्छ-लता-वल्लीतृण-पर्व-काय-शेवाल-पनक-वलक-कुहनजातिनामादि । एवं द्वीन्द्रियजातिनामानेकविधम्, एवं त्रीन्द्रियचतुरिन्द्रियपञ्चेन्द्रियजातिनामादीन्यपि ॥

અર્થ- ગતિનામ ચાર પ્રકારે છે. (૧) નરકગતિનામ, (૨) તિર્યંગ્યોનિગતિનામ, (૩) મનુષ્યગતિનામ અને (૪) દેવગતિનામકર્મ.

જાતિનામ મૂળ ભેદથી પાંચ પ્રકારે- (૧) એકેન્દ્રિયજાતિનામ, (૨) બેઈન્દ્રિયજાતિનામ, (૩) ત્રીન્દ્રિયજાતિનામ, (૪) ચઉરિન્દ્રિયજાતિનામ અને (૫) પંચેન્દ્રિયજાતિનામ,

-એકેન્દ્રિયજાતિનામ અનેક પ્રકારે છે. તે આ રીતે- (૧) પૃથ્વીકાયિક જાતિનામ, (૨) અપ્કાયિક જાતિનામ, (૩) તેઉકાયિક જાતિનામ, (૪) વાયુકાયિક જાતિનામ, (૫) વનસ્પતિકાયિક જાતિનામ તેમાં પૃથ્વીકાયિક જાતિ નામ અનેક પ્રકારે છે તે આ રીતે- શુદ્ધપૃથ્વી, શર્કરા(કાંકરા), વાલુકા (રેતી), ઉપલ (પત્થર), શિલા, લવણ, લોઢું, તામ્ર (તાંબુ), સીસુ, રૂપું, સોનું, વજ્ર, હરિતાલ, હિંગુલક, મન:શીલ, સસ્યક, અંજન, પ્રવાળ, અભરખ, (કલા) અભ્રવાલિકા જાતિનામાદિ.

(રત્નોનાનામો) ગોમેદક, રુચકાંક, સ્ફટીક, લોહિતાક્ષ, જલાવભાસ, વૈડૂર્ય, ચન્દ્રપ્રભમણિ, ચંદ્રકાંતમણિ, સૂર્યકાંતમણિ, જલકાંતમણિ, મસારગલ્લ, અશ્મગર્ભ, સૌગન્ધિક, પુલકમણિ, અરિષ્ઠમણિ, અંજનમણિ તે પૃથ્વીકાયિક જાતિનામાદિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-અપ્કાયિકજાતિનામ અનેક પ્રકારે છે. તે આ રીતે, ધરોઘાસ ઉપર રહેલું બિંદુ, ઠાર, નીહાર, હિમ, ઘનપાણી (બરફ), શુદ્ધપાણી આદિ તે અપ્કાયજાતિનામ જાણવા.
-તૈજસ્કાયજાતિનામ અનેક પ્રકારે છે. તે આ રીતે. અંગારા, જ્વાળા, અલાતઅર્ચિ, મુર્મુર (અગ્નિનાકણિયા), શુદ્ધઅગ્નિ ઇત્યાદિ તેઉકાયજાતિનામો છે.
-વાયુકાયિક જાતિનામ અનેક પ્રકારે છે. તે આ રીતે, ઉત્કલિક, મણ્ડલિક, ઝંઝાવાત, ઘન, સંવર્તક આદિ વાયુકાયજાતિનામો છે.
-વનસ્પતિકાયિક જાતિનામો અનેક પ્રકારે છે. તે આ રીતે, કન્દ, મૂળ (મૂળીયા), સ્કન્ધ (થડ), ત્વક્ (છાલ), કાષ્ઠ (શાખા), પત્ર (પાંદડા), પ્રવાળ (મંજરી), પુષ્પ, ફળ, ગુલ્મ, ગુચ્છ, લતા, વલ્લી, તૃણ, પર્વ (ગાંઠ), કાયસેવાળ, પનક, વલક, કુહન ઈત્યાદિ વનસ્પતિકાય જાતિનામો છે.
એ પ્રમાણે બેઈન્દ્રિય જાતિનામ અનેક પ્રકારે છે. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જાતિનામો પણ અનેક પ્રકારે છે.

भाष्यम्- **शरीरनाम** पञ्चविधम्, तद्यथा—औदारिकशरीरनाम वैक्रियशरीरनाम आहारकशरीरनाम तैजसशरीरनाम कार्मणशरीरनामेति ।
અર્થ- શરીરનામકર્મ પાંચ પ્રકારે છે. તે આ રીતે, (૧) ઔદારિકશરીરનામકર્મ, (૨) વૈક્રિયશરીરનામકર્મ, (૩) આહારકશરીરનામકર્મ, (૪) તૈજસશરીરનામકર્મ અને (૫) કાર્મણ શરીરનામકર્મ.

भाष्यम्- **अङ्गोपाङ्गनाम** त्रिविधं, तद्यथा—औदारिकाङ्गोपाङ्गनाम वैक्रियशरीराङ्गोपाङ्गनाम आहारकशरीराङ्गोपाङ्ग, पुनरेकैकमनेकविधं, तद्यथा—अङ्गनाम तावत् शिरोनाम उरोनाम पृष्ठनाम बाहुनाम उदरनाम पादनाम, उपाङ्गनामानेकविधं, तद्यथा—स्पर्शननाम रसनानाम घ्राणनाम चक्षुर्नाम श्रोत्रनाम, तथा मस्तिष्ककपालकृकाटिकाशङ्खललाटतालुकपोलहनुचिबुकदशनौष्ठभ्रूनयनकर्णनासाद्युपाङ्गनामानि शिरसः, एवं सर्वेषामङ्गानामुपाङ्गानां नामानि ।
અર્થ- અંગોપાંગનામ ત્રણ પ્રકારે છે. તે આ રીતે, (૧) ઔદારિકઅંગોપાંગનામ, (૨) વૈક્રિયશરીરાંગોપાંગનામ અને (૩) આહારકશરીરાંગોપાંગ. વળી, એકેકના અનેક પ્રકારો છે. તે આ રીતે, અંગનામકર્મ- શિરનામ, ઉરો (છાતી) નામ, પીઠનામ, બાહુ (હાથ) નામ, ઉદર (પેટ) નામ, પાદ (પગ) નામ. ઉપાંગનામ અનેક પ્રકારે તે આ રીતે-સ્પર્શનામ, રસનાનામ, ઘ્રાણનામ, ચક્ષુનામ, શ્રોત્રનામ તથા મસ્તિષ્કનામ તથા કપાળ, કૃકાટિકા, શંખ, લલાટ, તાળવું, કપોલ (ગાલ), દાઢી, હડપચી, દાંત, હોઠ, પાંપણ, આંખ, કાન, નાક આદિ શિરનાં ઉપાંગનામકર્મો છે. એ પ્રમાણે બધા અંગોના અને ઉપાંગોના નામો છે.

भाष्यम्- जातिलिङ्गाकृतिव्यवस्थानियामकं **निर्माणनाम** ।
અર્થ- એકેન્દ્રિયઆદિ જાતિમાં લિંગ અને આકૃતિની વ્યવસ્થાનું જે નિયમન (ગોઠવણ) કરે તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્માણનામ કર્મ.

भाष्यम्- सत्यां प्राप्तौ निर्मितानामपि शरीराणां बन्धकं **बन्धननाम** ।
અર્થ- (શરીરનામકર્મના ઉદયથી પુદ્ગલો) પ્રાપ્ત થયે છતે રચના કરાયેલ શરીરોને બાંધનારૂ (અવિયુક્ત, અભિન્ન રાખનાર) તે બંધનનામ કર્મ છે.

भाष्यम्- अन्यथा हि वालुकापुरुषवदबद्धानि शरीराणि स्युरिति ।
અર્થ- નહીંતર (જો તે ન હોય તો) રેતના પુરુષની માફક (ભિન્ન-ભિન્ન) વિયુક્ત થઈ જાય.

भाष्यम्- बद्धानामपि च संघातविशेषजनकं प्रचयविशेषात् **संघातनाम** दारुमृत्पिण्डायः संघातवत् ।
અર્થ- બંધાયેલ એવા પણ પુદ્ગલોને વિશિષ્ટ રચનાથી સમુહવિશેષને ઉત્પન્ન કરનાર સંઘાતનામ કર્મ છે. કાષ્ઠપિંડ, માટીપિંડ અને લોહપિંડની જેમ (સંઘાત-કહેવાય.)

भाष्यम्- **संस्थाननाम** षड्विधं, तद्यथा-समचतुरस्रनाम न्यग्रोधपरिमण्डलनाम सादिनाम कुब्जनाम वामननाम हुण्डनामेति ।
અર્થ- સંસ્થાનનામકર્મ છ પ્રકારે છે. તે આ રીતે- (૧) સમચતુરસ્ર સંસ્થાનનામ, (૨) ન્યગ્રોધપરિમણ્ડલ, (૩) સાદિસંસ્થાન નામ, (૪) કુબ્જ સંસ્થાનનામ, (૫) વામન સંસ્થાનનામ અને (૬) હુંડક સંસ્થાનનામ,

भाष्यम्- **संहनननामषड्विधं,** तद्यथा-वज्रर्षभनाराचनाम अर्धवज्रर्षभनाराचनाम नाराचनाम अर्धनाराचनाम कीलिकानाम सृपाटिकानामेति ।
અર્થ- સંઘયણનામકર્મ છ પ્રકારે છે. તે આ રીતે. (૧) વજ્રઋષભનારાચ સંઘયણનામ, (૨) અર્ધવજ્રઋષભનારાચ[1] સંઘયણનામ, (૩) નારાચ સંઘયણનામ, (૪) અર્ધનારાચ સંઘયણનામ, (૫) કીલિકા સંઘયણનામ, (૬) સૃપાટિકા (છેવઠું) સંઘયણનામ,

भाष्यम्- **स्पर्शनामाष्टविधं** कठिननामादि । **रसनामानेकविधं** तिक्तनामादि । **गन्धनामानेकविधं** सुरभिगन्धनामादि । **वर्णनामानेकविधं** कालनामादि ।
અર્થ- સ્પર્શનામકર્મ આઠ પ્રકારે છે- કઠિન (કર્કશ) નામાદિ (કર્કશ, મૃદુ, ગુરૂ, લઘુ, સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણ) રસનામકર્મ અનેક પ્રકારે છે- તીખો આદિ (તીખો, કડવો, ખાટો, તુરો, મીઠો, ખારો[2]) ગંધનામ બે પ્રકારે છે- સુરભિગંધાદિ (સુરભિગંધ, દુરભિગંધ). વર્ણનામ અનેક પ્રકારે છે- શ્યામ આદિ (શ્યામ (કાળો), ધોળો, લાલ, પીળો, સફેદ.)

---

૧. **'वज्रस्यार्द्धमृषभस्यार्द्धं नाराचस्यार्द्धम्'** इति- भाष्यकारमतं,...(हारि. टीका) કર્મગ્રન્થમાં તો '(૨) ઋષભનારાચ' સંઘયણ ફરમાવેલ છે.
૨. કેટલાક આચાર્યભગવંતો મીઠારસની અંદર ખારારસનો સમાવેશ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- गतावुत्पत्तुकामस्यान्तर्गतौ वर्तमानस्य तदभिमुखमानुपूर्व्या तत्प्रापणसमर्थ**मानुपूर्वीनामेति,** निर्माणनिर्मितानां शरीराङ्गोपाङ्गानां विनिवेशक्रमनियामकमानुपूर्वीनामेत्यपरे ।

અર્થ- ગતિમાં ઉત્પન્ન થવાની ઈચ્છાવાળાને (પરભવમાં જતાં) તે ગતિની સન્મુખ અન્તર્ગતિમાં વર્તતા જીવને આકાશપ્રદેશની શ્રેણિને અનુસારે તે (સ્થાન) ને પ્રાપ્ત કરાવવામાં સમર્થ (જે કર્મ તે) આનુપૂર્વીનામ કર્મ. 'નિર્માણનામકર્મ વડે બનાવાયેલ શરીરના અંગો અને ઉપાંગોના રચનાસ્થાનના ક્રમનું નિયમન કરનાર કર્મ તે આનુપૂર્વી નામ' આવું કેટલાક આચાર્ય ભગવંતો કહે છે.

भाष्यम्- अगुरुलघु परिणामनियामक**मगुरुलघुनाम** ।

અર્થ- અગુરુલઘુપરિણામ ગોઠવી આપનાર તે અગુરુલઘુનામ કર્મ.

भाष्यम्- शरीराङ्गोपाङ्गोपघातक**मुपघातनाम,** स्वपराक्रमविजयाद्युपघातजनकं वा ।

અર્થ- શરીરના અંગો અને ઉપાંગોને ઉપઘાત કરનાર કર્મ તે ઉપઘાતનામકર્મ. અથવા પોતાના પરાક્રમ કે વિજય વગેરેનો નાશ કરનાર કર્મ તે ઉપઘાતનામ કર્મ.

भाष्यम्- परत्रासप्रतिघातादिजनकं **पराघातनाम** । आतपसामर्थ्यजनक**मातपनाम** । प्रकाशसामर्थ्यजनक**मुद्योतनाम** । प्राणापानपुद्गलग्रहणसामर्थ्यजनकमुच्छ्वासनाम लब्धिशिक्षर्द्धिप्रत्ययस्याकाशगमनस्य जनकं **विहायोगतिनाम** ।

અર્થ- બીજાને ત્રાસ કરનારું અને (પ્રતિભા વગેરેનો) નાશ આદિ કરનારું કર્મ તે પરાઘાતનામકર્મ. તાપ ઉત્પન્ન કરવાની શક્તિ જે કર્મમાં છે તે આતપનામકર્મ. (જેમકે સૂર્યના રત્નોથી તડકો થાય છે. રત્નો સિવાય બીજાને આ કર્મ ઉદયમાં હોતું નથી.) (શીતલ) પ્રકાશના સામર્થ્યને ઉત્પન્ન કરનાર તે ઉદ્યોતનામ (જેમકે ચંદ્રમા, ખદ્યોત વગેરે). પ્રાણાપાન વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણના સામર્થ્યને ઉત્પન્ન કરનાર તે ઉચ્છ્વાસનામકર્મ. (દેવતાદિની દેવપણા આદિની સાથે ઉત્પન્ન થયેલી જે) લબ્ધિ અને (તપથી યા સિદ્ધાંતનું અધ્યયન કરતાં) શિક્ષાથી જે ઋદ્ધિ-તે ઋદ્ધિના હેતભૂત આકાશ ગમનને કરનાર કર્મ તે વિહાયોગતિનામકર્મ.

भाष्यम्- पृथक्शरीरनिर्वर्तकं **प्रत्येकशरीरनाम,** अनेकजीवसाधारणशरीरनिर्वर्तकं **साधारणशरीरनाम,** त्रसभावनिर्वर्तकं **त्रसनाम,** स्थावरभावनिर्वर्तकं **स्थावरनाम,** सौभाग्यनिर्वर्तकं **सुभगनाम,** दौर्भाग्यनिर्वर्तकं **दुर्भगनाम,** सौस्वर्यनिर्वर्तकं सुस्वरनाम, दौःस्वर्यनिर्वर्तकं दुःस्वरनाम, शुभभावशोभामाङ्गल्यनिर्वर्तकं शुभनाम, तद्विपरीतनिर्वर्तकमशुभनाम, सूक्ष्मशरीरनिर्वर्तकं सूक्ष्मनाम, बादरशरीरनिर्वर्तकं बादरनाम ।

અર્થ- ભિન્ન ભિન્ન શરીરની (એટલે એક જીવને એક શરીરની) રચના કરનાર -તે પ્રત્યેક શરીરનામ. અનેક જીવ વચ્ચે એક શરીરની રચના કરનારૂ તે સાધારણ શરીરનામ. (બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવો તેમના) ત્રસભાવને કરનારૂ કર્મ તે ત્રસનામ. એક સ્થાને સ્થિર રહે તેવા સ્થાવર ભાવને કરનારૂ કર્મ તે સ્થાવારનામ. સૌભાગ્યભાવ કરનાર કર્મ તે સુભગનામ. મનના અપ્રિયભાવને કરનાર કર્મ તે દુર્ભગનામ. સુંદર સ્વરપણાને કરનારૂ (જે સ્વર સાંભળવાથી પ્રીતિ ઉત્પન્ન થાય તેવું) કર્મ તે સુસ્વરનામ. જે સ્વર સાંભળવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય તેવા સ્વરને કરનાર કર્મ તે દુઃસ્વરનામ. શુભભાવ, શોભા અને મંગલને બનાવનાર કર્મ તે શુભનામ કર્મ. તેનાથી વિપરીત ભાવને કરનાર તે અશુભનામ. સૂક્ષ્મશરીરને બનાવનાર કર્મ સૂક્ષ્મનામકર્મ. સ્થૂલશરીરની રચના કરનાર તે બાદરનામકર્મ.

भाष्यम्- पर्याप्तिः पञ्चविधा, तद्यथा-आहारपर्याप्तिः शरीरपर्याप्तिः इन्द्रियपर्याप्तिः प्राणापानपर्याप्तिः भाषापर्याप्तिरिति, पर्याप्तिः क्रियापरिसमाप्तिरात्मनः, शरीरेन्द्रियवाङ्मनःप्राणापानयोग्यदलिकद्रव्याहरण-क्रियापरिसमाप्तिराहारपर्याप्तिः, गृहीतस्य शरीरतया संस्थापनक्रियापरिसमाप्तिः शरीरपर्याप्तिः, संस्थापनं रचना घटनमित्यर्थः, त्वगादीन्द्रियनिर्वर्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः, प्राणापानक्रियायोग्यद्रव्य-ग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिः, भाषायोग्यद्रव्यग्रहणनिसर्गशक्ति-निर्वर्तनक्रियापरिसामाप्तिर्भाषापर्याप्तिः, मनस्त्वयोग्यद्रव्यग्रहण- निसर्गशक्ति- निर्वर्तनक्रियापरि-समाप्तिर्मनःपर्याप्तिरित्येके, आसां युगपदारब्धानामपि क्रमेण समाप्तिरुत्तरोत्तरसूक्ष्मतरत्वात् सूत्रदार्वादिकर्तनघटनवत्, यथासङ्ख्यं च निदर्शनानि गृहदलिकग्रहणस्तम्भस्थूणाद्वारप्रवेश-निर्गमस्थानशयनादिक्रियानिर्वर्तनानीति, पर्याप्तिनिर्वर्तकं पर्याप्तिनाम, अपर्याप्तिनिर्वर्तकमपर्याप्तिनाम, अपर्याप्तिनाम तत्परिणामयोग्यदलिकद्रव्यमात्मना नोपात्तमित्यर्थः ।

અર્થ- પર્યાપ્તિ પાંચ પ્રકારે છે. તે આ રીતે- (૧) આહારપર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ, (૩) ઈન્દ્રિયપર્યાપ્તિ, (૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ અને (૫) ભાષાપર્યાપ્તિ. પર્યાપ્તિ- જીવની વિવક્ષિત ક્રિયાની સમાપ્તિ. આહારપર્યાપ્તિ- શરીર, ઈન્દ્રિય, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસ યોગ્ય દલિકો ગ્રહણ કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે આહારપર્યાપ્ત. શરીરપર્યાપ્તિ- ગ્રહણ કરેલ (પુદ્ગલસમુહ) ને શરીરપણાવડે સંસ્થાપન રૂપ ક્રિયાની સમાપ્તિ તે શરીરપર્યાપ્તિ. અહીં સંસ્થાપન એટલે રચના, બનાવવુ એવો અર્થ છે. ઈન્દ્રિયપર્યાપતિ- ત્વચાદિ ઈન્દ્રિયો બનાવના રૂપ ક્રિયાની સમાપ્તિ તે ઈન્દ્રિયપર્યાપ્તિ, પ્રાણાપાનપર્યાપ્તિ-શ્વાસોચ્છ્વાસયોગ્ય દ્રવ્ય ગ્રહણ કરવારૂપ અને છોડવારૂપ શકિત બનાવવાની ક્રિયાની સમાપ્તિ તે પ્રાણાપાનપર્યાપ્તિ. ભાષાપર્યાપ્તિ- ભાષાયોગ્ય દ્રવ્ય ગ્રહણ કરવારૂપ અને છોડવારૂપ શકિત બનાવવાની ક્રિયાની સમાપ્તિ તે ભાષાપર્યાપ્તિ. કેટલાક આચાર્યભગવંતો છઠ્ઠી મનઃપર્યાપ્તિ પણ કહે છે. મનઃ પર્યાપ્તિ - મનને યોગ્ય દ્રવ્ય ગ્રહણ કરવારૂપ અને છોડવારૂપ શકિત બનાવવાની ક્રિયાની સમાપ્તિ તે મનઃપર્યાપ્તિ. એકીસાથે આરંભાયેલ એવી પણ આ પર્યાપ્તિઓની ઉત્તરોત્તર અધિક-અધિક સૂક્ષ્મ હોવાથી સમાપ્તિ કમશઃ થાય છે. જેમકે, સુતરકાંતનાર-જાડા સુતરકાંતનાર કરતાં ઝીણું સુતરકાંતનારને વધારેવાર થાય તેમ. એનાં અનુક્રમે દૃષ્ટાંત - ઘરમાટે પ્રથમ લાકડાનુ ગ્રહણ, (ત્યારબાદ) સ્તંભ, ખીલા (વગેરે. ત્યારબાદ) બારણાં (પછી) પ્રવેશ અને નીકળવાના સ્થાનો (અને પછી) શયનાદિ ક્રિયાઓની રચના થાય. (તેમ ક્રમશઃ પર્યાપ્તિઓ થાય છે.) પર્યાપ્તિઓને બનાવનાર પર્યાપ્તનામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર્યાપ્તિઓને પૂરી ન થવા દેનાર તે અપર્યાપ્તનામ. અપર્યાપ્તનામ એટલે, (પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય) તેવા પરિણામયોગ્ય દલિક દ્રવ્ય પોતે ગ્રહણ કરેલ છે.

भाष्यम्- स्थिरत्वनिर्वर्तकं स्थिरनाम, विपरीतमस्थिरनाम, आदेयभावनिर्वतकमादेयनाम, विपरीतमनादेयनाम, यशोनिर्वर्तकं यशोनाम, विपरीतमयशोनाम, तीर्थकरत्वनिर्वर्तकं तीर्थकरनाम तांस्तान् भावान् नामयतीति नाम, एवं सोत्तरभेदो नामकर्मभेदोऽनेकविधः प्रत्येतव्यः ॥१२॥

અર્થ- (હાડકાં, દાંત આદિની) નિશ્ચલતા કરનાર તે સ્થિરનામ. તેનાથી વિપરીત અસ્થિરનામકર્મ. પોતાનું વચન ગ્રાહ્યભાવને બનાવનાર કર્મ તે આદેયનામ (એટલે કે આદેયભાવને કરનાર તે આદેયનામ.) તેનાથી વિપરીત અનાદેયનામ. કીર્તિ ફેલાવનાર તે યશનામ. તેનાથી વિપરીત અપયશનામ. શ્રી તીર્થંકરપણાની પ્રાપ્તિ કરાવનાર તે તીર્થંકરનામકર્મ. જે ગતિ-જાતિ આદિ તે તે પ્રકારના ભાવો તરફ લઈ જાય છે તે નામકર્મ. એ પ્રમાણે ઉત્તરભેદો સહિત નામકર્મના ભેદો અનેક પ્રકારે થાય છે. ॥૧૨॥

## सूत्रम्- उच्चैर्नीचैश्च ॥८-१३॥

અર્થ- ઉચ્ચગોત્ર અને નીચગોત્ર (એમં બે પ્રકારે ) ગોત્ર કર્મ છે.

भाष्यम्- उच्चैर्गोत्रं नीचैर्गोत्रं च, तत्रोच्चैर्गोत्रं देशजातिकुलस्थानमानसत्कारैश्वर्याद्युत्कर्षनिर्वर्तकम्, विपरीतं नीचैर्गोत्रं चण्डालमुष्टिकव्याधमत्स्यबन्धदास्यादिनिर्वर्तकम् ॥१३॥

અર્થ- ઉચ્ચગોત્ર અને નીચગોત્ર. (એમ બે પ્રકારે ગોત્રકર્મ.) તેમાં ઉચ્ચગોત્ર-દેશ, જાતિ, કુળ, સ્થાન, માન, સન્માન, ઐશ્વર્ય આદિના ઉત્કર્ષને કરનાર તે. નીચગોત્ર- તેનાથી વિપરીત તે. જે ચણ્ડાલ, કસઈ, શિકારી, મચ્છીમાર, દાસપણું (વગેરે) કરનાર તે. ॥૧૩॥

## सूत्रम्- दानादीनाम् ॥ ८-१४ ॥

અર્થ- દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એ પાંચના અંતરાય કરનાર અંતરાયકર્મ છે.

भाष्यम्- अन्तरायः पञ्चविधः, तद्यथा-दानस्यान्तरायः लाभस्यान्तरायः भोगस्यान्तरायः उपभोगस्यान्तरायः वीर्यान्तराय इति ॥१४॥

અર્થ- અંતરાયકર્મ પાંચ પ્રકારે છે. તે આ રીતે, (૧) દાનનો અંતરાય, (૨) લાભનો અંતરાય, (૩) ભોગનો અંતરાય, (૪) ઉપભોગનો અન્તરાય અને (૫) વીર્યાન્તરાય. ॥૧૪॥

भाष्यम्- उक्तः प्रकृतिबन्धः, स्थितिबन्धं वक्ष्यामः-

અર્થ- પ્રકૃતિબંધ કહ્યો. હવે સ્થિતિબંધ કહીશું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपम कोटीकोट्य: परास्थिति:॥८-१५॥**
અર્થ- આદિના ત્રણ (એટલે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વેદનીય) તેમજ અન્તરાયકર્મ, એ ચાર (મૂળકર્મ)ની ઉત્કૃષ્ટસ્થિતિ ત્રીસ કોટાકોટી સાગરોપમની છે.

**भाष्यम्-** आदितस्तिसृणां कर्मप्रकृतीनां-ज्ञानावरणदर्शनावरणवेद्यानां अन्तरायप्रकृतेश्च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥१५॥
અર્થ- શરૂઆતની ત્રણ કર્મપ્રકૃતિ-એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીયની અને અન્તરાય પ્રકૃતિની ત્રીસકોડાકોડીસાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે. ॥૧૫॥

**सूत्रम्- सप्ततिर्मोहनीयस्य ॥८-१६॥**
અર્થ- મોહનીયકર્મની સીત્તેરકોટાકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**भाष्यम्-** मोहनीयकर्मप्रकृते: सप्तति: सागरोपमकोटीकोट्य: परा स्थिति: ॥१६॥
અર્થ- મોહનીયકર્મપ્રકૃતિની સીત્તેરકોડાકોડીસાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૧૬॥

**सूत्रम्- नामगोत्रयोर्विंशतिः ॥८-१७॥**
અર્થ- નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસકોડાકોડી સાગરોપમ છે.

**भाष्यम्-** नामगोत्रप्रकृत्योर्विंशति: सागरोपमकोटीकोट्य: परा स्थिति: ॥१७॥
અર્થ- નામ અને ગોત્રપ્રકૃતિની વીસકોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૧૭॥

**सूत्रम्- त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ॥८-१८॥**
અર્થ- આયુષ્યકર્મની તેત્રીસસાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**भाष्यम्-** आयुष्यकर्मप्रकृतेस्त्रयस्त्रिंशत्सागरोपमाणि परा स्थितिः ॥१८॥
અર્થ- આયુષ્યપ્રકૃતિની તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૧૮॥

**सूत्रम्- अपराद्वादशमुहूर्ता वेदनीयस्य ॥८-१९॥**
અર્થ- વેદનીયકર્મની જઘન્યસ્થિતિ બારમુહૂર્ત છે.

**भाष्यम्-** वेदनीयप्रकृतेरपरा द्वादश मुहूर्ता स्थितिरिति ॥१९॥
અર્થ- વેદનીયપ્રકૃતિની જઘન્ય બારમુહૂર્ત સ્થિતિ છે. ॥૧૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- नामगोत्रयोरष्टौ ॥८-२०॥

અર્થ- નામકર્મ અને ગોત્રકર્મની જઘન્યની સ્થિતિ આઠ મુહૂર્ત છે.

भाष्यम्- नामगोत्रप्रकृत्योरष्टौ मुहूर्ता अपरा स्थितिर्भवति ॥२०॥
અર્થ- નામ અને ગોત્રપ્રકૃતિની આઠમુહૂર્ત જઘન્ય સ્થિતિ છે. ॥૨૦॥

## सूत्रम्- शेषाणामन्तर्मुहूर्तम् ॥८-२१॥

અર્થ- બાકીના કર્મની એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ય અને અંતરાયકર્મપ્રકૃતિની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત છે.

भाष्यम्- वेदनीयनामगोत्रप्रकृतिभ्यः शेषाणां ज्ञानावरणदर्शनावरणमोहनीयाऽऽयुष्काऽन्तरायप्रकृतीनामपरा स्थितिरन्तर्मुहूर्तं भवति ।
અર્થ- વેદનીય, નામ અને ગોત્ર (આ ત્રણ) પ્રકૃતિ સિવાયની જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ય અને અંતરાયકર્મપ્રકૃતિની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે.

भाष्यम्- उक्तः स्थितिबन्धः अनुभावबन्धं वक्ष्यामः- ॥२१॥
અર્થ- સ્થિતિબંધ કહ્યો, હવે અનુભાવબંધ કહીશું... ॥૨૧॥

## सूत्रम्- विपाकोऽनुभावः ॥८-२२॥

અર્થ- કર્મનો વિપાક તે અનુભાવ.

भाष्यम्- सर्वासां प्रकृतीनां फलं विपाकोदयोऽनुभावो भवति, विविधः पाको विपाकः, स तथा चान्यथा चेत्यर्थः । जीवः कर्मविपाकमनुभवन् कर्मप्रत्ययमेवानाभोगवीर्यपूर्वकं कर्मसंक्रमं करोति उत्तरप्रकृतिषु सर्वासु मूलप्रकृत्यभिन्नासु, न तु मूलप्रकृतिषु संक्रमो विद्यते, बन्धविपाकनिमित्तान्यजातियकत्वात्, उत्तरप्रकृतिषु च दर्शनचारित्रमोहनीययोः सम्यग्मिथ्यात्ववेदनीयस्य आयुष्कस्य च जात्यन्तरानुबन्धविपाकनिमित्तान्यजातीयकत्वादेव संक्रमो न विद्यते। अपवर्तनं तु सर्वासां प्रकृतीनां विद्यते, तदायुष्केण व्याख्यातम् ॥२२॥
અર્થ- સર્વપ્રકૃતિનું ફળ એટલે વિપાકનું અનુભવવું તે અનુભાવ કહેવાય. જુદી જુદી રીતે પાકવું તે વિપાક. એટલે તે રીતે યા બીજી રીતે (કર્મફળ પાકવું) તેવો અર્થ જાણવો. જીવ કર્મવિપાકને અનુભવતો કર્મનિમિત્તે જ અનાભોગવીર્ય પૂર્વક કર્મસંક્રમ કરે છે. અને તે પણ મૂળપ્રકૃતિથી અભિન્ન એવી [1]સર્વ

---

૧. અહીં સર્વ એ ઉત્સર્ગરૂપે જાણવો. કેટલીક ઉત્તરપ્રકૃતિમાં સંક્રમ નથી પણ થતું તે આગળ આવશે. (सर्वास्विति: उत्सर्गः। कासाञ्चिन्नभवतीत्यपीत्यर्थः। अपवदिष्यते चोपरिष्टात्।, सिद्ध-टीका.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તરપ્રકૃતિમાં થાય છે. પરંતુ મૂળપ્રકૃતિમાં સંક્રમ થતો જ નથી. (કેમકે) બન્ધનનાં નિમિત્તો અને વિપાકના નિમિત્તો ભિન્નભિન્ન જાતનાં છે. (જેમકે, જ્ઞાનાવરણીયના બંધનિમિત્તો '**तत्प्रदोष-निह्नवमात्सर्य**' છે. અને વેદનીયના બંધનિમિત્તો '**दुःखशोकतापा...**' છે. આ રીતે બંધનિમિત્તો જુદા- તેમ વિપાક નિમિત્તો પણ જુદા. જ્ઞાનાવરણીયના ઉદયે જ્ઞાન જ અવરાશે- પણ જ્ઞાનાવરણીયના પુદ્ગલો દર્શનગુણને નહિ આવરે- એટલે બંધ અને વિપાક બંનેમાં જુદાપણું છે.) (ઉત્તરપ્રકૃતિમાં પણ જે સંક્રમ નથી પામતી તે હવે દર્શાવે છે.) ઉત્તરપ્રકૃતિમાં પણ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો (પરસ્પર) સંક્રમ નથી. તથા (ચારે ય) આયુષ્યનો (પરસ્પર) સંક્રમ થતો નથી (તેનું કારણ એ કે) જાત્યન્તર અનુબન્ધના નિમિત્ત અને વિપાકનિમિત્તમાં અન્ય જાતીયપણું (ભિન્નપણું) હોવાથી. અપવર્તન તો સર્વપ્રકૃતિનું થાય છે તે આયુષ્યદ્વારા (અ. ૨ - સૂ. ૫૨ માં) કહેવાયું છે. ॥૨૨॥

## सूत्रम्- स यथानाम ॥८-२३॥

અર્થ- તે વિપાક કર્મના નામને અનુસારે ભોગવાય છે.

भाष्यम्- सोऽनुभावो गतिनामादीनां यथा नाम तथा विपच्यते ॥२३॥

અર્થ- ગતિનામકર્મ વગેરેનો તે અનુભાવ(વિપાક) જેવું કર્મનું નામ તે રીતે ઉદયમાં આવે છે. ॥૨૩॥

## सूत्रम्- ततश्चनिर्जरा ॥८-२४॥

અર્થ- તે (વિપાક) થી કર્મનિર્જરા થાય છે '**च**' શબ્દથી 'બીજાકારણથી પણ' એમ સમજવું.

भाष्यम्- ततश्च-अनुभावात्कर्मनिर्जरा भवतीति, निर्जरा क्षयो वेदनेत्यर्थः, अत्र चशब्दो हेत्वन्तरमपेक्षते, तपसा निर्जरा चेति वक्ष्यते ॥२४॥

અર્થ- તેથી એટલે અનુભાવથી કર્મનિર્જરા થાય છે. નિર્જરા, ક્ષય, વેદન એ એકાર્થવાચી છે. અહીં 'ચ' શબ્દ બીજા કારણની અપેક્ષા રાખે છે. 'તે' **तपसा निर्जरा च**' (અ. ૯. સૂ. ૩ ) માં કહેવાશે.॥૨૪॥

भाष्यम्- उक्तोऽनुभावबन्धः, प्रदेशबन्धं वक्ष्यामः-

અર્થ- અનુભાવબંધ કહ્યો, હવે પ્રદેશબન્ધ કહીશું.

## सूत्रम्- नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेषु अनन्तानन्तप्रदेशाः ॥८-२५॥

અર્થ- નામનિમિત્તક (એટલે કારણભૂત સ્કંધ), સર્વ (આત્મપ્રદેશ) તરફથી, યોગવિશેષથી, સૂક્ષ્મ (સ્કંધ), એક ક્ષેત્રમાં રહેલા, સ્થિર સ્વભાવવાળા, સર્વ આત્મપ્રદેશોમાં, (અને) અનન્તાનન્ત પ્રદેશોવાળા સ્કંધો આત્મા સાથે બન્ધાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- नामप्रत्ययाः पुद्गला बध्यन्ते, नाम प्रत्यय एषां ते इमे नामप्रत्ययाः, नामनिमित्ता नामहेतुका नामकारणा इत्यर्थः ।

અર્થ- નામના[1] કારણભૂત પુદ્ગલો બંધાય છે. નામ (કર્મ) કારણ છે જેનું તે આ નામકારણો. એટલે કે નામનિમિત્તવાળા, નામહેતુવાળા, નામકારણોવાળા તેવો અર્થ જાણવો.

भाष्यम्- सर्वतस्तिर्यगूर्ध्वमधश्च बध्यन्ते, योगविशेषात् कायवाङ्मनःकर्मयोगविशेषाच्च बध्यन्ते ।

અર્થ- સર્વત-તીર્ચ્છૂ (આઠેય દિશા તરફથી), ઉપરથી, નીચેથી એમ (સર્વબાજૂથી) પુદ્ગલો (આત્માસાથે) બન્ધાય છે. યોગવિશેષથી એટલે કાયા-વાણી અને મનની ક્રિયાવિશેષથી (પુદ્ગલો આત્મા સાથે) બંધાય છે.

भाष्यम्- सूक्ष्मा बध्यन्ते, न बादराः ॥

અર્થ- સૂક્ષ્મ[2] (પુદ્ગલસ્કંધ આત્મા સાથે ) બન્ધાય છે, (પરંતુ) બાદર (સ્કન્ધ) નહિ.

भाष्यम्- एकक्षेत्रावगाढा बध्यन्ते, न क्षेत्रान्तरावगाढाः ।

અર્થ-એક ક્ષેત્રમાં રહેલા (પુદ્ગલસ્કંધો) બન્ધાય છે, (પરન્તુ) બીજા ક્ષેત્રમાં રહેલા (પુદ્ગલસ્કંધો) નહિ. (એટલે જે ક્ષેત્રમાં આત્મા રહેલો હોય તે ક્ષેત્રમાં રહેલ પુદ્ગલવર્ગણા જ ગ્રહણ કરે, તેનાથી દૂર રહેલા અર્થાત્ બીજા ક્ષેત્રમાં રહેલા પુદ્ગલો ગ્રહણ ન કરે.)

भाष्यम्- स्थिताश्चबध्यन्ते, न गति समापन्नाः ।

અર્થ- સ્થિતિશીલ (પુદ્ગલો) બન્ધાય છે, (પણ) ગતિપ્રાપ્ત પુદ્ગલો નહિ.

भाष्यम्- सर्वात्मप्रदेशेषु-सर्व प्रकृति पुद्गलाः सर्वात्मप्रदेशेषु बध्यन्ते, एकैको ह्यात्मप्रदेशोऽनन्तैः कर्मप्रदेशैर्बद्धः ।

અર્થ- સર્વાત્મપ્રદેશમાં- સર્વપ્રકૃતિ(કર્મ)નાં પુદ્ગલો સર્વાત્મપ્રદેશમાં બન્ધાય છે. એક-એક આત્મપ્રદેશ અનન્તકર્મપ્રદેશોવડે બન્ધાયેલ છે.

भाष्यम्- अनन्तप्रदेशाः कर्मग्रहणयोग्याः पुद्गला बध्यन्ते ।

અર્થ- અનન્તાનન્તપ્રદેશી કર્મગ્રહણ યોગ્ય પુદ્ગલો બંધાય છે.

भाष्यम्- न सङ्ख्येयाङ्ख्येयानन्तप्रदेशाः, कुतः ?, अग्रहणयोग्यत्वात्प्रदेशानामिति, एष प्रदेशबन्धो भवति ॥२५॥ सर्वंचैतदष्टविधं कर्म पुण्यं पापं च, तत्र-

१. નામ એટલે કર્મ સમજવું.

૨. અહીં સૂક્ષ્મસ્કંધ અપેક્ષિત જાણવું. અનન્તાનન્ત પ્રદેશોનો સૂક્ષ્મસ્કંધ ગ્રહણયોગ્ય નથી પણ બની શકતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- પરંતુ-સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા પ્રદેશો બન્ધાતા નથી. (પ્રશ્ન) શા માટે ? (જવાબ) પ્રદેશોનું (વર્ગણાનું) અગ્રહણયોગ્યપણું હોવાથી. આ પ્રદેશબન્ધ (કહ્યો) છે. ॥૨૫॥ અને આ બધા આઠ પ્રકારે પુણ્ય અને પાપરૂપ કર્મ છે. તેમાં...

**सूत्रम्- सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायु-र्नाम-गोत्राणि पुण्यम्।८-२६।।**

અર્થ- શાતાવેદનીય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરૂષવેદ, શુભઆયુષ્ય, શુભનામ, શુભગોત્ર એ પુણ્યકર્મ કહેવાય.

भाष्यम्- सद्वेद्यं भूतव्रत्यनुकम्पादिहेतुकम् सम्यक्त्ववेदनीयं केवलिश्रुतादीनां वर्णवादादिहेतुकं हास्यवेदनीयं रतिवेदनीयं पुरुषवेदनीयं शुभमायुष्कं-मानुषं दैवं च, शुभनाम गतिनामादीनां, शुभं गोत्रं, उच्चैर्गोत्रमित्यर्थः, इत्येतदष्टविधं कर्म पुण्यम्, अतोऽन्यत् पापम् ॥२६॥

અર્થ- (૧) પ્રાણીઓ અને વ્રતિઓ ઉપર વિશિષ્ટ અનુકમ્પાથી ઉત્પન્ન થનાર શાતાવેદનીય, (૨) કેવલિ-શ્રુતજ્ઞાન વગેરેની પ્રશંસાઆદિથી થનારું સમ્યક્ત્વ વેદનીય, (૩) હાસ્યવેદનીય, (૪) રતિવેદનીય, (૫) પુરુષવેદનીય, (૬) મનુષ્ય અને દેવરૂપ શુભઆયુષ્ય, (૭) શુભનામ એટલે શુભગતિનામાદિ, (૮) શુભગોત્ર એટલે ઉચ્ચગોત્ર એમ સમજવું. આ આઠ પ્રકારનું કર્મ પુણ્ય કહેવાય છે. તે સિવાયના પાપકર્મ જાણવા. ॥૨૬॥

## ★ ઉપસંહાર ★

કર્મનો આશ્રવ થતાની સાથે જ કર્મનો બંધ થઈ જાય છે. અને કર્મનો બંધ થયા પછી મુક્તિને ઝંખતા આત્માએ કોઈ પણ ઉપાયે તેને છોડે જ છૂટકો. કેમકે, નહિતર ત્યાં સુધી મુક્તિ થાય નહિ. જેમ, ખાડામાં રહેલા કાદવમાં પગ નાંખતાં જ કાદવ ચોંટે છે. અને તે કાદવને છોડે જ છૂટકો. તેમ રાત્રી ભોજનાદિરૂપ ખાડામાં રહેલા નરકાદિરૂપ કાદવમાં ખૂચતાં જ નરકાદિકર્મરૂપ કાદવ આત્મા સાથે સંલગ્ન થાય છે. અને તેને છોડે જ છૂટકો.

-આત્મા સાથે સંલગ્ન તે જ બંધ અને... તે બંધ ખતરનાક છે. કેમકે આશ્રવનું કારણ છે.

તેથી કરીને વાચકવર્ય પૂ. ઉમાસ્વાતીજી ભગવંતે આ અધ્યાયમાં બંધના કારણો, બંધની વ્યાખ્યા, બંધના પ્રકાર તથા તેના ભેદ-પ્રભેદ, બંધ પામેલ કર્મોનો જઘન્યોત્કૃષ્ટ કાળ (સ્થિતિ), તેનો વિપાક, તેનું છૂટું પડવું, પ્રદેશબન્ધની વિશેષ સમજણ તથા અંતે પુણ્ય-પાપ બંધના પ્રકારો જણાવી આ અધ્યાય પૂરો કર્યો છે.

★ કુલ સૂત્રો- ૨૬૨ + ૨૬ = ૨૮૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમઃ

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## नवमो अध्यायः - નવમો અધ્યાય

પાણીની ટાંકી સાફ કરવાની તીવ્ર તમન્ના હોય... તે માટે નીચેનો નળ ખૂલ્લો પણ કરી દેવામાં આવે... કેમકે, ટાંકી ખાલી ન થાય તો વ્યવસ્થિત સાફ ન થઈ શકે. એક તરફ ટાંકી ખાલી કરવા નીચેનો નળ ખૂલ્લો મૂકી દીધો છે. અને બીજી તરફ... જ્યાંથી પાણી ટાંકીમાં પ્રવેશતું હોય તેવો ઉપરનો નળ... જે બંધ કરવો રહી જાય. કે ઉપરનો નળ બંધ ન કરે તો .!.!.! ટાંકી કયારે ય ખાલી થાય... ? ના... કયારે ય નહિ. કેમકે, જેમ નીચેથી પાણીનું નિર્ગમન ચાલું છે. તેમ ઉપરથી આગમન પણ ચાલું જ છે. જેથી ટાંકીમાં પાણી તો અવશ્ય રહેવાનું જ... પણ ખાલી થવાની નહિ... તે પ્રમાણે... એક તરફ આશ્રવરૂપે કર્મ આવ્યા જ કરે... અને બીજી તરફ ઉદયરૂપે ભોગવાતા જ જાય... તો કયારે ય આત્મા સકલકર્મથી મુક્ત બની શકે ખરો... ? ના... ઉદય ચાલું છે તે યોગ્ય છે... પરંતુ આશ્રવ તો અટકાવવો જ પડે... તો જ ઉદય વગેરે દ્વારા કર્મક્ષય કરી આત્મા મુક્ત બની શકે. માટે મુક્ત થવા માટે અટકાવવાની ક્રિયા એ મુખ્ય છે. બસ, અહીં ગ્રન્થકારશ્રી આ અધ્યાયમાં અટકાવવાની ક્રિયાને ૫માં તત્ત્વતરીકે 'સંવર' નામ આપી વર્ણન કરે છે.

### सूत्रम्- आस्रवनिरोधः संवरः ।।९-१।।

અર્થ- આશ્રવનો નિરોધ (અટકાવ) તે સંવર.

भाष्यम्- उक्तो बन्धः, संवरं वक्ष्यामः ।
અર્થ- બંધ કહ્યો હવે સંવર કહીશું...

भाष्यम्- यथोक्तस्य काययोगादेर्द्विचत्वारिंशद्विधस्याश्रवस्य निरोधः संवरः ।।१।।
અર્થ- યથોક્ત કાયયોગાદિ બેંતાલીસ પ્રકારવાળા આશ્રવનો (અ. ૬- સૂ. ૬- 'અવ્રતકષાયેન્દ્રિય.' ના ૩૯ + ૩ = ૪૨) નિરોધ તે સંવર કહેવાય. ।।૧।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- सगुप्तिसमितिधर्मा-ऽनुप्रेक्षापरीषहजयचारित्रैः ।।९-२।।**

અર્થ- તે સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્રવડે થાય છે.

**भाष्यम्- स एष संवर एभिर्गुप्त्यादिभिरुपायैर्भवति ।।२।। किंचान्यत्-**

અર્થ- તે આ સંવર આ (સૂત્રોક્ત) ગુપ્તિ આદિ ઉપાયો વડે થાય છે. ।।૨।। વળી બીજું,...

**सूत्रम्- तपसा निर्जरा च ।।९-३।।**

અર્થ- તપ વડે સંવર અને નિર્જરા થાય છે.

**भाष्यम्- तपो द्वादशविधं वक्ष्यते, तेन संवरो भवति निर्जरा च ।।३।।**

અર્થ- તપ બારપ્રકારે (અ. ૯ - સૂ. ૧૯-૨૦ માં) કહેવાશે. તે તપવડે સંવર અને નિર્જરા થાય છે.।૩।

**भाष्यम्- अत्राह- उक्तं भवता गुप्त्यादिभिरभ्युपायैः संवरो भवतीति, तत्र के गुप्त्यादय इति ?, अत्रोच्यते-**

અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે અહીં કે આપશ્રીએ (અ. ૯- સૂ. ૨ માં) કહ્યું કે ગુપ્તિ આદિ ઉપાયોવડે સંવર થાય છે. તો તે ગુપ્તિ આદિ એ શું છે ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં...

**सूत्रम्- सम्यग्योगनिग्रहो गुप्तिः ।।९-४।।**

અર્થ- સારી રીતે યોગોનો નિગ્રહ તે ગુપ્તિ .

भाष्यम्- सम्यगिति विधानतो ज्ञात्वाऽभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकं त्रिविधस्य योगस्य निग्रहो गुप्तिः।

અર્થ- સમ્યગ્ એટલે, (યોગને) ભેદપૂર્વક જાણીને અને સમ્યગ્દર્શન પૂર્વક સ્વીકારીને ત્રણ પ્રકારના યોગનો નિરોધ.

भाष्यम्- कायगुप्तिर्वाग्गुप्तिर्मनोगुप्तिरिति, तत्र शयनाऽऽसनाऽऽदाननिक्षेपस्थानचङ्क्रमणेषु कायचेष्टा-नियमः कायगुप्तिः ।

અર્થ- કાયગુપ્તિ, વચનગુપ્તિ, અને મનોગુપ્તિ. (આ ત્રણ ગુપ્તિ છે.) તેમાં-શયન, આસન, લેવું, મુકવું, ઉભારહેવું, ગમન કરવું- તેમાં કાયગુપ્તિનો નિયમ રાખવો- તે કાયગુપ્તિ.

भाष्यम्- याचनपृच्छनप्रश्नव्याकरणेषु वाङ्नियमो मौनमेव वा वाग्गुप्तिः ।

અર્થ- માંગવું, પૂછવું કે પ્રશ્નોના જવાબ આપવામાં વાણીનું નિયમન રાખવું અથવા મૌન રહેવું. તે વાગ્ગુપ્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- सावद्यसंकल्पनिरोधः कुशलसंकल्पः कुशलाकुशलसंकल्पनिरोध एव वा मनोगुप्तिरिति ॥४॥
અર્થ- સાવદ્ય સંકલ્પ (વિચાર) ને રોકવા, કુશલ સંકલ્પ અથવા કુશલ-અકુશલ સંકલ્પો રોકવા- તે મનોગુપ્તિ. ॥૪॥

सूत्रम्- ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥९-५॥

અર્થ- ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપ સમિતિ અને ઉત્સર્ગ સમિતિ. આ પાંચ સમિતિ છે.

भाष्यम्- सम्यगीर्या सम्यग्भाषा सम्यगेषणा सम्यगादाननिक्षेपौ सम्यगुत्सर्ग इति पञ्च समितयः। तत्रावश्यकायैव संयमार्थं सर्वतो युगमात्रनिरीक्षणायुक्तस्य शनैर्न्यस्तपदा गतिरीर्यासमितिः ।
અર્થ- સમ્યગ્ (આગમોક્ત રીતની) ઈર્યાસમિતિ, સમ્યગ્ભાષાસમિતિ, સમ્યગ્એષણાસમિતિ, સમ્યગ્આદાન-નિક્ષેપસમિતિ અને સમ્યગ્ઉત્સર્ગ સમિતિ એ પાંચ સમિતિઓ છે. તેમાં (ઈર્યાસમિતિ) આવશ્યક કાર્ય માટે જ સંયમાર્થે ચારે તરફ યુગપ્રમાણ નિરીક્ષણથી યુક્ત (આત્માની) ધીમે ધીમે મૂકાયેલ પગલાં વાળી ગતિ. તે ઈર્યાસમિતિ.

भाष्यम्- हितमितासंदिग्धानवद्यार्थनियतभाषणं भाषासमितिः ।
અર્થ- હિત, મિત (અલ્પ), અશંકિત, નિરવદ્ય (ષડ્-જીવનિકાયને પીડા ન કરનાર) અર્થરૂપ હંમેશ બોલવું. તે ભાષાસમિતિ. (અર્થાત્ હિતાદિલક્ષણ યુક્ત બોલવું- તે ભાષાસમિતિ.)

भाष्यम्- अन्न-पान-रजोहरण-पात्र-चीवरादीनां धर्मसाधनानामाश्रयस्य चोद्गमोत्पादनैषणादोष-र्वजनमेषणासमितिः ।
અર્થ- આહારપાણી, રજોહરણ, પાત્રા, વસ્ત્ર આદિ ધર્મ-સાધનો અને વસતિના, ઉદ્દ્ગમ દોષ (૧૬ દોષ) ઉત્પાદન દોષ (૧૬ દોષ) અને એષણાદોષ (૧૦ દોષ) આ દોષોનું વર્જન (અર્થાત્ આ દોષો રહિત જે આહારાદિની ગવેષણા)- તે એષણા સમિતિ.

भाष्यम्- रजोहरणपात्रचीवरादीनां पीठफलकादीनां चावश्यकार्थं निरीक्ष्य प्रमृज्य चादाननिक्षेपौ आदाननिक्षेपणासमितिः ।
રજોહરણ, પાત્રા, વસ્ત્ર આદિ લેવાતાં પાટ-પાટલાદિ જોઈને અને પ્રમાર્જી ને લેવા-મૂકવા તે આદાન નિક્ષેપણા સમિતિ.

भाष्यम्- स्थण्डिले स्थावरजङ्गमजन्तुवर्जिते निरीक्ष्य प्रमृज्य च मूत्रपुरीषादीनामुत्सर्ग उत्सर्गसमितिरिति ॥५॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- (પૃથ્વીકાયાદિ) સ્થાવર તેમજ ત્રસકાયજીવોથી રહિત ભૂમિ જોઈ-તપાસી (પ્રમાર્જી) માત્રુ, ઠલ્લો વગેરે પરઠવવું- તે ઉત્સર્ગ સમિતિ (અર્થાત્ પારિષ્ઠાપનિકા સમિતિ.) ॥૫॥

**सूत्रम्- उत्तमः क्षमा-मार्दवा-ऽऽर्जव-शौच-सत्य-संयम-तपस्त्यागा-ऽऽकिञ्चन्य-ब्रह्म-चर्याणि धर्मः।९-६।**

અર્થ- ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આ દશ ઉત્તમ ધર્મ છે. (સાધુ ધર્મ છે.)

**भाष्यम्- इत्येष दशविधोऽनगारधर्मः उत्तमगुणप्रकर्षयुक्तो भवति ।**
અર્થ- આ દશપ્રકારનો યતિધર્મ ઉત્તમગુણોની વૃદ્ધિયુક્ત હોય છે.

**भाष्यम्- तत्र क्षमा तितिक्षा सहिष्णुत्वं कोध्रनिग्रह इत्यनर्थान्तरम् ।**
અર્થ- તેમાં-ક્ષમા, તિતિક્ષા, સહિષ્ણપણું, ક્રોધનિગ્રહ એ એકાર્થવાચી છે.

**भाष्यम्- तत्कथं क्षमितव्यमिति चेदुच्यते, क्रोधनिमित्तस्यात्मनि भावाभावचिन्तनात् ।**
અર્થ- 'તે ક્ષમા કેવી રીતે રાખી શકાય...' ? એમ પૂછતાં હો..તો...! ક્રોધના નિમિત્તનું આત્મામાં વિદ્યમાનપણું છે કે નહિ ? તે વિચારવાથી (ક્ષમા રખાય.)

**भाष्यम्- परैः प्रयुक्तस्य क्रोधनिमित्तस्यात्मनि भावचिन्तनादभावचिन्तनाच्च क्षमितव्यं, भावचिन्तनात् तावद् विद्यन्ते मय्येते दोषाः, किमत्रासौ मिथ्या ब्रवीति क्षमितव्यम्, अभावचिन्तनादपि क्षमितर्व्यं, नैते विद्यन्ते मयि दोषा यानज्ञानादसौ ब्रवीतीति क्षमितव्यं, किंचान्यत्-**
અર્થ- (અથવા) બીજાઓ વડે પ્રયોજાયેલ ક્રોધના નિમિત્તોનું આત્મામાં વિદ્યમાનપણું છે.' એમ વિચારવાથી અને 'નથી' એમ વિચારવાથી ક્ષમા રાખી શકાય છે.
(તે આ રીતે) 'વિદ્યમાનપણું છે' એમ વિચારવાથી 'તે દોષો મારામાં વિદ્યમાન છે... તો તેમાં આ શું જૂઠું બોલે છે. (અર્થાત્-જૂઠું નથી બોલતો-સાચું જ કહે છે.)' એમ વિચારી ક્ષમા રાખવી જોઈએ. 'વિદ્યમાન પણું ન હોય' એમ વિચારવાદ્વારા પણ ક્ષમા રાખવી જોઇએ. (તે આ રીતે) જે દોષો મારામાં નથી, તે (દોષો) ને તે અજ્ઞાનથી (મારામાં) છે. એમ આ બોલે છે. તે રીતે ક્ષમા દાખવવી. વળી બીજું,...

**भाष्यम्- क्रोधदोषचिन्तनाच्च क्षमितव्यम्, क्रुद्धस्य हि विद्वेषासादनस्मृतिभ्रंशव्रतलोपादयो दोषा भवन्तीति, किञ्चान्यत्-**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- ક્રોધના દોષની વિચારણા કરવાથી (પણ) ક્ષમા દાખવવી, ક્રુદ્ધ આત્માને દ્વેષ, અનાદર, યાદશક્તિનો નાશ, વ્રતનો નાશ વગેરે થાય છે. વળી બીજું,...

भाष्यम्- बालस्वभावचिन्तनाच्च परोक्षप्रत्यक्षाक्रोशताडनमारणधर्मभ्रंशानामुत्तरोत्तररक्षार्थं, बाल इति मूढमाह, परोक्षमाक्रोशति बाले क्षमितव्यमेव, एवंस्वभावा हि बाला भवन्ति, दिष्ट्या च मां परोक्ष माक्रोशति न प्रत्यक्षमिति लाभएवमन्तव्या:। प्रत्यक्षमप्याक्रोशति बाले क्षमितव्यं, विद्यत एवैतद्बालेषु, दिष्ट्या च मां प्रत्यक्षमाक्रोशति, न ताडयति, एतदप्यस्ति बालेष्विति लाभ एव मन्तव्यः, ताडयत्यपि बाले क्षमितव्यम्, एवंस्वभावा हि बाला भवन्ति, दिष्ट्या च मां ताडयति, न प्राणैर्वियोजयतीति, एतदपि विद्यते बालेष्विति, प्राणैर्वियोजयत्यपि बाले क्षमितव्यं, दिष्ट्या च मां प्राणैर्वियोजयति, न धर्माद् भ्रंशयतीति क्षमितव्यम्, एतदपि विद्यते बालेष्विति लाभ एव मन्तव्यः । **किंचान्यत्-**

અર્થ- અને બાળસ્વભાવ (અજ્ઞાન સ્વભાવ) ચિન્તવવાથી તેમજ પરોક્ષ આક્રોશ (બીજા સામે પોતાના આક્ષેપો), પ્રત્યાક્રોશ (પોતાની સામે પોતાના આક્ષેપો), તાડન, મારણ, ધર્મભ્રષ્ટ (નાશ) નું ઉત્તરોત્તર રક્ષણ માટે ક્ષમા રાખવી જોઈએ. 'બાલ' એ પ્રમાણે મૂઢ (અજ્ઞાન) ને કહે છે. પરોક્ષઆક્રોશ કરે છતે બાલ(મૂઢ) ઉપર ક્ષમા દાખવવી જ જોઈએ. અહીં એમ વિચારવું કે 'મૂઢ આવા ભાવવાળો જ હોય છે. ભાગ્યયોગે બીજા સામે મારીઉપર આક્ષેપો કરે છે (અર્થાત્ મારી નિંદા કરે છે) પરંતુ પ્રત્યક્ષ (મારી સામે) તો નથી કરતો ને...' એ પ્રમાણે લાભ જ વિચારવા યોગ્ય છે. પ્રત્યક્ષ આક્રોશ કરે છતે પણ મૂઢ આત્મા ઉપર ક્ષમા દાખવવી. (આ રીતે) અજ્ઞાનીઓમાં આવું જ હોય છે. ભાગ્યયોગે મારી સામે આક્રોશ (જ) કરે છે. પરંતુ મારતો (પીટતો)તો નથીને... આવું પણ અજ્ઞાનીઓમાં હોય છે' માટે લાભ જ માનવો. મારતા એવા મૂઢ આત્મા ઉપરપણ ક્ષમા દાખવવી. 'આવા સ્વભાવવાળા જ અજ્ઞાનીઓ હોય છે. ભાગ્યયોગે મને (માત્ર) મારે જ છે..પરંતુ પ્રાણનો નાશ તો નથી કરતો ને.. આવું પણ અજ્ઞાનીઓમાં હોય છે. પ્રાણનાશ કરનાર અજ્ઞાની ઉપર પણ ક્ષમા દાખવવી. 'ભાગ્યયોગે મારા પ્રાણોનો જ નાશ કરે છે ને... પરંતુ મને ધર્મથી તો ભ્રષ્ટ (નાશ) નથી કરતો ને...' એ પ્રમાણે વિચારી ક્ષમા દાખવવી. આવું પણ મૂઢ આત્મામાં હોય છે. જેથી લાભ જ માનવો (તેથી ક્રોધ ન થાય). વળી બીજું,...

भाष्यम्- स्वकृतकर्मफलाभ्यागमाच्च, स्वकृतकर्मफलाभ्यागमोऽयं मम, निमित्तमात्रं पर इति क्षमितव्यं। **किंचान्यत्**

અર્થ- પોતાના વડે કરાયેલા કર્મનું ફળ આવવાથી (આ મારે છે એમ માની ક્ષમા-દાખવવી) એટલે પોતે કરેલા કર્મફળના ઉદયરૂપ આ મારે (આક્રોશ વગેરે કરે) છે. બીજો તો નિમિત્તમાત્ર જ છે. (કર્મ જ મુખ્ય છે.) એમ માની ક્ષમા દાખવવી... વળી બીજું...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- क्षमागुणांश्चानायासादीननुस्मृत्य क्षमितव्यमेवेति क्षमाधर्मः ॥१॥
અર્થ- સ્વસ્થતા આદિ ક્ષમાના ગુણોને ધ્યાનમાં રાખી, ક્ષમા દાખવવી તે ક્ષમાધર્મ ॥૧॥

भाष्यम्- नीचैर्वृत्त्यनुत्सेकौ मार्दवलक्षणं, मृदुभावः मृदुकर्म च मार्दवं, मदनिग्रहो मानविघातश्चेत्यर्थः, तत्र मानस्येमान्यष्टौ स्थानानि भवन्ति ।
અર્થ- નમ્રતાવાળી પ્રવત્તિ અને ગર્વરહિતપણું તે માર્દવનું લક્ષણ છે. મૃદુ શબ્દને ભાવ અથવા કર્મ અર્થમાં **अण्** પ્રત્યયલાગી માર્દવ શબ્દ થયો. એટલે, માનનો નિગ્રહ અર્થાત્ માનનો નાશ. તે અર્થ જાણવો. તેમાં માનના આ આઠ સ્થાનો છે.

भाष्यम्- तद्यथा-जातिः कुलं रूपमैश्वर्यं विज्ञानं श्रुतं लाभो वीर्यमिति ।
અર્થ- તે આ રીતે (૧) જાતિમદ, (૨) કુળમદ, (૩) રૂપમદ, (૪) ઐશ્વર્યમદ, (૫) વિજ્ઞાનમદ (ઔપપાતિકી આદિ બુદ્ધિમદ), (૬) શ્રુતમદ, (૭) લાભમદ અને (૮) વીર્યમદ- એ આઠ મદ છે.

भाष्यम्- एभिर्जात्यादिभिरष्टाभिर्मदस्थानैर्मत्तः परात्मनिन्दाप्रशंसाभिरतस्तीव्राहंकारोपहतमतिरिहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति, उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते, तस्मादेषां मदस्थानानां निग्रहो मार्दवं धर्म इति ॥२॥
અર્થ- આ- જાતિઆદિ આઠ મદસ્થાનો વડે ઉન્મત્ત બનેલો બીજાની નિંદા અને પોતાની પ્રશંસામાં લીન બનેલ, તીવ્ર અંહકારથી મલિનમતિ વાળો આત્મા આ ભવ અને પરભવમાં અશુભફળ (વિપાક) વાળું પાપકર્મ ઉપાર્જન કરે છે. અને ઉપદેશ દેવા છતાં તે કલ્યાણમાર્ગ સ્વીકારતો નથી. તેથી આ મદસ્થાનોનો નિગ્રહ કરવો. (નાશ કરવો.) તે માર્દવધર્મ. ॥૨॥

भाष्यम्- भावविशुद्धिरविसंवादनं चार्जवलक्षणम्, ऋजुभावः ऋजुकर्मवाऽऽर्जवं, भावदोषवर्जन-मित्यर्थः भावदोषयुक्तो ह्युपधिनिकृति संप्रयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते, तस्मादार्जवं धर्म इति ॥३॥
અર્થ- સરળ સ્વભાવી અને અવિસંવાદન (અહિંસક) એ આર્જવનું લક્ષણ છે. ઋજુભાવ કે ઋજુકર્મ તે આર્જવ. એટલે કે 'ભાવદોષ રહિત' એવો અર્થ કરવો. ભાવદોષથી યુક્ત જ માયા-પ્રપંચવાળો (જીવ) આભવ અને પરભના અશુભફળ રૂપ અકુશલ કર્મો બાંધે છે. અને ઉપદેશ દેવા છતાં પણ કલ્યાણને સ્વીકારતો નથી. માટે આર્જવ ધર્મ ॥૩॥

भाष्यम्- अलोभः शौच लक्षणम् । शुचिभावः शुचिकर्म वा शौचम् ॥
અર્થ- લોભ રહિત- તે શૌચધર્મનું લક્ષણ છે. શુચિભાવ કે શુચિકર્મ તે શૌચ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- भावशुद्धिर्निष्कल्मषता । धर्मसाधनमात्रास्वपि अनभिष्वङ्ग इत्यर्थः । अशुचिर्हि भावकल्मष संयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति, उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते । तस्माच्छौचं धर्म इति ॥४॥

અર્થ- ભાવવિશુદ્ધિ એટલે નિર્મલતા. ધર્મસાધન (ઉપકરણ)માં પણ મૂર્ચ્છારહિતપણું. એમ અર્થ જાણવો. ભાવની મલિનતાથી યુક્ત અશુચિ (એટલે કે લોભ) આ ભવ અને પરભવમાં અશુભફળવાળા પાપકર્મોનો સંચય કરનાર છે. ઉપદેશ દેવા છંતા પણ કલ્યાણમાર્ગને સ્વીકારી શકતો નથી. માટે શૌચધર્મ છે.॥૪॥

भाष्यम्- सत्यर्थे भवं वचः सत्यं, सद्भ्यो वा हितं सत्यं, तद् अननृतमपरुषमपिशुनमनसभ्य-मचपलमनाविलमविरलमसंभ्रान्तं मधुरमभिजातमसंदिग्धंस्फुटमौदार्ययुक्तमग्राम्यपदार्थाभिव्याहार-मसीभरमरागद्वेषयुक्तं ।

અર્થ- વિદ્યમાન વસ્તુને આધારે થયેલું વચન તે સત્ય. અથવા સજ્જનોને હિતકારી વચન તે સત્યવચન. અર્થાત્ તે જૂઠ નથી. વળી તે સત્યવચન-અપરુષ (કઠોરતાદિરહિત તથા વિનીતો તરફ માધ્યસ્થ-ભાવાદિ સહિત તે.), અપિશુન (ચાડી-ચુગલી રહિત.), અનસભ્ય (સભ્યતા યુકત), અચપલ (વિચાર્યાવિના ન બોલે), અનાવિલ (કષાયના આવેશ વિનાનું વચન), અવિરલ (કંટાળો ન આવે એવી શ્રોતાને પ્રિયવાણી), અસંભ્રાન્ત (ખૂબ જલ્દી ન બોલવું-સાંભળતા તકલીફ ન થાય તેવું વચન), મધુર (કર્ણપ્રિયવાણી), અભિજાત (વિનયપૂર્વક વચન), અસંદિગ્ધ (શંકા-આકાંક્ષા રહિત વચન), સ્ફુટ (ચોક્કસ-નિશ્ચિત અર્થ સમજાય તેવું વચન), ઔદાર્યયુકત (ઉદ્ધતાઇ વિનાનું, ઉંચા પ્રકારનું વચન) અગ્રામ્યપદાર્થાભિવ્યાહાર (વિદ્વાનોના મનને આનંદ આવે તેવું-ગામડિયા ભાષા રહિતનું વચન), અસીભર (નિંદા અને કંટાળાવગરનું વચન), અરાગદ્વેષ યુક્ત (રાગદ્વેષ વિનાનું વચન તે.) હોય છે. (વળી, તે વચનો કેવા હોય છે તે કહે છે...)

भाष्यम्- सूत्रमार्गानुसारप्रवृत्तार्थमर्थ्यमर्थिजनभावग्रहणसमर्थमात्मपरार्थानुग्राहकं निरुपधं देशकालो-पपन्नमनवद्यमर्हच्छासनप्रशस्तं यतं मितं याचनं प्रच्छनं प्रश्नव्याकरणमिति सत्य धर्मः ॥५॥

અર્થ- (દ્વાદશાંગીઆદિ) સૂત્રોના (ઉત્સર્ગ-અપવાદરૂપ) માર્ગને અનુસરનારૂ વચન, અર્થ્ય (અર્થથી ભરેલું), અર્થિજન ભાવ ગ્રહણ સમર્થ (શ્રોતા હૃદયના ભાવમાં અસરકારક એવું આકર્ષણ રૂપ વચન), આત્મપરાર્થાનુગ્રાહક (સ્વ-પરને અનુગ્રહકારક વચન), નિરૂપધ (માયારહિત વચન), દેશકાલોપપન્ન (દેશકાળને ઉચિતવચન), અર્હચ્છાસન પ્રશસ્ત (અરિહંત શાસનને યોગ્ય પ્રશસ્ત વચન), યત (જયણાવાળું વચન), મિત (અલ્પ, લાંબુલાંબુ નહિ. તેવા વચન), યાચના (અવગ્રહાદિકની વારંવાર યાચનામાં ન શરમાવવારૂપ), પૃચ્છના (શંકાવગેરે પૂછવારૂપ વચન), પ્રશ્નવ્યાકરણ (પ્રશ્નના ઉચિત જવાબરૂપ વચન) (આ રીતના સાધુને ત્રણપ્રકારે વચનનો ઉપયોગ તે સત્યવચન ગણાય.) તે સત્ય ધર્મ ।।૫।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- योगनिग्रहः संयमः, स सप्तदशविधः, तद्यथा–पृथिवीकायिकसंयमः अप्कायिकसंयमः तेजः-कायिकसंयम वायुकायिकसंयमः वनस्पतिकायिकसंयमः द्वीन्द्रियसंयमः त्रीन्द्रियसंयमः चतुरिन्द्रिय-संयमः पञ्चेन्द्रियसंयमः ।

અર્થ- યોગનો નિગ્રહ (શાસ્ત્રોક્ત વિધિવડે યોગઉપર કાબૂ) એ સંયમ છે. તે સંયમ સત્તર પ્રકારે છે. (૧) પૃથ્વીકાયિક સંયમ, (૨) અપ્કાયિક સંયમ, (૩) તેઉકાયિક સંયમ, (૪) વાઉકાયિક સંયમ, (૫) વનસ્પતિકાયિક સંયમ, (૬) બેઈન્દ્રિય સંયમ, (૭) તેઈન્દ્રિય સંયમ, (૮) ચઉરિન્દ્રિય સંયમ, (૯) પંચેન્દ્રિય સંયમ (આ સર્વજીવોની કિલામણા, પરિતાપના વગેરેથી બચવું તે સંયમ.)

भाष्यम्- प्रेक्ष्यसंयमः उपेक्ष्यसंयमः उपहृत्यसंयमः प्रमृज्यसंयमः कायसंयमः वाक्संयमः मनःसंयमः उपकरणसंयम इति संयमो धर्मः ॥६॥

અર્થ- (૧૦) પ્રેક્ષ્યસંયમ (જોઈ, તપાસી-પ્રતિલેખના કરીને ક્રિયા કરવી તે.) (૧૧) ઉપેક્ષાસંયમ (સાધુએ સ્વક્રિયામાં દત્તચિત્ત રહેવું અને શ્રાવકોએ સાવદ્યકાર્યમાં ઉદાસીન રહેવું તે.) (૧૨) અપહૃત્યસંયમ. (બીન જરૂરી અને ચારિત્રને લાભ ન કરનાર વસ્ત્રપાત્ર વગેરેનો ત્યાગ તે.) (૧૩) પ્રમૃજ્યસંયમ (દરેક પ્રવૃતિમાં પ્રમાર્જન વિધિ-સાચવવી) (૧૪) કાયસંયમ (દોડવા વગેરેનો ત્યાગ, શુભક્રિયામાં વૃતિ તે.) (૧૫) વાક્સંયમ (હિંસા તથા નિન્દ્યવચનો વગેરેનો ત્યાગ અને શુભભાષામાં પ્રવૃત્તિ તે.) (૧૬) મન:સંયમ (અભિમાન, ઈર્ષ્યાદિનો ત્યાગ અને ધર્મ-ધ્યાનમાં પ્રવૃત્તિ તે.) (૧૭) ઉપકરણસંયમ (કાળની અપેક્ષાએ અજીવપદાર્થરૂપે રત્નત્રયીના ઉપકરણ સમ્બન્ધિ સંયમ તે.) આ (સત્તર) સંયમ ધર્મ છે. ॥૬॥

भाष्यम्- तपो द्विविधं, तत्परस्ताद्वक्ष्यते, प्रकीर्णकं चेदमनेकविधम् ।

અર્થ- તપધર્મ બે પ્રકારે છે. તે આગળ (અ. ૯- સૂ. ૧૯- ૨૦ માં) કહેવાશે. છૂટા છૂટા તો તપના અનેક ભેદો થાય છે.

भाष्यम्- तद्यथा-यववज्रमध्ये चन्द्रप्रतिमे द्वे, कनकरत्नमुक्तावल्यस्तिस्रः, सिंहविक्रीडिते द्वे सप्तसप्त-मिकाद्यः प्रतिमाश्चतस्रः, भद्रोत्तरमाचाम्लवर्धमानं सर्वतोभद्रमित्येवमादि, तथा द्वादश भिक्षुप्रतिमाः-मासिक्याद्याः आ सप्तमासिक्यः सप्त, सप्तचतुर्दशैकविंशति रात्रिक्यः तिस्रः आहोरात्रिकी रात्रिकी चेति ॥७॥

અર્થ- તે આ રીતે, (૧) યવમધ્ય ચન્દ્રપ્રતિમા, (૨) વજ્રમધ્ય ચન્દ્રપ્રતિમા, (૩) કનકાવલી, (૪) રત્નાવલી, (૫) મુક્તાવલી, (૬-૭) (ક્ષુલ્લક સિંહ-વિક્રીડિત, મહા સિંહવિક્રીડિત એમ) બે સિંહવિક્રીડિત, (૮) સપ્તસપ્તમિકાપ્રતિમા, (૯) અષ્ટઅષ્ટમિકાપ્રતિમા, (૧૦) નવનવમિકાપ્રતિમા, (૧૧) દશદશમિકાપ્રતિમા, (૧૨) ભદ્રોત્તર, (૧૩) આચામ્લવર્ધમાન, (૧૪) સર્વતોભદ્ર, (૧૫) મહાસર્વતોભદ્ર, (૧૬) થી (૨૭) બારભિક્ષુપ્રતિમા જેમાં ૧ માસથી માંડીને ૭ માસ સુધીની ૧ થી ૭ પ્રતિમા (૮ મી) સાતરાતની, (૯ મી) ચૌદરાતની (૧૦ મી) એકવીસ રાતની (૧૧ મી) અહોરાત્રીની અને (૧૨ મી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકરાત્રીની. આ પ્રમાણે તપધર્મ છે. ॥૭॥

भाष्यम्- बाह्याभ्यन्तरोपधिशरीरान्नपानाद्याश्रयो भावदोषपरित्यागस्त्यागः ॥८॥
અર્થ- બાહ્ય-અભ્યન્તર ઉપધિ, શરીર અને અન્નપાનાદિના આશ્રયવાળા ભાવદોષો (મૂર્ચ્છાદિ) નો ત્યાગ તે ત્યાગ-ધર્મ છે. ॥૮॥

भाष्यम्- शरीरधर्मोपकरणादिषुनिर्ममत्वमाकिञ्चन्यम् ॥९॥
અર્થ- શરીર, ધર્મોપકરણ આદિમાં મમત્વ રહિતપણું તે આકિંચન્ય ધર્મ છે. ॥૯॥

भाष्यम्- व्रतपरिपालनायज्ञानाभिवृद्धये कषायपरिपाकाय च गुरुकुलवासो ब्रह्मचर्यम् ।
અર્થ- વ્રતોના પાલનમાટે, જ્ઞાનની વૃદ્ધિમાટે અને કષાયના પરિપાક (ક્રોધાદિના નાશ) માટે ગુરુકુળ વાસનું સેવન તે બ્રહ્મચર્ય.

भाष्यम्- अस्वातंत्र्य गुर्वधीनत्वं गुरुनिर्देशस्थायित्वमित्यर्थं, च पञ्चाचार्याः प्रोक्ताः प्रव्राजको दिगाचार्यः श्रुतोद्देष्टा श्रुतसमुद्देष्टा आम्नायार्थवाचक इति ।
અર્થ- (એટલે કે,) અસ્વાતંત્ર્ય, ગુરુઆધિનપણું અને ગુરુનિર્દેશાનુસાર રહેવાપણું એવો અર્થ જાણવો. અને.. તેના (ગુરુકુળવાસના શિષ્યો) માટે પાંચ આચાર્યો કહ્યા છે. (૧) પ્રવ્રાજક આચાર્ય (સામાયિકવ્રતાદિ આરોપણ કરાવનારા.) (૨) દિગાચાર્ય (સચિત્તાદિ વસ્તુઓ સમજાવનાર.) (૩) શ્રુતોદ્દેષ્ટા (શાસ્ત્રના મૂળ પાઠ ભણાવનાર.) (૪) શ્રુતસમુપદેષ્ટા (શ્રુતને ધીમે ધીમે સમજ પડે તે રીતે ભણાવનાર.) અને (૫) આમ્નાયાર્થવાચક (ઉત્સર્ગ- અપવાદ સમજાવનાર.)

भाष्यम्- तस्य ब्रह्मचर्यस्येमे विशेषगुणा भवन्ति-अब्रह्मविरतिव्रतभावना यथोक्ता इष्टस्पर्शरसरूप-गन्धशब्दविभूषानभिनन्दित्वं चेति ॥१०॥६॥
અર્થ- તે બ્રહ્મચર્યના આ વિશેષગુણો છે. (જેમ કે) અબ્રહ્મથી અટકવારૂપ વ્રતની એટલે બ્રહ્મચર્યવ્રતની યથોક્ત ભાવના (નું સ્મરણ થાય) અને મનોહર સ્પર્શ-રસ-ગન્ધ- ટાપટીપમાં અનભિનંદિપણું (અનાસક્તપણું) આવે. ॥૧૦॥૬॥

## सूत्रम्- अनित्याऽशरणसंसारैकत्वाऽन्यत्वाऽशुचित्वाऽऽस्रवसंवरनिर्जरा लोकबोधिदुर्लभ-धर्म स्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः ॥९-७॥

અર્થ- અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મના સ્વાખ્યાતત્ત્વનું જે અનુચિન્તન તે અનુપ્રેક્ષા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- एता द्वादशानुप्रेक्षाः, तत्र बाह्याभ्यन्तराणि शरीरशय्याऽऽसनवस्त्रादीनि द्रव्याणि सर्वसंयोगाश्चानित्या इत्यनुचिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतः तेष्वभिष्वङ्गो न भवति, मा भून्मे तद्वियोगजं दुःखमित्यनित्यानुप्रेक्षा ॥१॥

અર્થ- આ બાર અનુપ્રેક્ષા છે. તેમાં (અનિત્યભાવના) બાહ્ય-અભ્યન્તરશરીર, શય્યા, આસન, વસ્ત્રો આદિ દ્રવ્યો અને સર્વસંયોગો અનિત્ય છે. એ પ્રમાણે ચિન્તન કરવું. ખરેખર ! એ પ્રમાણે ચિન્તન કરતા (તે પદાર્થો ઉપર) સ્નેહ (મમતા-આસક્તિ) થતી નથી. (અને વળી) તે (સંયોગ) ના વિયોગથી ઉત્પન્ન થયેલું દુ:ખ મને ન થાઓ. (એમ વિચારવું) તે અનિત્ય અનુપ્રેક્ષા ॥૧॥

भाष्यम्- यथा निराश्रये जनविरहिंते वनस्थलीपृष्ठे बलवता क्षुत्परिगतेनाऽऽमिषैषिणा सिंहेनाभ्याहतस्य मृगशिशोः शरणं न विद्यते, एवं जन्मजरामरणव्याधिप्रियविप्रयोगाप्रियसंप्रयोगेप्सितालाभदारिद्यदौर्भाग्यदौर्मनस्यमरणादिसमुत्थेन दुःखेनाभ्याहतस्य जन्तोः संसारे शरणं न विद्यत इति चिन्तयेत्।

અર્થ- 'નિરાશ્રય (રક્ષણ વિનાના) સ્થાનમાં અને નિર્જનએવા જંગલમાં બળવાન એવા ભૂખ્યા અને માંસની ઈચ્છાવાળા સિંહથી હણાયેલા હરણના બચ્ચાને કોઈ શરણ નથી હોતું. તેમ જન્મ-જરા-મરણ-વ્યાધિ-ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ-ઈચ્છિતની અપ્રાપ્તિ-દરિદ્રતા-દુર્ભાગ્ય-કલુષિતમન તથા મરણાદિથી ઉત્પન્ન થયેલા એવા દુ:ખોથી રીબાતા જંતુને સંસારમાં કોઈ શરણરૂપ નથી' એમ ભાવના ભાવવી.

भाष्यम्- एवं ह्यस्य चिन्तयतो नित्यमशरणोऽस्मीति नित्योद्विग्नस्य सांसारिकेषु भावेष्वनभिष्वङ्गो भवति, अर्हच्छासनोक्त एव विधौ घटते, तद्धि परं शरणमित्यशरणानुप्रेक्षा ॥२॥

અર્થ- એ પ્રમાણે ચિન્તવન કરતા અને 'હું કાયમને માટે અશરણ છું'. એ પ્રમાણે વિચારવાથી નિત્ય ઉદ્વિગ્નમનવાળા બનેલા આ જીવને સાંસારિક ભાવોમાં આસક્તિ થતી નથી. (અને) અરિહંત ભગવાન ઉક્ત જ વિધિમાં (=ચારિત્રમાં) પ્રવર્તે છે. કારણકે તે જ પરમશરણરૂપ છે. તે શરણઅનુપ્રેક્ષા. ॥૨॥

भाष्यम्- अनादौ संसारे नरकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु चक्रवत्परिवर्तमानस्य जन्तोः सर्व एव जन्तवः स्वजनाः परजना वा।

અર્થ- અનાદિ સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવભવના ગ્રહણ કરવામાં ચક્રની જેમ પરિભ્રમણ કરતા જીવને બધા જ જીવો સ્વજન કે પરજન થતાં હોય છે.

भाष्यम्- न हि स्वजनपरजनयोर्व्यवस्था विद्यते, माता हि भूत्वा भगिनी भार्या दुहिता च भवति, भगिनी भूत्वा माता भार्या दुहिता च भवति, भार्या भूत्वा भगिनी दुहिता माता च भवति, दुहिता भूत्वा माता भगिनी भार्या च भवति, तथा पिता भूत्वा भ्राता पुत्रः पौत्रश्च भवति, भ्राता भूत्वा पिता पुत्रः पौत्रश्च भवति, पुत्रो भूत्वा पिता भ्राता पौत्रश्च भवति, पौत्रो भूत्वा पिता भ्राता पुत्रश्च

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भवति, भर्ता भूत्वा दासो भवति, दासो भूत्वा भर्ता भवति, मित्रं भूत्वा शत्रुर्भवति, शत्रुर्भूत्वा मित्रं भवति, पुमान् भूत्वा स्त्री भवति नपुंसकं च, स्त्री भूत्वा पुमान्नपुंसकं च भवति, नपुंसकं भूत्वा स्त्री पुमांश्च भवति, इति ।

અર્થ- ખરેખર તો સ્વજન-પરજનની વ્યવસ્થા (ઘટતી) જ નથી. કેમકે, માતા થઈને (જન્માંતરમાં) બહેન, પત્ની કે પુત્રી થાય છે. બહેન થઈને (મટીને) માતા, સ્ત્રી કે પુત્રી થાય છે. પત્ની થઈને બહેન, પુત્રી કે માતા થાય છે. પુત્રી થઈને માતા, બહેન કે પત્ની થાય છે. તે રીતે, પિતા થઈને ભાઈ, પુત્ર કે પૌત્ર થાય છે. ભાઈ થઈને પિતા, પુત્ર કે પૌત્ર થાય છે, પુત્ર થઈને પિતા, ભાઈ કે પૌત્ર થાય છે. પૌત્ર થઈને પિતા, ભાઈ કે પુત્ર થાય છે. શેઠ થઈને દાસ બને છે. દાસ થઈને શેઠ બને છે. મિત્ર થઈને શત્રુ બને છે. શુત્ર થઈને મિત્ર બને છે. પુરુષ થઈને સ્ત્રી બને છે અને નપુંસક પણ બને છે. સ્ત્રી થઈને પુરુષ કે નપુંસક પણ બને છે. નપુંસક થઈને સ્ત્રી કે પુરુષ પણ બને છે. (થાય છે.)

भाष्यम्- एवं चतुरशीतियोनिप्रमुखशतसहस्रेषु रागद्वेषमोहाभिभूतैर्जन्तुभिरनिवृत्तविषयतृष्णैरन्योऽन्य भक्षणाभिघातवधबन्धाभियोगाक्रोशादिजनितानि तीव्राणि दुःखानि प्राप्यन्ते, अहो द्वन्द्वारामः कष्टस्वभावः संसार इति चिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतः संसारभयोद्विग्नस्य निर्वेदो भवति, निर्विण्णश्च संसारप्रहाणाय घटत इति संसारानुप्रेक्षा ॥३॥

અર્થ- એ પ્રમાણે ચોર્યાશી લાખ યોનિમાં ભ્રમણ કરતાં રાગ, દ્વેષ, મોહથી વશ થયેલા તેમજ વિષયરૂપ તૃષ્ણાથી ઘેરાયેલા જીવો વડે પરસ્પર ભક્ષણ, વધ, બન્ધન, અભિશાપ, આક્રોશ ઈત્યાદિથી ઉત્પન્ન થતાં દુઃખ પ્રાપ્ત કરાય છે. અહો ! દ્વન્દ્વારામ-એટલે દ્વન્દ્વોના ઉદ્યાનરૂપ કષ્ટ આપવાના સ્વભાવવાળો આ સંસાર...! આ પ્રમાણે વિચારવું. ખરેખર ! એ પ્રમાણે ચિન્તન કરતા સંસારના ભયથી ઉદ્વિગ્ન બનેલાને નિર્વેદ થાય છે અને નિર્વેદ પામેલો જીવ સંસારના નાશ માટે પ્રયત્ન કરે છે (ઘટતું કરે છે.) તે સંસારાનુપ્રેક્ષા. (અર્થાત્ સંસારભાવના.) ॥૩॥

भाष्यम्- एक एवाहं, न मे कश्चित् स्वः परो वा विद्यते, एक एवाहं जाये, एक एव म्रिये ।

અર્થ- 'હું એકલો જ છું, મારે કોઈ સ્વજન કે પરજન નથી, હું એકલો જ જન્મયો છું (અને) એકલો જ મરીશ.

भाष्यम्- न मे कश्चित्स्वजनसंज्ञः परजनसंज्ञो वा व्याधिजरामरणादीनि दुःखान्यपहरति प्रत्यंशहारी वा भवति, एक एवाहं स्वकृतकर्मफलमनुभवामीति चिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतः स्वजनसंज्ञकेषु स्नेहानुरागप्रतिबन्धो न भवति, परसंज्ञकेषु च द्वेषानुबन्धः, ततो निःसङ्गतामभ्युपगतो मोक्षायैव यतत इत्येकत्वानुप्रेक्षा ॥४॥

અર્થ- 'મારો કોઈ પણ સ્વજન કે પરજન વ્યક્તિ (મારા) વ્યાધિ, જરા, મરણ આદિ દુઃખો લઈ જઈ શકતો નથી કે ભાગ પણ પડાવી શકતો નથી. હું એકલો જ સ્વકૃતકર્મફલને ભોગવું છું'- એમ ચિન્તવવું. એ રીતે ચિન્તવતા આ (જીવ) ને સ્વજન વ્યક્તિ ઉપર સ્નેહ-અનુરાગ નહિ થાય અને પરજનસંજ્ઞક ઉપર દ્વેષનો અનુબંધ નહિ થાય. તેથી નિઃસંગપણું પામેલો (તે) મોક્ષ માટે જ પ્રયત્નો કરે છે. આ એકત્વાનુપ્રેક્ષા. ॥૪॥

भाष्यम्- शरीरव्यतिरेकेणात्मानमनुचिन्तयेत्, अन्यच्छरीरमन्योऽहम्, ऐन्द्रियकं शरीरमतीन्द्रियोऽहम्।
અર્થ- શરીરથી ભિન્ન સ્વરૂપે આત્માની વિચારણા કરવી 'શરીર જુદું છે-હું જુદો છુ., શરીર ઈન્દ્રિયગ્રાહ્ય છે. હું ઈન્દ્રિયતીત છુ. (આત્મા-ઈન્દ્રિયગ્રાહ્ય નથી.)

भाष्यम्- अनित्यं शरीरं नित्योऽहम्, अज्ञ शरीरं ज्ञोऽहम्, आद्यन्तवच्छरीरमनाद्यन्तोऽहम्, बहूनि च मे शरीरशतसहस्राण्यतीतानि संसारे परिभ्रमतः स एवायमहमन्यस्तेभ्य इत्यनुचिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतः शरीरप्रतिबन्धो न भवतीति, अन्यच्च शरीरान्नित्योऽहमिति श्रेयसे घटत इत्यन्यत्वानुप्रेक्षा ॥५॥
અર્થ- શરીર અનિત્ય છે- હું નિત્ય છું, શરીર જડ છે- હું ચેતન (જ્ઞાનવાન્) છું, શરીર આદિ અને અન્તવાળું છે- હું અનાદિ અનંત છું. સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવને ઘણાં લાખો શરીરો ભોગવાઈ ગયા. (ચાલ્યા ગયા.) (પરંતુ) તેઓથી (શરીરોથી) ભિન્ન (એવો) હું (તેનો) તે જ છું'. એમ ચિન્તવન કરવું જોઈએ. એ પ્રમાણે ચિન્તવન કરતા આ જીવને શરીર સંબંધી રાગ (ચિન્તાનો વિષય) થતો નથી. વળી 'શરીરથી ભિન્ન હું નિત્ય છું.' એમ (વિચારવાથી) મોક્ષ માટે પ્રવૃતિ થાય છે. એ અન્યત્વાનુપ્રેક્ષા. ॥૫॥

भाष्यम्- अशुचि खल्विदं शरीरमिति चिन्तयेत्, तत्कथमशुचीति चेद् आद्युत्तरकारणाशुचित्वाद् अशुचिभाजनत्वाद् अशुच्युद्भवत्वाद् अशुभपरिणामपाकानुबन्धाद् अशक्यप्रतीकारत्वाच्चेति ।
અર્થ- 'આ શરીર નિશ્ચે અપવિત્ર છે' એમ વિચારવું. તે અપવિત્ર શી રીતે એમ પૂછતાં હો તો... (જવાબ) શરીરના આદિકારણ અને ઉત્તરકારણો અપવિત્ર હોવાથી, અશુચિનુ પાત્ર હોવાથી, અશુચિમાંથી ઉત્પન્ન થયું હોવાથી, અશુભપરિણામવાળા પરિપાકની પરમ્પરા ચલાવનારૂં હોવાથી અને તે અપવિત્રતાનો પ્રતીકાર અશકય હોવાથી (શરીર અપવિત્ર છે.)

भाष्यम्- तत्राद्युत्तरकारणाशुचित्वात् तावत् शरीरस्याद्यं कारणं शुक्रं शोणितं च, तदुभयमत्यन्ताशुचीति, उत्तरमाहारपरिणामादि ।
અર્થ- તેમાં આદિ અને ઉત્તરકારણ અપવિત્ર હોવાથી એટલે, શરીરનું આદ્ય કારણ જે શુક્ર અને શોણિત-તે બંને અત્યન્ત અપવિત્ર છે અને ઉત્તરકારણ જે આહાર પરિણામાદિ...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तद्यथा-कवलाहारो हि ग्रस्तमात्र एव श्लेष्माशयं प्राप्य श्लेष्मणा द्रवीकृतोऽत्यन्ताशुचिर्भवति, ततः पित्ताशयं प्राप्य पच्यमानोऽम्लीकृतोऽशुचिरेव भवति, पक्को वाय्वाशयं प्राप्य वायुना विभज्यते-पृथक्खलः पृथग्रसः, खलात् मूत्रपुरीषादयो मलाः प्रादुर्भवन्ति, रसाच्छोणितं परिणमति, शोणितान्मांसं, मांसान्मेदः, मेदसोऽस्थीनि, अस्थिभ्यो मज्जा, मज्जाभ्यां शुक्रमिति, सर्वं चैतत् श्लेष्मादि शुक्रान्तमशुचि भवति, तस्मादाद्युत्तरकारण अशुचित्वादशुचि शरीरमिति ।

અર્થ- તે આ રીતે, કવળ આહાર (ખોરાક) કોળીયો કરાયો છતો જ તે (ખોરાક) કફ સ્થાનને પ્રાપ્ત કરી કફવડે દ્રવીભૂત બનેલ અત્યન્ત અશુચિરૂપ બને છે. ત્યાંથી પિત્તાશય (જઠરાગ્નિમાં જાય છે. ત્યાં જઠરાગ્નિ) ને પ્રાપ્ત કરી પચાવતો (તે ખોરાક) મલરૂપ અશુચિરૂપ તૈયાર થાય છે. તે પાકેલો આહાર વાય્વાશયમાં (આંતરડામાં) જઈ વાયુ વડે તેના વિભાગો પડે છે. મળ જૂદો પડે છે, રસ જૂદો પડે છે. મળમાંથી પેશાબ, ઝાડો આદિ મળો ઉદ્દ્ભવે છે. અને રસમાંથી લોહીરૂપે પરિણામ પામે છે. લોહીમાંથી માંસ, માંસમાંથી ચરબી, ચરબીમાંથી હાડકા, હાડકામાંથી મજ્જા, મજ્જામાંથી-વીર્ય. એ પ્રમાણે આ કફથી માંડીને વીર્યસુધીના બધાજ (કારણો) અશુચિરૂપ છે. તેથી પ્રથમના અને પછીનાં કારણો અશુચિરૂપ હોવાથી શરીર અશુચિ (અપવિત્ર-ગંદુ) છે.

भाष्यम्- किञ्चान्यत्-अशुचिभाजनत्वात् अशुचीनां खल्वपि भाजनं शरीरं कर्ण-नासाऽक्षि-दन्त-मल-स्वेद-श्लेष्म-पित्त-मूत्र-पुरीषादीनामवस्करभूतं तस्मादशुचीति ॥ किञ्चान्यत्-अशुच्युद्भवत्वात् एषामेव कर्णमलादीनामुद्भवः शरीरं त एत उद्भवन्तीति । अशुचौ च गर्भे सम्भवतीत्यशुचि शरीरम् ॥ किञ्चान्यत्- अशुभ परिणामपाकानुबन्धादार्तवे बिन्दोराधानात् प्रभृति खल्वपि शरीरं कलला-ऽर्बुदपेशी घनव्यूह-सम्पूर्णगर्भ-कौमार-यौवन-स्थविरभावजनकेनाशुभपरिणामपाकेनानुबद्धं दुर्गन्धि पूतिस्वभावं दुरन्तं तस्मादशुचि ॥

અર્થ- વળી, (શરીર એ) અશુચિનું ભાજન હોવાથી.. એટલે કે, ગંદકીના પાત્રરૂપ શરીર એ કાન, નાક, આંખ, દાંતમાંથી મળ, પરસેવો, કફ, પિત્ત, પેશાબ, ઝાડો આદિના ઉત્પત્તિ-સ્થાનરૂપ (ઉકરડા જેવું) છે. તેથી શરીર અપવિત્ર છે. વળી, શરીર એ અશુચિમાંથી ઉદ્દ્ભવતું હોવાથી... એટલે કે, આ કાનમેલ વગેરેનું ઉદ્દ્ભવસ્થાન શરીર એ (પોતે) ગંદકીમાંથી ઉત્પન્ન થાય છે. અથવા તો ગંદકીરૂપ ઉદરની મધ્યમાં (આ) શરીર ઉત્પન્ન થાય છે. માટે અશુચિરૂપ છે. વળી, અશુભ પરિણામવાળા પરિપાકના અનુબંધથી (માતાના) આવર્તમાં વીર્યનું બિંદુ સ્થાપિત થવાથી આરંભી ઓર, માંસપેશી, પિંડરચના, સંપૂર્ણગર્ભ, કુમારપણું, યુવાપણું અને વૃદ્ધ ભાવને ઉત્પન્ન કરનાર હોવાથી અશુભ પરિણામવાળા પરિપાકથી સતત સંબન્ધવાળું દુર્ગન્ધિ, બદબો ફેલાવવાવાળું અને દુષ્ટ અંતવાળું છે. તેથી (શરીર) અપવિત્ર છે.

किंचान्यत्-अशक्यप्रतीकारत्वात् अशक्यप्रतीकारं खल्वपि शरीस्याशुचित्वम्, उद्वर्तनरूक्षणस्नानानुलेपनधूपप्रघर्षवासयुक्तिमाल्यादिभिरप्यस्य न शक्यमशुचित्वमपनेतुम् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- વળી, અપવિત્રતાનો પ્રતીકાર અશક્ય હોવાથી...એટલેકે, ખરેખર ! શરીરનું અશુચિપણું દૂર કરવું અશક્ય છે. ઉદ્વર્તન (શરીરને સાફ કરનાર પદાર્થથી સાફ કરવું, પીઠી ચોળવી), રક્ષણ (સ્નેહવિનાનું કરવું), સ્નાન, વિલેપન, વિશિષ્ટ સુગંધી દ્રવ્યના સમુહથી શરીર ઘસવું, સુગંધીચૂર્ણ અને પુષ્પવગેરેથી પણ આ શરીરનું અશુચિપણું દૂર કરવું શક્ય નથી.

भाष्यम्- अशुच्यात्मकत्वात् शुच्युपघातकत्वाच्चेति, तस्मादशुचि शरीरमिति, एवं ह्यस्य चिन्तयतः शरीरे निर्वेदो भवति, निर्विण्णश्च शरीरप्रहाणाय घटत इति अशुचित्वानुप्रेक्षा ॥६॥
અર્થ- શરીર અશુચિરૂપ હોવાથી અને શુચિનો (પવિત્રતાનો) પણ નાશ કરનારું (અર્થાત્ અપવિત્ર કરનારું) હોવાથી શરીર (સ્વયં) અપવિત્ર છે. ખરેખર ! એમ વિચારવાથી શરીર ઉપર કંટાળો ઉત્પન્ન થાય છે. અને નિર્વેદ પામેલા (જીવ) શરીરના નાશ માટે (એટલે જન્મના નાશ માટે) પ્રયત્નો કરે છે. તે અશુચિત્વ અનુપ્રેક્ષા. ॥૬॥

भाष्यम्- आस्रवान् इहामुत्रापाययुक्तान् महानदीस्रोतोवेगतीक्ष्णान् अकुशलागमकुशलनिर्गमद्वारभूतान् इन्द्रियादीन् अवद्यतश्चिन्तयेत् ।
અર્થ- મહાનદીના વેગીલા પ્રવાહ જેવા તીક્ષ્ણ આ ભવ અને પરભવમાં પીડાથી યુક્ત આશ્રવોરૂપ ઈન્દ્રિયોને અકુશલ (પાપ-કર્મબંધ)ના પ્રવેશદ્વારરૂપ અને કુશલ (પુણ્ય) ના નિર્ગમનદ્વારરૂપ નિંદનીય ગણવી. (અર્થાત્ નિંદનીય-તરીકે વિચારવું.)

भाष्यम्- तद्यथा स्पर्शनेन्द्रियप्रसक्तचित्तः सिद्धोऽनेकविद्याबलसम्पन्नो ऽप्याकाशगोऽष्टाङ्गमहानिमित्त-पारगो गार्ग्यः सत्यकिर्निधनमाजगाम, तथा प्रभूत यवसोदकप्रमाथावगाहादिगुणसंपन्नविचारिणश्च मदोत्कटा बलवन्तो हस्तिनो हस्तिबन्धकीषु स्पर्शनेन्द्रियसक्तचित्ता ग्रहणमुपगच्छन्ति, ततो बन्धवधदमन(वाहन)निहननाङ्कुशपार्ष्णिप्रतोदाभिघातादिजनितानि तीव्राणि दुःखान्यनुभवन्ति, नित्यमेवं स्वयूथस्य स्वच्छन्दप्रचारसुखस्य वनवासस्यानुस्मरन्ति, तथा मैथुनसुखप्रसङ्गाद् आहितगर्भाऽश्वतरी प्रसवकाले प्रसवितुमशक्नुवती तीव्रदुःखाभिहताऽवशा मरणमभ्युपैति, एवं सर्व एव स्पर्शनेन्द्रियप्रसक्ता इहामुत्र च विनिपातमृच्छन्तीति।
અર્થ- તે આ રીતે, અનેક વિદ્યાબળથી યુક્ત, અકાશગામી, અષ્ટાંગનિમિત્તમાં પારંગત એવો ગર્ગનો વંશજ સત્યકી (નામનો) સ્પર્શનેન્દ્રિયમાં આસક્તચિત્તવાળો નાશ પામ્યો. તથા ઘાસનાં ભંજન, મર્દન અને ભક્ષણવાળા અને પાણીમાં અવગાહન કરવું આદિ ગુણ યુક્ત (વન) માં ફરનારા, મદોન્મત્ત બળવન્ત હાથીઓ સ્પર્શનેન્દ્રિયમાં આસક્ત ચિત્તવાળા થયા છતાં મનુષ્યો દ્વારા પકડાય છે. પકડાવવાથી બન્ધ, વધ, દમન, અકુંશઘાત, ચાબુક, દોરડાનો ઘાત ઈત્યાદિથી જનિત તીવ્ર દુ:ખો અનુભવે છે. હંમેશા સ્વેચ્છાચારી વનવાસના સુખનું સ્મરણ કર્યા કરે છે. તથા મૈથુનસુખના પ્રસંગથી ગર્ભધારણ કરેલ ખચ્ચરી પ્રસવ અવસરે પ્રસવમાટે અસમર્થબની તીવ્રદુ:ખથી હણાયેલી પરવશતાવાળી મરણને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરણ થાય છે. એ રીતે બધા જ સ્પર્શનેન્દ્રિયમાં આસક્ત આભવ અને પરભવમાં વિનાશને જ પામે છે.

भाष्यम्- तथा जिह्वेन्द्रियप्रसक्ता मृतहस्तिशरीरस्थस्रोतोवेगोढवायसवत् हैमनघृतकुम्भप्रविष्टमूषिकवत् गोष्ठप्रसक्तह्रदवासिकूर्मवत् मांसपेसीलुब्धश्येनवत् बडिशामिषगृद्धमत्स्यवच्चेति । तथा घ्राणेन्द्रियप्रसक्ता औषधिगन्धलुब्धपन्नगवत् पललगन्धानुसारिमुषकवच्चेति । तथा चक्षुरिन्द्रियप्रसक्ताः स्त्रीदर्शनप्रसङ्गाद् अर्जुनकचौरवत् दीपालोकनलोलपतङ्गवद्विनिपातमृच्छन्तीति चिन्तयेत् । तथा श्रोत्रेन्द्रियप्रसक्तास्तित्तिरिकपोतकपिञ्जलवत् गीतसंगीतध्वनिलोलमृगवद्विनिपातमृच्छन्तीति चिन्तयेत्, एवं हि चिन्तयन्नास्रवनिरोधाय घटत इति आस्रवानुप्रेक्षा ॥७॥

અર્થ- તથા જિહ્વેન્દ્રિયમાં આસક્ત (જીવ) મૃતહસ્તિના દેહમાં રહેલ પ્રવાહના વેગથી વહનકરાયેલ કાગડાની જેમ, શીતકાલ સંબંધી ઘીના કુમ્ભમાં પ્રવેશેલા ઉંદરની જેમ, ગાયના વાડામાં પેસી ગયેલા સરોવરવાસી કાચબાની જેમ, માંસની પેશીમાં લલચયેલા બાજપંખીની જેમ, બડિશ (માછલાં પકડવાનું યંત્ર) માં આવેલ માંસમાં આસક્ત માછલીની જેમ (દુઃખી થાય છે, મરણ પામે છે.)

તથા ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત (જીવ) ઔષધિની ગન્ધમાં લુબ્ધસર્પવત્ (સુગંધ થી સર્પ પકડાય છે), માંસની ગંધ ને અનુસરનાર ઉંદરની જેમ (મોતને શરણ થાય છે.)

તથા ચક્ષુરિન્દ્રિયમાં આસક્ત (જીવ) 'સ્ત્રીદર્શન પ્રસંગથી અર્જુનકચોરની માફક, દીપકને જોવામાં લોલુપ પતંગીયાની માફક મોત પામે છે.' એમ વિચારવું.

તથા શ્રોતેન્દ્રિયમાં આસક્ત (જીવો) તેતર, પારેવા, ચાતકપક્ષીની જેમ તમેજ ગીત અને સંગીતના ધ્વનીમાં આસક્ત હરણની પેઠે મોત પામે છે. એમ વિચારવું.

એ પ્રમાણે ચિન્તવન કરતો (જીવ) આશ્રવના નિરોધમાટે પ્રયત્ન કરે છે. એ પ્રમાણે આશ્રવભાવના. ॥૭॥

भाष्यम्- संवराश्च महाव्रतादीन् गुप्त्यादिपरिपालनाद्गुणतश्चिन्तयेत्, सर्वे ह्येते यथोक्तास्रवदोषाः संवृत्तात्मनो न भवन्तीति चिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतो मतिः संवरायैव घटत इति संवरानुप्रेक्षा॥८॥

અર્થ- સંવર અનુપ્રેક્ષા-મહાવ્રતાદિનું ગુપ્તિ આદિના પરિપાલન દ્વારા ગુણથી ચિન્તવન કરવું (મહાવ્રત વગેરેના ગુપ્તિ સમિતિના પાલન સાથે ગુણ ચિન્તવન પણ...) 'જે જે આસ્રવના દોષો દર્શાવ્યા તે બધા જ સંવર પામેલ (દોષોથી અટકી ગયેલ) આત્માને હોતા નથી' એમ વિચારવું. એમ વિચારતાં બુદ્ધિ સંવરમાટે જ પ્રયત્નો કરશે. તે સંવરાનુપ્રેક્ષા. ॥૮॥

भाष्यम्- निर्जरावेदना विपाक इत्यनर्थान्तरम् ॥

અર્થ- નિર્જરા, વેદના, વિપાક તે એકાર્થવાચી છે.

भाष्यम्- स द्विविधः-अबुद्धिपूर्वः कुशलमूलश्च, तत्र नरकादिषु कर्मफलविपाकोऽबुद्धिपूर्वकः तमवद्यतोऽनुचिन्तयेदकुशलानुबन्ध इति ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- તે (નિર્જરા) બે પ્રકારે છે. (૧) અબુદ્ધિપૂર્વક (અકામ) નિર્જરા અને (૨) કુશળમૂલ (સકામ) નિર્જરા. તેમાં નરકાદિમાં કર્મના ફળનો વિપાક બુદ્ધિપૂર્વક નથી. (તેથી) તે (વિપાક) ને પાપરૂપ વિચારવો જોઈએ (એ) અકુશલાનુબંધ છે.

भाष्यम्- तपःपरीषहजयकृतः कुशलमूलः, तं गुणतोऽनुचिन्तयेत्, शुभानुबन्धो निरनुबन्धो वेति, एवमनुचिन्तयन् कर्मनिर्जरणायैव घटत इति निर्जरानुप्रेक्षा ॥९॥
અર્થ- તપ તેમજ પરીષહના જય વડે કરાયેલ (વિપાક = નિર્જરા) કુશલમૂલ (સકામ નિર્જરા) છે. તે (કુશલમૂલ = સકામનિર્જરા વિપાક) ને ગુણરૂપે વિચારવો કે (તે) પુણ્યાનુબંધી છે અથવા નિરનુબંધી છે. (એટલે કે દેવલોક, ચક્રવર્તી આદિ પુણ્યાનુબંધી અથવા સકલકર્મક્ષય કરાવી મોક્ષદાયક સકામ નિર્જરા છે. એમ ગુણોનું ચિન્તવન કરવું) એમ ચિન્તવન કરતા (જીવ) કર્મનિર્જરા માટે જ પ્રવૃતિ કરે-તે નિર્જરાનુપ્રેક્ષા ॥૯॥

भाष्यम्- पञ्चास्तिकायात्मकं विविधपरिणाममुत्पत्तिस्थित्यन्यताऽनुग्रहप्रलययुक्तं लोकं चित्रस्वभावमनुचिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतस्तत्त्वज्ञानविशुद्धिर्भवतीति लोकानुप्रेक्षा ॥१०॥
અર્થ- પંચાસ્તિકાયરૂપ વિવિધ પરિણામવાળા ઉત્પત્તિ, સ્થિતિ (સ્થાયિ), અન્યતા (વિનાશ), અનુગ્રહ (ઉપકાર) અને પ્રલયવાળા વિચિત્ર સ્વભાવવાળા લોક (ચૌદરાજ) ની ચિન્તવના કરવી. એ પ્રમાણે ચિન્તવતા (આત્માને) તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ થાય છે. તે લોકાનુપ્રેક્ષા ॥૧૦॥

भाष्यम्- अनादौ संसारे नरकादिषु तेषु तेषु भवग्रहणेष्वनन्तकृत्वः परिवर्तमानस्य जन्तोर्विविधदुःखाभिहतस्य मिथ्यादर्शनाद्युपहतमतेर्ज्ञानदर्शनावरणमोहान्तरायोदयाभिभूतस्य ।
અર્થ- 'અનાદિ સંસારમાં તે તે ભવોનું ગ્રહણ છે જેમાં એવા નરકાદિમાં અનન્તીવાર પરિભ્રમણ કરતાં વિધવિધ દુઃખોથી હણાયેલા, મિથ્યાદર્શનાદિથી નષ્ટમતિવાળા, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયના ઉદયવાળા જીવને...

भाष्यम्- सम्यग्दर्शनादिविशुद्धो बोधिदुर्लभो भवतीत्यनुचिन्तयेत्, एवं ह्यस्य बोधिदुर्लभत्वमनुचिन्तयतो बोधिं प्राप्य प्रमादो न भवतीति बोधिदुर्लभत्वानुप्रेक्षा ॥११॥
અર્થ- સમ્યગ્દર્શનાદિથી વિશુદ્ધ બોધિદુર્લભ છે.' એમ ચિન્તવવું. ખરેખર ! એ પ્રમાણે બોધિદુર્લભનું ચિન્તવન કરતા (જીવને) બોધિ મેળવીને પ્રમાદ થતો નથી. એ પ્રમાણે બોધિદુર્લભ અનુપ્રેક્ષા ॥૧૧॥

भाष्यम्- सम्यग्दर्शनद्वारः पञ्चमहाव्रतसाधनो द्वादशाङ्गोपदिष्टतत्त्वो गुप्त्यादिविशुद्धव्यवस्थानः संसारनिर्वाहकः ।
અર્થ- 'સમ્યગ્દર્શન દ્વાર(મુખ)વાળો, પંચમહાવ્રત સાધનવાળો, દ્વાદશાંગીવડે જણાવાયેલ તત્ત્વવાળો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુપ્તિઆદિથી વિશુદ્ધ સ્વરૂપવાળો, સંસારથી પાર ઉતારનાર,

भाष्यम्- निःश्रेयसप्रापको भगवता परमर्षिणा अर्हता अहो स्वाख्यातो धर्म इत्येवमनुचिन्तयेत्, एवं ह्यस्य धर्मस्वाख्याततत्त्वमनुचिन्तयतो मार्गाच्यवने तदनुष्ठाने च व्यवस्थानं भवतीति धर्मस्वाख्या-तत्त्वानुचिन्तनानुप्रेक्षा ॥१२॥७॥

उक्ता अनुप्रेक्षाः, परीषहान्वक्ष्यामः ॥

અર્થ- કલ્યાણમાર્ગ (મોક્ષમાર્ગ)ને પ્રાપ્ત કરાવનાર ધર્મ, અહો...! પરમર્ષિ (સંપૂર્ણજ્ઞાની) અરિહંત (પરમાત્મા) વડે સારી રીતે કહેવાયો છે.' એ પ્રમાણે વારંવાર ચિન્તવના કરવી. ખરેખર ! એ પ્રમાણે ધર્મસ્વાખ્યાતપણાનું ચિન્તવન કરતા (આ આત્માને) માર્ગથી (=મોક્ષમાર્ગથી) અપતનમાં અને તેનાં અનુષ્ઠાનમાં સ્થિરતા થાય છે. એ પ્રમાણે ધર્મસ્વાખ્યાતત્ત્વાનુચિન્તનાનુપ્રેક્ષા ॥૧૨॥૯॥૭॥

અનુપ્રેક્ષા (ભાવના) કહી. (હવે) પરીષહો કહીશું...

**सूत्रम्- मार्गाच्यवन-निर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥९-८॥**

અર્થ- માર્ગથી પતિત ન થવાય અને નિર્જરા માટે સહન કરવા યોગ્ય (તે) પરીષહો છે.

भाष्यम्- सम्यग्दर्शनादेर्मोक्षमार्गादच्यवनार्थं कर्मनिर्जरार्थं च परिषोढव्याः परीषहा इति ॥८॥ तद्यथा-

અર્થ- સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગથી અપતન માટે અને કર્મોની નિર્જરામાટે સહન કરવા યોગ્ય તે પરીષહો છે. ॥૮॥ તે આ રીતે,...

**सूत्रम्- क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचना-ऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानि ॥९-९॥**

અર્થ- ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નપણું, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એ પરીષહો છે.

भाष्यम्- क्षुत्परीषहः पिपासा शीतं उष्णं दंशमशकं नाग्न्यं अरतिः स्त्रिपरीषहः चर्यापरीषहः निषद्या शय्या आक्रोशः वधः याचनं अलाभः रोगः तृणस्पर्शः मलं सत्कारपुरस्कारः प्रज्ञाऽज्ञाने अदर्शनपरीषहः।

અર્થ- (૧) ક્ષુધા પરીષહ, (૨) પિપાસા પરીષહ, (૩) શીતપરીષહ, (૪) ઉષ્ણપરીષહ, (૫) દંશમશક, (૬) નગ્નપણું, (૭) અરતિ, (૮) સ્ત્રીપરીષહ, (૯) ચર્યાપરીષહ, (૧૦) નિષદ્યાપરીષહ, (૧૧) શય્યા, (૧૨) આક્રોશ, (૧૩) વધપરીષહ, (૧૪) યાચના, (૧૫) અલાભ, (૧૬) રોગ, (૧૭) તૃણસ્પર્શ, (૧૮) મલ, (૧૯) સત્કાર-પુરસ્કાર, (૨૦) પ્રજ્ઞા, (૨૧) અજ્ઞાન અને (૨૨) અદર્શન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- इत्येते द्वाविंशतिर्धर्मविघ्नहेतवो यथोक्तं प्रयोजनमभिसंधाय रागद्वैषौ निहत्य परीषहाः परिषोढव्या भवन्ति ॥९॥

અર્થ- આ બાવીસ પરીષહો ધર્મમાં વિઘ્નના કારણરૂપ છે. (તે) યથોક્ત ફળ (એટલે સંવરફળની વિચારણા = ઈચ્છા કરી) રાગદ્વેષને દૂર કરી સહવા યોગ્ય છે. ॥૯॥

भाष्यम्- पञ्चानामेव कर्मप्रकृतीनामुदयादेते परीषहाः प्रादुर्भवन्ति, तद्यथा- ज्ञानावरणवेदनीय-दर्शनचारित्रमोहनीयान्तरायाणामिति ।

અર્થ- પાંચ કર્મ પ્રકૃતિના ઉદયથી આ પરીષહો ઉત્પન્ન થાય છે. તે આ રીતે, જ્ઞાનાવરણ, વેદનીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાયના (ઉદયથી).

## सूत्रम्- सूक्ष्मसम्पराय-छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥९-१०॥

અર્થ- સૂક્ષ્મ સમ્પરાય અને છદ્મસ્થ વીતરાગને (૧૦, ૧૧, અને ૧૨મે ગુણઠાણે) ચૌદ પરીષહો સંભવે છે.

भाष्यम्- सूक्ष्मसम्परायसंयते छद्मस्थवीतरागसंयते च चतुर्दश परीषहाः सम्भवन्ति, क्षुत्पिपासा-शीतोष्णदंशमशकचर्याप्रज्ञाऽज्ञानाऽलाभशय्यावधरोगतृणस्पर्शमलानि ॥१०॥

અર્થ- સૂક્ષ્મસમ્પરાય સંયત અને છદ્મસ્થવીતરાગ સંયતમાં ચૌદ પરીષહો સંભવે છે. (૧) ક્ષુધા, (૨) પિપાસા, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંશમશક, (૬) ચર્યા, (૭) પ્રજ્ઞા, (૮) અજ્ઞાન, (૯) અલાભ, (૧૦) શય્યા, (૧૧) વધ, (૧૨) રોગ, (૧૩) તૃણસ્પર્શ અને (૧૪) મલપરીષહ. ॥૧૦॥

## सूत्रम्- एकादश जिने ॥९-११॥

અર્થ- અગિયાર પરીષહો જિન (કેવલી ભગવંત) માં સંભવે છે.

भाष्यम्- एकादश परीषहाः सम्भवन्ति जिने वेदनीयाश्रयाः, तद्यथा- क्षुत्पिपासाशीतोष्ण-दंशमशकचर्याशय्यावधरोगतृणस्पर्शमलपरीषहाः ॥११॥

અર્થ- વેદનીયકર્મ આધારિત અગિયાર પરીષહો શ્રી જિન (કેવલી) માં સંભવે છે. તે આ રીતે, (૧) ક્ષુધા, (૨) પિપાસા, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંશમશક, (૬) ચર્યા, (૭) શય્યા, (૮) વધ, (૯) રોગ, (૧૦) તૃણસ્પર્શ અને (૧૧) મલપરીષહ ॥૧૧॥

## सूत्रम्- बादरसम्पराये सर्वे ॥९-१२॥

અર્થ- બાદરસંપરાય (ગુણસ્થાનક) માં બધા પરીષહો સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- बादरसंपरायसंयते सर्वे-द्वाविंशतिरपि परीषहाः संभवन्ति ॥१२॥
અર્થ- બાદરસંપરાયસંયતમાં સર્વે એટલે બાવીશે ય પરીષહો સંભવે છે. ॥૧૨॥

### सूत्रम्- ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥९-१३॥

અર્થ- જ્ઞાનાવરણ કર્મનો ઉદય હોતે છતે પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ હોય છે.

भाष्यम्- ज्ञानावरणोदये प्रज्ञाऽज्ञानपरीषहौ भवतः ॥१३॥
અર્થ- જ્ઞાનાવરણીયનો ઉદય હોતે છતે પ્રજ્ઞા અને અજ્ઞાન (એમ) બે પરીષહો હોય છે. ॥૧૩॥

### सूत्रम्- दर्शनमोहाऽन्तराययोरदर्शनालाभौ ॥९-१४॥

અર્થ- દર્શનમોહનીય અને અન્તરાયના ઉદયે અનુક્રમે અદર્શન અને અલાભ પરીષહ હોય છે.

भाष्यम्- दर्शनमोहान्तराययोरदर्शनालाभौ यथासङ्ख्यं, दर्शनमोहोदयेऽदर्शनपरीषहः, लाभान्तरायो-दयेऽलाभपरीषहः ॥१४॥
અર્થ- દર્શનમોહનીય અને અંતરાયના ઉદયે અદર્શન અને અલાભ પરીષહ અનુક્રમે હોય. એટલે દર્શનમોહનીયના ઉદયમાં અદર્શનપરીષહ (અને) લાભાન્તરાયના ઉદયમાં અલાભ પરીષહ. ॥૧૪॥

### सूत्रम्- चारित्रमोहे नाग्न्यारति-स्त्री-निषद्या-ऽऽक्रोश-याचना-सत्कारपुरस्काराः।९-१५।

અર્થ- ચારિત્રમોહનીયના ઉદયમાં નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર-પુરસ્કાર પરીષહો હોય છે.

भाष्यम्- चारित्रमोहोदये एते नाग्न्यादयः सप्त परीषहा भवन्ति ॥१५॥
અર્થ- ચારિત્રમોહનીયનો ઉદય હોતે છતે આ સાત પરીષહો હોય છે. ॥૧૫॥

### सूत्रम्- वेदनीये शेषाः ॥९-१६॥

અર્થ- વેદનીયના ઉદયમાં બાકીના અગિયાર પરીષહો (જે એકાદશ જિને સૂત્ર- ॥૯-૧૧॥ માં કહ્યા છે તે) હોય છે.

भाष्यम्- वेदनीयोदये शेषा एकादश परीषहा भवन्ति ये जिने सम्भवन्तीत्युक्तम्, कुतः शेषाः ?, एभ्यः प्रज्ञाऽज्ञानादर्शनालाभनाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्कारेभ्य इति ॥१६॥
અર્થ- વેદનીયના ઉદયમાં બાકીના અગિયાર પરીષહો હોય છે. જે (અ. ૯ - સૂ. ૧૧) માં કહ્યા છે. (પ્રશ્ન) કોનાથી શેષ ? (અર્થાત્ કોને છોડીને બાકીના પરીષહો હોય છે.?)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઉત્તર) આ-(૧) પ્રજ્ઞા,(૨) અજ્ઞાન, (૩) અદર્શન, (૪) અલાભ, (૫) નાગ્ન્ય, (૬) અરતિ, (૭) સ્ત્રી, (૮) નિષદ્ય, (૯) આક્રોશ, (૧૦) યાચના અને (૧૧) સત્કાર-પુરસ્કારથી બાકીના (અર્થાત્ આ અગિયાર છોડીને બાકીના) અગિયાર પરીષહો વેદનીયના ઉદયમાં હોય છે. ।।૧૬।।

## सूत्रम्- एकादयो भाज्या युगपदैकोनविंशतेः ।।९-१७।।

અર્થ- એકથી માંડીને યાવત્ ઓગણીશ પરીષહો એકસાથે એક જીવને હોઈ શકે .

**भाष्यम्- एषां द्वाविंशतेः परीषहाणामेकादयो भजनीया युगपदेकस्मिन् जीवे आ एकोनविंशतेः, अत्र शीतोष्णपरीषहौ युगपन्न भवतः, अत्यन्तविरोधित्वात्, तथा चर्याशय्यानिषद्यापरिषहाणामेकस्य सम्भवे द्वयोरभावः ।।१७।।**

અર્થ- આ બાવીશ પરીષહોમાંથી એક વગેરે યાવત્ ઓગણીશ પરીષહો એક સાથે એક જીવમાં સંભવે. તેમાં (બાવીશમાં) શીત અને ઉષ્ણ (આ બે) પરીષહ એક સાથે ન હોય, (કેમકે) બંને અત્યન્ત વિરોધિ હોવાથી. તથા ચર્યા, શય્યા, નિષદ્યાપરીષહમાંના એકની હયાતિમાં બાકીના બે નો અભાવ હોય. ।।૧૭।।

## सूत्रम्- सामायिक-च्छेदोपस्थाप्य-परिहारविशुद्धि-सूक्ष्मसंपराय-यथाख्यातानि चारित्रम् ।।९-१८।।

અર્થ- (૧) સામાયિક (૨) છેદોપસ્થાપનીય (૩) પરિહાર-વિશુદ્ધિ, (૪) સૂક્ષ્મસંપરાય અને (૫) યથાખ્યાત આ પાંચપ્રકારે ચારિત્ર છે.

**भाष्यम्- सामायिकसंयमः छेदोपस्थाप्यसंयमः परिहारविशुद्धिसंयमः सूक्ष्मसंपरायसंयमः यथाख्यात-संयम इति पञ्चविधं चारित्रम् । तत् पुलाकादिषु विस्तरेण वक्ष्यामः ।।१८।।**

અર્થ- (૧) સામાયિકસંયમ, (૨) છેદોપસ્થાપ્યસંયમ, (૩) પરિહારવિશુદ્ધિસંયમ, (૪) સૂક્ષ્મસંપરાય-સંયમ, (૫) યથાખ્યાતસંયમ. એ પાંચ પ્રકારે ચારિત્ર છે. તે (ચારિત્ર) (અ. ૯- સૂ. ૪૮. માં ) પુલાકાદિમાં...' વિસ્તારપૂર્વક કહીશું ।।૧૮।।

## सूत्रम्- अनशना-ऽवमौदर्य-वृत्तिपरिसंख्यान-रसपरित्याग-विविक्तशय्यासन-काय-क्लेशा बाह्यं तपः ।।९-१९।।

અર્થ- અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન, કાયક્લેશ (એ છ) બાહ્યતપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अनशनं अवमौदर्यं वृत्तिपरिसङ्ख्यानं रसपरित्यागः विविक्तशय्यासनता कायक्लेश इत्येतत्षड्विधं बाह्यं तपः । 'सम्यग्योगनिग्रहो गुप्तिः' इत्यतः प्रभृति सम्यगित्यनुवर्तते, संयमरक्षणार्थं कर्मनिर्जरार्थं च चतुर्थषष्ठाष्टमादि सम्यगनशनं तपः ॥

અર્થ- (૧) અનશન, (૨) અવમૌદર્ય, (૩) વૃત્તિપરિસંખ્યાન, (૪) રસપરિત્યાગ, (૫) વિવિક્તશય્યાસન અને (૬) કાયક્લેશ. આ છ પ્રકારે બાહ્યતપ છે.

-'**सम्यग् योग निग्रहो गुप्तिः ॥९-४॥**' અહીંથી લઈને સમ્યગ્‌ની અનુવૃત્તિ ચાલું છે.

-સંયમની રક્ષા માટે અને કર્મનિર્જરામાટે ચોથભક્ત, છઠ, અઠમઆદિ તપ તે સમ્યગ્ અનસન તપ.

भाष्यम्- अवमौदर्यम्, अवममित्यूननाम, अवममुदरमस्य अवमोदरः अवमोदरस्य भावः अवमौदर्यम् ।

અર્થ- અવમૌદર્ય અવમ એટલે ઉણું (ઓછું), ઉણું (ઓછાખોરાકવાળું) પેટ જેનું છે તે અવમોદર, અવમોદરપણું તે અવમૌદર્ય.

भाष्यम्- उत्कृष्टावकृष्टौ च वर्जयित्वा मध्यमेन कवलेन त्रिविधमवमौदर्यं भवति, तद्यथा-अल्पाहारावमौदर्यमुपार्धावमौदर्यं प्रमाणप्राप्तात् किञ्चिदूनावमौदर्यमिति, कवलपरिसङ्ख्यानं च प्राग्द्वात्रिंशद्भ्यः कवलेभ्यः ।

અર્થ- મોટો અને નાનો કોળીયો છોડીને મધ્યમ કોળીયા વડે ત્રણ પ્રકારે અવમૌદર્ય થાય છે. તે આ રીતે (૧) અલ્પાહાર અવમૌદર્ય (આઠ કે તેથી ન્યૂન કોળીયાથી ચલાવી લેવું,). (૨) ઉપાર્ધ અવમૌદર્ય (અર્ધા કરતાં ઓછા કોળીયાથી ચલાવી લેવું) (૩) પૂરતા પ્રમાણ કરતાં ઓછા કોળીયા તે કિંચિદૂન અવમૌદર્ય. કોળીયાની સંખ્યા-બત્રીશ કોળીયા પહેલાની ગણાય. (પુરુષને બત્રીશ અને સ્ત્રીને અઠ્યાવીસ ગણાય. તેમાં ન્યૂન હોય તો જ તે અવમૌદર્ય ગણાય.)

भाष्यम्- वृत्तिपरिसङ्ख्यानमनेकविधम्, तद्यथा-उत्क्षिप्तान्तप्रान्तचर्यादीनां सक्तुकुल्माषौदनादीनां चान्यतममभिगृह्यावशेषस्य प्रत्याख्यानम् ।

અર્થ- વૃતિ પરિસંખ્યાન અનેક પ્રકારે છે. (વૃત્તિ-ભિક્ષા, પરિસંખ્યાન-ગણત્રી. અથવા આગમવિહિત અભિગ્રહ. અથવા દત્તિ કે ભિક્ષાની ગણતરી.) તે આ રીતે, ઉત્ક્ષિપ્તચર્યા (રાંધવાના પાત્રમાંથી દાતા વડે દાન આપવા બહાર કઢાયેલી વસ્તુ હોય તે જ ગ્રહણ કરવી, બીજી નહિ. તેનું નામ ઉત્ક્ષિપ્તચર્યા), નિક્ષિપ્તચર્યા (રાંધવાના પાત્રમાં રહેલી વસ્તુ ભિક્ષાને માટે ગ્રહણકરવી તેનું નામ નિક્ષિપ્ત ચર્યા), આન્તપ્રાન્તચર્યા (છેલ્લો વધેલો નિરસ-એવો આહાર લેવો તે), સક્તુ (સાથવો), કુલમાષ, અડદ, ભાત આદિમાંના કોઈનો પણ અભિગ્રહ કરીને બાકીનાનું પચ્ચક્ખાણ લેવું તે.

भाष्यम्- रसपरित्यागोऽनेकविधः, तद्यथा-मद्यमांसमधुनवनीतादीनां रसविकृतीनां प्रत्याख्यानं विरसरूक्षाद्यभिग्रहश्च ।

અર્થ- રસપરિત્યાગ (રસવાળા પદાર્થો [વિગઈઓ] નો ત્યાગ) અનેક પ્રકારે છે. તે આ રીતે,- દારૂ, માંસ, મધ, માખણ આદિ[1] રસવિકૃતિ (વિગઈ) ના પચ્ચક્ખાણ કરવા અને વિગઈ વગરના રૂક્ષ આદિનો અભિગ્રહ કરવો.

भाष्यम्- विविक्तशय्यासनता नाम एकान्तेऽनाबाधेऽसंसक्ते स्त्रीपशुपण्डकविवर्जिते शून्यागारदेवकुल-सभापर्वतगुहादीनामन्यतमस्मिन् समाध्यर्थं संलीनता ।

અર્થ- વિવિક્તશય્યાસનતા એટલે એકાન્ત સ્થાન, બાધારહિત સ્થાન, કોઈ ન રહેલ હોય તેવું સ્થાન, સ્ત્રી-પશુ-કે નપુંસક રહિત સ્થાન. (આ શબ્દો પર્યાયવાચી છે.) શૂન્યઘર, દેવકુલ, સભા (જ્યાં પહેલા માનવો રહેતા હતા પરંતુ અત્યારે રહેતા ન હોય તેવું સ્થાન, છાપરાવાળું સ્થાન), પર્વતની ગુફા વગેરેમાંના કોઈપણ સ્થાનમાં સમાધિમાટે (પંચાચારની વૃદ્ધિ માટે) સંલીનતા કરવી (અર્થાત રહેવું) તે વિવિક્તશય્યાસનતા.

भाष्यम्- कायक्लेशोऽनेकविधः, तद्यथा-स्थानवीरासनोत्कटुकासनैकपार्श्वदण्डायतशयनातापनाप्रा-वृतादीनि ।

અર્થ- કાયક્લેશ અનેક પ્રકારે છે તે આ રીતે, સ્થાન- એટલે ઊર્ધ્વકાયોત્સર્ગમુદ્રા, વીરાસન, ઉત્કટુકાસન, એક પડખે સુવું, દંડની જેમ લાંબા સુવું, આતાપના લેવી (ઉનાળામાં), ખુલ્લાશરીરે રહેવું (શિયાળામાં) ઈત્યાદિ (કાયક્લેશ).

भाष्यम्- सम्यक् प्रयुक्तानि बाह्यं तपः ॥

અર્થ- આ રીતે-આગમોક્ત રીતે કરાયેલ તે બાહ્યતપ છે.

भाष्यम्- अस्मात् षड्विधादपि बाह्यात्तपसः सङ्गत्यागशरीरलाघवेन्द्रियविजयसंयमरक्षणकर्मनिर्जरा भवन्ति ॥१९॥

અર્થ- આ છ પ્રકારના બાહ્યતપથી નિર્મમતા આવે, શરીર હલકું રહે, ઈન્દ્રિયો ઉપર વિજય મેળવાય, સંયમનું રક્ષણ થાય (તેમજ) કર્મની નિર્જરા થાય છે. ॥૧૯॥

**सूत्रम्- प्रायश्चित्त-विनय-वैयावृत्त्य-स्वाध्याय-व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ॥९-२०॥**

અર્થ- પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ ઉત્તરતપ એટલે કે અભ્યન્તરતપ છે.

---

૧. આદિશબ્દથી શેષ છ વિગઈઓ લેવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- सूत्रक्रम प्रामाण्यादुत्तरमित्यभ्यन्तरमाह । प्रायश्चित्तं विनयो वैयावृत्त्यं स्वाध्यायो व्युत्सर्गो ध्यानं इत्येतत् षड्विधं अभ्यन्तरं तपः ॥२०॥
અર્થ- સૂત્રક્રમાનુસાર ઉત્તર એટલે અભ્યન્તર કહે છે. (તે) (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સ્વાધ્યાય, (૫) વ્યુત્સર્ગ (અને) (૬) ધ્યાન. આ છ પ્રકારે અભ્યન્તર તપ છે. ॥૨૦॥

### सूत्रम्- नव-चतुर्-दश-पञ्च-द्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥९-२१॥

અર્થ- ધ્યાન તપની પહેલાના (અભ્યન્તરતપના) અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદો છે.

भाष्यम्- तदभ्यन्तरं तपः नवचतुर्दशपञ्चद्विभेदं भवति यथाक्रमं प्राग् ध्यानात्, इत उत्तरं वक्ष्यामः ॥२१॥ तद्यथा–
અર્થ- ધ્યાનથી પહેલાનો તે અભ્યન્તર તપ અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદે છે. (જે) અહીં થી આગળ કહીંશું ॥૨૧॥ તે આ રીતે...

### सूत्रम्- आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-व्युत्सर्ग-तपच्छेद-परिहारोपस्थापनानि ॥९-२२॥

અર્થ- (પ્રાયાશ્ચિત્તના નવ ભેદ-) (૧) આલોચન, (૨) પ્રતિક્રમણ, (૩) તદુભય, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) પરિહાર, (૯) ઉપસ્થાપન.

भाष्यम्- प्रायश्चित्तं नवभेदम्, तद्यथा-आलोचनं प्रतिक्रमणं आलोचनप्रतिक्रमणे विवेकः व्युत्सर्गः तपः छेदः परिहारः उपस्थापनमिति ॥
અર્થ- પ્રાયશ્ચિત્ત નવ ભેદે છે. તે આ રીતે, (૧) આલોચન, (૨) પ્રતિક્રમણ, (૩) આલોચનપ્રતિક્રમણ, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) પરિહાર (અને ૯) ઉપસ્થાપન.

भाष्यम्- आलोचनं प्रकटनं प्रकाशनमाख्यानं प्रादुष्करणमित्यनर्थान्तरं ॥१॥
અર્થ- આલોચન એટલે (પોતાની ભૂલોનું ગુરુ સન્મુખ) વિવરણ, પ્રકાશન, કથન, પ્રકટીકરણ તે એકાર્થવાચી છે. ॥૧॥

भाष्यम्- प्रतिक्रमणं मिथ्यादुष्कृतसंप्रयुक्तं प्रत्यवमर्शः प्रत्याख्यानं कायोत्सर्गकरणं च ॥२॥
અર્થ-પ્રતિક્રમણ એટલે 'દુષ્કૃતો મિથ્યા થાઓ' એમ કહેવા પૂર્વક પશ્ચાતાપ કરવો અને પ્રત્યાખ્યાન કરવું (-ફરી આવી ભૂલ નહિ કરું એમ નકકી કરવું) અને કાયોત્સર્ગકરણ તે પ્રતિક્રમણ કહેવાય છે. ॥૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- एतदुभयमालोचनप्रतिक्रमणे ॥३॥ विवेको विवेचनं विशोधनं प्रत्युपेक्षणमित्यनर्थान्तरम्, स एष संसक्तान्नपानोपकरणादिषु भवति ॥४॥
અર્થ- તદુભય એટલે-આલોચન અને પ્રતિક્રમણ બંને. ॥૩॥
વિવેક (ત્યાગનો પરિણામ), વિવેચન (ભાવ વિશુદ્ધિ), વિશોધન, પ્રત્યુપેક્ષણ (ભૂલ વિશુદ્ધિની વિશેષ તત્પરતા) તે એકાર્થવાચી છે. તે આ વિવેક સંસક્ત (શંકિત) અન્ન, પાન, ઉપધિ આદિ આશ્રયી છે. ॥૪॥

भाष्यम्- व्युत्सर्गः प्रतिस्थापनमित्यनर्थान्तरम्, एषोऽप्यनेषणीयान्नपानोपकरणादिष्वशङ्कनीय विवेकेषु च भवति ॥५॥
અર્થ- વ્યુત્સર્ગ, પ્રતિષ્ઠાપન (એકાગ્રતા પૂર્વક કાયા અને વચનના વ્યાપારને અટકાવવો) એકાર્થવાચી છે. અનેષણીય આહાર-પાણી-ઉપકરણ આદિમાં અને વિવેક કરવા અસમર્થ પદાર્થ (ત્યાગ કરાય છતે) પણ આ પ્રાયશ્ચિત્ત થાય છે. ॥૫॥

भाष्यम्- तपोबाह्यमनशनादि प्रकीर्णं चानेविधं चन्द्रप्रतिमादि ॥६॥
અર્થ: તપ-બાહ્ય અનશન આદિ અને છૂટા છૂટા (પણ) ચન્દ્રપ્રતિમા આદિ અનેક પ્રકારે છે. ॥૬॥

भाष्यम्- छेदोऽपवर्तनमपहार इत्यनर्थान्तरम्, स प्रव्रज्यादिवसपक्षमाससंवत्सराणामन्यतमेषां भवति ॥७॥
અર્થ- છેદ અપવર્તન, અપહાર (ઓછું કરવું) એ પર્યાયવાચી છે. ॥૭॥ તે (છેદ) દીક્ષાના દિવસથી આરંભી પક્ષો, મહિનાઓ, વરસોમાંના કોઈના પણ ઓછા કરવારૂપ હોય છે. ॥૭॥

भाष्यम्- परिहारो मासिकादिः ॥८॥
અર્થ- પરિહાર-મહિના આદિ (પરિહાર કરવો-ત્યાગ કરવો-દોષિતની સાથે જઘન્યથી એક માસ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યન્ત વાતચીત, ગોચરી વ્યવહાર, વન્દન વ્યવહાર વગેરેનો ત્યાગ કરવો.) ॥૮॥

भाष्यम्- उपस्थापनं पुनर्दीक्षणं पुनश्चरणं पुनर्व्रतारोपणमित्यर्थान्तरम् ॥९॥
અર્થ- ઉપસ્થાન (ફરીથી દીક્ષા આપવી,) પુનર્દીક્ષણ, પુનશ્ચરણ, પુનર્વ્રતારોપણ આ એકાર્થક છે. ॥૯॥

भाष्यम्- तदेतन्नवविधं प्रायश्चित्तं देशं कालं शक्तिं संहननं संयमविराधनां च कायेन्द्रियजाति-गुणोत्कर्षकृतां च प्राप्य विशुद्ध्यर्थं यथार्हं दीयते च आचर्यते च ।
અર્થ- આ નવપ્રકારનું પ્રાયશ્ચિત્ત દેશ, કાળ, સામર્થ્ય, સંઘયણ, તેમજ સંયમવિરાધના અને કાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(પૃથ્વીવ્યાદિ), ઈન્દ્રિય (એકેન્દ્રિયાદિ) જાતિ દ્વારા રાગદ્વેષમોહના ઉત્કર્ષથી કરાયેલ વિરાધનાને પામીને અતિચારોની શુદ્ધિ માટે યથાયોગ્ય આ પ્રાયશ્ચિત્ત દેવાય છે અને (જાતે) આચરણ કરાય છે.

भाष्यम्- चिती संज्ञानविशुद्ध्योर्धातुः, तस्य चित्तमिति भवति निष्ठान्तमौणादिकं च ॥ एवमेभिरालोचनादिभिः कृच्छ्रैस्तपोविशेषैर्जनिताप्रमादः तं व्यतिक्रमं प्रायश्चेतयति चेतयंश्च न पुनराचरतीति, अतः प्रायश्चित्तम्, अपराधो वा प्रायस्तेन विशुध्यतीति, अतश्च प्रायश्चित्तमिति ॥२२॥
અર્થ- '**चिती सञ्ज्ञानविशुद्धयो**', ચિત્ ધાતુ સંજ્ઞાન અને વિશુદ્ધિ અર્થમાં વપરાય છે (ચિતીમાં ઈ ઈત્ છે જેથી ચિત્ ધાતુ કહેવાય.) તેને ભૂત અર્થમાં અથવા ઉણાદિથી **त** પ્રત્યય લાગી 'ચિત્ત' (૩૫) બને છે. આ આલોચન આદિ દુષ્કરતપ વિશેષે કરીને કરાયેલ અપ્રમાદ તે અતિચારને પ્રાયઃ જાણે છે અને ફરી આચરતો નથી માટે પ્રાયશ્ચિત છે. પ્રાયઃ એટલે અપરાધ. તે (સૂત્રઅનુસાર) પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ થાય છે. તેથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ॥૨૨॥

## सूत्रम्- ज्ञानदर्शनचारित्रोपचाराः ॥९-२३॥

અર્થ- વિનયના ચાર ભેદ -(૧) જ્ઞાનવિનય, (૨) દર્શનવિનય, (૩) ચારિત્રવિનય અને (૪) ઉપચારવિનય.

भाष्यम्- विनयश्चतुर्भेदः, तद्यथा-ज्ञानविनयः दर्शनविनयः चारित्रविनयः उपचारविनयः, तत्र **ज्ञानविनयः** पञ्चविधः मतिज्ञानादिः ।
અર્થ- વિનય (અભ્યન્તર તપ) ચારભેદવાળો છે. તે આ રીતે, (૧) જ્ઞાનવિનય, (૨) દર્શનવિનય, (૩) ચારિત્રવિનય, (અને ૪) ઉપચાર વિનય. તેમાં જ્ઞાનવિનય મતિજ્ઞાનાદિ પાંચપ્રકારે છે.

भाष्यम्- **दर्शनविनयस्तु** एक विध एव सम्यगृदर्शनविनयः ।
અર્થ- દર્શનવિનય તો એક પ્રકારે જ છે. સમ્યગ્દર્શન વિનય.

भाष्यम्- **चारित्रविनयः** पञ्चविधः । सामायिकविनयादिः ।
અર્થ- ચારિત્રવિનય પાંચ પ્રકારે છે. સામાયિક વિનય વગેરે (પાંચ).

भाष्यम्- **औपचारिकविनयो**ऽनेकविधः-सम्यग्दर्शनज्ञानचारित्रादिगुणाधिकेष्वभ्युत्थानासनप्रदानवन्दनानुगमादिः, विनीयते तेन तस्मिन् वा विनयः ॥२३॥
અર્થ- ઔપચારિક વિનય અનેક પ્રકારે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણાધિક (મુનિઓ) પ્રતિ (સન્મુખ આવે છતે ઉભા થવું, બેસવા માટે) આસનદેવું, વન્દન કરવું, વળાવવા જવું (તે ઉપચાર વિનય). જેનાથી કે જે હોતે છતે (આઠેય કર્મો) નાશ પામે છે- તે વિનય. ॥૨૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- आचार्योपाध्याय-तपस्वि-शैक्षक-ग्लान-गण-कुल-सङ्घ-साधु-समनोज्ञानाम् ॥२४॥**

અર્થ- વૈયાવૃત્ત્ય (વૈયાવચ્ચ) દશ પ્રકારે છે. (૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) તપસ્વી, (૪) શૈક્ષક, (૫) ગ્લાન, (૬) ગણ, (૭) કુલ, (૮) સંઘ, (૯) સાધુ અને (૧૦) સમનોજ્ઞ. આ દશનું (સમ્યગ્ વૈયાવૃત્ત્ય (તે વૈયાવચ્ચ અભ્યન્તર) તપ છે.

**भाष्यम्- वैयावृत्त्यं दशविधं, तद्यथा-आचार्यवैयावृत्त्यं उपाध्यायवैयावृत्त्यं तपस्विवैयावृत्त्यं शैक्षकवैयावृत्त्यं ग्लानवैयावृत्त्यं गणवैयावृत्त्यं कुलवैयावृत्त्यं संघवैयावृत्त्यं साधुवैयावृत्त्यं समनोज्ञवैयावृत्त्यमिति, व्यावृत्तभावो वैयावृत्त्यं व्यावृत्तकर्म चेति ।**

અર્થ- વૈયાવૃત્ત્ય દશ પ્રકારે છે. તે આ રીતે. (૧) આચાર્યનું વૈયાવૃત્ત્ય, (૨) ઉપાધ્યાયનું વૈયાવૃત્ત્ય, (૩) તપસ્વિનું વૈયાવૃત્ત્ય, (૪) શિક્ષકનું વૈયાવૃત્ત્ય, (૫) ગ્લાનનું વૈયાવૃત્ત્ય, (૬) ગણનું વૈયાવૃત્ત્ય, (૭) કુલનું વૈયાવૃત્ત્ય, (૮) સંઘનું વૈયાવૃત્ત્ય, (૯) સાધુનું વૈયાવૃત્ત્ય અને (૧૦) સમનોજ્ઞનું વૈયાવૃત્ત્ય. વ્યાપારપ્રવૃત્તનો પરિણામ (આગમવિહિત ક્રિયા-અનુષ્ઠાનમાં તત્પર આત્માને જે ભાવ) તે વૈયાવૃત્ત્ય અને (અથવા) વ્યાપારપ્રવૃત્ત આત્માની ક્રિયા તે વૈયાવૃત્ત્ય. (શાસનમાં દર્શાવેલ વિધિવગેરે પૂર્વક સેવા-પ્રવૃત્તિ કરવી તે વૈયાવૃત્ત્ય.)

**भाष्यम्- तत्राचार्यः पूर्वोक्तः पञ्चविधः, आचारगोचरविनयं स्वाध्यायं वा आचार्यादनु तस्मादुपाधीयत इत्युपाध्यायः, सङ्ग्रहोपग्रहानुग्रहार्थं चोपाधीयतेसङ्ग्रहादीन् वाऽस्योपाध्येतीत्युपाध्यायः, द्विसङ्ग्रहो निर्ग्रन्थ आचार्योपाध्यायसङ्ग्रहः, त्रिसङ्ग्रहा निर्ग्रथी आचार्योपाध्यायप्रवर्तिनीसङ्ग्रहाः ।**

અર્થ-ત્યાં 'આચાર્ય' તે પૂર્વે (અ. ૯- સૂ. ૬ માં ) કહેલ છે. તે (આચાર્ય) પાંચ પ્રકારે છે. [(૧) પ્રવ્રાજક, (૨) દિગાચાર્ય, (૩) શ્રુતોદેષ્ટા, (૪) શ્રુતસમુદેષ્ટા અને (૫) આમ્નાયવાચક. અ. ૯- સૂ. ૬ માં બ્રહ્મચર્યના અધિકારમાં નિર્દેશેલ છે.] (આચાર્યપાસેથી રજા મેળવેલ સાધુઓ) આચાર જેનો વિષય છે એવા વિનયને અથવા સ્વાધ્યાયને જેની પાસે શીખે તે ઉપાધ્યાય. સંગ્રહ-ઉપગ્રહરૂપ અનુગ્રહને માટે જે સેવા કરાય તે ઉપાધ્યાય, અથવા સંગ્રહ આદિ (વસ્ત્ર, પાત્ર ઔષધિ આદિનો સંગ્રહ) જેના સંબંધી છે અથવા જેનાથી કરાયેલો છે એવું યાદ કરે તે ઉપાધ્યાય. બે વડે કરાય તે દ્વિસંગ્રહ. આચાર્ય અને ઉપાધ્યાય (એમ બંનેની મર્યાદામાં) ના સંગ્રહવાળો દ્વિસંગ્રહ નિર્ગ્રન્થ કહેવાય. આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીના (એમ ત્રણની મર્યાદામાં) સંગ્રહવાળો (તે) ત્રિસંગ્રહ નિર્ગ્રન્થ કહેવાય.

**भाष्यम्- प्रवर्तिनी दिगाचार्येण व्याख्याता, हिताय प्रवर्तते प्रवर्तयति चेति प्रवर्तिनी ।**

અર્થ-દિગાચાર્ય વડે વ્યાખ્યાન કરાયેલ એટલે દિગાચાર્યની સમાન તે પ્રવર્તિની. હિતમાટે પ્રવર્તે અને (બીજી સાધ્વી આદિને) પ્રવર્તાવે તે પ્રવર્તિની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- विकृष्टोग्रतपोयुक्तस्तपस्वी, अचिरप्रव्रजितः शिक्षयितव्यः शिक्षः शिक्षामर्हतीति शैक्षो वा, ग्लानः प्रतीतः, गणः स्थविरसन्ततिसंस्थितिः, कुलमेकाचार्यसन्ततिसंस्थितिः, सङ्घश्चतुर्विधः श्रमणादिः, साधवः संयताः, संभोगयुक्ताः समनोज्ञाः ।

અર્થ- વિકૃષ્ટ (૪ ઉપવાસથી કાંઈક ઊણા છ માસ સુધીના ઉપવાસ તે વિકૃષ્ટ) ઉગ્રતપથીયુક્ત તે તપસ્વી, અલ્પકાલિન દીક્ષિત, શિક્ષા (ગ્રહણ-આસેવનશિક્ષા)ને યોગ્ય તે શિક્ષ, અથવા શિક્ષાને યોગ્ય તે શૈક્ષ (શૈક્ષક), ગ્લાન (રોગી) પ્રતીત છે (પ્રખ્યાત છે.), ગણ-(શ્રુત) સ્થવિરોની પરંપરામાં રહેવું., કુલ- એક આચાર્યની પરંપરામાં રહેવું તે, સંઘ-ચતુર્વિધ શ્રમણાદિ તે સંઘ, સાધુઓ-સંયતિઓ, ગોચરી-પાણીઆદિ પરસ્પર લેવા-દેવાના વ્યવહારવાળા સાધુઓ તે સમનોજ્ઞ.

भाष्यम्- एषामन्नपानवस्त्रपात्रप्रतिश्रयपीठफलकसंस्तारादिभिर्धर्मसाधनैरुपग्रहः शुश्रूषा भेषजक्रिया कान्तारविषमदुर्गोपसर्गेष्वभ्युपपत्तिरित्येतदादि वैयावृत्त्यम् ॥२४॥

અર્થ- એમની (આચાર્યાદિને) આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-વસતિ-પાટ-પાટલા-સંથારો આદિ ધર્મસાધનો વડે ઉપગ્રહ (ઉપકાર), શુશ્રૂષા (સેવા), ઔષધ આપવું, જંગલના વિષમમાર્ગના ઉપસર્ગોમાં (રોગાદિ ઉપસર્ગોમાં) સર્વતઃ રક્ષણ કરવું. ઈત્યાદિ વૈયાવૃત્ત્ય છે. ॥૨૪॥

## सूत्रम्- वाचनापृच्छनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ॥९-२५॥

અર્થ-વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ-એ પાંચપ્રકારે સ્વાધ્યાય અભ્યન્તર તપ છે.

भाष्यम्- स्वाध्यायः पञ्चविधः, तद्यथा-वाचना प्रच्छनं अनुप्रेक्षा आम्नायः धर्मोपदेश इति, तत्र **वाचनं** शिष्याध्यापनम्, **प्रच्छनं** ग्रन्थार्थयोः, **अनुप्रेक्षा** ग्रन्थार्थयोरेव मनसाऽभ्यासः, **आम्नायो** घोषविशुद्धं परिवर्तनं गुणनं, रूपादानमित्यर्थः, अर्थोपदेशो व्याख्यानमनुयोगवर्णनं **धर्मोपदेश** इत्यनर्थान्तरम् ॥२५॥

અર્થ- સ્વાધ્યાય (અભ્યન્તરતપ) પાંચપ્રકારે, તે આ રીતે, (૧) વાચના, (૨) પૃચ્છના, (૩) અનુપ્રેક્ષા, (૪) આમ્નાય અને (૫) ધર્મોપદેશ.

તેમાં (૧) વાંચના-શિષ્યોને ભણાવવું, (૨) પૃચ્છના-મૂળપાઠ (સૂત્ર) અને અર્થસમ્બન્ધિ પૂછવું, (૩) અનુપ્રેક્ષા-સૂત્ર-અર્થનો મનથી વિચાર કરવો (એક વિષયમાં મનને સ્થિર કરવું), (૪) આમ્નાય-ઉચ્ચારશુદ્ધિપૂર્વક પુનરાવર્તન, ગણવું (એકવાર, બે વાર ઈત્યાદિ) રૂપ ગ્રહણ કરવું-એ અર્થ છે. (૫) (ધર્મોપદેશ) અર્થોપદેશ, વ્યાખ્યાન, અનુયોગવર્ણન, ધર્મોપદેશ એ એકાર્થવાચી છે. ॥૨૫॥

## सूत्रम्- बाह्याभ्यन्तरोपध्योः ॥९-२६॥

અર્થ- વ્યુત્સર્ગ અભ્યન્તર તપ-બાહ્ય અને અભ્યન્તર ઉપધિનો ત્યાગ. એમ બે પ્રકારે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- व्युत्सर्गो द्विविधः-बाह्योऽभ्यन्तरश्च, तत्र बाह्यो द्वादशरूपकस्योपधेः, अभ्यन्तरः शरीरस्य कषायाणां चेति ॥२६॥

અર્થ- વ્યુત્સર્ગ બે પ્રકારે છે. (૧) બાહ્ય (ઉપધિવ્યુત્સર્ગ) અને અભ્યન્તર (ઉપધિ વ્યુત્સર્ગ).

★ તેમાં બાહ્ય (ઉપધિ વ્યુત્સર્ગ)-બાર પ્રકારની ઉપધિના (ત્યાગરૂપ) (અને)

★ અભ્યન્તર (ઉપધિ વ્યુત્સર્ગ)-શરીરનો અને કષાયોના (ત્યાગરૂપ) એમ બે પ્રકારે. ॥૨૬॥

## सूत्रम्- उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥९-२७॥

અર્થ- ઉત્તમસંઘયણવાળા જીવને એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન કહેવાય.

भाष्यम्- उत्तमसंहननं वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचं अर्धनाराचं च, तद्युक्तस्यैकाग्रचिन्तानिरोधश्च ध्यानम् ॥२७॥

અર્થ- ઉત્તમસંઘયણ-વજ્રઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ અને અર્ધનારાચ (આ ચાર સંઘયણ).

★ તે સંઘયણથી યુક્ત જીવને એક આલંબન (વિષય)માં વિચારોની સ્થિરતા તે ધ્યાન કહેવાય. ॥૨૭॥

## सूत्रम्- आमुहूर्तात् ॥९-२८॥

અર્થ- તે ધ્યાન મુહૂર્ત સુધી (અન્તમુહૂર્ત) હોય છે.

भाष्यम्- तद् ध्यानमामुहूर्ताद्भवति, परतो न भवति, दुर्ध्यानत्वात् ॥२८॥

અર્થ- તે ધ્યાન મુહૂર્ત[1] સુધી (અંતમુહૂર્ત) હોય છે. તેનાથી વધારે નથી હોતું-વિકારાન્તરને પામેલું = દુર્ધ્યાન હોવાથી. ॥૨૮॥

## सूत्रम्- आर्त-रौद्र-धर्म-शुक्लानि ॥९-२९॥

અર્થ- આર્ત-રૌદ્ર-ધર્મ અને શુક્લ. આ ચાર પ્રકારે ધ્યાન છે.

भाष्यम्- तच्चतुर्विधं भवति, तद्यथा-आर्तं रौद्रं धर्मं शुक्लमिति ॥२९॥ तेषाम्

અર્થ- તે (ધ્યાન) ચાર પ્રકારે છે. તે આ રીતે- (૧) આર્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ અને (૪) શુક્લ. ॥૨૯॥ તેમાં...

## सूत्रम्- परे मोक्षहेतू ॥९-३०॥

અર્થ- પછીના-(છેલ્લા) બે ધ્યાન મોક્ષના કારણભૂત છે.

---

૧. મુહૂર્ત = બે ઘડી-બે ઘડી સુધી એટલે બે ઘડીની અંદર, અર્થાત્ બે ઘડી પૂર્ણ નહિ... માટે અન્તર્મુહૂર્ત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- तेषां चतुर्णां ध्यानानां परे धर्मशुक्ले मोक्षहेतू भवतः, पूर्वे त्वार्तरौद्रे संसारहेतू इति ॥३०॥
અર્થ- તે ચાર ધ્યાનોમાંના પછીનાં ધર્મ અને શુક્લધ્યાન મોક્ષના કારણો છે. પૂર્વના (પહેલાનાં) બે ધ્યાન-આર્ત અને રૌદ્ર તો સંસારના કારણો છે. ॥૩૦॥

भाष्यम्- अत्राह-किमेषां लक्षणमिति. ? अत्रोच्यते-
અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે (આર્ત વગેરે) ધ્યાનનું લક્ષણ શું છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

**सूत्रम्- आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥९-३१॥**

અર્થ- અનિષ્ટવસ્તુનો યોગ થયે છતે તેના વિયોગ માટે સ્મૃતિ સમન્વાહાર (એકાગ્રચિત્તે વિચારણા) તે આર્તધ્યાન.

भाष्यम्- अमनोज्ञानां विषयाणां संप्रयोगे तेषां विप्रयोगार्थं यः स्मृतिसमन्वाहारो भवति तदार्तध्यानमित्याचक्षते ॥३१॥ **किंचान्यत्-**
અર્થ- અનિષ્ટ પદાર્થોનો યોગ થયે છતે તેના વિયોગ (પ્રતિકાર) માટે જે સ્મૃતિ સમન્વાહાર (મનની નિશ્ચલતા) થાય છે તે (અનિષ્ટ વિયોગ) આર્તધ્યાન કહેવાય છે. ॥૩૧॥ વળી...

**सूत्रम्- वेदनायाश्च ॥९-३२॥**

અર્થ- વેદના પ્રાપ્ત થયે છતે તેના પ્રતિકાર માટે એકાગ્રચિત્તે વિચારણા કરવી તે પણ આર્તધ્યાન છે.

भाष्यम्- वेदनायाश्चामनोज्ञायाः संप्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहार आर्तमिति ॥३२॥ **किंचान्यत्**
અર્થ- અનિચ્છિત વેદના પ્રાપ્ત થયે છતે તેના પ્રતિકાર માટેની જે મનની નિશ્ચલતા (વિશિષ્ટમનનું પ્રણિધાન) તે (વેદના વિયોગ) આર્તધ્યાન- ॥૩૨॥ વળી...

**सूत्रम्- विपरीतं मनोज्ञानाम् ॥९-३३॥**

અર્થ- ઈચ્છિત પદાર્થોનો કે ઈચ્છિત વેદનાનો વિયોગ થયે છતે તે (પદાર્થ વેદનાની) પ્રાપ્તિ માટે (મનની સ્થિરતા) ચિન્તવના (ઝંખના) કરવી તે (ઈષ્ટ સંયોગ) આર્તધ્યાન.

भाष्यम्- मनोज्ञानां विषयाणां मनोज्ञायाश्च वेदनाया विप्रयोगे तत्संप्रयोगाय स्मृतिसमन्वाहार आर्तम् ॥३३॥ **किंचान्यत्-**
અર્થ- ઈચ્છિત પદાર્થાનો અને ઈચ્છિત વેદનાનો વિયોગ થયે છતે તેની ફરી પ્રાપ્તિ માટેની એકાગ્ર ચિત્તે વિચારણા તે (ઈષ્ટ સંયોગ) આર્તધ્યાન. ॥૩૩॥ વળી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सूत्रम्- निदानं च ॥९-३४॥**

અર્થ- નિયાણું કરવું તે પણ આર્તધ્યાન છે.

भाष्यम्- कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानमार्तध्यानं भवति ॥३४॥

અર્થ- કામથી વિહ્વળ ચિત્તવાળા આવતાં ભવ સંબંધી વિષય સુખમાં આસક્ત આત્માઓનું (જે) નિયાણું (આત્મસુખનું કાપવું) તે નિદાન આર્તધ્યાન કહેવાય છે. ॥૩૪॥

**सूत्रम्- तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥९-३५॥**

અર્થ- તે આર્તધ્યાન અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત સંયતોને હોય છે.

भाष्यम्- तदेतदार्तध्यानमविरतदेशविरतप्रमत्तसंयतानामेव भवति ॥३५॥

અર્થ- તે આ આર્તધ્યાન અવિરત, દેશવિરત, અને પ્રમત્ત સંયતને જ હોય છે. ॥૩૫॥

**सूत्रम्- हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ॥९-३६॥**

અર્થ- હિંસા, અનૃત (જૂઠ), સ્તેય (ચોરી) અને ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થના રક્ષણ માટે એકાગ્રચિત્તે વિચારણા. તે રૌદ્રધ્યાન કહેવાય અને તે રૌદ્રધ્યાન અવિરતિધર અને દેશવિરતિધરને હોય.

भाष्यम्- हिंसार्थमनृतवचनार्थं स्तेयार्थं विषयसंरक्षणार्थं च स्मृतिसमन्वाहारो रौद्रध्यानं, तदविरत-देशविरतयोरेव भवति ॥३६॥

અર્થ- હિંસા માટે, જૂઠ વચન માટે, ચોરી માટે અને ઈન્દ્રિયગ્રાહ્ય વિષયોના રક્ષણ માટે સ્મૃતિ સમન્વાહાર (મનની નિશ્ચલતા) તે રૌદ્રધ્યાન. તે (રૌદ્રધ્યાન) અવિરત અને દેશવિરતને જ હોય છે. ॥૩૬॥

**सूत्रम्- आज्ञा-ऽपाय-विपाक-संस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य ॥९-३७॥**

અર્થ- (વિચય એટલે પર્યાલોચન અર્થાત્ તન્મયપણું) આજ્ઞામાં તન્મયપણું, અપાય (દુઃખ) માં તન્મયપણું, વિપાક(કર્મફળ)માં તન્મયપણું, સંસ્થાન (આકાર-લોક) માં તન્મયપણું તે સંબધી અપ્રમત્તસંયતિનો વિચાર (ચિન્તન) તે ધર્મધ્યાન.

भाष्यम्- आज्ञाविचयाय अपायविचयाय विपाकविचयाय संस्थानविचयाय च स्मृतिसमन्वाहारो धर्मध्यानम्, तदप्रमत्तसंयतस्य भवति ॥३७॥ किञ्चान्यत्-

અર્થ- આજ્ઞાની તન્મયતા, અપાયની તન્મયતા, વિપાકની તન્મયતા અને સંસ્થાનની તન્મયતાનો (જે એકાગ્રતાથી) વિચાર તે ધર્મધ્યાન. તે ધર્મધ્યાન અપ્રમત્તસંયતને હોય છે. ॥૩૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सूत्रम्- उपशांत क्षीणकषाययोश्च ॥९-३८॥

અર્થ- ઉપશાંતકષાયવાળા અને ક્ષીણ કષાયવાળાને ધર્મધ્યાન હોય છે.

भाष्यम्- उपशान्तकषायस्य क्षीणकषायस्य च धर्मं ध्यानं भवति ॥३८॥
અર્થ- ઉપશાંતકષાય અને ક્ષીણકષાયવાળાને ધર્મધ્યાન હોય છે. ॥૩૮॥

## सूत्रम्- शुक्ले चाद्ये ॥९-३९॥

અર્થ- શુક્લ ધ્યાનના આદ્ય બે ભેદો ઉપશાંત અને ક્ષીણ કષાયવાળાને હોય છે.

भाष्यम्- शुक्ले चाद्ये ध्याने-पृथक्त्ववितर्कैकत्ववितर्के चोपशान्तक्षीणकषाययोर्भवतः ॥३९॥
અર્થ- પેહલા બે શુક્લધ્યાન (ના ભેદ) (૧) પૃથક્ત્વવિતર્ક અને (૨જો) એકત્વવિતર્ક. એ ઉપશાન્ત કષાયવાળાને અને ક્ષીણકષાયવાળાને હોય છે. ॥૩૯॥

## सूत्रम्- पूर्वविदः[१] ॥९-४०॥

અર્થ- પહેલા બે ભેદો પૂર્વધરને હોય છે.

भाष्यम्- आद्येशुक्ले ध्याने पृथक्त्ववितर्कैकत्ववितर्के पूर्वविदो भवतः ॥४०॥
અર્થ- પહેલા બે શુક્લ ધ્યાનના ભેદો (૧) પૃથક્ત્વ વિતર્કી અને (૨) એકત્વ વિતર્કી પૂર્વધરને હોય છે. ॥૪૦॥

## सूत्रम्- परे केवलिनः ॥४१॥

અર્થ- શુક્લ ધ્યાનના પછીના બે ભેદો કેવલી ભગવંતોને હોય છે.

भाष्यम्- परे द्वे शुक्लेध्याने केवलिन एव भवतः, न छद्मस्थस्य ॥४१॥
અર્થ- પછીના બે શુક્લધ્યાન (શુક્લ ધ્યાનના છેલ્લા બે ભેદ) કેવલી ભગવંતને જ હોય છે. (પરંતુ) છદ્મસ્થને નહિ. ॥૪૧॥

भाष्यम्- अत्राह- उक्तं भवता-'पूर्वे शुक्ले ध्याने, परे शुक्ले ध्याने' इति, तत् कानि तानीति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે આપશ્રીએ કહ્યું કે 'પહેલાના બે શુક્લધ્યાન અને પછીના બે શુક્લ ધ્યાન' એ પ્રમાણે (તે ચાર). તો તે કયા છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

---

૧. અહીં ભાષ્યકાર ૩૯-૪૦ સૂત્રને અલગ જણાવે છે. જ્યારે પૂ. સિદ્ધસેનગણિ ટીકાકાર જણાવે છે કે -**सूत्रान्तरमिव व्याचष्टे, न तु परमार्थतः पृथक् सूत्रम् ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सूत्रम्- पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियाऽनिवर्तीनि(वृत्तीनि) ॥९-४१॥

અર્થ- (શુક્લધ્યાનના) (૧) પૃથક્ત્વ વિતર્ક, (૨) એકત્વ વિતર્ક, (૩) સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ અને (૪) વ્યુપરતક્રિયાનિવર્તિ (ચાર ભેદો) છે.

भाष्यम्- पृथक्त्ववितर्कं एकत्ववितर्कं सूक्ष्मक्रियाप्रतिपाति व्युपरतक्रियानिवृत्तीति चतुर्विधं शुक्लध्यानम् ॥४१॥

અર્થ- (૧) પૃથક્ત્વવિતર્ક, (૨) એકત્વવિતર્ક, (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને (૪) વ્યુપરતક્રિયા અનિવર્તિ એ પ્રમાણે ચાર પ્રકારે શુક્લધ્યાન છે. ॥૪૧॥

सूत्रम्- तत् त्र्येककाययोगाऽयोगानाम् ॥९-४२॥

અર્થ- તે (ચાર ભેદો અનુક્રમે) ત્રણ યોગવાળાને, એક (ગમે તે એક) યોગવાળાને, કાયયોગવાળાને અને (ચોથોભેદ) અયોગીને હોય છે.

भाष्यम्- तदेतच्चतुर्विधं शुक्लध्यानं त्रियोगस्यान्यतमयोगस्य काययोगस्यायोगस्य च यथासङ्ख्यं भवति, तत्र त्रियोगानां पृथक्त्ववितर्कम्, एकान्यतमयोगानामेकत्ववितर्कं काययोगानां सूक्ष्मक्रियमप्रतिपाति अयोगानां व्युपरतक्रियमनिवृत्तीति ॥४२॥

અર્થ- તે આ પ્રમાણે શુક્લધ્યાનના ચાર પ્રકારો અનુક્રમે ત્રણયોગવાળાને, કોઈપણ એક યોગવાળાને, કાયયોગવાળાને અને અયોગિને હોય છે. ત્યાં ત્રણયોગવાળાને પૃથક્ત્વવિતર્ક (શુક્લધ્યાનનો ૧ લો ભેદ), કોઈપણ એકયોગ વાળાને એકત્વવિતર્ક (૨ જો ભેદ), કાયયોગવાળાને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ (૩ જો ભેદ) અને અયોગીને વ્યુપરતક્રિયા અનિવર્તિ (૪ થો ભેદ) હોય છે. ॥૪૨॥

सूत्रम्- एकाश्रये सवितर्के पूर्वे ॥९-४३॥

અર્થ- (શુક્લ ધ્યાનના) પહેલા બે ભેદો એક દ્રવ્ય આશ્રયી વિતર્ક (શ્રુત) સહિત હોય છે.

भाष्यम्- एकद्रव्याश्रये सवितर्के पूर्वे ध्याने-प्रथमद्वितीये ॥ तत्र सविचारं प्रथमम्- ॥४३॥

અર્થ- (શુક્લ ધ્યાનના) પહેલા બે ભેદ એટલે પહેલું-બીજું શુક્લ ધ્યાન એક દ્રવ્ય આશ્રયી વિતર્ક સહિત હોય છે. તેમાં પહેલું ધ્યાન સવિચાર. ॥૪૩॥

सूत्रम्- अविचारं द्वितीयम् ॥९-४४॥

અર્થ- બીજું શુક્લધ્યાન વિચાર રહિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- अविचारं सवितर्कं द्वितीयं ध्यानं भवति ॥४४॥
અર્થ- બીજું ધ્યાન અવિચાર. અવિચાર વિતર્ક-સહિત છે. ॥૪૪॥

भाष्यम्- अत्राह-वितर्कविचारयोः कः प्रतिविशेष इति ?, **अत्रोच्यते-**
અર્થ- (જિજ્ઞાસુ) અહીં કહે છે કે વિતર્ક અને વિચારમાં શો ફરક છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

**सूत्रम्- वितर्कः श्रुतम् ॥९-४५॥**

અર્થ- વિતર્ક એટલે (પૂર્વસમ્બન્ધી) શ્રુતજ્ઞાન જાણવું.

भाष्यम्- यथोक्तं श्रुतज्ञानं वितर्को भवति ॥४५॥
અર્થ- પૂર્વેકહેલ (પૂર્વગત) શ્રુતજ્ઞાન તે વિતર્ક કહેવાય છે. ॥૪૫॥

**सूत्रम्- विचारोर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ॥९-४६॥**

અર્થ- અર્થ, વ્યંજન અને યોગનું જે સંક્રમણ તે વિચાર છે.

भाष्यम्- अर्थव्यञ्जनयोगसंक्रान्तिर्विचार इति ॥ एतदभ्यन्तरं तपः संवरत्वादभिनवकर्मोपचयप्रतिषेधकं निर्जरणफलत्वात्कर्मनिर्जरकम्, अभिनवकर्मोपचयप्रतिषेधकत्वात्पूर्वोपचितकर्मनिर्जरकत्वाच्च निर्वाणप्रापकमिति ॥४६॥
અર્થ- અર્થ, વ્યજંન અને યોગનું સંક્રમણ તે વિચાર. આ અભ્યન્તર તપ સંવરરૂપ હોવાથી (સંવરનું કારણ હોવાથી) નવાકર્મોના સમુહને અટકાવનાર છે. તેમજ (આ અભ્યન્તરતપ) નિર્જરારૂપ ફળવાળો હોવાથી કર્મનિર્જરા કરનાર છે. (આ રીતે આ તપ) નવાકર્મોના સમૂહને અટકાવનાર હોવાથી અને પૂર્વસંચિતકર્મોની નિર્જરા કરનાર હોવાથી નિર્વાણ પ્રાપ્તિ કરાવનાર છે. ॥૪૬॥

भाष्यम्- अत्राह-उक्तं भवता-'परीषहजयात्तपसोऽनुभावतश्च कर्मनिर्जरा भवती'ति, तत्किं सर्वे सम्यग्दृष्टयः समनिर्जरा आहोस्विदस्ति कश्चित्प्रतिविशेष इति ?, अत्रोच्यते–
અર્થ- (જિજ્ઞાસુ-) અહીં કહે છે કે આપશ્રીએ (અ. ૯- સૂ. ૨-૩ માં) કહ્યું કે પરીષહના સહવાથી, તપથી અને ભોગવવાથી કર્મનિર્જરા થાય છે. તો શું સર્વે સમ્યગ્ દષ્ટિઓ સરખી નિર્જરાવાળા હોય છે કે કોઈ ફરક ખરો ? ઉત્તરકાર) કહેવાય છે અહીં-

**सूत्रम्- सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोगजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ॥९-४७॥**

અર્થ- (૧) સમ્યગ્દષ્ટિ, (૨) શ્રાવક, (૩) વિરતિધર, (૪) અનંતાનુબંધિવિયોજક, (૫) દર્શનમોહક્ષપક,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૬) મોહઉપશમક, (૭) ઉપશાન્ત મોહ, (૮) મોહક્ષપક, (૯) ક્ષીણમોહ અને (૧૦) જિન. આ દશેય અનુક્રમે અસંખ્યગુણી-અસંખ્યગુણી નિર્જરાવાળા હોય છે.

भाष्यम्- सम्यग्दृष्टिः श्रावकः विरतः अनन्तानुबन्धिवियोजकः दर्शनमोहक्षपकः मोहोपशमकः उपशान्तमोहः मोहक्षपकः क्षीणमोहः जिन इत्येते दश क्रमशोऽसङ्ख्येयगुणनिर्जरा भवन्ति, तद्यथा-सम्यग्दृष्टेः श्रावकोऽसङ्ख्येयगुणनिर्जरः श्रावकाद्विरतः विरतादनन्तानुबन्धिवियोजक इति, एवं शेषाः ॥४७॥

અર્થ- સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનન્તાનુબન્ધિ વિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાન્તમોહ, મોહક્ષપક, ક્ષીણમોહ અને જિન-એમ આ દશ અનુક્રમે અસંખ્યગુણી નિર્જરાવાળા હોય છે. તે આ રીતે, સમ્યગ્દૃષ્ટિ કરતા શ્રાવક (દેશવિરતિ) અસંખ્યગુણ નિર્જરાવાળો, શ્રાવક કરતા વિરત (વિરતિધર) (અસંખ્યગુણ નિર્જરાવાળો), વિરત કરતા અનંતાનુબન્ધિવિયોજક (અસંખ્યગુણ નિર્જરાવાળો), એ પ્રમાણે શેષ જાણવા. ॥૪૭॥

**सूत्रम्- पुलाक-बकुश-कुशील-निर्ग्रन्थ-स्नातका निर्ग्रन्थाः ॥९-४८॥**

અર્થ- પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક (આ પાંચ ભેદ) નિર્ગ્રન્થો, (જૈન સાધુ) છે.

भाष्यम्- पुलाको बकुशः कुशीलो निर्ग्रन्थः स्नातक इत्येते पञ्च निर्ग्रन्थविशेषा भवन्ति ।

અર્થ- પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રન્થના ભેદો છે.

भाष्यम्- तत्र सततमप्रतिपातिनो जिनोक्तादागमान्निर्ग्रन्थपुलाकाः, नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिताः शरीरोपकरण-विभूषानुवर्तिन ऋद्धियशस्कामाः सातगौरवाश्रिता अविविक्तपरिवाराश्छेदशबलयुक्ता निर्ग्रन्था बकुशाः ।

અર્થ- તેમાં જિનોક્ત આગમથી હંમેશા અપ્રતિપાતિ (અડગ) હોય છે તે પુલાક સાધુ. નિર્ગ્રન્થતા (સાધુતા) તરફ પ્રયાણ કરેલ (પરંતુ) શરીર અને ઉપકરણની શોભાને અનુસરનારા, ઋદ્ધિ અને યશની ઈચ્છાવાળા, સુખમાં આદરવાળા (સુખશીલતાને પામેલા), અસંયમી (અવિવેકી) પરિવારવાળા, દેશથી કે સર્વથી છેદ પ્રાયશ્ચિત (અતિચારો) થી યુક્ત (એવા જે) સાધુઓ તે બકુશ નિર્ગ્રન્થ (સાધુ).

भाष्यम्- कुशीला द्विविधाः-प्रतिसेवनाकुशीलाः कषायकुशीलाश्च, तत्र प्रतिसेवना-कुशीलाः- नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियतेन्द्रियाः कथंचित्किंचिदुत्तरगुणेषु विराधयन्तश्चरन्ति ते प्रतिसेवनाकुशीलाः ।

અર્થ- કુશીલ (જે નિર્ગ્રન્થનો ૩જો ભેદ) બે પ્રકારે છે. (૧) પ્રતિસેવના કુશીલનિર્ગ્રન્થો અને (૨) કષાયકુશીલનિર્ગ્રન્થો. તેમાં પ્રતિસેવના કુશીલો એટલે નિર્ગ્રન્થતા તરફ પ્રવર્તેલા, (પરંતુ) ઈન્દ્રિયો ઉપર કાબૂ ન રાખી શકનારા. કોઈક રીતે (બહાનું બતાવીને) ઉત્તરગુણોમાં કંઈક વિરાધના કરતા (જે)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચરે છે તેઓ પ્રતિસેવના કુશીલ નિર્ગ્રન્થો કહેવાય.

भाष्यम्- येषां तु संयतानां सतां कथंचित्संज्वलनकषाया उदीर्यन्ते ते कषायकुशीलाः ।
અર્થ- સંયતપણામાં હોવા છતાં જે (મૂલોત્તરગુણોથી યુક્ત હોવા છતાં) જેઓને કોઈક રીતે (કંઈક નિમિત્તપામીને) તેમને સંજ્વલન કષાયો ઉદયમાં આવે તે કષાયકુશીલ કહેવાય.

भाष्यम्- ये वीतरागच्छद्मस्था ईर्यापथप्राप्तास्ते निर्ग्रन्थाः, ईर्या योगः पन्थाः संयमः योगसंयमप्राप्ता इत्यर्थः ।
અર્થ- જે વીતરાગછદ્મસ્થો વિશિષ્ટ ક્રિયાથી વિશિષ્ટ સંયમને પામ્યા છે તેઓ નિર્ગ્રન્થ (ચોથો ભેદ) કહેવાય. ઈર્યા એટલે યોગ (વ્યાપાર), પન્થા = સંયમ, વ્યાપારવડે વિશિષ્ટ સંયમને પામેલા અર્થાત્ યથાખ્યાત ચારિત્રને પામેલા-તે 'નિર્ગ્રન્થ' એવો અર્થ છે.

भाष्यम्- सयोगाः शैलेशीप्रतिपन्नाश्च केवलिनः स्नातका इति ॥४८॥
અર્થ- સયોગીકેવલીભગવંતો અને શૈલશીકરણને પામેલા (અયોગી) કેવલીભગવંતો સ્નાતક નિર્ગ્રન્થો કહેવાય ॥૪૮॥

**सूत्रम्- संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पतः साध्याः ॥९-४९॥**
અર્થ- પાંચેય નિર્ગ્રન્થો-સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત અને સ્થાન. (આ આઠ) વિકલ્પોથી વિચારવાં જોઈએ.

भाष्यम्- एते पुलाकादयः पञ्च निर्ग्रन्थविशेषा एभिः संयमादिभिरनुयोगविकल्पैः साध्या भवन्ति, तद्यथा-**संयमः**, कः कस्मिन् संयमे भवतीति ?, उच्यते, पुलाकबकुशप्रतिसेवनाकुशीला द्वयोः संयमयोः सामायिके छेदोपस्थाप्ये च, कषायकुशीला द्वयोः-परिहारविशुद्धौ सूक्ष्मसंपराये च, निर्ग्रन्थस्नातकावेकस्मिन् यथाख्यातसंयमे ।
અર્થ- આ પુલાકાદિ પાંચ નિર્ગ્રન્થના ભેદો આ (સૂત્રોક્ત) સંયમાદિ અનુયોગના ભેદો વડે સાધી શકાય છે (વિચારી શકાય છે). તે આ રીતે, **સંયમ**- કયા સાધુ કયા સંયમ (એટલે પાંચ સામાયિક પૈકી કયા સામાયિક) માં હોય છે ? (જવાબ) કહેવાય છે. પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ સાધુ બે સંયમમાં અર્થાત્ સામાયિક અને છેદોપસ્થાપનીય સંયમમાં હોય છે. કષાયકુશીલ સાધુ પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય (એમ બે સંયમમાં હોય છે.) નિર્ગ્રન્થસાધુ અને સ્નાતક સાધુ યથાખ્યાત (એક) સંયમમાં વર્તતા હોય છે.

भाष्यम्- श्रुतम्, पुलाकबकुशप्रतिसेवनाकुशीला उत्कृष्टेनाभिन्नाक्षरदशपूर्वधराः, कषायकुशील-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निर्ग्रन्थौ चतुर्दशपूर्वधरौ, जघन्येन पुलाकस्य श्रुतमाचारवस्तु, बकुशकुशीलनिर्ग्रन्थानां श्रुतमष्टौ प्रवचनमातरः, श्रुतापगतः केवली स्नातक इति ।

અર્થ- શ્રુત- પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ સાધુઓ ઉત્કૃષ્ટથી પૂરા દશપૂર્વધર, કષાયકુશીલ અને નિર્ગ્રન્થસાધુઓ ચૌદ પૂર્વધર અને જઘન્યથી પુલાકનું શ્રુત આચારવસ્તુ (નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુ છે.) બકુશ, કુશીલ અને નિર્ગ્રન્થ સાધુઓનું શ્રુતજ્ઞાન અષ્ટપ્રવચનમાતા સુધીનું હોય છે. સ્નાતક (તે) શ્રુતરહિત કેવળજ્ઞાની છે.

भाष्यम्- **प्रतिसेवना,** पञ्चानां मूलगुणानां रात्रिभोजनविरतिषष्ठानां पराभियोगाद्बलात्कारेणान्यतमं प्रतिसेवमानः पुलाको भवति, मैथुनमित्येके ।

અર્થ- પ્રતિસેવના- બીજાની પ્રેરણાથી કે બળજબરીથી પુલાક (સાધુ) પાંચમૂળગુણ (મહાવ્રત) અને છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રતના દોષને સેવે (વ્રતનું ખંડન કરે) છે. કેટલાક 'પુલાકને મૈથુનની પ્રતિસેવના કરે' એમ કહે છે. (અર્થાત્ બીજાની પ્રેરણાથી કે દબાણથી મૈથુનને સેવે છે.)

भाष्यम्- बकुशो द्विविधः-उपकरणबकुशः शरीरबकुशश्च, तत्रोपकरणाभिष्वक्तचित्तो विविधविचित्रमहाधनोपकरण- परिग्रहयुक्तो बहुविशेषोपकरणाकांक्षायुक्तो नित्यं तत्प्रतिसंस्कारसेवी भिक्षुरुपकरणबकुशो भवति ।

અર્થ- બકુશ (સાધુ) બે પ્રકારે છે. (૧) ઉપકરણબકુશ અને (૨) શરીરબકુશ. તેમાં- ઉપકરણોમાં આસક્ત ચિત્તવાળો ઉપકરણ બકુશ સાધુ જુદા જુદા પ્રકારના (દેશ-પરદેશવાળા) રંગબેરંગી મહામૂલ્યવાન ઉપકરણોના પરિગ્રહથી યુક્ત, તેમજ ઘણીજાતના (મૃદુ, સ્નિગ્ધ, દઢ વગેરે ભેદવાળા) ઉપકરણોની ઈચ્છાવાળો, તેમજ હંમેશા તે (ઉપકરણો) ની સાફસૂફી આદિકરનાર હોય છે. (પણ મૂળવ્રતોનો વિરાધક હોતો નથી)

भाष्यम्- शरीराभिष्वक्तचित्तो विभूषार्थं तत्प्रतिसंस्कारसेवी शरीरबकुशः, प्रतिसेवनाकुशीलो मूलगुणानविराधयन्नुत्तरगुणेषु कांचिद्विराधनां प्रतिसेवते, कषायकुशीलनिर्ग्रन्थस्नातकानां प्रतिसेवना नास्ति ॥

અર્થ- શરીરમાં આસક્ત ચિત્તવાળો શરીરબકુશ (શરીરની) શોભા માટે તેની (શરીરની) સ્વચ્છતા રાખવાના લક્ષ્યવાળો હોય. પ્રતિસેવના કુશીલ (સાધુઓ) મૂળગુણને ન વિરાધતો ઉત્તરગુણમાં કાંઈક વિરાધના કરે છે. કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક સાધુઓને પ્રતિસેવના નથી હોતી.

भाष्यम्- **तीर्थम्,** सर्वे सर्वेषां तीर्थंकराणां तीर्थेषु भवन्ति, एके त्वाचार्या मन्यन्ते- पुलाकबकुशप्रतिसेवनाकुशीलास्तीर्थे नित्यं भवन्ति, शेषास्तीर्थे वा अतीर्थे वा ॥

અર્થ- તીર્થ-બધા (પુલાકાદિ પાંચે ય) બધા તીર્થંકરોના તીર્થમાં હોય છે. પરંતુ કેટલાક આચાર્યો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(એવું) માને છે કે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ સાધુઓ તીર્થમાં (તીર્થંકર શાસનમાં) હંમેશા હોય છે. બાકીના તીર્થમાં અથવા અતીર્થમાં હોય છે.

भाष्यम्- **लिङ्गम्**, लिङ्गम् द्विविधं द्रव्यलिङ्गं भावलिङ्गं च, भावलिङ्गं प्रतीत्य सर्वे पञ्च निर्ग्रन्था भावलिङ्गे भवन्ति, द्रव्यलिङ्गं प्रतीत्य भाज्याः ॥

અર્થ- લિંગ-લિંગ બે પ્રકારે છે. (૧) દ્રવ્યલિંગ (ઓઘો, મુહપતિ વગેરે) (૨) ભાવલિંગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ભાવલિંગને આશ્રયીને બધા-પાંચેય નિર્ગ્રન્થો ભાવલિંગવાળા હોય છે. દ્રવ્યલિંગને આશ્રયીને વિકલ્પે. (અર્થાત્ દ્રવ્યલિંગને આશ્રયી પુલાકાદિ હોય કે ન પણ હોય.)

भाष्यम्- **लेश्याः**, पुलाकस्योत्तरास्तिस्रो लेश्या भवन्ति, बकुशप्रतिसेवनाकुशीलयोः सर्वाः षडपि, कषायकुशीलस्य परिहारविशुद्धेस्तिस्र उत्तराः, सूक्ष्मसंपरायस्य निर्ग्रन्थस्नातकयोश्च शुक्लैव केवला भवति, अयोगः शेलैशीप्रतिपन्नोऽलेश्यो भवति ॥

અર્થ- લેશ્યા-પુલાકને પછીની ત્રણ (તેજો, પદ્મ અને શુક્લ) લેશ્યા હોય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલને બધી (અર્થાત્ છ એ છ) લેશ્યા હોય છે. પરિહારવિશુદ્ધિ કષાયકુશીલને પછીની ત્રણ (તેજો, પદ્મ અને શુક્લ) લેશ્યા. અને સૂક્ષ્મસંપરાય સંયમવાળા કષાયકુશીલને તેમજ નિગ્રન્થ તથા સ્નાતકને ફક્ત શુક્લ લેશ્યા જ હોય છે અને શૈલેશી ભાવને પામેલ અયોગી કેવલી લેશ્યા રહિત હોય છે.

भाष्यम्- **उपपातः**, पुलाकस्योत्कृष्टस्थितिषु देवेषु सहस्रारे, बकुशप्रतिसेवनाकुशीलयोर्द्वाविंशतिसागरोपमस्थितिष्वारणाच्युतकल्पयोः, कषायकुशीलनिर्ग्रन्थयोस्त्रयस्त्रिंशत्सागरोपमस्थितिषु देवेषु सर्वार्थसिद्धे, सर्वेषामपि जघन्या पल्योपमपृथक्त्वस्थितिषु सौधर्मे, स्नातकस्य निर्वाणमिति ॥

અર્થ- ઉપપાત-(અનન્તર જન્મ સ્થાન)-પુલાક (સાધુ) નો ઉપપાત સહસ્રાર દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં થાય છે. બકુશ, પ્રતિસેવના કુશીલનો ઉપપાત આરણ-અચ્યૂતમાં બાવીસ સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં થાય છે. કષાયકુશીલ અને નિર્ગ્રન્થસાધુનો ઉપપાત સર્વાર્થસિદ્ધમાં તેત્રીશસાગરોપમની સ્થિતિવાળા દેવમાં થાય છે. સર્વે (પાંચે ય)નો ઉપપાત સૌધર્મમાં જઘન્યથી પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિવાળા દેવોમાં હોય, સ્નાતકને નિર્વાણ (મોક્ષ) હોય.

भाष्यम्- **स्थानम्**, असङ्ख्येयानि संयमस्थानानि कषायनिमित्तानि भवन्ति, तत्र सर्वजघन्यानि लब्धिस्थानानि पुलाककषायकुशीलयोः, तौ युगपदसङ्ख्येयानि स्थानानि गच्छतः, ततः पुलाको व्युच्छिद्यते, कषायकुशीलस्त्वसङ्ख्येयानि स्थानान्येकको गच्छति, ततः कषायकुशीलप्रतिसेवनाकुशीलबकुशा युगपदसङ्ख्येयानि संयमस्थानानि गच्छन्ति, ततो बकुशो व्युच्छिद्यते, ततोऽसङ्ख्येयानि स्थानानि गत्वा प्रतिसेवनाकुशीलो व्युच्छिद्यते, ततोऽसख्येयानि स्थानानि गत्वा कषायकुशीलो व्युच्छिद्यते, अत ऊर्ध्वमकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते, सोऽप्यसङ्ख्येयानि

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्थानानि गत्वा व्युच्छिद्यते, अत ऊर्ध्वमेकमेव स्थानं गत्वा निर्ग्रन्थस्नातको निर्वाणं प्राप्नोतीति, एषां संयमलब्धिरनन्तानन्तगुणा भवतीति ॥४९॥

**અર્થ- સ્થાન** (અધ્યવસાયસ્થાન, સંયમસ્થાન કે પરિણામસ્થાન એકાર્થક છે.) કષાયનિમિત્તક અસંખ્ય સ્થાનો હોય છે. ત્યાં સર્વ જઘન્ય સંયમસ્થાનો પુલાક અને કષાયકુશીલને હોય છે. તે બંને એક સાથે અસંખ્યસ્થાન પ્રાપ્ત કરે છે. પછી પુલાક અટકી જાય છે. કષાયકુશીલતો એકલો અસંખ્યસ્થાન (ઉપર) જાય છે. ત્યાંથી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એક સાથે અસંખ્ય સંયમસ્થાન (આગળ) જાય છે. ત્યાર બાદ બકુશ અટકી જાય છે. ત્યાર બાદ અસંખ્ય સ્થાન જઈને પ્રતિસેવનાકુશીલ અટકી જાય છે. ત્યાર બાદ અસંખ્ય સ્થાનો જઈને કષાયકુશીલ અટકી જાય છે. હવે આગળ નિર્ગ્રન્થ સાધુ અકષાય (કષાય રહિત) સ્થાનોને પામે છે, તે પણ અસંખ્ય સ્થાનો આગળ વધી અટકી જાય છે. અહીંથી આગળ એક જ ઉપરના સ્થાને જઈને સ્નાતક નિર્ગ્રન્થ નિર્વાણ પામે છે. આ પાંચેયની સંયમલબ્ધિ અનન્ત-અનન્ત ગુણી હોય છે. ॥૪૯॥

## ★ ઉપસંહાર ★

★ આ અધ્યાયમાં સંવર અને નિર્જરાની વાત કરી છે.

★ 'નવાકર્મોને આવતા અટકાવવા અને જૂનાકર્મોને નાશ કરવા' આ જે પ્રક્રિયા તે અનુક્રમે સંવર અને નિર્જરા.

★ જો કે, કોઈપણ બંધાયેલ કર્મ એવું તો છે જ નહિ કે જે આત્મા સાથે અનંતકાળ પર્યન્ત ટકી રહે. દરેક કર્મ વધારેમાં વધારે અસંખ્યકાળની મર્યાદાવાળા જ હોય છે.

એટલે કે બંધાયેલ કર્મ અવશ્ય મર્યાદિતકાળમાં નાશ પામવાના જ... અર્થાત્ નિર્જરા થાવની જ... પરન્તુ આપમેળે (ભોગવી-ભોગવી) એટલે કે બંધાયેલ જે મર્યાદિત કાળવાળું કર્મ તેટલી મર્યાદામાં જ નાશ પામે અર્થાત્ નિર્જરા થાય, તે જે નિર્જરા એવી લાભદાયી નથી કે મોક્ષ અપાવી શકે. કેમ કે, આવી રીતે કર્મ નિર્જરવા જઈએ તો જીવનો મોક્ષ કયારેય થઈ શકે નહિ. સ્થૂલતાથી વિચારતા- ૧૦૦ વરસના કર્મને સમયે-સમયે નિર્જરતા પ્રાયઃ ૧૦૦ વર્ષ પૂરા થાય. અને તે ૧૦૦ વરસ દરમ્યાન બીજા કેટલાય સેંકડો, હજારો, લાખો, ક્રોડો,અબજો વગેરે વરસોનો કર્મજથ્થો આત્મા સાથે એકમેક થઈ જાય. માટે આવી નિર્જરાથી શો લાભ ? પ્રાયઃ કોઈ જ નહિ.

★ પરંતુ આવું જ્ઞાનાવરણીય વગેરે કર્મ જો એકસામટું નાશ કરી દેવામાં આવે તો જીવ અવશ્ય તેનાથી છૂટકારો પામી પરમપદ પ્રાપ્ત કરી શકે. માટે આવી નિર્જરા ઉત્તમ છે. તેથી જ તો આ અધ્યાયમાં એક સામટું કર્મ નાશ કરવાની પ્રક્રિયા દર્શાવી છે.

★ અને તે છે તપ...

★ તપથી અનન્તાનન્તકર્મોનો જથ્થો સમયે-સમયે નાશ કરી શકાય છે અને આ રીતે નાશ કરતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવને અશુભકર્મોનો બંધ પણ અટકે છે.

★ બંધ અટકે (સંવર થાય) તો જ નિર્જરા પરિપૂર્ણ લાભદાયી છે.

★ માટે આ તપદ્વારા બમણો લાભ થાય. (૧) સંવર અને (૨) નિર્જરા. જે પરમપદની પ્રાપ્તિનું પરમશ્રેષ્ઠ કારણ છે. તેથી કરીને કર્મ રોકવા અને કર્મ ખપાવવા માટે પૂ. ગ્રન્થકાર શ્રી એ અહીં ગુપ્તિ, સમિતિ, ધર્માનુપ્રેક્ષા (ભાવના), પરીષહ, બારપ્રકારના તપ ઈત્યાદિનું ભેદ વગેરે દ્વારા સુંદર વર્ણન કર્યુ છે અને તે સિવાય કયા ગુણસ્થાનકે રહેલો કયો વ્યકિત કેટલી નિર્જરા કરે તે દર્શાવી, અંતમાં નિર્ગ્રન્થ(સાધુ)ના ભેદ વગેરે દર્શાવી આપણને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આગળ વધારવા પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

★ કુલ સૂત્ર ૨૮૮ + ૪૯ = ૩૩૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમ:

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર - સભાષ્ય ભાષાંતર.

## दशमो अध्यायः - દશમો અધ્યાય

મોક્ષનું સ્વરૂપ જાણવામાટે આ અધ્યાય છે. જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર અને નિર્જરા. આ છ તત્ત્વો જાણ્યા. હવે સાતમું તત્ત્વ મોક્ષ...

ખાસ તો મોક્ષના વાસ્તવિક જ્ઞાન-બોધ માટે જ આદ્ય છ તત્ત્વો જાણવા જરૂરી થઈ પડે છે. એક અપેક્ષાએ એમ પણ કહી શકાય કે મોક્ષ એ કાર્ય છે અને શેષ છ તત્ત્વોની જાણકારી તે કારણ છે. અનાદિકાળથી જીવનું જે પરિભ્રમણ સંસારચક્રમાં થયા કરે છે તે અટકાવવા મોક્ષ તત્ત્વને માન્યા વિના છૂટકો નથી. જે મોક્ષ તત્ત્વને માનતો નથી તે કયારે ય મોક્ષ પામી શકતો નથી. મોક્ષનું સ્વરૂપ શું છે ? તે તો આ અધ્યાયનું અધ્યયન કરશું ત્યારે જ ખબર પડશે. તેનું અધ્યયન એટલે કે જાણકારી. તે પણ મોક્ષ મેળવવા માટે જ છે. અભવિનો આત્મા મોક્ષ તત્ત્વની પ્રરૂપણા કરી શકે છે... અર્થાત્ મોક્ષ તત્ત્વને પરમાત્મ-વાણીથી જાણે છે ખરો, પરંતુ માનતો નથી. એટલે કે 'મોક્ષ નામનું તત્ત્વ છે' એમ સ્વીકારતો નથી. અર્થાત્ બીજી રીતે કહીએ તો 'સર્વથા કર્મનો ક્ષય થઈ શકે છે' એમ અભવિનો આત્મા હૃદયથી કબૂલ કરતો નથી.

અહીં આપણે મોક્ષ તત્ત્વની જાણકારી મોક્ષની પ્રાપ્તિની તમન્ના માટે કરવાની છે. કેમકે અનાદિ કાળથી ભવભ્રમણ કરતા ભયંકર અસહ્ય દુ:ખોને સહેવા પડ્યા છે. એક પણ ભવમાં સંપૂર્ણ સુખ પ્રાપ્ત થયું નથી.

અને સાથે એક વાત પણ નિશ્ચિત છે કે જયાં સુધી શરીર છે ત્યાં સુધી સંપૂર્ણ સુખ પ્રાપ્ત થઈ શકશે નહિ. વળી, શરીર પણ કર્મ સાથે જ સમ્બન્ધિત છે. તેથી આ અધ્યાયમાં કર્મ છૂટવાનો ક્રમ વગેરે સુંદર રીતે દર્શાવ્યું છે.

### सूत्रम्- मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।।१०-१।।

અર્થ- મોહનીય કર્મના ક્ષયથી તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- मोहनीये क्षीणे ज्ञानावरणदर्शनावरणान्तरायेषु क्षीणेषु च केवलज्ञानदर्शनमुत्पद्यते, आसां चतसृणां कर्मप्रकृतीनां क्षयः केवलस्य हेतुरिति, तत्क्षयादुत्पद्यत इति ।
અર્થ- મોહનીયનો ક્ષય થયે છતે અને જ્ઞાનવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થયે છતે કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે. આ ચારે ય પ્રકૃતિનો ક્ષય (એ) કેવળ (જ્ઞાનદર્શન)નું કારણ છે. તે (ચાર કર્મ) ના ક્ષયથી (કેવળજ્ઞાન-દર્શન) ઉત્પન્ન થાય છે.

भाष्यम्- हेतौ पञ्चमीनिर्देशः, मोहक्षयादिति पृथक्करणं क्रमप्रसिद्ध्यर्थम्, यथा गम्येत पूर्वं मोहनीयं कृत्स्नं क्षीयते, ततोऽन्तर्मुहूर्तं छद्मस्थवीतरागो भवति, ततोऽस्य ज्ञानदर्शनावरणान्तरायप्रकृतीनां तिसृणां युगपत् क्षयो भवति, ततः केवलमुत्पद्यते ॥१॥
અર્થ- હેતુમાં (તૃતીયાને બદલે) પંચમીનો નિર્દેશ કર્યો છે. ક્રમને બતાવવા માટે **मोहक्षयात्**' એમ જૂદું પાડેલ છે. જેથી જાણી શકાય (કે) મોહનીયકર્મ સમસ્ત ક્ષય પામે છે. ત્યાર બાદ અંતર્મુહૂર્તે છદ્મસ્થ વીતરાગ થાય છે. ત્યાર બાદ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મ (આ) ત્રણેય નો એક સાથે ક્ષય થાય છે. એટલે તેથી (તત્સમયે) કેવળજ્ઞાન કેવળદર્શન ઉત્પન્ન થાય છે. ॥૧॥

भाष्यम्- अत्राह-उक्तं मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलमिति, अथ मोहनीयादीनां क्षयः कथं भवतीति ?, अत्रोच्यते-
અર્થ- અહીં (જિજ્ઞાસુ પૂછે છે કે 'મોહક્ષયથી, (તેમજ) જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયના ક્ષયથી કેવળ પ્રાપ્ત થાય છે' તો હવે મોહનીયવગેરેનો ક્ષય કેવી રીતે થાય છે ? (ઉત્તરકાર) કહેવાય છે અહીં...

### सूत्रम्- बन्धहेत्वभाव-निर्जराभ्याम् ॥१०-२॥

અર્થ- બંધ હેતુના અભાવથી(સંવરથી) અને નિર્જરાથી મોહનીયનો ક્ષય થાય છે.

भाष्यम्- मिथ्यादर्शनादयो बन्धहेतवोऽभिहिताः, तेषामपि तदावरणीयस्य कर्मणः क्षयादभावो भवति, सम्यग्दर्शनादीनां चोत्पत्तिः, 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्, तन्निसर्गादधिमाद्वे' त्युक्तम् ।
અર્થ- મિથ્યાદર્શનાદિ બન્ધના હેતુઓ કહેવાયેલા છે. તે (મિથ્યાદર્શનાદિ બંધહેતુ) નું આવરણ કરનાર કર્મના ક્ષયથી (તેનો) અભાવ થાય છે અને સમ્યગ્દર્શન આદિની ઉત્પત્તિ થાય છે. તે (અ. ૧- સૂ. ૨ માં) **तत्वार्थश्रध्धानं सम्यग्दर्शनम्**, તથા (અ. ૧- સૂ. ૩ માં) **तन्निसर्गादधिमाद्वा**એમ કહેવાયેલ છે.

भाष्यम्- एवं संवरसंवृतस्य महात्मनः सम्यग्व्यायामस्याभिनवस्य कर्मण उपचयो न भवति ।
અર્થ- એ પ્રમાણે સંવરથી અટકાવાયેલ આશ્રવવાળા, સમ્યક્ ક્રિયાનુષ્ઠાનવાળા મહાત્માને નવાકર્મોનો બંધ થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- पूर्वोपचितस्य च यथोक्तैर्निर्जराहेतुभिरत्यन्तक्षयः, ततः सर्वद्रव्यपर्यायविषयं पारमैश्वर्यमनन्तं केवलं ज्ञानदर्शनं प्राप्य शुद्धो बुद्धः सर्वज्ञः सर्वदर्शी जिनः केवली भवति, ततः प्रतनुशुभचतुष्कर्मावशेष आयुःकर्मसंस्कारवशाद्विहरति ॥२॥ ततोऽस्य–

અર્થ- અને પૂર્વે એકઠા કરેલા કર્મનો કહ્યામુજબ નિર્જરાના હેતુઓથી અત્યન્ત (સંપૂર્ણ) ક્ષય થાય છે. તેથી સર્વ દ્રવ્યપર્યાયના વિષયવાળું અસાધારણ ઐશ્વર્યવાળું અનન્ત કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરીને શુદ્ધ, બુદ્ધ, સર્વજ્ઞ, સર્વદર્શી એવા જિન કેવલી થાય છે. ત્યારબાદ અત્યલ્પ (પાતળા પડી ગયેલા) શુભ (ફળવાળા) ચારકર્મ બાકી છે જેને એવા (કેવલી) જિન આયુષ્યકર્મના સંસ્કારવશથી વિચરે છે. ॥૨॥ ત્યાર પછી (વિહાર કરતા આ આત્માને આયુષ્ય કર્મની સમાપ્તિ સાથે ત્રણેય કર્મોનો ક્ષય થાય છે. એટલે...)

## सूत्रम्- कृत्स्नकर्मक्षयो मोक्षः ॥१०-३॥

અર્થ- સંપૂર્ણકર્મનો ક્ષય-તે મોક્ષ.

भाष्यम्- कृत्स्नकर्मक्षयो लक्षणो मोक्षो भवति ।

અર્થ- સકલ કર્મના ક્ષયરૂપ લક્ષણવાળો મોક્ષ થાય છે. (અર્થાત્ સકલકર્મનો ક્ષય એ મોક્ષનું લક્ષણ છે.)

भाष्यम्- पूर्वं क्षीणानि चत्वारि कर्माणि, पश्चाद्वेदनीयनामगोत्रायुष्कक्षयो भवति, तत्क्षयसमकालमेवौदारिकशरीरवियुक्तस्यास्य जन्मनः प्रहाणम्, हेत्वभावाच्चोत्तरस्याप्रादुर्भावः, एषा अवस्था कृत्स्नकर्मक्षयो मोक्ष इत्युच्यते ॥३॥ किंचान्यत्-

અર્થ-પહેલાં ચારકર્મો ક્ષય પામ્યા પછી વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મનો ક્ષય થાય છે. તે ક્ષય થતાંની સાથે જ ઔદારિકશરીરથી જુદો કરાયેલ આ (મનુષ્ય) જન્મનો નાશ થાય છે. (નિર્વાણ પામે છે.) હેતુનો અભાવ હોવાથી ઉત્તર જન્મની (પછીના જન્મની) ઉત્પત્તિનો અભાવ (નિવૃત્તિ) થાય છે. આ અવસ્થા સકલકર્મના ક્ષયરૂપ મોક્ષ કહેવાય છે. ॥૩॥ વળી...

## सूत्रम्- औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वेभ्यः ॥१०-४॥

અર્થ- (સકલકર્મના ક્ષયપણામાં) કેવળ (ક્ષાયિક)સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, (અને) કેવળસિદ્ધત્વ સિવાય ઔપશમિકાદિ ભાવો અને ભવ્યત્વનો અભાવ થવાથી મોક્ષ થાય છે.

भाष्यम्- औपशमिकक्षायिकक्षायौपशमिकौदयिकपारिणामिकानां भावानां भव्यत्वस्य चाभावान्मोक्षो भवति, अन्यत्र केवलसम्यक्त्वकेवलज्ञानकेवलदर्शनसिद्धत्वेभ्यः, एते ह्यस्य क्षायिका नित्यास्तु मुक्तस्यापि भवन्ति ॥४॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- કેવળ (ક્ષાયિક) સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ સિવાય ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિકભાવોનો અને ભવ્યત્વનો અભાવ થવાથી મોક્ષ થાય છે. આ ક્ષાયિકભાવો (કેવળસમ્યક્ત્વાદિ) સિદ્ધના જીવને પણ હંમેશા હોય છે. ।।૪।। (મુક્તાત્મા સમસ્તકર્મક્ષય પછી ત્યાં જ રહે છે કે બીજે જાય છે ? તેનો જવાબ હવે.)

**सूत्रम्- तदनन्तरमूर्ध्वं गच्छत्या लोकान्तात् ।।१०-५।।**

અર્થ- સકલકર્મથી મુક્ત થતાં જ આત્મા ઉંચે લોકના અંત સુધી જાય છે.

भाष्यम्- तदनन्तरमिति, कृत्स्नकर्मक्षयानन्तरमौपशमिकाद्यभावानन्तरं चेत्यर्थः, मुक्त ऊर्ध्वं गच्छत्यालोकान्तात्, कर्मक्षये देहवियोगसिध्यमानगतिलोकान्तप्राप्तयोऽस्य युगपदेकसमयेन भवन्ति।

અર્થ- '**तदनन्तरम्**' એટલે સકલકર્મનો ક્ષય થયા પછી એટલે કે 'ઔપશમિકાદિ ભાવોનો અભાવ થયા પછી' એમ અર્થ છે. મુક્તાત્મા ઉંચે આ લોકના અંતસુધી જાય છે. કર્મક્ષય થયે છતે આ આત્માને દેહનો વિયોગ, સિધ્યમાનગતિ, લોકાન્તે પ્રાપ્તિ (આ બધુ) એક સમયે જ થાય છે.

भाष्यम्- तद्यथा-प्रयोगपरिणामादिसमुत्थस्य गतिकर्मण उत्पत्तिकार्यारम्भविनाशा युगपदेकसमयेन भवन्ति तद्वत् ।।५।।

અર્થ- તે આ રીતે, પ્રયોગ પરિણામ વગેરેથી ઉત્પન્ન થયેલ ગતિક્રિયાવાળાને (જેમ) એકસાથે ઉત્પત્તિ, કાર્યનો આરંભ અને (કારણ) વિનાશ થાય છે. તેની જેમ (સિધ્યમાન આત્માને દેહવિયોગ, સિધ્યમાનગતિ અને લોકાન્તપ્રાપ્તિ એક સમયે-એક સાથે થાય છે.) ।।૫।।

भाष्यम्- अत्राह- प्रहीणकर्मणो निरास्रवस्य कथं गतिर्भवतीति ? । अत्रोच्यते-

અર્થ- (જિજ્ઞાસુ) અહીં પૂછે છે કે કર્મનો નાશ કરેલ અને આશ્રવવિનાના આત્માને (લોકાન્તપ્રાપ્તિ) શી રીતે થાય છે ? (ઉત્તરકાર-) કહેવાય છે અહીં...

**सूत्रम्- पूर्वप्रयोगादसंगत्वाद्बन्धछेदात्तथागतिपरिणामाच्चतद्गतिः ।।१०-६।।**

અર્થ- પૂર્વપ્રયોગથી, અસંગપણાથી, બંધછેદથી અને તથાગતિ પરિણામથી તે (આશ્રવ રહિત આત્મા)ની ગતિ થાય છે.

भाष्यम्- **पूर्वप्रयोगात्**, यथा हस्तदण्डचक्रसंयोगात्पुरुषप्रयत्नतश्चाविद्धं कुलालचक्रमुपरतेष्वपि पुरुषप्रयत्नहस्तदण्डचक्रसंयोगेषु पूर्वप्रयोगाद् भ्रमत्येवा संस्कारपरिक्षयात् ।

અર્થ- **પૂર્વપ્રયોગથી**- (સીધો સંયોગ ન હોય પણ પરંપરાએ સંયોગ હોય તો તે સંયુક્ત સંયોગ કહેવાય. એટલે હાથનો દંડસાથે અને દંડનો ચક્રસાથે સંયોગ છે તે) હસ્ત, દંડ અને ચક્રના સંયુક્તસંયોગથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને પુરૂષના પ્રયત્નથી વેગવાળો બનેલ કુંભારનો ચાકડો પુરૂષપ્રયત્ન અને હસ્તદંડ-ચક્રસંયોગ અટકયે છતે પણ પૂર્વની પ્રેરણાથી સંસ્કાર (સતત ક્રિયાના સંદર્ભ) નો નાશ ન થાય ત્યાં સુધી ચાલે છે.

भाष्यम्- एवं यः पूर्वमस्य यत् कर्मणा प्रयोगो जनितः स क्षीणे अपि कर्मणि गतिहेतुर्भवति, तत्कृता गतिः । **किंचान्यत्-**

અર્થ- એ પ્રમાણે (યોગનિરોધ અભિમુખ) આ (આત્મા)ને પહેલા જે ક્રિયાથી પ્રેરણા (પ્રયોગ) થયેલ છે તે (પ્રેરણા) કર્મક્ષય પામે છતે પણ ગતિનું કારણ બને છે. (કારણકે) ગતિ તે (હેતુ)થી કરાયેલ છે. વળી બીજું (કારણ)...

भाष्यम्- **असङ्गत्वात्,** पुद्गलानां जीवानां च गतिमत्त्वमुक्तं, नान्येषां द्रव्याणाम्, तत्राधोगौरवधर्माणः पुद्गलाः ऊर्ध्वगौरवधर्माणो जीवाः, एष स्वभावः ।

અર્થ- **અસંગપણાથી**-પુદ્ગલ અને જીવોને ગતિમાન પણું કહ્યું છે, બીજા (ધર્માસ્તિકાયાદિ) દ્રવ્યોને નહિ. તેમાં અધોગૌરવધર્મવાળા પુદ્ગલો છે અને ઊર્ધ્વગૌરવધર્મવાળા જીવો છે, આ સ્વભાવ (છે.)

भाष्यम्- अतोऽन्यसङ्गादिजनिता गतिर्भवति, यथा सत्स्वपि प्रयोगादिषु गतिकारणेषु जातिनियमेनाधस्तिर्यगूर्ध्वं च स्वाभाविक्यो लोष्टवाय्वग्नीनां गतयो दृष्टाः तथा सङ्गविनिर्मुक्तस्योर्ध्वगौरवादूर्ध्वमेव सिध्यमानगतिर्भवति, संसारिणस्तु कर्मसङ्गादधस्तिर्यगूर्ध्वं च । किञ्चान्यत्-

અર્થ- આ (સ્વાભાવિક ગતિ છોડીને) અન્ય ગતિ સંગાદિથી (પણ) થાય છે. જેમ પ્રયોગાદિ ગતિના કારણો વિદ્યમાન હોવા છતાં પણ જાતિના નિયમથી પૃથ્વી (પત્થર), વાયુ અને અગ્નિકાયની (અનુક્રમે) નીચે, તીર્છી અને ઉપર ગતિ દેખાઈ છે. તે રીતે સંગથી રહિત (મુક્તાત્મા)ને ઊધ્વગૌરવ (સ્વભાવ) થી ઉપર જ સિધ્યમાન ગતિ થાય છે. સંસારીઓને કર્મ-સંગ હોવાથી નીચી, તીર્છી અને ઊર્ધ્વગતિ થાય છે. વળી બીજું...

भाष्यम्- किंचान्यत्-बन्धच्छेदात्, यथा रज्जुबन्धच्छेदात् पेडाया बीजकोशबन्धनच्छेदाच्चैरण्डबीजानां गतिर्दृष्टा तथा कर्मबन्धनच्छेदात्सिध्यमानगतिः । **किंचान्यत्-**

અર્થ- **બંધ છેદથી**-દોરડાનો બંધ[1] છેદાવાથી જેમ પેડા (ઉપરનું પડ) ગતિ કરે છે. તથા બીજ કોશનું બંધન ફુટવાથી (એરંડાનો બીજકોશ ફાટવાથી) એરંડાનું બીજ ઉછળે છે (અર્થાત્ ગતિમાન થાય છે) તેમ કર્મબન્ધ દૂર થવાથી સિધ્યમાન ગતિ થાય છે... વળી બીજું...

भाष्यम्- **तथागतिपरिणामाच्च,** उर्ध्वगौरवात्पूर्वप्रयोगादिभ्यश्च हेतुभ्यः तथाऽस्य गतिपरिणाम उत्पद्यते येन सिध्यमानगतिर्भवति, ऊर्ध्वमेव भवति, नाधस्तिर्यग्वा ।

---

૧. કસ-કસાવીને દોરીથી બાંધેલ વાંસના બે પડની પેડા, તેની તે દોરી કાપી નાંખવાથી ઉપરનો ભાગ એકદમ છટકીને જેમ ઉપર જાય છે તેમ પ્રાચીન કાળની પેડા હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- **તથાગતિ પરિણામથી-** ઊધ્વગૌરવ સ્વભાવ હોવાથી અને પૂર્વપ્રયોગાદિ કારણોથી જેમ ગતિ થાય છે તેમ તે પ્રકારનો ગતિવિષયક પરિણામ આ જીવને ઉત્પન્ન થાય છે. જેનાથી સિધ્યમાન ગતિ ઊર્ધ્વ જ થાય છે. નહિ કે નીચી યા તીર્છી.

भाष्यम्- गौरवप्रयोगपरिणामाऽसङ्गयोगाभावात्, तद्यथा गुणवद्भूमिभागारोपितमृतुकालजातं बीजोद्भेदादङ्कुरप्रवालपर्णपुष्पफलकालेष्वविमानितसेकदौर्हृदादिपोषणकर्मपरिणतं कालच्छिन्नं शुष्कमलाब्वप्सु न निमज्जति ।

અર્થ- ગૌરવપ્રયોગ પરિણામ અને અસંગયોગ ન હોય તો પણ (જીવની ગતિ થાય છે) તે આ રીતે, ગુણવાળા ભૂમિ(ખાર આદિથી રહિત) વિભાગમાં વાવેલું તેમજ વર્ષાકાળમાં તે બીજના ફુટવાથી થતાં અંકુર, પ્રવાલ, પાંદડા, ફુલ, ફળ (વગેરે) કાળમાં આદરપૂર્વક સિંચન દૌહદાદિ પોષણકાર્યથી થયેલું, પાકી ગયેલું અને યોગ્યકાળે જુદું પડાયેલુ સુકું તુંબડું પાણીમાં ડૂબતું નથી

भाष्यम्- तदेव गुरुकृष्णमृत्तिकालेपैर्घनैर्बहुभिरालिप्तं घनमृत्तिकालेपवेष्टनजनितागन्तुकगौरवमप्सु प्रक्षिप्तं तज्जलप्रतिष्ठं भवति, यदा त्वस्याद्भिः क्लिन्नो मृत्तिकालेपो व्यपगतो भवति तदा मृत्तिकालेपसङ्गविनिर्मुक्तं मोक्षानन्तरमेवोर्ध्वं गच्छति आसलिलोर्ध्वतलात् ।

અર્થ- તે જ તુંબડું ભારે એવી કાળીમાટીના નિરંતર ઘણા લેપ વડે લેપાયેલું તેમજ તે ભારે માટીવાળા લેપ અને વેષ્ટનવડે થયેલ આગન્તુક (આવેલ) ગૌરવવાળું (વજનવાળું) પાણીમાં નંખાયું છતું તે જલમાં સ્થિર થાય છે. જ્યારે તે (તુંબડા)ને પાણીવડે ભીંજાયેલ માટીનો લેપ દૂર થાય છે ત્યારે માટીના લેપરૂપ સંગથી મુક્ત તુંબડું મુક્ત થતા જ પાણીની સપાટી ઉપર આવે છે.

भाष्यम्- एवमूर्ध्वगौरवगतिधर्मा जीवोऽप्यष्टकर्ममृत्तिकालेपवेष्टितः तत्सङ्गात् संसारमहार्णवे भवसलिले निमग्नो भवासक्तोऽधस्तिर्यगूर्ध्वं च गच्छति, सम्यग्दर्शनादिसलिलक्लेदात् प्रहीणाष्टविधकर्ममृत्तिकालेप ऊर्ध्वगौरवादूर्ध्वमेव गच्छत्या लोकान्तात् ॥ स्यादेतत्-लोकान्तादप्यूर्ध्वं मुक्तस्य गतिः किमर्थं न भवतीति ?, अत्रोच्यते-

અર્થ- એ પ્રમાણે ઊર્ધ્વપરિણામ વિશિષ્ટગતિધર્મવાળો જીવ પણ આઠ પ્રકારના કર્મના લેપરૂપ માટીવડે લેપાયેલો છે. તેના (કર્મરૂપમાટીના) સંગથી સંસારરૂપ મહાસમુદ્રમાં-ભવરૂપીપાણીમાં બૂડેલો તેમજ સંસારમાં આસક્ત જીવ નીચું-તીર્છું અને ઊર્ધ્વ-ગમન કર્યા કરે છે.(પરંતુ) જ્યારે સમ્યગ્દર્શનાદિ પાણીના ભીંજાવાથી (યોગથી) નષ્ટ થયેલ આઠપ્રકારના કર્મરૂપ માટીના લેપવાળો થાય છે. (અર્થાત્ કર્મરૂપી-માટીનો લેપ નાશ થાય છે) ત્યારે ઊર્ધ્વપરિણામ વિશેષથી જીવ લોકાન્તસુધી ઊર્ધ્વ જ જાય છે. (પ્રશ્ન) એમ હો (તો), લોકાન્તથી ઉપર મુક્તાત્માની ગતિ કેમ નથી થતી ? (ઉત્તર) અહીં કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- धर्मास्तिकायाभावात्, धर्मास्तिकायो हि जीवपुद्गलानां गत्युपग्रहेणोपकुरुते, स तत्र नास्ति, तस्माद्गत्युपग्रहकारणाभावात् परतो गतिर्न भवति अप्सु अलाबुवत्, नाधो न तिर्यगित्युक्तम्, तत्रैवानुश्रेणिगतिर्लोकान्तेऽवतिष्ठते मुक्तो निष्क्रिय इति ॥६॥

અર્થ- ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી (લોકાન્તથી ઉપર મુક્તાત્માની ગતિ થતી નથી). ધર્માસ્તિકાય જ જીવ અને પુદ્ગલોને ગતિમાં સહાય દ્વારા ઉપકાર કરે છે. તે (ધર્મસ્તિકાય) ત્યાં (લોકાન્તની ઉપર) નથી. તેથી ગતિમાં સહાયક કારણનો અભાવ હોવાથી પાણીમાં તુંબડાની જેમ (લોકાન્તથી) આગળ (મુક્તાત્માની) ગતિ થતી નથી. તેમજ નીચે, કે તીર્છી ગતિ થતી નથી. એ પ્રમાણે કહ્યું છે. ત્યાં જ (જ્યાં કર્મવિમુક્ત થયો ત્યાં જ) આકાશ પ્રદેશની શ્રેણી અનુસાર ગતિવાળો મુક્ત(આત્મા) લોકાન્તે નિષ્ક્રિય રહે છે. ॥૬॥ (હવે સિદ્ધના બાર અનુયોગ દ્વારો-)

## सूत्रम्- क्षेत्र-काल-गति-लिङ्ग-तीर्थ-चारित्र-प्रत्येक-बुधबोधित-ज्ञाना-ऽवगाहनाऽ-न्तर-संख्या-ऽल्पबहुत्वतः साध्याः ॥१०-७॥

અર્થ- ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુધબોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા અને અલ્પ-બહુત્વ (આ બાર અનુયોગદ્વાર) થી સિદ્ધાત્માની વિચારણા કરવી જોઈએ.

भाष्यम्- क्षेत्रं कालः गतिः लिङ्गं तीर्थं चारित्रं प्रत्येकबुद्धबोधितः ज्ञानं अवगाहना अन्तरं सङ्ख्या अल्पबहुत्वमित्येतानि द्वादशानुयोगद्वाराणि सिद्धस्य भवन्ति ।

અર્થ- ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુધબોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા (અને) અલ્પ-બહુત્વ. આ બાર અનુયોગદ્વાર સિદ્ધાત્માને છે.

भाष्यम्- एभिः सिद्धः साध्योऽनुगम्यश्चिन्त्यो व्याख्येय इत्येकार्थत्वम्, तत्र पूर्वभावप्रज्ञापनीयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च द्वौ नयौ भवतः, तत्कृतोऽनुयोगविशेषः ।

અર્થ- આ દ્વારો વડે મુક્તાત્મા વિચારવાં યોગ્ય છે (અહીં) **साध्यः, अनुगम्यः, चिन्त्यः व्याख्येयः** આ(શબ્દો) એક અર્થ વાળા છે. તે (વિચારણા) માં પૂર્વભાવપ્રજ્ઞાપનીય (વર્તમાનની પૂર્વનો ભાવ-ભૂતકાલિનભાવ) અને પ્રત્યુત્પન્નભાવ (વર્તમાનભાવ) એમ બે નય અપેક્ષિત છે. તે બે વડે વ્યાખ્યાપ્રકાર કરાયેલ છે.

भाष्यम्- तद्यथा-क्षेत्रम्, कस्मिन् क्षेत्रे सिध्यतीति, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयं प्रति सिद्धिक्षेत्रे सिध्यतीति, पूर्वभावप्रज्ञापनीयस्य जन्म प्रति पञ्चदशसु कर्मभूमिषु जातः सिध्यति, संहरणं प्रति मानुषक्षेत्रे सिध्यति, तत्र प्रमत्तसंयताः संयतासंयताश्च सह्रियन्ते ।

અર્થ- તે આ રીતે ક્ષેત્ર -કયા ક્ષેત્રમાં (સિદ્ધાત્મા) સિદ્ધ થાય છે. ? વર્તમાન ભાવ જણાવવા અનુસાર સિદ્ધ ક્ષેત્રમાં (સિદ્ધાત્મા) સિદ્ધ થાય છે. ભૂતકાલિનભાવ જણાવવાની અપેક્ષાએ જન્માશ્રયી (વિચારીએ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો) પંદર કર્મભૂમિમાં જન્મેલો સિદ્ધ થાય છે. સંહરણ આશ્રયી (વિચારીએ તો) મનુષ્યક્ષેત્ર (અઢીદ્વીપ) માં સિદ્ધ થાય છે. તેમાં સંહરણ પ્રમત્તસંયમી અને દેશવિરતિધરનું થાય છે.★

भाष्यम्- श्रमण्यपगतवेदः परिहारविशुद्धिसंयतः पुलाकोऽप्रमत्तश्चतुर्दशपूर्वी आहारकशरीरीति न संह्रियन्ते।

અર્થ- (પરન્તુ) સાધ્વી મ., અવેદી, પરિહારવિશુદ્ધિસંયમી, પુલાકસંયમી, અપ્રમત્તસંયમી, ચૌદપૂર્વીસંયમી અને આહારશરીરી. આ (સાત) સંહરણ કરાતા નથી.

भाष्यम्- ऋजुसूत्रनयः शब्दादयश्च त्रयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयाः, शेषा नया उभयभावं प्रज्ञापयन्तीति॥

અર્થ- ઋજુસૂત્રનય અને શબ્દાદિ ત્રણ નય (એટલે ઋજુ-સામ્પ્રત-સમભિરુઢ-એવંભૂત એમ ચાર નયો) પ્રત્યુત્પન્નભાવને (વર્તમાનભાવને) જણાવનાર છે. બાકીના (નૈગમ, સંગ્રહ અને વ્યવહાર) નયો બંને ભાવને (=પૂર્વભાવ અને પ્રત્યુત્પન્નભાવને) જણાવે છે.

भाष्यम्- **कालः**, अत्रापि नयद्वयम्, कस्मिन् काले सिध्यतीति ?, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य अकाले सिध्यति, पूर्वभावप्रज्ञापनीयस्य जन्मतः संहरणतश्च, जन्मतोऽवसर्पिण्यामुत्सर्पिण्यामनवसर्पिण्यु-त्सर्पिण्यां च जातः सिध्यति। एवं तावदविशेषतः। विशेषतोऽप्यवसर्पिण्यां सुषमदुष्षमायां सङ्ख्येयेषु वर्षेषु शेषेषु जातः सिध्यति, दुष्षमसुषमायां सर्वस्यां सिध्यति, दुष्षमसुषमायां जातो दुष्षमायां सिध्यति, न तु दुष्षमायां जातः सिध्यति, अन्यत्र नैव सिध्यति, संहरणं प्रति सर्वकालेष्ववसर्पिण्यामुत्स-र्पिण्यामनवसर्पिण्युत्सर्पिण्यां च सिध्यति॥

અર્થ- કાળ- અહીં પણ બે નય (અપેક્ષિત છે.) કયા કાળમાં (સિદ્ધાત્મા) સિદ્ધ થાય છે. ? વર્તમાનભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ અકાળે (અવિદ્યમાન કાળે) સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયની અપેક્ષાએ જન્મથી અને સંહરણથી (વિચારણા કરાય છે.) જન્મથી-અવસર્પિણીમાં જન્મેલ, ઉત્સર્પિણીમાં જન્મેલ અને અનવસર્પિણી- ઉત્સર્પિણીમાં જન્મેલો સિદ્ધ થાય છે. આ પ્રમાણે સામાન્યથી કહ્યું. હવે વિશેષથી-અવસર્પિણીમાં સુષમદુષ્ષમ કાળ (૩ જા આરા) ના સંખ્યાતાવર્ષો શેષ રહ્યે છતે જન્મેલો સિદ્ધ થાય છે. દુષ્ષમસુષમના (ચોથા આરાના) સંપૂર્ણકાળમાં (જન્મેલો) સિદ્ધ થાય છે. દુષ્ષમસુષમમાં જન્મેલો દુષ્ષમ (પાંચમા આરા) માં સિદ્ધ થાય છે. પરંતુ દુષ્ષમમાં જન્મેલો આત્મા સિદ્ધ થતો નથી. તે સિવાયના આરામાં (જન્મેલો આત્મા) સિદ્ધ થઈ શકતો નથી. સંહરણની અપેક્ષાએ-અવસર્પિણીમાં, ઉત્સર્પિણીમાં અને અનવસર્પિણીઉત્સર્પિણીમાં- સર્વકાળમાં સિદ્ધ થાય છે (અર્થાત્ થઈ શકે છે.)

★ કેટલાક આચાર્ય ભગવંતના મતે અવિરતનું પણ સંહરણ થાય છે- (केचिदाहुरविरतसम्यग्दष्टिरपीति' सि. सू. टीका)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **गतिः**, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगत्यां सिध्यति, शेषास्तु नया द्विविधाः- अनन्तरपश्चात्कृतगतिकश्च एकान्तरपश्चात्कृतगतिकश्च, अनन्तरपश्चात्कृतगतिकस्य मनुष्यगत्यां सिध्यति, एकान्तरपश्चात्कृतगतिकस्याविशेषेण सर्वगतिभ्यः सिध्यति ॥

અર્થ- ગતિ પ્રત્પત્યન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે. બાકીના નય બે પ્રકારે છે-

(૧) [1]અનન્તર પશ્ચાકૃતગતિક અને (૨) એકાન્તર પશ્ચાત્કૃતગતિક. અનન્તર પશ્ચાત્કૃતગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે. એકાન્તર પશ્ચાત્કૃતગતિની અપેક્ષાએ સામાન્યથી સર્વગતિમાંથી સિદ્ધ થાય છે.

भाष्यम्- **लिङ्गस्त्रीपुंनपुंसकानि**, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यावेदः सिध्यति, पूर्वभावप्रज्ञापनीयस्यानन्तरपरत्कृतगतिकस्य परम्परपश्चात्कृतगतिकस्य च त्रिभ्यो लिङ्गेभ्यः सिध्यति ॥

અર્થ- લિંગ-સ્ત્રિલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ. પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીય નયની અપેક્ષાએ વેદરહિત આત્મા સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીય નયની અપેક્ષાએ ત્રણે ય લિંગથી સિદ્ધ થાય છે.

भाष्यम्- **तीर्थम्**, सन्ति तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे १ नोतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे २ अतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे, एवं तीर्थकरीतीर्थे सिद्धा अपि ॥

અર્થ- **તીર્થ-** (૧) તીર્થંકરતીર્થે (શ્રી તીર્થંકર ભગવંતો) તીર્થંકરના તીર્થ (શાસન) માં, (૨) નોતીર્થંકર સિદ્ધો (પ્રત્યેકબુદ્ધ) શ્રી તીર્થંકરના શાસનમાં અને (૩) અતીર્થંકરસિદ્ધો (મુનિવગેરે) શ્રી તીર્થંકરના શાસનમાં સિદ્ધ થાય છે. તીર્થંકરીના શાસનમાં પણ એ પ્રમાણે (ત્રણે ત્રણ) સિદ્ધો (સિદ્ધ) થાય છે.

भाष्यम्- लिङ्गे पुनरन्यो विकल्प उच्यते, द्रव्यलिङ्गे भावलिङ्गमलिङ्गमिति, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यालिङ्गः सिध्यति, पूर्वभावप्रज्ञापनीयस्य भावलिङ्गं प्रति स्वलिङ्गे सिध्यति, द्रव्यलिङ्गं त्रिविधं- स्वलिङ्ग-मन्यलिङ्गं गृहिलिङ्गमिति, तत्प्रति भाज्यं, सर्वस्तु भावलिङ्गं प्राप्तः सिध्यति ॥

અર્થ- લિંગ વિષયમાં ફરી બીજો વિકલ્પ કહેવાય છે. (૧) દ્રવ્યલિંગ (૨) ભાવલિંગ અને (૩) અલિંગ. પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાયનીય નયની અપેક્ષાએ અલિંગી સિદ્ધ થાય છે. પૂર્વભાવ પ્રજ્ઞાપનીય નયની અપેક્ષાએ ભાવલિંગને આશ્રયી સ્વલિંગી સિદ્ધ થાય છે. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે છે (૧) સ્વલિંગ (૨) અન્યલિંગ અને (૩) ગૃહિલિંગ [2]. આ લિંગ વિકલ્પે છે (હોય કે ન પણ હોય.) પરંતુ સર્વે ભાવલિંગ પામેલા જ સિદ્ધ થાય છે.

---

૧. સિદ્ધગતિમાં આવેલ આત્મા-અનન્તર = આંતરા વિના જે ગતિમાંથી આવેલ તેને અનન્તર પશ્ચાત્કૃતગતિક કહેવાય. અને મોક્ષગયેલ આત્મા વચ્ચે એક (મનુષ્ય) ગતિનું અંતર રાખીને જે ગતિમાંથી આવેલ હોય તે એકાન્તર પશ્ચાત્કૃતગતિક કહેવાય.

૨. દ્રવ્યલિંગ એટલે રજોહરણ મુહપત્તિ આદિ. સ્વલિંગ = સાધુપણાનો વેશ, અન્યલિંગ = તાપસઆદિનો વેશ, ગૃહલિંગ = જટા વગેરે. ભાવલિંગ એટલે શ્રુતજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, ચારિત્ર આદિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **चारित्रम्**, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य नोचारित्री नोऽचारित्री सिध्यति ।
અર્થ- ચારિત્ર- પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે.

भाष्यम्- पूर्वभावप्रज्ञापनीयो द्विविधः-अनन्तरपरचात्कृतिकश्च परम्परपश्चात्कृतिकश्च, अनन्तरपश्चात्कृतिकस्य यथाख्यातसंयतः सिध्यति, परम्परपश्चात्कृतिकस्य व्यञ्जितेऽव्यञ्जिते च, अव्याञ्जिते त्रिचारित्रपश्चात्कृतश्चतुश्चारित्रपश्चात्कृतः पञ्चचारित्रपश्चात्कृतश्च, व्यञ्जिते सामायिकसूक्ष्मसांपरायिकयथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यसूक्ष्मसंपराययथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यसूक्ष्मसपराययथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यपरिहारविशुद्धि- सूक्ष्मसंपराययथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथा- ख्यातपश्चात्कृतसिद्धाः ॥
અર્થ- પૂર્વભાવપ્રજ્ઞાપનીય બે પ્રકારે (૧) અનન્તરપશ્ચાત્કૃતિક અને (૨) પરંપર-પશ્ચાત્કૃતિક. અનન્તરપશ્ચાત્કૃતિકની અપેક્ષાએ યથાખ્યાત સંયત સિદ્ધ થાય છે. પરંપર પશ્ચાત્કૃતિકની અપેક્ષાએ (૧) વ્યંજિત (વિશેષથી અર્થાત્ સ્પષ્ટતા પૂર્વક) અને (૨) અવ્યંજિત (સામાન્યથી અર્થાત્ ઓઘમરીતે) એમ બે પ્રકારે કહેવાય છે. તેમાં અવ્યંજિતની અપેક્ષાએ (ઓઘમરીતે વિચારતાં) પશ્ચાત્કૃત અવસ્થામાં ત્રણચારિત્રી, પશ્ચાત્કૃતઅવસ્થામાં ચાર ચારિત્રી અને પશ્ચાત્કૃતાવસ્થામાં પાંચચારિત્રવાળો (સિદ્ધ-થાય છે.) વ્યંજિતની અપેક્ષાએ (વિશેષ સ્પષ્ટતાપૂર્વક વિચારતાં) પશ્ચાત્કૃત-સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. (આ ત્રણ ચારિત્રવાળો) સિદ્ધ થાય છે. છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. (આ ત્રણ ચારિત્ર) જેણે પૂર્વે પ્રાપ્ત કર્યુ છે તે સિદ્ધ થાય છે. સામાયિક, છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત- પશ્ચાત્કૃત (આ ચાર- ચારિત્રી) સિદ્ધ થાય છે. છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત- પશ્ચાત્કૃત (આ ચાર ચારિત્રવાળો) સિદ્ધ થાય છે. સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત- પશ્ચાત્ કરાયા છે જેના વડે એવો (પાંચ ચારિત્રી) સિદ્ધ થાય છે.

भाष्यम्- **प्रत्येकबुद्धबोधित** - अस्य व्याख्याविकल्पश्चतुर्विधः, तद्यथा-अस्ति स्वयंबुद्धः, स द्विविधः- अर्हंश्च तीर्थकरः प्रत्येकबुद्धसिद्धश्च, बुद्धबोधितसिद्धः त्रिचतुर्थो विकल्पः, परबोधकसिद्धाः स्वेष्टकारिसिद्धाः ॥
અર્થ- પ્રત્યેકબુદ્ધ બોધિત આની વ્યાખ્યાના ભેદ ચાર[1] છે. તે આ રીતે, સ્વયંબુદ્ધ છે તે બે રીતે- (૧) અરિહંત તીર્થંકર પરમાત્મા. (૨) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ[2] 'બુદ્ધબોધિત સિદ્ધ' એ ત્રીજા અને ચોથા ભેદે છે. (૩) પરબોધક સિદ્ધ[3] અને (૪) સ્વેષ્ટકારિસિદ્ધ.[4]

૧. વિકલ્પે બે છે (૧) સ્વયંબુદ્ધ અને (૨) બુદ્ધબોધિત
૨. જાતિસ્મરણાદિ કોઈ નિમિત્તપામીને પોતાની મેળે બોધપામી સિદ્ધ થાય તે.
૩. બીજાને ઉપદેશ આપી સિદ્ધ થાય તે.
૪. બીજાને ઉપદેશ આપે જ એવો નિયમ નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**भाष्यम्- ज्ञानम्**, अत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य केवली सिध्यति, पूर्वभावप्रज्ञापनीयो द्विविधः- अनन्तरपश्चात्कृतिकश्च, परम्परपश्चात्कृतिकश्च अव्यञ्जिते च व्यञ्जिते च, अव्यञ्जिते द्वाभ्यां ज्ञानाभ्यां सिध्यति, त्रिभिश्चतुर्भिरिति, व्यञ्जिते द्वाभ्यां मतिश्रुताभ्याम्, त्रिभिर्मतिश्रुतावधिभिर्मतिश्रुतमनःपर्यायैर्वा, चतुर्भिर्मतिश्रुतावधिमनः पर्यायैरिति ॥

અર્થ- **જ્ઞાન**-અહીં પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીયને આશ્રયી કેવળી સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીય બે પ્રકારે- (૧) અનન્તર પશ્ચાત્કૃતિક અને (૨) પરમ્પર પશ્ચાત્કૃતિક. (આ બંને પ્રકારના) અવ્યંજિત વ્યંજિત (એમ બે બે ભેદ મળી-ચાર ભેદ). અવ્યંજિત આશ્રયી (મોઘમરીતે) બે જ્ઞાનથી સિદ્ધ થાય છે. તેમ ત્રણ જ્ઞાનથી (સિદ્ધ થાય છે.) વ્યંજિત આશ્રયી (સ્પષ્ટતાથી) બે-મતિ અને શ્રુત (બે જ્ઞાન) વડે; ત્રણ-મતિ, શ્રુત, અવધિ(ત્રણ જ્ઞાન) વડે અથવા ત્રણ-મતિ, શ્રુત, મન:પર્યાય (ત્રણ જ્ઞાન) વડે; ચાર-મતિ, શ્રુત, અવધિ, મન:પર્યાય (ચાર જ્ઞાન) વડે (સિદ્ધ થાય છે)

**भाष्यम्- अवगाहना**, कः कस्यां शरीरावगाहनायां वर्तमानः सिध्यति ?, अवगाहना द्विविधा-उत्कृष्टा जघन्या च । उत्कृष्टा । पञ्चधनुः शतानि धनुः पृथक्त्वेनाभ्यधिकानि । जघन्याः सप्त रत्नयोऽङ्गुलपृथक्त्वेन हीनाः, एतासु शरीरावगाहनासु सिध्यति पूर्वभावप्रज्ञापनीयस्य, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य तु एतास्वेव यथास्वं त्रिभागहीनासु सिध्यति ॥

અર્થ- **અવગાહના** (અનુયોગ) કયો આત્મા-કેટલી અવગાહનામાં વર્તતો સિદ્ધ થાય છે ? અવગાહના બે પ્રકારે છે. ઉત્કૃષ્ટ અને જઘન્ય. (૧) ઉત્કૃષ્ટ-ધનુ:પૃથક્ત્વ અધિક પાંચશો ધનુષ્ય. (અહીં પૃથકત્વ શબ્દ બહુત્વવાચી છે.) (૨) જઘન્ય અગુંલપૃથક્ત્વહીન સાતહાથ. પૂર્વભાવપ્રજ્ઞાપનીયની અપેક્ષાએ (આ બે પ્રકારના) આટલી શરીરની અવગાહનામાં વર્તતો સિદ્ધ થાય છે. પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ તો આમાં (જઘન્ય ઉત્કૃષ્ટમાં) જેટલી પોતાની અવગાહના હોય તેના ત્રીજા ભાગથી હીન ૨/૩ અવગાંહનામાં સિદ્ધ થાય છે. (અહીં જઘન્ય અવગાહના શ્રી તીર્થંકરપ્રભુ આશ્રયી સમજવી. અન્યથા કૂર્માપુત્ર આદિ બે હાથ અવગાહનાવાળા સિદ્ધ થયેલ છે.)

**भाष्यम्- अन्तरम्**, सिध्यमानानां किमन्तरम् ?, अनन्तरं च सिध्यन्ति सान्तरं च सिध्यन्ति, तत्रानन्तरं जघन्येन द्वौ समयौ उत्कृष्टेनाष्टौ समयान्, सान्तरं जघन्येनैकं समयं उत्कृष्टेन षण्मासा इति ॥

અર્થ- **અંતર**- સિદ્ધ થતાં વચ્ચે અન્તર કેટલું ? (એક જીવ સિદ્ધ થયા પછી બીજો જીવ સિદ્ધ થાય ત્યારે તે બે વચ્ચે અન્તર કાળ કેટલો ?)- (તે સિદ્ધ) અંતરવિના સિદ્ધ થાય છે અને અન્તર સહિત (અમુક અંતરે પણ) સિદ્ધ થાય છે. તેમાં અંતરવિના-જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટથી આઠ સમય. અન્તર હોય તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ.

**भाष्यम्- सङ्ख्या**, कत्येकसमये सिध्यन्ति, जघन्येनैक उत्कृष्टेनाष्टशतम् ॥

અર્થ- **સંખ્યા** (અનુયોગ)- એક સમયમાં કેટલા સિદ્ધ થાય છે. ? (જવાબ) જઘન્યથી એક (આત્મા)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને ઉત્કૃષ્ટથી એકસો આઠ.

भाष्यम्- **अल्पबहुत्वम्**, एषां क्षेत्रादीनामेकादशानामनुयोगद्वाराणामल्पबहुत्वं वाच्यं, तद्यथा-क्षेत्रसिद्धानां जन्मतः संहरणतश्च, कर्मभूमिसिद्धा अकर्मभूमिसिद्धाश्च सर्वस्तोकाः संहरणसिद्धाः, जन्मतोऽसंख्येयगुणाः, संहरणं द्विविध-परकृतं स्वयंकृतं च, परकृतं देवकर्मणा चारणविद्याधरैश्च, स्वयंकृतं चारणविद्याधराणामेव, एषां च क्षेत्राणां विभागः कर्मभूमिरकर्मभूमिः समुद्रा द्वीपा ऊर्ध्वमधस्तिर्यगिति लोकत्रयं, तत्र सर्वस्तोका ऊर्ध्वलोकसिद्धाः अधोलोकसिद्धाः संख्येयगुणाः तिर्यग्लोकसिद्धाः संख्येयगुणाः, सर्वस्तोकाः समुद्रसिद्धाः, द्वीपसिद्धाः संख्येयगुणाः, एवं तावदव्यञ्जिते व्यञ्जितेऽपि सर्वस्तोका लवणसिद्धाः कालोदसिद्धाः संख्येयगुणा जम्बूद्वीपसिद्धाः संख्येयगुणा धातकीखण्डसिद्धाः संख्येयगुणाः पुष्करार्धसिद्धाः संख्येयगुणा इति ॥

અર્થ- **અલ્પબહુત્વ**-આ ક્ષેત્રાદિ અગિયાર અનુયોગ દ્વારોનું અલ્પ-બહુત્વ કહેવું. તે આ રીતે, ક્ષેત્રસિદ્ધોનું જન્મથી અને સંહરણથી- કર્મભૂમિમાં અને અકર્મભૂમિમાં સંહરણથી સિદ્ધ થયેલ સર્વથી થોડા-અને જન્મથી સિદ્ધ (સંહરણસિદ્ધ-કરતાં) અસંખ્યગુણ. સંહરણ બે પ્રકારે- (૧) પરકૃત અને (૨) સ્વયંકૃત. પરકૃત(સંહરણ) દેવની ક્રિયાવડે અને ચારણ-વિદ્યાધરો વડે. (તથા) સ્વયંકૃત(સંહરણ) ચારણ-વિદ્યાધરોનું જ હોય છે. તેઓના ક્ષેત્રનો વિભાગ કર્મભૂમિ, અકર્મભૂમિ, સમુદ્રો, દ્વીપો, ઊર્ધ્વ-અધો-તિર્યગ એમ ત્રણે ય લોક (વિચારવા યોગ્ય છે.) તેમાં સૌથી ઓછાં ઊર્ધ્વલોક સિદ્ધ, તેનાથી સંખ્યાતગુણ અધોલોકસિદ્ધ, તેનાથી સંખ્યાતગુણ તિર્યગ્લોક સિદ્ધ, સૌથી ઓછા સમુદ્રસિદ્ધ, (તેનાથી) સંખ્યાતગુણા દ્વીપ સિદ્ધ. એ પ્રમાણે અવ્યંજિત (દ્વીપ-સમુદ્ર) માં. વ્યંજિત (સ્પષ્ટતાથી દ્વીપ-સમુદ્ર વિચારતા) સૌથી ઓછા લવણસમુદ્રસિદ્ધ, તેના કરતાં સંખ્યાતગુણા કાલોદ (સમુદ્ર) સિદ્ધ, (તેના કરતાં) સંખ્યાતગુણા જંબૂદ્વીપસિદ્ધ, (તેના કરતાં) સંખ્યાતગુણા ધાતકીખંડ સિદ્ધ (અને) (તેના કરતાં) સંખ્યાતગુણા પુષ્કરાર્ધસિદ્ધ.

भाष्यम्- **काल** इति त्रिविधो विभागो भवति-अवसर्पिणी उत्सर्पिणी अनवसर्पिण्युत्सर्पिणीति, अत्र सिद्धानां (व्यञ्जितानां) व्यञ्जिताव्यञ्जितविशेषयुक्तोऽल्पबहुत्वानुगमः कर्तव्यः पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका उत्सर्पिणीसिद्धा, अवसर्पिणीसिद्धा विशेषाधिकाः, अनवसर्पिण्युत्सर्पिणीसिद्धाः संख्येयगुणा इति, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्याकाले सिध्यति, नास्त्यल्पबहुत्वम् ॥

અર્થ- **કાળ** (થી અલ્પબહુત્વ)-એના ત્રણવિભાગ થાય છે. (૧) અવસર્પિણી, (૨) ઉત્સર્પિણી અને (૩) અનવસર્પિણ્યુત્સર્પિણી. અહીં સિદ્ધોનું વ્યંજિત, અવ્યંજિત વિશેષયુક્ત અલ્પબહુત્વનો બોધ કરવો. પૂર્વભાવપ્રજ્ઞાપનીયની અપેક્ષાએ સૌથી અલ્પ ઉત્સર્પિણીસિદ્ધ, તેના કરતા વિશેષ અધિક અવસર્પિણીસિદ્ધ તેના કરતાં સંખ્યાતગુણા અનવસર્પિણ્યુત્સર્પિણી સિદ્ધ જાણવા. પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ અકાળે (કાળની વ્યવસ્થા નથી) સિદ્ધ થાય છે. તેથી તેમાં અલ્પબહુત્વ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भाष्यम्- **गतिः**, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगतौ सिध्यति, नास्त्यल्पबहुत्वम्, पूर्वभावप्रज्ञापनीयस्यानन्तरपश्चात्कृतगतिकस्य मनुष्यगतौ सिध्यति, नास्त्यल्पबहुत्वम्, परम्परपश्चात्कृतगतिकस्यानन्तरा गतिश्चिन्त्यते, तद्यथा-सर्वस्तोकास्तिर्यग्योन्यनन्तरगतिसिद्धाः मनुष्येभ्योऽनन्तरगतिसिद्धाः संख्येयगुणाः नारकेभ्योऽनन्तर गति सिद्धः सङ्ख्येयगुणाः, देवेभ्योऽनन्तर सिद्धाः सङ्ख्येय गुणा इति ॥

અર્થ- ગતિ-પ્રત્યુત્પન્નભાવની અપેક્ષાએ સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે. જેથી અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયમાં અનન્તર પશ્ચાત્કૃતિકની અપેક્ષાઓ મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે (બીજે કયાંય નહિ). જેથી ત્યાં પણ અલ્પબહુત્વ નથી. પરંપરપશ્ચાત્કૃતિકની અપેક્ષાએ અનન્તરગતિની વિચારણા કરાય છે. તે આ રીતે, સર્વથી ઓછા તિર્યંચયોનિ (માંથી નીકળી) અનન્તર (મનુષ્ય) ગતિમાં સિદ્ધ થયેલા, તેના કરતા અસંખ્યાતગુણા મનુષ્ય(માંથી નિકળી) અનન્તરગતિ (મનુષ્યપણા) માં સિદ્ધથયલો, તેના કરતા સંખ્યાતગુણા નારક (માંથી નિકળી) અનન્તર ગતિ (મનુષ્યપણા) માં સિદ્ધ થયેલા, તેનાં કરતા સંખ્યાતગુણા દેવપણા (માંથી નિકળી) અનન્તરગતિમાં (મનુષ્યપણામાં) સિદ્ધ થયેલા.

भाष्यम्- **लिङ्गम्**, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य व्यपगतवेदः सिध्यति, नास्त्यल्पबहुत्वम्, पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका नपुंसकलिङ्गसिद्धाः स्त्रीलिङ्गसिद्धाः संख्येयगुणाः पुंल्लिङ्गसिङ्गाः संख्येयगुणा इति ॥

અર્થ- લિંગ-પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ નિર્વેદી સિદ્ધ થાય છે. (જેથી) અલ્પ-બહુત્વ નથી. પૂર્વભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ સૌથી અલ્પ નપુંસકલિંગસિદ્ધ છે. તેના કરતા સંખ્યાતગુણા સ્ત્રીલિંગ સિદ્ધ છે અને તેના કરતા સંખ્યાતગુણા પુલ્લિંગસિદ્ધ છે.

भाष्यम्- **तीर्थम्**, सर्वस्तोकाः तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे, नोतीर्थकरसिद्धाः संख्येयगुणा इति, तीर्थकरतीर्थसिद्धा नपुंसकाः संख्येयगुणाः, तीर्थकरतीर्थसिद्धाः स्त्रियः संख्येयगुणाः, तीर्थकरतीर्थसिद्धा पुमांसः संख्येयगुणा इति ॥

અર્થ- તીર્થ-તીર્થંકરતીર્થ (શાસન) માં સૌથી અલ્પ તીર્થંકર સિદ્ધ, તેમના કરતાં સંખ્યાતગુણા અતીર્થંકર સિદ્ધ, તીર્થંકરતીર્થમાં (તીર્થંકર સિદ્ધ કરતાં) સંખ્યાતગુણા નપુંસકસિદ્ધ, તીર્થંકરતીર્થમાં તે (નપુંસક) કરતાં સંખ્યાતગુણા સ્ત્રીલિંગસિદ્ધ, તેમના કરતાં સંખ્યાતગુણા તીર્થંકરતીર્થમાં પુરુષસિદ્ધ છે.

भाष्यम्- **चारित्रम्**, अत्रापि नयौ द्वौ- प्रत्युत्पन्न- भावप्रज्ञापनीयश्च पूर्वभावप्रज्ञापनीयश्च, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यनोचारित्री नोअचारित्री सिध्यति, नास्त्यल्पबहुत्वम्, पूर्वभावप्रज्ञापनीयस्य व्यञ्जिते चाव्यञ्जिते च, अव्यञ्जिते सर्वस्तोकाः पञ्चचारित्रसिद्धाः चतुश्चारित्रसिद्धाः संख्येयगुणाः त्रिचारित्रसिद्धाः संख्येयगुणाः, व्यञ्जिते सर्वस्तोकाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः, छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातसिद्धाः संख्ये-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यगुणाः सामायिक-छेदोपस्थाप्य-सूक्ष्मसम्पराय-यथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः, [समायिका- परिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातसिद्धाः संख्येयगुणाः] सामायिकसूक्ष्म-सम्पराययथाख्यातचारित्रसिद्धाः संख्येयगुणाः छेदोपस्थाप्यसूक्ष्मसम्पराययथाख्यातचारित्रसिद्धाः संख्येयगुणाः ।

**અર્થ- ચારિત્ર** (માં અલ્પબહુત્વ)- અહીં પણ બે નય (અપેક્ષિત છે.) (૧) પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીય અને (૨) પૂર્વભાવ પ્રજ્ઞાપનીય. પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે. (જેથી અહીં) અલ્પબહુત્વ નથી. પૂર્વભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ વ્યંજિત (સ્પષ્ટતા પૂર્વક) અને અવ્યંજિત (મોઘમરીત) આશ્રયી (એમ બે રીતે અલ્પબહુત્વ વિચારાય.) અવ્યંજિત આશ્રયી- સૌથી અલ્પ પાંચચારિત્રીસિદ્ધ, તેથી સંખ્યાતગુણા ચારચારિત્રી સિદ્ધ, તેથી સંખ્યાતગુણા ત્રણ ચારિત્રીસિદ્ધ, વ્યંજિત આશ્રયી-સૌથી ઓછા સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય (અને) યથાખ્યાત- આ પાંચે ય ચારિત્રીસિદ્ધ; તેનાથી સંખ્યાતગુણા છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય (અને) યથાખ્યાત- (આ ચાર) ચારિત્રીસિદ્ધ; તેનાં કરતાં સંખ્યાતગુણા, સામાયિક, છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય (અને) યથાખ્યાત (આ ચાર) સિદ્ધ; [તેનાં કરતાં સંખ્યાતગુણા સામાયિક, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત- (આ ચાર) ચારિત્રીસિદ્ધ] તેનાં કરતાં સંખ્યાતગુણા સામાયિક, સૂક્ષ્મસંપરાય (અને) યથાખ્યાત. (આ ત્રણ) ચારિત્રીસિદ્ધ; તેનાં કરતાં સંખ્યાતગુણા છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય (અને) યથાખ્યાત. (આ ત્રણ) ચારિત્રીસિદ્ધ (જાણવા.)

भाष्यम्- **प्रत्येकबुद्धबोधितः**, सर्वस्तोकाः प्रत्येकबुद्धसिद्धाः । बुद्धबोधितसिद्धाः नपुंसकाः सङ्ख्येयगुणाः । बुद्धबोधितसिद्धाः स्त्रियः संख्येयगुणाः, बुद्धबोधितसिद्धाः पुमांसः संख्येयगुणा इति ।

**અર્થ- પ્રત્યેકબુદ્ધબોધિત**-સૌથી અલ્પ પ્રત્યેકબુદ્ધસિદ્ધો છે, તેનાથી સંખ્યાતગુણા બુદ્ધબોધિત નપુંસકસિદ્ધો છે, તેનાથી સંખ્યાતગુણા બુદ્ધબોધિત સ્ત્રી સિદ્ધો છે, તેનાથી સંખ્યાતગુણા બુદ્ધબોધિત પુરુષસિદ્ધો છે.

भाष्यम्- **ज्ञानम्**, कः केन ज्ञानेन युक्तः सिध्यति ?, प्रत्यत्पन्नभावप्रज्ञापनीयस्य सर्वः केवली सिध्यति, नास्त्यल्पबहुत्वम्, पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका द्विज्ञानसिद्धाः चतुर्ज्ञानसिद्धाः संख्येयगुणाः संख्येयगुणाः, एवं तावदव्यञ्जते, व्यञ्जितेऽपि सर्वस्तोका मतिश्रुतज्ञानसिद्धाः मतिश्रुतावधिमनः त्रिज्ञानसिद्धाः पर्यायज्ञानसिद्धाः संख्येयगुणाः (मतिश्रुतमनःपर्यवसिद्धाः संख्येयगुणाः) मतिश्रुताव-धिज्ञानसिद्धाः संख्येयगुणाः ॥

**અર્થ- જ્ઞાન** (અલ્પબહુત્વ)- કોણ-કયા જ્ઞાનયુક્ત સિદ્ધ થાય છે. ? પ્રત્યુત્પન્નભાવ પ્રજ્ઞાપનીયની મતે સર્વકેવળી (કેવળજ્ઞાની) સિદ્ધ થાય છે. (જેથી અહીં) અલ્પબહુત્વ નથી. પૂર્વભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ સૌથી અલ્પ બે જ્ઞાનવાળા સિદ્ધો, (તેનાં કરતાં) સંખ્યાતગુણા ચારજ્ઞાનવાળા સિદ્ધો, (તેનાં કરતાં) સંખ્યાતગુણા-ત્રણજ્ઞાનવાળા સિદ્ધો આ પ્રમાણે વ્યંજિતાશ્રયી (મોઘમ રીતે) કહ્યું. હવે (સ્પષ્ટતા

પૂર્વક)- વ્યંજિતાશ્રયી-સૌથી ઓછા મતિ-શ્રુત (એમ બે) જ્ઞાનવાળા-સિદ્ધો; (એનાથી) સંખ્યાતગુણા મતિ-શ્રુત-અવધિ-મન:પર્યાય (એમ ચાર) જ્ઞાનવાળા-સિદ્ધો; (તેનાથી સંખ્યાતગુણા મતિ-શ્રુત અને મન:પર્યાયજ્ઞાનવાળા સિદ્ધો;) તેનાથી સંખ્યાતગુણા મતિ-શ્રુત-અવધિ (એમ ત્રણ) જ્ઞાનવાળા સિદ્ધો હોય છે.

भाष्यम्- **अवगाहना,** सर्वस्तोका जघन्यावगाहनासिद्धाः, उत्कृष्टावगाहनासिद्धास्ततोऽसंख्येयगुणाः, यवमध्यसिद्धा असंख्येयगुणाः, यवमध्योपरिसिद्धा असंख्येयगुणाः, यवमध्याधस्तात् सिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः ॥

અર્થ- **અવગાહના-** જઘન્ય અવગાહનાવાળા સિદ્ધો સૌથી થોડા છે; ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધો તેનાથી અસંખ્યાતગુણા છે; યવમધ્યસિદ્ધો તેનાથી અસંખ્યાતગુણા છે; યવમધ્યથી ઉપરના સિદ્ધો તેનાં કરતાં અસંખ્યાતગુણા છે; યવમધ્યની નીચેના સિદ્ધો તેનાં કરતાં વિશેષ અધિક છે, સર્વસિદ્ધ ભગવંતો તેનાથી વિશેષ અધિક છે.

भाष्यम्- **अन्तरम्,** सर्वस्तोका अष्टसमयानन्तरसिद्धाः, सप्तसमयानन्तरसिद्धाः षट्समयानन्तरसिद्धा इत्येवं यावद्द्विसमयानन्तरसिद्धा इति सङ्ख्येयगुणाः, एवं तावदनन्तरेषु, सान्तरेष्वपि सर्वस्तोकाः षण्मासान्तरसिद्धाः एकसमयान्तर सिद्धः सङ्ख्येयगुणाः, यवमध्यान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, अधस्ताद्यवमध्यान्तरसिद्धा असंख्येयगुणाः उपरियवमध्यन्तरसिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः ॥

અર્થ- **અન્તર**-સૌથી ઓછા નિરન્તર આઠ સમય સુધી સિદ્ધ થયેલા સિદ્ધ ભગવંતો; તેમનાથી સંખ્યાતગુણા નિરંતર સાત સમય સુધી સિદ્ધ થયેલા સિદ્ધભગવંતો; તેમનાથી સંખ્યાતગુણા નિરન્તર છ સમયસુધી સિદ્ધ થેયલા સિદ્ધભગવંતો એ પ્રમાણે (નિરન્તર સમયનું પ્રમાણ ઘટાડતાં ઘટાડતાં તેમજ સંખ્યાતગુણા-સંખ્યાતગુણા કરતાં) યાવત્ નિરન્તર બે સમયસુધી સિદ્ધ થયેલા સિદ્ધભગવંતો સંખ્યાતગુણા છે. આ પ્રમાણે અનન્તર (નિરન્તર) માં જાણવું. તે પ્રમાણે સાન્તરમાં પણ-સૌથી ઓછા છ મહિનાના આંતરે સિદ્ધ થયેલા સિદ્ધભગવંતો; તેમના કરતાં એક સમયના આંતરે સિદ્ધથયેલા સિદ્ધભગવંતો સંખ્યાતગુણા; (તેમના કરતાં) યવમધ્યનાં અંતરમાં સિદ્ધથયેલા સિદ્ધભગવંતો સંખ્યાતગુણા; તેમના કરતાં યવમધ્યની નીચેના અંતરમાં સિદ્ધથયેલા સિદ્ધભગવંતો સંખ્યાતગુણા; (તેમના કરતાં) યવમધ્યની ઉપરના અંતરમાં સિદ્ધ થયેલા સિદ્ધભગવંતો વિશેષાધિક; તેનાથી સર્વસિદ્ધ વિશેષાધિક છે.

भाष्यम्- **सङ्ख्या,** सर्वस्तोका अष्टोत्तरशतसिद्धाः, विपरीतक्रमात् सप्तोत्तरशतसिद्धादयो यावत्पञ्चाशत् इत्यनन्तगुणाः, एकोनपञ्चाशदादयो यावत्पञ्चविंशतिरित्यसङ्ख्येयगुणाः, चतुर्विंशत्यादयो यावदेक इति सङ्ख्येयगुणाः, विपरीतहानिर्यथा सर्वस्तोका अनन्तगुणहानिसिद्धा, असङ्ख्येय-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गुणहानिसिद्धा अनन्तगुणाः, सङ्ख्येयगुणहानिसिद्धाः सङ्ख्येयगुणा इति ॥

**અર્થ- સંખ્યા (અલ્પબહુત્વ)-(એકી સાથે સિદ્ધ થયેલ) ૧૦૮ સિદ્ધભગવંતો સૌથી અલ્પ, ત્યારબાદ** ઉલટા ક્રમથી લેતાં (એકી સાથે સિદ્ધ થતાં) ૧૦૭ સિદ્ધભગવંતો વગેરે યાવત્ (એકી સાથે સિદ્ધ થતા) ૫૦ સિદ્ધભગવંતો સુધી અનંતગુણા-અનંતગુણા જાણવા. (એકી સાથે સિદ્ધ થતા) ૪૯ સિદ્ધભગવંતોથી યાવત્ (એકી સાથે સિદ્ધથતા) ૨૫ સિદ્ધ ભગવંતો સુધી અસંખ્યાતગુણા-અસંખ્યાતગુણા જાણવા. (ત્યાર બાદ એક સાથે સિદ્ધ થતા) ૨૪ સિદ્ધભગવંતોથી યાવત્ એક સિદ્ધભગવંતસુધી સંખ્યાતગુણા-સંખ્યાતગુણા જાણવા. વિપરીત હાનિ[1] આ રીતે વિચારવી. અનંતગુણહાનિ સિદ્ધ ભગવંતો સૌથી ઓછા, અસંખ્યગુણહાનિવાળા સિદ્ધ ભગવંતો એના કરતાં અનન્તગુણા અને સંખ્યાત ગુણહાનિવાળા સિદ્ધ ભગવંતો એના કરતા સંખ્યાતગુણા છે.

## (ઉપસંહાર)

भाष्यम्- एवं निसर्गाधिगमयोरन्यतरजं तत्त्वार्थश्रद्धानात्मकं शङ्काद्यतिचारवियुक्तं प्रशमसंवेगनिर्वेदानुकम्पाऽऽस्तिक्याभिव्यक्तिलक्षणं विशुद्धं सम्यग्दर्शनमवाप्य सम्यग्दर्शनोपलम्भाद्विशुद्धं च ज्ञानमधिगम्य निक्षेपप्रमाणनयनिर्देशसत्सङ्ख्यादिभिरभ्युपायैर्जीवादीनां तत्त्वानां पारिणामिकौदयिकौपशमिक-क्षायोपशमिकक्षायिकाणां भावानां स्वतत्त्वं विदित्वाऽऽदिमत्पारिणामिकौदयिकानां च भावानामुत्पत्तिस्थित्यन्यताऽनुग्रहप्रलयतत्त्वज्ञो विरक्तो निस्तृष्णस्त्रिगुप्तः पञ्चसमितो दशलक्षण-धर्मानुष्ठानात् फलदर्शनाच्च निर्वाणप्राप्तियतनयाऽभिवर्धित श्रद्धासंवेगो भावनाभिर्भावितात्मा अनुप्रेक्षाभिः स्थिरीकृतात्मा अनभिष्वङ्गः संवृतत्वान्निराम्रवाद्विरक्तत्वान्निस्तृष्णत्वाच्च व्यपगताभिनवकर्मोपचयः परीषहजयाद्बाह्याभ्यन्तरतपोऽनुष्ठानादनुभावतश्च सम्यग्दृष्टिविरतादीनां च जिनपर्यन्तानां परिणामाध्यवसायविशुद्धिस्थानान्तराणामसंख्येयगुणोत्कर्षप्राप्त्या पूर्वोपचितं कर्म निर्जरयन् सामायिकादीनां च सूक्ष्मसम्परायान्तानां संयमविशुद्धिस्थानानामुत्तरोत्तरोपलम्भात् पुलाकादीनां च निर्ग्रन्थानां संयमानुपालनविशुद्धिस्थानविशेषाणामुत्तरोत्तरप्रतिपत्त्या घटमानोऽत्यन्त-प्रहीणार्तरौद्रध्यानो धर्मध्यानविजयादवाप्तसमाधिबलः शुक्लध्यानयोश्च पृथक्त्वैकत्ववितर्क-योरन्यतरस्मिन् वर्तमानो नानाविधानृद्धिविशेषान् प्राप्नोति, तद्यथा-आमर्शौषधित्वं विप्रुडौषधित्वं सर्वौषधित्वं शापानुग्रहसामर्थ्यजननीमभिव्याहारसिद्धिमीशित्वं वशित्वमवधिज्ञानं शरीरविकरणाङ्ग-प्राप्तितामणिमानं लघिमानं महिमानमणुत्वम्, अणिमा बिसच्छिद्रमपि प्रविश्यासीत, लघुत्वं नाम लघिमा वायोरपि लघुतरः स्यात्, महत्त्वं महिमा मेरोरपि महत्तरं शरीरं विकुर्वीत, प्राप्तिर्भूमिष्ठोऽप्यङ्गुल्यग्रेण मेरुशिखरभास्करादीनपि स्पृशेत्, प्राकाम्यमप्सु भूमाविव गच्छेत् भूमावप्स्विव निमज्जेदुन्मज्जेच्च ।

१. અહીં હાનિનો અર્થ એ સમજવાનો કે ૧૦૭ થી ૫૦ સુધી એક-એકથી અનંતગુણા છે. ત્યારે ૫૦ થી ૧૦૮ વાળા અનંતમા ભાગે છે. તે સૌથી થોડા છે. એ પ્રમાણે ૪૯ થી ૨૫ સુધી એક-એકથી અસંખ્યાતગુણા છે. ૨૫ થી ૪૯ અસંખ્યાતગુણ હીન છે. એ પ્રમાણે ૨૪ થી ૧ સુધીમાં સંખ્યાતગુણા છે. તો ૧ થી ૨૪ સુધી સંખ્યાતગુણા હીન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ- એ પ્રમાણે (શ્રી તત્ત્વાર્થશાસ્ત્રને ટુંકાણમાં કહે છે.) નિસર્ગ તથા અધિગમથી એ બે સમ્યગ્દર્શનમાંથી કોઈ એક પ્રકારનું તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ શંકાદિ અતિચાર રહિત-પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકયને પ્રકટ કરવારૂપ લક્ષણવાળું વિશુદ્ધ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને (તે) સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી વિશુદ્ધજ્ઞાન (સમ્યગ્જ્ઞાન) ને પ્રાપ્તકરી નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ, સત્, સંખ્યાદિ અધિક ઉપાયોદ્વારા જીવાદિ તત્ત્વોનાં પારિણામિક, ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવોનું સ્વરૂપ જાણીને અનાદિમાન્ અને આદિમાન્ પારિણામિક ભાવ અને ઔદયિકભાવોના ઉત્પતિ-સ્થિતિ-વિનાશ અને (તેથી થતા) લાભ (અનુગ્રહ) અને નુકશાન (પ્રલય) રૂપ તત્ત્વને જાણનાર, વૈરાગી, તૃષ્ણારહિત, ત્રિગુપ્તિક, પંચસમિતિવાળો તેમજ દશલક્ષણવાળા ધર્મના આચરણથી અને (મોક્ષરૂપ) ફળદર્શન નિર્વાણ (મોક્ષ) ની પ્રાપ્તિમાં પ્રયત્નથી વૃદ્ધિ પામેલ શ્રદ્ધા અને સંવેગવાળો આત્મા ભાવનાઓ વડે આત્માને ભાવિત કરે છે અને અનુપ્રેક્ષાઓ વડે આત્માને સ્થિર કરતો નિરાસક્ત બને છે. (તેમજ) સંવર કરાયેલ હોવાથી, આશ્રવ રહિત હોવાથી, વૈરાગી હોવાથી, તૃષ્ણારહિત હોવાથી નવાકર્મનું ગ્રહણ જેને દૂર થયું છે તથા પરીષહજીતવાથી અને બાહ્ય-અભ્યન્તર તપ અનુષ્ઠાન આચરવાથી (કર્મોને) ભોગવવાથી તેમજ અવિરત સમ્યગ્દષ્ટિ આદિ (અવસ્થા)થી માંડી જિન (કેવળી અવસ્થા) સુધીના પરિણામ-અધ્યવસાય વિશુદ્ધિસ્થાનના અસંખ્યગુણ-અસંખ્યગુણ ઉત્કર્ષની પ્રાપ્તિથી પૂર્વ સંચિત કરેલા કર્મની નિર્જરા કરતો અને સામાયિક ચારિત્રીથી માંડીને સૂક્ષ્મસમ્પરાય સુધીનાં સંયમના વિશુદ્ધિ સ્થાનોની ઉત્તરોત્તરગુણ પ્રાપ્તિ થવાથી તેમજ પુલાકાદિનિર્ગ્રંથ સુધીનાના સંયમનું અનુપાલન તેમજ ઉત્તરોત્તર વિશુદ્ધિ સ્થાન વિશેષોની પ્રાપ્તિ પૂર્વક પ્રવૃત્તિ કરતો અને અત્યન્ત નાશ પામેલ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનવાળો તથા ધર્મધ્યાનમાં વિજયદ્વારા સમાધિનાબળને પામેલો અને શુક્લધ્યાનના બે પાયા (૧) પૃથક્ત્વવિતર્ક અને (૨) એકત્વવિતર્ક - આ બે માંથી એકમાં વર્તતો (આત્મા) અનેક પ્રકારની ઋદ્ધિ વિશેષ પ્રાપ્ત કરે છે. તે (ઋદ્ધિઓ) આ રીતે, આમર્શૌષધિપણું, વિપ્રુડૌષધિપણું, સર્વૌષધિપણું, શાપશકિત અને અનુગ્રહશકિતના સામર્થ્ય ઉત્પન્ન કરનારી અભિવ્યાહાર (વચન) સિદ્ધિ, ઈશિત્વ, વશિત્વ, અવધિજ્ઞાન, શરીરવિકરણાંગ પ્રાપ્તિતા (વૈક્રિયત્વ), અણિમા, લઘિમા, મહિમા (મહત્ત્વ), અણુત્વ (લબ્ધિ પ્રાપ્ત કરે.) અહીં અણિમા એટલે કમળની નાળના છિદ્રમાં પણ પ્રવેશીને રહે, લઘિમા એટલે લઘુત્વ જેથી વાયુ કરતાં પણ હલકો થઈ શકે છે. મહિમા એટલે મોટાપણું- જેના દ્વારા મેરુથી પણ મોટું શરીર બનાવી શકે. પ્રાપ્તિ- (જેનાથી) ભૂમિ ઉપર રહેલો આંગળીના ટેરવેથી મેરુશિખર કે સૂર્ય વગેરેને પણ સ્પર્શી શકે. પ્રાકામ્ય-(જેનાથી) પાણી ઉપર જમીનની જેમ ચાલી શકે અને ભૂમિ ઉપર પાણીમાંની જેમ ડૂબી શકે છે તેમજ બહાર નીકળી શકે.

भाष्यम्- जङ्घाचारणत्वं येनाग्निशिखाधूमनीहारावश्यायमेघवारिधारामर्कटतन्तुज्योतिष्करश्मिवायूनामन्यतममप्युपादाय वियति गच्छेत्, वियद्गतिचारणत्वं येन वियति भूमाविव गच्छेत् शकुनिवच्च प्रडीनावडीनगमनानि कुर्यात् ।

અર્થ- જંઘાચારણત્વ-જેનાથી અગ્નિની શિખા(જવાળા), ધૂમાડાની શેર, ઝાકળ, ધૂમરી, વરસાદના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાણીની ધાર, કરોળીયાની જાળ, જ્યોતિષ્કના કિરણ (સૂર્ય-ચંદ્ર-નક્ષત્રના કિરણ), વાયુની લહેર આમાંના કોઈપણને ગ્રહણ કરી (એનું અવલંબન લઈ) આકાશમાં જઈ શકે છે. વિયદ્ગતિચારિત્વ (આકાશગામીપણું)- જેનાથી આકાશમાં (અવલંબન વગર) ભૂમિની જેમ ચાલી શકે અને પંખીની જેમ ઉપર-નીચે ફરી શકે.

भाष्यम्- अप्रतिघातित्वं पर्वतमध्येन वियतीव गच्छेत्, अन्तर्धानमदृश्यो भवेत्, कामरूपित्वं नानाश्रयानेकरूपधारणं युगपदपि कुर्यात्, तेजोनिसर्गसामर्थ्यमित्येतदादि इति । इन्द्रियेषु मतिज्ञानविशुद्धि- विशेषात्तद्द्वारात् स्पर्शनास्वादनघ्राणदर्शनश्रवणानि विषयाणां कुर्यात्, संभिन्नज्ञानत्वं युगपदनेकविषयपरिज्ञानमित्येतदादि । मानसं कोष्ठबुद्धित्वं बीजबुद्धित्वं पदप्रकरणोद्देशा-ध्यायप्राभृतवस्तुपूर्वाङ्गानुसारित्वमृजुमतित्वं विपुलमतित्वं परचित्तज्ञानमभिलषितार्थप्राप्तिमनिष्टा-नवाप्तीत्येतदादि ।

અર્થ- અપ્રતિઘાતિત્વ- આકાશમાં જાય તેમ પર્વતની મધ્યેથી જાય, અન્તર્ધ્યાન-અદશ્ય થવું, કામરુપિત્વ-એક સાથે પણ અનેક પ્રકારના જૂદા જૂદા રૂપો ધારણ કરી શકે, તેજોનિસર્ગ-સામર્થ્યાદિ (તેજો લેશ્યા છોડવાની શકિત વગેરે.) ઈન્દ્રિયોમાં મતિજ્ઞાનની વિશુદ્ધિવિશેષથી- તેના દ્વારા (મર્યાદા બહાર રહેલ) વિષયોના (પણ) સ્પર્શન-રસન-ઘ્રાણ-દર્શન અને શ્રવણને ગ્રહણ કરે (વિષયભૂત બનાવે છે), સંભિન્નજ્ઞાનત્વ- એક સાથે અનેક વિષયનું જ્ઞાન કરી શકે છે, માનસ (મનના-વ્યાપારથી થયેલ) કોષ્ટબુદ્ધિત્વ (કોઠીમાં નંખાયેલ ધાન્યની જેમ ગ્રહણ કરેલ જ્ઞાન ટકી રહે, ભૂલે નહિ.) બીજબુદ્ધિ (થોડા ઉપરથી ઘણું સમજી શકે), પદાનુસારિત્વ, પ્રકરણાનુસારિત્વ, ઉદ્દેશાનુસારિત્વ, અધ્યાયાનુસારિત્વ, પ્રાભૃતાનુસારિત્વ, વસ્તુઅનુસારિત્વ, પૂર્વઅનુસારિત્વ, અંગાનુસારિત્વ (એક પદ કે પ્રકરણાદિથી આખો ગ્રન્થ લગાડી શકે, એક અંગથી બીજુ અંગ જાણી શકે તે અનુસારિત્વ) ઋજુમતિત્વ, વિપુલમતિત્વ, પરચિત્તજ્ઞાન, ઈચ્છિત પદાર્થની પ્રાપ્તિ, અનિચ્છિત પદાર્થની અપ્રાપ્તિ ઈત્યાદિ (તથા...)

भाष्यम्- वाचिकं क्षीरास्रवित्वं मध्वास्रवित्वं वादित्वं सर्वरुतज्ञत्वं सर्वसत्त्वावबोधनमित्येतदादि, तथा विद्याधरत्वमाशीविषयत्वं भिन्नाभिन्नाक्षरचतुर्दशपूर्वधरत्वमिति ।

અર્થ- વાચિક (વચનશ્રવણમાં) દૂધ જેવી મીઠાશ, મધ જેવી મીઠાશ (આદિ શબ્દથી શેરડી જેવી મીઠાશ), વાદીપણું, સર્વરુતજ્ઞત્વ (સર્વ પ્રાણીના શબ્દના અર્થને જાણવાની શકિત) સર્વ સત્ત્વાવબોધન (સર્વ પ્રાણીને સમજવાની શકિત) આ વગેરે તથા વિદ્યાધરપણું, આશીવિષત્વ, કાંઈકન્યૂન ચૌદપૂર્વીપણું, સંપૂર્ણ ચૌદપૂર્વીપણું ઈત્યાદિ (ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે.)

भाष्यम्- ततोऽस्य निस्तृष्णात्वात् तेष्वनभिष्वक्तस्य मोहक्षपकपरिणामावस्थस्याष्टाविंशतिविधं मोहनीयं निरवशेषतः प्रहीयते, ततश्छद्मस्थवीतरागत्वं प्राप्तस्यान्तर्मुहूर्तेन ज्ञानावरणदर्शना-वरणान्तरायाणि युगपदशेषतः प्रहीयन्ते, ततः संसारबीजबन्धनिर्मुक्तः फलबन्धनमोक्षापेक्षो

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथाख्यातसंयतो जिनः केवली सर्वज्ञः सर्वदर्शी शुद्धो बुद्धः कृतकृत्यः स्नातको भवति, ततो वेदनीयनामगोत्रायुष्कक्षयात् फलबन्धननिर्मुक्तो निर्दग्धपूर्वोपात्तेन्धनो निरुपादान इवाग्निः पूर्वोपात्तभववियोगाद्धेत्वभावाच्चोत्तरस्याप्रादुर्भावाच्छान्तः संसारसुखमतीत्याऽऽत्यन्तिकमैकान्तिकं निरुपमं नित्यं निरतिशयं निर्वाणसुखमवाप्नोतीति ॥७॥

અર્થ- તેથી આ (ઋદ્ધિવાન્ આત્મા) તૃષ્ણા રહિત હોવાથી તે (લબ્ધિ આદિ ઋદ્ધિ) માં મમતા રહિત એવો તે મોહક્ષપક (મોહસંપૂર્ણક્ષયના) પરિણામમાં આગળ વધતો (ક્ષપકશ્રેણીએ આરૂઢ થતો) અઠ્યાવીશપ્રકારના મોહનીયને જડમૂળથી નાશ કરે છે. ત્યારબાદ છદ્મસ્થવીતરાગપણું પામેલ આ આત્માને અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એક સાથે સંપૂર્ણપણે નાશ પામે છે. તેથી સંસારના બીજભૂતબંધન (૪ ઘાતી કર્મ) થી નિમુકર્ત બનેલો એવો તે (તેમજ) ફળ (વેદનીયાદિ કર્મો) રૂપ બન્ધનથી નિર્મુકત થવાની અપેક્ષાવાળો (તે) યથાખ્યાતસંયમી, જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધ, બુદ્ધ, કૃતકૃત્ય, સ્નાતક થાય છે. ત્યારબાદ વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યનો ક્ષય થવાથી ફળ (વેદનીયાદિ ચાર કર્મનાબંધનથી) નિર્મુકત એવો તે જેમ પૂર્વે નાંખેલાં લાકડા (સંપૂર્ણ) બળી જવાથી અને નવા લાકડા ન ઉમેરવાથી અગ્નિ શાંત થાય છે તેમ પૂર્વે પ્રાપ્ત થયેલ ભવનો વિયોગ થવાથી અને (નવા ભવ-જન્મના કારણભૂત) હેતુ (સંસારના હેતુ) નો અભાવ થવાથી, નવો જન્મ ન થવાથી શાંત થતો (આત્મા) સંસારસુખને ઓળંગીને આત્યન્તિક અને ઐકાન્તિક, ઉપમારહિત, નિત્ય, નિરતિશય (વૃદ્ધિહાનિ રહિત) એવું નિર્વાણ સુખ (મોક્ષ સુખ) પ્રાપ્ત કરે છે. ॥૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ★ અન્તયકારિકા ★

(ઘાતીકર્મનાશનો ક્રમ)

**एवं तत्त्वपरिज्ञानाद्विरक्तस्यात्मनो भृशम् ।**
**निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ ।।१।।**

એ પ્રમાણે તત્ત્વજ્ઞાન થવાથી વૈરાગી આત્મા તદ્દન આશ્રવરહિત થવાથી તેના નવા કર્મોની પરંપરા (બન્ધ) અટકે છે. (૧)

**पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ।**
**संसारबीजं कात्स्न्र्येन, मोहनीयं प्रहीयते ।।२।।**

પૂર્વે કહેલા ક્ષયના હેતુઓ વડે પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરતા આત્માનું સંસારના બીજરૂપ મોહનીય કર્મ સંપૂર્ણ નાશ પામે છે. (૨)

**ततोऽन्तरायज्ञानघ्नदर्शनघ्नान्यनन्तरम् ।**
**प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ।।३।।**

ત્યારબાદ અંતરાય-જ્ઞાનવરણીય-દર્શનાવરણીય એ ત્રણે ય કર્મો સંપૂર્ણ એકસાથે નાશ પામે છે. (૩)

ઘાતીકર્મ નાશ થવાનું કારણ

**गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।**
**तथा कर्म क्षयं याति, मोहनीये क्षयं गते ।।४।।**

જેમ ગર્ભમાં રહેલી સોય (મધ્યમાં રહેલું તંતુ) નાશ પાઁમે છે ત્યારે તાડનું વૃક્ષ નાશ પામે છે. તેમ મોહનીયકર્મનો ક્ષય થયે છતે શેષ કર્મો પણ નાશ પામે છે. (૪)

(ઘાતીકર્મનો નાશ થવાથી શું થાય તે)

**ततः क्षीणचतुष्कर्मा, प्राप्तोऽथाख्यातसंयमम् ।**
**बीजबन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः ।।५।।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ- ક્ષીણ થયેલ ચાર કર્મવાળો યથાખ્યાત સંયમને પ્રાપ્ત કરેલ, બીજરૂપ બન્ધનથી નિર્મુક્ત આત્મા સ્નાતક, પરમેશ્વર (થાય છે. વળી,...) (૫)

**शेषकर्मफलापेक्षः, शुद्धो बुद्धो निरामयः ।**
**सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ॥६॥**

શેષ (૪) કર્મના ફળની અપેક્ષાવાળો શુદ્ધ, બુદ્ધ, નિરોગી, સર્વજ્ઞ અને સર્વદર્શી જિન અને કેવલી થાય છે. (૬)

(મોક્ષ કેવી રીતે પામે છે ?)

**कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।**
**यथा दग्धेन्धनो वह्निर्निरुपादानसन्ततिः ॥७॥**

જેમ લાકડા બળી ગયા પછી નવા લાકડા ન ઉમેરવાથી અગ્નિ બુઝાઈ જાય છે તેમ સમસ્ત કર્મો ક્ષય થયા પછી આત્મા મોક્ષને પામે છે. (૭)

**दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।**
**कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ॥८॥**

જેમ બીજ તદ્દન બળી જવાથી અંકુરો ફુટતો નથી, તેમ કર્મબીજ સમૂળગું બળી ગયે છતે ભવરૂપી અંકુરો ફૂટતો નથી. (અર્થાત્ જન્મ લેવો પડતો નથી.) (૮)

(કર્મથી મુક્ત થતા શું થાય ?)

**तदनन्तरमेवोर्ध्वमालोकान्तात् स गच्छति ।**
**पूर्वप्रयोगासङ्गत्वबन्धच्छेदोर्ध्वगौरवेः ॥९॥**

સર્વ કર્મક્ષય થયા પછી તરત જ (૧) પૂર્વપ્રયોગથી (૨) અસંગપણુંથી (૩) બંધના છેદથી અને (૪) ઊર્ધ્વગમન પરિણામ વિશેષથી આત્મા લોકના અંત સુધી પહોંચી જાય છે. (૯)

(સિદ્ધગતિના સમર્થક પૂર્વપ્રયોગાદિના ઉદાહરણો.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कुलालचक्रे दोलायामिषौ चापि यथेष्यते ।**
**पूर्वप्रयोगात् कर्मेह, तथा सिद्धिगतिः स्मृता ।।१०।।**

(વર્તમાનમાં પ્રેરણા-પ્રયોગ ન હોવા છતાં) પૂર્વપ્રયોગથી કુંભારના ચાકડામાં, હીંડોળામાં અને બાણમાં ક્રિયા થાય છે તેમ અહીં સિદ્ધજીવોની ગતિ જણાવી છે. (૧૦)

**मृल्लेपसङ्गनिर्मोक्षाद्यथा दृष्टाऽप्स्वलाबुनः ।**
**कर्मसङ्गविनिर्मोक्षात्, तथा सिद्धिगतिः स्मृता ।।११।।**

પાણીમાં (ડૂબાડેલા માટીના લેપવાળા) તુંબડાને માટીના લેપ સાથેનો સંબંધ છૂટી જવાથી (તે તુંબડુ) ઉપર આવે છે તેમ આત્મા સાથે કર્મનો સંગ (લેપ) છૂટી જવાથી આત્માની સિદ્ધગતિ કહેલી છે. (૧૧)

**एरण्डयन्त्रपेडासु, बन्धच्छेदाद्यथा गतिः ।**
**कर्मबन्धनविच्छेदात्, सिद्धस्यापि तथेष्यते ।।१२।।**

એરંડાના ફળની, યંત્રની રચનાની અને પેડાની જેમ બંધન તૂટી જવાથી ગતિ થાય છે તેમ કર્મબન્ધન તૂટી જવાથી સિદ્ધાત્માની ગતિ ઈચ્છાય છે. (૧૨)

**उर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः ।**
**अधोगौरवधर्माणः, पुद्गला इति चोदितम् ।।१३।।**

જીવો-ઊર્ધ્વગમન-પરિણામવિશેષ સ્વાભાવવાળા હોય છે અને પુદ્ગલો અધોગમન પરિણામ- વિશિષ્ટ સ્વભાવવાળા હોય છે. એમ શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. (૧૩)

**यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्टवाय्वग्निवीतयः ।**
**स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम् ।।१४।।**

જેમ નીચી-તીર્છી અને ઊર્ધ્વગતિ અનુક્રમે પત્થર, વાયુ અને અગ્નિની છે તેમ સ્વભાવથી જ આત્માંની ઊર્ધ્વગતિ છે. (વીતિ = ગતિ) (૧૪)

(સ્વભાવથી વિરુદ્ધ ગતિ થવાનું કારણ))

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अतस्तु गतिवैकृत्यमेषां यदुपलभ्यते ।**
**कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ।।१५।।**

એથી (ઉક્ત પ્રકારથી બીજી) ગતિમાં જે વિકૃતિ દેખાય છે તે ક્રિયા પ્રતિઘાત (અવરોધ) અને પ્રયોગ (પુરુષની પ્રવત્તિ) થી થાય છે. (૧૫)

**अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।**
**उर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीणकर्मणाम् ।।१६।।**

જીવોની નીચી-તીર્છી અને ઉંચીગતિ કર્મથી ઉત્પન્ન થયેલી છે. પરંતુ સકલકર્મનો ક્ષય કરેલા જીવોની ઊર્ધ્વગતિ જ થાય છે. ।।૧૬।।

**द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्यारम्भवीतयः ।**
**समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ।।१७।।**

જેમ દ્રવ્યમાં ક્રિયાની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને નાશ એક સાથે થાય છે. તે જ પ્રમાણે સિદ્ધાત્માને (લોકાન્તે ) ગતિ, મોક્ષ અને ભવક્ષય એક સાથે થાય છે. ।।૧૭।।

**उत्पत्तिश्च विनाशच्च, प्रकाशतमसोरिह ।**
**युगपद्भवतो यद्वत्, तथा निर्वाणकर्मणोः ।।१८।।**

જેમ અહીં લોકમાં પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો વિનાશ એક સાથે થાય છે તે પ્રમાણે નિર્વાણ (ની ઉત્પત્તિ) અને કર્મ (નો વિનાશ) એક સાથે થાય છે. ।।૧૮।।

(સિદ્ધશિલાનું વર્ણન.)

**तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमभास्वरा ।**
**प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ।।१९।।**

લોકને મસ્તકે પાતળી, સુંદર, સુગંધિ, પવિત્ર અને પરમતેજસ્વી 'પ્રાગભારા' નામની પૃથ્વી રહેલી છે. (૧૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।**
**उर्ध्वं तस्याः क्षितेः सिद्धाः, लोकान्ते समवस्थिताः ।।२०।।**

(તે પૃથ્વી) મનુષ્યલોક જેટલા (૪૫ લાખ યોજન) વિસ્તારવાળી અને સફેદ છત્ર જેવા આકારવાળી અને શુભ (પુદ્દગલોની) છે. તે પૃથ્વીની ઉપર અને લોકને અંતે સિદ્ધત્માઓ સ્થિર રહેલા છે. (૨૦)

(સિદ્ધભગવંતનું સ્વરૂપ)

**तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञानदर्शनैः ।**
**सम्यक्त्वसिद्धतावस्था, हेत्वभावाच्च निष्क्रियाः ।।२१।।**

તે (સિદ્ધભગવંતો) તાદાત્મ્યભાવે કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગવાળા હોય છે, (ક્ષાયિક) સમ્યક્ત્વ અને સિદ્ધત્વમાં સ્થિત હોય છે અને કારણનો અભાવ હોવાથી ક્રિયા કરતા નથી (નિષ્ક્રિય હોય છે) (૨૧)

(લોકાન્તથી ઉપર ગતિ અભાવનું કારણ)

**ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।**
**धर्मास्तिकायस्याभावात्, स हि हेतुर्गतेः परः ।।२२।।**

તેથી (લોકાન્તથી) પણ ઉપર તેઓની (સિદ્ધભગવંતોની) ગતિ કેમ નથી ? એમ જો પ્રશ્ન હોય તો (જૂઓ, જવાબ.) ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી (લોકાન્તથી ઉપર સિદ્ધાત્માની ગતિ થતી નથી.) કારણકે તે (ધર્માસ્તિકાય) ગતિનું પ્રધાન (અપેક્ષા) કારણ છે. (૨૨)

(મોક્ષ સુખ વિશે વિચારણા..)

**संसारविषयातीतं, मुक्तानामव्ययं सुखम् ।**
**अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ।।२३।।**

સિદ્ધભગવંતોને સંસારના વિષયોને ઓળંગી ગયેલ (વિષયસુખથી ચઢીયાતું) શાશ્વત, દુ:ખ રહિત એવું પરમ સુખ હોય છે એવું પરમર્ષિઓએ કહ્યું છે. (૨૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाष्टकर्मणः ।**
**कथं भवति मुक्तस्य, सुख? मित्यत्र मे शृणु ।।२४।।**

એમ હોય, (પરંતુ) આઠ કર્મનો નાશ કરેલા શરીર રહિત મુક્તાત્માને સુખ શી રીતે સંભવે ? અહીં મારો જવાબ સાંભળો. (૨૪)

**लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।**
**विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च ।।२५।।**

આ લોકમાં વિષય, વેદનાનો અભાવ, વિપાક (કર્મફળ) અને મોક્ષ. આ ચાર અર્થમાં સુખશબ્દનો પ્રયોગ થાય છે. (૨૫)

**सुखो वह्निः सुखो वायुर्विषयेष्विह कथ्यते ।**
**दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ।।२६।।**

અગ્નિ સુખકર છે, વાયુ સુખકર છે - અહીં વિષયોમાં સુખ શબ્દ કહેવાય છે અને દુ:ખના અભાવમાં પુરુષ 'હું સુખી છુ' એમ માને છે. (અહીં વેદનાના અભાવમાં સુખ શબ્દ પ્રયોજાયો છે.) (૨૬)

**पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।**
**कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ।।२७।।**

પુણ્યકર્મના વિપાકથી ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોથી થયેલું સુખ (તે વિપાક સુખ) (અને) કર્મરૂપ કલેશોના છૂટવાથી મોક્ષમાં અનુપમ સુખ છે (તે મોક્ષમાં સુખ શબ્દ પ્રયોજાયો છે.) (૨૭)

(મોક્ષ સુખમાં મતભેદો)

**सुखप्रसुप्तवत् केचिदिच्छन्ति परिनिर्वृतिम् ।**
**तदयुक्तं क्रियावत्त्वात्, सुखानुशयतस्तथा ।।२८।।**

કેટલાક મોક્ષ (મોક્ષસુખ) ને સુખે સુઈ રહેલા (માનવના સુખ) જેનું સુખ માને છે. પણ તે (નિદ્રા) માં ક્રિયાપણું (મન-વચન-કાયાના યોગ) હોવાથી અને સુખમાં તારતમ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાથી (અને મોક્ષમાં આ બંને કારણો નથી. માટે બંનેનું સામ્ય) અયોગ્ય છે. (૨૮)

**श्रमक्लमदव्याधिमदनेभ्यश्च सम्भवात् ।**
**मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ॥२९॥**

વળી તે નિદ્રા થાક, ગ્લાનિ, ઘેન, રોગ અને કામસેવનથી તથા મોહના ઉદયથી અને દર્શનાવરણીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતી હોવાથી (પણ તે નિદ્રાસુખમાં અને મોક્ષસુખમાં સમાનતા નથી). (૨૯)

**लोके तत्सदृशोह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।**
**उपगीयेत तद्येन, तस्मान्निरुपमं सुखम् ॥३०॥**

આ સમસ્ત જગતમાં તે (મોક્ષના સુખ) જેવો બીજો પદાર્થ જ નથી કે જેની સાથે તે (મોક્ષ-સુખ) સરખાવી શકાય. તેથી તે સુખ નિરૂપમ છે. (૩૦)

(ઉપમા રહિતનું કારણ)

**लिङ्गप्रसिद्धेः प्रामाण्यादनुमानोपमानयोः ।**
**अत्यन्तं चाप्रसिद्धं तद्, यत्तेनानुपमं स्मृतम् ॥३१॥**

અનુમાન અને ઉપમાનનું પ્રમાણપણું લિંગની પ્રસિદ્ધિથી (જ) થાય છે. (અનુમાનમાં અન્વય-વ્યતિરેકી લિંગ છે. ઉપમાનમાં સાદશ્યજ્ઞાન લિંગ છે.) પરંતુ તે તો મોક્ષસુખમાં બિલ્કુલ ઘટતું નથી માટે અનુપમ કહ્યું છે. (૩૧)

**प्रत्यक्षं तद्भगवतामर्हतां तैश्च भाषितम् ।**
**गृह्यतेऽस्तीत्यतः प्राज्ञैर्न च्छद्मस्थपरीक्षया ॥३२॥**

શ્રી અરિહંતભગવંતોને તે (સુખ) પ્રત્યક્ષ છે અને તેઓ વડે તે કહેવાયું છે. (અને) વિદ્વાનપુરુષો વડે (તે) "છે" એમ સ્વીકારાયું છે. પરંતુ છદ્મસ્થની પરીક્ષાથી તે સ્વીકારાતું નથી. (૩૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यस्त्विदानीं सम्यग्दर्शनज्ञान चरणसंपन्नो भिक्षुर्मोक्षाय घटमानः कालसंहननायुर्दोषादल्पशक्तिः कर्मणां चातिगुरुत्वादकृतार्थ एवोपरमति स सौधर्मादीनां सर्वार्थसिद्धान्तानां कल्पविमानविशेषाणामन्यतमस्मिन् देवतयोपपद्यते, तत्र सुकृतकर्मफलमनुभूय स्थितिक्षयात् प्रच्युतो देशजातिकुलशीलविद्याविनयविभवविषयविस्तरविभूतियुक्तेषु मनुष्येषु प्रत्यायातिमवाप्य पुनः सम्यग्दर्शनादिविशुद्धबोधिमवाप्नोति, अनेन सुखपरम्परायुक्तेन कुशलाभ्यासानुबन्धक्रमेण परं त्रिर्जनित्वा सिध्यतीति ॥**

અર્થ- જે અત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથીયુક્ત શ્રમણ મોક્ષમાટે પ્રયત્ન કરતો હોવા છતાં કાળ, સંઘયણ અને આયુષ્યના દોષથી અલ્પશકિતવાળો છે. (અને) (મોહનીયાદિ) કર્મો તીવ્ર વિપાકવાળા છે. તેથી કૃતાર્થ થયા વિના જ અટકી જાય છે. તે (શ્રમણ) સૌધર્માદિથી સર્વાર્થસિદ્ધ સુધીના કલ્પ કે વિમાન વિશેષોમાંના કોઈ એક સ્થાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં પુણ્યકર્મના ફળને અનુભવીને આયુષ્ય નષ્ટ થવાથી આવેલો દેશ, જાતિ, કુલ, શીલ, વિદ્યા, વિનય, વિભવ અને વિષય (આ બધા) ની પ્રચૂરતારૂપ વિભૂતિથીયુક્ત મનુષ્યોમાં જન્મ મેળવીને, વળી સમ્યગ્દર્શનાદિથી વિશુદ્ધ બોધિને પ્રાપ્ત કરે છે. આ સુખની પરંપરાથી યુક્ત (સતત) વારંવાર પુણ્યક્રિયાના અનુબંધના ક્રમે ઉત્કૃષ્ટથી ત્રણવાર (મનુષ્ય-દેવ-મનુષ્ય) જન્મ પામીને સિદ્ધ થાય છે.

## ★-: પ્રશસ્તિ :-★

वाचकमुख्यस्य **शिवश्रियः** प्रकाशयशः प्रशिष्येण ।
शिष्येण **घोषनन्दि**क्षमाक्षमणस्यैकादशाङ्गविदः ॥१॥
वाचनया च महावाचकक्षमण**मुण्डपाद**शिष्यस्य ।
शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥२॥
न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ॥३॥
अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्तं च दुरागमविहतमतिं लोकमवलोक्य ॥४॥
इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥५॥

અર્થ- પ્રકાશમાન યશવાળા શ્રી શિવશ્રી નામના વાચક-અગ્રણીના પ્રશિષ્ય, અગ્યાર અંગોના જ્ઞાનવાળા શ્રી ઘોષનંદીના ક્ષમાશ્રમણ શિષ્ય, વાચનાથી (વાચનાના દાતા હોવાથી) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય વિસ્તૃતકીર્તિવાળા શ્રી મૂલ નામના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાચકાચાર્યના શિષ્ય કૌભીષણગોત્રીય, સ્વાતિનામના પિતાના અને વાત્સી ગોત્રવાળી માતાના પુત્ર, ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર નામના શ્રેષ્ઠનગરમાં વિચરતા, ઉચ્ચનાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજી વડે ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલ શ્રી તીર્થંકરદેવના વચનને સમ્યગ્ રીતે ધારણ કરીને, પીડાયેલ અને કુશાસ્ત્રથી હણાયેલ બુદ્ધિવાળા લોકને જોઈને પ્રાણીઓની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ શ્રી તત્ત્વાર્થાધિગમ શાસ્ત્રની રચના કરાઈ.

**यस्तत्त्वाधिगमाख्यं ज्ञास्यति च करिष्यते च तत्रोक्तम् ।**
**सोऽव्यावाधसुखाख्यं प्राप्स्यत्यचिरेण परमार्थम् ।।६।।**

અર્થ-જે તત્ત્વાર્થાધિગમ નામના ગ્રંથને જાણશે અને તેમાં કહ્યા પ્રમાણે કરશે તે પીડારહિત એવા પરમાર્થ સુખને જલ્દીથી પ્રાપ્ત કરશે...॥૬॥

આ પ્રમાણે **પૂ. ઉમાસ્વાતિ** વાચકપ્રવર પ્રણીત

**શ્રી તત્ત્વાર્થાધિગમ્** સૂત્રના સ્વોપજ્ઞ ભાષ્યનું ગુજરાતી ભાષાંતર

**પૂ. પં. પ્ર. શ્રી હેમચન્દ્રસાગરજી મ.** ના શિષ્ય **મુનિ અક્ષયચન્દ્ર** સાગર દ્વારા સમ્પન્ન થયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org